# તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ

## MY UTMOST FOR HIS HIGHEST

**By Oswald Chambers**

My Utmost For His Highest

# તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ

My Utmost For His Highest(Regd.)
Copyright by **Oswald Chambers Publications Association Ltd.**
Original Edition Copyright 1935 by Dodd, Mead and Company, Inc.
renewed by Oswald Chambers Publications Association Ltd.

Published by **Indian Evangelical Mission,** Bangalore
by special arrangement with

**Discovery House Publishers,**
3000 Kraft Avenue SE, Grand Rapids, Michigan
49512 USA

All rights reserved

Printed in India

Unless otherwise indicated Scripture quotations are from Holy Bible printed by Bible Society of India

Printed at Matha Prints, Bangalore
Tel: 08041310081, e-mail: mathaprints@gmail.com



**કવર ડિઝાઈનના દ્રશ્યની સમજ : જોન ટેન ટેન**

**...એવું લાગે છે કે જાણે ઑસ્વાલ્ડ ચેમ્બર્સ એવો સંકેત આપી રહ્યા છે કે મારું સર્વોત્તમ સૌથી ઉત્તમ રીતે આપણા સમર્પણમાં વ્યક્ત થાય છે, વિશેષરૂપમાં આપણી ઈચ્છાના સમર્પણમાં વ્યક્ત થાય છે અને તેમનું સર્વોચ્ચ, વિશેષ રીતે તેમનો પ્રેમ સૌથી શ્રેષ્ઠ રીતે તેમના વધસ્તંભમાં વ્યક્ત થાય છે, અને આ તમામ બાબતોને સમજવા માટે તથા ત્રિએક પરમેશ્વરને સાચે જ પ્રેમ કરવા માટે આપણે પવિત્ર આત્મા પર જ આધાર રાખવો જોઈએ.**



# તેમના સર્વોચ્ચ માટે
# મારું સર્વોત્તમ

ઓસ્વાલ્ડ ચેમ્બર્સની સુવર્ણ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ

અનુવાદક : ભાવેશ જાની

My Utmost For His Highest
- Gujarati Translation -


## Acknowledgements

Oswald Chambers Publications Association Ltd., Crewe, UK

Discovery House Publishers, Grand Rapids, MI, USA

Indian Evangelical Mission, Bangalore, Karnataka, India

Dr. Johnny Desai & Mrs. Kokiben Desai

Dr. Rita N. Kumar

Mr. Bhavesh I. Jani

Mrs. Keren B. Jani

Dr. R. Rajkumar

John Ten Ten

## ઑસ્વાલ્ડ ચેમ્બર્સ વિશે :

ઑસ્વાલ્ડ ચેમ્બર્સનો જન્મ ૧૮૭૪માં સ્કોટલેન્ડમાં થયો હતો અને તેમણે લંડનની રોયલ કોલેજ ઑફ આર્ટસ અને યુનિવર્સિટી ઑફ એડિનબર્ગમાં અભ્યાસ કર્યો હતો. જો કે આર્ટસના તાલંત તેમને મળ્યા હોવા છતાં ૨૨ વર્ષની વયે તેમણે એવું અનુભવ્યું કે પરમેશ્વર તેમને પાળકીય સેવા માટે તેડી રહ્યા છે. ડનૂન નામની નાની થીયોલોજીકલ કોલેજમાં અભ્યાસ કર્યા પછી અને ભણાવ્યા પછી, તેમણે ઉપદેશકીય સેવાની શરૂઆત કરી જેમાં તેમણે બ્રિટન, અમેરિકા અને જાપાનને આવરી લીધા. ૧૯૦૮ માં, ઑસ્વાલ્ડ ચેમ્બર્સ અમેરિકા જતા એક જહાજમાં મુસાફરી કરી રહ્યા હતા. તેમને એક સન્નારીને તે જહાજ પર શોધી કાઢવાનું કહેવામાં આવ્યું હતું, કે જેઓ પણ સાહસ અને કાર્યની શોધમાં અમેરિકા જતા હતા.

ગરટ્રુડ હોબ્સ (જેઓ બાદમાં શ્રીમતિ ઑસ્વાલ્ડ ચેમ્બર્સ બનવાના હતા) તેઓને બાળપણથી દર વર્ષે બ્રોન્કાઈટીસનો ઉથલો મારતો હતો. તેણીએ તેમની માતાને ઘરકામમાં સહાયરૂપ થવા માટે તથા મોટી બહેન અને ભાઈને અભ્યાસ ચાલુ રાખવા માટે ખૂબ નાની ઉંમરે અભ્યાસ છોડી દીધો. તેમણે પિટમેન શોર્ટહેન્ડનો અભ્યાસ કર્યો અને નોકરી કરવાની ઉંમર સુધીમાં તો તેઓ એક મિનિટના ૨૫૦ શબ્દોની ઝડપે (માણસોના બોલવાની ઝડપ કરતાં વધુ ઝડપે) - ડિક્ટેશન લખી શકતા હતા. ૧૯૦૮માં તેઓ અમેરિકા જતા જહાજમાં મુસાફરી કરી રહ્યા અને તેઓ એક માણસના સંપર્કમાં આવી રહ્યા હતા કે જે તેમને આકર્ષી રહ્યા હતા. જ્યારે સફર પૂરી થઈ અને તેઓ એકબીજાથી જુદા પડ્યા પરંતુ એકબીજાને પત્ર લખવાની શરૂઆત કરી, તેઓને તરત જ સમજણ પડી કે તેઓને એકબીજા પ્રત્યે ઊંડી લાગણી હતી અને અંતે ૧૯૧૦માં તેઓ લગ્નગ્રંથીથી જોડાયા.

## બાઈબલ કોલેજ :

જો કે તેઓ બંનેને લાગ્યું કે તેઓ બાઈબલ કોલેજ શરૂ કરે તેવી પરમેશ્વરની તેમના માટેની ઈચ્છા છે. પરંતુ શરૂઆતમાં એવું લાગ્યું કે આ પરમેશ્વરની ઈચ્છા નથી. ઑસ્વાલ્ડે તે ક્ષેત્રમાં બાઈબલના ઘણા વર્ગો ચલાવ્યા, અને ત્યારે બિડ્ડી (ઑસ્વાલ્ડ તેમની પત્નીને જે હુલામણા નામથી બોલાવતા હતા તે) તેમના લેક્ચરને શોર્ટહેન્ડથી લખતી હતી. તેઓને એવી સમજણ પડી કે તેઓ કમસેકમ પત્રવ્યવહારના વર્ગો તો ચલાવી જ શકે છે. જો કે ૧૯૧૦ના ડિસેમ્બરની શરૂઆતમાં લંડનના, ક્લેફેમ કોમન, નોર્થસાઈડ ખાતે એક વિશાળ મકાન પ્રાપ્ય બન્યું. દરેક કામ ઝડપથી થયું, અને ખૂબ થોડા જ સમયમાં ઑસ્વાલ્ડ અને બિડ્ડી ત્યાં રહેવા ગયા. સ્થાનિક રહીને અભ્યાસ કરે તેવા વિદ્યાર્થીઓના પ્રથમ જૂથને આવકારવા તેઓ તૈયાર હતા. બિડ્ડી પણ ઘણા મિશનેરીઓ અને આંગતુકોને પોતાના ઘરે આવકારતા હતા કે જે હંમેશા જેઓને આરામની જરૂર હોય કે સ્વાસ્થ્ય પ્રાપ્તિની જરૂર હોય તેવા લોકો માટે ખુલ્લુ રહેતુ હતું. તેણી પોતાના જીવનના ઘણા બધા વર્ષો આ પ્રકારની આગતાસ્વાગતાની સેવા કરતી રહી.

## ઈજીપ્ત :

જ્યારે પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, ત્યારે ઑસ્વાલ્ડને એવું લાગવા માંડ્યું કે પરમેશ્વર તેમને તેમા આગળ વધવા કહી રહ્યા છે. તેમને આશ્ચર્ય થતું હતું કે તેઓએ કેવી રીતે તેમના દેશની સેવા કરવી જોઈએ. તેમની પ્રાર્થના હતી કે, “પ્રભુ, આ જે સ્થળમાં હું રહું છું તે માટે તમારી સ્તુતિ કરું છું, પરંતુ મારામાં કશી આશ્ચર્યજન્ક લાગણીઓ થઈ રહી છે- શું આ તારી ઈચ્છાનું

સ્થાન છે? તો મને તમારી ઈચ્છા પૂરી કરવા માટે સ્થિર પકડી રાખો, જો આ ફક્ત થોડી બેચેની જ છે તો મને સામર્થ્ય પ્રાપ્ત થાય માટે શાંત કરો જેથી હું શંકા કરીને તમારી વિરુદ્ધ પાપ ના કરું'' આ વાત સંબંધી પરમેશ્વરનું તેડુ પ્રાપ્ત થતાં, તેઓએ ઈજીપ્તમાંના લશ્કરના ચેપ્લીન બનવા માટે ઑક્ટોબર ૧૯૧૫માં લંડન છોડ્યું, અને બિડ્ડી તથા તેમની અઢી વર્ષની દિકરી કેથલીન તેમની પાછળ ડિસેમ્બર ૧૯૧૫ માં ઈજીપ્ત ગયા. બિડ્ડીએ ઈજીપ્ત જઈને તરત જ આગતાસ્વાગતની સેવા ઉપાડી લીધી અને ઑસ્વાલ્ડે લશ્કરને તેમની શિક્ષણની સેવાઓ ચાલુ રાખી. સૈનિકો શરૂઆતમાં શંકાસ્પદ રીતે જોતા હતા પરંતુ ખૂબ ઝડપથી તેઓ ઑસ્વાલ્ડ પરિવારને પ્રેમ અને માન આપવા લાગ્યા.૧૯૧૭માં તેમના એપેન્ડીક્ષના ઓપરેશન પછી શરીરમાં મુશ્કેલીઓ સર્જાતા તેઓ ૪૩ વર્ષની વયે મરણ પામ્યા. તેમની પત્નીએ ઈંગ્લેન્ડમાંના તેમના ઘરે કુટુંબીજનોને જે ટેલીગ્રામ કર્યો તેમાં એટલું જ લખ્યું હતું : ''ઑસ્વાલ્ડ પરમેશ્વરની હજૂરમાં.'' ૧૦૦ માણસોએ તોપગાડી પર તેમની શબપેટીને મૂકીને એસ્કોર્ટ કરી તે દરેક અધિકારીઓ હતા. તેઓ દરેક દફનક્રિયાના સ્થાનેથી કબ્રસ્તાનના આખા રસ્તે પોતાના શસ્ત્રોને ઊંધા રાખીને ચાલ્યા- એક ખૂબ પ્રિય અને આદરણીય સેવકને વિશેષ સલામી પાઠવી હતી. દફનક્રિયા વખતે બિડ્ડીએ જે ગીત ગાવાનું પસંદ કર્યું તે આ હતું, "I to the hills will lift mine eyes" ઑસ્વાલ્ડ ચેમ્બર્સને બ્રિટિશ યુદ્ધ મેડલ - પ્રથમ વિશ્વયુદ્ધ ૧૯૧૪-૧૯૧૮ જે ઑસ્વાલ્ડ ચેમ્બર્સને ૧૯૧૬માં (તેમના મૃત્યુના એક વર્ષ અગાઉ) આપવામાં આવ્યો હતો.

## તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ :

બિડ્ડી તેમની ચાર વર્ષની દિકરી કેથલીનને લઈને ઈંગ્લેન્ડ પાછા આવ્યા તેઓ લંડનમાં સ્થિર થયા અને તેમના લગ્નજીવનના વર્ષો દરમ્યાન તેમણે તેમના પતિના ઉપદેશોને શોર્ટહેન્ડથી લખ્યા હતા તેને ફરીથી રૂપાંતરિક કરવાનું ખંતીલું કાર્ય શરૂ કર્યું. તેમણે મિત્રો, ઓળખીતાઓ કે જે કોઈ માંગે તેઓને રૂપાંતરિત કરેલા સંદેશાઓ મોકલવાની શરૂઆત કરી. તે પેમ્ફલેટને પુસ્તકના રૂપમાં સંગ્રહિત કરવામાં આવ્યા અને પરિણામે ઑસ્વાલ્ડ ચેમ્બર્સ પબ્લિકેશન્સનો જન્મ થયો.

''તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ'' સૌ પ્રથમવાર ૧૯૨૭ માં પ્રકાશિત થઈ અને ત્યારથી તે સતત પ્રકાશિત થતી રહી છે. લાખો લોકોને આ દૈનિક મનનને નિયમિત વાંચવાથી પુષ્કળ આશીર્વાદ અને પડકાર પ્રાપ્ત થયા છે. પરમેશ્વરે જે સેવાઓ તેમને આપી હતી તે પરિપૂર્ણ કરી છે તે જાણીને બિડ્ડી ૧૯૬૬માં મરણ પામ્યા. ઑસ્વાલ્ડ ચેમ્બર્સ પબ્લિકેશન્સ એસોશીએશન તે સેવાઓને સતત ચાલુ રાખવાનો પ્રયત્ન કરી રહ્યું છે.

આ પુસ્તક ફ્રેન્ચ, જર્મન, હિબ્રુ (મસીહાઈ યહૂદીઓ દ્વારા ભાષાંતરિત), ગ્રીક, પોલિશ વગેરે જેવી દુનિયાની ૫૦ ભાષાઓમાં ઉપલબ્ધ છે. ભારતમાં તે હિંદી, તેલુગુ, મલયાલમ, ખાસી, કન્નડ, તામિલ અને તાજેતરમાં હવે ગુજરાતી અને ઓરીયા ભાષામાં ઉપલબ્ધ છે.

## એક વિશિષ્ટ પ્રકાશન નિમીત્તે બે બોલ...

હું ખૂબ જ આનંદિત છું કે જોન ટેન ટેનના સહયોગથી ઈન્ડિયન ઈવેન્જેલિકલ મિશન ઑસ્વાલ્ડ ચેમ્બર્સના *(My Utmost For His Highest)* નામના હૃદયસ્પર્શી ભાવનાવાળા વિશ્વ પ્રસિદ્ધ દૈનિક મનનના પુસ્તકને ભારતની ઘણી ભાષાઓમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે.

એક અજાયબ બાબત એ બની છે કે **''તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ''** નું ગુજરાતીમાં ભાષાંતર ભાવેશભાઈ જાનીએ કર્યું છે. ભાવેશભાઈને ભાષાંતરનો બહોળો અનુભવ છે અને તેઓએ મિશનેરી અને મિશનેરી શિક્ષક તરીકે અનુક્રમે ઈન્ડિયન ઈવેન્જેલિકલ મિશન તથા ધી ઈવેન્જેલિકલ અલાયન્સ મિશન (ટીમ) માં સેવા આપી છે. તેઓએ મેડીસીનલ કેમેસ્ટ્રીમાં M.Sc ઉપરાંત M. Div. નો પણ અભ્યાસ કરેલ છે. આ પુસ્તકના અનુવાદ કાર્ય માટે ભાવેશ ભાઈની સેવા મળી તે મોટા આનંદની વાત છે. તેમના પત્ની કેરેન પણ કોમ્પ્યુટર ટાઈપ સેટીંગને લગતા કાર્યમાં સાથ આપીને અનુવાદના કાર્યમાં અસરકારક રીતે સંપૂર્ણપણે તેમની સાથે સંકળાયેલા છે. તેઓનો પુત્ર જોશુઆ હાલ છ વર્ષનો છે.

**''તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ''** એ દૈનિક મનનનું હૃદયભેદક પુસ્તક છે અને વ્યક્તિગત આત્મિક જીવનમાં વૃદ્ધિ અને પરિપક્વતા માટે પવિત્ર આત્માની પ્રેરણા અને બાઈબલ આધારિત આ પ્રકારના પુસ્તકો મહત્વનો ભાગ ભજવે છે. મને ખાતરી છે કે ગુજરાત અને ગુજરાત બહાર વસતા ગુજરાતી ભાઈ બહેનોના આત્મિક ઉત્કર્ષ અને વિશ્વાસની વૃદ્ધિ માટે આ પુસ્તક અગ્રસ્થાન પ્રાપ્ત કરશે. પ્રતિ વર્ષ દૈનિક મનનોનું વાંચન પ્રત્યેક વાચકને માટે મોટા આશીર્વાદ અને આનંદ લઈને આવશે તેવું મારું ખાતરીપૂર્વક માનવું છે. સમગ્ર ગુજરાતી ખ્રિસ્તી વાચકગણને મારી અપીલ છે કે આ દૈનિક મનન પુસ્તકને કૌટુંબિક પ્રાર્થના વેદીનું અવિભાજ્ય અંગ બનાવી દેશો.

આ પુસ્તકની કવર ડિઝાઈન અને દરેક પૃષ્ઠ પર મુદ્રિત લોગો પ્રભુ ઈસુના શ્રેષ્ઠ બલિદાન અને પ્રેમની સતત યાદ અપાવે છે.

આ પુસ્તકની ગુજરાતી આવૃત્તિના પ્રકાશન માટે જેમણે પ્રેરણા આપી અને વ્યવસ્થા તંત્રમાં આગેવાની આપી તે ભાઈ શ્રી યોહાન કે જોન ને હું ઘણા વર્ષોથી ઓળખું છું તેઓ એક સાચા હૃદયના સમર્પિત નમ્ર સેવક છે તેઓશ્રીએ બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયાની સેન્ટ્રલ ઓફિસ બેંગ્લોર ખાતે અને ઉત્તરપ્રદેશ ઑક્ઝિલિયરીમાં ઓક્ઝિલિયરી સેક્રેટરી તરીકે અનુકરણીય ઉમદા સેવા કરી છે તેમની સેવામાં તેમના પત્ની શ્રીમતિ નીના જોનનો ખૂબ ઉત્સાહપ્રેરક સાથ રહ્યો છે.

અંતમાં એક વાતની નમ્રતાથી નોંધ લઉં છું કે ગુજરાતી ભાષા એ આપણા હૃદયની ભાષા છે. તેમાં વિશ્વ વિખ્યાત પ્રભુના મહાન સેવક ઑસ્વાલ્ડ ચેમ્બર્સના દૈનિક મનનના પુસ્તકને ગુજરાતની મંડળીઓ હર્ષભેર આવકારશે, વ્યક્તિગત અને કૌટુંબિક પ્રાર્થનાવેદીમાં ઉપયોગ કરશે, અને અન્ય વ્યક્તિને આશીર્વાદનું કારણ બનતા તેઓ આ પુસ્તક પ્રેમભેટ આપવાની ઊભી થતી તકને ઝડપી લેશે એવી મારી વિનંતી છે.

સર્વ સારી શુભેચ્છા અને આશિષ સાથે

સહહૃદયી
રેવ. ડૉ. નિકોલસ પરમાર
ઓક્ઝિલિયરી સેક્રેટરી, ગુજરાત

## પ્રકાશક તરફથી

પ્રિય મિત્રો,

ઈન્ડિયન ઈવેન્જેલિકલ મિશન **"તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ"** *(My Utmost For His Highest)* ને ગુજરાતીમાં પ્રકાશિત કરતાં હર્ષ અને આનંદ અનુભવે છે. આ પુસ્તકને હિન્દી, તેલુગુ, મલયાલમ, તામિલ, કન્નડ, અને ખાસી ભાષામાં પ્રકાશિત કરવામાં આવ્યુ છે, અને અમને આશા છે કે ખૂબ ઝડપથી ભારતની અન્ય ભાષાઓમાં પણ પ્રકાશિત કરાશે. અમે માનીએ છીએ કે આ મહાન પુસ્તક આઈ.ઈ.એમ ના જાહેર થયેલા મિશન અને લક્ષ સાથે અદ્ભુત રીતે બંધબેસતું આવે છે.

અમે અમારા હૃદયથી જોન ટેન ટેન(નીના અને યોહાન જોન કુનેનકેરિલ) ના આભારી છીએ કે જેમણે **"તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ"** ને ગુજરાતીમાં ભાષાંતર, પ્રકાશન અને વિતરણમાં અસરકારક સલાહસૂચન અને સહકાર આપ્યો છે. તેમણે આ કાર્યને આર્થિક લાભની અપેક્ષા વગર અને અવૈતનિક રીતે, ફક્ત એ દ્રઢ વિશ્વાસથી પ્રેરણા પામીને આ કાર્ય કર્યુ છે કે **"તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ"** ને દરેક રાજ્યની ભાષામાં ઉપલબ્ધ કરાવવું મહત્વનું છે.

આ પુસ્તકનું ભાષાંત્તર શ્રી ભાવેશ જાની એ અને તેમના પત્ની શ્રીમતિ કેરેન જાનીએ સાથે મળીને કર્યું છે જેઓ ભૂતકાળમાં આઈ.ઈ.એમ સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા અને હજુ પણ જ્યારે પણ જરૂરત ઊભી થઈ છે ત્યારે કુશળતાથી આઈ.ઈ.એમ ને સહાય કરવાનું ચાલુ રાખ્યું છે.

**"તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ"** ના વિતરણથી પ્રાપ્ત થતા દાનોનો ઉપયોગ આઈ.ઈ.એમ ની સેવાઓને આગળ વધારવા માટે કરવામાં આવશે. આઈ.ઈ.એમ પોતાના સેવાકાર્ય દ્વારા આપણા ત્રિએક પરમેશ્વર વિશે જણાવવાને માટે સમર્પિત છે, જેમની સોથી મહાન આજ્ઞા છે કે "પરમેશ્વરને પ્રેમ કરો અને જેવો પોતા પર તેવો બીજાઓ પર પ્રેમ રાખો."

આઈ. ઈ. એમ, ૧૯૬૫માં તેની સ્થાપના થઈ ત્યારથી આજ સુધી પરમેશ્વરની કૃપાથી દરેક ક્ષેત્રે તેમના મહિમાને માટે અગ્રેસર રહેવામાં સમર્થ રહ્યું છે. મહેરબાની કરીને વધુ જાણકારી માટે અમારી વેબસાઈટ www.iemoutreach.org ની મુલાકાત લો

અમે આપને વિનંતી કરીએ છીએ કે આપ આઈ.ઈ.એમ ની સેવા માટે પ્રાર્થના કરો અને તેમાં ભાગીદાર બનો.

અમને વિશ્વાસ છે કે "તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ" તમારે માટે આશીર્વાદિત બનશે.
પ્રભુની સેવામાં આપનો

રેવ. જોન વેસ્લી
જનરલ સેક્રેટરી
ઈન્ડિયન ઈવેન્જેલિકલ મિશન
૩૮, લેંગફોર્ડ રોડ, બેંગ્લોર-૫૬૦૦૨૫
iemhq@vsnl.com
www.iemoutreach.org

# આમુખ

ઑસ્વાલ્ડ ચેમ્બર્સના ''તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ'' ના ભાષાંતરને તમારી આગળ ખુલ્લુ મુકતા મને આનંદ થાય છે.

આ એક અદ્ભુત વાત છે કે આ ઉત્કૃષ્ટ કૃતિ કે જે ફ્રેન્ચ, તામિલ, ગ્રીક અને હિબ્રુ ભાષા સહિત ૪૦ કરતાં વધુ ભાષાઓમાં તેનું ભાષાંત્તર થયું છે, અને હિન્દી, તેલુગુ, તામિલ, કન્નડા,મલયાલમ અને ખાસી ભાષાઓમાં તે ઉપલબ્ધ છે. તે ઉપરાંત આ વર્ષે ગુજરાતીમાં તથા ઓરિયા ભાષામાં પણ ઉપલબ્ધ થઈ છે. મારી આશા છે કે ભવિષ્યમાં આ, આપણા મહાન દેશની અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય બનશે.

પવિત્ર બાઈબલનું નિયમિત અને ઉદ્દેશપૂર્ણ વાંચન તે આપણી પાયાની જરૂરત છે, અને તેના સિવાય, આ ગહન પુસ્તક, ''તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ'' નું સતત વાંચન તમને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સાથે વધુ ગાઢ અને વધુ ફળવંત સંબંધમાં દોરી લઈ જશે.

હું નીના અને યોહાન જોન કુનેનકેરિલની પ્રશંસા કરું છું જેમણે જોન ટેન ટેન ના નામ હેઠળ આ પ્રેમની સેવાનો કાર્યભાર ઉપાડી લીધો. મારી પત્ની રાગિણી અને હું તેઓને બે દશકાથી વધુ સમયથી વ્યક્તિગત ઓળખવાનો આનંદ અનુભવીએ છીએ અને પ્રાર્થનાસહિત વિશ્વાસ કરીએ છીએ કે આ કાર્ય ઘણા ફળ લાવશે. એવા ફળ જે હંમેશા ટકી રહેશે.

પ્રભુમાં
ડૉ. આર. રાજકુમાર
એક્ઝીક્યુટીવ ડિરેક્ટર, લૉગોસ મિનિસ્ટ્રીસ, ન્યુ દિલ્હી.
www.logos-ministries.com

## પ્રસ્તાવના

## તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ અને જોન ટેન ટેન

પ્રિય વાચક,

"તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ" ને આપણા દેશની ભાષાઓમાં ભાષાંતરિત કરવું, પ્રકાશન અને વિતરણના કાર્યમાં સામેલ થવું તે અમારા માટે લ્હાવો અને આશીર્વાદ છે.

અમારી આશા છે કે આગામી વર્ષોમાં અન્ય ભાષાઓમાં પણ અમે આ કામ કરવાની આશા રાખીએ છીએ.

અમે એ બધાના આભારી છીએ જેમની સાથે સંકળાઈને કાર્ય કરવાનો અમને આનંદ પ્રાપ્ત થયો, વિશેષ કરીને ઑસ્વાલ્ડ ચેમ્બર્સ પબ્લિકેશન્સ એસોસિએશન લિમિટેડ, ડિસ્કવરી હાઉસ પબ્લિશર્સ, અમારા પ્રિય અનુવાદક ભાવેશ જાની, અને પ્રકાશક ઈન્ડિયન ઈવેન્જેલિકલ મિશનના આભારી છીએ. રેવ. જ્યોફ બેનેટ OCPAL, આઈ.ઈ.એમ ના જનરલ સેક્રેટરી રેવ. જોન વેસ્લી અને તેમના સહકર્મીઓનો વિશેષ આભાર માનીએ છીએ.

૧૨ વર્ષ કોર્પોરેટ ક્ષેત્રમાં, કેટલોક સમય સહકારી દુધ(ડેરી) ક્ષેત્રમાં અને ત્યારબાદ ૧૬ વર્ષ ધાર્મિક ક્ષેત્રમાં (બાઈબલ સોસાયટી ઑફ ઈન્ડિયા) માં કામ કરવાથી મોટા ભાગનો સમય અલ્હાબાદ, ઉત્તરપ્રદેશમાં વીતાવ્યો. પરમેશ્વરની કૃપાથી અમને એ યોગ્યતા પ્રાપ્ત થઈ કે અમે જોન ટેન ટેન નામ હેઠળ સાહસ કરીને આ પ્રોજેક્ટ ને શરૂ કરીને પોતાની જાતે જ આગળ વધીએ અને આ કાર્યભાર ઉઠાવીએ.

જોન ટેન ટેન નામ એ માટે રાખ્યું કેમ કે અમે પરમેશ્વરના વચનથી અને પોતાના વ્યક્તિગત અનુભવથી અને તમામ બાબતોની અવગણના કરતા અમે જાણીએ છીએ કે, આપણા ત્રિએક પરમેશ્વર, પરમેશ્વર પિતા, પરમેશ્વર પુત્ર અર્થાત્ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત, અને પરમેશ્વર પવિત્ર આત્માની સાથે સંબંધ રાખવા દ્વારા બધાને માટે એક ઉત્તમ જીવન ઉપલબ્ધ છે.

આ પુસ્તક અમારા માટે આશીર્વાદનું કારણ બન્યું છે, અને અમને વિશ્વાસ છે કે તે તમારા માટે પણ આશીર્વાદનું કારણ બનશે.

નીના અને યોહાન જોન કુનેનકેરિલ

જોન ટેન ટેન
"હિલ ક્રેસ્ટ" મારિયાથુરૂથ્થુ,
કોટ્ટાયમ- ૬૮૬૦૨૭, કેરાલા, ભારત
yohankjohn@gmail.com

**Other Oswald Chambers books from Discovery House Publishers:**

Biblical Ethics
Biblical Psychology
Christian Disciplines
Complete Works of Oswald Chambers
Conformed to His Image and The Servant As His Lord
Faith : A Holy Walk
If You Will Ask
The Love of God
Our Brilliant Heritage
Our Ultimate Refuge (formerly Baffled to Fight Better)
Prayer : A Holy Occupation

So Send I You
Studies in the Sermon on the Mount

My Utmost for His Highest Daily Devotional Journal:
A Journal Companion to the Golden Book of Oswald Chambers

Oswald Chambers- Abandoned to God:
The Life Story of the Author of My Utmost for His Highest (by David McCasland)

**My Utmost For His Highest is also available in**
-Tamil, Kannada, Malayalam, Telugu, Khasi, Oriya (all Paperback)

- in Updated English Version
(leather bound, large print, study edition, and more)

-and in special adaptations (English) for Children, Young Adults

**For further details visit http://www.dhp.org**
or write ro generalsecretary@iemoutreach.org
yohankjohn@gmail.com

## આવો આપણે ધ્યેયને વળગી રહીએ

*"...મારી આકાંક્ષા તથા આશા છે કે, હું કોઈ પણ વાતમાં શરમાઈશ નહિ; પણ પૂરી હિંમતથી, હંમેશ મુજબ હમણાં પણ, ગમે તો જીવનથી કે ગમે તો મરણથી, મારા શરીરદ્વારા ખ્રિસ્તના મહિમાની વૃદ્ધિ કરવામાં આવે"*
*(ફિલિપ્પી ૧:૨૦)*

તેમના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ "... મારી આકાંક્ષા તથા આશા છે કે, હું કોઈ પણ વાતમાં શરમાઈશ નહિ..." ઈસુએ આપણને આપણા જીવનના જે ક્ષેત્રોને તેની આગળ સમર્પિત કરવાનું જણાવ્યું છે તે જો આપણે સમર્પિત કરતા નથી તો આપણે બધાએ ખૂબ જ શરમાવું પડશે. આ તો જેમ પાઉલે જણાવ્યું કે, "મારો દ્રઢ ઉદ્દેશ છે કે પરમેશ્વરના સર્વોચ્ચ માટે મારું સર્વોત્તમ હોય." મારું સર્વોત્તમ તેના મહિમાને અર્થે, આ દ્રઢ નિર્ધારના સ્તરે પહોંચવું એ તો પોતાની ઈચ્છાની વાત છે, ચર્ચા વિચારણા કે વાદવિવાદની વાત નથી. આ તો તે મુદ્દે પોતાની ઈચ્છાનું સંપૂર્ણ અને અપરિવર્તનીય સ્વાર્પણ છે. પોતાની જાત સંબંધીના અતિશયોક્તિવાળા વિચારો અને કાળજી આપણને સ્વાર્પણનો નિર્ણય કરતા અટકાવે છે અને આપણે તે નિર્ણય નહિ કરવાની વાતને એવું બહાનું કાઢીને ઢાંકીએ છીએ કે આપણે બીજાઓનો વિચાર કરીએ છીએ. જ્યારે આપણે ગંભીરતાથી વિચારીએ છીએ કે જો આપણે ઈસુના તેડાને આધીન થઈશું તો બીજાઓને તેની શી કિંમત ચૂકવવી પડશે. ત્યારે આપણે પરમેશ્વરને એમ કહીએ છીએ કે અમારા આજ્ઞાપાલનનો અર્થ શું થશે તે તમને ખબર નથી. પરંતુ ધ્યેયને વળગી રહો - તેઓ બધું જાણે છે, બીજા બધા જ વિચારોને બંધ કરી દો અને આ એક જ બાબત અંગે તમે તમારી જાતને પરમેશ્વર આગળ ધરી રાખો - કે મારું સર્વોત્તમ તેમના સર્વોચ્ચ માટે જ. હું દ્રઢ નિશ્ચયી છું કે હું અમર્યાદ - અસીમિત અને સંપૂર્ણ રીતે તેના માટે અને ફક્ત તેના જ માટે છું.

તેની પવિત્રતા માટે મારો અવરોધ વિનાનો દ્રઢનિર્ધાર " ચાહે તેનો અર્થ જીવન કે મરણ તેનાથી કશો ફરક પડતો નથી!" (જુઓ ફિલિપ્પી ૧:૨૧). પાઉલ ખૂબ કૃતનિશ્ચયી હતો કે પરમેશ્વર જે માગે છે બરાબર તે જ પ્રમાણે કરવા માટે તેને કશું જ અટકાવી ના શકે. પરંતુ આપણે પરમેશ્વરની ઈચ્છાને અનુસરવાનું પસંદ કરીએ તે અગાઉ આપણા જીવનમાં મુશ્કેલીઓનું સર્જન થવું જોઈએ. આમ થવાનું કારણ એ છે કે પરમેશ્વર તરફથી કરવામાં આવતા હળવા દિશાસૂચનોને યોગ્ય પ્રતિસાદ ન આપવાનું આપણું માનસિક વલણ છે. તે આપણને એવી સ્થિતિમાં મૂકે છે કે જ્યાં તે આપણને એમ કહે છે કે આપણું સર્વોત્તમ તેના માટે થાય અને ત્યારે આપણે વાદવિવાદ અને ચર્ચા કરવા લાગીએ છીએ. અને ત્યારે તે જોગાનુજોગ મુશ્કેલી ઊભી કરે છે જેથી આપણે તેના પક્ષમાં કે વિરુદ્ધમાં નિર્ણય કરવો પડે છે. ત્યારે આ ક્ષણ આપણા જીવનમાં મોટો નિર્ણયાત્મક તબક્કો બની જાય છે. જો તમારા જીવનમાં કોઈ પણ ક્ષેત્રમાં મુશ્કેલી આવી છે તો તમારી ઈચ્છાને ઈસુને સંપૂર્ણ અને અપરિવર્તનીય રીતે સ્વાર્પણ કરી દો.

## ન જાણ્યા છતાં શું તમે ચાલી નીકળશો?

*''પોતે ક્યાં જાય છે, એ ન જાણ્યાં છતાં તે ચાલી નીકળ્યો''*
*(હિબ્રુઓને પત્ર ૧૧:૮)*

શું તમે ક્યારેય આ રીતે ''ચાલી નીકળ્યા'' છો? જો તેમ છે તો, જ્યારે કોઈ તમને પૂછે છે કે તમે શું કરો છો ત્યારે કોઈ તાર્કિક જવાબ શક્ય નથી. વિશ્વાસ કરનારાઓના કાર્યક્ષેત્રમાં એક સૌથી અઘરો પ્રશ્ન જો હોય તો તે એ છે કે, ''તમે શું કરવાની અપેક્ષા રાખો છો?'' તમને ખબર નથી કે તમે શું કરવાના છો. ફક્ત તમને એટલી જ ખબર છે કે પરમેશ્વરને ખબર છે કે તે શું કરી રહ્યા છે. જો તમે પરમેશ્વર પર સંપૂર્ણ ભરોસો રાખીને તમારા જીવનના દરેક ક્ષેત્રમાં ''ચાલી નીકળવા'' માટે ઈચ્છુક છો તો પરમેશ્વર તરફના તમારા વલણને સતત તપાસતા રહો. આ વલણ તમને સતત આશ્ચર્યમાં રાખશે, કારણ કે તમને ખબર નથી પરમેશ્વર હવે પછી શું કરશે. દર સવારે જ્યારે તમે જાગો છો ત્યારે, પરમેશ્વરમાં તમારો વિશ્વાસ વધારતા જઈને, ''ચાલી નીકળવા'' માટે નવી તક હોય છે. ''...તમારા જીવને સારુ  ચિંતા ન કરો... તેમ તમારા શરીરને સારુ પણ ન કરો...''(લૂક ૧૨:૨૨). બીજા શબ્દોમાં તમે ખરેખર ''ચાલી નીકળો'' તે અગાઉ જે બાબતોને કારણે તમે ચિંતાતુર છો તેને વિશે ચિંતા ન કરો.

શું તમે પરમેશ્વરને એવું પૂછી રહ્યા છો કે તે શું કરવાના છે? પરમેશ્વર તમને કદીયે નહિ કહે. તે શું કરવાના છે તે વાત પરમેશ્વર તમને કહેતા નથી પરંતુ તે કોણ છે તે વાત તમને પ્રગટ કરે છે. શું તમે ચમત્કાર કરનાર પરમેશ્વરમાં માનો છો, અને તે જે કંઈ કરે છે તેનાથી જરા પણ આશ્ચર્યચકિત થયા વિના  પરમેશ્વરને સંપૂર્ણ સમર્પિત થઈને શું તમે ''ચાલી નીકળશો?''

પરમેશ્વરમાં વિશ્વાસ કરવો એટલે કે હંમેશા જે પરમેશ્વરની ખૂબ જ નજદીક તમે હો છો અને જેને તમે ઓળખો છો. અને જો એમ હોય તો પછી વિચારો કે ચિંતા કરવી એ કેટલું બિનજરૂરી અને અપમાનજનક કહેવાય. તમારા જીવનનું વલણ પરમેશ્વર પર આધાર રાખીને ''ચાલી નીકળવાની'' સતત ઈચ્છાવાળું રાખો, તો તમારા જીવનમાં પવિત્ર અને અવર્ણનીય સુંદરતા હશે કે જે ઈસુને ખૂબ જ સંતોષ આપનાર હશે. જ્યાં સુધી તમે તમારા વિશ્વાસમાં એવા સ્તરે ના પહોંચો કે જ્યાં તમારી અને પરમેશ્વરની વચ્ચે કશું પણ રહે નહિ ત્યાં સુધી તમારે તમારા મનમાં ખાતરી, વિશ્વાસ અથવા અનુભવો દ્વારા ''ચાલી નીકળવાનું'' શીખવું જ જોઈએ.

# મેઘો તથા અંધકાર

*"મેઘો તથા અંધકાર તેની આસપાસ છે"*
*(ગીતશાસ્ત્ર ૯૭:૨)*

જે વ્યક્તિ પરમેશ્વરના આત્મા દ્વારા જન્મી ના હોય તે તમને એમ કહેશે કે ઈસુનું શિક્ષણ ખૂબ જ સાદુ છે. પરંતુ જ્યારે તે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામે છે ત્યારે તેને સમજાય છે કે "મેઘો તથા અંધકાર તેની આસપાસ છે..." જ્યારે આપણે ઈસુ ખ્રિસ્તના શિક્ષણની ઘનિષ્ઠતામાં આવીએ છીએ ત્યારે આપણને સૌપ્રથમ આ બાબતનું ભાન થાય છે. ઈસુના શિક્ષણની સંપૂર્ણ સમજ માટેનો જે એક જ માર્ગ છે તે તો પરમેશ્વરના આત્માનો પ્રકાશ આપણી અંદર પ્રકાશે. જો આપણને આપણા ઔપચારિક ધાર્મિક પગમાંથી ઔપચારિક ધાર્મિક જૂતા કાઢવાનો અનુભવ નથી, જે બધી અતિશય અનૌપચારિકતાથી તેની પાસે જઈએ છીએ તેથી છૂટવાનો અનુભવ નથી તો પ્રશ્ન છે કે આપણે કદી તેની હજૂરમાં ઉપસ્થિત થયા છીએ? જે લોકો પરમેશ્વરની આગળ જવામાં ઉદ્ધત અને વિવેકહીન છે તેઓ એવા લોકો છે કે જેમને ઈસુ ખ્રિસ્તની ઓળખ કરાવવામાં આવી નથી. ઈસુ ખ્રિસ્ત શું કરે છે તેનો આશ્ચર્યજનક આનંદ અને મુક્તિની સમજણ પ્રાપ્ત થયા બાદ જ, તે કોણ છે તેની સમજણનો અભેદ્ય "અંધકાર" આવે છે.

ઈસુએ કહ્યું, "જે વાતો મેં તમને કહી છે, તે આત્મા તથા જીવન છે."(યોહાન ૬:૬૩). એકવાર, આપણા માટે બાઈબલ ઘણા બધાં શબ્દો હતા કે જે - "મેઘો તથા અંધકાર" હતા - ત્યારબાદ, એકાએક તે શબ્દો આપણા માટે આત્મા અને જીવન બની ગયા કારણ કે ઈસુએ ચોક્કસ પરિસ્થિતિમાં તે આપણને ફરીથી કહ્યા. આ રીતે પરમેશ્વર આપણી સાથે સ્વપ્નો અને દર્શનો દ્વારા નહિ પરંતુ વચનોથી વાત કરે છે. માણસ વચન દ્વારા પરમેશ્વર પાસે ખૂબ સરળ રીતે જાય છે.

## હું હમણાં જ તારી પાછળ કેમ આવી નથી શકતો?

*''પિતર તેને કહે છે કે, 'પ્રભુ, હું હમણાં જ તારી પાછળ કેમ આવી નથી શકતો?''' (યોહાન ૧૩:૩૭)*

ક્યારેક એવા સમયો આવે છે જ્યારે તમે સમજી શકતા નથી કે જે તમે કરવા ચાહો છો તે તમે કેમ કરી શકતા નથી. જ્યારે પરમેશ્વર રાહ જોવાનો સમય લાવે છે અને આપણને એમ લાગે છે કે તે જવાબ આપતા નથી, ત્યારે બહુ વ્યસ્ત થઈ જશો નહિ, પરંતુ ફક્ત રાહ જુઓ. કદાચ, રાહ જોવાનો સમય તમને તે શીખવવા માટે આવે છે કે પવિત્રીકરણ શું છે - પાપથી દૂર થવું અને પવિત્ર થવું - અથવા કદાચ પવિત્રીકરણની પ્રક્રિયા પછી તમને એ શીખવવા માટે છે કે સેવાનો અર્થ શું છે. પરમેશ્વર તમને તેનું માર્ગદર્શન આપે તેની અગાઉ ક્યારેય દોડશો નહિ. જો તમને થોડી પણ શંકા હોય, તો એનો અર્થ થાય કે તે તમને દોરવણી આપતા નથી. જ્યારે પણ શંકા હોય ત્યારે રાહ જુઓ.

શરૂઆતમાં તમે પરમેશ્વરની ઈચ્છા શું છે તે સ્પષ્ટ જોઈ શકો છો, જેમ કે મિત્રતા તૂટી જવી, વેપારમાં સંબંધો તૂટી જવા અથવા અન્ય કોઈ બાબત કે જે માટે તમે ચોક્કસ અનુભવો કે તે બાબત પરમેશ્વરની ઈચ્છા છે. પરંતુ તમે જે અનુભવી રહ્યા છો તેના આધાર પર તમે કાર્ય ના કરશો, જો તમે એમ કરશો તો તમે મુશ્કેલ સંજોગો કે પરિસ્થિતિઓ ઊભી કરશો જે સુલઝાવતાં તમને વર્ષો લાગી જશે. પરમેશ્વરના સમયની રાહ જુઓ અને તે કોઈ પણ આઘાત કે નિરાશા વગર તે કાર્ય કરશે. જ્યારે પરમેશ્વરની ઈચ્છાનો પ્રશ્ન હોય ત્યારે, પરમેશ્વરના કાર્ય કરવાની રાહ જુઓ.

પિતરે પરમેશ્વરની રાહ જોઈ નહિ. તેણે પોતાના મનમાં જ નિશ્ચય કરી લીધો કે કસોટી ક્યાંથી આવશે, પરંતુ જ્યાંથી તેણે અપેક્ષા નહોતી રાખી ત્યાંથી કસોટી આવી. ''તારે સારું હું મારો જીવ આપીશ'' પિતરનું આમ કહેવું સાચુ હતું પરંતુ અજ્ઞાનતામાં કહેવામાં આવ્યું હતું. ''ઈસુએ તેને ઉત્તર આપ્યો, ...મરઘો બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરશે.'' (યોહાન ૧૩:૩૮) ઈસુએ આ વાત પિતરને ખૂબ ઊંડાણથી ઓળખીને કહી હતી કે જે વાત પિતર પણ પોતાને વિશે જાણતો નહોતો. તે ઈસુની પાછળ ચાલી શકતો નહોતો કેમ કે તે પોતાને અથવા પોતાની ક્ષમતાઓને સારી રીતે જાણતો નહોતો. સ્વાભાવિક ભક્તિભાવ આપણને ઈસુ તરફ આકર્ષી શકે છે, અને આપણને નકારી ના શકાય તેવી મોહકતાનો અનુભવ જરૂર કરાવે છે. પરંતુ સ્વાભાવિક ભક્તિભાવ આપણને ક્યારેય શિષ્ય બનાવતો નથી. સાચા અર્થમાં તેની પાછળ ચાલવું એટલે શું તે અંગે અધુરા રહીને સ્વાભાવિક ભક્તિભાવ ઈસુનો નકાર કરશે.

## પાછળ ચાલવા માટે સામર્થ્યવાન જીવન

*‘‘ઈસુએ તેને ઉત્તર આપ્યો કે, જ્યાં હું જાઉં છું, ત્યાં તું મારી પાછળ હમણાં આવી શકતો નથી; પણ પછી તું મારી પાછળ આવીશ.’’*
*(યોહાન ૧૩:૩૬)*

‘‘એમ કહ્યા પછી તે તેને કહે છે કે, ‘તું મારી પાછળ આવ’ ’’ (યોહાન ૨૧:૧૯) ત્રણ વર્ષ અગાઉ ઈસુએ કહ્યું હતું ‘‘મારી પાછળ આવ’’ (માથ્થી ૪:૧૯), અને પિતર કશા અચકાટ વગર તેની પાછળ ચાલ્યો હતો. ઈસુનું અટકાવી ના શકાય તેવું આકર્ષણ તેના પર હતું અને તેને પવિત્ર આત્મા સહાય કરે તેવી જરૂર દેખાતી નહોતી. ત્યારબાદ તે એવી સ્થિતિમાં આવી ગયો કે તેણે ઈસુનો નકાર કર્યો, અને તેનું હૃદયભંગિત થઈ ગયું. અને ત્યારે તેણે પવિત્ર આત્મા પ્રાપ્ત કર્યો અને ફરીથી ઈસુએ કહ્યું કે, ‘‘મારી પાછળ આવ’’ તેમાં કોઈ જ રહસ્યમય વાત નહોતી; તે તો ફક્ત બાહ્ય રીતે પાછળ ચાલવાનું હતું. પરંતુ ઈસુ હવે આંતરિક બલિદાન અને સમર્પણ માગે છે (જુઓ યોહાન ૨૧:૧૮).

આ બે ઘટનાની વચ્ચે પિતર શાપ દઈને અને સમ ખાઈને ઈસુનો નકાર કરે છે (જુઓ માથ્થી ૨૬:૬૯-૭૫). પરંતુ ત્યારબાદ તે પોતાની સંપૂર્ણ આત્મનિર્ભરતાના અંતે આવી ગયો. હવે તેનામાં પોતાનું એવું કશું બાકી રહ્યું નહોતું કે જેની પર તે આધાર રાખી શકે. તેની આ નિઃસહાય સ્થિતિમાં અંતે હવે તે બધું જ સ્વીકારવા તૈયાર હતો જે ઉત્થાન પામેલા પ્રભુ પાસે તેની માટે હતું. ‘‘.... તેણે તેઓના પર શ્વાસ નાખ્યો, અને તે તેઓને કહે છે કે, તમે પવિત્ર આત્મા પામો.’’ (યોહાન ૨૦:૨૨). પરમેશ્વરે તમારા જીવનમાં જે કંઈ પણ પરિવર્તન કર્યા હોય તેની પર આધાર ના રાખશો. પરંતુ ફક્ત એક વ્યક્તિ પ્રભુ ઈસુ ખ્રિસ્ત, અને તે જે પવિત્ર આત્મા આપે છે તેની પર તમે તમારાં જીવન બાંધો.

આપણી બધી જ પ્રતિજ્ઞાઓ અને સંકલ્પોનો અંત નકારમાં જ આવે છે કારણ કે આપણામાં તે પૂર્ણ કરવાનું સામર્થ્ય નથી. જ્યારે કેવળ માનસિક રીતે જ નહિ પરંતુ સંપૂર્ણ રીતે આપણા સ્વ-નો અંત આવે છે, ત્યારે આપણે પવિત્ર આત્મા પામી શકીએ છીએ. ‘‘પવિત્ર આત્મા પામો’’- તેમાં આક્રમણ કરવાનો ભાવ દેખાય છે. હવે ફક્ત એક જ વ્યક્તિ છે જે તમારા જીવનની દિશા નિર્દેશ કરે છે અને તે તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે.

## આરાધના

*"ત્યાંથી નીકળીને બેથેલની પૂર્વગમ જે પર્વત છે ત્યાં તે ગયો. અને તેણે ત્યાં તંબુ માર્યો, ત્યાંથી પશ્ચિમે બેથેલ તથા પૂર્વે આય હતું; અને ત્યાં તેણે યહોવાને સારુ વેદી બાંધી, ને યહોવાને નામે પ્રાર્થના કરી."*
*(ઉત્પત્તિ ૧૨:૮)*

**આરાધનાનો અર્થ એ થાય છે કે પરમેશ્વરે તમને જે આપ્યું છે તેમાંથી શ્રેષ્ઠ તેને આપવું. તમારી પાસે જે શ્રેષ્ઠ છે તેનો તમે શું ઉપયોગ કરો છો તે વિશે સાવધ રહો. જ્યારે પણ તમને પરમેશ્વર તરફથી આશીર્વાદ મળે ત્યારે તેને પ્રેમ ભેટ તરીકે પરમેશ્વરને પાછી આપો. પરમેશ્વર આગળ મનન કરવામાં સમય વિતાવો અને તે આશીર્વાદ આરાધનાના રૂપમાં સમજણપૂર્વક પરમેશ્વરને પાછા આપો. જો તમે તેને તમારા પોતાના માટે સંઘરી રાખશો તો, તે આત્મિક સડો પેદા કરશે, જેમ માન્ના સંઘરી રાખવાથી થતું હતું(જુઓ નિર્ગમન ૧૬:૨૦). પરમેશ્વર તમને ક્યારેય આત્મિક આશીર્વાદ સંપૂર્ણ રીતે પોતાની પાસે રાખવા નહિ દે. તે પરમેશ્વરને પાછા આપવા જોઈએ જેથી તે તેઓને અન્ય માટે આશીર્વાદ બનાવી શકે.**

**બેથેલ પરમેશ્વર સાથેની સંગતનું પ્રતીક છે; અને આય જગતનું પ્રતીક છે. ઈબ્રામે બંને વચ્ચે "પોતાનો તંબુ માર્યો." પરમેશ્વર સાથેની સંગતની ઘનિષ્ઠતા તથા તેની સાથેની એકરૂપતા કેટલી છે તેના આધારે પરમેશ્વર માટેની આપણી જાહેર સેવાના મૂલ્યને માપી શકાય છે. ઉતાવળથી આરાધના કરવી તે હંમેશા ખોટી રીત છે - પરમેશ્વરની આરાધના કરવા માટે આપણી પાસે પુષ્કળ સમય છે. શાંત સમય માટે અલગ કરાયેલા દિવસો ફાંદો બની શકે છે, અને પરમેશ્વર સાથે દૈનિક શાંત સમયની જરૂરતમાંથી ભટકાવી શકે છે. આથી આપણે આપણો તંબુ એવી જગ્યાએ મારવો કે જેથી જગતમાં આપણો સમય કેટલો પણ ઘોંઘાટ ભર્યો હોય તેમ છતાં આપણે પરમેશ્વર સાથે શાંત સમય માણી શકીએ. આત્મિક જીવનમાં આરાધના, રાહ જોવી અને કાર્ય જેવા ત્રણ સ્તરો નથી. છતાં આપણામાંના કેટલાંક આત્મિક દેડકાઓની જેમ આરાધનામાંથી રાહ જોવામાં, અને રાહ જોવામાંથી કાર્યમાં કૂદીએ છીએ. પરમેશ્વરનો વિચાર એ છે કે આ ત્રણેય કાર્યો સાથે થવા જોઈએ. આપણા પ્રભુના જીવનમાં આ સર્વ હંમેશા એક સાથે હતા અને સંપૂર્ણ સુમેળમાં હતા. આ આત્મિક જીવનની શિસ્ત છે જે રાતોરાત નહિ થાય પરંતુ તેનો વિકાસ કરવો જોઈએ.**

## ઈસુ સાથે ઘનિષ્ઠતા

*“ઈસુ તેને કહે છે, કે, ‘ફિલિપ, આટલી મુદત સુધી હું તમારી સાથે રહ્યો છું, તોપણ શું તું મને ઓળખતો નથી?’ ”*
*(યોહાન ૧૪:૯)*

આ શબ્દો ઠપકારૂપે કે આશ્ચર્યમાં ઉચ્ચારવામાં આવ્યા ન હતા, પરંતુ ઈસુ ફિલિપને તેમની વધુ નીકટ આવવા ઉત્તેજન આપતા હતા. છતાં ઈસુ સૌથી છેલ્લી વ્યક્તિ છે જેની સાથે આપણે ઘનિષ્ઠતામાં આવીએ છીએ. પચાસમાના દિવસ અગાઉ શિષ્યો ઈસુને એવી વ્યક્તિ તરીકે ઓળખતા હતા કે જેમણે તેમને દુષ્ટ આત્માઓને વશમાં કરવાનું અને જાગૃતિ લાવવાનું સામર્થ્ય આપ્યું હતું (જુઓ લૂક ૧૦:૧૯-૨૦) તે ખૂબ જ અદ્‌ભુત ઘનિષ્ઠતા હતી, પરંતુ તેનાથી વધુ ઘનિષ્ઠતા હજુ બાકી છે “...મેં તમને મિત્ર કહ્યા છે...”(યોહાન ૧૫:૧૫). પૃથ્વી પર સાચી મિત્રતા મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. આનો અર્થ થાય છે કે કોઈની સાથે વિચાર, હૃદય અને આત્મામાં એકરૂપ થવું. જીવનનો સંપૂર્ણ અનુભવ એ આપણે ઈસુ ખ્રિસ્ત સાથે ઘનિષ્ઠ સંબંધમાં આવવાને સક્ષમ બનીએ તે રીતે તૈયાર કરવામાં આવ્યો છે. આપણે તેના આશીર્વાદોને પ્રાપ્ત કરીએ છીએ અને તેના વચનને જાણીએ છીએ, પરંતુ શું આપણે ખરેખર તેને ઓળખીએ છીએ?

ઈસુએ કહ્યું, “...મારું જવું તમને લાભકારક છે...”(યોહાન ૧૬:૭). તેમણે તેઓને વધુ નજીકના આત્મિક સંબંધમાં લાવવા માટે પૃથ્વી પરના સંબંધને છોડ્યો. જ્યારે તેમનો શિષ્ય તેની સાથે વધારે ઘનિષ્ઠતાથી ચાલવા માટે સમય આપે છે ત્યારે ઈસુને અધિક આનંદ થાય છે. શાસ્ત્રમાં ફળવંત થવાને હંમેશા ખ્રિસ્ત સાથેના ઘનિષ્ઠ સંબંધના દેખીતા પરિણામ તરીકે દર્શાવવામાં આવ્યું છે (જુઓ યોહાન ૧૫:૧-૪)

એકવાર જ્યારે આપણે ઈસુ સાથે ઘનિષ્ઠતામાં આવીએ છીએ ત્યારબાદ આપણે ક્યારેય એકલા નથી હોતા અને આપણને ક્યારેય સમજણ અને અનુકંપાનો અભાવ રહેતો નથી. આપણે નિરંતર આપણા હૃદયોને તેની આગળ રેડી શકીએ છીએ અને છતાં આપણને વધુ પડતા લાગણીશીલ અથવા દયાજનક સમજવામાં નહિ આવે. જે ખ્રિસ્તી સાચે જ ઈસુ સાથે ઘનિષ્ઠ સંબંધમાં છે તે ક્યારેય પોતાની તરફ ધ્યાન આકર્ષિત નહીં કરે પરંતુ તે એવાં જીવનનો પૂરાવો આપશે જેમાં ઈસુ સંપૂર્ણ નિયંત્રણમાં છે. ઈસુને જીવનના દરેક ક્ષેત્રને ઊંડાણથી સંતોષવા દેવાનું આ પરિણામ છે. જેથી જેઓ ઈસુ સાથે ઘનિષ્ઠતામાં છે તેઓને પ્રભુ સામર્થ્યવાન, શાંત અને સંતુલિત જીવન આપે છે.

## શું મારું અર્પણ જીવંત છે?

*“ઈબ્રાહિમે ત્યાં વેદી બાંધી...ને પોતાના દીકરા ઈસહાકને બાંધીને વેદી પરના લાકડા ઉપર તેને મૂક્યો.”*
*(ઉત્પત્તિ ૨૨:૯)*

આ ઘટના આપણે આપણા વિચારોમાં જે ભૂલ કરીએ છીએ તેનું નિરૂપણ છે કે પરમેશ્વર અંતે તો મરણકારક અર્પણની જ ઈચ્છા રાખે છે. પરમેશ્વર જે માંગે છે તે તો મરણ દ્વારા અર્પણ કે જે આપણને ઈસુએ જે કર્યું તે કરવા સક્ષમ બનાવે છે, અર્થાત્ આપણા જીવનોનુ અર્પણ આપવું. એવું નહિ કે, “પ્રભુ, હું તારી સાથે ... મરવાને પણ તૈયાર છું” (લૂક ૨૨:૩૩). પરંતુ - “હું તારા મરણમાં તારી સાથે એકરૂપ થવાને ઈચ્છું છું જેથી હું મારું જીવન પરમેશ્વરને અર્પણ કરી શકું.”

આપણે એવું વિચારતા હોઈએ તેમ લાગે છે કે પરમેશ્વર ઈચ્છે છે કે આપણે વસ્તુઓનો ત્યાગ કરી દઈએ. પરમેશ્વરે ઈબ્રાહિમને તેની આ ભૂલોમાંથી શુદ્ધ કર્યો, અને તે જ પ્રક્રિયા આપણા જીવનમાં પણ ચાલુ છે. પરમેશ્વર કદીયે આપણને વસ્તુઓનો ત્યાગ કરવા ખાતર ત્યાગ કરવાનું કહેતા નથી. તે આપણને એક જ બાબત જે પામવાને યોગ્ય છે તે માટે વસ્તુઓનો ત્યાગ કરવાનું કહે છે અને જે પામવાને યોગ્ય છે તે તો પરમેશ્વર સાથેનું જીવન છે.આ તો આપણા જીવનોને અવરોધતા બંધનોને છોડી દેવાની બાબત છે, અને જેવા આપણે ઈસુના મરણ સાથે એકરૂપ થઈએ છીએ કે તરત જ તે બંધનો છૂટી જાય છે. ત્યારબાદ આપણે પરમેશ્વર સાથેના સંબંધમાં પ્રવેશ પામીએ છીએ કે જે દ્વારા આપણે આપણા જીવનોનું તેને અર્પણ કરી શકીએ છીએ.

તમારું જીવન મૃત્યુ માટે પરમેશ્વરને આપવાથી તેને માટે તેનું કોઈ મૂલ્ય નથી. તેની ઈચ્છા છે કે તમે “જીવતું અર્પણ” બનો - તમારી જે શક્તિઓ ઈસુ દ્વારા બચાવવામાં આવી છે અને પવિત્ર કરાયેલ છે તે તમામ શક્તિઓ તેને ઉપયોગમાં લેવા દો તે પરમેશ્વરને સ્વીકાર્ય છે.

## પ્રાર્થનાપૂર્ણ આત્મપરિક્ષણ

*"તમારો આત્મા, પ્રાણ તથા શરીર સંપૂર્ણ તથા નિર્દોષ રાખવામાં આવો."*
*(૧ થેસ્સાલોનિકા ૫:૨૩)*

"તમારો સંપૂર્ણ આત્મા..." પવિત્ર આત્માનું મહાન, રહસ્યમય કાર્ય આપણા વ્યક્તિત્વના એ ઊંડા ખાલી ભાગોમાં થાય છે જ્યાં આપણે પહોંચી શકતા નથી. ગીતશાસ્ત્ર ૧૩૯ વાંચો. ગીતકર્તા એવું સૂચિત કરે છે કે "ઓ પ્રભુ, તમે પરોઢિયાના પરમેશ્વર છો, મધ્યરાત્રિના પરમેશ્વર છો, પર્વતોની ઊંચાઈના પરમેશ્વર છો, અને સમુદ્રના પરમેશ્વર છો. પરંતુ હે મારા પરમેશ્વર મારા પ્રાણની સીમાઓ પરોઢની પેલી પાર છે, એનો અંધકાર પૃથ્વીની રાત્રિઓથી વધુ છે, તેની ઊંચાઈઓ પર્વતોની ઊંચાઈઓથી વધારે છે, કુદરતના કોઈ પણ સમુદ્ર કરતાં એનું ઊંડાણ વધારે છે. તમે જે આ સર્વના પરમેશ્વર છો, મારા પરમેશ્વર બનો. હું આ ઊંચાઈઓ કે ઊંડાણો સુધી પહોંચી શકતો નથી; એવા પ્રયોજન હેતુઓ છે જેને હું શોધી શકતો નથી, એવા સ્વપ્નો છે જેને હું સમજી કે પામી શકતો નથી, હે મારા પરમેશ્વર મને શોધો."

શું આપણે વિશ્વાસ કરી શકીએ છીએ કે આપણે જ્યાં જઈ શકીએ છીએ તેથી વધારે ઊંડાણમાં જઈને પરમેશ્વર આપણી કલ્પનાઓને સુદ્રઢ કરી અને સુરક્ષિત રાખી શકે છે? "... તેના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે" (૧ યોહાન ૧:૭). જો આ વચનનો અર્થ આપણી સભાન અવસ્થાના સ્તર સુધી જ શુદ્ધિકરણનો હોય તો, પરમેશ્વર આપણા પર દયા કરો. જે માણસ પાપના કારણથી બુદ્ધિહીન બની ગયો છે તે એમ કહેશે કે તેને પાપની સભાનતા નહોતી. પરંતુ આપણે પાપમાંથી શુદ્ધિકરણનો જે અનુભવ કરીએ છીએ તે, જો આપણે "જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ"(૧ યોહાન ૧:૭) તો તે આપણા આત્માની ઊંચાઈઓ અને ઊંડાણો સુધી કાર્ય કરશે. જે આત્માએ ઈસુ ખ્રિસ્તના આત્માનું પોષણ કર્યું તે જ આપણા આત્માના જીવનનું પોષણ કરશે. જ્યારે આત્માના આશ્ચર્યકારક પવિત્રીકરણથી પરમેશ્વર દ્વારા ચોગરદમ કિલ્લાબંધી જેવી સુરક્ષા પામીએ છીએ ત્યારે આપણા આત્મા, પ્રાણ અને શરીરને ઈસુના આવતાં સુધી નિષ્કલંક પ્રમાણિકતામાં સુરક્ષિત રાખવામાં આવે છે - અર્થાત્ પરમેશ્વરની નજરમાં હવે દોષિત ઠરતા નથી.

પરંતુ આપણે આપણા મનોને પરમેશ્વરના આ મહાન નક્કર સત્યો પર વધારે ને વધારે મનન કરવા દેવું જોઈએ.

## ઉઘડેલી આંખો

*"હું તને મોકલું છું...કે, તું તેઓની આંખો ઉઘાડે...જેથી તેઓ પાપની માફી...પામે."*
*(પ્રે. કૃ. ૨૬:૧૭-૧૮)*

આ વચન સંપૂર્ણ નવા કરારમાં ઈસુ ખ્રિસ્તના એક શિષ્યના સંદેશાના સાચા સત્ત્વનું મહાન ઉદાહરણ છે.

પરમેશ્વરની કૃપાના પ્રથમ સર્વોપરિ કાર્યને નીચેના શબ્દોમાં દર્શાવાયા "...કે તેઓ પાપોની માફી પામે..." જ્યારે વ્યક્તિ તેના વ્યક્તિગત ખ્રિસ્તી જીવનમાં નિષ્ફળ જાય છે તે માટે સામાન્ય રીતે એ કારણ છે કે તેણે ક્યારેય કશું પ્રાપ્ત કર્યું નથી. વ્યક્તિનો ઉદ્ધાર થયો છે કે તારણ પામે છે તેનું એક ચિહ્ન છે કે તેને ઈસુ ખ્રિસ્ત તરફથી કશું પ્રાપ્ત થયું છે. પરમેશ્વરના સેવકો તરીકે આપણું કાર્ય લોકોની આંખોને ઉઘાડવાનું છે જેથી તેઓ પોતે પોતાની જાતને અંધકારમાંથી પ્રકાશ તરફ ફેરવે. પરંતુ તે તારણ કે ઉદ્ધાર નથી; તે તો મનનું બદલાણ છે - જાગૃત થયેલા માનવનો એક માત્ર પ્રયત્ન જ છે. મારા ખ્યાલથી એ અતિશયોક્તિવાળું ન કહેવાય કે મોટા ભાગના નામધારી ખ્રિસ્તીઓ આવા જ હોય છે. તેઓની આંખો ઉઘડી છે, પરંતુ તેઓએ કશું પ્રાપ્ત કર્યું નથી. મનનું બદલાણ તે પુનર્જન્મ નથી. આજના આપણા ઉપદેશોમાં આ હકીકતને અવગણવામાં આવી છે. જ્યારે વ્યક્તિનો નવો જન્મ થાય છે ત્યારે તે જાણે છે કે આ તેના પોતાના કોઈ નિર્ણયને કારણે નથી પરંતુ તેણે સર્વશક્તિમાન પરમેશ્વર તરફથી કશુંક ભેટ તરીકે પ્રાપ્ત કર્યું છે. લોકો શપથ લે છે, વચનો લે છે, પોતાની પ્રતિજ્ઞાઓ પર હસ્તાક્ષર કરે છે, અને કદાચ અંત સુધી ટકી રહેવાનો નિર્ણય કરે છે, પરંતુ આમાંનું કશુંય તારણ નથી. તારણનો અર્થ એ થાય છે કે આપણને એ સ્થાન પર લાવવામાં આવે છે કે, જ્યાં ઈસુ ખ્રિસ્તના અધિકાર હેઠળ પરમેશ્વર પાસેથી કશું પ્રાપ્ત કરી શકીએ છીએ અર્થાત્ પાપોની ક્ષમા.

ત્યારબાદ પરમેશ્વરની કૃપાનું બીજું શક્તિશાળી કાર્ય થાય છે, "...જેઓને પવિત્ર કરવામાં આવ્યા છે તેઓમાં વારસો મળે..." પવિત્રીકરણમાં, જેઓ નવો જન્મ પામ્યા છે તેઓ ઈરાદાપૂર્વક પોતાની ઈચ્છાથી પોતાની ઉપરનો પોતાનો અધિકાર ઈસુ ખ્રિસ્તને સોંપી દે છે, અને પરમેશ્વરની ઈચ્છામાં સંપૂર્ણ રીતે પરમેશ્વરની સાથે અન્ય લોકોની સેવામાં એકરૂપ થઈ જાય છે.

## પરમેશ્વર પ્રત્યેના મારા આજ્ઞાપાલનથી બીજાઓએ શું કિંમત ચૂકવવી પડે છે

*“તેઓ તેને લઈ જતા હતા ત્યારે તેઓએ સિમોન...કુરેનીનો એક માણસ...તેને પકડીને તેઓએ તેની ખાંધે વધસ્તંભ ચઢાવ્યો કે તે તે ઊંચકીને ઈસુની પાછળ ચાલે...”*
*(લૂક ૨૩:૨૬)*

જો આપણે પરમેશ્વરને આજ્ઞાધીન થઈએ તો, આપણને તેની કિંમત ચૂકવવી પડે તેના કરતાં વધારે અન્યને ચુકવવી પડે છે, અને વેદનાની શરૂઆત ત્યાંજ થાય છે. જો આપણે આપણા પરમેશ્વરના પ્રેમમાં છીએ, તો આજ્ઞાપાલનની આપણને કોઈ કિંમત ચૂકવવી પડતી નથી- પરંતુ આજ્ઞાપાલન તે આનંદનું કારણ બને છે. પરંતુ જેઓ તેને પ્રેમ નથી કરતાં તેઓને આજ્ઞાપાલન ખૂબ જ મોંઘુ સાબિત થાય છે. જો આપણે પરમેશ્વરની આજ્ઞા માનીએ છીએ તો તેનાં કારણે બીજાઓની યોજનાઓ ઊંધી થઈ જાય છે. તેઓ આપણા ઠઠ્ઠા કરશે અને કહેશે કે,“શું તમે આને ખ્રિસ્તીપણું (ક્રિશ્ચિયાનિટી)કહો છો?” આપણે તેમની વેદનાને રોકી શકીએ છીએ, પરંતુ જો આપણે પરમેશ્વરની આજ્ઞાનું પાલન કરવુ હોય તો આપણે એમ ના કરવું જોઈએ. પરંતુ તેમને તેની કિંમત ચૂકવવા દેવી જોઈએ.

જ્યારે આપણા આજ્ઞાપાલનની અન્યને કિંમત ચૂકવવી પડે છે ત્યારે આપણો માનવીય ઘમંડ આડો આવે છે અને આપણે કહીએ છીએ કે, “હું ક્યારેય કોઈની પાસેથી કશું જ સ્વીકાર નહિ કરું.” પરંતુ આપણે સ્વીકાર કરવું જ પડશે અથવા તો પરમેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું પડશે. આપણને એવો કોઈ અધિકાર નથી કે આપણો પરમેશ્વર પોતે જે પ્રકારના સંબંધમાં રહ્યો (જુઓ લૂક ૩:૨-૩) તેનાથી જુદા સંબંધમાં રહેવાની આશા આપણે રાખીએ.

બધી જ કિંમત આપણે આપણી જાતે ચૂકવવાની કોશિશ કરીએ છીએ ત્યારે આપણા આત્મિક જીવનની પ્રગતિમાં અવરોધ આવી જાય છે. અને હકીકતમાં આપણે એવું કરી શકતા નથી. આપણે પરમેશ્વરના સર્વવ્યાપી ઉદ્દેશ સાથે એટલા બધા જોડાયેલા હોઈએ છીએ કે આપણે જેવા પરમેશ્વરની આજ્ઞાઓ માનીએ છીએ કે તરત બીજાઓ પર તેની અસર પડે છે. શું આપણે પરમેશ્વર પ્રત્યે આજ્ઞાધીનતામાં વિશ્વાસુ રહીશું અને સ્વતંત્ર હોવાનો નકાર કરીને અપમાન સહન કરવા તૈયાર થઈશું, અથવા આપણે તેનાથી એકદમ વિરોધી વાત કરીશું અને કહીશું કે, “હું બીજાઓને પીડા આપવાનું કારણ નહિ બનું?” જો આપણે ચાહીએ તો આપણે પરમેશ્વરની આજ્ઞાનો ભંગ કરી શકીએ છીએ અને તેના પરિણામે પરિસ્થિતિમાં તરત જ રાહત થઈ જશે, જો તેમ થશે તો તેનાથી પરમેશ્વરને દુઃખ થશે. પરંતુ જો આપણે પરમેશ્વરની આજ્ઞા પાળીશું તો પરમેશ્વર તે લોકોની કાળજી લેશે જેમને આપણા આજ્ઞાપાલનના પરિણામો ભોગવવા પડે છે. આપણે તો ફક્ત આજ્ઞાપાલન કરવાનું છે, અને પરિણામો તેના હાથમાં છોડી દેવાના છે.

તમે તેમની આજ્ઞાપાલનના શરતરૂપે કયા પરિણામો અંગે પરમેશ્વરને મંજૂરી આપો છો એવા પરમેશ્વર પર હુકમ ચલાવવાના માનસિક વલણ અંગે સાવધાન રહેજો.

## શું તમે ક્યારેય પરમેશ્વર સાથે એકાંતમાં રહ્યા છો?

*"પણ પોતાના શિષ્યોને એકાંતમાં તે સર્વ વાતોનો ખુલાસો કરતો."*
*(માર્ક ૪:૩૪)*

તેની સાથેનું આપણું એકાંત : ઈસુ હરેક સમયે આપણને એક બાજુએ લઈ જઈને બધી બાબતો સમજાવતા નથી. તે આપણને દરેક બાબતોનો અર્થ ત્યારે જ સમજાવે છે જ્યારે આપણે તેમને સમજવાને લાયક થઈએ. બીજાઓના જીવનો આપણા માટે દ્રષ્ટાંતો રૂપે છે. પરંતુ પરમેશ્વર આપણી પાસે આપણા જીવનોની તપાસ કરાવે છે. તે કાર્ય ધીરે ધીરે થાય છે એટલું ધીરે ધીરે કે એક સ્ત્રી અથવા પુરૂષને પોતાના સંકલ્પ અનુસાર બનાવવામાં પરમેશ્વરને સંપૂર્ણ અનંતકાળ લાગી જાય છે. આપણે પરમેશ્વર દ્વારા ત્યારે જ ઉપયોગમાં આવી શકીએ છીએ જ્યારે આપણે પરમેશ્વરને આપણા જીવનના દરેક છૂપા ખૂણાઓમાં જવા દઈએ. આ ખૂબ જ આશ્ચર્યકારક છે કે આપણે પોતાના જ માટે ખૂબ અજાણ્યા છીએ. આપણે જ્યારે આપણી અંદર ઈર્ષા, આળસ, અથવા ઘમંડને જોઈએ છીએ ત્યારે તેને ઓળખી શકતા નથી. પરંતુ તેમની કૃપાએ આપણામાં કાર્ય કરવાની શરૂઆત કરી તે અગાઉ આ બાબતો જે આપણે આપણામાં છૂપાવી રાખેલી છે તે સર્વ ઈસુ આપણને પ્રગટ કરે છે. આપણામાંથી કેટલા લોકો હિંમતથી પોતાની અંદર જોવાનું શીખ્યા છે?

આપણે આપણામાંથી એ વિચારને દૂર કરવાનો છે કે આપણે પોતાને સમજીએ છીએ; આ છેલ્લું મિથ્યાભિમાન છે જે આપણે છોડવાનું છે. આપણને સમજનાર જે વ્યક્તિ છે તે તો પરમેશ્વર છે. આત્મિક જીવનનો સૌથી મોટો શાપ એ મિથ્યાભિમાન છે. આપણે પરમેશ્વરની દ્રષ્ટિમાં કેવા છે તેની એક ઝલક જો આપણને જોવા મળે તો આપણે એવું ક્યારેય નહિ કહીએ કે, "હાય, હું કેટલો અયોગ્ય છું" પરંતુ આપણે સમજી જઈશું કે આપણે ખરેખર કેટલા અયોગ્ય છીએ અને આ સત્ય કહેવાની જરૂર નથી. જ્યાં સુધી આપણને ચોક્કસ ખાતરી નથી થતી કે આપણે અયોગ્ય છીએ ત્યાં સુધી તે આપણને આંતરીને એકાંતમાં લાવતા સુધી છોડતા નથી. જ્યાં સુધી ઘમંડ કે મિથ્યાભિમાનનો એક કણ પણ રહી જાય છે ત્યાં સુધી ઈસુ આપણને કશું શીખવાડી શકતા નથી. જ્યારે આપણને એવો અનુભવ થાય છે કે આપણી બુદ્ધિનું ઘમંડ ઘાયલ થયું છે ત્યારે તે નિરાશા અને હૃદયભંગનો અનુભવ થવા દે છે. તે આપણામાં જે અયોગ્ય બાબતો પરનો પ્રેમ છે તેને પ્રગટ કરે છે, એવી બાબતો કે જેમના વિષયમાં આપણે ક્યારેય વિચાર્યું નહી હોય કે આ બાબતોમાં તેણે આપણને એકલા કરવાની જરૂરત થશે. આપણને ઘણી બાબતો બતાવવામાં આવી છે પણ ઘણીવાર તેનું કોઈ પરિણામ પ્રાપ્ત થયું નથી. પરંતુ પરમેશ્વર જ્યારે આપણને તે બાબતોમાં એકાંતમાં પકડશે ત્યારે તે એકદમ સ્પષ્ટ થઈ જશે.

## શું તમે ક્યારેય પરમેશ્વર સાથે એકાંતમાં રહ્યા છો?

*“જ્યારે તે એકાંતમાં હતો ત્યારે...બાર શિષ્યો...એ તેને એ દ્રષ્ટાંતો વિષે પૂછ્યું”*
*(માર્ક ૪:૧૪)*

આપણી સાથે તેનું એકાંત : કષ્ટ, હૃદયભંગિત થવું, પરીક્ષણો, ઘોર નિરાશા, માંદગી, અથવા ઈચ્છાઓ નિષ્ફળ જવી, મિત્રતા તૂટી જવી અથવા એક નવી મિત્રતા દ્વારા પરમેશ્વર આપણને એકાંતમાં પાડીને પકડે છે. જ્યારે તે આપણને સંપૂર્ણ એકાંતમાં પાડીને પકડે છે, આપણે સ્તબ્ધ થઈ જઈએ છીએ અને પ્રશ્ન પણ પૂછી શકતા નથી ત્યારે તે આપણને સમજાવવાની શરૂઆત કરે છે. ઈસુ ખ્રિસ્તે બાર શિષ્યોને જે શિક્ષણ આપ્યું તે ધ્યાનમાં લો. બહારની ભીડ નહિ પરંતુ શિષ્યો જ ગૂંચવણમાં પડી ગયા હતા. તેના શિષ્યો સતત પ્રશ્નો પૂછતા રહેતા હતા, અને તે સતત તેમને સમજાવતા રહેતા હતા, છતાં જ્યારે તેઓ પવિત્ર આત્મા પામ્યા ત્યારે જ તેઓ સમજી શક્યા (જુઓ યોહાન ૧૪:૨૬).

જ્યારે તમે પરમેશ્વર સાથે ચાલવાની શરૂઆત કરો છો ત્યારે તે જે એક વાતને સ્પષ્ટ કરવાનો ઈરાદો રાખે છે તે એ કે પરમેશ્વર જે રીતે તમારા આત્મા સાથે વ્યવહાર કરી રહ્યા છે તે તમે સમજો. તમારા ભાઈના દુઃખ અને તેની જટિલ સમસ્યાઓ તમને પુષ્કળ ગૂંચવણમાં નાખી દે છે. જ્યાં સુધી પરમેશ્વર આપણા આત્મિક જીવનના પાપો અને ઉણપોને પ્રગટ નથી કરતા ત્યાં સુધી આપણે એમ માનીએ છીએ કે આપણે બીજા લોકોના સંઘર્ષને સમજીએ છીએ. આપણામાંના દરેકના જીવનમાં હઠીલાઈ અને અજ્ઞાનતા પુષ્કળ પ્રમાણમાં છે જે પવિત્ર આત્માએ આપણી આગળ પ્રગટ કરવાના છે, પરંતુ તે ત્યારે જ શક્ય બની શકે છે જ્યારે ઈસુ આપણને એકાંતમાં લઈ જઈને પકડે છે. શું હાલમાં આપણે તેની સાથે એકાંતમાં છીએ? અથવા આપણી પોતાની જ વિચારધારાઓ, મિત્રતાઓ, અને શરીરની સારસંભાળમાં વ્યસ્ત છીએ? જ્યાં સુધી આપણે આપણી બુદ્ધિથી કરાતા પ્રશ્નોને ત્યજીને તેની સાથે શાંતિથી એકાંતમાં નહિ આવીએ ત્યાં સુધી તે આપણને કશું જ સમજાવી શકતા નથી.

## પરમેશ્વર દ્વારા બોલાવાયેલ

*“હું કોને મોકલું? અમારે માટે કોણ જશે? ત્યારે મેં કહ્યું, હું આ રહ્યો; મને મોકલ.”*
*(યશાયા ૬:૮)*

પરમેશ્વરનું આ તેડું યશાયાને સંબોધીને નહોતું આપવામાં આવ્યું; યશાયાએ પરમેશ્વરને આમ કહેતા સાંભળ્યા કે, “... અમારે માટે કોણ જશે?” પરમેશ્વરનું તેડું કોઈ ખાસ લોકો માટે નથી પરંતુ બધા માટે છે. હું પરમેશ્વરનું તેડું સાંભળું છું કે નહિ તે મારા કાનની સાંભળવાની સ્થિતિ પર નિર્ભર છે. અને હું જે ચોક્કસપણે સાંભળું છું તે મારા આત્મિક વલણ અને મનોવૃત્તિ પર આધારિત છે. “તેડેલા ઘણા છે પણ પસંદ કરેલા થોડા છે” (માથ્થી ૨૨:૧૪) અર્થાત્ ખૂબ જ થોડા છે જેઓ પોતાને પસંદ કરાયેલા સાબિત કરે છે. પસંદ કરાયેલા તે છે કે જેઓ ઈસુ ખ્રિસ્ત દ્વારા પરમેશ્વર સાથેના સંબંધમાં આવ્યા છે અને તેમની આત્મિક સ્થિતિ બદલાઈ છે અને તેમના કાન ઉઘડેલા છે અને તેઓ દરેક સમયે ધીરા અને ઝીણાં કોમળ સાદને એમ પૂછતાં સાંભળે છે કે, “અમારે માટે કોણ જશે?” અહીં પરમેશ્વર એક વ્યક્તિને પસંદ કરીને એવું કહેતા નથી કે, “હવે તું જા.” પરમેશ્વરે યશાયા સાથે જબરદસ્તી કરીને પોતાની ઈચ્છા તેની પર લાદી દીધી નહિ; યશાયા પરમેશ્વરની હજૂરમાં હતો અને તેણે પરમેશ્વરને આ તેડું આપતા સાંભળ્યા અને તેણે અહેસાસ કર્યો કે તેની પાસે સંપૂર્ણ સ્વતંત્રતાની સભાનતા સાથે, “હું આ રહ્યો; મને મોકલ” એમ કહેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો.

તમારા દિમાગમાંથી એવા વિચારની અપેક્ષાને દૂર કરી નાંખો કે પરમેશ્વર તમારી પાસે જબરદસ્તીથી અથવા વિનંતી કરતા આવશે. જ્યારે આપણા પ્રભુએ પોતાના શિષ્યોને તેડું આપ્યું ત્યારે કોઈ બાહ્ય જબરદસ્તીનો ઉપયોગ કર્યો નહોતો. તેમનો “મારી પાછળ આવો”એ સાદથી ભાવયુક્ત આગ્રહ એવા માણસને કરવામાં આવ્યો હતો જેમની સમજણ આ તેડાને સ્વીકારવા તૈયાર હતી (માથ્થી ૪:૧૯). જો આપણે પવિત્ર આત્માને સ્વાધીન થઈએ કે તે આપણને પરમેશ્વરની સામે લઈ આવે તો, યશાયાએ જે સાંભળ્યો તે પરમેશ્વરનો ધીમો અવાજ આપણે પણ સાંભળીશું, અને સંપૂર્ણ સ્વતંત્રતા સાથે આપણે પણ કહીશું કે, “હું આ રહ્યો; મને મોકલ.”

## શું તમે શ્વેતમાં ચાલો છો?

*“આપણે તેની સાથે મરણમાં દટાયા કે જેમ ખ્રિસ્તને...મૂએલાંમાંથી ઉઠાડવામાં આવ્યો, તેમ જ આપણે પણ નવા જીવનમાં ચાલીએ.”*
*(રોમનોને પત્ર ૬:૪)*

કોઈ પણ વ્યક્તિ ‘શ્વેત દફન’ અર્થાત્ જૂના જીવનના દફનમાંથી પસાર થયા વગર સંપૂર્ણ પવિત્રીકરણનો અનુભવ કરી શકતો નથી. જો મરણ દ્વારા બદલાણની નિર્ણાયક ઘડી નથી આવતી તો, પવિત્રીકરણ એ પામી ના શકાય તેવું સ્વપ્ન બની રહે છે. ‘શ્વેત દફન’ જરૂરી છે અર્થાત્ એવું મૃત્યુ જેમાં એક જ પુનરુત્થાન હોય અને તે ઈસુ ખ્રિસ્તના જીવનમાં પુનરુત્થાન. આવા જીવનને કશું જ હરાવી શકતું નથી. આ જીવન પરમેશ્વર સાથે એક જ હેતુ માટે એકતામાં છે અને તે તો તેના સાક્ષી બનવા માટે.

શું તમે ખરેખર પોતાના અંતિમ દિનોમાં આવ્યા છો? તમે તમારા વિચારોમાં ઘણીવાર તેમાં આવ્યા હશો, પરંતુ શું તમે ખરેખર તેનો અનુભવ કર્યો છે? તમને મૃત્યુ પામવાની કોઈ ઉત્તેજના હોતી નથી અથવા પોતાની દફનક્રિયામાં જઈ શકતા નથી. મરણનો અર્થ થાય છે તમારું અસ્તિત્વ રહેતું નથી. શું તમે પરમેશ્વર સાથે સહમત છો કે તમે જેમ અગાઉ હતા તેમ સખત પ્રયાસ કરનાર ખ્રિસ્તી બનવાનું બંધ કરશો? આપણે કબ્રસ્તાનથી દૂર રહીએ છીએ અને સતત પોતાના મરણને સ્વીકારતા નથી. મરણ પામવા માટે સખત પ્રયાસ કરવાથી મરણ થતું નથી પરંતુ તેને હવાલે થવાથી મરણ આવે છે. આ મરણ એ છે કે “તેના મરણમાં બાપ્તિસ્મા પામવું” (રોમનોને પત્ર ૬:૩).

શું તમારું ‘શ્વેત દફન’ થયું છે, અથવા શું તમે ધાર્મિક વિધિઓનું પાલન કરીને પોતાના જ આત્માને છેતરી રહ્યા છો? શું તમારા જીવનમાં એક એવી ઘડી આવી છે જેને આપ પોતાના જીવનનો અંતિમ દિન ગણો છો? શું તમારા જીવનમાં એક પણ એવું સ્થાન છે જેને આપ નમ્રતા અને અતિ આભારીભાવે યાદ કરી શકો છો કે જેથી તમે ખરા હૃદયથી કહી શકો કે, “હા, તે ક્ષણે, મારા શ્વેત દફન સમયે મેં પરમેશ્વર સાથે એક કરાર કર્યો હતો.”

‘પરમેશ્વરની ઈચ્છા એવી છે કે તમારું પવિત્રીકરણ થાય’(૧ થેસ્સાલોનિકા ૪:૩). જ્યારે તમે ખરેખર સમજશો કે આ પરમેશ્વરની ઈચ્છા છે, તો તમે એક સ્વાભાવિક પ્રત્યુતરના રૂપમાં પવિત્રીકરણની પ્રક્રિયામાં પ્રવેશ કરશો. શું તમે હાલ આ ‘શ્વેત દફન’ નો અનુભવ કરવા તૈયાર છો? શું આપ પરમેશ્વર સાથે સહમત છો કે પૃથ્વી પર આ તમારો અંતિમ દિવસ છે? કરારની ક્ષણ તમારી પર આધાર રાખે છે.

## પરમેશ્વરના સ્વભાવનો અવાજ

*“મેં પ્રભુને એમ કહેતાં સાંભળ્યો કે, ‘હું કોને મોકલું?*
*અમારે માટે કોણ જશે?’ ”*
*(યશાયા ૬:૮)*

જ્યારે આપણે પરમેશ્વરના તેડાની વાત કરીએ છીએ, ત્યારે વારંવાર આપણે ખૂબ જ મહત્વની વાત ભૂલી જઈએ છીએ અને તે તો જે તેડે છે તેનો સ્વભાવ. આજે ઘણી બાબતો આપણ સર્વને તેડી રહી છે. આમાંથી કેટલાક તેડાનો જવાબ આપવામાં આવે છે અને કેટલાક તો સાંભળતા પણ નથી. તેડુ એ તો તેડુ આપનારના સ્વભાવની અભિવ્યક્તિ દર્શાવે છે, અને જો તે જ સ્વભાવ આપણામાં હોય તો જ આપણે તેને ઓળખી શકીએ છીએ. પરમેશ્વરનું તેડું તે પરમેશ્વરના સ્વભાવની અભિવ્યક્તિ છે. આપણા સ્વભાવની નહિ. પરમેશ્વર આપણા જીવનમાં તેના તેડાના તાંતણાને દૈવી યોજનામાં વણી લે છે કે જેથી ફક્ત આપણે જ તેને પારખી શકીએ. કોઈ ખાસ બાબત અંગે આપણને તેડનાર પરમેશ્વરનો અવાજ એવી રીતે પરોવાયેલ હોય છે કે, તે અંગે બીજી કોઈ વ્યક્તિ પાસે સલાહ લેવા જવું વ્યર્થ છે. પરમેશ્વરના તેડા સંબંધી આપણા વ્યવહારમાં આપણા આત્મા અને પરમેશ્વર વચ્ચેના ગાઢ સંબંધને બનાવી રાખવાનું છે.

પરમેશ્વરનું તેડું તે મારા સ્વભાવનું પ્રતિબિંબ નથી; મારી વ્યક્તિગત ઈચ્છાઓ અને સ્વભાવ એ વિચાર કરવા જેવી બાબત નથી. જ્યાં સુધી હું પોતાના જ ગુણો અને લક્ષણો પર ધ્યાન આપું છું અને હું શું કરવાને યોગ્ય છું તે અંગે વિચારું છું ત્યાં સુધી, હું પરમેશ્વરના તેડાને ક્યારેય સાંભળી શકીશ નહિ પરંતુ જ્યારે પરમેશ્વર મને તેમની સાથે એક નવા અને યોગ્ય સંબંધમાં લાવે છે ત્યારે હું એ પરિસ્થિતમાં આવું છું જેમાં યશાયા હતો. યશાયા જે સંકટમાંથી પસાર થયો હતો તેના કારણે તે પરમેશ્વર સાથેના ઐક્યમાં એટલો ગાઢ હતો કે પરમેશ્વરનું તેડું તેના આત્માને ઊંડાણથી સ્પર્શી ગયું. આપણામાંથી મોટા ભાગના લોકો પોતાને જ સાંભળી શકે છે અને તે સિવાય બીજું કશું સંભળાતું નથી, પરમેશ્વરની એક પણ વાત આપણને સંભળાતી નથી. પરંતુ પરમેશ્વરના તેડાને સાંભળવાના સ્થાને આપણને લાવવામાં આવે તેનો અર્થ કે જડમૂળથી બદલાણનો અનુભવ કરવો.

## કુદરતી જીવનનું તેડું

*“પણ પરમેશ્વર...તેને જ્યારે એ પસંદ પડ્યું કે પોતાના દીકરાને મારામાં પ્રગટ કરે...”*
*(ગલાતી ૧: ૧૫-૧૬)*

પરમેશ્વરની સેવા કરવા માટેનું તેનું તેડું તે કોઈ ખાસ વિશિષ્ટ સેવા માટેનું તેડું નથી હોતું. પરમેશ્વરના સ્વભાવ સાથેનો મારો સંપર્ક તેના તેડા અંગે મારી સમજણને આકાર આપશે અને મને સમજવામાં સહાય કરશે કે હું તેના માટે ખરેખર શું કરવા માંગુ છું. પરમેશ્વરનું તેડું તેના સ્વભાવની અભિવ્યક્તિ છે; અને સેવા મારા જીવનમાં તેનું પરિણામ છે જે મને બંધબેસતી આવે છે અને મારા સ્વભાવની અભિવ્યક્તિ છે. પ્રેરિત પાઉલ કુદરતી જીવનના તેડાને વર્ણવતા કહે છે કે, “પણ પરમેશ્વર...તેને જ્યારે એ પસંદ પડ્યું કે પોતાના દીકરાને તે મારામાં પ્રગટ કરે, જેથી હું તેની સુવાર્તા વિદેશીઓમાં પ્રગટ કરું.”

પ્રેમ અને ભક્તિથી ભરપૂર જીવનમાંથી રેડાવું અને છલકાવું એ સેવા છે, પરંતુ જો ઊંડાણથી જોઈએ તો તે તેડું નથી. પરંતુ મારું પોતાનું નાનું કાર્ય છે અને પરમેશ્વરના સ્વભાવ સાથે મારા એકરૂપ થવાનું પ્રતિબિંબ છે. સેવા મારા જીવનનો એક કુદરતી ભાગ બની જાય છે. પરમેશ્વર મને તેની પોતાની સાથે એક યોગ્ય સંબંધમાં બાંધે છે જેના દ્વારા તેના તેડાને સમજું છું અને ત્યારબાદ તેમના પ્રત્યેના પ્રેમથી દોરવાઈને પોતાની ઈચ્છાથી તેની સેવા કરું છું. પરમેશ્વરની સેવા કરવી એ એવા સ્વભાવની સમજી-વિચારીને આપેલી પ્રેમ ભેટ છે જેણે પરમેશ્વરના તેડાને સાંભળ્યું છે. સેવા એ મારા સ્વભાવની અભિવ્યક્તિ છે અને પરમેશ્વરનું તેડું તે તેના સ્વભાવની અભિવ્યક્તિ છે. આથી, જ્યારે હું તેના સ્વભાવને પ્રાપ્ત કરું છું અને તેમના તેડાને સાંભળું છું ત્યારે તેમનો ઈશ્વરીય અવાજ તેમના અને મારા સ્વભાવમાં ગુંજી ઊઠે છે અને સેવામાં તે બંને એક થાય છે. પરમેશ્વરનો પુત્ર મારામાં પોતાને પ્રગટ કરે છે અને તેમના પ્રત્યેની ભક્તિને કારણે સેવા મારી દૈનિક જીવન શૈલી બની જાય છે.

## આ તો પ્રભુ છે

*"થોમાએ ઉત્તર આપ્યો કે, 'મારા પ્રભુ અને મારા દેવ' "*
*(યોહાન ૨૦:૨૮)*

ઈસુ તેને કહે છે, "મને પાણી પા" (યોહાન ૪:૭). આપણામાંથી એવા કેટલાક છે કે જેઓ જ્યારે આપણે ઈસુને તૃપ્ત કરવાના છે ત્યારે એવી આશા રાખે છે કે ઈસુ ખ્રિસ્ત આપણી તરસ છીપાવે? આપણે આપણી તૃપ્તિને માટે તેનામાંથી ખેંચીને કાઢવાને બદલે આપણે પોતાનું જીવન તેની આગળ રેડી દેવું જોઈએ અને છેલ્લી હદ સુધી પોતાની જાતને તેના માટે ખર્ચી નાખવી જોઈએ. "તમે મારા સાક્ષી થશો" (પ્રે.કૃ. ૧:૮). આનો અર્થ એ થાય કે પ્રભુ ઈસુ પ્રત્યે એક નિષ્કલંક, અટલ અને અવરોધ વગરની ભક્તિ, જે તેમને સંતોષ આપશે. પછી તે આપણને ચાહે કોઈ પણ જગ્યાએ અને કોઈ પણ પરિસ્થિતિમાં કેમ ના રાખે.

ઈસુ ખ્રિસ્ત પ્રત્યેની આપણી વફાદારીનો મુકાબલો કરવા પ્રયત્ન કરનાર દરેક બાબતોથી સાવધાન રહો. ઈસુ પ્રત્યેના સાચા ભક્તિભાવનો સૌથી મોટો પ્રતિસ્પર્ધી જો કોઈ હોય તો તે તેની સેવા છે, તેની આગળ આપણા જીવનોને સંપૂર્ણપણે રેડી દેવા કરતા તેની સેવા કરવી સરળ છે. પરમેશ્વરના તેડાનો હેતુ તેના માટે આપણે કંઈ કરીએ તે નથી પરંતુ તેને સંતોષ આપવો તે છે. આપણે પરમેશ્વરની લડાઈઓ લડીએ તે માટે આપણને મોકલવામાં નથી આવતા પરંતુ એ માટે મોકલવામાં આવે છે કે આપણે તેની લડાઈઓમાં તેમના કામમાં આવીએ. શું આપણી ભક્તિ ઈસુ ખ્રિસ્ત કરતા તેની સેવા માટે છે?

## દર્શન અને અંધકાર

*“અને સૂર્ય આથમતો હતો, ત્યારે ઈબ્રામ ભર ઊંઘમાં પડ્યો;*
*અને જુઓ મોટો ઘોર અંધકાર તેના પર પડ્યો.”*
*(ઉત્પત્તિ ૧૫:૧૨)*

**જ્યારે પરમેશ્વર એક ખ્રિસ્તીને દર્શન આપે છે ત્યારે તે જાણે કે એને “પોતાના હાથની છાયામાં”(યશાયા ૪૯:૨) છુપાવી દે છે. અને સંતની ફરજ એ છે કે તે શાંત રહે અને સાંભળે. પુષ્કળ પ્રકાશમાંથી એક ‘અંધકાર’ આવે છે અને તે જ સાંભળવાનો સમય હોય છે. જ્યારે અંધકાર છવાય છે ત્યારે પરમેશ્વર પ્રકાશ મોકલે ત્યાં સુધી રાહ જોવાને બદલે એક સારી સલાહ પર ધ્યાન આપવાનું, એક ઉદાહરણ ઉત્પત્તિ ૧૬ માં ઈબ્રામ અને હાગારની વાતમાં છે. જ્યારે પરમેશ્વર તમને દર્શન આપે છે અને પછી અંધકાર છવાય છે, તો રાહ જુઓ. જો આપ પરમેશ્વરના સમયની રાહ જોશો તો તેમણે તમને આપેલા દર્શનને તમારા જીવનમાં વાસ્તવિક બનાવશે. પરમેશ્વરે આપેલ તેમનું વચન પૂર્ણ કરવામાં તેમની મદદ કરવાની કોશિશ ક્યારેય ના કરશો, ઈબ્રામે તેર વર્ષ ખામોશીમાં પસાર કર્યા પરંતુ તે તેર વર્ષોમાં તેની બધી આત્મનિર્ભરતા નષ્ટ થઈ ગઈ, વ્યવહારિક બુદ્ધિ પર ભરોસો રાખવાની સંભાવના પણ ના રહી, ઈબ્રામની ખામોશીના એ સમયો પરમેશ્વરની નાખુશીના નહિ પરંતુ આત્મિક શિસ્ત શીખવવાના સમયો હતા. એવો દેખાડો કરવાની જરૂરત નથી કે તમારું જીવન આનંદ અને આત્મવિશ્વાસથી ભરપૂર છે; ફક્ત પરમેશ્વર પર ભરોસો રાખો અને તેનામાં સ્થપાયેલા તથા જડ ઘાલેલા રહો (જુઓ યશાયા ૫૦:૧૦-૧૧).**

**શું હું દેહમાં જરા પણ ભરોસો રાખું છું? શું હું પોતાના પરથી અને પરમેશ્વરના લોકો પર ભરોસો મૂકવાથી આગળ વધ્યો છું? શું હું પુસ્તકો અને પ્રાર્થનાઓ અથવા મારા જીવનમાં અન્ય આનંદો પર ભરોસો રાખું છું? અથવા શું મારો ભરોસો હવે પરમેશ્વર પર જ છે, તેના આશીર્વાદો પર નહિ? “સર્વસમર્થ પરમેશ્વર હું છું...” એલ-શાદાઈ, સર્વસમર્થ પરમેશ્વર (ઉત્પત્તિ ૧૭:૧). જે બાબતને કારણે આપણને શિસ્ત શીખવવામાં આવે છે તે તો એ કે આપણે જાણીએ કે પરમેશ્વર ખરેખર છે. જ્યારે પરમેશ્વર આપણા માટે વાસ્તવિક બનશે ત્યારે તરત જ અન્ય લોકો પડછાયો બની જશે. જે વ્યક્તિ પરમેશ્વર પર દ્રઢ બંધાયેલ છે તેને બીજા સંતો કે વિશ્વાસીઓ એવું કશું જ કહી અથવા કરી શકતા નથી કે જેથી તેઓ અશાંત બને.**

જાન્યુઆરી ૨૦

## શું તમે દરેક બાબત માટે તાજગીસભર છો?

*"ઈસુએ તેને ઉત્તર આપ્યો કે, 'હું તને ખચીત ખચીત કહું છું કે,*
*જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય,તો તે પરમેશ્વરનું રાજ્ય જોઈ શકતું નથી.'"*
*(યોહાન ૩:૩)*

ક્યારેક આપણે પ્રાર્થનાસભામાં ભાગ લેવા માટે ખૂબ આતુર અને તાજગીપૂર્ણ હોઈએ છીએ, પરંતુ બૂટ પૉલિશ કરવા જેવા નાના ભૌતિક કાર્ય માટે શું આપણે એટલા જ તાજગીપૂર્ણ હોઈએ છીએ?

પવિત્ર આત્મા દ્વારા નવો જન્મ લેવો તે કોઈ પણ શંકા વગર પરમેશ્વરનું કાર્ય છે, જે હવાના જેવું રહસ્યમય ખુદ પરમેશ્વરની જેમ આશ્ચર્યજનક. આપણે જાણતા નથી કે તેની શરૂઆત ક્યાં થાય છે, એ આપણા વ્યક્તિગત જીવનના ઊંડાણમાં છુપાયેલ હોય છે. પરમેશ્વર દ્વારા નવો જન્મ લેવો એક ટકાઉ, શાશ્વત અને અનંત શરૂઆત છે. પરમેશ્વરના જીવનનું એક સતત આશ્ચર્ય છે જે દરેક સમયે વિચારોમાં, બોલવામાં અને જીવવામાં એક તાજગી પમાડે છે. તાજગી વિહોણા જીવન એ વાતનો નિર્દેશ છે કે આપણા જીવનમાં કંઈક છે જે પરમેશ્વર સાથે કદમ મિલાવીને  ચાલતું નથી. આપણે આપણી જાતને કહીએ છીએ કે, "મારે આ કાર્ય હાલ જ કરવું પડશે, નહિં તો એ ક્યારેય નહિ થાય." આ તાજગી વિહોણા જીવનની પ્રથમ નિશાની છે. શું આપણે આ ક્ષણે તાજગી અનુભવ કરીએ છીએ, અથવા શું આપણે તાજગી વિહોણા થઈ ગયા છીએ અને ઉત્તેજિત અને ચિંતાગ્રસ્ત થઈને આપણા દિમાગમાં કશું શોધી કાઢવાનો પ્રયત્ન કરીએ છીએ?  તાજગી આજ્ઞાપાલનથી નહિં પરંતુ પવિત્ર આત્માથી મળે છે; આજ્ઞાપાલન આપણને "પ્રકાશમાં" રાખે છે "જેમ તે પ્રકાશમાં છે..."(૧ યોહાન ૧:૭).

પરમેશ્વર સાથેના તમારા સંબંધનું સાવધ રહીને રક્ષણ કરો. ઈસુએ પ્રાર્થના કરી કે, "જેવા આપણે એક છીએ તેવા તેઓ પણ એક થાય" વચ્ચે કોઈ ના આવે (યોહાન ૧૭:૨૨). તમારા સંપૂર્ણ જીવનને ઈસુ ખ્રિસ્તની આગળ ખુલ્લુ રાખો, તેમના આગળ ખુલ્લા હોવાનો દેખાવ ના કરશો. શું તમે તમારું જીવન, પરમેશ્વર સિવાય બીજા કોઈ સ્રોતમાંથી પ્રાપ્ત કરી રહ્યા છો? જો તમે તેને છોડીને કોઈ બીજી બાબત પર તાજગી અને સામર્થ્ય માટે ભરોસો રાખો છો તો તમને ખબર પણ નહિ પડે કે ક્યારે પરમેશ્વરનું સામર્થ્ય તમારી પાસેથી જતું રહ્યું.

પવિત્ર આત્માથી નવો જન્મ લેવાનો અર્થ આપણે જે વિચારીએ છીએ તેના કરતાં કંઈક વધારે છે. તે આપણને એક નવું દર્શન આપે છે અને પરમેશ્વરના જીવનમાંથી ક્યારેય ન ખૂટનાર સ્રોત દ્વારા દરેક બાબતો માટે એકદમ તરોતાજા રાખે છે.

જાન્યુઆરી ૨૧

## પરમેશ્વર જે યાદ રાખે છે તેને સ્મરણ કરો

*“...યહોવા કહે છે કે...‘યુવાવસ્થામાં જે તારો સ્નેહ...તે હું...સંભારું છું.’”*
*(યર્મિયા ૨:૨)*

**શું હું મારી પોતાની ઈચ્છાથી પરમેશ્વરને એટલો જ સ્નેહ કરું છું જેટલો હું પહેલાં કરતો હતો, અથવા શું હું ફક્ત એવી જ અપેક્ષા રાખું છું કે પરમેશ્વર મારા પર સ્નેહ કરે? શું મારા જીવનમાંની દરેક બાબતો પરમેશ્વરને ખુશીથી ભરી દે છે, અથવા દરેક બાબતો જેમ હું ઈચ્છું છું તેમ નથી થતી તેથી શું હું દરેક સમયે ફરિયાદો જ કર્યા કરું છું? પરમેશ્વર કઈ બાબતોને મહત્વની ગણે છે, તે વાત જે વ્યક્તિ ભૂલી જાય છે, તે આનંદનો અનુભવ કરી શકશે નહિ. ઈસુ ખ્રિસ્તને એવી જરૂરીયાત છે જે હું પુરી કરી શકું છું એ જાણવું અદ્‌ભુત છે જેમકે - “મને પાણી પા”(યોહાન ૪:૭). ગત સપ્તાહમાં મેં તેમને કેટલો સ્નેહ દર્શાવ્યો? શું મારું જીવન તેની પ્રતિષ્ઠાને વધુ સારી પ્રતિબિંબિત કરે છે?**

**પરમેશ્વર પોતાના લોકોને કહી રહ્યા છે કે, “હવે તમે મને પ્રેમ નથી કરતા પરંતુ જ્યારે તમને મારા પર પ્રેમ હતો તે મને યાદ છે,” “તારા વિવાહ સંબંધ...વખતની પ્રીતિ...ને હું સંભારું છું”(યર્મિયા ૨:૨) શું હું ઈસુ ખ્રિસ્તને માટે એટલા ઊભરાતા પ્રેમથી ભરાયેલ છું જેટલો હું શરૂઆતમાં હતો, કે જ્યારે હું સામાન્ય રીતભાતથી હટીને તેમના પ્રત્યેની મારી ભક્તિને સાબિત કરતો હતો? શું તે મને એ સમયને યાદ કરતો જુએ છે જ્યારે મને તેના સિવાય બીજી કોઈ બાબતની ફિકર નહોતી? શું હું આજે પણ તે જ સ્થાને છું કે પછી શું મેં માણસોની બુદ્ધિને તેના પ્રત્યેના સાચા પ્રેમ કરતાં વધારે પસંદ કરી છે? શું હું તેમને એટલો પ્રેમ કરું છું કે તે મને ક્યાં લઈ જાય છે તેની મને જરા પણ પરવા નથી? અથવા શું હું એવું ધ્યાન રાખીને જોઉં છું કે મને કેટલું માન-સન્માન મળશે અને તે પ્રમાણે મારે કેટલી સેવા કરવી જોઈએ?**

**જ્યારે હું એ સ્મરણ કરું છું કે પરમેશ્વર મારા માટે શું-શું યાદ કરે છે ત્યારે મને એ સમજ પડે છે કે હવે તેઓ મારાં માટે એ નથી રહ્યા જે પહેલા હતાં. જ્યારે મને એવો અનુભવ થાય છે ત્યારે મને તેના દ્વારા ઉત્પન્ન થતી શરમિંદગી અને દીનતાને મારા જીવનમાં આવવા દેવી જોઈએ, કારણ કે તે પરમેશ્વરની ઈચ્છા મુજબનો ખેદ ઉત્પન્ન કરે છે અને “પરમેશ્વરની ઈચ્છા મુજબનો ખેદ...પસ્તાવો ઉત્પન્ન કરે છે ”(૨ કરિંથી ૭:૧૦).**

## શું હું પરમેશ્વર તરફ ફરી રહ્યો છું?

*"મારી તરફ ફરો, ને તારણ પામો"*
*(યશાયા ૪૫:૨૨)*

શું આપણે એવી અપેક્ષા રાખીએ છીએ કે પરમેશ્વર પોતાના આશીર્વાદો લઈને આપણી પાસે આવે અને આપણને બચાવે? તે કહે છે "મારી તરફ ફરો, ને તારણ પામો..." પરમેશ્વર પર ધ્યાન કેન્દ્રીત કરવું એક આત્મિક કઠીનાઈ છે, અને પરમેશ્વરના આશીર્વાદો એને વધારે મુશ્કેલ બનાવી દે છે. મુશ્કેલીઓ લગભગ હંમેશા આપણને પરમેશ્વર તરફ જોવાને માટે મજબૂર કરે છે, પરંતુ તેના આશીર્વાદો આપણા ધ્યાનને બીજી દિશાઓમાં ભટકાવે છે. પહાડ પરના ભાષણનો સારાંશ એ છે કે તમારા મન, હૃદય અને શરીર ઈસુ ખ્રિસ્ત પર કેન્દ્રીત ના થઈ જાય ત્યાં સુધી પોતાની તમામ રૂચિઓને ઓછી કરતાં જાવ.

આપણામાંના ઘણાએ પોતાના મનમાં એક તસ્વીર બનાવી લીધી છે કે ખ્રિસ્તી કેવો હોવો જોઈએ, અને તેથી તારણ પામેલાઓના જીવનો પરમેશ્વર પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આપણા માટે એક અવરોધ બની જાય છે. આ તારણ નથી કહેવાતું. તારણ એટલું સરળ નથી, તે કહે છે, "મારા તરફ ફરો અને તારણ પામો..." એમ નહિ કે "તમે કોઈ દિવસ તારણ પામશો." જો આપણે પરમેશ્વર પર ધ્યાન કેન્દ્રીત કરીશું તો જે બાબતોને આપણે શોધી રહ્યા છે તે આપણને મળશે, આપણે વ્યાકુળ બની જઈએ છીએ અને પરમેશ્વરથી ખીજવાઈ જઈએ છીએ પરંતુ તે સતત આપણને કહે છે, "મારા તરફ ફરો અને તારણ પામો..." જ્યારે આપણે પરમેશ્વર તરફ ફરીએ છીએ અને જોઈએ છીએ ત્યારે આવતીકાલ અંગેની આપણી મુશ્કેલીઓ, આપણી કસોટીઓ અને આપણી ચિંતાઓનો અંત આવી જાય છે.

પોતાને જાગૃત કરો અને પરમેશ્વર તરફ ફરો. તમારી આશા તેના પર રાખો. કેટલીયે બાબતોએ તમને ઘેરી લીધા હોય તો પણ દ્રઢ નિશ્ચય કરો કે તેમને એકબાજુ હડસેલીને પરમેશ્વર તરફ જોશો. "મારા તરફ ફરો..." જે ક્ષણે તમે તેની તરફ ફરો છો તે ક્ષણે તારણ તમારું બને છે.

## નિહાળવા દ્વારા રૂપાંતર થવું

*''પણ આપણે સર્વ ઉઘાડે મુખે જાણે કે આરસીમાં પ્રભુનો મહિમા નિહાળીને પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા ધારણ કરતાં તે જ રૂપમાં રૂપાંતર પામીએ છીએ''*
*(૨ કરિંથી ૩:૧૮)*

પરમેશ્વરની આગળ સંપૂર્ણ ઉઘાડા થયેલા હોવું તે ખ્રિસ્તીની એક મુખ્ય વિશેષતા છે જેના દ્વારા તેનું જીવન બીજા જીવનો માટે એક અરીસો બની જાય છે. પવિત્ર આત્માથી ભરપૂર થવા દ્વારા આપણું રૂપાંતર થાય છે અને પરમેશ્વરને જોવા દ્વારા આપણે અરીસો બનીએ છીએ. જ્યારે કોઈ વ્યકિત પ્રભુના મહિમાને જોઈ રહ્યો છે તે વાત તમે હંમેશા જાણી શકો છો કારણ કે તમારો અંતરાત્મા એ વાત અનુભવ કરે છે કે એ વ્યકિત પ્રભુના ચારિત્રનો અરીસો છે. તમારી અંદરના આ અરીસાને કલંકિત કરી શકે તેવી દરેક બાબતોથી સાવધાન રહો; તે હંમેશા કશુંક સારું હોય છે જે અરીસાને ડાઘો પાડે છે - તે કશુંક સારું હોય છે પણ તે શ્રેષ્ઠ નથી હોતું.

આપણા માટે એક અગત્યનો નિયમ એ છે કે આપણે પરમેશ્વરની આગળ આપણા જીવનોને ઉઘાડા રાખવા પર ધ્યાન આપીએ. તમારા કાર્ય, કપડાં અને ખોરાક સહિતની અન્ય તમામ સાંસારિક વસ્તુઓને એક બાજુ મૂકી દો. અન્ય વાતોમાં વ્યસ્તતાને કારણે પરમેશ્વર પરના આપણા ધ્યાનનું કેન્દ્રીકરણ ઓછું થઈ જાય છે. આપણે તેમને જોઈ શકીએ તેવા સ્થાને હંમેશા રહેવું જોઈએ અને આપણા જીવનોને દરેક સમયે સંપૂર્ણ રીતે આત્મિક બનાવવા જોઈએ. અન્ય ચીજોને આપણા જીવનમાં આવવા દો- અને જવા દો; અન્ય લોકોને તેમની ઈચ્છા મુજબ આપણી ટીકા કરવા દો; પરંતુ કોઈ પણ બાબતને ''ખ્રિસ્ત સાથે પરમેશ્વરમાં છુપા રહેલા''(કોલોસી ૩:૩) જીવનને ધુંધળું બનાવવા દેશો નહિ. ભાગદોડવાળી જીવનશૈલીને પરમેશ્વરમાં રહેવાના સંબંધમાં વિક્ષેપ પાડવા ના દેશો. આ વાતની મંજૂરી આપવી ખૂબ જ સરળ છે પરંતુ આપણે તેની સામે સાવધ રહેવું જોઈએ. ''અરીસામાં નિહાળતા હોય તેમ પ્રભુના મહિમાને જોવું...'' આ વાતને કેવી રીતે સતત ચાલુ રાખી શકાય તે પાઠ શીખવો એ ખ્રિસ્તી જીવનનો સૌથી અઘરો પાઠ છે.

## પરમેશ્વરનો આપણને વશ કરનાર હેતુ

*"...એ હેતુથી મેં તને દર્શન દીધું છે."*
*(પ્રેરિતોના કૃત્યો ૨૬:૧૬)*

દમસ્કના માર્ગ પર પાઉલને થયેલ દર્શન તે વિસરાઈ જનાર લાગણીઓવાળો અનુભવ નહોતો, પરંતુ એવું દર્શન હતું જેમાં તેના માટેનો સ્પષ્ટ અને ભારપૂર્વક આપવામાં આવેલ આદેશ હતો અને પાઉલે કહ્યું કે, "એ આકાશી દર્શન માન્યા વિના હું રહ્યો નહિ." (પ્રેરિતોના કૃત્યો ૨૬:૧૯). આપણા પ્રભુ જાણે કે પાઉલને કહી રહ્યા હતા કે, "તારા સંપૂર્ણ જીવનને હું વશમાં કરી લઈશ; તારા જીવનમાં મારા હેતુના સિવાય બીજો કોઈ હેતુ, ઈરાદો કે ધ્યેય તારી પાસે નહિ રહે." અને પ્રભુ આપણને પણ કહે છે, "તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે, ને તમને નીમ્યા છે કે, તમે જઈને..."(યોહાન ૧૫:૧૬).

જ્યારે આપણો નવો જન્મ થાય છે ત્યારે જો આપણે થોડી માત્રામાં પણ આત્મિક હોઈશું તો ઈસુ આપણને કેવા બનાવવા માંગે છે તેનું દર્શન આપણી પાસે હશે. અને મહત્વની વાત એ છે કે હું આકાશી દર્શનનું ઉલ્લંઘન ના કરું, અને એ પુરૂં થઈ શકે નહિ એમ કહીને શંકા ના કરું. પરમેશ્વરે સમગ્ર જગતનો ઉદ્ધાર કર્યો છે અને ઈસુએ મારા માટે જે કર્યું તે વાતને પવિત્ર આત્મા મારા જીવનમાં વાસ્તવિકતા બનાવી શકે છે તે હકીકતને મગજથી સ્વીકારવું તેટલું પુરતું નથી. મારી પાસે તેની સાથેનો એક વ્યક્તિગત સંબંધ હોવો જરૂરી છે. પાઉલને સુવાર્તાપ્રચાર કરવા માટે એક સંદેશ કે સિદ્ધાંત આપવામાં આવ્યો નહોતો પરંતુ તેને ઈસુ ખ્રિસ્ત સાથે એક જીવંત, વ્યક્તિગત અને વશમાં કરી લેનાર સંબંધમાં લાવવામાં આવ્યો હતો. કલમ ૧૬ ખૂબ જ અસાધારણ રીતે પ્રભાવશાળી ફરજ પાડનાર છે, "...કે તને સેવક ઠરાવું તથા સાક્ષી ઠરાવું... " અહીં વ્યક્તિગત સંબંધ સિવાય બીજુ કશું નથી. પાઉલનો ભક્તિભાવ એક વ્યક્તિ પ્રત્યે હતો કોઈ ધાર્મિક કાર્ય પ્રત્યે નહિ. તે સંપૂર્ણ રીતે ઈસુ ખ્રિસ્તનો જ હતો, તેણે બીજુ કશું જોયું નહોતું અને તે બીજી કોઈ વસ્તુ માટે જીવ્યો નહોતો. "કેમ કે ઈસુ ખ્રિસ્ત, અને તે વધસ્તંભે જડાયેલો, તે સિવાય હું તમારી સાથે રહીને બીજું કંઈ જ ન જાણું, એવો મેં નિશ્ચય કર્યો." (૧ કરિંથી ૨:૨).

## પરમેશ્વરને મોકળાશ આપો

*“પણ પરમેશ્વર...તેને જ્યારે એ પસંદ પડ્યું...”*
*(ગલાતી ૧:૧૫)*

પરમેશ્વરના સેવકો તરીકે, આપણે તેમને મોકળાશ આપવાનું શીખવું જોઈએ- પરમેશ્વરને કાર્ય કરવા મોકળાશ આપવી જોઈએ. આપણે આયોજન કરીએ છીએ અને કલ્પના કરીએ છીએ અને આગાહી કરીને કહીએ છીએ કે આમ કે તેમ થશે પરંતુ આપણે પરમેશ્વરને તેમની ઈચ્છાનુસાર આવવા માટે અવસર અને મોકળાશ આપવાનું ભુલી જઈએ છીએ. આપણી સભામાં અથવા આપણા સંદેશ આપવામાં આપણે અપેક્ષા ન રાખી હોય તેવી રીતે પરમેશ્વર પ્રવેશ કરે તો શું આપણને આશ્ચર્ય થશે? પરમેશ્વર કોઈ ચોક્કસ રીતે પ્રવેશે તેવી પ્રતિક્ષા ના કરશો, પરંતુ તેના પ્રવેશવાની પ્રતિક્ષા કરો. તેમના માટે મોકળાશ રાખવાની આ જ રીત છે કે તેમની અપેક્ષા રાખીએ પરંતુ કોઈ ખાસ રીતે જ આવે તેમ નહિ. આપણે પરમેશ્વરને ચાહે કેટલા પણ સારી રીતે કેમ ના ઓળખતા હોઈએ, પરંતુ શીખવા માટેનો સૌથી મહાન પાઠ એ છે કે તેઓ ગમે તે ક્ષણે અંદર પ્રવેશી શકે છે. આપણે આશ્ચર્યના આ તત્વ પ્રત્યે દુર્લક્ષ રાખવાનું વલણ રાખીએ છીએ, છતાં પરમેશ્વર ક્યારેય બીજી કોઈ રીતે કામ કરતા નથી. એકાએક પરમેશ્વર આપણા જીવનમાં આપણને મળે છે, “...પરમેશ્વર...ને જ્યારે એ પસંદ પડ્યું...”

તમારા જીવનને પરમેશ્વરની સાથે સતત સંપર્કમાં રાખો કે તેમનું આશ્ચર્યકારક સામર્થ્ય કોઈ પણ ક્ષણે કામ કરવાની શરૂઆત કરી શકે. હંમેશા અપેક્ષાની સ્થિતિમાં રહો અને પરમેશ્વરને મોકળાશ આપો કે તે પોતાની ઈચ્છાનુસાર પ્રવેશ કરી શકે.

જાન્યુઆરી ૨૬

## ફરીથી જુઓ અને પવિત્ર બનો

*“ખેતરનું ઘાસ જે આજ છે, ને કાલે ભઠ્ઠીમાં ફેંકાય છે, તેને જો પરમેશ્વર એવું પહેરાવે છે, તો ...તમને શું એથી વિશેષ નહિ પહેરાવશે?”*
*(માથ્થી ૬:૩૦)*

આપણે સાદાઈથી ભરેલ નથી માટે ઈસુનું આ સાદગીભર્યું વિધાન આપણા માટે એક કઠીન પ્રશ્ન બની જાય છે. ઈસુની સાદાઈ આપણામાં કેવી રીતે રહે કે જેથી આપણે તેમને સમજી શકીએ? તેમના આત્માને ગ્રહણ કરવા દ્વારા, તેમને ઓળખવા દ્વારા અને તેની ઉપર ભરોસો કરવા દ્વારા તેમજ જ્યારે તે વચન લાવે છે ત્યારે તેમની આજ્ઞાનું પાલન કરવા દ્વારા, જીવનમાં એક અદ્‌ભુત સાદગી આવે છે. ઈસુ આપણને કહે છે કે વિચાર કરો કે, “જો પરમેશ્વર ખેતરના ઘાસને એવું પહેરાવે છે તો...” તમને તે કેટલું “વિશેષ” પહેરાવશે? જો તમે તેમની સાથેનો તમારો સંબંધ યોગ્ય રાખો તો તમને તે કેટલું “વિશેષ” પહેરાવશે? જ્યારે આપણે એવું વિચાર્યું છે કે ઈસુ ખ્રિસ્ત કરતા હું વધારે જાણું છું અને એમ તેમનું અપમાન કર્યું છે અને ત્યારે આપણે આત્મિક સંગતમાં પાછા હઠ્યા છીએ. આપણે “આ જગતની ચિંતાઓ”(માથ્થી ૧૩:૨૨) ને પ્રવેશવા દીધી છે, અને આપણા સ્વર્ગીય પિતાના “એથી વિશેષ” ભુલી ગયા છીએ.

“આકાશના પક્ષીઓને જુઓ...” (૬:૨૬). તેમનો મુખ્ય ઉદ્દેશ એ છે કે તેઓ પરમેશ્વરે તેમનામાં મૂકેલી અંતઃસ્ફૂરણાને આધીન થાય, કેમ કે પરમેશ્વર પોતે તેમની દેખભાળ કરે છે. ઈસુએ કહ્યું કે જો તમે તેમની સાથે યોગ્ય સંબંધ રાખો છો અને આપણામાં વસનાર તેના આત્માનું કહ્યું માનો છો તો પરમેશ્વર તમારા “પીંછાઓની” પણ કાળજી રાખશે.

“ખેતરનાં ફૂલઝાડોનો વિચાર કરો...”(૬:૨૮). તેમને જ્યાં રોપવામાં આવે છે ત્યાં તેઓ વૃધ્ધિ પામે છે. આપણામાં એવા બહુ લોકો છે કે તેમને જ્યાં રોપવામાં આવ્યા છે ત્યાં વૃધ્ધિ પામવા માંગતા નથી. પરિણામરૂપે આપણે ક્યાંય પણ જડ નથી પકડતા. ઈસુએ કહ્યું કે આપણામાં મૂકવામાં આવેલ પરમેશ્વરના જીવન અનુસાર જો આપણે ચાલીશું તો તે બાકી બધી બાબતોની સંભાળ રાખશે. શું ઈસુ ખ્રિસ્તે આપણને જૂઠું કહ્યું? શું આપણે “એથી વિશેષ” નું જે વચન તેમણે આપ્યું છે તેનો અનુભવ કરીએ છીએ? જો તે અનુભવ નથી કરતાં તો તેનું કારણ એ કે આપણે પરમેશ્વરે આપેલા જીવન અનુસાર નથી ચાલતા અને ગૂંચવી નાંખનાર વિચારો અને ચિંતાઓથી આપણા મનને અવ્યવસ્થિત કરી નાંખ્યું છે. આપણે પરમેશ્વરને નકામા પ્રશ્નો પૂછીને આપણો કેટલો બધો સમય વેડફી નાંખ્યો છે. જ્યારે આપણે એ સમયનો તેમના કામ પર ધ્યાન લગાડવામાં ઉપયોગ કરવો જોઈતો હતો. પવિત્ર કાર્ય માટે અલગ કરાવવું એટલે પરમેશ્વરે જે કાર્ય માટે મારી નિમણૂંક કરી છે તે સિવાયની બીજી બધી બાબતોમાંથી સતત અલગ થવું. આ એક વખતનો અનુભવ નથી પરંતુ સતત ચાલતી પ્રક્રિયા છે. શું હું સતત મારી જાતને અલગ કરી રહ્યો છું અને મારા જીવનમાં દરેક દિવસ પરમેશ્વર પર ધ્યાન આપું છું?

## ફરીથી જુઓ અને વિચારો

*"તમારા જીવને સારુ ચિંતા ન કરો..."*
*(માથ્થી ૬:૨૫)*

એક ચેતવણી જે વારંવાર આપવાની જરૂર જણાય છે તે એ કે "આ જગતની ચિંતા તથા દ્રવ્યની માયા" તથા અન્ય ચીજોની લાલચના કારણે પરમેશ્વર જે બાબત આપણા જીવનમાં લાવે છે તે દબાઈ જાય છે(માથ્થી ૧૩:૨૨). આપણે આ વારંવાર આવતા આક્રમણના મોજાંઓથી ક્યારેય મુક્ત રહેતા નથી. જો પ્રથમ હરોળનો હુમલો તે વસ્ત્રો અને ખોરાક અંગે નથી, તો તે નાણાં અથવા નાણાંની તંગીનો હશે; અથવા મિત્રો અથવા મિત્રોની અછતનો હશે અથવા મુશ્કેલ સંજોગો અંગે આક્રમણ થાય છે. આ એક લગાતાર કબજો મેળવવા ચાલુ રહેતું આક્રમણ છે અને જો આપણે પરમેશ્વરના આત્માને પોતાના વિજયની ધ્વજા ઊભી કરવા નહિ દઈએ તો તે પૂરની જેમ ચઢી આવશે.

"હું તમને કહું છું કે તમારા જીવને સારું ચિંતા ન કરો..." આપણો પ્રભુ કહે છે ફક્ત એક જ બાબત સંબંધી સાવધાન રહો- આપણો તેની સાથેનો સંબંધ. પરંતુ આપણી સામાન્ય સમજ જોરથી પોકારે છે કે આ તો બેવકૂફી ભરેલું છે, મારે આ વાતનું ધ્યાન આપવું જ જોઈએ કે હું કેવી રીતે જીવીશ, શું ખાઈશ અને શું પીશ. ઈસુ કહે છે આપણે આવું ના કરવું જોઈએ. આ વાત એવી વ્યક્તિએ કહી છે જેને અમારી પરિસ્થિતિઓની સમજણ નથી, એવું વિચારવાની ભૂલ કરવાથી સાવધાન રહેજો.ઈસુ ખ્રિસ્તને આપણી પરિસ્થિતિઓની આપણાથી વધારે સમજ છે અને તે કહે છે કે આપણે આ બાબતો માટે એવી રીતે ના વિચારવું જોઈએ કે જાણે કે તે આપણા જીવનની સૌથી મહત્વની ચિંતાની બાબત હોય. જ્યારે પણ તમારા જીવનમાં બે બાબતો વચ્ચે સ્પર્ધા થાય ત્યારે પરમેશ્વર સાથેના તમારા સંબંધને પ્રથમ સ્થાને મૂકજો.

"દહાડાને સારુ તે દહાડાનું દુઃખ બસ છે"(૬:૩૪). કેટલી આફતોએ તમને આજે ડરાવવાનું શરૂ કર્યું છે? કયા પ્રકારના દુષ્ટ આત્માઓ તમારા જીવનમાં આજે દખલ કરીને એવું કહી રહ્યા છે કે, "આવતા મહિના માટે અથવા આગામી ગરમીના દિવસોમાં તમે શું કરવા માંગો છો?" ઈસુ આપણને કહે છે કે આમાંની કોઈ બાબતોને માટે ચિંતા કરવી નહિ. એકવાર ફરીથી જુઓ અને વિચારો. તમારું ધ્યાન આપણા સ્વર્ગીય પિતાના "એથી વિશેષ" પર રાખો (૬:૩૦).

## જાન્યુઆરી ૨૮

# વિશ્વાસ નથી આવતો કેવી રીતે કોઈ ઈસુને આટલુ સતાવી શકે!

*"શાઉલ, શાઉલ, તું મને કેમ સતાવે છે?"*
*(પ્રેરિતોના કૃત્યો ૨૬:૧૪)*

**પરમેશ્વર માટે જીવવા અંગે શું તમે તમારો જ માર્ગ અપનાવવા અડગ છો? જ્યાં સુધી આપણે "પવિત્ર આત્મા અને અગ્નિ" (માથ્થી ૩:૧૧) ના બાપ્તિસ્માના અનુભવમાં નથી આવતા ત્યાં સુધી આપણે આ જાળમાંથી મુક્ત થઈ શકતા નથી. આપણી હઠીલાઈ અને સ્વ-ઈચ્છા હંમેશા ઈસુ ખ્રિસ્તને ઘાયલ કરે છે. આ વર્તનથી બીજા કોઈને હાની થતી નથી પરંતુ તેમના આત્માને ઘાયલ કરે છે. જ્યારે પણ આપણે હઠીલા અને સ્વ-ઈચ્છા પૂરી કરનાર બનીએ છીએ અને પોતાની મહત્વકાંક્ષાઓ પાછળ લાગેલા રહીએ છીએ, ત્યારે આપણે ઈસુને ઈજા પહોંચાડીએ છીએ. જ્યારે પણ આપણે આપણા અધિકારના આધાર પર ઊભા રહીએ છીએ અને એમ કહીએ છીએ કે હું આ કરવાનો ઈરાદો રાખું છું ત્યારે આપણે ઈસુને સતાવીએ છીએ. જ્યારે આપણે પોતાના માન-સન્માન પર આધાર રાખીએ છીએ ત્યારે આપણે આયોજનપૂર્વક પવિત્ર આત્માને નારાજ અને શોકિત કરીએ છીએ, અને અંતે જ્યારે આપણે એ સમજીએ છીએ કે આ બધા સમય દરમ્યાન આપણે ઈસુને સતાવતા હતા ત્યારે જે પ્રકટીકરણ થાય છે તે ખૂબ જ દુઃખદાયક હોય છે.**

**શું પરમેશ્વરનું વચન જે હું તમારા સુધી પહોંચાડું છું તે હૃદયને વીંધનાર અને ધારદાર છે અથવા હું જે વચન શીખવવાનો દાવો કરું છું તે પ્રમાણે નહીં જીવીને તેને મારું જીવન જૂઠ્ઠુ પાડે છે? હું પવિત્રીકરણના વિષયમાં શીખવી શકું છું અને છતાં શેતાનના આત્માને પ્રદર્શિત કરું છું કે જે આત્મા ઈસુ ખ્રિસ્તને જીવનમાં સતાવે છે. ઈસુનો આત્મા ફક્ત એક જ વાત સંબંધી સભાન છે- પિતા સાથે સંપૂર્ણ એકતા, અને તે આપણને જણાવે છે, "મારી ઝૂંસરી તમે પોતા પર લો, ને મારી પાસે શીખો; કેમ કે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, ને તમે તમારા જીવમાં વિસામો પામશો."(માથ્થી ૧૧:૨૯). હું જે કંઈ પણ કરું તે પરમેશ્વર સાથે એક સંપૂર્ણ એકતા પર આધારીત હોવું જોઈએ, ધાર્મિક ભક્તિવાળા બનવાના હઠીલા નિર્ણય પર આધારિત ન હોવું જોઈએ. આનો અર્થ એ થાય કે લોકો મારો ઉપયોગ કરી શકે છે, મારી સંપૂર્ણ અવગણના કરી શકે છે, મને એકલો પાડી શકે છે, પરંતુ જો હું તેની ખાતર આ બધુ જ સહન કરી લઊં છું, તો હું ઈસુ ખ્રિસ્તને સતાવણી પામતા અટકાવીશ.**

## જાન્યુઆરી ૨૯

# વિશ્વાસ નથી આવતો કે કોઈ આટલું અજાણ હોઈ શકે!

*“પ્રભુ, તું કોણ છે?” (પ્રેરિતોના કૃત્યો ૨૬:૧૫)*

“યહોવાએ પોતાના સમર્થ હાથથી...મારી સાથે આ પ્રમાણે વાત કરી...” (યશાયા ૮:૧૧). જ્યારે આપણો પ્રભુ વાત કરે છે ત્યારે છટકી શકાતું નથી. તે આવે છે ત્યારે હંમેશા પોતાના અધિકારનો ઉપયોગ કરીને આવે છે અને આપણી સમજણ પર કબજો કરે છે. શું પરમેશ્વરનો અવાજ સીધો જ તમારી પાસે આવ્યો છે? જો આવ્યો છે તો જે તીવ્ર આગ્રહથી તમારી સાથે વાત કરી છે તેને તમે ગેરસમજ નહિ કરો. પરમેશ્વર તમારી સાથે તમે જે ભાષા ખૂબ સારી રીતે સમજો છો તેમાં જ વાત કરે છે. તે તમારા કાનો દ્વારા નહિ પરંતુ તમારી પરિસ્થિતિઓ દ્વારા વાત કરે છે.

આપણને આપણી પોતાની ખાતરીમાં જે દ્રઢ ભરોસો હોય છે તેને પરમેશ્વરે નાશ કરવો પડે છે. આપણે કહીએ છીએ, “હું જાણું છું મારે આ કરવું જોઈએ” અને એકાએક પરમેશ્વરનો અવાજ આપણી સાથે એવી રીતે વાત કરે છે કે જે આપણી અજ્ઞાનતાના ઊંડાણને પ્રગટ કરીને આપણને દબાવી નાખે છે. જે રીતે આપણે તેમની સેવા કરવાનો નિર્ણય કરીએ છીએ તે જ બાબતોમાં આપણે તેમના સંબંધી અજ્ઞાનતા દર્શાવીએ છીએ. જે આત્મા તેમનો નથી તે આત્મામાં આપણે ઈસુની સેવા કરીએ છીએ, અને તેમનો બચાવ કરીને તેમને દુઃખી કરીએ છીએ. આપણે તેમના દાવાઓને શેતાનના આત્મા દ્વારા આગળ ધપાવીએ છીએ; આપણા શબ્દો યોગ્ય લાગે છે પરંતુ જે આત્મા છે તે તો શત્રુનો છે. “તેણે...તેઓને ધમકાવ્યા અને કહ્યું, તમે જાણતા નથી તમે કયા પ્રકારના આત્માના છો.”(લૂક ૯:૫૫). તેના અનુયાયીઓમાં પ્રભુનો જે આત્મા હોય છે તેને ૧ કરિંથી ૧૩ માં વર્ણવવામાં આવ્યો છે.

શું હું મારી પોતાની રીતે ઈસુની સેવા કરવાના આતુર નિર્ણય દ્વારા તેની સતાવણી કરી રહ્યો છું? જો હું એવો અનુભવ કરું છું કે મેં પોતાનું કાર્ય પૂર્ણ કર્યું છે, છતાં પણ આ દરમ્યાન જો મેં તેને દુઃખી કર્યો છે, તો મારે ચોક્કસપણે સમજી લેવું જોઈએ કે એ મારી ફરજ હતી જ નહિ, કેમકે મારી રીતે કામ કરવું તે નમ્રતા અને મનની દીનતાના આત્માને નહિ પરંતુ ફક્ત આત્મ- સંતોષના આત્માને જ પોષણ આપે છે. આપણે એવું માની લઈએ છીએ કે જે કંઈ પણ અણગમો પેદા કરે છે, તે આપણી ફરજ છે. શું આ વાત આપણા પ્રભુના આત્માની સાથે મળતી આવે છે કે, “હે મારા દેવ, તારી ઈચ્છા પ્રમાણે કરવાને હું રાજી છું...”(ગીતશાસ્ત્ર ૪૦:૮).

જાન્યુઆરી ૩૦

## આજ્ઞાપાલનની દ્વિધા

*“એ સંદર્શન એલીને જણાવતાં શમુએલ બીધો”*
*(૧ શમુએલ ૩:૧૫)*

પરમેશ્વર આપણી સાથે નાટ્યાત્મક રીતે વાત નથી કરતા, પરંતુ એવી રીતે વાત કરે છે જેની સરળતાથી ગેરસમજ થઈ શકે છે, અને પછી આપણે એમ કહીએ છીએ કે, “ખબર નથી પડતી આ પરમેશ્વરનો અવાજ છે કે કેમ?” યશાયાએ કહ્યું કે, યહોવાહે તેની સાથે “સમર્થ હાથથી” વાત કરી અર્થાત્ તેના સંજોગોના દબાણ દ્વારા (યાશાયા ૮:૧૧). પરમેશ્વરના સર્વોપરિ હાથ સિવાય આપણા જીવનમાં કશું જ નથી થતું. શું આપણે દરેક પરિસ્થિતિઓમાં પરમેશ્વરના હાથને જોઈએ છીએ કે પછી આપણે તેને સામાન્ય ઘટનાઓ જ ગણીએ છીએ?

“પ્રભુ બોલો” એમ કહેવાની આદત પાડો અને જીવન રોમાંચક બની જશે (૧ શમુએલ ૩:૯). જ્યારે પણ પરિસ્થિતિઓ દબાણ લાવે ત્યારે તમે “પ્રભુ બોલો” એમ કહો અને પછી સાંભળવાને માટે સમય કાઢો. શિક્ષા કરીને શિસ્તમાં લાવવાની પ્રક્રિયા તે શિસ્તમાં લાવવાની રીતથી વિશેષ છે. તે તો મને એ સ્થિતિમાં લાવવા માટે વપરાય છે જ્યાં હું કહું - “પ્રભુ બોલ” પરમેશ્વરે તમારી સાથે ભૂતકાળમાં વાત કરી હતી તે અંગે વિચારો, તમને યાદ છે તેમણે તમને શું કહ્યું હતું, શું તે લૂક ૧૧:૧૩ હતું કે ૧ થેસ્સલોનિકા ૫:૨૩ હતું? જેમ જેમ આપણે સાંભળતા જઈએ છીએ તેમ તેમ આપણા કાન વધુ સંવેદનશીલ બને છે અને ઈસુની જેમ આપણે હંમેશા પરમેશ્વરને સાંભળી શકીએ છીએ.

શું હું મારા ‘એલી’ ને કહું છું કે પરમેશ્વરે મને શું દેખાડ્યું છે? આ બાબતમાં આજ્ઞાપાલનની દ્વિધા આપણને સ્પર્શે છે. આપણે બિનઅનુભવી ઈશ્વર બનીને પરમેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરીએ છીએ અને વિચારીએ છીએ કે, “મારે એલી ને બચાવવા જોઈએ” કે જેઓ મારી ઓળખાણના લોકોના સૌથી સારા પ્રતિનિધિ છે. પરમેશ્વરે શમુએલને એમ નહોતું કહ્યું કે, તે એલીને કહે, તેણે આ નિર્ણય પોતે જ કરવાનો હતો. પરમેશ્વર તરફથી તમને સંદેશો આપવામાં આવે તે તમારા ‘એલીને’ કષ્ટ પહોંચાડી શકે છે, પરંતુ જો તમે બીજાના કષ્ટને રોકવાનો પ્રયત્ન કરશો તો તે તમારા આત્મા અને પરમેશ્વરની વચ્ચે અવરોધનું કારણ બની જાય છે. જ્યારે તમે અન્યને તેમનો જમણો હાથ કાપીને ફેંકી દેવાથી અને આંખને કાઢી નાંખીને ફેંકી દેવાથી રોકો છો, તો તમે પોતે જોખમમાં આવો છો (જુઓ માથ્થી ૫:૨૯-૩૦).

પરમેશ્વર તમને જે નિર્ણય લેવા મજબૂર કરી રહ્યા છે, તે અંગે બીજા વ્યક્તિ પાસેથી સલાહ માંગશો નહિ, જો તમે અન્યની સલાહ લેશો તો તમે લગભગ હંમેશા શેતાનને સાથ આપશો. “...કોઈ પણ માણસની સલાહ પૂછ્યા વગર...”(ગલાતી ૧:૧૬).

## શું તમે તમારા તેડાને જોઈ રહ્યા છો?

*“પરમેશ્વરની સુવાર્તા અર્થે જુદો કરવામાં આવ્યો છે...”*
*(રોમનોને પત્ર ૧:૧)*

આપણું તેડું મુખ્યત્વે પવિત્ર પુરૂષો અને સ્ત્રીઓ બનવા માટે નથી પરંતુ પરમેશ્વરની સુવાર્તાના પ્રચાર કરનાર તરીકે છે. પરમેશ્વરની સુવાર્તા અંગેની એક સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે તેને કાયમી ટકી રહેનાર વાસ્તવિકતા તરીકે જાણવી જોઈએ. વાસ્તવિકતા એ માણસોની ભલાઈ, અથવા પવિત્રતા અથવા સ્વર્ગ કે નર્ક નથી, પરંતુ ઉદ્ધાર છે. આ વાસ્તવિકતાને સમજવી એ આજના ખ્રિસ્તી કાર્યકર્તાઓની સૌથી મહત્વપૂર્ણ જરૂરત છે. કાર્યકર્તાઓ તરીકે આપણે એ સત્યથી ટેવાવાની જરૂર છે કે ઉદ્ધાર જ એક માત્ર વાસ્તવિકતા છે. વ્યક્તિગત પવિત્રતા તે છુટકારાનું પરિણામ છે, તેનું કારણ નથી. જો આપણે આપણો વિશ્વાસ મનુષ્યની ભલાઈમાં મૂકીશું તો, અર્થાત્ ઉદ્ધારના પરિણામમાં વિશ્વાસ મૂકીશું તો, જ્યારે કસોટી આવશે ત્યારે આપણે ડૂબી જઈશું.

પાઉલ એમ નથી કહેતો કે તેણે પોતે પોતાને અલગ કર્યો, પરંતુ “પરમેશ્વર જેણે મને...જુદો કર્યો હતો...તેને જ્યારે એ પસંદ પડ્યું” (ગલાતી ૧:૧૫). પાઉલને પોતાના ચારિત્રમાં અત્યાધિક દિલચસ્પી નહોતી. જ્યાં સુધી આપણું ધ્યાન આપણી પોતાની વ્યક્તિગત પવિત્રતા પર લાગેલું રહેશે ત્યાં સુધી આપણે ઉદ્ધારની સંપૂર્ણ વાસ્તવિકતાની પાસે પણ ફરકી શકીશું નહિ. ખ્રિસ્તી કાર્યકરો નિષ્ફળ જાય છે કેમ કે તેઓ પરમેશ્વરને ઓળખવાની ઈચ્છા કરતા પોતાની પવિત્રતાની ઈચ્છાને વધુ મહત્વ આપે છે. “પરમેશ્વર, આજે મારી પાસેથી મારી ચારે બાજુ માનવીય જીવનની ગંદકી પ્રત્યે ઉદ્ધારની પ્રબળ વાસ્તવિકતાનો સામનો કરવાની માંગણી કરીશ નહિ; પરંતુ હું પોતાની જ દ્રષ્ટિમાં યોગ્ય માલૂમ પડું એ માટે પરમેશ્વર મારા માટે જે કરી શકે છે તેની ઈચ્છા રાખું છું.” આ પ્રકારની વાત કરવી એ સત્યતાની નિશાની છે કે પરમેશ્વરની સુવાર્તાની વાસ્તવિકતાએ મને હજુ તો સ્પર્શ કરવાની શરૂઆત પણ કરી નથી. આ પ્રકારની વાતોથી પરમેશ્વર પ્રત્યે બિનશરતી સમર્પણ દેખાતું નથી. જ્યાં સુધી મારી રૂચિ ફક્ત મારા પોતાના ચારિત્રમાં જ હોય ત્યાં સુધી પરમેશ્વર મને ઉદ્ધાર આપી શકતા નથી. પાઉલને પોતાના માટે કોઈ પરવા નહોતી, તેઓ બિનશરતી સમર્પિત હતા, ફક્ત એક જ ઉદ્દેશ માટે પરમેશ્વર દ્વારા અલગ કરવામાં આવ્યા હતા - અને તે તો એ કે પરમેશ્વરની સુવાર્તાનો પ્રચાર કરે (જુઓ રોમનોને પત્ર ૯:૩).

# પરમેશ્વરનું તેડુ

*"બાપ્તિસ્મા કરવા સારુ નહિ, પણ સુવાર્તા પ્રગટ કરવા સારુ ખ્રિસ્તે મને મોકલ્યો."*
*(૧કરિંથી ૧:૧૭)*

અહીંઆ પાઉલ એમ જણાવે છે કે પરમેશ્વરનું તેડું સુવાર્તાપ્રચારનું છે. પરંતુ, યાદ રાખો કે, "સુસમાચાર" નો અર્થ પાઉલ શું કરે છે, અર્થાત્ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં ઉદ્ધારની વાસ્તવિકતા. આપણા મનનુ વલણ એ દિશામાં છે કે આપણે પવિત્રીકરણને આપણા પ્રચારનું લક્ષ્ય બનાવીએ છીએ. પાઉલ વ્યક્તિગત અનુભવો તરફ ફક્ત ઉદાહરણના રૂપે જ ઈશારો કરે છે ક્યારેય કોઈ બાબતના અંત તરીકે નહિ. આપણને તારણ અથવા પવિત્રીકરણના પ્રચારને અર્થે નહિ પરંતુ ઈસુ ખ્રિસ્તને ઊંચા ઊઠાવવા માટે આદેશ આપી તેડવામાં આવ્યા છે (જુઓ યોહાન ૧૨:૩૨). એમ કહેવું એ અન્યાય કહેવાશે કે ઈસુ ખ્રિસ્તે ઉદ્ધારના કાર્યમાં એ માટે પરિશ્રમ કર્યો કે તે સમગ્ર જગતનો ઉદ્ધાર કરે અને તેને સંપૂર્ણ અને પુનઃસ્થાપિત કરીને પરમેશ્વરના સિંહાસન આગળ રજૂ કરે. આપણે ઉદ્ધારનો અનુભવ કરી શકીએ છીએ તે હકીકત ઉદ્ધારના તેના વાસ્તવિક સામર્થ્યને દર્શાવે છે, પરંતુ તે અનુભવ આડપેદાશ છે, ઉદ્ધારનું લક્ષ નથી. જો પરમેશ્વર મનુષ્ય હોત તો આપણે આપણા તારણ અને પવિત્રીકરણ ને માટે જે વિનંતીઓ લગાતાર કરીએ છીએ તેનાથી કેવા ત્રાસી જતા. આપણે સવારથી સાંજ સુધી આપણા માટે વસ્તુઓની માંગણીઓ કરીએ અથવા કોઈ વાતમાંથી છૂટવા માટે વિનંતીઓ કરીએ છીએ જેના કારણે પરમેશ્વરની શક્તિઓ પર બોજ નાખીએ છીએ, અંતે જ્યારે આપણે પરમેશ્વરથી મળતા ઉદ્ધારની વાસ્તવિકતાની જડ સુધી પહોંચી જઈશું ત્યારે, તેમને નાની-નાની વ્યક્તિગત ફરિયાદોથી ક્યારેય હેરાન નહિ કરીએ.

પાઉલના જીવનનો એકમાત્ર ઉમંગ એ હતો કે તે પરમેશ્વરના સુસમાચારને જણાવે. તેમણે ફક્ત એક જ કારણને લીધે નિરાશાઓ, મોહ ભંગ, ક્લેશનો સ્વીકાર કર્યો અને તે તો એ કે આ બાબતોએ તેને પરમેશ્વરના સુસમાચાર ફેલાવવાની એકનિષ્ઠતામાં અડગ રાખ્યો.

ફેબ્રુઆરી ૨

## તેડાનું બંધન

*"...જો હું સુવાર્તા પ્રગટ ન કરું, તો મને અફસોસ છે."*
*(૧ કરિંથી ૯:૧૬)*

પરમેશ્વરના તેડાને સાંભળવાનો ઈનકાર કરવા અંગે સાવધાન રહો. તારણ પામેલા દરેકને તેમના પોતાના તારણની સાક્ષી આપવા માટે તેડવામાં આવ્યા છે. તારણની સાક્ષી અને સુવાર્તા પ્રગટ કરવી એ બંને વાત  એક વાત નથી પરંતુ તારણની સાક્ષી એક ઉદાહરણ છે જે સુવાર્તા પ્રગટ કરવાના સમયે વાપરી શકાય છે. આ કલમમાં પાઉલ સુવાર્તા પ્રગટ કરવાને માટેની ફરજ પાડનાર સામર્થ્યના દ્વારા તેનામાં ઉત્પન્ન થતી પીડા તરફ ઈશારો કરે છે. સુવાર્તા પ્રગટ કરવાના સંબંધમાં પાઉલ જે કહે છે, તેને ક્યારેય જે લોકો તારણ માટે પરમેશ્વરના સંપર્કમાં આવી રહ્યા છે તેઓ પર લાગુ ના કરશો. તારણ પામવા જેવું સૌથી સરળ બીજું કશું કાર્ય નથી કારણ કે તે સંપૂર્ણ રીતે પરમેશ્વરનું સર્વોપરી કાર્ય છે- "મારી તરફ ફરો અને તારણ પામો..." (યશાયા ૪૫:૨૨). આપણો પ્રભુ તારણ પામવા માટે જે શરતો માંગે છે તે શિષ્યપણા માટે નથી. આપણે તારણનું દાન ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા પ્રાપ્ત કરીએ છીએ, પરંતુ શિષ્યપણા માટે તેની સાથે એક વિકલ્પ છે - "જો કોઈ..." (લૂક ૧૪:૨૬).

પાઉલના શબ્દોનો સંબંધ ઈસુ ખ્રિસ્તના સેવક બનવા સાથે છે, અને આ અંગે આપણી મંજૂરી માંગવામાં નથી આવી કે આપણે શું કરીશું અથવા ક્યાં જઈશું. પરમેશ્વર પોતાને પ્રસન્ન કરવા માટે આપણને ભાંગવામાં આવેલી રોટલી અને રેડવામાં આવેલ દ્રાક્ષારસ બનાવે છે. "સુવાર્તાને અર્થે જુદો કરવામાં આવ્યો છે."(રોમનોને પત્ર ૧:૧) નો અર્થ એ થાય છે કે પરમેશ્વરના તેડાને સાંભળવું. જ્યારે કોઈ તે તેડાને સાંભળવાનું શરૂ કરે છે ત્યારે ખ્રિસ્તના નામને યોગ્ય પીડા ઉત્પન્ન થાય છે. એકાએક, દરેક મહત્વકાંક્ષા, જીવનની દરેક ઈચ્છાઓ અને દરેક દ્રષ્ટિકોણનો સંપૂર્ણપણે અંત થઈ જાય છે. ફક્ત એક જ વાત બાકી રહે છે-  "... સુવાર્તાને અર્થે જુદો કરવામાં આવ્યો છે" અફસોસ છે એ આત્માને કે જે એક વાર આ તેડુ મળ્યા પછી બીજી કોઈ પણ દિશામાં જવાની કોશિષ કરે છે. આ બાઈબલ ટ્રેનિંગ કોલેજ એટલા માટે અસ્તિત્વમાં છે કે એ જાણી શકાય કે શું પરમેશ્વર માટે અહિં એવી કોઈ વ્યક્તિ છે જે સાચે જ સુવાર્તા પ્રગટ કરવાની ચિંતા રાખે છે અને એ જાણવા કે શું પરમેશ્વર તમને આ હેતુથી પકડે છે. જ્યારે પરમેશ્વરનું આ તેડુ તમને પકડે છે ત્યારે આ તેડાની સ્પર્ધા કરનાર અન્ય તેડાઓથી સાવધાન રહો.

## "જગતનો કચરો" બનવું

*"...અમે જગતના કચરા સરખા...છીએ"*
*(૧ કરિંથી ૪:૧૩)*

આ શબ્દો અતિશયોક્તિવાળા નથી. આ શબ્દો જો પોતાની જાતને સુવાર્તાના સેવકો કહેવડાવતા લોકો પર લાગુ  નથી થતા તો તેનું એક માત્ર કારણ એ નથી કે પાઉલ આ શબ્દોનો અસલી અર્થ ભૂલી ગયા છે અથવા સત્યને ગેરસમજ કરી છે, પરંતુ એનો અર્થ એ કે આપણને સુવાર્તાના સેવકો કહેવડાવતા લોકોને પોતાની અંગત ઈચ્છાઓનો એટલો બધો ખ્યાલ રહે છે કે આપણે પોતાની જાતને નકારાયેલા અથવા "જગતનો કચરો" બનવા દેતા નથી. "...ખ્રિસ્તનાં સંકટોમાંની જે ન્યૂનતા હોય તે હું... મારા શરીરદ્વારા પૂરી કરું છું" (કલોસી ૧:૨૪). આ વાત પવિત્રતા કે પવિત્રીકરણના પરિણામે નથી પરંતુ અભિષેકની સાબિતી છે - "પરમેશ્વરની સુવાર્તાને અર્થે જુદો કરવામાં આવ્યો છે" (રોમનને પત્ર ૧:૧).

"વ્હાલાઓ, તમારી કસોટી કરવાને સારુ તમારા પર જે અગ્નિરૂપી દુઃખ પડે છે તેમાં...આશ્ચર્ય ન પામો" (૧ પિતર ૪:૧૨). જે બાબતોનો આપણે સામનો કરીએ છીએ તેઓથી જો આપણે આશ્ચર્ય પામીએ છીએ તો એનું કારણ એ કે આપણે ડરપોક અને કાયર છીએ. આપણે આપણી પોતાની જ રૂચિઓ અને લાલસાઓ તરફ એટલું વધારે ધ્યાન આપીએ છીએ કે આપણે કાદવથી બહાર રહીએ છીએ અને કહીએ છીએ કે, "હું શરણે નહી આવું, હું ઝૂકીશ નહિ અથવા નમીશ નહિ." તમારે એવું કરવાની જરૂર નથી, જો તમે ઈચ્છો તો તમે "મહા મુસીબતે"બચી શકો છો. તમે "...સુવાર્તાને અર્થે જુદા કરવામાં આવ્યા છે" એવી વ્યક્તિના રૂપમાં તમારી ગણતરી કરવામાંથી પરમેશ્વરને રોકી શકો છો અથવા તમે એમ કહી શકો છો કે "જો સુવાર્તા પ્રગટ કરવામાં આવી રહી છે તો મને 'જગતનો કચરો' ગણવામાં આવે છે તો તેની કોઈ જ પરવા નથી." ઈસુ ખ્રિસ્તનો સાચો સેવક એ વ્યક્તિ છે જે પરમેશ્વરની સુવાર્તાની વાસ્તવિકતાને માટે શહીદ થવાને તૈયાર હોય. જ્યારે એક નૈતિક વ્યક્તિ અપમાન, તિરસ્કાર, અનૈતિકતા, વિશ્વાસઘાત અથવા બેઈમાનીનો સામનો કરે છે ત્યારે તે આ અપરાધો પ્રત્યે એટલી ઘૃણા અનુભવે છે કે તે હતાશ થઈને પોતાના હૃદયને અપરાધી પ્રત્યે બંધ કરી કે છે. પરંતુ પરમેશ્વરની ઉદ્ધારકારક વાસ્તવિકતાનો ચમત્કાર એ છે કે સૌથી ખરાબ અને ઘૃણાસ્પદ અપરાધી પણ પરમેશ્વરના પ્રેમના ઊંડાણને ખાલી કરી શકતો નથી. પાઉલે એવું નથી કહ્યું કે પરમેશ્વરે તેને એટલા માટે અલગ નથી કર્યો કે તે દેખાડી શકે કે પરમેશ્વર તેને કેટલો અદ્‌ભુત બનાવી શકે છે, પરંતુ એટલા માટે અલગ કર્યો છે કે જેથી તેનામાં "...પોતાના દીકરાને...પ્રગટ કરે..."(ગલાતી ૧:૧૬).

## ખ્રિસ્તના સામર્થ્યનું ફરજ પાડનારું ગૌરવ

*"ખ્રિસ્તની પ્રીતિ અમને ફરજ પાડે છે..."*
*( ૨ કરિંથી ૫:૧૪)*

પાઉલ કહે છે કે, તે "ખ્રિસ્તના પ્રેમ" દ્વારા વશમાં અને આધીન કરાયા હતા અને જાણે કે સીગરા (પકડ જેવું સાધન) ના સકંજામાં જકડી લેવાયા હતા. આપણામાં બહુ થોડા લોકો પરમેશ્વરના પ્રેમમાં જકડી લેવાવું એટલે શું તેનો સાચો અર્થ જાણે છે. ઘણીવાર આપણે આપણા પોતાના અનુભવોના નિયંત્રણમાં રહેવાનું વલણ ધરાવીએ છીએ. જે એક વાત જેણે પાઉલને અન્ય તમામ બાબતોના બહિષ્કારની હદ સુધી પકડી લીધો અને જકડી લીધો તે તો પરમેશ્વરનો પ્રેમ હતો. "ખ્રિસ્તની પ્રીતિ અમને ફરજ પાડે છે..." જ્યારે તમે કોઈ પુરૂષ કે સ્ત્રીને આ પ્રમાણે બોલતા સાંભળો છો ત્યારે તે ખૂબ જ સ્પષ્ટ હોય છે. તમે જાણશો કે પરમેશ્વરનો આત્મા એ વ્યક્તિનાં જીવનમાં કોઈ અવરોધ વગર કામ કરી રહ્યો છે.

જ્યારે આપણે પરમેશ્વરના આત્મા દ્વારા નવો જન્મ પામીએ છીએ ત્યારે આપણી સાક્ષી ફક્ત એ જ વાત પર આધાર રાખે છે કે પરમેશ્વરે આપણા માટે શું કર્યું અને તે યોગ્ય પણ છે. પરંતુ એકવાર જ્યારે "પવિત્ર આત્મા તમારા પર આવશે અને તમે સામર્થ્ય પામશો..."(પ્રે.કૃ. ૧:૮) ત્યારે તે સાક્ષી હંમેશને માટે બદલાઈ જશે અને હટી જશે. ત્યારબાદ જ તમે આ સમજશો કે જ્યારે ઈસુએ આગળ કહ્યું હતું કે "...તમે મારા સાક્ષી બનશો..." તો એનો અર્થ શું હતો. ઈસુ શું કરી શકે છે તેના સાક્ષી નહિ કેમ કે એ તો મૂળભૂત બાબત છે અને સમજાય એમ છે - પરંતુ "મારા સાક્ષી થશો" ત્યારે પ્રશંસા થાય કે આરોપ મૂકવામાં આવે, સતાવણી થાય કે ઈનામ મળે આપણે એવી રીતે સ્વીકાર કરીશું કે જાણે જે કંઈ પણ થાય છે તે તેને થાય છે, તેની સાથે થાય છે. આ જ એક માત્ર મહત્વપૂર્ણ વાત છે કે કોઈ પણ વ્યક્તિ જેને ઈસુ ખ્રિસ્તના ગૌરવના સામર્થ્ય દ્વારા ફરજ નથી પડાતી તે આ પ્રકારે સ્થિર રહીને સામનો કરી શકે નહિ. છતાં પણ આશ્ચર્યની વાત એ છે કે આ છેલ્લી વાત છે જે ખ્રિસ્તની સેવા કરનાર કાર્યકર્તા સમજે છે. પાઉલ એમ કહે છે કે તે પરમેશ્વરના પ્રેમની પકડમાં છે અને તેથી તેણે જે કંઈ પણ કર્યું છે તે આ કારણે જ કર્યું છે. લોકો તેને પાગલ અથવા મગજ ઠેકાણે ના હોય તેવો સમજી શકે છે, તેને તેની કોઈ જ પરવા નથી. તે ફક્ત એક જ વાત માટે જીવે છે અને તે તો એ કે લોકોને પરમેશ્વર તરફથી આવનાર ન્યાય અંગે સમજાવે અને તેમને ખ્રિસ્તના પ્રેમ વિશે જણાવે. "ખ્રિસ્તના પ્રેમ" ને સંપૂર્ણ સ્વાર્પણ કરવું તે જ એક વાત છે જે તમારા જીવનમાં ફળ ઉપજાવશે. અને આ હંમેશા પરમેશ્વરની પવિત્રતા અને તેના સામર્થ્યની છાપ છોડી જાય છે અને તમારી પોતાની વ્યક્તિગત પવિત્રતા તરફ ક્યારેય ધ્યાન આકર્ષિત કરતી નથી.

## શું તમે અર્પણ તરીકે રેડાઈ જવા તૈયાર છો?

*''પણ જો હું તમારા વિશ્વાસના અર્પણ તથા સેવા પર પેયાર્પણ તરીકે રેડાઉં છું, તો હું આનંદ પામું છું, ને તમ સર્વની સાથે પણ હરખાઉં છું''*
*(ફિલિપ્પી ૨:૧૭)*

**શું તમે બીજા વિશ્વાસીના કાર્ય માટે પોતાની જાતે બલિદાન થવા તૈયાર છો- બીજાઓના વિશ્વાસ અને સેવા માટે પોતાના જીવનોને બલિદાનના રૂપમાં રેડી દેવાને તૈયાર છો? અથવા શું આપ એમ કહો છો કે, ''હું આ સમયે પેયાર્પણ તરીકે રેડાવાને ઈચ્છા નથી રાખતો, અને હું નથી ઈચ્છતો કે પરમેશ્વર મને કહે કે મારે તેમની સેવા કેવી રીતે કરવી? હું મારા બલિદાનના સ્થળને પોતે જ પસંદ કરવા માંગુ છું, અને હું ચાહું છું કે અમુક ચોક્કસ લોકો મને ધ્યાનથી જુએ અને 'શાબાશી' આપે.''**

**જ્યારે લોકો તમને સન્માનની દ્રષ્ટિએ જુએ ત્યારે પરમેશ્વરની સેવાના માર્ગમાં તેમની પાછળ ચાલવું તે એક વાત છે, પરંતુ જો પરમેશ્વર દ્વારા તમારા માટે નક્કી કરાયેલા માર્ગ પર ચાલવામાં તમારે બીજાઓના ''પગલૂછણિયું'' જેના પર લોકો પગ સાફ કરે તેવા બનવું પડે તો તે વાત અલગ છે. પરમેશ્વરનો હેતુ, તમને એવું કહેવાનું શીખવવાનો છે કે, ''ગરીબ થવું હું જાણું છું...'' (ફિલિપ્પી ૪:૧૨). શું તમે આ રીતે બલિદાન થવાને તૈયાર છો? શું તમે ડોલમાંના એક ટીપાથી પણ ઓછા થવાને તૈયાર છો - એટલા તુચ્છ કે જ્યારે લોકો તેઓના વિશે વિચારે જેમની તમે સેવા કરી છે, તો પણ કોઈ તમને યાદ ના કરે? શું તમે સેવા કરાવવાને નહિ પણ સેવા કરવાને અર્થે સંપૂર્ણ વપરાઈ જાવ અને ખાલી થઈ જાવ ત્યાં સુધી આપવાને અને રેડાઈ જવાને તૈયાર છો? કેટલાક પવિત્ર લોકો કે સંતો હલકું કામ નથી કરી શકતા, કેમ કે તેઓ એમ સમજે છે કે આવી સેવા તેમના મોભા કે શાનની વિરુદ્ધ છે.**

## શું તમે અર્પણ તરીકે રેડાવાને તૈયાર છો?

*"...હું અત્યારે પેયાર્પણ તરીકે રેડાઉં છું..."*
*(૨ તિમોથી ૪:૬)*

શું તમે અર્પણ તરીકે રેડાવાને તૈયાર છો? આ તમારી ઈચ્છાનું કાર્ય છે, ભાવનાઓનું કે લાગણીઓનું નહિ. પરમેશ્વરને *કહો* કે તમે તેને માટે બલિદાન તરીકે અર્પણ થવાને તૈયાર છો. ત્યાર પછી તેના પરિણામોના રૂપે પરમેશ્વર તમારા જીવનમાં ગમે તે કેમ ના મોકલે તેને ફરિયાદ કે કચકચ વગર સ્વીકારવા તૈયાર રહો. પરમેશ્વર તમને એકાંતમાં સંકટમાંથી પસાર કરે છે જ્યાં કોઈ બીજી વ્યક્તિ તમને મદદ કરી શકે નહિ. બાહ્ય દ્રષ્ટિએ તો તમારું જીવન સમાન જ દેખાય છે. પરંતુ તમારી ઈચ્છામાં પરિવર્તન આવી રહ્યા છે. એક વાર જ્યારે તમે તમારી ઈચ્છામાં સંકટનો અનુભવ કરી લો છો ત્યાર પછી જ્યારે આ સંકટ તમને બાહ્ય રીતે અસર કરવાની શરૂઆત કરશે ત્યારે તમે તેમાં ચૂકવવી પડતી કિંમતની ચિંતા કરવાનું બંધ કરશો. જો તમે પ્રથમ તમારી ઈચ્છાના સ્તરે પરમેશ્વર સાથે વ્યવહાર કરતા નથી, તો પછી તેનું પરિણામ એ આવશે કે તમે પોતાની પ્રત્યે સહાનુભૂતિ દર્શાવ્યા કરશો.

"વેદીનાં શિંગોની સાથે દોરડાંથી બલિદાનને બાંધો" (ગી. શા. ૧૧૮:૨૭). તમે વેદી પર મૂકાવવા અને અગ્નિમાંથી પસાર થવાને ઈચ્છા ધરાવતા હોવા જોઈએ; વેદી જેને દર્શાવે છે એનો અનુભવ કરવાને ઈચ્છા ધરાવતા હોવા જોઈએ એટલે કે અગ્નિમાં ભસ્મ થવું, પવિત્રીકરણ અને ફક્ત એક જ હેતુ માટે અલગ થવું અર્થાત્ પરમેશ્વરમાં સ્થાપેલી ના હોય અને પરમેશ્વરમાં ન હોય તેવી દરેક ઈચ્છાઓ અને લાગણીઓ અને ભાવનાઓને દૂર કરવા જોઈએ. પરંતુ તમે દૂર નથી કરતા એ તો પરમેશ્વર જ કરે છે. તમે "વેદીના શિંગોની સાથે... બલિદાનને બાંધો" છો, અને એ ધ્યાન રાખવાનું છે કે જ્યારે અગ્નિ શરૂ થાય ત્યારે સ્વ-દયામાં આળોટશો નહિ. અગ્નિમાંથી પસાર થયા બાદ કોઈ બાબત તમને પરેશાન કે નિરાશ કરી શકશે નહિ. જ્યારે બીજી કસોટીઓ ઊભી થશે ત્યારે તમને સમજણ પડશે કે અગાઉ આવી બાબતો તમને સ્પર્શી જતી હતી પણ હવે એમ નહિ થાય. તમારા જીવનમાં આગળ કેવા પ્રકારનો અગ્નિ રાહ જોઈ રહ્યો છે તે તમે જાણતા નથી.

પરમેશ્વરને જણાવો કે તમે એક બલિદાનના રૂપમાં રેડાઈ જવાને તૈયાર છો અને પરમેશ્વર સાબિત કરી આપશે કે તે તમારી કલ્પના કરતાં કંઈક વિશેષ છે.

## આત્મિક ખિન્નતા

*"પણ અમે આશા રાખતા હતા કે, જે ઈસ્રાએલને ઉદ્ધાર આપવાનો હતો*
*તે એ જ છે; વળી એ સર્વ ઉપરાંત આ બનાવ બન્યાને આજ ત્રીજો દહાડો થયો."*
*(લૂક ૨૪:૨૧)*

શિષ્યોએ જે હકીકતો જણાવી તે સાચી હતી, પરંતુ એ હકીકતોમાંથી જે નિષ્કર્ષ પર તેઓ પહોંચ્યા હતા તે ખોટો હતો. જે કંઈ બાબત જેમાં થોડી પણ આત્મિક ખિન્નતા જોવા મળે છે તે ખોટી છે. જો હું નિરાશ અથવા બોજથી દબાયેલો છું તો તે મારો દોષ છે કે હું જ જવાબદાર છું પરમેશ્વર અથવા બીજા કોઈનો દોષ નથી. ખિન્નતા બે કારણોમાંથી ઉદ્‌ભવે છે એક તો મેં મારી કોઈ લાલસા સંતોષી છે અથવા તો મારી કોઈ લાલસ સંતોષાઈ નથી. આ બંને કિસ્સાનું પરિણામ ખિન્નતા છે. લાલસનો અર્થ એવો થાય છે કે "મને આ ચીજ તરત જ મળવી જોઈએ." આત્મિક લાલસા મને પરમેશ્વર જે જવાબ આપે છે તેને શોધવાને બદલે પરમેશ્વર પાસેથી જવાબ મેળવવા ફરજ પાડે છે. હું કઈ વાતની આશા કે ભરોસો રાખું છું કે પરમેશ્વર પૂર્ણ કરશે? શું આજે "ત્રીજો દિવસ" છે અને હું જેની અપેક્ષા રાખતો હતો તે તેમણે નથી કર્યું? આથી નિરાશ થવામાં કે પરમેશ્વરને દોષ આપવા માટે હું યોગ્ય છું? જ્યારે આપણે એવો અગ્રહ કરીએ છીએ કે પરમેશ્વર આપણી પ્રાર્થનાઓનો જવાબ આપે, ત્યારે આપણે ખોટા માર્ગ પર છીએ. પ્રાર્થનાનો હેતુ એ છે કે આપણે પરમેશ્વરને પ્રાપ્ત કરીએ, ઉત્તરને નહિ. શારીરિક રીતે તંદુરસ્ત હોવું અને નિરાશ થવું એ અશક્ય છે, કારણ કે નિરાશા એ બિમારી કે નાદુરસ્તીની નિશાની છે. આ વાત આત્મિક રીતે પણ એટલી જ સાચી છે. આત્મિક નિરાશા ખોટી છે, અને તે માટે આપણે જ હંમેશા દોષપાત્ર છીએ.

આપણે પરમેશ્વરના સામર્થ્યને જોવા માટે સ્વર્ગીય દર્શનો અને પૃથ્વીને ધ્રુજાવી દેનાર ઘટનાઓને ખોજ કરીએ છીએ. આપણે નિરાશ થયા છીએ એ પણ આ વાતની સાબિતિ છે કે આપણે આવી અપેક્ષા કરીએ છીએ. છતાં આપણે એ સમજતા નથી કે પરમેશ્વર આપણી દરરોજની ઘટનાઓમાં તથા આપણી આસાપાસના લોકોમાં હર સમય કાર્યરત છે. જો આપણે તેમની આજ્ઞા પાળીશું અને તેમણે આપણને જે કામ સોંપ્યું છે તે કરીશું તો આપણે તેમને જોઈ શકીશું, જ્યારે આપણે શીખીએ છીએ કે ઈસુ ખ્રિસ્તના ઈશ્વરત્વનો અહેસાસ આપણને જીવનની સામાન્ય બાબતોમાં જ થાય છે ત્યારે પરમેશ્વરના ખૂબ જ આશ્ચર્યજનક પ્રકટીકરણોમાંનું એક આપણને પ્રાપ્ત થાય છે.

## પવિત્રીકરણનું મૂલ્ય

*"હવે શાંતિનો દેવ પોતે તમને પૂરા પવિત્ર કરો..."*
*(૧થેસ્સાલોનિકા ૫:૨૩)*

જ્યારે આપણે પરમેશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે તે આપણને પવિત્ર કરે ત્યારે શું આપણે સાચા અર્થમાં તેનું જે ધોરણ છે તે માટે તૈયાર છીએ? આપણે *પવિત્રીકરણ* શબ્દને ખૂબ હળવાશથી લઈએ છીએ. શું આપણે પવિત્રીકરણને માટે કિંમત ચૂકવવા તૈયાર છીએ? જગત સંબંધિત પોતાની તમામ રૂચિઓ પર ભારી નિયંત્રણ મૂકવું અને પરમેશ્વર સંબંધિત તમામ રૂચિઓનો વિસ્તૃત રીતે વિકાસ કરવો એ તેનું મૂલ્ય છે. પવિત્રીકરણનો અર્થ એ થાય છે કે પરમેશ્વરના દ્રષ્ટિકોણ પર ગંભીર રીતે ધ્યાન કેન્દ્રિત કરવું. એનો અર્થ છે કે આપણા શરીર, પ્રાણ અને આત્માની તમામ શક્તિને ફક્ત પરમેશ્વરના હેતુ માટે સુરક્ષિત રાખવી અને નિયંત્રીત કરવી. પરમેશ્વરે આપણને જે બાબતો માટે અલગ કર્યા છે તે તમામ કાર્ય તે આપણામાં કરે, તે માટે શું આપણે ખરેખર તૈયાર છીએ? અને જ્યારે તેમનું કાર્ય તેઓ પૂર્ણ કરે ત્યારબાદ જેમ ઈસુએ કર્યું તેમ શું આપણે આપણી જાતને અલગ કરવા તૈયાર છીએ? "તેઓ...માટે...હું પોતાને પવિત્ર કરું છું" (યોહાન ૧૭:૧૯). આપણામાંના ઘણાએ પવિત્રીકરણના અનુભવમાં પ્રવેશ નથી કર્યો તેનું કારણ એ છે કે આપણે પરમેશ્વરના દ્રષ્ટિકોણથી પવિત્રીકરણનો અર્થ સમજ્યા નથી. પવિત્રીકરણનો અર્થ એ થાય છે કે ઈસુ સાથે એક બનવું જેથી જે સ્વભાવે તેમને નિયંત્રણમાં રાખ્યા તે આપણને પણ નિયંત્રણમાં રાખે. તેની જે કિંમત થશે તે ચૂકવવા માટે શું આપણે ખરેખર તૈયાર છીએ જે કંઈ પણ પરમેશ્વર તરફથી નથી તે સઘળું તેનું મૂલ્ય છે.

આ કલમમાં પાઉલની જે પ્રાર્થના છે તેના સંપૂર્ણ અર્થમાં આવવા શું આપણે તૈયાર છીએ? શું આપણે એવું કહેવા તૈયાર છીએ, "પ્રભુ, કૃપાથી તારણ પામેલા એવા મુજ પાપીને તમે જેટલો પવિત્ર બનાવી શકો છો તેટલો પવિત્ર બનાવો" ઈસુએ પ્રાર્થના કરી કે જેમ તે પિતા સાથે એક છે તેમ આપણે તેમની સાથે એક થઈએ (જુઓ યોહાન ૧૭:૨૧-૨૩). વ્યક્તિના જીવનમાં પવિત્ર આત્માની પ્રબળ સાબિતી એ છે કે ઈસુ ખ્રિસ્ત સાથે ગેરસમજ ના થાય તેવી કૌટુંબિક સમાનતા, અને જે બાબતો તેના જેવી નથી તે તમામમાંથી છુટકારો. શું આપણે આપણામાં પવિત્ર આત્માના કાર્યને માટે આપણી જાતને અલગ કરવા માટે તૈયાર છીએ?

## શું તમે આત્મિક રીતે નિર્ગત થઈ ગયા છો?

*"...સનાતન પરમેશ્વર... તે નિર્ગત થતા નથી ને થાકતા પણ નથી..."*
*(યશાયા ૪૦:૨૮)*

થાકીને ખાલી થવાનો અર્થ એ થાય કે આપણી જીવનની જરૂરી શક્તિઓ સંપૂર્ણ રીતે નબળી પડેલ છે અને વપરાઈ ગયેલ છે. આત્મિક થાક પાપનું પરિણામ નથી, પરંતુ સેવાનું પરિણામ છે. તમે થાકનો અનુભવ કરો છો કે નહિ તેનો આધાર તમારી જરૂરતો ક્યાંથી પૂરી પડે છે તેના પર છે. ઈસુએ પિતરને કહ્યું, ''મારા ઘેટાંને પાળ'' પરંતુ તેમને પાળવા માટે તેમણે પિતરને કશું આપ્યું નહિ (યોહાન ૨૧:૧૭). ભંગીત રોટલી અને રેડવામાં આવેલ દ્રાક્ષારસ બનવાની પ્રક્રિયાનો અર્થ એ થાય કે જ્યાં સુધી અન્ય લોકો પરમેશ્વરમાંથી પોષણ મેળવવાનું ના શીખે ત્યાં સુધી તમારે તેઓનું પોષણ બનવાનું છે. તેઓએ તમને તમારા છેલ્લાં ટીપાં સુધી સંપૂર્ણ ખાલી કરવા જોઈએ. પરંતુ તમારા પૂરવઠાને ફરીથી ભરી દેવા માટે સાવચેત રહો નહિ તો તમે સંપૂર્ણ ખાલી થઈને થાકી જશો. જ્યાં સુધી અન્ય લોકો પ્રભુ ઈસુના જીવનમાંથી સીધું જ પોષણ મેળવવાનું શીખે નહિ ત્યાં સુધી તેઓએ તમારા દ્વારા તેના જીવનમાંથી પોષણ મેળવવું પડશે. જ્યાં સુધી તેઓ પરમેશ્વરમાંથી તેમનું પોષણ મેળવવાનું ના શીખે ત્યાં સુધી તમારે વાસ્તવમાં જ તેમના પૂરવઠાનો સ્રોત બનવું જોઈએ. પરમેશ્વરના આભારી થવાને કારણે આપણી ફરજ બને છે કે આપણે તેમના ઘેટાંના બચ્ચાઓ અને ઘેટાં માટે અને પરમેશ્વરને માટે પણ આપણું સર્વોચ્ચ બનીએ.

તમે જે રીતે પરમેશ્વરની સેવા કરી રહ્યા છો તેના કારણે તમે તમારી જાતને થાકને હવાલે કરી દીધી છે? જો એમ છે તો તમારી ઈચ્છાઓ અને લાગણીઓ તાજી કરો અને જાગૃત કરો. સેવા માટેના તમારા કારણોની પરીક્ષા કરો. શું તમારા સ્રોત તમારી પોતાની બુદ્ધિ-સમજણ પર આધારીત છે કે તે ઈસુ ખ્રિસ્તના ઉદ્ધારના કાર્ય પર આધારિત છે? તમારા પ્રેમ અને લાગણીના પાયા પર સતત પાછળ ફરીને નિહાળતા રહો અને યાદ રાખો કે તમારા સામર્થ્યનો સ્રોત ક્યાં છે. ''હે પ્રભુ, હું પુષ્કળ નિર્ગત થઈ ગયો છું'' એવી ફરિયાદ કરવાનો તમને કોઈ હક નથી. તેણે તમને નિર્ગત કરી નાખવા માટે, તમારુ તારણ અને પવિત્રીકરણ કર્યું છે. પરમેશ્વર માટે થાકી જાઓ ત્યારે યાદ રાખો કે તે તમારો પૂરવઠો છે. ''મારા સર્વ ઝરાઓ તારામાં છે.''

## શું પરમેશ્વરને જોવાની તમારી ક્ષમતા આંધળી થઈ ગઈ છે?

*“તમારી દ્રષ્ટિ ઊંચી કરીને જુઓ, એ બધા...કોણે ઉત્પન્ન કર્યા છે?...”*
*(યશાયા ૪૦:૨૬)*

યશાયાના સમયમાં પરમેશ્વરના લોકોએ મૂર્તિઓના ચહેરા પર જોવા દ્વારા પરમેશ્વરને જોવાની તેમના મનની ક્ષમતાને આંધળી કરી દીધી હતી. પરંતુ યશાયાએ તેમને સ્વર્ગ તરફ જોતા કર્યા, અર્થાત્ તેણે તેમને યોગ્ય રીતે વિચારવાને અને મનની આંખોથી જોવાની શક્તિનો ઉપયોગ કરવાનું શરૂ કરાવ્યું. જો આપણે પરમેશ્વરના સંતાન છીએ તો કુદરતમાં આપણી પાસે એક વિશાળ ખજાનો છે અને આપણે સમજીશું કે તે પવિત્ર અને પરમેશ્વરને અર્થે અલગ કરાયેલ છે. જો આપણે મનની આંખોથી જોવા માટે આપણી આંધળી સમજનો ઉપયોગ કરીશું તો, આપણે જોઈશું કે, દરેક હવામાં, દરેક સૂર્યોદયમાં અને સૂર્યાસ્તમાં, આકાશના દરેક ચિહ્નોમાં, ખીલનાર દરેક ફૂલોમાં, કરમાઈ જનાર દરેક પાંદડામાં પરમેશ્વર આપણા સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે.

તમારા વિચારો અને કલ્પનાઓને તમારા નિયંત્રણમાં લાવવા તે આત્મિક એકાગ્રતાની ખરી કસોટી છે. શું તમારું મન કોઈ મૂર્તિ પર કેન્દ્રીત થયું છે? શું તે મૂર્તિ તમે પોતે જ છો? શું તે તમારું કાર્ય છે? શું તે તમારા પોતાના વિચાર છે કે, સેવક કેવો હોવો જોઈએ, અથવા તારણ અને પવિત્રીકરણનો તમારો પોતાનો અનુભવ છે? જો એમ છે તો, પરમેશ્વરને જોવાની તમારી ક્ષમતા આંધળી થઈ ગઈ છે. જ્યારે તમે મુસીબતોનો સામનો કરશો ત્યારે તમે સામર્થ્યહિન માલૂમ પડશો અને અંધકારમાં સહન કરવાની ફરજ પડશે. જો તમારી જોવાની શક્તિ આંધળી બની ગઈ છે તો તમારા પોતાના અનુભવો તરફ પાછા વળીને ના જોશો, પરંતુ પરમેશ્વર તરફ જુઓ, તમને પરમેશ્વરની જરૂર છે. પોતાનાથી, તમારી મૂર્તિઓના ચહેરાથી અને વિચારશક્તિને, તમારી કલ્પનાઓને આંધળી કરી દેતી એવી તમામ વસ્તુઓથી દૂર થઈ જાવ. જાગો અને યશાયાએ પોતાના લોકોનો ઉપહાસ કર્યો છે તે સ્વીકારો અને સમજણપૂર્વક તમારા વિચારો અને તમારી આંખો પરમેશ્વર તરફ ફેરવો.

પ્રાર્થનામાં વ્યર્થતાના એહસાસનું એક કારણ એ છે કે આપણે આપણા મનની આંખોથી જોવાની શક્તિ ખોઈ નાખી છે. હવે આપણે જાણે-અજાણે આપણી જાતને પરમેશ્વરની સામે મૂકવાની કલ્પના પણ કરી શકતા નથી. આપણે અન્ય સાથેના વ્યક્તિગત સંપર્કોમાં ભંગીત રોટલી અને રેડાયેલ દ્રાક્ષારસ બનવા કરતા મધ્યસ્થીના ક્ષેત્રમાં ભંગિત રોટલી અને રેડાયેલ દ્રાક્ષારસ બનીએ તે વાસ્તવમાં ખૂબ જ મહત્વનું છે. કલ્પના કરવાની શક્તિ એવી શક્તિ છે જે પરમેશ્વર પોતાના પવિત્ર થયેલ સેવકને આપે છે જેથી તે પોતાનાથી પેલે પાર જઈ શકે અને જેનો તેણે આગાઉ ક્યારેય અનુભવ ના કર્યો હોય તેવા સંબંધમાં મક્કમતાપૂર્વક મૂકી શકાય.

## શું તમારું મન પરમેશ્વર પર સ્થિર છે?

*“દ્રઢ મનવાળાને તું શાંત જ રાખીશ; કેમ કે તેનો ભરોસો તારા પર છે.”*
*(યશાયા ૨૬:૩)*

શું તમારું મન પરમેશ્વર પ્રત્યે દ્રઢ છે કે પછી તે ભૂખે મરે છે? એક સેવકના જીવનમાં ધ્યાન ના રાખવાને કારણે મનનું કુપોષણ થવું તે નિર્ગતતા અને નબળાઈનું એક મુખ્ય કારણ છે. જો તમે તમારી જાતને પરમેશ્વર આગળ મૂકવા માટે તમારા મનનો ઉપયોગ કર્યો નથી તો હમણાં તે શરૂ કરો. પરમેશ્વર તમારી પાસે આવે તેની રાહ જોવી વ્યર્થ છે. તમારે તમારા વિચારોને અને પોતાની આંખોને મૂર્તિઓના ચહેરા પરથી હટાવવાના છે અને પરમેશ્વર તરફ જોવાનું છે અને તારણ પામવાનું છે (યશાય ૪૫:૨૨).

તમારું સર્જનાત્મક મન તે તો સૌથી મહાન વરદાન છે જે પરમેશ્વરે તમને આપ્યું છે અને તેને પરમેશ્વરને માટે સંપૂર્ણ સમર્પિત કરવું જોઈએ. તમારે પ્રયત્ન કરવો જોઈએ “...દરેક વિચારને વશ કરીને ખ્રિસ્તની આધીનતામાં લાવીએ...”(૨ કરિંથી ૧૦:૫). જ્યારે કસોટીનો સમય આવશે ત્યારે આ તમારા વિશ્વાસની ખૂબ જ મહાન ઉપયોગી ચીજ હશે કેમ કે કસોટીના સમયે તમારો વિશ્વાસ અને પરમેશ્વરનો આત્મા સાથે મળીને કાર્ય કરશે, જ્યારે તમારી પાસે પરમેશ્વરને માન આપવા યોગ્ય વિચારો અને ખ્યાલો છે ત્યારે પ્રકૃતિમાં થતી બધી ઘટના જેવી કે-સૂર્યોદય તથા સૂર્યાસ્ત, ચંદ્ર અને તારાઓનું પ્રકાશવું, અને ઋતુઓનું બદલાવવું આ બધામાં તેની સરખામણી કરવા અને જોડવાનું શીખશો. તમે જોઈ શકશો કે તમારા વિચારો પણ પરમેશ્વર તરફથી આવ્યા છે. અને તમારું મન તમારા આવેગી વિચારોના નિયંત્રણ પર નિર્ભર નહી રહે, પરંતુ હંમેશા પરમેશ્વરની સેવામાં વપરાશે.

“અમારા પિતૃઓએ તેમ અમે પણ પાપ કર્યું છે...અને...સમજ્યા નહિ...”(ગી. શા. ૧૦૬:૬-૭). તો પોતાની યાદશક્તિને ઢંઢોળો અને તરત જાગી જાવ. પોતાની જાતને એમ ના કહેશો કે, “પરંતુ પરમેશ્વર હાલ તો મારી સાથે વાત નથી કરી રહ્યા.” તેમણે તમારી સાથે વાત કરવી જોઈએ. યાદ રાખો કે તમે કોના છો અને કોની સેવા કરો છો. અને આ યાદ રાખવા માટે પોતાને ઉત્સાહિત કરો, અને પરમેશ્વર પ્રત્યેનો તમારો પ્રેમ દસ ગણો વધી જશે. તમારું મન કુપોષણનો શિકાર નહિ બને, પરંતુ ઝડપી અને ઉત્સાહિત થશે, અને તમારી આશા અવર્ણનીય રીતે ચમકદાર બનશે.

## શું પરમેશ્વરની વાત તમે સાંભળી રહ્યા છો?

*“અને તેઓએ મૂસાને કહ્યું કે, ‘તું અમારી સાથે બોલ, ને અમે તે સાંભળીશું; પણ દેવ અમારી સાથે ન બોલે, રખેને અમે માર્યા જઈએ’”*
*(નિર્ગમન ૨૦:૧૯)*

આપણે સભાનતામાં અને સમજીવિચારીને પરમેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી, પરંતુ આપણે કેવળ તેમને સાંભળતા નથી. પરમેશ્વરે આપણને તેમની આજ્ઞાઓ આપી છે તેના પ્રત્યે આપણે ધ્યાન આપતા નથી એનું કારણ એ નથી કે આપણી સમજીવિચારીને અવજ્ઞા કરીએ છીએ પરંતુ કારણ એ છે કે આપણે ખરેખર તેમને પ્રેમ કરતાં નથી અને આદર કરતા નથી. “જો તમે મારા પર પ્રેમ રાખો છો, તો મારી આજ્ઞાઓ પાળશો”(યોહાન ૧૪:૧૫). જ્યારે આપણને સમજ પડશે કે આપણે પરમેશ્વર પ્રત્યે સતત અનાદર કરી રહ્યા છીએ, ત્યારે તેમની અવગણના કરવાના કારણે આપણે શરમથી લદાઈ જઈશું.

“...તું અમારી સાથે બોલ...પણ પરમેશ્વર અમારી સાથે ન બોલે...” આપણે પરમેશ્વરની વાત સાંભળવાનું પસંદ કરવાના બદલે તેના સેવકોની વાત સાંભળવાનું પસંદ કરવા દ્વારા એ દર્શાવી આપીએ છીએ કે આપણા હૃદયમાં કેટલો થોડો જ પ્રેમ પરમેશ્વર માટે છે. આપણને વ્યક્તિગત સાક્ષીઓ સાંભળવાનું ગમે છે પરંતુ પરમેશ્વર પોતે જ આપણી સાથે વાત કરે તે આપણે પસંદ કરતા નથી. પરમેશ્વર આપણી સાથે વાત કરે એના કારણે આપણને આટલો ડર કેમ લાગે છે? એનું કારણ આપણે જાણીએ છીએ કે જ્યારે પરમેશ્વર આપણી સાથે વાત કરે છે ત્યારે તે આપણને જે કહે છે તે આપણે કરવું જ પડશે અથવા આપણે તેમને કહીશું કે અમે તમારી આજ્ઞા નહિ માનીએ. પરંતુ જો પરમેશ્વરના સેવકમાંથી કોઈ આપણી સાથે વાત કરે તો આપણે એમ સમજીએ છીએ કે આજ્ઞાપાલન વૈકલ્પિક છે, આદેશાત્મક નથી, આપણે એમ કહીને પ્રત્યુત્તર આપીએ છીએ કે, “સારુ, આ ફક્ત તમારો જ વિચાર છે, જો કે તમે જે કહો છો  તે વાતનો હું નકાર નથી કરતો કદાચ તે પરમેશ્વરનું સત્ય જ છે.” જ્યારે તે પ્રેમપૂર્વક મને પોતાનો બાળક સમજીને સતત વ્યવહાર કરવાનું ચાલુ રાખે ત્યારે શું હું પરમેશ્વરની અવગણના કરીને સતત તેમનું અપમાન કર્યા કરું છું? અંતે જ્યારે હું તેમની વાણી સાંભળું છું, ત્યારે જે અપમાન હું તેમના ઉપર લાદતો રહ્યો હતો તે ફરીને મારા પર પાછા આવે છે, ત્યારે મારો પ્રત્યુત્તર એમ હોય છે કે, “પ્રભુ શા માટે હું આટલો લાગણીશૂન્ય અને હઠીલો બન્યો?” જ્યારે આપણે પરમેશ્વરને સાંભળીએ છીએ ત્યાર પછી હંમેશા આ પરિણામ હોય છે, પરંતુ અંતે આપણે પરમેશ્વરને સાંભળવાનું મોડુ કર્યું તેના કારણે લાગતી શરમથી તેમને સાંભળવાનો આનંદ ઓછો થઈ જાય છે.

## સાંભળવામાં સમર્પણ

*"...શમુએલે ઉત્તર આપ્યો કે, બોલ; કેમ કે તારો સેવક સાંભળે છે"*
*(૧ શમુએલ ૩:૧૦)*

પરમેશ્વર તરફથી મેં એક વાતને કાળજીપૂર્વક અને એકાગ્રતાથી સાંભળી તેનો અર્થ એ નથી કે હું પરમેશ્વરની બધી વાતને હું સાંભળીશ. પરમેશ્વર જે કંઈ કહે છે તે તરફ મારા હૃદય અને મનમાં લાગણીશૂન્ય બનવા દ્વારા પરમેશ્વર પ્રત્યે મારામાં પ્રેમ અને આદરનો અભાવ છે તેમ હું દર્શાવું છું. જો હું મારા મિત્રને પ્રેમ કરું છું તો હું સહજતાથી તરત સમજી જઉં છું કે તેને શું જોઈએ છે. અને ઈસુએ કહ્યું, "તમે મારા મિત્ર છો..." (યોહાન ૧૫:૧૪) શું આ અઠવાડિયામાં મેં મારા પ્રભુની કોઈ આજ્ઞાનો ભંગ કર્યો છે? જો હું તે સમજ્યો હોત કે આ ઈસુની આજ્ઞા હતી તો મેં જાણીજોઈને આજ્ઞાભંગ કર્યો ના હોત. પરંતુ આપણામાંથી ઘણાં બધા પરમેશ્વર પ્રત્યે માન્યામાં ન આવે તેવો ઘોર અનાદર દર્શાવીએ છીએ કારણ કે આપણે તેમને સાંભળતા જ નથી, તેમનું બોલવું અને ના બોલવું આપણે માટે જાણે કે સમાન જ હોય છે.

મારા આત્મિક જીવનનું લક્ષ્ય છે કે ઈસુ ખ્રિસ્ત સાથે એટલા એકરૂપ થવું કે હું હંમેશા પરમેશ્વરની વાણી સાંભળું અને જાણું કે પરમેશ્વર મારું સાંભળે છે (જુઓ યોહાન ૧૧:૪૧). જો હું ઈસુ ખ્રિસ્ત સાથે એકરૂપ થયો છું તો હું સાંભળવાના સમર્પણ દ્વારા દરેક સમયે પરમેશ્વરને સાંભળું છું. એક ફૂલ, એક વૃક્ષ કે પરમેશ્વરના સેવક તેઓ દરેક પરમેશ્વરનો સંદેશો મારા સુધી પહોંચાડે છે. બીજી ચીજો તરફનું મારું ધ્યાન મને પરમેશ્વરની વાણી સાંભળતા અટકાવે છે. એવું નથી કે હું પરમેશ્વરની વાણી સાંભળવા નથી માંગતો પરંતુ મારા જીવનના ક્ષેત્રોમાં મારું સમર્પણ યોગ્ય નથી. મારું સમર્પણ તો વસ્તુઓ પ્રત્યે, સેવા પ્રત્યે અને મારી પોતાની ધારણાઓ પ્રત્યે છે. પરમેશ્વરને જે કહેવું હોય તે કહે પરંતુ મને તે સંભળાતું નથી. પરમેશ્વરના સંતાનનું વલણ એવું હોવું જોઈએ કે, "બોલ કેમ કે તારો સેવક સાંભળે છે." જો મેં સાંભળવાના આ સમર્પણનો વિકાસ નથી કર્યો, તેનું પોષણ નથી કર્યું તો હું પરમેશ્વરનો અવાજ ફક્ત ખાસ સમયોમાં જ સાંભળી શકું છું, બાકીના અન્ય સમયોમાં હું પરમેશ્વર પ્રત્યે બહેરો બની જાઊં છું કારણ કે મારું ધ્યાન અન્ય બાબતો પ્રત્યે છે- એવી બાબતો જે હું સમજુ છું કે મારે કરવી જોઈએ. પરમેશ્વરના બાળકના જીવનની આ રીત નથી. શું તમે આજે પરમેશ્વરનો અવાજ સાંભળ્યો છે.

## સાંભળવાની શિસ્ત

*“હું તમને અંધારામાં જે કહું છું તે તમે અજવાળામાં કહો,*
*ને તમે કાને જે સાંભળો છો તે ધાબાંઓ પરથી પ્રગટ કરો”*
*(માથ્થી ૧૦:૨૭)*

કેટલીકવાર પરમેશ્વર આપણને અંધકારના અનુભવો અને શિસ્તમાંથી દોરી લઈ જાય છે જેથી કરીને તે આપણને તેની વાત સાંભળવાનું અને આધીન થવાનું શીખવે. ગાનાર પક્ષીઓને અંધકારમાં ગાવાનું શીખવવામાં આવે છે, અને જ્યાં સુધી આપણે તેમને સાંભળવાનું શીખીએ નહિ ત્યાં સુધી પરમેશ્વર આપણને “તેના હાથની છાયામાં સંતાડે છે”(યશાયા ૪૯:૨). “હું તમને અંધારામાં જે કહું છું...” જ્યારે પરમેશ્વર તમને અંધારામાં મૂકે ત્યારે ધ્યાન આપો, અને જ્યાં સુધી તમે અંધકારમાં છો ત્યાં સુધી તમારું મોં બંધ રાખો. શું તમે તમારી પરિસ્થિતિઓમાં અથવા પરમેશ્વર સાથેના જીવનમાં હાલમાં અંધારામાં છો? જો એમ છે, તો શાંત રહો, જો અંધારામાં તમારું મોં ઉઘાડશો તો, તમે ખોટી મનોદશામાં રહીને બોલશો- પરંતુ અંધકાર તે સાંભળવાનો યોગ્ય સમય છે. તેના સંબંધી અન્ય લોકો સાથે વાત ન કરશો; અંધકારનું કારણ જાણવા માટે પુસ્તકો ન વાંચશો; ફક્ત સાંભળો અને આજ્ઞા પાલન કરો. જો તમે અન્ય લોકો સાથે વાત કરશો, તો પરમેશ્વર તમને જે કહી રહ્યા છે તે સાંભળી નહિ શકો. જ્યારે તમે અંધારામાં છો ત્યારે સાંભળો, અને જ્યારે તમે અજવાળામાં પાછા આવશો ત્યારે પરમેશ્વર તમને બીજા કોઈ વ્યક્તિ માટે અમૂલ્ય સંદેશ આપશે.

અંધકારના હરેક સમય પછી, આપણે આનંદ અને શરમનો મિશ્ર અનુભવ કરીશું. જો ફક્ત આનંદ થાય છે તો મને શંકા થાય છે કે શું આપણે પરમેશ્વરને ખરેખર સાંભળ્યા છે કે કેમ? પરમેશ્વરને બોલતા સાંભળ્યા તે માટે આપણને આનંદ થવો જોઈએ, પરંતુ તેમને બોલતા સાંભળવા માટે આપણને આટલો બધો સમય લાગ્યો તે માટે શરમ લાગવી જોઈએ, અને ત્યારે આપણે પોકારી ઊઠીશું કે, “પરમેશ્વર મને જે કહી રહ્યા છે તે સાંભળવામાં અને સમજવામાં હું કેટલો ધીમો છું!” અને છતાં પણ, પરમેશ્વર આ કેટલા દિવસો અને અઠવાડિયાઓથી કહી રહ્યા છે. પરંતુ એકવાર જ્યારે તમે તેમને સાંભળી લો છો ત્યાર પછી તે તમને શરમિંદગીનું દાન આપે છે, જે હૃદયમાં એક કોમળતા લાવે છે જે હવેથી હંમેશા તમને પરમેશ્વરનું સાંભળવામાં મદદ કરશે.

## "શું હું મારા ભાઈનો રખેવાળ છું?"

*"...આપણામાંનો કોઈ પણ પોતાને અર્થે જીવતો નથી..."*
*(રોમનોને પત્ર ૧૪:૭)*

શું આ વાત તમારી સમજમાં આવી છે કે તમે પરમેશ્વર આગળ આત્મિક રીતે બીજાઓ માટે જવાબદાર છો? ઉદાહરણ તરીકે, જો હું મારા અંગત જીવનમાં પોતાને પરમેશ્વરથી દૂર થવા દઉં છું તો મારી આસપાસના બધા લોકોને મુશ્કેલી થાય છે. આપણે "સ્વર્ગીય સ્થાનોમાં તેની સાથે બેસાડ્યા (બેઠા છીએ)..." (એફેસી ૨:૬). "જો એક અવયવ દુ:ખી થાય તો તેની સાથે સર્વ અવયવો દુ:ખી થાય છે;..."(૧ કરિંથી ૧૨:૨૬). જો, તમે શારીરિક સ્વાર્થ, માનસિક નિષ્કાળજી, નૈતિક લાગણીશૂન્યતા અથવા આત્મિક નિર્બળતાને આવવા દો છો તો જેટલા લોકો તમારા સંપર્કમાં છે તેઓ સર્વને કષ્ટ સહન કરવું પડશે. પરંતુ તમે પૂછશો કે, "આટલા ઊંચા માપદંડ અનુસાર કોણ જીવી શકે?" "...અમારી યોગ્યતા પરમેશ્વર તરફથી છે" અને ફક્ત પરમેશ્વર તરફથી જ છે. (૨ કરિંથી ૩:૫).

"...તમે મારા સાક્ષી થશો" (પ્રે. કૃ. ૧:૮). આપણામાંથી કેટલા બધા એવા છે જે પોતાની સંવેદના માનસિક, નૈતિક અને આત્મિક શક્તિનો સંપૂર્ણપણે ઈસુ ખ્રિસ્તને માટે ખર્ચી નાંખવા તૈયાર હોય? જ્યારે પરમેશ્વર *સાક્ષી* શબ્દ વાપરે છે ત્યારે તેમનો અર્થ આ થાય છે. પરંતુ તેમાં સમય લાગે છે, આથી પોતાની જાત પ્રત્યે ધીરજ રાખો. પરમેશ્વરે આપણને આ પૃથ્વી પર કેમ રાખ્યા છે? શું ફક્ત તારણ પામવા અને પવિત્રીકરણ પામવા માટે જ? ના, પરંતુ એ માટે કે આપણે તેમની સેવાના કામમાં લાગુ રહીએ. શું હું પરમેશ્વર માટે ભંગીત રોટલી અને રેડાયેલ દ્રાક્ષારસ બનવા તૈયાર છું? શું હું લોકોને પ્રભુ ઈસુ ખ્રિસ્તના શિષ્ય બનાવવાના કામમાં આવવાના ઉદ્દેશ સિવાય આ જમાનાના અથવા આ જીવનના બાકીના સર્વ ઉદ્દેશો માટે તુચ્છ ઠરાવવામાં આવું તે માટે તૈયાર છું? પરમેશ્વર પ્રત્યેની મારી સેવાનું જીવન, તેમને તેમના અવર્ણનીય અદ્ભુત તારણના માટે "ધન્યવાદ" કહેવાની એક રીત છે. યાદ રાખો, જો આપણે પરમેશ્વરની સેવા કરવાના કામમાં આવવાનું નકારીએ છીએ તો તે આપણામાંથી કોઈને પણ રદ કરીને એક તરફ કરી તે સંભવ છે. "... રખેને બીજાઓને સુવાર્તા પ્રગટ કર્યા છતાં કાદચ હું પોતે નાપસંદ થાઉં."
(૧ કરિંથી ૯:૨૭).

ફેબ્રુઆરી ૧૬

## આત્મિક પહેલની પ્રેરણા

*"...મૂએલાંમાંથી ઊઠ..."*
*(એફેસી ૫:૧૪)*

દરેક પહેલ, કે પ્રથમ પગલું ભરવાની ઈચ્છાની પ્રેરણા પરમેશ્વર તરફથી નથી હોતી. કોઈ તમને એમ કહી શકે છે કે, "ઊઠો અને કામ કરવા લાગો! તમારી અનિચ્છાનું ગળુ પકડીને તેને બહાર ફેંકી દો- જે કરવાનું છે તે જલ્દી કરવાનું શરૂ કરો!" આ બાબતને સામાન્ય માનવીય પહેલ કહેવાય, પરંતુ જ્યારે પરમેશ્વરનો આત્મા આપણી પાસે આવીને આપણને કંઈક આવું કહે છે કે, "ઊઠો અને કામ કરવા લાગો," ત્યારે આપણને ખબર પડે છે કે આ પહેલ ઈશ્વરપ્રેરિત છે.

જ્યારે આપણી ઊંમર ઓછી હોય છે ત્યારે આપણી પાસે ઘણાં સ્વપ્નો અને આકાંક્ષાઓ હોય છે કે આપણી પાસે તે પૂર્ણ કરવાની શક્તિ નથી. જે આપણે કરવા માંગીએ છીએ તે આપણે કરી શકતા નથી આથી આપણે આપણા સ્વપ્ના અને આકાંક્ષાઓને મરેલા સમજીએ છીએ. પરમેશ્વર તેમની પ્રેરણા મોકલે છે ત્યારે તે આપણી પાસે એવા ચમત્કારિક સામર્થ્યમાં આવે છે કે આપણે "મૂએલામાંથી ઊઠી" શકીએ છીએ અને અશક્ય કામો કરી શકીએ છીએ. આત્મિક પહેલની નોંધપાત્ર બાબત એ છે કે જ્યારે આપણે "ઊઠી અને કામ કરવા લાગીએ" છીએ ત્યાર પછી જીવન અને સામર્થ્ય આવે છે. પરમેશ્વર આપણને ફક્ત વિજયી જીવન નથી આપતા પરંતુ તે આપણને વિજયી થવાની સાથે સાથે જીવન આપે છે. જ્યારે પરમેશ્વરની પ્રેરણા આવે છે અને તે કહે છે, "...મૂએલાંમાંથી ઊઠ..." ત્યારે આપણે પોતે ઊઠવાનું હોય છે; પરમેશ્વર આપણને ઊભા નહિ કરે. સૂકાઈ ગયેલા હાથવાળા માણસને આપણા પ્રભુએ કહ્યું, "તારો હાથ લાંબો કર" (માથ્થી ૧૨:૧૩). જેવો તે માણસે હાથ લાંબો કર્યો કે તરત તેનો હાથ સાજો થયો, પરંતુ તેણે પહેલ કરવી પડી હતી. જો આપણે વિજયી બનવા માટે પહેલ કરી છીએ ત્યારે આપણને માલૂમ પડે છે કે આપણને પરમેશ્વરની પ્રેરણા છે, કારણ કે તે તરત જ આપણને જીવનનું સામર્થ્ય આપે છે.

## ઉદાસીનતા વિરુદ્ધ પહેલું પગલું ભરવું

*"ઊઠીને ખા" (૧ રાજા ૧૯:૫)*

આ વચનોમાં સ્વર્ગદૂતે એલિયાને કોઈ દર્શન નથી આપ્યું અથવા તેને પવિત્રશાસ્ત્રનો કોઈ ખુલાસો નથી આપ્યો અથવા કોઈ અસાધારણ કાર્ય નથી કર્યું. તેણે એલિયાને ખૂબ સાદુ કામ કરવાનું કહ્યું અર્થાત્ ઊઠીને ખા. જો આપણે ક્યારેય ઉદાસ નથી થતા તો આપણે જીવંત ના હોઈએ, ફક્ત ભૌતિક પદાર્થો જ ઉદાસીનતાનો અનુભવ નથી કરતા. જો માણસો ઉદાસ નથી થતા એ યોગ્ય નથી, તો આપણે આનંદોલ્લાસ અને પ્રસન્નતાની ક્ષમતા નથી. જીવનમાં એવી બાબતો છે જેને કારણે આપણું ઉદાસ થવું સ્વાભાવિક છે, ઉદાહરણ તરીકે, મરણ સાથે સંબંધિત બાબતો. જ્યારે પણ તમે પોતાની જાતની પરીક્ષા કરો ત્યારે ઉદાસ થવાની તમારી ક્ષમતાને હંમેશા ધ્યાનમાં રાખો.

જ્યારે પણ પરમેશ્વરનો આત્મા આપણી પાસે આવે છે ત્યારે તે આપણને ગૌરવી દર્શનો નથી આપતો, પરંતુ તે આપણને કલ્પનામાં ના આવે એવું સૌથી સાધારણ કામ કરવાનું કહે છે. ઉદાસીનતા આપણને પરમેશ્વરના સર્જનની દૈનિક સાધારણ બાબતોથી દૂર કરે છે પરંતુ જ્યારે પરમેશ્વર વચ્ચે પડે છે ત્યારે તેમની પ્રેરણા સ્વાભાવિક, સાધારણ કામ કરવાને માટે હોય છે; એવી બાબતો જેમના માટે આપણે કદી કલ્પના પણ ના કરી હોય કે પરમેશ્વર એમાં હોઈ શકે છે પરંતુ જ્યારે આપણે તે કરીએ છીએ ત્યારે આપણે તેમને તેમાં જોઈએ છીએ. આ રીતે આવતી પ્રેરણા ઉદાસીનતાની વિરુદ્ધ એક પહેલ છે. પરંતુ આપણે પ્રથમ પગલું ભરવાનું છે અને આ પરમેશ્વરની પ્રેરણામાં કરવાનું છે જો આપણે ફક્ત આપણી ઉદાસીનતા પર વિજય પામવા માટે કોઈ કામ કરીએ છીએ તો આપણી ઉદાસીનતા વધી જાય છે. પરંતુ જ્યારે પરમેશ્વરનો આત્મા સહજતાથી કંઈ કરવામાં આપણી આગેવાની લે છે ત્યારે જેવું આપણે તે કામ કરીએ છીએ કે તરત જ આપણી ઉદાસીનતા ગાયબ થઈ જાય છે. જેવા આપણે ઊઠીને આજ્ઞા પાળીએ છીએ ત્યારે આપણે જીવનના એક વધુ ઊંચા સ્તરમાં પ્રવેશ કરીએ છીએ.

# નિરાશા વિરુદ્ધ પહેલ કરવી

*"ઊઠો, આપણે જઈએ..."*
*(માથ્થી ૨૬:૪૬)*

ગેથસેમાને બાગમાં, જ્યારે ઈસુના શિષ્યોએ જાગતા રહેવું જોઈતું હતું, ત્યારે તેઓ સૂઈ ગયા અને જ્યારે તેમને પોતાની ભૂલનું ભાન થયું ત્યારે તેમના મનમાં ખૂબ નિરાશા ઉત્પન્ન થઈ. કોઈ એવું કામ જેને પાછું બદલી ના શકાય તે થઈ ગયાની સમજણ આપણને નિરાશ કરે છે. આપણે કહીએ છીએ કે, "બધું પૂર્ણ થઈ ગયું, હવે કોશિશ કરવાથી શો લાભ." જો આપણે એવું વિચારીએ છીએ કે આ પ્રકારની નિરાશા કેટલાક લોકોની જ હોય છે તો તમે ભૂલ કરો છો. આ તો ખૂબ સામાન્ય માનવી અનુભવે છે. જ્યારે આપણે એવું સમજીએ છીએ કે આપણે એક ઉત્તમ તકનો ફાયદો નથી ઉઠાવ્યો ત્યારે આપણે નિરાશામાં ડૂબી શકીએ છીએ. પરંતુ ઈસુ આવે છે અને પ્રેમથી કહે છે. "હવે ઊંઘ્યા કરો. તે તક હંમેશને માટે ગુમાવી દીધી છે, તમે તેને બદલી શકતા નથી. પરંતુ ઊઠો અને ચાલો આપણે બીજું કામ કરીએ." બીજા શબ્દોમાં તે ભૂતકાળને ઊંઘવા દો, પરંતુ તેને ખ્રિસ્તના મધુર આલિંગનમાં ઊંઘવા દો અને આવો આપણે ખ્રિસ્ત સાથે અજેય ભવિષ્ય તરફ જઈએ.

આપણા દરેકના જીવનમાં આ પ્રકારના અનુભવો આવશે. આપણા જીવનમાં વાસ્તવિક ઘટનાઓના કારણે આપણે નિરાશાનો સામનો કરીશું, અને આપણે પોતે પોતાને તેમાંથી બહાર કાઢવાને અશક્તિમાન બનીશું. આ ઘટનામાં ઈસુના શિષ્યોએ એવું કામ કર્યું હતું જે વિચારી પણ ના શકાય - તેઓ ઈસુની સાથે જાગતા રહેવાને બદલે ઊંઘી ગયા હતા. પરંતુ આપણા પ્રભુ તેમની પાસે આવે છે અને તેમની નિરાશાની વિરુદ્ધ આત્મિક પહેલ કરી અને કંઈક આવું કહે છે કે, "ઊઠો અને બીજુ કામ કરો" જો આપણે પરમેશ્વર દ્વારા પ્રેરણા પામતા હોઈએ તો, હવે તે બીજું કામ શું છે? તે તો સંપૂર્ણ રીતે તેમના પર ભરોસો રાખવો અને તેમના ઉદ્ધારના આધાર પર પ્રાર્થના કરવી.

ભૂતકાળની વીતી ગયેલ નિષ્ફળતાને ભવિષ્યના તમારા પોતાના પગલાંને ક્યારેય પરાજિત કરવા ન દો.

## નીરસ કામની વિરુદ્ધ પહેલ કરવી

*“ઊઠ પ્રકાશિત થા...”*
*(યશાયા ૬૦:૧)*

જ્યારે નીરસ કામની વિરુદ્ધ પહેલ કરવાનો પ્રશ્ન આવે છે ત્યારે આપણે પ્રથમ પગલું એવી રીતે ભરવું પડે છે કે જાણે પરમેશ્વર છે જ નહિ, પરમેશ્વરની મદદ માટે રાહ જોવાનો કોઈ ફાયદો નથી- તે આપણી મદદ નહિ કરે પરંતુ એકવાર જ્યારે આપણે ઊઠીશું ત્યારે આપણે જોઈશું કે તે ત્યાં જ છે. જ્યારે પણ પરમેશ્વર આપણને તેમની પ્રેરણા આપે છે ત્યારે અચાનક પહેલ કરવી તે નૈતિક વિષય બની જાય છે અને આજ્ઞાપાલનની બાબત બની જાય છે. ત્યારે આપણે આજ્ઞા પાળવા માટે કાર્ય કરવું પડશે, અને કંઈજ કર્યા વિના પડી રહેવાનું રોકવું પડશે. જો આપણે ઊઠીશું અને પ્રકાશિત થઈશું, તો નીરસ કામ દૈવી રીતે રૂપાંતરિત થઈ જશે.

આપણા ચારિત્રની યથાર્થતા સત્યતાનો નિર્ણય કરવા માટે નીરસ કામ એક ઉત્તમ કસોટી છે. નીરસ કામ તો આપણે જેને આદર્શ કામ કહીએ છીએ તેનાથી વિરુદ્ધનું છે. કઠીન, તુચ્છ, થકવી નાખનારા અને ગંદા કામોને નીરસ કામ કહેવાય છે. અને જ્યારે આપણે તેનો અનુભવ કરીએ છીએ, તેના સંપર્કમાં આવીએ છીએ ત્યારે આપણી આત્મિકતાની તરત જ કસોટી થાય છે, અને આપણે સમજી જઈએ છીએ કે આપણે આત્મિક રીતે વાસ્તવિક છીએ કે નહિ. યોહાન ૧૩ વાંચો. આ અધ્યાયમાં માનવ દેહધારી પરમેશ્વરને નીરસ કામોમાંનું સૌથી મહાન ઉદાહરણમાંનું એક એવા માછીમારોના પગ ધોવાનું નીરસ કામ કરતા જોઈએ છીએ. ત્યારબાદ તે તેમને કહે છે કે, “મેં પ્રભુએ તથા ગુરુએ જો તમારા પગ ધોયા, તો તમારે પણ એકબીજાના પગ ધોવા જોઈએ” (યોહાન ૧૩:૧૪). જો નીરસ કામને પરમેશ્વરના પ્રકાશ પડવા દ્વારા પ્રકાશિત કરવું હોય તો તેના માટે પરમેશ્વરની પ્રેરણા જરૂરી છે. કેટલાક કિસ્સાઓમાં એક વ્યક્તિ કોઈ કામને કઈ રીતે કરે છે તે બાબત તે કાર્યને હંમેશને માટે પવિત્ર બનાવી દે છે. તે કદાચ એક મામૂલી દૈનિક કાર્ય હોઈ શકે, પરંતુ આપણે તેને જ્યારે પૂર્ણ થયા બાદ જોઈએ છીએ તો તેનું રૂપ બદલાય જાય છે. જ્યારે પ્રભુ આપણા દ્વારા કશું કરે છે ત્યારે તે હંમેશા તેનાં રૂપને બદલી નાંખે છે. આપણા પ્રભુએ આપણા માનવીય દેહને ધારણ કરીને તેનું રૂપાંતર કરી નાંખ્યું, અને હવે દરેક વિશ્વાસીનું શરીર “પવિત્ર આત્માનું મંદિર” બની ગયું છે (૧ કરિંથી ૬:૧૯).

## દિવાસ્વપ્ન વિરુદ્ધ પહેલ કરવી

*"ઊઠો, અહીંથી આપણે જઈએ"*
*(યોહાન ૧૪:૩૧)*

કોઈ કામો યોગ્ય રીતથી કરવા અંગે સ્વપ્નો જોવા સારું છે, પરંતુ જ્યારે આપણે કામ કરવામાં લાગુ હોવું જોઈએ તેના બદલે તે કામની કલ્પનાઓમાં તે સમયે ડૂબેલા રહેવું તે ખોટું છે. આ કલમોમાં આપણે એવી અપેક્ષા કરી શકીએ કે પોતાના શિષ્યોને આ અદ્‌ભુત વાતો કહ્યા પછી ઈસુ તેમને કહેશે કે તેઓ જઈને આ વાત પર મનન કરે. પરંતુ ઈસુએ નકામી કલ્પનાઓની સંમતિ ક્યારેય નથી આપી. જ્યારે આપણો ઉદ્દેશ પરમેશ્વરને શોધવાનો અને આપણા માટે તેમની ઈચ્છાઓને જાણવાનો અને તેને પૂરી કરવાનો છે તો કલ્પના કરવી એ યોગ્ય અને સ્વીકાર્ય છે. પરંતુ જે વાતો આપણને કરવા માટે જણાવવામાં આવી ચૂકી છે ત્યારે હવે આપણે તે વાતો વિશે કલ્પના કરવા લાગીએ છીએ તો તે અસ્વીકાર્ય છે અને તેની પર પરમેશ્વરનો આશીર્વાદ ક્યારેય નથી હોતો. આપણને કાર્યરત કરવા પરમેશ્વર આપણને આર ભોંકે છે અને આ દ્વારા દિવાસ્વપ્નની વિરુદ્ધ પહેલ કરે છે. તેમની સૂચના આપણને આ મુજબ હોય છે : "ત્યાં બેસી રહેશો કે ઊભા રહેશો નહિ, જાઓ!"

જો પરમેશ્વરે આપણને "...તમે પોતે ઉજ્જડ ઠેકાણે એકાંતમાં આવો..." (માર્ક ૬:૩૧) એમ કહ્યા પછી પણ જો આપણે તેમની આગળ ચૂપચાપ રાહ જોતા ઊભા રહીએ છીએ તો આ બાબતને તેમની ઈચ્છા જાણવા માટે મનન કહેવાય છે. પરંતુ જો, પરમેશ્વરે એકવાર જણાવી દીધું છે ત્યારબાદ પણ ફક્ત કલ્પનાઓમાં ડૂબેલા રહેવાથી સાવધાન રહો. પરમેશ્વરને તમારા તમામ સ્વપ્નો, આનંદ અને પ્રસન્નતાઓનો સ્રોત બનવા દો, અને તેમણે જે આજ્ઞા આપી છે તે જઈને પૂરી કરો. જો તમે કોઈના પ્રેમમાં છો, તો તમે બેસીને હરેક સમયે તેની કલ્પનાઓમાં ડૂબેલા રહેતા નથી, તમે જઈને તેને માટે કશુંક કરો છો. ઈસુ ખ્રિસ્ત પણ આપણી પાસે આવી જ અપેક્ષા રાખે છે. પરમેશ્વરે આપણને જણાવી દીધા પછી પણ દિવાસ્વપ્ન જોવા એ વાતનો સંકેત છે કે આપણે તેમના ઉપર ભરોસો કે વિશ્વાસ નથી રાખતા.

## શું તમે ખરેખર તેને પ્રેમ કરો છો?

*"...એણે મારા પ્રત્યે ભલું કામ કર્યું છે."*
*(માર્ક ૧૪:૬)*

જેને આપણે પ્રેમ કહીએ છીએ તે જો આપણને *સ્વ* થી ઉપર નથી લઈ જતો, તો તે સાચો પ્રેમ નથી. જો આપણો વિચાર એવો છે કે પ્રેમ હંમેશા સાવધાન, બુદ્ધિમાન, સમજદાર, ચાલાક કે વ્યવહારુ દ્રષ્ટિકોણ ધરાવનાર અને ક્યારેય કઠોર કાર્યવાહી ન કરે તો આપણે પ્રેમના સાચા અર્થને ચૂકી ગયા છીએ. આ પ્રેમનું વર્ણન હોઈ શકે છે અને તેનાથી આપણને એક ઉષ્માભર્યો સ્નેહાળ અહેસાસ થાય છે પરંતુ તે પ્રેમનું સાચુ અને યોગ્ય વર્ણન નથી. શું તમે ક્યારેય પરમેશ્વર માટે કંઈક કરવા વિવશ થયા છો, એવું વિચારીને નહિ કે આ કામ ઉપયોગી છે અથવા આ કામ કરવું મારી ફરજ છે, અથવા તેનાથી કોઈ ફાયદો છે, પરંતુ ફક્ત એટલા માટે કેમ કે તમે પરમેશ્વરને પ્રેમ કરો છો? શું તમે ક્યારેય આ વાતને સમજ્યા છો કે તમે પરમેશ્વરને એવી વસ્તુઓ પણ આપી શકો છો જે તેમના માટે મૂલ્યવાન છે? અથવા તમે આરામથી બેસીને તેમના ઉદ્ધારની મહાનતાની કલ્પનાઓમાં ડૂબેલા રહો છો, અને એ બાબતોની અવગણના કરો છો જેમાં તમે પરમેશ્વરને માટે લાગુ રહી શકો છો? હું એવા કાર્યોની વાત નથી કરતો જે અલૌકિક અને આશ્ચર્યજનક હોય, પરંતુ સામાન્ય, સાધારણ માનવીય કાર્યો જે પરમેશ્વરને એવી સાબિતી આપે કે તમે સંપૂર્ણ રીતે તેમને સમર્પિત છો. બેથાનીની મરિયમે પ્રભુ ઈસુના હૃદયમાં જે ઉત્પન્ન કર્યું હતું તે શું તમે ઉત્પન્ન કર્યું છે? "...એણે મારા પ્રત્યે ભલું કામ કર્યું છે."

એવા સમયો આવે છે જ્યારે એવું લાગે છે કે પરમેશ્વર એ જોઈ રહ્યા છે કે આપણો તેમના પ્રત્યેનો પ્રેમ કેટલો સાચો છે તે દર્શાવવા માટે આપણે તેમને સમર્પણની નાની ભેટો આપીએ. પરમેશ્વરને સમર્પિત થવું તે આપણી વ્યક્તિગત પવિત્રતા કરતા વધારે મૂલ્યવાન છે. આપણી વ્યક્તિગત પવિત્રતાની ચિંતા આપણને પોતાની જ ઉપર ધ્યાન રાખવા આપણને ફરજ પાડે છે, અને આપણે પરમેશ્વરને દુઃખી કરી બેસીશું એ ડરથી આપણે ચાલવા, બોલવા અને જોવાની રીતની વધારે ચિંતા કરીએ છીએ. એકવાર જ્યારે આપણે પરમેશ્વરને સમર્પિત થઈએ છીએ ત્યારે "...પૂરો પ્રેમ ભયને દૂર કરે છે..." (૧ યોહાન ૪:૧૮). "શું હું કોઈ કામનો છું?" એવો પ્રશ્ન આપણે આપણી જાતને પૂછવાનું બંધ કરવું જોઈએ અને એ સત્યને સ્વીકારી લેવું જોઈએ કે વાસ્તવમાં હું તેના કોઈ કામનો નથી. ઉપયોગી હોવું તે પ્રશ્ન નથી, પરંતુ પરમેશ્વરના માટે મૂલ્યવાન હોવું તે પ્રશ્ન છે. જ્યારે આપણે પરમેશ્વરને સંપૂર્ણપણે સમર્પિત થઈ જઈશું ત્યાર પછી તે દરેક સમયે આપણા દ્વારા કામ કરશે.

## ફેબ્રુઆરી ૨૨

# આત્મિક ધીરજની શિસ્ત

*"છાના રહો, નિશ્ચે જાણો કે હું પરમેશ્વર છું..."*
*(ગી. શા. ૪૬:૧૦)*

ધીરજ એ સહનશીલતાથી વધુ છે. આ તો સહનશીલતાની સાથે-સાથે સંપૂર્ણ આશ્વાસન અને નિશ્ચિતતા હોય છે કે જે વાતની આપણે રાહ જોઈએ છે તે થશે. ધીરજ રાખવાનો અર્થ જોરથી પકડી રાખવા કરતાં વધારે છે, કેમ કે તે ફક્ત એટલું જ દર્શાવે છે કે છોડી દઈશું તો પડી જવાનો ડર રહે છે. ધીરજ રાખવી એ આપણા બહાદુર વ્યક્તિની હાર થવાની છે એવું માનવનો નકાર કરવાનો એ આપણો શ્રેષ્ઠ પ્રયત્ન છે. આપણો સૌથી વધુ ડર એ વાતનો નથી કે આપણે નરકમાં જઈશું પરંતુ એ ડર છે કે કોઈક રીતે ઈસુ ખ્રિસ્ત હારી જશે. આ સિવાય આપણને એ પણ ડર છે કે આપણા પ્રભુએ જે બાબતોનું સમર્થન કર્યું તે બાબતો અર્થાત્ પ્રેમ, ન્યાય, ક્ષમા અને કૃપા અંતમાં તેમની જીત નહિ થાય પરંતુ એક એવું લક્ષ બનીને રહી જશે જેમને પૂરૂ કરી શકાતું નથી. ત્યારબાદ આત્મિક ધીરજનું તેડું આવે છે. આ તેડુ ફક્ત જોરથી પકડી રાખવાનું અને કશું કરવાનું નહિ, એવું નહિ પરંતુ પરમેશ્વર ક્યારેય હારશે નહિ એવું નિશ્ચિત જાણીને, સમજી-વિચારીને કાર્ય કરવા અંગે તેડું છે.

જો આપણી આશાઓ આ સમયે પૂર્ણ નથી થઈ રહી, તો એનો અર્થ એ કે તેમને શદ્ધ કરવામાં આવી રહી છે. માનવ મનની દરેક આશાઓ અથવા સ્વપ્ન જો તે ભલા છે અને પરમેશ્વર તરફથી છે તો તેને પૂરા કરવામાં આવશે. પરંતુ જીવનમાં સૌથી મોટા તનાવ માંથી એક તનાવ તે તો પરમેશ્વરની રાહ જોવાનું છે. પરમેશ્વર પરિપૂર્ણતા લાવે છે, "કારણ કે તેં મારા ધૈર્યનું વચન પાળ્યું છે..." (પ્રકટીકરણ ૩:૧૦) આત્મિક ધીરજ રાખવાનું ચાલુ રાખો.

## સેવા કરવાનો દ્રઢ નિશ્ચય

*“માણસનો દીકરો સેવા કરાવવાને નહિ,*
*પણ સેવા કરવાને...આવ્યો...”*
*(માથ્થી ૨૦:૨૮)*

ઈસુએ એમ પણ કહ્યું, “પણ હું તમારામાં સેવા કરનારના જેવો છું”(લૂક ૨૨:૨૭). સેવા અંગે પાઉલનો વિચાર પણ આપણા પ્રભુના જેવો જ હતો, “...અમે પોતે ઈસુને લીધે તમારા દાસો છીએ...”(૨ કરિંથી ૪:૫). આપણામાં આ વિચાર ઘર કરી ગયો છે કે જો કોઈ વ્યક્તિને સેવા માટે તેડવામાં આવ્યો છે, તો તેને અન્યથી અલગ અને બીજા લોકોથી ઊંચો થવા બોલાવાયો છે. પરંતુ ઈસુ ખ્રિસ્તના અનુસાર તે વ્યક્તિને બીજાઓ માટે “પગલૂછણિયું” બનવા બોલાવવામાં આવ્યો છે - તેઓનો આત્મિક આગેવાન બનવા માટે બોલાવાયો છે પરંતુ તેમનાથી અધિક શ્રેષ્ઠ થવા માટે ક્યારેય નહિ. પાઉલ કહે છે, “ગરીબ થવું હું જાણું છું...”(ફિલિપ્પી ૪:૧૨). સેવા અંગે પાઉલનો વિચાર એવો હતો કે બીજાઓ માટે પોતાના જીવનના છેલ્લા ટીંપા સુધી રેડી દેવું, અને તેની પ્રશંસા થાય કે દોષ આપવામાં આવે તેનાથી કોઈ જ ફર્ક પડતો નથી. જ્યાં સુધી એક પણ માણસ એવો હોય જે ઈસુને નથી જાણતો, જ્યાં સુધી તે ઈસુને નથી ઓળખતો ત્યાં સુધી પાઉલ તે માણસ માટે સેવાનો ઋણી છે તેવું અનુભવે છે. પાઉલની સેવા પાછળ પ્રમુખ પ્રેરણા બીજાઓ માટેનો પ્રેમ નહિ, પરંતુ તેના પ્રભુ પ્રત્યેનો પ્રેમ છે. જો આપણી સેવા-ભક્તિ માનવતાના કારણથી છે તો આપણે ખૂબ ઝડપથી હારી જઈશું અને હૃદય-ભંગ થઈશું, કારણ કે આપણને વારંવાર બીજાઓના ભયંકર કૃતઘ્નતાનો સામનો કરવો પડશે. પરંતુ જો પરમેશ્વર માટેનો આપણો પ્રેમ આપણને પ્રેરણા કરે છે તો, આપણને કેટલી પણ માત્રામાં કૃતઘ્નતા મળે તો પણ, તે આપણને એક-બીજાની સેવા કરવાથી રોકી શકતી નથી.

ખ્રિસ્તે તેની સાથે કેવો વ્યવહાર કર્યો હતો તે અંગેની પાઉલની સમજણ, બીજાઓની સેવા કરવા માટેના તેના દ્રઢનિશ્ચયની પાછળનું રહસ્ય હતું. “હું પહેલાં દુર્ભાષણ કરનાર તથા સતાવનાર તથા જુલમી હતો...” (૧ તિમોથી ૧:૧૩). બીજા શબ્દોમાં લોકો પાઉલની સાથે ચાહે કેટલો પણ ખરાબ વ્યવહાર કરે, તેઓ એટલા વિરોધ અને ઘૃણાનો વ્યવહાર કદી નહિ કરી શકે જેટલો તેણે પોતે ઈસુ ખ્રિસ્ત સાથે કર્યો હતો. જ્યારે આપણને એ સમજણ પ્રાપ્ત થાય છે કે ઈસુએ આપણી તુચ્છતા, આપણો સ્વાર્થ અને આપણા ભયંકર પાપમાં પણ આપણી સેવા કરી છે, તો આપણને બીજાઓ તરફથી ચાહે કોઈપણ બાબતનો સામનો કરવો પડે, તે ખ્રિસ્તની ખાતર બીજાઓની સેવા કરવાના આપણા દ્રઢનિશ્ચયનો ક્યારેય નાશ નહિ કરી શકે.

## બલિદાનનો આનંદ

*“હું તમારા આત્માઓને વાસ્તે ઘણી ખુશીથી...ખરચીશ તથા હું પંડે પણ ખરચાઈ જઈશ...”*
*(૨ કરિંથી ૧૨:૧૫)*

જ્યારે “પરમેશ્વરનો પ્રેમ પવિત્ર આત્મા દ્વારા આપણા હૃદયોમાં વહેવડાવામાં આવે છે ત્યારે,” આપણે સમજણપૂર્વક બીજાઓના જીવનોમાં ઈસુ ખ્રિસ્તને જે બાબતોમાં રસ છે તે ઉદ્દેશ સાથે પોતાને સમજણપૂર્વક એકરૂપ થવાનું શરૂ કરીએ છીએ (રોમનોને પત્ર ૫:૫). અને ઈસુને દરેક વ્યક્તિમાં વ્યક્તિગત રસ છે. ખ્રિસ્તી સેવામાં આપણને આપણી ઈચ્છાઓ અને રસ અનુસાર ચાલવાનો કોઈ અધિકાર નથી. હકીકતમાં, આ તો ઈસુ ખ્રિસ્ત સાથેના આપણા સંબંધોની સૌથી મોટી કસોટીઓમાંની એક છે. બલિદાનનો આનંદ એ છે કે હું મારા મિત્ર, ઈસુ માટે મારો પ્રાણ આપી દઉં (જુઓ યોહાન ૧૫:૧૩). મારા પ્રાણને ફેંકી દેતો નથી પરંતુ પરમેશ્વર માટે અને બીજાઓમાં તેમને જે રસ છે તે માટે ખુશીથી અને સમજણપૂર્વક હું તે આપું છું . પાઉલે પોતાનું જીવન ફક્ત એક જ હેતુથી ખર્ચી નાંખ્યું - કે તે ઈસુને માટે લોકોને જીતી લે. પાઉલે હંમેશા લોકોને તેના પ્રભુ તરફ આકર્ષ્યા પરંતુ પોતાની તરફ ક્યારેય નહિ. તેણે કહ્યું, “...હરકોઈ રીતે કેટલાએકને તારવા સારુ હું સર્વની સાથે સર્વના જેવો થયો.”(૧ કરિંથી ૯:૨૨).

જ્યારે કોઈ એમ વિચારે છે કે પવિત્ર જીવનના વિકાસને માટે તેણે પરમેશ્વર સાથે એકલા જ રહેવું જોઈએ, તો તે બીજાઓને માટે કોઈ ઉપયોગનો રહેતો નથી. આ તો જાણે કે પોતાની જાતની અત્યાધિક પ્રશંસા કરવી અને પોતાની જાતને સમાજથી અલગ કરી દેવી એ બાબત છે. પાઉલ એક પવિત્ર વ્યક્તિ હતો, પરંતુ તે જ્યાં કંઈ પણ ગયા ત્યાં ઈસુ ખ્રિસ્તને હંમેશા એ હક હતો કે તેઓ તેના જીવનનો ઉપયોગ જ્યારે પણ અને જેવી રીતે ચાહે તે રીતે કરી શકે. આપણામાંના ઘણા લોકોને ફક્ત આપણા પોતાના જ લક્ષ્યોની પરવા હોય છે, અને ઈસુ પોતાની ઈચ્છાનુસાર આપણા જીવનનો ઉપયોગ કરી શકતા નથી. પરંતુ જો આપણે સંપૂર્ણ રીતે તેમને સમર્પિત થઈએ છીએ તો, આપણી પાસે સેવા કરવાને માટે આપણા પોતાના કોઈ લક્ષ્ય હોતા નથી. પાઉલ કહે છે કે તિરસ્કાર કર્યા વગર કેવી રીતે “પગલૂછણિયું” બનવું જેના પર લોકો પોતાના પગનો કચરો સાફ કરે, તે હું જાણું છું, કારણ કે ઈસુ પ્રત્યેની ભક્તિ તેના જીવનની પ્રેરણા હતી. આપણી ભક્તિ ઘણીવાર ઈસુ ખ્રિસ્ત પ્રત્યે નહિ, પરંતુ એવી બાબતો પ્રત્યે હોય છે જે આપણને એટલી આત્મિક સ્વતંત્રતા આપે છે જેટલી આપણને ખ્રિસ્ત પ્રત્યેનું સંપૂર્ણ સમર્પણ નથી આપતી. પાઉલનો ઉદ્દેશ સ્વતંત્રતા ક્યારેય નહોતો. હકીકતમાં તેણે એમ કહ્યું કે, “...મારા ભાઈઓને બદલે ...હું પોતે જ શાપિત થઈને ખ્રિસ્તથી બહિષ્કૃત થાઉં, એવી જાણે મને ઈચ્છા થાય છે”(રોમનોને પત્ર ૯:૩). શું પાઉલ પોતાના તર્ક કરવાની ક્ષમતાને ખોઈ બેઠા હતા? ના જરા પણ નહિ. વ્યક્તિ કે જેને પ્રેમ થઈ ગયો હતો, તેના માટે આ અતિશયોક્તિવાળી વાત નહોતી, કારણ કે પાઉલ ઈસુ ખ્રિસ્તના પ્રેમમાં હતો.

## સેવામાં દરિદ્રતા

*"...જો હું તમારા પર વધારે પ્રેમ રાખું,*
*તો શું તમે મારા પર ઓછો પ્રેમ રાખશો?"*
*(૨ કરિંથી ૧૨:૧૫)*

સાધારણ માનવીય પ્રેમ બદલામાં કશુંક મેળવવાની અપેક્ષા રાખે છે. પરંતુ પાઉલ કહે છે કે "તમે મને પ્રેમ કરો કે ના કરો તેનાથી મને કોઈ ફરક પડતો નથી, હું તો કોઈ પણ રીતે કંગાલ બનવાને તૈયાર છું; ગરીબીનો અનુભવ કરવાને તૈયાર છું; ફક્ત તમારે કારણે નહિ પરંતુ એ માટે કે તમને પરમેશ્વરની સમીપ લાવી શકું." "તમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા જાણો છો કે, તે ધનવાન છતાં તમારી લીધે દરિદ્રી થયો, એ માટે કે તમે તેની દરિદ્રતાથી ધનવાન થાઓ"(૨ કરિંથી ૮:૯). અને સેવાના વિષયમાં પાઉલનો વિચાર એ જ હતો જે આપણા પ્રભુનો હતો. તેને આ વાતની ચિંતા નહોતી કે તે માટેની કિંમત કેટલી મોટી હશે - તે ખુશીથી તેને ચૂકવવા તૈયાર હતો. પાઉલને માટે આ એક આનંદની વાત હતી.

પરમેશ્વરના સેવક વિશેના સંસ્થાગત મંડળીઓના વિચાર ઈસુ ખ્રિસ્તના વિચારોની સાથે જરા પણ બંધબેસતા આવતા નથી. ઈસુનો ઉદ્દેશ એ છે કે બીજાઓની સેવા કરવા દ્વારા આપણે તેમની સેવા કરીએ. ઈસુ ખ્રિસ્તે વાસ્તવમાં સમાજવાદી વિચારોવાળાઓને પછડાટ આપી હતી. તેમણે એમ કહ્યું કે તેમના રાજ્યમાં સૌનો સેવક તે જ સૌથી મોટો છે (જુઓ માથ્થી૨૩:૧૧). એક પવિત્ર વ્યક્તિની સાચી ઓળખ એ નથી કે તે સુવાર્તા પ્રચાર કરે, પરંતુ એ છે કે તે શિષ્યોના પગ ધોવા જેવા કામ કરવા તૈયાર થાય- અર્થાત્ એવા કામ કરવા તૈયાર થવું જે મનુષ્યોની દ્રષ્ટિમાં ક્ષુલ્લક લાગે છે, પરંતુ પરમેશ્વરની દ્રષ્ટિમાં તે સર્વસ્વ છે. બીજાઓના જીવનમાં પરમેશ્વરના રસ માટે પોતાનું જીવન ખર્ચી નાંખવું એ પાઉલનો આનંદ હતો અને તેને એ વાતની ચિંતા નહોતી કે તે માટે તેણે કેટલી કિંમત ચૂકવવી પડશે. પરંતુ સેવામાં જતા પહેલાં આપણે વ્યક્તિગત અને આર્થિક ચિંતાઓ અંગે વિચારવા માટે થોભીએ છીએ- "જો પરમેશ્વર મને ત્યાં મોકલવા માંગશે તો શું થશે? મારા પગારનું શું? ત્યાંનું વાતાવરણ કેવું હશે? મારી સારસંભાળ કોણ રાખશે? આખરે એક માણસને આ બધી બાબતો માટે વિચારવું તો પડે જ છે!" આ બધી બાબતો એ વાતનો સંકેત છે કે પરમેશ્વરની સેવા કરવા માટે આપણે કંઈક મર્યાદા છે. પરંતુ પાઉલ પ્રેરિતને કોઈ જ શરતો કે મર્યાદા નહોતી. પાઉલે નવા કરારના સંતના વિષયમાં ઈસુ ખ્રિસ્તના જે વિચારો હતા તે વિચારો પર પોતાના જીવનને કેન્દ્રિત કર્યું હતું; અર્થાત્ એવી વ્યક્તિ નહિ કે જે ફક્ત સુવાર્તા પ્રચાર જ કરે છે; પરંતુ એવી વ્યક્તિ જે બીજાઓને માટે ઈસુ ખ્રિસ્તના હાથમાં ભાંગવામાં આવેલી રોટલી અને રેડવામાં આવેલ દ્રાક્ષારસ

બની જાય છે.
ફેબ્રુઆરી ૨૯

## ઈસુ વિશે આપણો સંદેહ

*“સ્ત્રી તેને કહે છે કે, પ્રભુ, તારી પાસે*
*પાણી કાઢવાનું કંઈ નથી, ને કૂવો ઊંડો છે...”*
*(યોહાન ૪:૧૧)*

શું તમે ક્યારેય પોતાની જાતને એવું કહ્યું છે કે, “હું પરમેશ્વરના વચનના અદ્ભુત સત્યથી તો ખૂબ પ્રભાવિત થયો છું, પરંતુ પરમેશ્વર મારી પાસેથી એવી અપેક્ષા તો નથી કરી શકતા કે હું તેમને મારા જીવનમાં લાગુ કરું.” જ્યારે ઈસુ ખ્રિસ્તના ગુણો અને તેમની યોગ્યતાને આધારે તેમનો સામનો કરવાનો સવાલ આવે છે, ત્યારે આપણો વ્યવહાર આત્મિક શ્રેષ્ઠતા દર્શાવે છે. આપણે વિચારીએ છીએ કે તેમના આદર્શ ઉચ્ચકોટિના છે અને તે આપણને પ્રભાવિત કરે છે, પરંતુ આપણે એવું માનીએ છીએ કે તે વાસ્તવિકતાથી ખૂબ દૂર છે અને તે જે કહે છે તેને વાસ્તવિકતામાં કરી શકાય નહિ. આપણામાંનો દરેક વ્યક્તિ પોતાના જીવનના કોઈને કોઈ ક્ષેત્રમાં ઈસુને માટે આવું વિચારે છે. ઈસુ વિશેના આ સંદેહો અથવા શંકાઓની શરૂઆત ત્યારે થાય છે જ્યારે આપણે પરમેશ્વરની સાથે પોતાના વ્યવહારની વાત કરીએ છીએ અને એવા પ્રશ્નો વિચારીએ છીએ જે આપણા ધ્યાનને પરમેશ્વરથી દૂર કરે. જ્યારે બીજા લોકો આપણને પૂછે છે કે, “તમે ગુજરાન ચલાવવા પૈસા ક્યાંથી લાવશો? તમે કેવી રીતે જીવશો? તમારી કાળજી કોણ રાખશે?” અથવા આપણો સંદેહ આપણી અંદર જ શરૂ થાય છે જ્યારે આપણે ઈસુને કહીએ છીએ કે અમારી પરિસ્થિતિ તેના માટે કંઈક વધારે કઠીન છે. આપણે કહીએ છીએ “પરમેશ્વર પર ભરોસો રાખો” એ ખૂબ આસાન છે, પરંતુ એક વ્યક્તિએ જીવવાનું પણ છે; અને તે ઉપરાંત, ઈસુની પાસે પાણી કાઢવાને માટે કશું પણ નથી- આપણને આ બધી ચીજો આપવાને માટે તેની પાસે ક્યું સાધન છે? “અને એવું કહીએ છીએ કે ના, મને ઈસુ માટે કોઈ સંદેહ નથી, સંદેહ તો ફક્ત મારા પોતાના વિશે છે” આવા ધાર્મિક પ્રદર્શનથી સાવધાન રહો. જો આપણે પ્રામાણિક થઈએ તો, આપણે સ્વીકારીશું કે આપણને પોતાના વિશે ક્યારેય સંદેહ કે શંકા નથી હોતી, કેમ કે આપણે સારી પેઠે જાણીએ છીએ કે આપણામાં શું કરવાની યોગ્યતા છે અને શું કરવાની યોગ્યતા નથી. પરંતુ આપણને ઈસુ અંગે ચોક્કસ સંદેહ છે, અને આ વાત વિચારીને આપણા ઘમંડને ઠેસ લાગે છે કે જે આપણે નથી કરી શકતા, તે બધુ જ ઈસુ કરી શકે છે.

મારો સંદેહ એ હકીકતમાંથી ઉદ્ભવે છે કે હું મારી અંદર તપાસ કરવા ચાહુ છું કે તેઓ જે કહે છે તેને કેવી રીતે પૂર્ણ કરાશે, મારી શંકાઓ મારી પોતાની લઘુતાગ્રંથિઓમાંથી ઉદ્ભવે છે. જો, મને મારા પોતાનામાં આ સંદેહ દેખાય છે, તો મારે તેને પ્રકાશમાં લાવીને ખુલ્લેઆમ સ્વીકાર કરવો જોઈએ કે, “પ્રભુ, મને તમારા વિષયમાં સંદેહ હતો. મેં તમારી યોગ્યતાઓમાં નહિ, પરંતુ પોતાની યોગ્યતાઓમાં ભરોસો રાખ્યો છે. અને મેં તમારા સર્વશક્તિમાન સામર્થ્ય વિશે મારી પોતાની સીમિત સમજને અલગ કરીને તેની ઉપર વિશ્વાસ નથી કર્યો.”

# ઈસુની શક્તિહીન કરવામાં આવેલી સેવાઓ

*"...તો તે જીવતું પાણી તારી પાસે ક્યાંથી હોય?"*
*(યોહાન ૪:૧૧)*

"કૂવો ઊંડો છે"- સમરૂની સ્ત્રીએ વિચાર્યું હતું તેનાથી કંઈ વધારે ઊંડો (યોહાન ૪:૧૧). મનુષ્ય સ્વભાવ અને મનુષ્યના જીવનના ઊંડાણો વિશે વિચારો; પોતાની અંદર જે "કૂવાઓ" છે તેમના ઊંડાણો વિશે વિચારો. શું તમે ઈસુની સેવાને એટલી મર્યાદિત અથવા અશક્ત કરી રહ્યા છો કે તે તમારા જીવનમાં કામ નથી કરી શકતા? ધારો કે તમારા હૃદયમાં ઈજા અને મુશ્કેલીઓનો એક ઊંડો "કૂવો" છે, અને ઈસુ તમારી પાસે આવીને કહે છે કે, "તમારા હૃદયને વ્યાકુળ થવા ન દો..."(યોહાન ૧૪:૧). શું તમે શંકા દર્શાવીને ખભા ઉલાળીને પ્રત્યુત્તર આપશો કે, "પરંતુ પ્રભુ, કૂવો ખૂબ ઊંડો છે અને તમે પણ તેમાંથી શાંતિ અને દિલાસો કાઢી શકતા નથી." ખરા અર્થમાં જોઈએ તો તે સાચું છે ઈસુ માનવ સ્વભાવના કૂવામાંથી કશું જ ઉપર નથી લાવતા- તેઓ તે બાબતોને ઉપરથી નીચે લાવે છે. આપણે ઈસ્રાએલના પવિત્ર દેવને તેમને ભૂતકાળમાં આપણે માટે જે કરવા દેવાની મંજૂરી આપી હતી ફક્ત તે યાદ કરીને અને વળી, "અલબત્ત, હું પરમેશ્વરને આ બાબતો કરવાની અપેક્ષા રાખી શકતો નથી" એમ કહીને સીમિત કરી દઈએ છીએ. ઈસુના શિષ્યો હોવાને કારણે આપણે વિશ્વાસ કરવો જોઈએ કે જે વાત તેના સામર્થ્યની સીમા સુધી પહોંચી જાય છે, તે બાબતને તેઓ પરિપૂર્ણ કરી દેખાડશે. જે ક્ષણે આપણે એ વિસરી જઈએ છીએ કે, તેઓ સર્વશક્તિમાન છે તે ક્ષણે આપણે આપણી અંદર તેમની સેવાઓને નબળી કરી દઈએ છીએ, આ નિર્બળતા આપણામાં છે તેમનામાં નહિ. આપણે ઈસુની પાસે આવીએ છીએ કે તે આપણને દિલાસો આપનાર અથવા હમદર્દ બને, પરંતુ તેમને સર્વશક્તિમાન પરમેશ્વર માનીને તેમની પાસે જતા અચકાઈએ છીએ.

ઈસુ સર્વશક્તિમાન છે એ ઓળખવામાં આપણે નિષ્ફળ ગયા છીએ તેથી આપણામાંના કેટલાક ખ્રિસ્તીપણાનું આટલું હલકું ઉદાહરણ છે. આપણી પાસે ખ્રિસ્તી ગુણ અને અનુભવો છે, પરંતુ ઈસુ ખ્રિસ્ત પ્રત્યે ત્યાગ અથવા સમર્પણ નથી. જ્યારે આપણે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પડી જઈએ છીએ, ત્યારે "તે આ બાબતમાં કશું કરી શકે તેમ નથી" એવું કહીને ખ્રિસ્તની સેવાઓને નિર્બળ(અશક્ત) કરી દઈએ છીએ. આપણે પોતાના કૂવાના ઊંડાણના તળિયા સુધી પહોંચવાને માટે સંઘર્ષ કરીએ છીએ, અને પોતાને માટે પાણી કાઢવાની કોશિશ કરીએ છીએ. "આ તો થઈ જ ના શકે" એવું કહીને નિષ્ક્રિય બેસી રહેવાથી સાવધ રહો. જો તમે ઈસુ તરફ જોશો તો તમે જાણશો કે તે જરૂર થઈ શકે છે. તમારી અપૂર્ણતાનો કૂવો ખૂબ ઊંડો છે, પરંતુ પોતાના પરથી દ્રષ્ટિ હટાવીને પરમેશ્વર તરફ જુઓ.

## ફેબ્રુઆરી ૨૮

# તમે શું હવે વિશ્વાસ કરો છો?

*''હવે અમે જાણીએ છીએ,...ઈસુએ તેઓને ઉત્તર આપ્યો કે,*
*તમે શું હવે વિશ્વાસ કરો છો.''*
*(યોહાન ૧૬:૩૦-૩૧)*

''હવે અમે વિશ્વાસ રાખીએ છીએ...'' પરંતુ ઈસુએ પૂછ્યું કે, ''શું ખરેખર...કરો છો? જુઓ એવી ઘડી આવે છે; કે જ્યારે તમે દરેક...મને એકલો મૂકશો''(યોહાન ૧૬:૩૧-૩૨). ઘણા બધા ખ્રિસ્તી સેવકોએ ઈસુ ખ્રિસ્તને એકલા મૂકી દીધા છે અને છતાં ફરજની સભાનતામાં તેની સેવા કરવાની કોશિશ કરી રહ્યા છે અથવા તો પોતાની સમજના પરિણામરૂપે ખ્રિસ્તની સેવાને જરૂરત સમજે છે. વાસ્તવમાં આનું કારણ તો ઈસુના પુનરુત્થાનના જીવનનો અભાવ છે. આપણો પ્રાણ, આપણી પોતાની ધાર્મિક સમજણ બુદ્ધિનો સહારો લઈને, પરમેશ્વર સાથેના ઘનિષ્ઠ સંબંધમાંથી દૂર થઈ ગયો છે. (જુઓ નીતિવચન ૩:૫-૬). આ જાણી જોઈને કરેલું પાપ નથી અને તેની સાથે કોઈ શિક્ષા જોડાયેલી નથી. પરંતુ જ્યારે વ્યક્તિને એકવાર સમજ પડે છે કે તેણે ઈસુ ખ્રિસ્ત વિશેની પોતાની સમજમાં કેવી રૂકાવટ ઉત્પન્ન કરી છે અને પોતાના માટે અનિશ્ચિતતાઓ, દુઃખ અને મુશ્કેલીઓ ઊભી કરી છે, ત્યારે તેણે શરમિંદગી અને પશ્ચાતાપ સાથે પાછું આવવું પડે છે.

હાલમાં આપણે પુનરુત્થાનના જીવનના જે સ્તર પર ભરોસો રાખીએ છીએ તેના કરતાં અનેક ગણો વધુ ઊંડા સ્તર પર આપણે ભરોસો રાખવો જોઈએ. આપણે આપણી સામાન્ય બુદ્ધિના આધારે નિર્ણય લઈએ અને પછી ઈશ્વરને પ્રાર્થના કરીએ કે તેઓ આપણા નિર્ણયો પર આશીર્વાદ આપે તેના કરતાં આપણે દરેક વાતમાં પરમેશ્વરની યોજના જાણવાની આદત પાડવી જોઈએ. આપણા ઈશ્વરની સલાહ વગરના નિર્ણયોને પરમેશ્વર આશીર્વાદ આપી શકતા નથી, એવું કરવું તેના કાર્યક્ષેત્રમાં નથી અને આવા નિર્ણયો વાસ્તવિકતાથી અલગ હોય છે. જો આપણે એવું કામ ફરજ પાલન કરવાના ઉદ્દેશથી જ કરીએ છીએ, તો આપણે એવા માપદંડ મુજબ ચાલીએ છીએ જે ઈસુ ખ્રિસ્ત સાથે સ્પર્ધા કરે છે. આપણે ઘમંડી ઉદ્ધત કે મગરૂર બની જઈએ છીએ અને એવું વિચારીએ છીએ કે દરેક સંજોગોમાં શું કરવું તે આપણે જાણીએ છીએ. આપણે આપણા જીવનના સિંહાસન પર ઈસુના પુનરુત્થાનના જીવનને બેસાડવાના બદલે ફરજપાલનની સભાનતાને બેસાડી દીધી છે. આપણને આપણા વિવેકબુદ્ધિના પ્રકાશમાં અથવા કર્તવ્યભાનના ''પ્રકાશમાં ચાલવાનું'' કહેવામાં નથી આવ્યું, પરંતુ ''જેમ તે પ્રકાશમાં છે તેમ...આપણે પ્રકાશમાં ચાલીએ...'' (૧ યોહાન ૧:૭). જ્યારે આપણે કર્તવ્યપાલનની ભાવનાથી કોઈ કામ કરીએ છીએ ત્યારે બીજાઓને આપણા કામના કારણને બતાવવું આસન બને છે. પરંતુ જ્યારે આપણે પ્રભુની આજ્ઞાના પાલનમાં કોઈ કાર્ય કરીએ છીએ, ત્યારે તેમાં બીજું સ્પષ્ટીકરણ હોતું નથી ફક્ત આધીનતા જ હોય છે, આથી જ સંત (જે પવિત્ર જીવન જીવે છે) તેની સરળતાથી મજાક થાય છે અને ગેરસમજનો શિકાર બને છે.

## તમે શું ઈચ્છો છો પ્રભુ તમારા માટે શું કરે?

*“હું તારે વાસ્તે શું કરું, તારી શી ઈચ્છા છે?*
*તેણે કહ્યું કે, પ્રભુ, હું દેખતો થાઉં”*
*(લૂક ૧૮:૪૧)*

શું તમારા જીવનમાં એવી કોઈ બાબત છે જે ફક્ત તમને જ પરેશાન કરે છે એટલું જ નહિ પરંતુ તમને બીજાઓની મુશ્કેલીનું કારણ બનાવી દે છે? જો એમ છે, તો આ હંમેશા એવી વાત હોય છે જેને તમે પોતે ઉકેલી શકતા નથી. “જેઓ આગળ જતા હતા તેઓએ તેને ધમકાવ્યો કે, છાનો રહે; પણ તેણે વિશેષ ઘાંટો પાડીને કહ્યું...”(લૂક ૧૮:૩૯). જ્યાં સુધી સ્વયં પ્રભુની સામે મોઢા-મોઢ આવી જાવ, ત્યાં સુધી તમારી પરેશાનીઓમાં તમે ટકી રહો. વ્યવહારુ બુદ્ધિને ઈશ્વરનું સ્થાન ના આપો.ગરબડી પેદા કરવાને બદલે ચૂપચાપ બેસી રહેવું એ દ્વારા આપણે આપણી વ્યવહારિક બુદ્ધિને ઈશ્વરનું સ્થાન આપીએ છીએ. આપણી સામે પડેલી અવિશ્વસનીય મુસીબત વિશે જ્યારે ઈસુ આપણને પૂછે છે કે આપણે શું ઈચ્છીએ કે તેઓ આપણા માટે કરે, તો યાદ રાખો કે તેઓ વ્યવહારિક બુદ્ધિને અનુકૂળ આવે તે રીતથી નહિ પરંતુ અલૌકિક રીતથી કામ કરે છે.

ભૂતકાળમાં તેમણે આપણા માટે તેમને જે કંઈ કરવા દેવાની આપણે મંજૂરી આપી તે યાદ કરીને આપણે પ્રભુને કેવા સીમિત કરી દઈએ છીએ તે યાદ કરો. આપણે કહીએ છીએ કે, “હું હંમેશા તેમાં નિષ્ફળ થયો અને હંમેશા નિષ્ફળ થતો રહીશ.” એના પરિણામે આપણે જે માંગવું જોઈએ તે આપણે માંગતા નથી, આપણે વિચારીએ છીએ કે, “પરમેશ્વર પાસે એવી માંગણી કરવી કે તે આ કામ કરે તે પૂરેપૂરી મૂર્ખતા છે.” જો તે અશક્ય બાબત છે તો આપણે તે જ બાબતની માંગણી પરમેશ્વર પાસે કરવાની છે. અને જો તે અશક્ય બાબત નથી તો તે કોઈ વાસ્તવિક મુશ્કેલી પણ નથી, અને જે બિલકુલ અસંભવ છે તે પરમેશ્વર કરશે.

આ માણસને તેની દ્રષ્ટિ પાછી મળી. પરંતુ તમારા માટે સૌથી અશક્ય બાબત એ છે કે તમે પ્રભુ સાથે એટલી ઘનિષ્ઠતાથી એક થઈ જાવ કે તમારા જૂના જીવનનું કશું પણ તમારામાં બાકી ન રહે. જો તમે પરમેશ્વરની પાસે આ માંગણી કરશો તો તે જરૂર કરશે. પરંતુ તમારે તેને સર્વશક્તિમાન માનવાના સ્થાને આવવું પડશે. આપણે ઈસુએ કહેલી વાતોને માની લેવા દ્વારા વિશ્વાસ પ્રાપ્ત નથી કરતા પરંતુ તેનાથી વધારે, ખુદ ઈસુ પર ભરોસો રાખવાથી વિશ્વાસ પ્રાપ્ત થાય છે. જો આપણે ફક્ત તેમની વાતો તરફ જોઈએ કે જે તેમણે કહી છે તો આપણે ક્યારેય વિશ્વાસ નહિ કરીએ. જ્યારે આપણે ઈસુને જોઈએ છીએ ત્યારે એ અસંભવ કામ જે તેઓ આપણા જીવનમાં કરે છે તે શ્વાસ લેવાની જેમ સહજ કે સામાન્ય બની જાય છે. જે પીડા આપણે સહન કરીએ છીએ તે તો આપણા હૃદયના જાણીબુજીને કરેલા છિછરાપણાનું ફળ છે. આપણે વિશ્વાસ નહિ કરીએ, હોડીને કિનારે બાંધેલી દોરીને નહિ કાપીએ - આપણે ચિંતા કરવાનું વધારે પસંદ કરીએ છીએ.

## હૃદયવેધક પ્રશ્ન

*“શું તું મારા પર હેત રાખે છે?”*
*(યોહાન ૨૧:૧૭)*

આ હૃદયવેધક પ્રશ્ન પ્રત્યે પિતરનો ઉત્તર તેણે કેટલાક દિવસ અગાઉ કરેલા સાહસપૂર્ણ દાવાથી કેટલો જુદો છે કે જ્યારે તેણે કહ્યું હતું કે, “જો કે તારી સાથે મારે મરવું પડે તોપણ હું તારો નકાર નહિ જ કરીશ.” (માથ્થી ૨૬:૩૫, કલમ ૩૩-૩૪ પણ જુઓ). આપણું કુદરતી વ્યક્તિત્વ હિંમતથી પોતાની લાગણીઓના દાવા અને તેની જાહેરાત કરે છે. પરંતુ આપણી અંદરના વ્યક્તિત્વમાં સાચા પ્રેમની માહિતી ફક્ત ઈસુના આ પ્રશ્નથી ઠેસ પહોંચવાનો જે અનુભવ છે તેનાથી જ મેળવી શકાય છે. પિતર ઈસુને એવો જ પ્રેમ કરતો હતો જેવો કોઈ પણ વ્યક્તિ કુદરતી રીતે એક સારા માણસને પ્રેમ કરે. છતાં પણ આ ફક્ત લાગણીશીલ પ્રેમ કે ભાવનાત્મક પ્રેમ છે. આ આપણા સ્વભાવના ઊંડાણને સ્પર્શી શકે છે પરંતુ બધું વીંધીને એક વ્યક્તિના આત્મા સુધી કદીએ નથી પહોંચી શકતો. સાચો પ્રેમ ક્યારેય ફક્ત દાવા નથી કરતો. ઈસુએ કહ્યું, “માણસોની આગળ જે કોઈ મને કબૂલ કરશે તેને દેવના દૂતોની આગળ માણસનો દીકરો કબૂલ કરશે”(લૂક ૧૨:૮) (અર્થાત્ ફક્ત શબ્દોમાં નહિ પણ જે કંઈ તે કરે છે તે બધામાં તેનો પ્રેમ કબૂલ કરશે.)

જો આપણે આપણી સાથે સંબંધિત દરેક ઠગાઈ નો સામનો કરવાથી જે ઠેસ લાગે છે તેનો અનુભવ નથી કરી રહ્યા તો એનો અર્થ એ થાય કે આપણે પોતાના જીવનમાં ઈશ્વરના વચનના કાર્યમાં અવરોધ નાખ્યો છે. પરમેશ્વરનું વચન આપણને જેટલી ઠેસ પહોંચાડી શકે છે, તેટલી ઠેસ પાપ પણ કદીયે પહોંચાડી શકતું નથી, કેમ કે પાપ આપણામાંની અનુભવ કરવાની શક્તિને મંદ કરી દે છે. પરંતુ પ્રભુનો આ પ્રશ્ન આપણી સંવેદનશીલતાને એટલી હદે વધારે છે કે ઈસુ દ્વારા પહોંચાડવામાં આવેલ ઠેસ કે ઘા ની પીડા જે દરેક દર્દથી એટલી વધારે હોય છે કે જેની કલ્પના પણ ન કરી શકાય પરંતુ આપણે તે અનુભવી શકીએ છીએ. આ ફક્ત શારીરિક સ્તર પર ઠેસ પહોંચાડે છે એટલું જ નહિ પરંતુ આત્મિક સ્તર પર પણ ઘા પહોંચાડે છે. “કેમકે પરમેશ્વરનો શબ્દ જીવંત, સમર્થ...છે તે જીવ તથા આત્માને...વીંધનારો છે...” એટલી હદ સુધી કે કોઈ ઠગાઈ બાકી રહી ના જાય. (હિબ્રુઓને પત્ર ૪:૧૨). જ્યારે પ્રભુ આપણને આ પ્રશ્ન પૂછે છે ત્યારે યોગ્ય રીતે વિચારીને પ્રત્યુતર આપવો અસંભવ થઈ જાય છે, કેમ કે પ્રભુ જ્યારે આપણી સાથે સીધો જ વ્યવહાર કરે છે ત્યારે ખૂબ વેદના થાય છે. એ એટલી અસાધારણ પીડા પેદા કરે છે કે આપણા જીવનનો કોઈ પણ ભાગ જે તેમની ઈચ્છાની બહાર હોય છે તે દર્દ અનુભવે છે. પ્રભુનું બાળક તેના વચનથી પેદા થતા દર્દને ઓળખવામાં ક્યારેય ભૂલ નથી કરતા, પરંતુ જે ક્ષણે આ દર્દ અનુભવાય છે, તે જ પળે પરમેશ્વર આપણને પોતાનું સત્ય પ્રગટ કરે છે.

માર્ચ ૨

## શું તમે ઈશ્વર દ્વારા આપવામાં આવેલા દર્દનો અનુભવ કર્યો છે?

*“તે ત્રીજી વાર તેને કહે છે,...‘શું તું મારા પર હેત રાખે છે...’ ”*
*(યોહાન ૨૧:૧૭)*

શું તમે ક્યારે પણ પરમેશ્વર દ્વારા આપવામાં આવેલ દર્દને તમારા અસ્તિત્વના બિલકુલ કેન્દ્રમાં, પોતાના જીવનના સૌથી સંવેદનશીલ ક્ષેત્રના ઊંડાણમાં અનુભવ્યું છે? તે જગ્યાએ શેતાન ક્યારેય દર્દ ઉત્પન્ન કરી શકતો નથી અને પાપ તથા માનવ લાગણીઓ પણ ત્યાં દર્દ ઉત્પન્ન કરી શકતા નથી. આપણા અસ્તિત્વના એ ભાગ સુધી પરમેશ્વરના વચન સિવાય બીજુ કશું જ પહોંચી શકતું નથી. “પિતર દિલગીર થયો, કારણ કે તેણે ત્રીજી વાર તેને પૂછ્યું હતું કે; શું તું મારા પર હેત રાખે છે?” છતાં પણ તે એ સત્ય અંગે સભાન થયો કે તેના વ્યક્તિગત જીવનના મૂળ કેન્દ્રમાં તે ઈસુને પ્રેમ કરતો હતો અને પછી તેને એ સમજ પડી કે ઈસુએ આટલી ધીરજથી પ્રશ્ન પૂછ્યો તેનો અર્થ શું હતો. પિતરના મનમાં હવે કોઈ પણ સંદેહ બાકી રહ્યો નહોતો; તેને હવે ફરીવાર કદીએ છેતરી શકાય નહિ. અને હવે આવેશમાં આપેલા પ્રત્યુત્તરની અથવા તરત કરવામાં આવતી કાર્યવાહીની અથવા લાગણીઓના પ્રદર્શનની જરૂરત નહોતી. તે પ્રભુને કેટલો પ્રેમ કરે છે તે સમજવું એ તેના માટે એક પ્રકટીકરણ હતું અને વિસ્મયથી તેણે એટલું જ કહ્યું કે, “હે પ્રભુ, તું સઘળું જાણે છે...” પિતરને દેખાવા લાગ્યું કે તે ઈસુને ખરેખર કેટલો પ્રેમ કરતો હતો, અને હવે એવું કહેવાની જરૂર નહોતી કે, “મારા પ્રેમની સાબિતીરૂપે આ જુઓ અથવા ફલાણું જુઓ.” પિતરે પોતાની અંદર એ શોધવાની શરૂઆત કરી કે તે ખરેખર પ્રભુને કેટલો પ્રેમ કરે છે. અને તેમણે એ શોધી કાઢ્યું કે તેમની આંખો ઈસુ ખ્રિસ્ત પર એટલી બધી ચોંટેલી હતી કે તેમને ઉપર સ્વર્ગમાં કે નીચે પૃથ્વી પર બીજુ કોઈ જ દેખાતું નહોતું, પરંતુ પિતરને, જ્યાં સુધી પ્રભુના આ ઝીણવટથી નિરીક્ષણ કરનાર અને દર્દ પહોંચાડનાર પ્રશ્નો પૂછવામાં ના આવ્યા ત્યાં સુધી આ વાતની ખબર નહોતી. પ્રભુના પ્રશ્નો હંમેશા મારા સાચા અસ્તિત્વને મારામાં પ્રગટ કરે છે.

પિતરની સાથે ઈસુ ખ્રિસ્તની ધીરજપૂર્ણ સ્પષ્ટ સીધી વાત અને કૌશલ્ય કેવા અદ્‌ભુત હતા! જ્યાં સુધી યોગ્ય સમય નથી આવતો ત્યાં સુધી પ્રભુ ક્યારેય પ્રશ્ન પૂછતા નથી. જવલ્લે, પરંતુ લગભગ આપણામાંથી બધાના જીવનમાં ઓછામાં ઓછું એક વાર, તેઓ આપણને એવી પરિસ્થિતિમાં લાવે છે જ્યાં તે આપણને વેધક પ્રશ્નો દ્વારા દર્દ પહોંચાડે છે. ત્યારે આપણને આ સમજ પડે છે કે આપણે તેમને એટલો ગાઢ પ્રેમ કરીએ છીએ કે જેનું વર્ણન શબ્દથી થઈ શકતું નથી.

## તેમના દ્વારા આપણને સોંપાયેલ ખાસ કાર્ય

*"...મારા ઘેટાંને પાળ" (યોહાન ૨૧:૧૭)*

આ તો ઉત્પન્ન કરવામાં આવતો પ્રેમ છે. પરમેશ્વરનો પ્રેમ સર્જન કરાયો નથી- તે તો તેમનો સ્વભાવ છે. જ્યારે આપણે પવિત્ર આત્મા દ્વારા ખ્રિસ્તનું જીવન આપણમાં પ્રાપ્ત કરીએ છીએ ત્યારે પવિત્ર આત્મા આપણને પરમેશ્વર સાથે એક કરે છે જેથી તેમનો પ્રેમ આપણામાં પ્રદર્શિત થાય છે. આપણામાં રહેતા પવિત્ર આત્માનું ધ્યેય આપણને ફક્ત પરમેશ્વર સાથે એક કરવાનું જ નથી, પરંતુ આ એક કરવાનું કાર્ય એવી રીતે કરવું કે જેથી આપણે પરમેશ્વર પિતા સાથે એવી રીતે એક થઈ જઈએ કે જેમ ઈસુ એક હતા. અને ઈસુ ખ્રિસ્તની પિતા સાથે કેવી એકતા હતી? પિતા સાથે તેમની એકતા એવી હતી કે જ્યારે તેમના પિતાએ તેમને આપણા માટે રેડાઈ જવાને માટે પૃથ્વી પર મોકલ્યા, તો તેઓ આજ્ઞાંકિત બન્યા, અને તેઓ આપણને કહે છે, "જેમ બાપે મને મોકલ્યો છે, તેમ હું તમને મોકલું છું" (યોહાન ૨૦:૨૧).

પ્રભુના વેધક પ્રશ્ન દ્વારા થયેલા પ્રકટીકરણને કારણે, પિતરને હવે એ સમજ પડી હતી કે તે તેમને ખરેખર પ્રેમ કરતા હતા. પ્રભુનો બીજો મુદ્દો હતો- "પોતાને રેડી દે. તું મને કેટલો પ્રેમ કરે છે તેની સાક્ષી આપીશ નહિ અને તને હમણાં જે પ્રકટીકરણ પ્રાપ્ત થયું છે તેની ચર્ચા કરીશ નહિ, ફક્ત 'મારા ઘેટાંને પાળ.'" ઈસુના કેટલાક ઘેટાં બહુ વિચિત્ર અને અસાધારણ છે : કેટલાંક મેલાં-ગંદા અને અવ્યવસ્થિત છે, કેટલાક પરેશાન કરનાર અથવા મહત્વકાંક્ષી છે અને કેટલાક છે જે ભટકી ગયેલા છે! પરંતુ પરમેશ્વરના પ્રેમને ખતમ કરવો અસંભવ છે. પરમેશ્વરનો પ્રેમ મારા વ્યક્તિત્વના કારણે પહેલેથી ઉદ્ભવેલી મારી ધારણાઓ તરફ ધ્યાન નથી આપતો. જો હું પ્રભુને પ્રેમ કરું છું તો મને મારી સ્વાભાવિક લાગણીઓ અનુસાર ચાલવાનો કોઈ અધિકાર નથી- મારે તેમના ઘેટાઓને પાળવાના છે. તેમણે આપણને જે ખાસ કાર્યભાર સોંપ્યો છે તેમાંથી છૂટી શકતા નથી. તમારી પોતાની સ્વાભાવિક લાગણીઓ, સહાનુભૂતિઓ અથવા સમજ અનુસાર ચાલવા દ્વારા પરમેશ્વરના પ્રેમની નકલ કરવાથી સાવધાન રહો. આવું કરવાથી પરમેશ્વરના સાચા પ્રેમની નિંદા અને તેનું અપમાન જ થાય છે.

## શું આ મારા માટે સાચું છે?

*''પણ હું મારો જીવ વહાલો ગણીને તેની કંઈ પણ દરકાર કરતો નથી...''*
*(પ્રે. કૃ. ૨૦:૨૪)*

દર્શન વગર પરમેશ્વરની સેવા કરવી અને તેડું મળ્યા વગર તેના માટે કામ કરવું ખૂબ આસાન છે, કેમ કે એ પરિસ્થિતિમાં તમને આ વાતની પરેશાની નહિ થાય કે પરમેશ્વર શું માંગે છે. વ્યવહારુ બુદ્ધિ અને તેની ઉપર ચઢેલ ખ્રિસ્તી લાગણીઓનું આવરણ તમારો માર્ગદર્શક બને છે. જો તમે પરમેશ્વરના તેડાને ઓળખશો નહિ તો, સંસારના દ્રષ્ટિકોણથી તમે વધુ સમૃદ્ધ અને સફળ હશો અને તમારી પાસે વધુ ફુરસદ હશે. પરંતુ જ્યારે તમને એક વાર ઈસુ ખ્રિસ્ત તરફથી સેવા આપવામાં આવશે, પછીથી પરમેશ્વર તમારી પાસે જે ઈચ્છે છે તેની યાદ તમને હંમેશા પરમેશ્વરની ઈચ્છા પૂરી કરવાની દિશામાં ધકેલશે. તમે તમારી વ્યવહારુ બુદ્ધિના આધારે ફરી ક્યારેય પરમેશ્વરને માટે કામ નહિ કરી શકો.

હું મારા જીવનમાં કઈ બાબતોને ''પ્રિય'' ગણું છું? જો હું હજુ સુધી ઈસુ ખ્રિસ્ત દ્વારા પકડાયો નથી, અને મેં મારી જાતને તેને સમર્પિત કરી નથી, તો પછી હું પરમેશ્વરને આપવામાં આવેલ  સમયને, સેવા અંગેના મારા વિચારોને અને પોતાના જીવનને પણ ''પ્રિય'' ગણીશ. પરંતુ પાઉલે કહ્યું કે તે પોતાના જીવનને એ માટે પ્રિય ગણે છે જેથી તેઓ એ સેવાઓ પૂર્ણ કરે જે તેમને સોંપવામાં આવી હતી અને તેમણે બીજી કોઈ પણ બાબતમાં પોતાની શક્તિને વાપરવાનો ઈન્કાર કર્યો. આ વચન પાઉલની ઉમદા ચિંતા દર્શાવે છે કે તે જ્યારે તેમને પોતાની જાતની સંભાળ રાખવાનું કહેવામાં આવ્યું ત્યારે પાઉલને ખીજ ચઢી. તેઓ તેમને સોંપવામાં આવેલી સેવા-સિવાય બીજી કોઈપણ વાત અંગે વિચારવા માટે ઉદાસ હતા. પરમેશ્વર માટે આપણી વ્યવહારિક અને સમજી-વિચારીને કરેલ સેવા હકીકતમાં પરમેશ્વર માટે આપણા સંપૂર્ણ સમર્પણનો મુકાબલો કરી શકે છે. આપણી સમજી-વિચારીને કરેલી સેવા આ તર્ક પર આધાર રાખે છે, ''યાદ રાખો, તમે અહીંયા કેટલા ઉપયોગી છો, અને વિચારો કે પેલા ચોક્કસ પ્રકારના કાર્ય માટે તમે કેટલા ઉપયોગી બની શકો છો.'' આ પ્રકારની મનોવૃત્તિ ઈસુ ખ્રિસ્તનો નહિ, પરંતુ પોતાનો નિર્ણય પસંદ કરે છે કે આપણે ક્યાં જવું જોઈએ અને આપણે ક્યાં સૌથી વધારે ઉપયોગી સાબિત થઈશું. ક્યારે પણ આ વાત પર ધ્યાન ન રાખશો કે આપ ઉપયોગી છો કે નહિ - પરંતુ હંમેશા એ યાદ રાખો કે તમે પોતાના નથી, પરંતુ તેના છો. (૧ કરિંથી ૬:૧૯).

**માર્ચ ૫**

## શું તે ખરેખર મારા પ્રભુ છે?

*"...કે મારી દોડ અને...જે સેવા પ્રભુ ઈસુ*
*પાસેથી મને મળી છે તે હું પૂર્ણ કરું"*
*(પ્રે.કૃ. ૨૦:૨૪)*

મારા કામને સફળતાપૂર્વક કરવાથી નહિ, પરંતુ એ વિશેષ ઉદ્દેશને પૂરો થતો જોવામાં આનંદ આવે છે, જેને માટે મને રચવામાં આવ્યો અને જેના માટે મારો નવો જન્મ થયો. આપણા પ્રભુએ જે આનંદનો અનુભવ કર્યો, તે એ કામ કરવાથી આવ્યો જેના માટે પિતાએ તેમને મોકલ્યા હતા. અને તે આપણને કહે છે, "જેમ બાપે મને મોકલ્યો છે, તેમ હું તમને મોકલું છું"(યોહાન ૨૦:૨૧). શું તમને પ્રભુ તરફથી કોઈ સેવા આપવામાં આવી છે? જો એમ છે તો તમારે તે માટે વિશ્વાસુ રહેવું જોઈએ- એમ એ સેવાને પૂર્ણ કરવાના ઉદ્દેશ માટે જ તમારુ જીવન મૂલ્યવાન છે તેમ માનવું જોઈએ. જે સેવા માટે ઈસુએ તમને મોકલ્યા હતા તે કામ તમે પૂર્ણ કર્યું છે અને જ્યારે ઈસુ તમને કહેશે "...શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર..."(માથ્થી ૨૫:૨૧) ત્યારે તે કેટલું સંતોષજનક હશે એ જરા વિચારો. આપણા સર્વને જીવનમાં એક યોગ્ય સ્થાન શોધવાની જરૂર હોય છે, અને આત્મિકરૂપે આપણે તેને ત્યારે પ્રાપ્ત કરીએ છીએ જ્યારે આપણને પ્રભુ તરફથી એક સેવાકાર્ય મળે છે. એવું કરવા માટે, આપણે ઈસુ સાથે ગાઢ સંબંધ રાખવાની જરૂર છે અને આપણે તેમને આપણા વ્યક્તિગત તારણહાર કરતા તેઓ કંઈક વધુ છે એ જાણવાની જરૂર છે. આપણે પ્રે.કૃ. ૯:૧૬ ની સંપૂર્ણ અસરને અનુભવવાની ઈચ્છા હોવી જોઈએ;- "મારા નામને લીધે તેને કેટલું બધું દુઃખ સહન કરવું પડશે, એ હું તેને દેખાડીશ."

"શું તું મારા પર હેત રાખે છે?" તો "મારા ઘેટાંને પાળ" (યોહાન ૨૧:૧૭). આપણે તેની સેવા કેવી રીતે કરીએ તે પસંદગીની તક તે આપણને આપતા નથી; તેમણે આપણને જે ખાસ સેવાભાર કે આદેશ આપ્યો છે તે પ્રત્યે આપણે સંપૂર્ણ રીતે વિશ્વાસુ રહીએ તેવું તેઓ માંગી રહ્યા છે, જે કામ પ્રત્યે સંપૂર્ણ વિશ્વાસુ રહેવાનું છે તેની માહિતી આપણે જ્યારે પરમેશ્વર સાથે ખૂબ ગાઢ સંગતમાં રહીએ છીએ ત્યારે જ મળે છે. જો તમને પ્રભુ ઈસુ તરફથી સેવા પ્રાપ્ત થઈ છે, તો તમને ખબર પડશે કે, જરૂર તે તેડું નથી, પરંતુ જરૂરત તો તે તેડાને અમલમાં મૂકવાની તક છે. તેડું એ છે કે તમે જ્યારે પરમેશ્વર સાથે સાચી સંગતમાં હતા ત્યારે તમને જે સેવા પ્રાપ્ત થઈ હતી તેને તમે વિશ્વાસુ રહો. એનો અર્થ એ નથી કે તમારા માટે વિવિધ પ્રકારની સેવાઓની સૂચિ તૈયાર પડી છે એનો અર્થ એ છે કે તમે તે પ્રત્યે સંવેદનશીલ રહો કે પરમેશ્વરે તમને શું કરવા માટે બોલાવ્યા છે, અને તે માટે ક્યારેક બીજા ક્ષેત્રોમાં સેવામાંની જરૂરતોની અવગણના કરવી પડે છે.

## બીજું કદમ(પગલું) ભરવું

*"...બહુ જ ધીરજ રાખીને, વિપત્તીઓ વેઠીને,*
*તંગીઓ સહીને, સંકટો ઉઠાવીને"*
*(૨ કરિંથી ૬:૪)*

જ્યારે તમારી પાસે પરમેશ્વરનું દર્શન નથી હોતું, ત્યારે જીવનમાં કોઈ ઉત્સાહ નથી રહેતો અને કોઈ તમને જોતું નથી અને ઉત્તેજન આપતું નથી ત્યારે પરમેશ્વર પ્રત્યેની તમારી ભક્તિ માટે બીજું પગલું ભરવા તેમના વચનો વાંચવા અને અભ્યાસ કરવા માટે, તમારા કૌટુંબિક જીવનમાં અથવા પરમેશ્વર પ્રત્યેની તમારી ફરજો માટે તમને સર્વશક્તિમાન પરમેશ્વરની કૃપાની જરૂર પડે છે. સુસમાચાર પ્રચાર કરવા માટે પરમેશ્વરની જેટલી કૃપાની જરૂર હોય છે, અને તેના પર ભરોસો રાખવાની જેટલી જરૂર હોય છે તેના કરતાં અનેક ગણી વધારે કૃપાની જરૂર હોય અને તેના પર ભરોસો રાખવાનો છે તે સભાનતાની જરૂર આ બીજુ પગલું ભરવા માટે હોય છે.

દરેક વિશ્વાસીને આ બીજા પગલાંને રક્ત અને માંસની વાસ્તવિકતામાં ઉતારી લાવવા દ્વારા અને પોતાના હાથોથી પૂરૂ કરવા દ્વારા ખ્રિસ્તના દેહધારણના સત્વમાં સહભાગી થવાની જરૂરત છે. જ્યારે આપણી પાસે કોઈ જ દર્શન નથી હોતું કોઈ પ્રોત્સાહન નથી હોતું, કોઈ ઉન્નતિ નથી હોતી અને આપણે દૈનિક જીવનનો અનુભવ ફક્ત તેના ઘસાઈ ગયેલ કાર્યોથી કરીએ છીએ ત્યારે આપણે રસ ખોઈ નાખીએ છીએ અને હાર માની લઈએ છીએ. જે બાબત લાંબા સમયે અંતમાં ખરેખર પરમેશ્વર અને તેના લોકોના પક્ષમાં સાક્ષી આપે છે તે તો એ કે જ્યારે બીજાઓને તેમનું કામ દેખાય નહિ તો પણ સ્થિરતા અને ધીરજથી લાગુ રહેવું. અને વિજયી જીવન જીવવા માટેનો જે એક જ માર્ગ છે તે તો પરમેશ્વર સામે જોઈને જીવવું. પરમેશ્વરને પ્રાર્થના કરો કે તે તમારા આત્માની આંખોને સજીવન થયેલા ખ્રિસ્ત તરફ ખુલ્લી રાખે અને તો નીરસ કામો માટે પણ તમને નિરાશા કરવાનું અસંભવ લાગશે. પોતાની જાતને ક્યારેય એ વિચારવા ન દેશો કે કેટલાક કાર્યો તમારા મોભાની વિરુદ્ધ છે અથવા તમારા માટે ખૂબ જ ક્ષુલ્લક (બિનમહત્વના) છે, અને પોતાની જાતને યોહાન ૧૩:૧-૧૭ માંના ખ્રિસ્તના ઉદાહરણની યાદ અપાવતા રહો.

## ભરપૂર આનંદનો સ્રોત

*"જેણે આપણા ઉપર પ્રેમ રાખ્યો છે તેને આશરે*
*આપણે એ બધી બાબતોમાં વિશેષ જય પામીએ છીએ"*
*(રોમનોને પત્ર ૮:૩૭)*

અહીં પાઉલ એવી બાબતોની વાત કરી રહ્યા છે જેમને જોઈને લાગે કે તેઓ એક સંતને પરમેશ્વરના પ્રેમથી દૂર કરી શકે છે. પરંતુ નોંધનીય વાત એ છે કે પરમેશ્વરના પ્રેમ અને સંતની વચ્ચે કશું જ આવી શકતું નથી. આ વચનોમાં પાઉલ જે બાબતોની વાત કરે છે તે પરમેશ્વર સાથેની આપણી ગાઢ સંગતનો ભંગ કરી શકે છે અને કરે પણ છે, અને આપણા કુદરતી જીવનને પરમેશ્વરથી અલગ કરી શકે છે અને કરી દે છે. પરંતુ, આત્મિક સ્તર પર આમાંથી કોઈ પણ બાબતો પરમેશ્વરના પ્રેમ અને સંત(પવિત્ર વ્યક્તિ)ની વચ્ચે આવી શકતી નથી. ખ્રિસ્તી વિશ્વાસનો જે પાયો છે તે તો અસીમિત અને જેને લાયક નથી તેવો પરમેશ્વરનો પ્રેમ જે કાલવરીના વધસ્તંભ પર પ્રદર્શિત કરાયો; એવો પ્રેમ જે કમાવામાં આવ્યો નથી અને કમાઈ શકાય પણ નહિ. પાઉલ કહે છે કે આ જ એ કારણ છે "આપણે એ બધી બાબતોમાં વિશેષ જય પામીએ છીએ." જે બાબતોને જોઈને આપણને એમ લાગે કે તેઓ આપણને ગળી જશે તે જ બાબતોનો અનુભવ કરવાથી જે આનંદ મળે છે તેથી આપણે "પરમ-વિજયી" છીએ.

જે મોટા વિશાળ મોજાઓ એક સામાન્ય તરનાર વ્યક્તિને ભયભીત કરી દે છે તે જ મોજાઓ પર સર્ફીંગ કરનારને ખૂબ રોમાંચિત કરે છે. આવો, આ તથ્યને આપણી પરિસ્થિતિઓ પર લાગુ કરીએ. જે બાબતોથી આપણે બચવા માંગીએ છીએ અને જેની વિરુદ્ધ આપણે લડીએ છીએ, જેવી કે, ભારે ક્લેશ, દુઃખ અને સતાવણી આ જ એ બાબતો છે જેઓ આપણી અંદર ભરપૂર આનંદ ઉત્પન્ન કરે છે. "તેને આશરે આપણે...વિશેષ જય પામીએ છીએ," "એ બધી બાબતોમાં"- એ બધી બાબતોના સિવાય નહિ પરંતુ તેમની અંદર જ. એક સંત પ્રભુના આનંદને ભારે ક્લેશ સિવાય નથી જાણતો, પરંતુ ક્લેશના કારણે જ જાણે છે. પાઉલ કહે છે કે, "અમારી સર્વ વિપત્તિમાં મારું અંતઃકરણ આનંદથી ઊભરાઈ જાય છે"(૨ કરિંથી ૭:૪).

ઝાંખી ન પડનાર ચમક જે ભરપૂર આનંદના પરિણામરૂપ છે, તે કોઈ બદલનાર અસ્થાયી ચીજ પર નહિ પરંતુ પરમેશ્વરના એ પ્રેમ પર રચાય છે જે ક્યારેય બદલાઈ શકતો નથી. અને જીવનના અનુભવો ચાહે તે દૈનિક સામાન્ય ઘટનાઓ હોય કે પછી ભયભીત કરી નાંખનાર ઘટના હોય પરંતુ તે, "પરમેશ્વરની જે પ્રીતિ ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુમાં છે, તેનાથી આપણને જુદા પાડી શકવા અસમર્થ છે" ( રોમનોને પત્ર ૮: ૩૯).

## સમર્પિત કરેલું જીવન

*"હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો..."*
*(ગલાતી ૨:૨૦)*

ઈસુ ખ્રિસ્ત સાથે એક થવા માટે વ્યક્તિએ ફક્ત પાપ છોડવાને માટે તૈયાર થવાની જરૂરત છે એટલું જ નહિ પરંતુ બધી જ બાબતોને જોવા માટેના પોતાના સમગ્ર દ્રષ્ટિકોણને સમર્પિત કરવાની જરૂરત છે. પરમેશ્વરના આત્મા દ્વારા નવો જન્મ પામવાનો અર્થ એ થાય કે આપણે કોઈ બાબતને પકડી શકીએ તે પહેલા આપણે કોઈક બાબતોને છોડી દેવાની જરૂરત પણ હોય છે. સૌથી પ્રથમ બાબત જેનું આપણે સમર્પણ કરવાનું છે તે તો આપણો સમગ્ર ઢોંગ અને ઠગાઈ છે. આપણા પ્રભુ આપણી પાસે જે ઈચ્છે છે કે આપણે તેને સમર્પણ કરીએ તે તો આપણી ભલાઈ, પ્રમાણિકતા અથવા સારુ કરવા માટેનો આપણો પ્રયત્ન નહિ પરંતુ આપણું વાસ્તવિક અને દ્રઢ થયેલું પાપ જ સમર્પણ તરીકે તેઓ આપણી પાસેથી લઈ શકે છે. અને આપણા પાપના બદલામાં તેઓ જે આપે છે તે તો સાચું, સ્થિર અને દ્રઢ ન્યાયીપણું. પરંતુ આપણે કંઈ છીએ એવા ઢોંગના દેખાડાને સમર્પિત કરી દેવો પડશે, અને પરમેશ્વર આપણી સામે ધ્યાન આપશે તેવા તમામ દાવાઓનો ત્યાગ કરવો પડશે.

એકવાર જ્યારે આપણે આ પ્રમાણે કરીએ છીએ ત્યારે પરમેશ્વરનો આત્મા આપણને દેખાડશે કે હવે પછી આપણે બીજી કઈ બાબતનું સમર્પણ કરવાનું છે. આ પ્રક્રિયાના દરેક તબક્કે આપણે આપણી જાત પરના આપણા અધિકારના હકને છોડવો પડશે. શું આપણે આપણી તમામ ચીજો પર, આપણી અભિલાષાઓ પર અને આપણા જીવનની બાકીની તમામ બાબતો પરના આપણા અધિકારને સમર્પિત કરવા તૈયાર છીએ? શું આપણે ઈસુ ખ્રિસ્તના મરણમાં તેની સાથે એક થવાને તૈયાર છીએ?

આપણે સંપૂર્ણ રીતે સમર્પણ કરીએ તેની પહેલા આપણને આપણા ભ્રમ દૂર થવાના દુઃખદાયક અનુભવમાંથી પસાર થવું પડશે. જ્યારે લોકો પોતાને ખરેખર એવા જ જુએ છે કે જેવા પ્રભુ તેમને જુએ છે, ત્યારે તેમને પોતાના દેહના ભયંકર પાપોને કારણે નહિ પણ ઈસુ ખ્રિસ્તનો વિરોધ કરતા તેમના પોતાના હૃદયના ઘમંડના ભયંકર સ્વભાવને કારણે તેમને આઘાત લાગે છે. જ્યારે તેઓ પોતાને પ્રભુના પ્રકાશમાં જુએ છે, ત્યારે તેમને શરમ, ઘૃણા, દોષી ઠરાવવાના નિરાશાજનક અનુભવનો ગંભીર અનુભવ થાય છે.

જો તમે આ પ્રશ્નનો સામનો કરી રહ્યા છો કે તમારે સમર્પણ કરવું કે નહિ તો તમારી પાસે જે છે તે અને તમે પોતે જે છો તે, તે બધાને પરમેશ્વરને સમર્પિત કરતા સંકટમાંથી પસાર થવાનો નિર્ણય કરો, અને પછી પરમેશ્વર તમારી પાસે જે કંઈ કરાવવા માંગે છે તે માટે તે તમને તૈયાર કરશે.

**માર્ચ ૯**

## પાછા ચાલ્યા જવું કે ઈસુની સાથે ચાલવું?

*“શું તમે પણ જતા રહેવા ચાહો છો?”*
*(યોહાન ૬:૬૭)*

આ કેટલો વેધક પ્રશ્ન છે! આપણા પ્રભુના વચનોનો આપણા પર સૌથી અધિક પ્રભાવ ઘણીવાર ત્યારે જ થાય છે જ્યારે તેઓ ખૂબ સાધારણ ઢંગથી વાત કરે છે. આપણે જાણીએ છીએ કે ઈસુ કોણ છે તેમ છતાં તે આપણને પૂછે છે કે, “શું તમે પણ ચાલ્યા જવા માંગો છો?” દરેક વ્યક્તિગત જોખમ હોવા છતાં આપણે સતત એક સાહસપૂર્ણ વલણ ખ્રિસ્ત તરફ અપનાવવું જોઈએ.

“આ સાંભળીને તેના શિષ્યોમાંના ઘણાક પાછા જઈને ત્યાર પછી તેની સાથે ચાલ્યા નહિ”(યોહાન ૬:૬૬). તેઓ ઈસુની સાથે ચાલવામાંથી પાછા ફરી ગયા, પાપ તરફ નહિ પરંતુ ઈસુથી દૂર રહ્યા. આજે ઘણા લોકો ઈસુ ખ્રિસ્તને માટે કાર્ય કરી રહ્યા છે અને પોતાના જીવનો રેડી રહ્યા છે, પરંતુ ખરેખર તેની સાથે ચાલતા નથી. પરમેશ્વર આપણી પાસે એક વાત માંગે છે અને તે તો ઈસુ ખ્રિસ્ત સાથે એકતા હોવી. પવિત્રીકરણ દ્વારા અલગ કરાયા બાદ, આ ગાઢ એકતાને બનાવી રાખવા માટે આત્મિક રીતે પોતાના જીવનને શિસ્તમાં રાખવા જોઈએ. જ્યારે પરમેશ્વર તમારા જીવન માટે પોતાની ઈચ્છા સ્પષ્ટ રીતે દર્શાવે છે તો કોઈ ખાસ રીતે તે સંબંધને જાળવી રાખવા માટે તમારા બધા જ પ્રયત્નો બિલકુલ બિનજરૂરી છે. જે જરૂરી છે તે તો એ કે તમે સંપૂર્ણ રીતે ઈસુ ખ્રિસ્ત પર આધારિત સ્વાભાવિક જીવન જીવો. પરમેશ્વરની સાથે જીવન જીવવા માટે તેનો માર્ગને છોડીને બીજો કોઈ જ માર્ગ અપનાવવાની ક્યારેય કોશિશ ન કરશો. અને તેનો માર્ગ એ છે કે તેના પ્રત્યે સંપૂર્ણ ભક્તિ. આગળ જે અનિશ્ચિતતાઓ પડી છે તેની કોઈ જ ચિંતા ન કરવી તે ઈસુ સાથે ચાલવાનું રહસ્ય છે.

પિતરે ઈસુમાં ફક્ત એક એવી વ્યક્તિને જોઈ કે જે તેને તથા સમગ્ર જગતને તારણ આપી શકે છે. પરંતુ આપણો પ્રભુ આપણને તેની સાથે કામ કરનાર બનીએ એવું ઈચ્છે છે.

કલમ ૭૦માં ઈસુ ખૂબ પ્રેમથી પિતરને સમજાવે છે કે તે ઈસુ સાથે ચાલવા માટે પસંદ કરાયો છે. આપણામાંથી દરેકે પોતાને માટે આ પ્રશ્નનો ઉત્તર આપવાનો છે કે “શું તમે પણ જતા રહેવા ચાહો છો?”

## તેમના સંદેશાનો નમૂનો બનવું

*"તું સુવાર્તા પ્રગટ કર..."*
*(૨ તિમોથી ૪:૨)*

ફક્ત પરમેશ્વરના માધ્યમો બનવા માટે જ નહિ પરંતુ તેના પુત્ર અને પુત્રીઓ બનવા માટે આપણું તારણ થયું છે. તે આપણને આત્મિક પ્રતિનિધિ નહિ પરંતુ આત્મિક સંદેશવાહક બનાવે છે, અને સંદેશો આપણું એક અંગ બની જવું જોઈએ. પરમેશ્વરના પુત્ર પોતે જ પોતાનો સંદેશો હતા "જે વાતો મેં તમને કહી છે, તે આત્મા તથા જીવન છે"(યોહાન ૬:૬૩). તેના શિષ્યો હોવાને કારણે આપણા જીવનોને પોતાના સંદેશાની વાસ્તવિકતાનું એક પવિત્ર ઉદાહરણ બનવું જોઈએ. એક તારણ નહિ પામેલ વ્યક્તિનું હૃદય પણ સેવા કરવાને માટે તૈયાર થઈ જશે જો તેને એમ કહેવામાં આવશે, પરંતુ એક વ્યક્તિને પરમેશ્વરના સંદેશાનું એક પવિત્ર ઉદાહરણ બનવા માટે એવા હૃદયની જરૂરત છે જે પાપના દોષથી તૂટેલું હોય, જેને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત થયું હોય અને જેને કચડી નાંખવા દ્વારા પરમેશ્વરના હેતુની આધીનતામાં લાવવામાં આવ્યું હોય.

સાક્ષી આપવી અને સુવાર્તાપ્રચાર કરવો તે બંનેમાં તફાવત છે. વચન પ્રગટ કરનાર એ છે જેને પરમેશ્વર તરફથી તેડું મળ્યું છે અને જેણે એ સંકલ્પ કર્યો છે કે તે પરમેશ્વરના સત્યને પ્રગટ કરવા માટે પોતાની તમામ શક્તિ વાપરશે. પરમેશ્વર આપણને આપણા જીવન માટેની જે મહત્વકાંક્ષાઓ અને આપણા વિચારોની મર્યાદાની બહાર લઈ જાય છે, અને આપણને તેના પોતાના હેતુઓ અનુસાર ઢાળે છે, આકાર આપે છે, બરાબર એવી રીતે જ્યારે તેમણે પચાસમાના દિવસ પછી શિષ્યોના જીવનોમાં કાર્ય કર્યું હતું. પચાસમાના દિવસનો હેતુ, શિષ્યોને કંઈ શીખવવાનો નહોતો પરંતુ જે બાબતોને તેઓ પ્રગટ કરી રહ્યા હતા તે દેહધારણ બને, જેથી તેઓ દેહમાં અક્ષરશઃ પરમેશ્વરનો સંદેશો બને,"... તમે મારા સાક્ષી થશો" (પ્રે.કૃ.૧:૮).

જ્યારે તમે બોલો છો ત્યારે પરમેશ્વરને તમારા જીવનમાં પૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવા દો. પરમેશ્વરનું વચન બીજાઓને સ્વતંત્ર કરે તે અગાઉ તેની સ્વતંત્રતાને તમારામાં વાસ્તવિક બનવાની જરૂર છે. તમારી સામગ્રીને કાળજીપૂર્વક એકઠી કરો અને પછી પરમેશ્વરને મંજૂરી આપો કે તે પોતાના મહિમાને અર્થે "તમારા શબ્દોને આગથી સળગતું વચન બનાવી દે."

## ''આકાશી દર્શન'' ને આધીન

*''...તે આકાશી દર્શનને માન્ય વિના હું રહ્યો નહિ''*
*(પ્રે. કૃ. ૨૬:૧૯)*

જો પરમેશ્વરે આપણને જે ''આકાશી દર્શન'' આપ્યું છે તે ખોઈ બેસીએ છીએ તો તે માટે આપણે પોતે જ જવાબદાર છીએ- પરમેશ્વર નહિ. આપણી પોતાની આત્મિક વૃદ્ધિના અભાવે આપણે દર્શન ખોઈ બેસીએ છીએ. જો આપણે પરમેશ્વર વિશેની જે આપણી માન્યતાઓ છે તેને આપણા દરરોજના જીવનની બાબતોમાં લાગુ નહિ કરીએ તો જે દર્શન પરમેશ્વરે આપણને આપ્યું છે તે ક્યારેય પૂરૂ નહિ થાય. ''સ્વર્ગીય દર્શન'' પ્રત્યે આજ્ઞાંકિત થવાનો એક માત્ર રસ્તો એ છે કે આપણે પરમેશ્વરના સર્વોચ્ચ માટે પોતાનું સર્વોત્તમ કરવું, તેના મહિમા માટે આપણું સર્વશ્રેષ્ઠ કરવું જોઈએ. પરમેશ્વરના દર્શનને આપણે સતત યાદ રાખવાનો દ્રઢ સંકલ્પ કરીએ છીએ ત્યારે જ આ થઈ શકે છે. પરંતુ આવી ખરી કસોટી એ છે કે આપણા દરરોજના જીવનમાં વિગતવાર દર્શનને આજ્ઞાધીન રહીએ અર્થાત્ ફકત વ્યક્તિગત પ્રાર્થના અથવા સાર્વજનિક સભાઓ દરમ્યાન જ નહિ પરંતુ દરેક મિનિટની સાંઈઠ સેકન્ડો અને દરેક કલાકની સાંઈઠ મિનિટો આજ્ઞાધીન રહીએ.

''જો કે તેને વિલંબ થાય, તો પણ તેની વાટ જો...'' (હબાક્કુક ૨ઃ૩). આપણે આપણા પ્રયત્નોથી દર્શનને પૂરું કરી શકતા નથી, પરંતુ જ્યાં સુધી દર્શન પોતે પોતાને પૂરું ન કરી લે ત્યાં સુધી આપણે તેની પ્રેરણાને આધીન રહેવાનું છે. આપણે એટલા વ્યવહારિક બનવા પ્રયત્ન કરીએ છીએ કે આપણે દર્શનને ભૂલી જઈએ છીએ. આપણે શરૂઆતમાં જ દર્શન જોઈ લીધું હતું પરંતુ આપણે તેની વાટ જોઈ નહિ. આપણે આપણા વ્યવહારિક કાર્ય કરવા ઉતાવળથી નીકળી પડ્યા અને જ્યારે દર્શન પૂર્ણ થઈ ગયું ત્યારે આપણને તે દેખાતું પણ બંધ થઈ ગયું. જે દર્શન ''વિલંબ'' કરે છે તેના માટે વાટ જોવી તે પરમેશ્વર પ્રત્યેની આપણી વિશ્વાસયોગ્યતાની ખરી કસોટી છે. આપણે આપણા પોતાના પ્રાણના કલ્યાણના ભોગે વ્યવહારિક વ્યસ્તતાના કામમાં ફસાઈ જઈએ છીએ, અને આ કારણથી દર્શનને પૂરું થતું જોવાનું ચૂકી જઈએ છીએ.

પરમેશ્વર તરફથી આવતા તોફાનો તરફ ધ્યાન રાખો. પરમેશ્વર પોતાના સંતોને એક જ રીતે રોપે છે અને તે તો પોતાના વાવંટોળ દ્વારા જ. શું તમે એવી શિંગ સાબિત થશો કે જેમાં કોઈ બી ના હોય? આનો આધાર એ વાત પર છે કે જે દર્શન આપે જોયું છે તેના પ્રકાશમાં આપ રહો છો કે નહિ. પરમેશ્વરને મંજૂરી આપો કે તે તમને પોતાના તોફાનમાં થઈને મોકલે અને જ્યાં સુધી એમ નથી કરતા ત્યાં સુધી તમે જશો નહિ. જો રોપાવાને માટે તમે પોતાનું સ્થાન તમે પોતે જ પસંદ કરો છો, તો તમે પોતાને એક ફળ વગરની ખાલી શિંગ સાબિત કરશો, જો તમે પરમેશ્વરને મંજૂરી આપશો કે તે તમને રોપે તો, તમે ''બહુ ફળ આપશો'' (યોહાન ૧૫ઃ૮).

આ જરૂરી છે કે આપણે આપણા માટે પરમેશ્વરના દર્શનના ''પ્રકાશમાં ચાલીએ'' અને જીવીએ (૧ યોહાન ૧ઃ૭).

## સંપૂર્ણ સમર્પણ

*"પિતર તેને કહેવા લાગ્યો કે, જો અમે બધું મૂકીને*
*તારી પાછળ આવ્યા છીએ"*
*(માર્ક ૧૦:૨૮)*

આપણો પ્રભુ પિતરની આ વાતનો ઉત્તર આપે છે કે આ સમર્પણ "મારા લીધે અને સુવાર્તાને લીધે છે" (૧૦:૨૯). શિષ્યોને પોતાને આમાંથી શું પ્રાપ્ત થશે તે ઉદ્દેશ નહોતો. વ્યક્તિગત ફાયદાથી પ્રેરિત હોય તેવા સમર્પણથી સાવધાન રહો. ઉદાહરણ તરીકે, "હું મારી જાતને પરમેશ્વરને સોંપી દઉં છું કારણ કે હું પાપમાંથી મુક્ત થવા માંગું છું, કારણ કે હું પવિત્ર થવા માંગુ છું." પાપથી છુટકારો પ્રાપ્ત કરવો અને પવિત્ર કરવામાં આવવું તે પરમેશ્વર સાથે યોગ્ય સંબંધમાં રહેવાનું પરિણામ છે, પરંતુ આ પ્રકારના વિચારથી કરવામાં આવતું સમર્પણ ખ્રિસ્તીપણાનું સાચું સ્વરૂપ જરા પણ નથી. સમર્પણ માટેનો આપણો હેતુ કોઈ પ્રકારનો વ્યક્તિગત લાભ ક્યારેય ના હોવો જોઈએ. આપણે એટલા સ્વાર્થી થઈ ગયા છીએ કે આપણે કશુંક મેળવવા માટે જ પરમેશ્વર પાસે જઈએ છીએ, પરંતુ પરમેશ્વરને માટે જતા નથી. આ એવું કહેવા બરાબર છે કે "ના પ્રભુ, મને તારી જરૂર નથી; મને તો ફક્ત મારી જ જરૂરત છે. પરંતુ હું એવું જરૂર ચાહું છું કે તું મને શુદ્ધ કર અને પોતાના પવિત્ર આત્માથી ભરે. હું તારા શૉ-કેસમાં પ્રદર્શન માટે મૂકાવાની ઈચ્છા રાખું છું જેથી હું કહી શકું કે, 'જુઓ, પરમેશ્વરે મારા માટે આ બધું કર્યું છે.' " સ્વર્ગને પ્રાપ્ત કરવું, પાપથી મુક્ત થવું અને પરમેશ્વરના માટે ઉપયોગી થવું એ એવી બાબતો છે જેનો વાસ્તવિક સમર્પણમાં વિચાર પણ ના આવવો જોઈએ. સાચા, સંપૂર્ણ સમર્પણનો અર્થ એ થાય છે કે બધી બાબતોથી વધારે વ્યક્તિગત રૂપથી ઈસુ ખ્રિસ્તને પ્રથમ સ્થાન આપવું.

જ્યાં આપણા સાંસારિક સંબંધોની વાત આવે છે ત્યારે તેમાં ઈસુ ખ્રિસ્તનું સ્થાન શું હોય છે? આપણામાંથી મોટા ભાગના લોકો આવું બહાનુ બનાવીને તેને છોડી દઈએ છીએ કે, "હા પ્રભુ, મેં તમારા તેડાને તો સાંભળ્યું છે પરંતુ મારા કુટુંબને મારી જરૂર છે અને મારી પોતાની કેટલીક ઈચ્છાઓ પણ છે, આનાથી આગળ હું નથી જઈ શકતો"(જુઓ લૂક ૯:૫૭-૬૨). "ત્યારે" ઈસુએ કહ્યું કે, "તું 'મારો શિષ્ય થઈ શકતો નથી' "(જુઓ લૂક ૧૪:૨૬-૩૩).

સાચુ સમર્પણ હંમેશા સાચી ભક્તિથી વધારે હોય છે. જો આપણે ત્યાગ કરવા તૈયાર થઈ જઈએ તો, પરમેશ્વર પોતાને સમર્પિત કરશે અને આપણી ચારે બાજુ એ સર્વ લોકોને જેમને આપણા સમર્પણના કારણે નુકશાન થયું હોય તે તમામને આલિંગન કરશે. પરમેશ્વરને સંપૂર્ણ સમર્પણ કરવાથી પાછા હટવાથી સાવધાન રહો. આપણામાંથી મોટા ભાગના લોકોએ અનો જે અર્થ થાય તેવું ફક્ત દર્શન જ પ્રાપ્ત કર્યું છે, પરંતુ તેનો સાચો અનુભવ ક્યારેય નથી કર્યો.

## આપણા પ્રત્યે પરમેશ્વરનું સંપૂર્ણ સમર્પણ

*"કેમ કે પરમેશ્વરે જગત પર એટલો પ્રેમ કર્યો કે તેમણે...આપ્યો..."*
*(યોહાન ૩:૧૬)*

તારણનો અર્થ ફક્ત પાપોથી છુટકારો અને વ્યક્તિગત પવિત્રતાનો અનુભવ એટલો જ નથી. જે તારણ પરમેશ્વર તરફથી આવે છે. તેનો અર્થ થાય છે કે સંપૂર્ણ રીતે પોતાનામાંથી છુટકારો પ્રાપ્ત કરવો અને પરમેશ્વર સાથે સ્થાપિત એકતાના સંબંધમાં મૂકાવું. જ્યારે હું મારા તારણના અનુભવ અંગે વિચારું છું તો હું પાપમાંથી મુક્તિ પ્રાપ્ત કરવી અને વ્યક્તિગત પવિત્રતા પ્રાપ્ત કરવા અંગે વિચારું છું. પરંતુ તારણ તેનાથી કંઈક વધુ છે! તારણનો અર્થ એ થાય છે કે પરમેશ્વરનો આત્મા મને સ્વયં પરમેશ્વરના સાચા વ્યક્તિત્વના સંપર્કમાં લઈ આવે છે. અને જ્યારે હું પરમેશ્વર પ્રત્યે સમર્પણની પકડમાં આવું છું ત્યારે હું એવી બાબતથી રોમાંચિત થઈ જાઉં છું જે મારાથી અનેકગણી મહાન છે.

જો આપણે એમ કહીએ કે આપણને પવિત્રતા અથવા પવિત્રીકરણના પ્રચાર માટે તેડું આપવામાં આવ્યું છે, તો એનો અર્થ એ થાય કે આપણે મુખ્ય વિષયને ચૂકી ગયા છીએ. હકીકતમાં આપણને ઈસુ ખ્રિસ્તને પ્રગટ કરવા માટે તેડવામાં આવ્યા છે. (જુઓ ૧કરિંથી ૨:૨) એ સત્ય કે તે આપણને પાપથી બચાવે છે અને આપણને પવિત્ર કરે છે તે વાસ્તવમાં આપણા પ્રત્યે પરમેશ્વરના સંપૂર્ણ અને અદ્‌ભુત સમર્પણના પ્રભાવનો એક અંશ છે.

જો આપણે સાચે જ સમર્પિત છીએ તો આપણને સમર્પિત રહેવાના આપણા પ્રયાસોની સભાનતા ક્યારેય નહિ હોય, આપણું સંપૂર્ણ જીવન એ વ્યક્તિમાં ખોવાઈ જશે જેને આપણે સમર્પિત છીએ. જો આપ સમર્પણ વિશે કશું જાણતા નથી તો તેના અંગે વાત કરવાથી સાવધાન રહો. સત્ય એ છે કે આપણે સમર્પણ અંગે ત્યાં સુધી નહિ સમજીએ કે જ્યાં સુધી આપણે એ નહિ સમજીએ કે યોહાન ૩: ૧૬ અર્થ એ છે કે પરમેશ્વરે સંપૂર્ણ રીતે પોતાને આપણને આપી દીધા. આપણા સમર્પણમાં, આપણે પણ પોતાને તેમને એ જ રીતે આપી દેવાના છે જેમ તેમણે પોતાને આપણને આપી દીધા અર્થાત્ સંપૂર્ણ રીતે, બિનશરતી અને કશુ પણ પાછું રાખ્યા વગર. આપણા સમર્પણથી આવનાર પરિણામો અને પરિસ્થિતિઓ કે સંજોગો આપણા દિમાગમાં નહિ આવે કારણ કે આપણું જીવન પરમેશ્વરમાં સંપૂર્ણ લીન થઈ જશે.

## અધિકાર સોંપી દેવો

*“જેની આજ્ઞા પાળવા સારુ તમે પોતાનો...સોંપો છો...તેના દાસ તમે છો”*
*(રોમનોને પત્ર ૬:૧૬)*

જ્યારે હું આ વાતને તપાસવાની શરૂઆત કરું છું કે કઈ બાબત મને નિયંત્રણમાં અને આધીનતામાં રાખે છે. તો જે વાતને મારે સૌથી પ્રથમ સ્વીકારવા માટે તૈયાર રહેવું જોઈએ તે એ છે કે તમામ બાબતને સોંપાઈ જવાની જવાબદારી મારી પોતાની છે. જો હું મારો પોતાનો દાસ છું તો તેમાં દોષ મારો પોતાનો છે કેમ કે ભૂતકાળમાં મેં પોતાની જાતને પોતાને હવાલે કર્યો હતો. આ જ રીતે જો હું પરમેશ્વરની આજ્ઞા પાળું છું, તો એનું કારણ એ છે કે જીવનમાં કોઈ ક્ષણે મેં પોતાની જાતને પરમેશ્વરને સોંપી હતી.

જો કોઈ બાળક પોતાને સ્વાર્થને આધીન કરી દે છે, તો એ અનુભવશે કે આ બાબત પૃથ્વીની સૌથી ભયંકર ગુલામ બનાવી દેતો જુલમ છે. માણસના પ્રાણમાં એવું કોઈ સામર્થ્ય નથી જે અધિકાર સોંપી દેવાથી ઉત્પન્ન થનાર સ્વભાવના બંધનને પોતાના બળથી તોડી શકે. ઉદાહરણ તરીકે, તમે પોતાને કોઈ પણ પ્રકારની લાલસાને સુપ્રત કરો, જો કે આમ કરવાના કારણે તમે પોતાની જાતને નફરત કરી શકો છો, પરંતુ તમે એ વસ્તુના દાસ બની જાવ છો (યાદ રાખો કે લાલસાનો અર્થ છે- “આ મને હમણાં મળવું જોઈએ” ચાહે તે શરીરની લાલસા હોય કે મનની લાલસા હોય). આમાંથી મુક્તિ કોઈ માનવીય સામર્થ્યથી નથી મળતી, પરંતુ ફક્ત પરમેશ્વરે આપેલ ઉદ્ધારના સામર્થ્યથી પ્રાપ્ત થાય છે તમારે પૂરી દીનતા સાથે પોતાની જાતને તે એક માત્ર વ્યક્તિને સોંપી દેવી જોઈએ કે જે તમારા જીવનમાંના પ્રબળ સામર્થ્યને તોડી શકે છે અર્થાત્ પ્રભુ ઈસુ ખ્રિસ્ત. “...તેણે મારે અભિષેક કર્યો છે...બદીવાનોને છૂટકો...જાહેર કરવા...”(લૂક ૪:૧૮ અને યશાયા ૬૧:૧)

જ્યારે તમે પોતે પોતાને કોઈ બાબતને સોંપી દો છો, ત્યારે તમને ખૂબ ઝડપથી તમારી ઉપર તે ચીજના જબરદસ્ત નિયંત્રણનો અનુભવ થશે. કદાચ, તમે કહો કે, “અરે, હું એ આદતને જ્યારે ઈચ્છું ત્યારે છોડી શકું છું.” પરંતુ તમે જાણશો કે એમ થતું નથી. તમે જોશો કે તે આદત સંપૂર્ણ રીતે તમારી ઉપર પ્રભાવી છે કારણ કે તમે તમારી ઈચ્છાથી પોતાની જાતને તે આદતને સોંપી દીધા હતા. એવું ગીત ગાવું કે, “તે દરેક બંધન તોડી નાંખશે” અને તે જ સમયે સાથે સાથે પોતાની જાતે દાસત્વમાં રહેવું ખૂબ સરળ છે. પરંતુ પોતાને ઈસુને સોંપી દેવાથી કોઈ પણ વ્યક્તિના જીવનના દરેક પ્રકારના દાસત્વને ઈસુ તોડી નાંખશે.

માર્ચ ૧૫

## ભયભીત થવાની શિસ્ત

*"...પાછળ ચાલનારા બીધા..." (માર્ક ૧૦:૩૨)*

ઈસુ ખ્રિસ્ત સાથે આપણા જીવનની શરૂઆતમાં આપણને વિશ્વાસ હતો કે આપણે ઈસુની પાછળ ચાલવા અંગે બધુ જ જાણીએ છીએ. તેના માટે સઘળું ત્યાગ કરવું અને પ્રેમમાં ભયભીત ન થતા પોતાને તેની આગળ નાંખી દેવામાં કેટલો આનંદ હતો. પરંતુ હવે આપણને આ વાતની એટલી નિશ્ચિતતા નથી. ઈસુ આપણી ખૂબ આગળ નીકળી ગયા છે અને હવે તેઓ જુદા અને અપરિચિત લાગે છે - "ઈસુ તેઓની આગળ ચાલતો હતો; અને તેઓ અચંબો પામ્યા." (૧૦:૩૨).

ઈસુમાં એક ઢબ એવી પણ છે જે એક શિષ્યના હૃદયનાં ઊંડાણમાં નિરાશા ઉત્પન્ન કરી દે છે કે તેનું સંપૂર્ણ આત્મિક જીવન જાણે કે શ્વાસ લેવા માટે પણ તડપવા લાગે છે. આ અનોખી વ્યક્તિ જેણે પોતાનું મુખ "ચકમકના પથ્થર જેવું" કઠણ કર્યુ છે (યશાયા ૫૦:૭) અને દ્રઢતાથી મારી આગળ ચાલે છે અને તે મારામાં બીક પેદા કરે છે હવે તે મારો મિત્ર અને સલાહકાર નથી લાગતો અને તેના એક એવા દ્રષ્ટિકોણ જે અંગે હું કશું જ નથી જાણતો. હું જે કરી શકું છું તે એ કે ઊભો રહીને આંખો ફાડીને આશ્ચર્યમાં તેની સામે જોયા કરું. શરૂઆતમાં મને પૂરી ખાતરી હતી કે હું તેમને સમજુ છું પરંતુ હવે મને મારી ખાતરી પર શંકા થઈ રહી છે. મને સમજ પડવા લાગી છે કે ઈસુ અને મારી વચ્ચે અંતર થઈ ગયું છે, અને હું તેની સાથે ઘનિષ્ઠ નથી થઈ શકતો, મને ખબર નથી કે તે ક્યાં જઈ રહ્યા છે, અને હવે લક્ષ્ય વિચિત્ર રીતે દૂર લાગે છે.

ઈસુ ખ્રિસ્તને એ બધા જ પાપ અને દુઃખને સમજવા હતા કે જેનો અનુભવ માણસ કરી શકે છે, અને એ જ વાત તેમને અપરિચિત બનાવે છે. જ્યારે આપણે તેમના આ દ્રષ્ટિકોણને જોઈએ છીએ ત્યારે આપણને સમજ પડે છે કે આપણે ખરેખર તેમને નથી ઓળખતા. આપણે તેમના જીવનની એક પણ વિશેષતાને ઓળખતા નથી અને આપણને ખબર નથી તેમની પાછળ ચાલવાનું કેવી રીતે શરૂ કરીએ. તે આપણાથી ઘણા આગળ છે, એક એવા આગેવાન જે આપણને બિલકુલ અપરિચિત લાગે છે અને તેમની સાથે આપણને કોઈ જ મિત્રતા નથી.

ભયભીત થવાની શિસ્ત એક મહત્વપૂર્ણ પાઠ છે જે એક શિષ્યએ શીખવાની જરૂર છે. જોખમ એ વાતમાં છે કે આપણે પરમેશ્વર પ્રત્યે આપણા ઉત્સાહને ટકાવી રાખવા માટે ભૂતકાળમાં આપણે જે આજ્ઞાપાલન કર્યું તે અથવા પરમેશ્વરને માટે આપણા બલિદાનો તરફ પાછા ફરીને જોઈએ છીએ(યશાયા ૧:૧૦-૧૧ જુઓ). પરંતુ જ્યારે ભય નો અંધકાર આવી પડે ત્યારે જ્યાં સુધી તે પૂર્ણ ના થાય ત્યાં સુધી તેને સહન કરો, કેમ કે તે દ્વારા ઈસુની પાછળ ખરેખર ચાલવાની યોગ્યતા આવશે જે અવર્ણનીય અદ્‌ભુત આનંદ લાવે છે.

## સ્વામી ન્યાય કરશે

*"...આપણ સર્વને ખ્રિસ્તના ન્યાયાસન આગળ પ્રગટ થવું પડશે."*
*(૨ કરિંથી ૫:૧૦)*

પાઉલ જણાવે છે કે આપણે સર્વ ઉપદેશકો અને અન્ય લોકોએ એક સમાન રીતે, "ખ્રિસ્તના ન્યાયાસન આગળ પ્રગટ થવું પડશે." પરંતુ, જો તમે અહીં અને હાલ ખ્રિસ્તના શુદ્ધ પ્રકાશની ઝીણવટભરી તપાસ કરતી દ્રષ્ટિમાં રહેશો તો પરમેશ્વરે તમારામાં કેવું કામ કર્યું છે તે જોઈને. તમારો અંતિમ ન્યાય તમારે માટે ફક્ત આનંદ જ લાવશે. પોતાની જાતને સતત ખ્રિસ્તના ન્યાયાસનની યાદ અપાવીને જીવો, અને તેમણે તમને જે પવિત્રતા આપી છે તે પવિત્રતાના જ્ઞાનમાં ચાલો. અન્ય કોઈ વ્યક્તિ માટે ખોટી મનોવૃત્તિને હ્રદયમાં રાખવી તે તમને શેતાનના આત્માની પાછળ ચલાવે છે, પછી ભલેને તમે કેટલાયે સંત જેવા પવિત્ર કેમ ના હો, સાંસારિક રૂપથી બીજી કોઈ વ્યક્તિનો ન્યાય કરવો તે તમારામાં નર્કના ઉદ્દેશને પૂર્ણ કરે છે. તેને તરત જ પ્રકાશમાં લાવો અને કબુલ કરો કે, "હે, પ્રભુ આ બાબતમાં હું અપરાધી છું." જો તમે આમ નહિ કરો તો તમારું હ્રદય સંપૂર્ણ રીતે કઠોર થઈ જશે. પાપને હા કહીને તેને સ્વીકારવું તે પણ પાપની એક સજા છે. ફક્ત પરમેશ્વર જ પાપનો દંડ આપે છે એમ નથી, પરંતુ પાપ પાપીમાં તંબુ નાંખીને સ્થાપન થાય છે અને તે વ્યક્તિને નુકશાન કરતો રહે છે. કોઈ પણ રીતનો સંઘર્ષ કે પ્રાર્થના તમને કેટલાક કામ કરવાથી રોકવાની યોગ્યતા નથી આપતા, અને પાપનો દંડ એ હોય છે કે તમે તેનાથી ટેવાઈ જાવ છો, અને અંતમાં એવી સ્થિતિમાં પહોંચો છો કે તમને એ સમજણ પણ નથી પડતી કે આ પાપ છે. પવિત્ર આત્માના ભરપૂરીપણામાં આવનાર સામર્થ્ય સિવાય બીજુ કોઈજ સામર્થ્ય નથી જે પાપના સ્વાભાવિક પરિણામોને બદલી શકે અથવા રોકી શકે.

"જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ તો..."(૧ યોહાન ૧:૭) આપણામાંથી ઘણાઓ માટે, પ્રકાશમાં ચાલવાનો અર્થ થાય છે જે માપદંડ આપણે અન્ય વ્યક્તિઓ માટે ઠરાવ્યો છે તે મુજબ ચાલવું. આજે આપણે ફરોશીઓ જેવી વિનાશક મનોવૃત્તિઓને દર્શાવીએ છીએ તે ઢોંગ નથી પરંતુ એવી મનોવૃત્તિ છે જે અજાણતામાં એક જૂઠ જીવવાથી આવે છે.

## સેવકનું અગ્રીમ લક્ષ્ય

*"...તેને પસંદ પડીએ એવી ઉમેદ અમે રાખીએ છીએ"*
*(૨ કરિંથી ૫:૯)*

"...એવી ઉમેદ અને રાખીએ છીએ" આપણા અગ્રીમ લક્ષને સતત આપણી સામે રાખવા માટે આપણે સજાગ રહીને નિર્ણયો અને પ્રયાસ કરવાની જરૂર છે, એનો અર્થ એ થાય કે સતત વર્ષો-વર્ષ આપણે સૌથી ઉચ્ચ અગ્રીમતા પર ટકી રહેવાનું છે; આપણી અગ્રીમતા આત્માઓ જીતવાની, કે મંડળીઓ સ્થાપવાની કે આત્મિક જાગૃતિઓ નથી પરંતુ "તેને પસંદ પડીએ" તે માટે પ્રયત્નો કરવાની છે. નિષ્ફળતાનું કારણ આત્મિક અનુભવનો અભાવ નથી, પરંતુ યોગ્ય લક્ષ પર પોતાની આંખો ટકાવી રાખવાનો અભાવ હોય છે. અઠવાડિયામાં ઓછામાં ઓછું એક વાર પોતાની જાતને પરમેશ્વર આગળ તપાસો અને જુઓ કે તમારું જીવન તેમણે તમારા માટે જે માપદંડ ઠરાવ્યો છે ત્યાં સુધી પહોંચી રહ્યું છે કે નહિ. પાઉલ એક એવા સંગીતકાર જેવો હતો કે જે શ્રોતાઓની પ્રશંસાની ચિંતા નથી કરતો પરંતુ જે ફક્ત સંગીત સંચાલકની પ્રશંસા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે.

કોઈ પણ લક્ષ્ય જે આપણને "પરમેશ્વર તરફથી સ્વીકૃત" (૨ તિમોથી ૨:૧૫) બનવાના મુખ્ય લક્ષથી ભટકાવી દે, તે આપણને ભવિષ્યમાંની પરમેશ્વરની સેવાથી અલગ પડી જવાનું કારણ બનાવી શકે છે. જ્યારે તમે પારખી લેશો કે લક્ષ્ય ક્યાં લઈ જઈ રહ્યું છે, તો તમે સમજી જશો કે "ઈસુની તરફ લક્ષ" રાખવાનું કેમ આટલું બધું જરૂરી છે(હિબ્રૂઓને પત્ર ૧૨:૨). પાઉલ પોતાના શરીરને નિયંત્રણમાં રાખવાનું જે મહત્વ છે તે અંગે વાત કરે છે, જેથી તે શરીર તેને ખોટી દિશામાં ના લઈ જાય. તે કહે છે, "હું મારા દેહનું દમન કરું છું, તથા તેને વશ રાખું છું; રખેને ...કદાચ હું પોતે નાપસંદ થાઉં" (૧ કરિંથી ૯:૨૭).

મારે દરેક બાબતોના સંબંધને અગ્રીમ લક્ષ્યથી જોડાવાનું શીખવાનું છે જેથી કોઈ જ અવરોધ વગર હું તે લક્ષ પકડી રાખી શકું. મારા અંગત જીવનમાં હું શું છું તે પરથી પરમેશ્વર માટે સાર્વજનિક રૂપમાં મારું મૂલ્ય માપી શકાય છે. શું જીવનમાં મારું અગ્રીમ લક્ષ તેમને પ્રસન્ન કરવો અને તેમના તરફ સ્વીકારયોગ્ય બનવાનું છે કે પછી બીજુ કશુંક છે, પછી ભલેને તે સાંભળવામાં કેટલું પણ ભારે અને ઉચ્ચ કેમ ના લાગે?

## શું હું પોતાને આ સ્તર સુધી લાવીશ?

*"...પરમેશ્વરનું ભય રાખીને સંપૂર્ણ પવિત્રતા સંપાદન કરીએ"*
*(૨ કરિંથી ૭:૧)*

"તેથી...આપણને એવાં વચન મળેલાં છે માટે..." હું પરમેશ્વરના વચનોને અધિકારથી પોતાના જીવનને માટે લઈ લઉં છું, અને એવું કરવું યોગ્ય પણ છે, છતાં આવું કરવું તે આ વચનો પ્રત્યે ફક્ત માનવીય દ્રષ્ટિકોણ દર્શાવે છે. પરમેશ્વરનો દ્રષ્ટિકોણ એ છે કે તેમના વચનો દ્વારા હું પોતાની ઉપર તેમની માલિકીને સ્વીકારું છું. ઉદાહરણ તરીકે શું મને એ સમજણ છે કે, "મારું શરીર પવિત્ર આત્માનું મંદિર છે." અથવા શું હું મારા દેહમાં કોઈ એવી ટેવની અવગણના કરી રહ્યો છું જે પરમેશ્વરના પ્રકાશને ક્યારેય સહન નથી કરી શકતી?(૧ કરિંથી ૬:૧૯). પરમેશ્વરે પવિત્રીકરણ દ્વારા મારામાં પોતાના પુત્રનું રૂપ બનાવ્યું છે, અને મને પાપથી અલગ કરીને પોતાની દ્રષ્ટિમાં મને પવિત્ર કર્યો છે. (જુઓ ગલાતી ૪:૧૯). પરંતુ મારે આજ્ઞાપાલન દ્વારા પોતાના શારીરિક જીવનને આત્મિક જીવનમાં બદલવાની શરૂઆત કરવાની છે. પરમેશ્વર આપણને જીવનની નાની નાની વાતોમાં પણ નિર્દેશન આપે છે અને જ્યારે તે તમને પાપ વિષે ખાતરી કરાવે છે, તો "માંસ અને લોહીની સલાહ" ના લેશો પરંતુ તરત પોતાને તેમાંથી શુદ્ધ કરો (ગલાતી ૧:૧૬). તમારી દૈનિક ચાલમાં તમારી જાતને શુદ્ધ રાખો.

જ્યાં સુધી મારા શરીર અને આત્મા બંને પરમેશ્વરના સ્વભાવના તાલમેલમાં ના આવે ત્યાં સુધી મારે મારા શરીર અને આત્માને દરેક ગંદકીથી શુદ્ધ રાખવાના છે. શું મારા આત્માનું મન મારી અંદર વસનાર પરમેશ્વરના પુત્રના જીવન સાથે પૂરી સંમતિમાં છે, કે પછી શું હું માનસિકરૂપે વિદ્રોહ અને પ્રતિરોધ કરનાર વ્યક્તિ છું? શું હું ખ્રિસ્તના મનને મારામાં બનવા દઉં છું (જુઓ ફિલિપ્પી ૨:૫). ખ્રિસ્તે પોતાની ઉપર પોતાના અધિકારની વાત ક્યારેય નથી કરી, પરંતુ તેમણે પોતાના આત્માને પોતાના પિતાની આધીનતામાં રાખવાની સભાનતાને હંમેશા જાળવી રાખી. મારી પણ એ જવાબદારી છે કે હું મારા આત્માને તેના આત્માને અનુરૂપ રાખું. શું હું પરમેશ્વરના ભયમાં આ પ્રકારની પવિત્રતાને સંપાદન કરી રહ્યો છું? શું પરમેશ્વર એમની ઈચ્છા અનુસાર મારામાં કાર્ય કરે છે, અને શું લોકો મારા જીવનમાં પરમેશ્વરને વધુને વધુ જોવાનું શરૂ કરી રહ્યા છે?

પરમેશ્વર પ્રત્યે તમારી પ્રતિબદ્ધતાના વિષયમાં હંમેશા ગંભીર રહો અને ખુશીથી બાકીની તમામ બાબતોની પરવા કરવાનું છોડી દો. પરમેશ્વરને તમારા જીવનમાં ખરેખર પ્રથમ સ્થાન આપો.

## ઈબ્રાહિમનું વિશ્વાસનું જીવન

*"...ઈબ્રાહિમ...પોતે ક્યાં જાય છે એ ન જાણ્યા છતાં તે ચાલી નીકળ્યો"*
*(હિબ્રુ ૧૧:૮)*

જૂના કરારમાં, પરમેશ્વર સાથે વ્યક્તિના સંબંધોને તે વ્યક્તિ તેના જીવનમાં કેટલી બાબતોમાં કેટલી માત્રામાં અલગ થયો તે પરથી માપવામાં આવતો હતો. ઈબ્રાહિમના જીવનમાં આ પ્રકારની અલગતા તેના દેશ અને તેના પરિવારથી અલગ થવામાં દેખાઈ આવે છે આજે જ્યારે આપણે અલગતા અંગે વિચારીએ, તો આપણો અર્થ શબ્દની રીતે પરિવારના જે લોકો પરમેશ્વરની સાથે વ્યક્તિગત સંબંધ નથી ધરાવતા તેમનાથી અલગ થવાથી નથી, પરંતુ આપણો અર્થ એ છે કે માનસિક રીતે નૈતિકરૂપથી તેમના દ્રષ્ટિકોણથી અલગ થવું. લૂક ૧૪:૨૬ માં ઈસુ ખ્રિસ્ત આ વાતને નિર્દેશ કરે છે.

વિશ્વાસનું જીવન જીવવાનો અર્થ એ છે કે તમે કદીએ જાણશો નહિ કે તમને ક્યાં લઈ જવામાં આવી રહ્યા છે. પરંતુ તેનો અર્થ એ પણ છે કે તમે તે વ્યક્તિને પ્રેમ કરો છો અને તેને જાણો છો જે તમને દોરી જાય છે. આ ખરેખર વિશ્વાસનું જીવન છે. સમજણ અને તર્ક-વિતર્કનું નહિ પરંતુ જે આપણને જવાનું કહે છે, એ વ્યક્તિને જાણવાનું જીવન છે. વિશ્વાસનું મૂળ એક વ્યક્તિ અર્થાત્ પરમેશ્વરને જાણવામાં છે, અને જે ફાંદાઓમાં આપણે ફસાઈ જઈએ છીએ તેમાંથી એક ફાંદો એવી ધારણા છે કે જો આપણી પાસે વિશ્વાસ છે, તો પરમેશ્વર આપણને સાંસારિક સફળતા તરફ જરૂર લઈ જશે.

વિશ્વાસના જીવનમાં અંતિમ તબક્કો એ છે કે ચારિત્ર પ્રાપ્ત કરવું, અને આ પ્રક્રિયામાં આપણે ઘણા ફેરફારોનો સામનો કરીએ છીએ. જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણી ચારે બાજુ પરમેશ્વરની હાજરી અનુભવીએ છીએ, છતાં આપણે થોડા સમય માટે જ બદલાઈએ છીએ આપણે આપણા દૈનિક રીતભાતોમાં વારંવાર પાછા જવાની ટેવ રાખીએ છીએ તેથી મહિમા ખતમ થઈ જાય છે. વિશ્વાસનું જીવન તે એક ઊંચા પહાડ પર ચઢવાના અનુભવ જેવું નથી કે ગરૂડની પાંખો પર ઊડવાનું જીવન નથી પરંતુ સાતત્યવાળું જીવન છે, ચાલતા રહેવું અને થાકવું નહિ તેવું જીવન છે (જુઓ યશાયા ૪૦:૩૧). આ પવિત્રતા, પવિત્રીકરણનો પ્રશ્ન નથી પરંતુ એક એવી બાબતનો પ્રશ્ન છે જે પવિત્રીકરણથી આગળ વધવાથી આવે છે. તે તો એવો વિશ્વાસ છે જેની કસોટી કરવામાં આવી છે, પરખાયો છે અને કસોટીમાં ટકી રહ્યો છે. ઈબ્રાહીમ પવિત્રીકરણનું ઉદાહરણ નથી પરંતુ વિશ્વાસના જીવનનું ઉદાહરણ છે. એક પરખાયેલો, સાચો વિશ્વાસ જેનું નિર્માણ સાચા પરમેશ્વર પર થયું છે. "ઈબ્રાહિમે પરમેશ્વર પર વિશ્વાસ કર્યો..."(રોમનોને પત્ર ૪:૩).

માર્ચ ૨૦

## પરમેશ્વર સાથે મિત્રતા

*"...જે હું કરું છું તે શું ઈબ્રાહિમથી સંતાડું?"*
*(ઉત્પત્તિ ૧૮:૧૭)*

**પરમેશ્વર સાથે મિત્રતાનો આનંદ : ઉત્પત્તિ ૧૮** પ્રાર્થનામાં ક્યારેક પરમેશ્વરની હાજરી અનુભવ કરવાની તુલનામાં પરમેશ્વર સાથે સાચી મિત્રતાના આનંદની લાગણી આપણી સમક્ષ લાવે છે. આ મિત્રતાનો અર્થ છે પરમેશ્વર સાથે એટલા ઘનિષ્ઠ, સંબંધમાં રહેવું કે તમારે તેને એમ કહેવાની જરૂરત ના રહે કે તે તમને પોતાની ઈચ્છા દેખાડે. આ બાબત ઘનિષ્ઠતાના એ સ્તરની સાબિતી છે જે એ વાતની પુષ્ટિ કરે છે કે તમે વિશ્વાસના જીવનની તમારી શિસ્તના અંતિમ ચરણમાં પહોંચી રહ્યા છો. જ્યારે પરમેશ્વર સાથે તમારો સંબંધ યોગ્ય હોય છે ત્યારે તમારું જીવન સ્વતંત્રતા, સ્વાધીનતા અને આનંદનું જીવન હોય છે, અને તમે પોતે પરમેશ્વરની ઈચ્છા બનો છો. અને જો તે તમારા આત્મામાં રૂકાવટ કરીને તમને રોકતા નથી, તો વ્યવહારિક બુદ્ધિથી લેવાયેલા તમારા તમામ નિર્ણયો હકીકતમાં તમારા માટે તેમની ઈચ્છા અનુસાર જ હોય છે. તમે પરમેશ્વર સાથેની સંપૂર્ણ અને આનંદપૂર્ણ મિત્રતાના પ્રકાશમાં નિર્ણયો કરવાને મુક્ત છો, એ જાણીને કે જો તમારા નિર્ણયો ખોટા હશે તો તે પ્રેમ સાથે તમારામાં રૂકાવટની લાગણી ઉત્પન્ન કરશે અને જો તે તેમ કરે તો તમારે તરત જ રોકાઈ જવું જોઈએ.

**પરમેશ્વર સાથે મિત્રતાની કઠિનાઈઓ :** જ્યારે ઈબ્રાહિમે પ્રાર્થના કરવાની બંધ કરી દીધી, તો એવું શા માટે કર્યું? તેણે પ્રાર્થના એ માટે બંધ કરી કેમ કે તે પરમેશ્વર સાથે ઘનિષ્ઠતાના એ સ્તર સુધી નહોતા પહોંચ્યા જે તેમને એ લાયક બનવી શકે કે તે હિંમતથી પ્રાર્થનામાં જ્યાં સુધી પરમેશ્વર તેમની અભિલાષા પૂરી ના કરે ત્યાં સુધી પ્રભુ સાથે ચાલતા રહે. જ્યારે પણ આપણે પ્રાર્થનામાં આપણી સાચી અભિલાષાની પહેલાં જ રોકાઈ જઈએ છીએ અને કહીએ છીએ કે, "સારુ, મને ખબર નથી, કદાચ આ પરમેશ્વરની ઈચ્છા નથી." તો એનો અર્થ એ કે, હજુ આપણા માટે એક સ્તર પૂર્ણ કરવાનું બાકી છે. આ દર્શાવે છે કે આપણે પરમેશ્વર સાથે એટલી ઘનિષ્ઠતાથી પરિચિત નથી જેટલા ઈસુ હતા, અને જેટલું ઈસુ ચાહે છે કે આપણે હોઈએ- "જેવા આપણે એક છીએ તેવા તેઓ પણ એક થાય..."(યોહાન ૧૭:૨૨). છેલ્લી વખત તમે જે બાબત માટે પ્રાર્થના કરી તે વિશે વિચારો-શું તમારું સમર્પણ તમારી પોતાની ઈચ્છાઓ પ્રત્યે હતું કે પરમેશ્વર પ્રત્યે? શું તમારો સંકલ્પ પવિત્ર આત્માના કોઈ વરદાન પ્રાપ્ત કરવાનો હતો કે પરમેશ્વર સુધી પહોંચવાનો હતો? "...કેમ કે જેની તમને અગત્ય છે, તે તેમની પાસે માગ્યા અગાઉ તમારો બાપ જાણે છે"(માથ્થી ૬:૮). માંગવાનું કારણ એ છે કે તમે પરમેશ્વરને સારી રીતે ઓળખો. "તું યહોવામાં આનંદ કરીશ; અને તે તારા હૃદયની ઈચ્છાઓ પૂરી પાડશે"(ગી. શા. ૩૭:૪). આપણે પોતે પરમેશ્વર સંબંધી સંપૂર્ણ સમજણ પ્રાપ્ત કરી શકીએ તે માટે પ્રાર્થના કરતા રહેવાનું છે.

## એકરૂપ થયા છો કે ફક્ત રસ ધરાવો છો?

*“હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો...”*
*(ગલાતી ૨:૨૦)*

આપણામાંના દરેકને એક એવી આત્મિક જરૂર છે જેમાંથી આપણે છટકી શકતા નથી, અને તે એ જરૂરત છે કે આપણે આપણા પાપના સ્વભાવના મરણ-પ્રમાણપત્ર પર સહીં કરીએ. મારે એવું કરવું જોઈએ કે હું મારા લાગણીશીલ અભિપ્રાયો અને બૌદ્ધિક માન્યતાઓને પાપના સ્વભાવની વિરુદ્ધ એક નૈતિક નિર્ણય બનાવી દઉં; અર્થાત્ પોતાની જાત પર અધિકાર રાખવાના હરેક દાવાની વિરુદ્ધમાં એક નૈતિક નિર્ણય બનાવું. પાઉલ કહે છે કે, “હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો...” તે એવું નથી કહેતો કે, “મેં નિર્ણય કર્યો છે કે, હું ઈસુ ખ્રિસ્ત જેવો બનીશ...” અથવા “હું તેની પાછળ ચાલવાની ખરેખર કોશિશ કરીશ”- પરંતુ તે એમ કહે છે કે, “હું તેના મૃત્યુમાં તેની સાથે એક થઈ ગયો છું.” જ્યારે હું આ નૈતિક નિર્ણય પર પહોંચું છું અને તેને અમલમાં લાવું છું ત્યારે ખ્રિસ્તે વધસ્તંભ પર મારા માટે જે કંઈ પૂર્ણ કર્યું છે તે મારામાં પૂરૂ થઈ જાય છે. પરમેશ્વર પ્રત્યે મારું અવરોધ વગરનું સમર્પણ પવિત્ર આત્માને તક આપે છે કે તે મને ઈસુ ખ્રિસ્તની પવિત્રતા અનુદાન કરે.

“...હું જીવું છું તોપણ હવેથી હું નહિ...” મારું વ્યક્તિત્વ તો રહે છે, પરંતુ જીવવાની મારી મુખ્ય પ્રેરણા અને મને નિયંત્રણમાં રાખનાર સ્વભાવ બંને સંપૂર્ણ રીતે બદલાઈ ગયા છે. મારી પાસે હજુ પણ માણસનું તે જ શરીર છે, પરંતુ પોતાની જાત પરનો તે શેતાની અધિકાર નષ્ટ થઈ ગયો છે.

“...અને હવે દેહમાં જે મારું જીવન તે...” એ નહિ કે જે જીવન હું જીવવા ચાહું છું અથવા જેને જીવવા માટે હું પ્રાર્થના કરું છું પરંતુ એ જીવન જે હું હવે મારા નાશવાન શરીરમાં જીવી રહ્યો છું- જેને બીજા લોકો જોઈ શકે છે, “તે પરમેશ્વરના પુત્ર પરના વિશ્વાસથી જ છે...” ઈસુ ખ્રિસ્ત પરનો આ વિશ્વાસ પાઉલનો પોતાનો નહોતો પરંતુ પરમેશ્વરના પુત્ર પર એ વિશ્વાસ હતો જે પરમેશ્વરે પાઉલને આપ્યો હતો(જુઓ એફેસી ૨:૮). હવે આ વિશ્વાસ પર વિશ્વાસ નહોતો, પરંતુ એવો વિશ્વાસ જે તમામ કાલ્પનિક સીમાઓને પાર કરે છે- એવો વિશ્વાસ જે ફક્ત પરમેશ્વરના પુત્ર તરફથી જ આવી શકે છે.

## ઉલ્લાસી મન

*“...ત્યારે આપણાં મન આપણામાં ઉલ્લાસી નહોતાં થતાં શું?”*
*(લૂક ૨૪:૩૨)*

આપણે ઉલ્લાસી મનનું રહસ્ય શીખવાની જરૂર છે. ઈસુ એકાએક આપણી સામે આવે છે, ત્યારે આપણો ઉત્સાહ પ્રજ્જવલિત થઈ ઉઠે છે અને આપણને અદ્‌ભુત દર્શન પ્રાપ્ત થાય છે; પરંતુ આપણે એક ઉલ્લાસી મનના રહસ્યને જાળવી રાખવાનું રહસ્ય પણ શીખવું જોઈએ- એક એવું મન જે કશું પણ સહન કરી શકે. જો આપણે ઈસુમાં રહેવાનું નહી શીખીએ તો એક સામાન્ય એવો નીરસ દિવસ અને તેમાંના સાધારણ કામ તથા લોકો તે આપણા ઉલ્લાસી મનને બુઝાવી દે છે.

એક ખ્રિસ્તી હોવાને કારણે આપણે જે કષ્ટોનો અનુભવ કરીએ છીએ તેમાંના મોટા ભાગના કષ્ટ પાપના ફળસ્વરૂપે નથી આવતા, પરંતુ આપણે આપણા જ સ્વભાવના નિયમની અવગણના કરીએ છીએ તેના કારણે આવે છે. ઉદાહરણ તરીકે, કોઈ વિશેષ ભાવના ને પોતાના જીવનમાં ચાલુ રહેવા દેવી જોઈએ કે એ ભાવનાનું અંતિમ પરિણામ શું હશે? તેના તાર્કિક પરિણામના વિષયમાં વિચારો અને જો તે એવું પરિણામ હોય કે જેને પરમેશ્વર નિરૂપયોગી ઠરાવે તો તેને તરત રોકી દો. પરંતુ જો કોઈ એવી ભાવના છે જે પરમેશ્વરના આત્માએ સળગાવી છે અને તમે તેને પોતાના જીવનમાં કામ નથી કરવા દેતા તો પરમેશ્વર જે સ્તર પર ઈચ્છે છે તેનાથી નીચલા સ્તર પર તેની પ્રતિક્રિયા થશે. જે લોકો વાસ્તવિકતાથી દૂર રહેનારા અને અતિ અધિક લાગણીશીલ હોય છે, તેઓ આવા જ બને છે. જો ભાવનાઓ કે લાગણીઓને ઈચ્છા મુજબના સ્તરે અમલમાં લાવવામાં ન આવે તો લાગણીઓ જેટલી વધુ ઊંચી તેટલું જ ભ્રષ્ટતાનું સ્તર ઊંડું હોય છે. જો પરમેશ્વરના આત્માએ તમને ઉલ્લાસી કર્યા છે તો જ્યાં સુધી થઈ શકે ત્યાં સુધી તમારા નિર્ણયો અપરિવર્તનીય બનાવો, અને પરિણામ જે પણ આવે છે તે આવવા દો. આપણે “રૂપાંતરના પહાડ” પર હંમેશા રહી શકતા નથી (જુઓ માર્ક ૯: ૧-૯). પરંતુ ત્યાં જે પ્રકાશ આપણે પ્રાપ્ત કર્યો છે તેને આધીન થઈને તે મુજબ આપણે ચાલવું જોઈએ. જ્યારે પરમેશ્વર આપણને દર્શન આપે છે ત્યારે તેની કિંમત કેટલી પણ કેમ ના હોય પરંતુ આપણે તે મુદ્દા પર તેની સાથે સોદો કરવો જોઈએ.

*આપણે ઈચ્છીએ ત્યારે આપણે સળગાવી શકતા નથી*
*એ આગ જે હૃદયમાં વસે છે,*
*આત્મા ફૂંકાય છે અને તે શાંત થાય છે,*
*રહસ્યમાં આપણો આત્મા રહે છે;*
*પરંતુ આંતરસૂઝના સમયોમાં ઈચ્છેલા કાર્યો*
*દુઃખના સમયો દ્વારા પૂરા થઈ શકે છે.*

માર્ચ ૨૩

## શું હું સાંસારિક છું?

*“... તમારામાં ઈર્ષા તથા કજિયા છે, માટે શું તમે સાંસારિક નથી...?”*
*(૧ કરિંથી ૩:૩)*

એક સામન્ય માણસ અથવા અવિશ્વાસી વ્યક્તિને સાંસારિકતા એટલે શું તે માલૂમ નથી. દેહની લાલસાઓ નવા જન્મ સમયે જે આત્મા આવ્યો હતો તે સામે લડે છે અને આત્મા તે દેહની સામે લડે છે. અને આ બાબત સાંસારિકતા તથા તેની સભાનતાને ઉત્પન્ન કરે છે. પરંતુ પાઉલ કહે છે કે, “આત્માથી ચાલો, એટલે તમે દેહની વાસના તૃપ્ત કરશો નહિ”(ગલાતી ૫:૧૬). બીજા શબ્દોમાં સાંસારિકતા (દૈહિકતા) જતી રહેશે.

શું તમે ઝઘડાળું છો અને નાની નાની વાતોમાં સહેલાઈથી નારાજ થઈ જાવ છો? શું તમે એવું વિચારો છો કે કોઈ પણ ખ્રિસ્તી આવો ના હોય? પાઉલ કહે છે કે, ખ્રિસ્તીઓ એવા હોય છે અને તેણે આવી પ્રવૃત્તિઓને સાંસારિકતા સાથે જોડ્યા છે. શું બાઈબલમાં કોઈ એવું સત્ય છે જે તમારામાં તરત જ દ્વેષભાવ અને રોષ પેદા કરે છે? જો એમ છે તો એ આ વાતની સાબિતી છે કે તમે હજુ પણ સાંસારિક છો. જો પવિત્રીકરણની પ્રક્રિયા તમારા જીવનમાં ચાલુ છે, તો આ પ્રકારના આત્માનું નિશાન પણ નહિ રહે.

જો પરમેશ્વરનો આત્મા તમારામાં કોઈ બાબતને જુએ છે કે જે ખોટી છે તો તે તમને તેને સીધી કરવાનું નહિ કહે; પરંતુ તે તમને ફક્ત એટલું જ કહે છે કે સત્યના પ્રકાશને ગ્રહણ કરો અને પછી તે એ બાબતને સીધી કરશે. પ્રકાશનું સંતાન પાપને તરત જ કબૂલ કરે છે અને પરમેશ્વરની આગળ સંપૂર્ણ ખુલ્લુ થઈને ઊભુ રહે છે. પરંતુ અંધકારનું સંતાન એમ કહે છે કે, “હું તે વાતનો ખુલાસો આપી શકું છું” જ્યારે પ્રકાશ પ્રકાશે છે અને પવિત્ર આત્મા પાપનું ભાન કરાવે છે ત્યારે પ્રકાશનું સંતાન બનો, તમારા અપરાધને કબૂલ કરો અને પરમેશ્વર તેની સાથે વ્યવહાર કરશે. પરંતુ જો તમે ખુલાસો આપવાની કોશિશ કરશો, તો તમે પોતાને અંધકારનું સંતાન સાબિત કરો છો.

સાંસારિકતા દૂર થઈ ગઈ છે તેની શું સાબિતી છે? પોતાની જાતને ક્યારેય છેતરશો નહિ, જ્યારે સાંસારિકતા નાશ પામશે ત્યારે તમને આ વાતની ખબર પડી જશે- આ સૌથી વાસ્તવિક બાબત છે જેની તમે કલ્પના કરી શકો છો અને પરમેશ્વર આ બાબતનું ધ્યાન રાખશે કે તમને પરમેશ્વરની કૃપાના આશ્ચર્યકર્મને પોતાને માટે સાબિત કરવાના અનેક અવસર મળે. સાબિતી એક ખૂબ જ વ્યવહારિક કસોટી છે. તમે પોતાની જાતને આમ કહેતા અનુભવશો કે, “જો આવું પહેલા ક્યારેક થયું હોત તો મને બહુ અણગમો થાત.” અને પરમેશ્વરે તમારી અંદર જે કર્યું છે તે જોઈને તમે સંસારના સૌથી વધુ આશ્ચર્યચકિત વ્યક્તિ બની જશો.

## પરમેશ્વરના ઉદ્દેશ માટે ઘટતા જવું

*“તે વધતો જાય, પણ હું ઘટતો જાઉં, એ અવશ્યનું છે”*
*(યોહાન ૩:૩૦)*

જો તમે બીજા કોઈ વ્યક્તિના જીવનને માટે જરૂરી થઈ જાઓ છો તો તમે પરમેશ્વરની ઈચ્છાની બહાર છો. સેવક હોવાને નાતે, તમારી મુખ્ય જવાબદારી એ છે કે તમે “વરરાજાના મિત્ર” બનો (૩:૨૯). જ્યારે તમે જુઓ છો કે કોઈ વ્યક્તિ ઈસુ ખ્રિસ્તના દાવાઓને સમજવાની નજીક છે તો સમજી જાવ કે તમારા પ્રભાવનો યોગ્ય દિશામાં ઉપયોગ થયો છે. અને જ્યારે તમે કોઈ વ્યક્તને મુસીબત અને દુ:ખદાયક સંઘર્ષ મધ્યે જોવાની શરૂઆત કરો છો, તો સંઘર્ષને રોકવાની કોશિશ ન કરો, પરંતુ પ્રાર્થના કરો કે મુસીબત દસ ગણી વધી જાય, ત્યાં સુધી કે પૃથ્વી કે નર્કની કોઈ પણ તાકાત તે વ્યક્તિને ઈસુ ખ્રિસ્તથી દૂર ના રાખી શકે. આપણે વારંવાર કોઈના જીવનમાં બિન અનુભવી વિધાતા બનીને આવવાનો પ્રયત્ન કરીએ છીએ, આપણે ખરેખર બિનઅનુભવી છીએ કે જે વચ્ચે આડા આવીને પરમેશ્વરની ઈચ્છામાં અવરોધ નાખીએ છીએ અને કહીએ છીએ કે, “આ વ્યક્તિએ આવી મુશ્કેલીનો અનુભવ કરે છે તે યોગ્ય નથી” વરરજાના મિત્ર બનવાના બદલે આપણી હમદર્દી આડે આવી જાય છે અને એક દિવસ તે વ્યક્તિ આપણને કહેશે કે, “તમે ચોર છો; તમે ઈસુ પાછળ ચાલવાની મારી ઈચ્છાને ચોરી લીધી, અને તમારા કારણે ઈસુ મારી દ્રષ્ટિમાંથી દૂર થઈ ગયા.”

ખોટી બાબત માટે કોઈની સાથે આનંદ કરવાથી સાવધાન રહો, પરંતુ સાચી બાબત માટે હંમેશા આનંદ કરો. “...પણ વરરાજાનો મિત્ર...વરરાજાની વાણીથી બહુ આનંદ પામે છે; એ માટે મારો એ આનંદ સંપૂર્ણ થયો છે તે વધતો જાય પણ હું ઘટતો જાઉં, એ અવશ્યનું છે.”(યોહાન ૩: ૨૯-૩૦). આ હર્ષથી કહેવામાં આવ્યું છે, દુ:ખ સાથે નહિ છેવટે તેઓ વરરાજાને જોવાના હતા, અને યોહાને કહ્યું કે આ તેનો આનંદ છે. આ દર્શાવે છે કે સેવકે પોતાને તુચ્છ સમજવાનો છે, આગળથી હટી જવાનું છે, અને હવે ફરીથી તેને યાદ ન કરાવવો જોઈએ.

જ્યાં સુધી તમે બીજા વ્યક્તિના જીવનમાં વરરાજાના અવાજને નથી સાંભળતા ત્યાં સુધી ધ્યાન લગાવીને તમારા સંપૂર્ણ અસ્તિત્વથી સાંભળો અને એ અંગે ક્યારેય ના વિચારશો કે આ  બાબત કેટલું નુકશાન, મુશ્કેલીઓ કે બિમારીઓ લાવશે. ઈશ્વરી ઉત્તેજનાથી એ માટે આનંદિત થાઓ કે પરમેશ્વરનો અવાજ સાંભળવામાં આવ્યો છે. તમારે એ વારંવાર જોવું પડશે કે ઈસુ ખ્રિસ્ત એક જીવનને બચાવ્યા પહેલા તેને કેવી રીતે ભંગીત કરે છે (જુઓ માથ્થી ૧૦:૩૪).

## યોગ્ય સંબંધ નિભાવવો

*"...વરરાજાનો મિત્ર... (યોહાન ૩:૨૯)*

ભલાઈ અને શુદ્ધતાએ ક્યારેય એવા ગુણ ન બનવું જોઈએ કે જે પોતાની તરફ આકર્ષિત કરે, પરંતુ તેઓએ ચુંબક બનવું જોઈએ કે જે લોકોને ઈસુ ખ્રિસ્ત તરફ ખેંચે. જો મારી પવિત્રતા બીજાઓને ઈસુની તરફ ખેંચતી નથી તો તે પવિત્રતા યોગ્ય પ્રકારની પવિત્રતા નથી; તે ફક્ત એક પ્રભાવ છે જે લોકોમાં બિનજરૂરી લાગણીઓ અને ખરાબ ઈચ્છાઓ કે લાલસાઓ જાગૃત કરે છે અને તેમને યોગ્ય દિશામાં જવાથી ભટકાવી દે છે. એક વ્યક્તિ જે એક સુંદર સંત બની શકે છે તે ઈસુ ખ્રિસ્તને પ્રસ્તુત કરવાને બદલે ઈસુ ખ્રિસ્તે તેના માટે શું કર્યું છે તે પ્રસ્તુત કરીને લોકોને પ્રભુને પાસે લાવવામાં અવરોધ બની શકે છે. લોકોના મનમાં આવો વિચાર રહી જશે કે, "આ વ્યક્તિ કેટલો સારો માણસ છે" આ સાચો "વરરાજાનો મિત્ર" બનવાની બાબત નથી- આ તો દરેક સમયે હું વધુ છું ખ્રિસ્ત નહિ.

વરરાજા પ્રત્યે આ મિત્રતા અને વિશ્વાસયોગ્યતાને નિભાવી રાખવા માટે આપણે આજ્ઞાંકિતતા સહિત બધી બાબતોથી વિશેષ, તેના પ્રત્યે પોતાનું નૈતિક અને જીવન સંબંધી શિસ્ત રાખવાની સાવધાની રાખવી પડશે, કેટલીક વાર આજ્ઞાપાલન કરવાને માટે કશું નથી રહેતું, અને આપણું કામ ફક્ત એટલું જ રહે છે કે આપણે ઈસુ ખ્રિસ્ત સાથે એક અતિઆવશ્યક સંબંધ જાળવી રાખીએ, અને એ ધ્યાન રાખીએ કે વચ્ચે કશું જ ના આવે. આ ક્યારેક આજ્ઞાપાલનનો પ્રશ્ન બને છે. જ્યારે સંકટ ઊભું થાય ત્યારે એ સમયોમાં આપણે એ તપાસ કરવી પડશે કે પરમેશ્વરની ઈચ્છા શી છે. છતાં, આપણા જીવનો વધુ સમય સજાગ રહીને આજ્ઞાંકિત થવામાં નહિ, પરંતુ, આ સંબંધ અર્થાત્ "વરરજાનો મિત્ર" બનવાના આ સંબંધને નિભાવી રાખવામાં વીતી જાય છે. ખ્રિસ્તી કાર્ય વાસ્તવમાં એક વ્યક્તિના ધ્યાનને ઈસુ ખ્રિસ્તથી દૂર હટાવવાનું સાધન બની શકે છે "વરરાજાનો મિત્ર" બનવાના બદલે આપણે કોઈ બીજા માટે બિન અનુભવી વિધાતા બની જઈએ છીએ અને પરમેશ્વરના હથિયારોનો ઉપયોગ કરતાં આપણે તેમની વિરુદ્ધમાં કામ કરીએ છીએ.

## વ્યક્તિગત શુદ્ધતા દ્વારા આત્મિક દર્શન

*"મનમાં જેઓ શુદ્ધ છે તેઓને ધન્ય છે;*
*કેમ કે તેઓ પરમેશ્વરને જોશે."*
*(માથ્થી ૫:૮)*

શુદ્ધતા એ નિર્દોષતા નથી પરંતુ તેનાથી કંઈક વધારે છે શુદ્ધતા પરમેશ્વર સાથે સતત આત્મિક તાલમેલનું પરિણામ છે. આપણે શુદ્ધતામાં વૃદ્ધિ પામવાનું છે. પરમેશ્વર સાથે આપણું જીવન  યોગ્ય હોઈ શકે છે અને આંતરિક શદ્ધતા નિષ્કલંક હોઈ શકે છે પરંતુ આપણું બાહ્ય જીવન ક્યારેક કલંકિત થઈ શકે છે. પરમેશ્વર હેતુપૂર્વક આપણને આવી શક્યતાઓથી બચાવતા નથી, કારણ કે આ જ રીત છે જેનાથી આપણે વ્યક્તિગત શુદ્ધતા દ્વારા પોતાના આત્મિક દર્શનને જાળવવાની જરૂરતને સમજીએ છીએ. જો પરમેશ્વર સાથેના આપણા બાહ્ય આત્મિક જીવનનું સ્તર જરા પણ બગડી જાય છે તો આપણે જ્યાં સુધી તે ઠીક નથી કરતા ત્યાં સુધી આપણે બીજું બધુ એક બાજુએ હટાવી દેવું જોઈએ. યાદ રાખો કે આત્મિક દર્શન આપણા ચારિત્ર પર આધાર રાખે છે. જેમના "મન શુદ્ધ છે" તેઓ "પરમેશ્વરને જોશે."

પરમેશ્વર પોતાની સર્વોપરી કૃપાના કાર્ય દ્વારા આપણને શુદ્ધ કરે છે, પરંતુ કેટલુંક એવું છે જેને આપણે કાળજીપૂર્વક ધ્યાન રાખવાની જરૂર છે. આપણા શારીરિક જીવન દ્વારા બીજાઓના સંપર્કમાં આવવા દ્વારા અને બીજા દ્રષ્ટિકોણના સંપર્કમાં આવવા દ્વારા આપણા પર ધબ્બા પાડી શકે છે. ફકત આપણું "અંદરનું આંગણું" પરમેશ્વર સાથે સીધું હોવું જોઈએ એટલું જ નહિ પરંતુ આપણું "બહારનું આંગણું" પણ, એ શુદ્ધતા દ્વારા કે જે પરમેશ્વર પોતાની કૃપા દ્વારા આપણને આપે છે, તે દ્વારા સંપૂર્ણ તાલમેલમાં લાવવામાં આવવું જોઈએ. જ્યારે આપણા "બાહ્ય આંગણામાં" ડાઘ લાગે છે કે તરત આપણું આત્મિક દર્શન અને સમજ ધૂંધળી થઈ જાય છે. જો આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે વ્યક્તિગત ઘનિષ્ઠતા જાળવી રાખવા માંગીએ છીએ તો એનો અર્થ એ કે આપણે કેટલાક કામો કરવાનો અને તેના વિશે વિચારવાનો પણ નકાર કરવો પડશે, અને કેટલીક બાબતો જે બીજાઓ માટે સ્વીકાર્ય થઈ શકે છે તે આપણા માટે અસ્વીકાર્ય બની જશે.

બીજા લોકો સાથેના સંબંધોમાં પોતાની વ્યક્તિગત શુદ્ધતાને નિષ્કલંક બનાવી રાખવા માટે એક વ્યવહારિક સૂચન એ છે કે જેમ પરમેશ્વર તેમને જુએ છે તેમ જ તમે તેઓને જોવાનું શરૂ કરો. પોતાની જાતને કહો, "એ પુરુષ કે એ સ્ત્રી *ખ્રિસ્ત ઈસુમાં સંપૂર્ણ છે!* તે મિત્ર અથવા તે સંબંધી *ખ્રિસ્ત ઈસુમાં સંપૂર્ણ છે!*"

## વ્યક્તિગત ચારિત્ર દ્વારા આત્મિક દર્શન

*"...અહીં ઉપર આવ, અને હવે પછી જે જે થવાનું જ છે તે હું તને દેખાડીશ"*
*(પ્રકટી. ૪:૧)*

વ્યક્તિગત ચારિત્રનો વધુ ઊંચો વ્યવહાર કરવા દ્વારા મન અને આત્મિક દર્શનની વધુ ઊંચી સ્થિતિ મેળવી શકાય છે. જો તમે તમારા જીવનના બાહ્ય સ્તર પર પોતાની જાણકારી અનુસાર પોતાનું સર્વશ્રેષ્ઠ જીવન જીવો છો, ત્યારે પરમેશ્વર તમને સતત કહે છે, "મિત્ર વધુ ઉપર આવ." પરિક્ષણના વિષયમાં પણ એક સાતત્યનો નિયમ છે જે તમને વધુ ઊંચા જવાનું કહે છે, પરંતુ જ્યારે તમે એવું કરો છો ત્યારે ફક્ત અન્ય વધુ પરિક્ષણો અને ચારિત્રની વિશેષતાઓનો સામનો કરો છો. પરમેશ્વર અને શેતાન બંને ઊંચે ઉઠાવવાની યુક્તિનો ઉપયોગ કરે છે; પરંતુ શેતાન તેનો ઉપયોગ પરીક્ષણોમાં કરે છે અને તેની અસર ખૂબ જ જુદી હોય છે. જ્યારે શેતાન તમને ઊંચા સ્થાને મૂકે છે ત્યારે તે પવિત્રતા અંગેના તમારા વિચારોને જે બાબતો રક્ત અને માંસ સહન ન કરી શકે ત્યાં જકડવા પ્રયત્ન કરે છે, અને તમારું જીવન ઊંચા મિનારા પર સમતોલન કરનારની જેમ આત્મિક નટની ક્રિયા બની જાય છે. તમે તેને વળગી રહો છો, તમારું સમતોલન જાળવવા પ્રયાસ કરો છો અને હલનચલન કરવાની હિંમત કરી શકતા નથી. પરંતુ, જ્યારે પરમેશ્વર તમને પોતાની કૃપા દ્વારા સ્વર્ગીય સ્થાનોમાં ઊઠાવે છે ત્યારે તમને સ્થિરતાનું એક સ્થાન મળે છે, જેમાં તમે સરળતાથી હરીફરી શકો છો.

તમારા આત્મિક જીવનમાં આ અઠવાડિયાની સરખામણીમાં ગત વર્ષના આ જ અઠવાડિયા સાથે કરો અને જુઓ કે પરમેશ્વરે તમને કેવી રીતે એક ઊંચા સ્તર પર બોલાવ્યા છે. આપણ સર્વને એક વધુ ઊંચા દ્રષ્ટિકોણથી જોવાને માટે બોલાવવામાં આવ્યા છે. પરમેશ્વરને ક્યારેય એવું સત્ય દેખાડવાની મંજૂરી ના આપશો કે જે મુજબ તમે હાલ તુરંત તે તમારા જીવનમાં લાગુ કરીને જીવવાનું શરૂ નથી કરતા. હંમેશા તે સત્યના પ્રકાશમાં રહેતા તેના પર કાર્યવાહી કરો.

કૃપામાં તમારી વૃદ્ધિ તમે પાછા ફર્યા નથી તે પરથી માપવામાં નથી આવતી, પરંતુ તમે આત્મિકરૂપમાં ક્યાં છો તે અંગેની તમારી સમજ અને અંતર્દષ્ટિ તમારામાં છે કે નહિ તેનાથી માપવામાં આવે છે. બાહ્ય રીતે સંભળાય તેમ નહિ પરંતુ તમારા ચારિત્રના સૌથી અંદરના ભાગમાં જ સંભળાય તેમ શું તમે પરમેશ્વરને એમ કહેતા સાંભળ્યા છે કે, "અહીં ઉપર આવ."

"...જે હું કરું છું તે શું ઈબ્રાહિમથી સંતાડું?"(ઉત્પત્તિ ૧૮:૧૭). જ્યાં સુધી આપણે તે સ્તર પર ના પહોંચીએ કે જ્યાં તે તમને પ્રગટ કરી શકે છે, ત્યાં સુધી પરમેશ્વરે તેઓ જે કરે છે તેને આપણાથી છૂપાવી રાખવાની જરૂરત છે.

## શું કોઈ ગેરસમજ નથી થઈ?

*"...ચાલો આપણે ફરીથી યહૂદિયા જઈએ,*
*શિષ્યો તેને કહે છે કે, ...તું ત્યાં પાછો જાય છે?"*
*(યોહાન ૧૧:૭-૮)*

ઈસુ ખ્રિસ્ત જે કહે છે તે હું નથી સમજતો તેના કારણે મને એવો કોઈ અધિકાર નથી કે ઈસુએ જે કહ્યું તેમાં કોઈ ગેરસમજ થઈ છે. આ એક ખતરનાક દ્રષ્ટિકોણ છે અને પરમેશ્વરના આદેશનું પાલન કરવાથી ઈસુનું અપમાન થશે એવું વિચારવું ક્યારેય યોગ્ય નથી હોતું. એકમાત્ર બાબત જે અપમાન લાવશે તે તો તેમની આજ્ઞા ન માનવી. પરમેશ્વર સ્પષ્ટ રીતે મને જે કરવાનું કહી રહ્યા છે તેની આગળ તેમના સન્માન અંગે મારો દ્રષ્ટિકોણ મૂકવો તે ક્યારેય યોગ્ય નથી પછી ભલેને તે તેમની રોકવાની ઈચ્છાથી કેમ ના હોય. જ્યારે પરમેશ્વર તરફથી આદેશ આવે છે ત્યારે તે આદેશ જે શાંતિસહિત મનમાં જારી રહે છે તેના કારણે તેમને ઓળખી લઉં છું પરંતુ જ્યારે હું તેમના લાભ અને હાનિની તુલના કરવાની શરૂ કરું છું, અને શંકા તથા વિવાદના વિચારો મારા મનમાં આવે છે, ત્યારે હું એક એવા તત્વને મારામાં લાવું છું જે પરમેશ્વર તરફથી નથી હોતું - આનું પરિણામ એ થાય છે કે હું એવા નિષ્કર્ષ પર પહોંચીશ કે પરમેશ્વર દ્વારા મને આપવામાં આવેલ નિર્દેશ યોગ્ય નહોતા. આપણામાંથી બહુ લોકો ઈસુ ખ્રિસ્ત અંગેના આપણા વિચારોને વિશ્વાસયોગ્ય રહીએ છીએ, પરંતુ આપણામાંથી કેટલા લોકો ઈસુને પોતાને જ વિશ્વાસુ રહીએ છીએ? ઈસુ પ્રત્યે વિશ્વાસુ રહેવાનો અર્થ એ થાય છે કે હું એવા સમયે અને સ્થળે નીકળી પડું જ્યારે મને કશું દેખાતું ના હોય (જુઓ માથ્થી ૧૪:૨૯). પરંતુ મારા વિચારો પ્રત્યે વિશ્વાસુ રહેવાનો અર્થ એ છે કે પહેલા મારા માનસિક રીતે રસ્તો સાફ કરવાની જરૂર છે. વિશ્વાસ બૌદ્ધિક સમજ નથી; વિશ્વાસ એ સમયે પણ જ્યારે મને આગળ માર્ગ દેખાય નહિ ત્યારે પણ સમજણપૂર્વક ઈસુ ખ્રિસ્તના વ્યક્તિત્વ પ્રત્યે પ્રતિબદ્ધતા છે.

શું તમે આ વાદવિવાદ કરી રહ્યા છો કે તમારે ઈસુમાં વિશ્વાસનું પગલું ભરવું જોઈએ, અથવા ત્યાં સુધી રોકાવું જોઈએ જ્યાં સુધી તેણે તમને જે કરવાનું કીધું છે તે કેવી રીતે કરવું તે સ્પષ્ટ રીતે જોઈ ના શકો? રોકાય નહિ તેવા આનંદથી તેની વાતને માની લો, જ્યારે તે તમને કશું કરવાનું કહે છે અને તમે વાદવિવાદ કરવા લાગો છો ત્યારે તેનું કારણ એ છે કે, તમને એ બાબતની ગેરસમજ છે કે કઈ વાત પરથી પરમેશ્વરનું સન્માન થાય છે અને કઈ વાતથી તેનું અપમાન થાય છે. શું તમે ઈસુ  પ્રત્યે વિશ્વાસયોગ્ય છો કે તેના સંબંધીના તમારા વિચારો પ્રત્યે વિશ્વાસુ છો અથવા શું તમે તેના વચનોનું તે વિચારો સાથે, સમાધાન કરવાનો પ્રયત્ન કરો છો કે જે વિચારો તેની તરફ ક્યારેય આવ્યા નહોતા? "...જે કંઈ તે તમને કહે તે કરો"(યોહાન ૨:૫).

## આપણા પ્રભુનું અચાનક આગમન

*“તમે પણ તૈયાર રહો... (લૂક ૧૨:૪૦)*

એક ખ્રિસ્તી કાર્યકર્તાની સૌથી મહાન જરૂરત છે કોઈ પણ વળાંક પર ઈસુનો સામનો કરવાની તૈયારી. આપણો અનુભવ ચાહે ગમે તે હોય તોપણ આ સરળ નથી. આ યુદ્ધ પાપ, કઠીનાઈઓ કે પરિસ્થિતિઓ સામે નથી, પરંતુ ઈસુ ખ્રિસ્ત પ્રત્યે આપણી સેવામાં એવા રચ્યાપચ્યા થવાની વિરુદ્ધ છે કે જેથી આપણે જીવનના દરેક વળાંક પર ઈસુનો પોતાનો સામનો કરવાને તૈયાર નથી, સૌથી મહાન જરૂરત આપણી માન્યતાઓ કે સિદ્ધાંતોનો સામનો કરવાની નથી, અથવા તો શું હું ઈસુ ખ્રિસ્તના માટે કોઈ કામનો છું કે નહિ એ પ્રશ્નનો સામનો કરવાનો નથી પરંતુ ઈસુ ખ્રિસ્તનો પોતાનો સામનો કરવાની જરૂરત છે.

જ્યાં આપણે તેમની અપેક્ષા રાખીએ છીએ ત્યાં ઈસુ જવલ્લેજ આવે છે; જ્યાં આપણે તેમની અપેક્ષા રાખતા નથી તેવી જગ્યાઓમાં તે આવે છે અને હંમેશા ખૂબ તર્કસંગત નહિ એવી પરિસ્થિતિઓમાં તે આવે છે. પરમેશ્વર પ્રત્યે સાચા અને પ્રમાણિક રહેવા માટે સેવક પાસે એક જ રીત છે કે તે પ્રભુના અચાનક આગમન માટે તૈયાર રહે. આ તૈયારી સેવા દ્વારા નહિ પરંતુ જીવનના દરેક વળાંક પર ઈસુ ખ્રિસ્તને મળવાની અપેક્ષા રાખતા, ઉત્કટ આત્મિક વાસ્તવિકતા દ્વારા લાવી શકાય છે. અપેક્ષાની આ ભાવના આપણા જીવનને બાળક જેવા આશ્ચર્યનું વલણ આપે છે કે જે પરમેશ્વર આપણા જીવનમાં ઈચ્છે છે. જો આપણે ઈસુ ખ્રિસ્તના માટે તૈયાર રહેવા માગીએ છીએ તો આપણે ધાર્મિક બનવાનું બંધ કરવું પડશે, બીજા શબ્દોમાં, આપણે ધાર્મિકતાને એક ઉચ્ચ જીવનશૈલી માનીને તેનો ઉપયોગ કરવાનું બંધ કરવું પડશે - આપણે આત્મિકરૂપથી વાસ્તવિક બનવું જોઈએ.

જો તમે આજના જગતની ધાર્મિક વિચારધારાના અવાજથી દૂર રહો છો. અને તેના બદલે “ઈસુની તરફ લક્ષ” રાખો છો(હિબ્રુઓને પત્ર ૧૨:૨), અને પોતાના મનને તે જે ઈચ્છે છે તેની ઉપર લગાવો છો, અને તેમના વિચાર પ્રમાણે વિચારો છો તો તમને બિનવ્યવહારુ અને ધોળે દિવસે સ્વપ્ન જોનાર ગણવામાં આવશે. પરંતુ જ્યારે પ્રભુ દિવસના કામના બોજમાં એકાએક પ્રગટ થશે તો તમે એકલા જ તૈયાર માલૂમ પડશો. જો ઈસુ ખ્રિસ્ત તરફ લક્ષ આપવામાં તમને રોકવામાં પૃથ્વી પરનો સૌથી પવિત્ર સંત પણ જો અવરોધ નાખે તો તેની ઉપર ધ્યાન ન આપો.

## પવિત્રતા કે પરમેશ્વર પ્રત્યે કઠણતા?

*“કોઈ મધ્યસ્થ નથી; તે જોઈને તે વિસ્મય પામ્યો...”*
*(યશાયા ૫૯:૨૬)*

આપણામાંથી ઘણાં બધા લોકો એ માટે પ્રાર્થના કરવાનું બંધ કરી દે છે અને પરમેશ્વર પ્રત્યે કઠોર થઈ જાય છે કારણકે પ્રાર્થનામાં આપણે ફક્ત લાગણીશીલ(ભાવનાત્મક) રીતે જ રૂચિ દાખવીએ છીએ. એવું કહેવું ખૂબ સારુ લાગે છે કે આપણે પ્રાર્થના કરીએ છીએ અને આપણે પ્રાર્થનાના વિષયમાં પુસ્તકો પણ વાંચીએ છીએ જે જણાવે છે કે પ્રાર્થના લાભદાયક છે અને જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણા મન શાંત થઈ જાય છે અને આપણા આત્માને ઊંચો ઉઠાવવામાં આવે છે. પરંતુ આ કલમમાં યશાયાનો અભિપ્રાય એ છે કે પ્રાર્થના વિશેના આવા વિચારોથી પરમેશ્વરને આશ્ચર્ય થાય છે.

આરાધના અને મધ્યસ્થી બંને સાથે સાથે ચાલે છે અને એકના વિના બીજું અશક્ય છે. મધ્યસ્થી કરવાનો અર્થ એ છે કે જે વ્યક્તિ માટે આપણે પ્રાર્થના કરી રહ્યા છે તે વ્યક્તિ માટે ખ્રિસ્તના મનને પ્રાપ્ત કરવા માટેની ઊંચાઈ સુધી આપણે પોતાની જાતને ઊંચી કરીએ(જુઓ ફિલિપ્પી ૨:૫). પરમેશ્વરની આરાધના કરવાને બદલે આપણે પરમેશ્વરને ઉપદેશ આપીએ છીએ કે પ્રાર્થનાએ કેવી રીતે કામ કરવું જોઈએ. જ્યારે આપણે પરમેશ્વરને કહીએ છીએ કે, “પરંતુ પરમેશ્વર, મને એ બિલકુલ નથી સમજાતું કે તમે આ કેવી રીતે કરશો?” આવું કહેવાથી શું આપણે પરમેશ્વરની આરાધના કરીએ છીએ કે તેમની સાથે ઝઘડો અને તકરાર કરીએ છીએ? આ એક ચોક્કસ ચિહ્ન છે કે આપણે કઠોર અને સૈદ્ધાંતિક બની જઈએ છીએ. આપણે આપણી વિનંતીઓ પરમેશ્વરના સિંહાસન તરફ ફેંકીએ છીએ, અને તેમને આદેશ આપીએ છીએ કે આપણે તેમની પાસેથી શું ઈચ્છીએ છીએ. આમ, ન તો આપણે પરમેશ્વરની આરાધના કરીએ છીએ કે ન તો પોતાના સ્વભાવને ખ્રિસ્તના સ્વભાવમાં બદલવાની કોશિશ કરીએ છીએ અને જો આપણે પરમેશ્વર પ્રત્યે કઠોર હોઈશું તો આપણે બીજા લોકો પ્રત્યે પણ કઠોર બની જઈશું.

શું આપણે પરમેશ્વરની આરાધના એવી રીતે કરીએ છીએ કે જે આપણને તે સ્થાન સુધી ઊંચા ઉઠાવે જ્યાં આપણે પરમેશ્વરને પકડી શકીએ અને એટલા ગાઢ સંબંધમાં આવીએ કે જે લોકો માટે આપણે વિનંતી કરી રહ્યા છે, તેમના વિષે પરમેશ્વરના વિચારોને જાણી શકીએ? શું આપણે પરમેશ્વર સાથે પવિત્ર સંબંધમાં જીવીએ છીએ કે આપણે કઠોર અને સૈદ્ધાંતિક બની ગયા છીએ?

શું તમે પોતાની જાતને એવું વિચારતા અનુભવો છો કે યોગ્ય રીતે મધ્યસ્થી કરનાર કોઈ નથી? તો પછી તમે પોતે જ તેવા મધ્યસ્થ બનો, એવા વ્યક્તિ બનો કે જે પરમેશ્વરની આરાધના કરે અને તેની સાથે એક પવિત્ર સંબંધમાં જીવે. આ એક ખરેખર મહેનતનું કામ છે એ યાદ રાખીને મધ્યસ્થી કરવાના વાસ્તવિક કાર્યમાં સામેલ થઈ જાઓ. એવું કાર્ય જે તમારી તમામ શક્તિ માગે છે, પરંતુ એવું કામ જેમાં કોઈ ગુપ્ત જોખમો નથી. સુવાર્તા પ્રગટ કરવાના કામમાં તેના પોતાના જોખમો છે પરંતુ મધ્યસ્થીની પ્રાર્થનામાં કોઈ જોખમો નથી.

## આપણામાં સતર્કતા છે કે ઢોંગ છે

*''મરણકારક નથી એવું પાપ જો કોઈ પોતાના ભાઈને કરતો જુએ તો તેણે માંગવું, એટલે મરણકારક નથી એવું પાપ કરનારાઓને માટે પરમેશ્વર તેને જીવન આપશે.''*
*(૧ યોહાન ૫:૧૬)*

પરમેશ્વરનો આત્મા આપણામાં કેવી રીતે કામ કરે છે તે તરફ આપણે સતર્ક ના રહીએ, તો આપણે આત્મિકરૂપે ઢોંગી બની જઈશું. આપણે જોઈએ છીએ કે બીજા લોકો ક્યાં નિષ્ફળ જાય છે, અને પછી આપણે આપણી બુદ્ધિની સહાયથી તેમના માટે મધ્યસ્થી કરવાને બદલે આપણે તેમની મજાક કરીએ છીએ અને ટીકાઓ કરીએ છીએ. પરમેશ્વર બીજાઓ માટેનું આ સત્ય આપણું મગજ ચપળ છે તેના કારણે નથી બતાવતા, પરંતુ તેમનો આત્મા આપણામાં ઊતરી ને દેખાડે છે. જો આપણે ધ્યાન નહિ આપીએ, તો આપણે પરમેશ્વર દ્વારા આપવામાં આવેલ સમજના સ્રોત વિષે સંપૂર્ણ અજાણ રહીશું, અને બીજાઓ પ્રત્યે ટીકાઓ કરનાર બનીશું, અને એ ભૂલી જઈશું કે પરમેશ્વર કહે છે કે, ''...તેણે માંગવું, એટલે મરણકારક નથી એવું પાપ કરનારાઓને માટે પરમેશ્વર તેને જીવન આપશે.'' સાવધાન રહો કે તમે પોતે પરમેશ્વરની આરાધના કરવા અગાઉ બીજાઓનો પરમેશ્વર સાથે સંબંધ યોગ્ય કરવામાં પોતાનો બધો સમય ખર્ચીને ઢોંગી ના બની જાઓ.

પરમેશ્વરના પવિત્ર લોક હોવાને કારણે, સૌથી જટિલ અને ભ્રમણાયુક્ત બોજ જે પરમેશ્વર આપણા ઉપર મૂકે છે તેમાંથી એક તો બીજાઓ માટેની પરખનો બોજ. તે આપણને પારખની યોગ્યતા આપે છે જેથી આપણે તેની આગળ તે આત્માઓ માટે જવાબદારી સ્વીકારી લઈએ અને તેમના વિશે ખ્રિસ્તનું મન ધારણ કરીએ (જુઓ ફિલિપ્પી૨:૫). પરમેશ્વરે જે કહ્યું છે કે આપણા માંગવાથી તે આપણને આપશે તે મુજબ આપણે મધ્યસ્થી કરવી જોઈએ, અર્થાત્ ''મરણકારક નથી એવું પાપ કરનારાઓને માટે પરમેશ્વર તેને જીવન આપશે.'' એવું નથી કે આપણે પરમેશ્વરને આપણા મનના સંપર્કમાં લાવવાને યોગ્ય છીએ, પરંતુ એ કે આપણે પોતાની જાતને તે સ્થિતિ સુધી જાગૃત કરીએ જ્યાં પરમેશ્વર એવા લોકો માટે પોતાનું મન આપણને જણાવે, જેમના માટે આપણે મધ્યસ્થી કરી રહ્યા છીએ.

શું ઈસુ ખ્રિસ્ત પોતાના મનની પીડા આપણામાં જોઈ શકે છે? તેઓ આ વેદનાને ત્યાં સુધી નથી જોઈ શકતા જ્યાં સુધી આપણે તેની સાથે એટલી ઘનિષ્ઠતામાં એક નથી થઈ જતા કે જે લોકો માટે આપણે પ્રાર્થના કરીએ છીએ તેમના સંબંધી આપણો દ્રષ્ટિકોણ એ જ હોય જે ઈસુનો છે. પ્રભુ એવું કરો કે આપણે સંપૂર્ણ મનથી એવી મધ્યસ્થી કરવાનું શીખી લઈએ જેથી મધ્યસ્થી કરનારાઓના રૂપમાં ઈસુ ખ્રિસ્ત આપણાથી સંપૂર્ણ રીતે સંતોષ પામે.

## બીજાઓ પ્રત્યે સહાયરૂપ કે નિર્દયી?

*"તે ખ્રિસ્ત ઈસુ છે...તે આપણે સારુ મધ્યસ્થતા પણ કરે છે...*
*આત્મા પોતે પવિત્રોને સારુ વિનંતી કરે છે"*
*(રોમનોને પત્ર ૮: ૩૪, ૨૭)*

શું બીજાઓ માટે મધ્યસ્થી કરનાર બનવા માટે આનાથી વધારે બીજા કોઈ કારણની જરૂરત છે કે "...ખ્રિસ્ત...મધ્યસ્થતા કરવાને સદાકાળ જીવતો રહે છે"(હિબ્રૂઓને પત્ર ૭:૨૫) અને એ કે "પવિત્ર આત્મા પોતે પવિત્રોને સારુ મધ્યસ્થતા કરે છે?" શું આપણે બીજાઓ સાથે એવા સંબંધમાં જીવીએ છીએ કે જેથી પરમેશ્વરના બાળકો હોવાને કારણે તેમના આત્મા દ્વારા જે શીખવાડવામાં આવ્યું છે તેના પરિણામરૂપે આપણે તેઓને માટે વિનંતી કરવાનું કાર્ય કરીએ? આપણે પોતાની વર્તમાન પરિસ્થિતિઓ પર દ્રષ્ટિ કરવી જોઈએઃ શું આપણા ઘર, વ્યવસાય, દેશમાં અથવા બીજી કોઈ જગ્યાએ આપણને કે અન્યોને પ્રભાવિત કરનારી મુશ્કેલીઓ આપણને કચડી રહી છે? શું આપણને પરમેશ્વરની હાજરીમાંથી બહાર ધકેલવામાં આવી રહ્યા છે, અથવા શું આપણી પાસે આરાધનાને માટે સમય નથી રહેતો? જો એવું છે તો, આપણે ધ્યાન ભટકાવનારી બાબતોને રોકવી પડશે અને પરમેશ્વર સાથે એવા જીવંત સંબંધમાં સ્થાપિત થવું પડશે જેથી મધ્યસ્થીના એ કાર્ય દ્વારા જેમાં પરમેશ્વર પોતાનું આશ્ચર્યકર્મ કરે છે તે દ્વારા બીજાઓ સાથે આપણો સંબંધ વ્યવસ્થિત રહે.

પરમેશ્વરની ઈચ્છા પૂરી કરવા માટે પોતાની જ આકાંક્ષા દ્વારા તેમનાથી આગળ નીકળી જવાથી સાવધ રહો. આપણે હજારો વાતો દ્વારા તેમનાથી આગળ નીકળી જઈએ છીએ, અને લોકો તથા સમસ્યાઓના બોજથી એટલા દબાઈ જઈએ છીએ કે આપણે પરમેશ્વરની આરાધના નથી કરતા, અને મધ્યસ્થી કરવામાં નિષ્ફળ જઈએ છીએ. જો કોઈ બોજ અને તેના કારણે ઉત્પન્ન થતું દબાણ આપણી ઉપર એવા સમયમાં થાય છે કે જ્યારે આપણે આરાધનાની મનોવૃત્તિમાં નથી હોતા, તો આપણામાં પરમેશ્વર પ્રત્યે કઠોરતા અને પોતાની આત્મામાં નિરાશા ઉત્પન્ન થાય છે. પરમેશ્વર સતત આપણા સંપર્કમાં એવા લોકોને લાવે છે જેમનામાં આપણને કોઈ રસ નથી હોતો, અને જો આપણે પરમેશ્વરની આરાધના નથી કરી રહ્યા, તો તેમના પ્રત્યે નિર્દય બની જવું સ્વાભાવિક છે. જાણે કે પરમેશ્વરને ભાલો ભોંકતા હોઈએ તેમ આપણે જલ્દીથી તેમને બાઈબલની કોઈ કલમ આપીએ અને ઉતાવળમાં કાળજી વગરના બનીને કોઈ સલાહ આપીને ત્યાંથી જતા રહીએ છીએ. આવા કાળજી વિનાના ખ્રિસ્તી હોવાના કારણે આપણા પ્રભુને કેટલું દુઃખ થતું હશે?

શું આપણા જીવનો એવા યોગ્ય સ્થાને છે જ્યાં આપણે આપણા પ્રભુ અને પવિત્રઆત્માના મધ્યસ્થીના કાર્યમાં ભાગ લઈ શકીએ છીએ?

એપ્રિલ ૨

## મહિમા જે સર્વથી શ્રેષ્ઠ છે

*"...પ્રભુ એટલે ઈસુ...તેણે તું દેખતો થાય... માટે મને મોકલ્યો છે"*
*(પ્રે.કૃ. ૯:૧૭)*

જ્યારે પાઉલને તેની દ્રષ્ટિ મળી ત્યારે તેને ઈસુ ખ્રિસ્તના વ્યક્તિત્વમાં એક આત્મિક આંતરિક દ્રષ્ટિ પણ મળી. તે ક્ષણથી, તેનું સમગ્ર જીવન અને ઉપદેશ ફક્ત ઈસુ ખ્રિસ્ત બની ગયા-"ઈસુ ખ્રિસ્ત, અને તે વધસ્તંભે જડાયેલો, તે સિવાય હું તમારી સાથે રહીને બીજું કંઈ જ ન જાણું એવો મેં નિશ્ચય કર્યો "(૧ કરિંથી ૨:૨). પાઉલે ત્યાર પછી કદીયે ઈસુ ખ્રિસ્તના ચહેરા સિવાય બીજી કોઈ બાબતને પોતાનું ધ્યાન આકર્ષિત કરવાની કે જકડી રાખવાની મંજૂરી આપી નહિ.

આપણને થયેલા ઈસુ ખ્રિસ્તના દર્શનમાં જે સ્તરે તે આપણને પ્રગટ કરવામાં આવ્યું છે તેટલું આપણે આપણા જીવનમાં મજબૂત ચારિત્ર બનાવી રાખવાનું શીખવું જોઈએ.

પોતાના જીવનમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનો અર્થ યોગ્ય રીતે સમજાવવાની ક્ષમતા અને બીજાઓને પરમેશ્વરના ઉદ્દેશ સમજાવવાની ક્ષમતા એ આત્મિક માણસની ટકી રહેનાર લાક્ષણિકતા છે. તેના જીવનમાં બીજી બાબતોને નામંજૂર કરનાર પ્રબળ આવેશ તે ઈસુ ખ્રિસ્ત છે. જ્યારે પણ તમે કોઈ વ્યક્તિમાં આ ગુણોને જુઓ છો ત્યારે તમે આ અનુભવ કરો છો કે તે પરમેશ્વરનો મનગમતો માણસ છે. (પ્રે.કૃ. ૧૩:૨૨)

કોઈ પણ બાબતને તમારામાં ઈસુ ખ્રિસ્તની જે આંતરિક દ્રષ્ટિ છે તેમાંથી તમારા ધ્યાનને હટાવવા ન દો. તમે આધ્યાત્મિક છો કે નહિ તેની સાચી પરખ આ છે, બિનઆત્મિક હોવાનો અર્થ એ થાય છે કે બીજી બાબતો તમને બળપૂર્વક પોતાની તરફ આકર્ષિત કરતી રહે છે.

જે દિન થી ઈસુને જોયા
મને બીજું કંઈ દેખાતું નથી
વધસ્તંભે જડાયેલાને તાકીને જોઉં છું
મારી નજર તે પરથી હટતી નથી.

## ‘‘તેં જાણ્યા હોત તો કેવું સારું!’’

*‘‘...તારી શાંતિને લગતાં જે વાનાં છે તેં આજે જાણ્યાં હોત તો...પણ હમણાં તેઓ તારી આંખોથી ગુપ્ત રખાયેલા છે’’ (લૂક ૧૯:૪૨)*

ઈસુએ યરૂશાલેમમાં વિજયવંત પ્રવેશ કર્યો, અને શહેર તેના પાયાઓ સુધી ખળભળી ઉઠ્યું હતું પરંતુ ત્યાં એક પારકો ઈશ્વર હાજર હતો અર્થાત્ ફરોશીઓનુ ઘમંડ. આ ઈશ્વર ધાર્મિક અને યથાર્થ લાગતો હતો પરંતુ ઈસુએ તેની તુલના ‘‘ધોળેલી કબર’’ સાથે કરી કે, ‘‘જે બહારથી શોભાયમાન દેખાય છે ખરી, પણ માંહે મુડદાંના હાડકાંએ તથા હરેક અશુદ્ધપણાએ ભરેલી છે’’(માથ્થી ૨૩:૨૭).

એવી કઈ બાબત છે જે ‘‘તમારા દિવસમાં’’ તમને પરમેશ્વરની શાંતિ પ્રત્યે આંધળા કરે છે? શું તમારામાં કોઈ પારકો દેવ છે- કોઈ ઘૃણા પેદા કરનારું જીવન નહિ પરંતુ કદાચ અપવિત્ર સ્વભાવ જે તમારા જીવનને નિયંત્રીત કરે છે? પરમેશ્વર મને એકથી વધારે વખત મારા જીવનમાં જે પારકો દેવ કે અન્ય દેવ છે તેની સામે મોઢામોઢ લાવ્યા છે, અને હું જાણું છું કે મારે તેનો ત્યાગ કરવો જોઈએ, પરંતુ મેં તેમ કર્યું નથી. હું તે વિપત્તિમાંથી માંડ-માંડ બચી તો ગયો પરંતુ મેં અનુભવ્યું કે હું તો હજુ પણ તે પારકા દેવના નિયંત્રણમાં હતો. જે બાબતો મારી પોતાની શાંતિને માટે છે તે જ બાબતો પ્રત્યે હું આંધળો છું. આ એક ચોંકાવનારી બાબત છે કે આપણે બરાબર તે જ સ્થાને હોઈ શકીએ જ્યાં પરમેશ્વરના આત્માને કોઈ અવરોધ વગર આપણામાં તેની ઈચ્છા પૂરી કરવાની તક મળવી જોઈએ, અને છતાં પણ આપણે વાતને બગાડીએ છીએ એ પરમેશ્વરની દ્રષ્ટિમાં આપણા દોષને વધારીએ છીએ.

‘‘તેં જો જાણ્યા હોત તો...’’ પરમેશ્વરના શબ્દો અને તેની સાથે ઈસુના આંસુઓ સીધા જ હૃદયને વીંધી નાખે છે. આ શબ્દો આપણા પોતાના અપરાધોની જવાબદારીને આડકતરી રીતે દર્શાવે છે. જે કંઈ આપણે જોવાનો ઈન્કાર કરીએ છીએ અથવા આપણા પાપના કારણે જોઈ શકતા નથી તે માટે પરમેશ્વર આપણને જવાબદાર ઠરાવે છે. અને ‘‘હમણાં તેઓ તારી આંખોથી ગુપ્ત રખાયેલા છે.’’ કારણ કે તમે ક્યારેય તમારા સ્વભાવને સંપૂર્ણપણે પરમેશ્વરને સ્વાધીન કર્યો નહિ. જે થઈ શકતું હતું તેના માટે કેવું ઊંડું અનંત દુ:ખ! તે બીજા દરવાજા ઉઘાડે છે, પરંતુ તે આપણને યાદ કરાવે છે કે એવા દરવાજા છે જે આપણે બંધ કર્યા છે- જે દરવાજાઓને બંધ કરવાની જરૂરત નહોતી. જ્યારે પરમેશ્વર તમારો ભૂતકાળ પાછો લાવે ત્યારે ગભરાશો નહિ. તમારી યાદશક્તિને તેનું કામ કરવા દો, તમારી યાદશક્તિ તો પરમેશ્વરનો સેવક છે જે તનો ઠપકો અને શિક્ષા અને દુ:ખ તમારી પાસે લાવે છે. ‘‘જે થઈ શકતું હતું’’ તેને પરમેશ્વર ભવિષ્યને માટે અદ્‌ભુત બોધપાઠમાં ફેરવી દેશે.

## એપ્રિલ ૪

# સ્થાયી વિશ્વાસનો માર્ગ

*“જુઓ એવી ઘડી આવે છે... જ્યારે તમે દરેક માણસ*
*પોતપોતાનાની તરફ વિખેરાઈ જશો...”*
*(યોહાન ૧૬:૩૨)*

આ વચનોમાં ઈસુ શિષ્યોને ઠપકો આપતા નથી. તેમનો વિશ્વાસ સાચો હતો, પરંતુ વિકેન્દ્રીત અને અવ્યવસ્થિત હતો તથા જીવનની મહત્વની વાસ્તવિકતાઓમાં કાર્યરત નહોતો. શિષ્યો પોતાની જ કાળજીઓમાં અને ચિંતાઓમાં વિખેરાયેલા હતા અને તેઓની ઈચ્છાઓ ઈસુ ખ્રિસ્તથી અલગ હતી. પવિત્ર આત્માના પવિત્રીકરણના કાર્ય દ્વારા જ્યારે પરમેશ્વર સાથે આપણો સંબંધ સંપૂર્ણ થાય છે ત્યારે આપણા દરરોજના જીવનની વાસ્તવિકતાઓમાં વિશ્વાસને અમલમાં લાવવાની જરૂર હોય છે. જો એમ થાય તો, આપણે વેરવિખેર થઈ જઈશું, સેવામાં નહિ પરંતુ પોતાના જીવનના ખાલીપણામાં, જ્યાં આપણે વિનાશ અને નિષ્ફળતા જોઈશું અને સમજીશું કે પરમેશ્વરના આશીર્વાદોના આંતરિક મરણનો અર્થ શું છે, શું આપણે તે માટે તૈયાર છીએ? આપણે આની પસંદગી કરીએ છીએ એમ નહિ પણ પરમેશ્વર આપણી પરિસ્થિતિઓને ઊભી કરીને આપણને ત્યાં લઈ જાય છે જ્યાં સુધી આપણે તે અનુભવમાંથી પસાર થતા નથી, ત્યાં સુધી આપણો વિશ્વાસ ફક્ત લાગણીઓ અને આશીર્વાદોની ઉપર ટકી રહે છે. પરંતુ એકવાર જ્યારે આપણે ત્યાં પહોંચીએ છીએ, પછી પરમેશ્વર જ્યાં ઈચ્છે ત્યાં આપણને રાખે કે પછી આપણે કોઈ પણ પ્રકારના આંતરિક ખાલીપણાનો અનુભવ કરીએ છતાં, આપણે પરમેશ્વરની સ્તુતિ કરી શકીએ છીએ કે બધુ સારુ છે. જીવનની વાસ્તવિકતાઓમાં વિશ્વાસને અમલમાં લાવવાનો અર્થ આ છે.

“...તમે...મને એકલો મૂકશો.” શું આપણે પરમેશ્વરની પૂરી પાડનારી વ્યવસ્થાના વિચારોને જોઈ ન શકવાના કારણે વેર-વિખેર થઈ ગયા છીએ અને આપણે ઈસુને એકલો મૂકી દીધો છે? આપણી પરિસ્થિતિઓમાં પરમેશ્વરને કામ કરતા નથી જોતા? જીવનના અંધકારવાળા સમયો પરમેશ્વરની સર્વોપરિતા દ્વારા મંજૂર કરવામાં આવે છે અને આપણા પર આવે છે. પરમેશ્વરને આપણામાં જે કરવું છે તે કરવા દેવા શું આપણે તૈયાર છીએ? શું આપણે બાહ્ય, દેખીતા આશીર્વાદોથી અલગ થવાને તૈયાર છીએ? જ્યાં સુધી ઈસુ ખ્રિસ્ત ખરા અર્થમાં આપણા પ્રભુ નથી બનતા, ત્યાં સુધી આપણ બધાને પોતાના લક્ષ હોય છે જેની આપણે સેવા કરીએ છીએ. આપણો વિશ્વાસ તો સાચો છે પણ તે હજુ સુધી સ્થાયી નથી થયો છતાં પરમેશ્વર ક્યારેય ઉતાવળમાં નથી હોતા જો આપણે રાહ જોવા માટે તૈયાર હોઈએ તો, આપણે પરમેશ્વરને એ વાત નિર્દેશ કરતા જોઈશું કે આપણી પસંદગી પરમેશ્વરમાં નહિ પરંતુ ફક્ત તેમના આશીર્વાદોમાં રહેલી છે. પરમેશ્વરના આશીર્વાદોની સભાનતા મૂળભૂત છે.

“...હિંમત રાખો; જગતને મેં જીત્યું છે”(યોહાન ૧૬:૩૩). આપણને જેની જરૂર છે તે તો દ્રઢ આત્મિક ધૈર્ય છે.

**એપ્રિલ ૫**

## તેની વ્યથા અને આપણી સંગતિ

*"ત્યારે ઈસુ પોતાના શિષ્યો સાથે ગેથસેમાને નામે એક ઠેકાણે આવે છે અને શિષ્યોને કહે છે કે... તમે અહીં રહીને મારી સાથે જાગતા રહો."*
*(માથ્થી ૨૬: ૩૬,૩૮)*

આપણે ગેથસેમાને વાડીમાંની ખ્રિસ્તની વેદનાઓને ક્યારેય સંપૂર્ણ રીતે સમજી શકવાના નથી, પરંતુ આપણને તે અંગે ગેરસમજ પણ ના થવી જોઈએ. એ તો પાપની સામે મોઢામોઢ આવવાથી એક વ્યક્તિમાં પરમેશ્વર અને માણસની વેદના છે. આપણે વ્યક્તિગત અનુભવ દ્વારા ગેથસેમાને શીખી શકતા નથી. ગેથસેમાને અને કાલવરી એક સંપૂર્ણ અજોડ બાબતને રજૂ કરે છે અને તે તો આપણા માટે જીવનમાં પ્રવેશવાનું પ્રવેશદ્વાર છે.

ગેથસેમાનેમાં ઈસુની વેદના વધસ્તંભ પરના પોતાના મૃત્યુ સંબંધી નહોતી. હકીકતમાં તેમણે ખૂબ ભારપૂર્વક એમ કહ્યું હતું કે તેઓ મરવાના ઉદ્દેશથી જ આવ્યા હતા. ગેથસેમાનેમાં તેમની જે ચિંતા હતી તે એ કે મનુષ્યપુત્ર હોવાને કારણે આ સંઘર્ષમાં તેઓ કદાચ સફળતાથી પસાર નહીં થઈ શકે, તેઓ પરમેશ્વરના પુત્ર તરીકે તેમાંથી પસાર થઈ શકવાનો વિશ્વાસ ધરાવતા હતા અને શેતાન તેમને સ્પર્શ કરી શકતો નથી. પરંતુ શેતાનનો હુમલો એ હતો કે આપણા પ્રભુ આ કામ મનુષ્યપુત્ર તરીકે આપણા માટે કરે. જો ઈસુએ એમ કર્યું હોત તો તેઓ આપણા તારનાર બની શક્યા ના હોત (જુઓ હિબ્રુઓને પત્ર ૯:૧૧-૧૫). ગેથસેમાનેની પીડા ના વર્ણનને તેમના રાત્રિના પરિક્ષણના પ્રકાશમાં વાંચો- "શેતાન...કંઈક મુદત સુધી તેની પાસેથી ગયો"(લૂક ૪:૧૩). ગેથસેમાનેમાં શેતાન ફરી પાછો આવ્યો અને તેને ફરીથી હરાવવામાં આવ્યો, માનવપુત્ર તરીકે આપણા પ્રભુ પરનો શેતાનનો આખરી હુમલો ગેથસેમાનેમાં થયો હતો.

ગેથસેમાનેમાંની વેદના તે તો જગતના તારનાર તરીકેનું તેમનું પૂર્વનિર્ધારિત કામ પૂરૂ કરવાની પરમેશ્વરના પુત્રની વેદના હતી. આપણે પરમેશ્વરના સંતાન બની શકીએ તે શક્ય બનાવવા માટે પરમેશ્વરને જે મૂલ્ય ચૂકવવું પડ્યું હતું તે પ્રગટ કરવા માટે પડદો હટાવવામાં આવ્યો હતો. ખ્રિસ્તનો વધસ્તંભ મનુષ્યપુત્રનો વિજય હતો. આ ફક્ત આપણા પ્રભુએ વિજય મેળવ્યો તેનું ચિહ્ન નહોતું પરંતુ તેણે મનુષ્યજાતને બચાવવા માટે વિજય પ્રાપ્ત કર્યો હતો તેનું ચિહ્ન હતું. મનુષ્યપુત્રએ જે કંઈ સહન કર્યું તેના કારણે દરેક વ્યક્તિને માટે પરમેશ્વરની હજૂરમાં સંગતિ કરવા માટેનો એક માર્ગ પૂરો પાડ્યો.

એપ્રિલ ૬

## પરમેશ્વર અને પાપની જોરદાર અથડામણ

*“લાકડા પર તેણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં...”*
*(૧ પિતર ૨:૨૪)*

ખ્રિસ્તનો વધસ્તંભ એ પાપ પરના પરમેશ્વરના ન્યાયનું પ્રગટ થયેલું સત્ય છે. શહીદીને કે આત્મબલિદાનને ખ્રિસ્તના વધસ્તંભ સાથે જોડવા ક્યારેય પ્રયત્ન ના કરશો. તે તો સર્વોચ્ચ વિજય હતો, અને તે વિજયે નર્કના પાયા હલાવી દીધા. સમયમાં અને અનંતકાળમાં જેનું ખંડન ન કરી શકાય એવું અને ખૂબ ચોક્કસ એવું કશું નથી જે ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર પૂર્ણ કર્યું અર્થાત્ તેમણે સમગ્ર માનવજાતને માટે પરમેશ્વર સાથે યોગ્ય સંબંધમાં પાછા આવવાનું શક્ય બનાવ્યું. તેમણે ઉદ્ધારને માનવ જીવનનો પાયો બનાવ્યો, એટલે કે તેમણે દરેક માણસને પરમેશ્વર સાથે સંગત કરવાનો માર્ગ બનાવ્યો.

વધસ્તંભ કોઈ એવી ઘટના નહોતી જે ખ્રિસ્ત સાથે થઈ- તે તો મરવાને માટે જ આવ્યા હતા; તેમના આવવાનો હેતુ જ વધસ્તંભ હતો. તે તો “...સૃષ્ટિના મંડાણથી મારી નંખાયેલ હલવાન છે”(પ્રકટીકરણ ૧૩:૮). વધસ્તંભ વગર ખ્રિસ્તના માનવ દેહધારી થવાનો કોઈ અર્થ નથી. “...તે મનુષ્ય સ્વરૂપમાં પ્રગટ થયો...”(૧ તિમોથી ૩:૧૬). અને “...તેને તેણે આપણે વાસ્તે પાપરૂપ કર્યો”(૨ કરિંથી ૫:૨૧) આ બે વચનને અલગ કરવાથી સાવધાન રહો. માનવ દેહધારી થવાનો ઉદ્દેશ ઉદ્ધારને માટે જ હતો, પરમેશ્વરે દેહરૂપ એટલે ધારણ કર્યું કે તે પાપને દૂર કરે પોતાના માટે કશું સિદ્ધ કરવા માટે નહિ. વધસ્તંભ તે સમય અને અનંતકાળની મુખ્ય ઘટના છે અને બંને સમય અને અનંતકાળની તમામ સમસ્યાઓનું નિરાકરણ પણ છે.

વધસ્તંભ એ માણસનો વધસ્તંભ નથી, પરંતુ પરમેશ્વરનો વધસ્તંભ છે અને માનવીય અનુભવો દ્વારા તેને ક્યારેય સંપૂર્ણપણે સમજી શકાતો નથી. વધસ્તંભ એ પરમેશ્વર પોતાનો સ્વભાવ પ્રદર્શિત કરી રહ્યા છે. આ એ દ્વાર છે જેમાં થઈને દરેક વ્યક્તિ પરમેશ્વર સાથે એકતામાં આવી શકે છે. પરંતુ આ એ દ્વાર નથી જેમાંથી આપણે પસાર થઈ જતા નથી; પરંતુ તે જીવનમાં લાગુ રહીએ જેનું પ્રવેશ દ્વાર વધસ્તંભ છે.

તારણનું કેન્દ્ર ખ્રિસ્તનો વધસ્તંભ છે. તારણ મેળવવું ખૂબ સરળ છે તેનું કારણ એ છે કે પરમેશ્વરે તેની ખૂબ ભારે કિંમત ચૂકવી છે. વધસ્તંભ એ સ્થાન છે જ્યાં પરમેશ્વર અને પાપી માણસ પ્રચંડ ટક્કર પામીને એકબીજામાં વિલિન થઈ ગયા અને જ્યાં જીવનનો માર્ગ ઉઘાડવામાં આવ્યો. પરંતુ આ ટક્કરની બધી કિંમત અને વેદના પરમેશ્વરના હૃદયે સહન કરી.

## શા માટે આપણામાં સમજણનો અભાવ છે?

*"તેણે તેઓને ફરમાવ્યું કે, તમે જે જોયું છે તે માણસનો દીકરો મૂએલાંઓમાંથી પાછો ન ઊઠે ત્યાં સુધી કોઈને કહેતા ના"*
*(માર્ક ૯:૯)*

જેમ શિષ્યોને આજ્ઞા આપવામાં આવી હતી, તેમ જ્યાં સુધી તમારામાં મનુષ્યપુત્ર જીવે નહિ ત્યાં સુધી તમારે પણ કોઈને કશું ના કહેવું જોઈએ - જ્યાં સુધી સજીવન થયેલા ખ્રિસ્તનું જીવન તમારા પર પ્રભુત્વ ન પામે કે જ્યારે તેઓ અહીં પૃથ્વી પર હતા ત્યારે જે વાતોને શીખવી હતી તે જો ખરેખર સમજો નહિ ત્યાં કશું કહેવું નહિ. જ્યારે તમે વૃદ્ધિ પામો છો અને આંતરિક રીતે યોગ્ય પરિસ્થિતિનો વિકાસ કરો છો ત્યારે ઈસુએ કહેલા વચનો એટલા સ્પષ્ટ થઈ જાય છે કે તમે આશ્ચર્ય પામો છો કે તમે અગાઉ તેમને કેમ સમજતા નહોતા. વાસ્તવમાં તમે અગાઉ તેને સમજવાને યોગ્ય નહોતા કારણ કે તમે તેની સાથે વ્યવહાર કરવા માટે યોગ્ય આત્મિક પરિસ્થિતિનો વિકાસ કર્યો નહોતો.

આપણો પ્રભુ આ વાતોને આપણાથી સંતાડતો નથી, પરંતુ જ્યાં સુધી આપણે આપણા આત્મિક જીવનમાં યોગ્ય પરિસ્થિતિમાં નથી હોતા ત્યાં સુધી આપણે તે મેળવવાને તૈયાર નથી હોતા. ઈસુએ કહ્યું, "હજી મારે તમને ઘણી વાતો કહેવાની છે, પણ હમણાં તે તમે ખમી શકતા નથી"(યોહાન ૧૬:૧૨). તેમની પાસેથી કોઈ સત્યને સહન કરવા માટે તૈયાર થવાને માટે એ જરૂરી છે કે તેમના સજીવન થયેલા જીવન સાથે આપણે એક થયા હોઈએ. શું વાસ્તવમાં ઈસુના સજીવન થયેલા જીવનને આપણી અંદર વાસ કરવા અંગે કંઈ જાણીએ છીએ? જો તે આપણે જાણીએ છીએ તો, એની સાબિતી એ છે કે પરમેશ્વરનું વચન આપણને સમજ પડશે. જો આપણામાં તેનો આત્મા નથી તો પરમેશ્વર આપણને કશું જ પ્રગટ કરતા નથી. અને આપણા બિનસમર્પિત અને જડ જેવા નિર્ણયો, પરમેશ્વરને આપણને કશું પણ અસરકારક રીતે પ્રગટ કરતા અટકાવશે. જો આપણે કોઈ સિદ્ધાંતના વિષયમાં પહેલેથી કોઈ નિર્ણય કરી લીધો છે, તો એ અંગે પરમેશ્વરનો પ્રકાશ આપણી પાસે નહિ આવે અને આપણે તેને સમજી શકીશું નહિ. પરંતુ જેવું ખ્રિસ્તના સજીવન થયેલ જીવનની ઈચ્છા આપણામાં પૂરી થાય છે, તેવી જ આપણી લાગણીશૂન્યતાનો અંત આવશે.

"...કોઈને કહેતા ના" પરંતુ ઘણા લોકો તેમણે રૂપાંતરના પહાડ પર જે કંઈ જોયું તે જણાવે છે અર્થાત્ તેમના પહાડ પરના અનુભવો જણાવે છે, તેમણે જે દર્શન જોયું છે તેની સાક્ષી તેઓ આપે છે. પરંતુ તેઓ જે કહે છે અને જે જીવન તેઓ જીવે છે તેની વચ્ચે કોઈ તાલમેલ હોતો નથી. તેમના જીવનો વૃદ્ધિ પામતા નથી કારણ કે મનુષ્યપુત્ર હજુ સુધી તેનામાં સજીવન થયા નથી. તેમના સજીવન થયેલા જીવનને મારામાં અને તમારામાં ઉદ્‌ભવવામાં અને પ્રગટ થવામાં હજુ કેટલો સમય લાગશે?

## તેના પુનરુત્થાનનો પૂર્વનિર્ધારિત ઉદ્દેશ

*“શું ખ્રિસ્તે એ બધું સહેવું અને પોતાના મહિમામાં પેસવું જોઈતું નહોતું?”*
*(લૂક ૨૪:૨૬)*

આપણા પ્રભુનો વધસ્તંભ તેમના જીવનમાં પ્રવેશવાનું પ્રવેશ દ્વાર છે. તેમના પુનરુત્થાનનો અર્થ એ છે કે પોતાના જીવનને આપણા સુધી પહોંચાડવાનું તેમનુ સામર્થ્ય છે. જ્યારે મારો નવો જન્મ થયો ત્યારે મેં સજીવન થયેલા પ્રભુનું જીવન ઈસુ પાસેથી પ્રાપ્ત કર્યું. ખ્રિસ્તના પુનરુત્થાનનો પૂર્વનિર્ધારિત ઉદ્દેશ એક જ હતો કે “તે ઘણા દીકરાઓને ગૌરવમાં લાવે”(હિબ્રુઓને પત્ર ૨:૧૦). તેમના પૂર્વનિર્ધારિત ઉદ્દેશની પરિપૂર્ણતાએ તેમને એ હક આપ્યો છે કે તે આપણને પરમેશ્વરના દીકરા અને દીકરીઓ બનાવે છે. પરમેશ્વરના પુત્રને પરમેશ્વર સાથે જે સંબંધ છે તે આપણને ક્યારેય પ્રાપ્ત થઈ શકતો નથી પરંતુ આપણને પુત્રના દ્વારા પુત્રપણાના સંબંધમાં લાવવામાં આવ્યા છે. જ્યારે આપણો પ્રભુ મૂએલાઓમાંથી સજીવન થયો ત્યારે તે સંપૂર્ણ નવા જીવનમાં ઊઠ્યા - એવું જીવન જે તેઓ દેહધારણ કરનાર પરમેશ્વર તરીકે ક્યારેય નહોતા જીવ્યા. તેઓ એવા જીવનમાં ઊઠ્યા કે જે પહેલા ક્યારેય નહોતું, અને તેમના પુનરુત્થાનનો અર્થ એ છે કે, આપણે તેમના પુનરુત્થાનના નવા જીવનમાં જીવાડવામાં આવ્યા છે, આપણા જૂના જીવનમાં નહિ. એક દિવસ આપણી પાસે તેમના મહિમાના શરીર જેવું શરીર હશે, પરંતુ આપણે અહીં અને હાલ તેમના પુનરુત્થાનના સામર્થ્ય અને અસરકારકતાને જાણી શકીએ છીએ અને “નવા જીવનમાં ચાલીએ”(રોમનોને પત્ર ૬:૪). પાઉલનો દ્રઢ ઉદ્દેશ હતો કે “તેને તથા તેના પુનરુત્થાનના સામર્થ્યને જાણું”(ફિલિપ્પી ૩:૧૦).

ઈસુએ પ્રાર્થના કરી કે, “...તેં સર્વ માણસો પર તેને અધિકાર આપ્યો છે કે, જેઓને તેં તેને આપ્યાં છે તે સર્વને તે અનંતજીવન આપે”(યોહાન ૧૭:૨). “પવિત્ર આત્મા” વાસ્તવમાં અનંતજીવનના એ અનુભવનું બીજું નામ છે, જે અહીં અને હાલમાં માણસોમાં કાર્યરત છે. પવિત્ર આત્મા પરમેશ્વરનું એ ઈશ્વરત્વ છે જે ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા પ્રાયશ્ચિતના સામર્થ્યને આપણા જીવનમાં નિરંતર લાગુ પડે છે. જો આપણે તેમની આજ્ઞા પાળીએ તો પવિત્ર આત્મા ઈસુના સ્વભાવને આપણામાં ભરે છે તે વૈભવશાળી અને મહિમામય સત્યને માટે પરમેશ્વરનો ધન્યવાદ થાઓ.

## શું તમે ઈસુને જોયો છે?

*“તે પછી તેઓમાંના બે જણ...તે બીજા રૂપમાં તેઓને દેખાયો”*
*(માર્ક ૧૬:૧૨)*

તારણ પામવું અને ઈસુને જોવો તે બંને સમાન બાબત નથી. ઘણા બધા લોકો કે જેમણે ઈસુને ક્યારેય જોયો નથી તેઓએ પરમેશ્વરની કૃપાને પ્રાપ્ત કરી છે અને તેમાં ભાગીદાર થયા છે. પરંતુ એકવાર તમે તેને જુઓ છો, તો તમે પહેલાના જેવા રહી શકતા નથી. અન્ય બાબતો જે તમને આકર્ષતી હતી તે હવે તમને આકર્ષતી નથી.

તમે ઈસુને કેવા રૂપમાં જોયા છે અને તેમણે તમારા માટે શું કર્યું છે તે બંને વાતોમાં શું તફાવત છે તે તમારે હંમેશા સમજવો જોઈએ. જો તમે ફક્ત એટલું જ જાણો છો કે તેણે તમારે માટે શું કર્યું છે. તો તમારો પરમેશ્વર એટલો મોટો નથી જેટલો હોવો જોઈએ. પરંતુ જો તમે દર્શન પ્રાપ્ત કર્યું છે અને તમે જેવા તે વાસ્તવિક છે તેવા જ તમે ઈસુને જોયા છે, તો વિવિધ અનુભવો થયા કરે, છતાં પણ તમે “અદ્રશ્યને જોતા હો તેમ”(હિબ્રુઓને પત્ર ૧૧:૨૭) દ્રઢ રહેશો. જે માણસ જન્મથી આંધળો હતો, તેણે જ્યાં સુધી ખ્રિસ્તે દર્શન દઈને પોતાની જાતને તેની આગળ પ્રગટ ના કરી ત્યાં સુધી તે એ નહોતો જાણતો કે ઈસુ કોણ છે(જુઓ યોહાન ૯). ઈસુ તેમને દેખાય છે જેમના માટે તેણે કશુંક કર્યું છે, પરંતુ તે ક્યારે આવશે તેનો આદેશ કે પૂર્વસૂચના આપણે આપી શકતા નથી. તે કોઈ પણ વળાંક પર અચાનક આવી જાય છે ત્યારે તમે પોકારી ઊઠશો કે, “હવે હું તેને દેખું છું!”(જુઓ યોહાન ૯:૨૫).

ઈસુ તમને અને તમારા મિત્રને વ્યક્તિગત રીતે દેખાવા જોઈએ; કોઈ ઈસુને તમારી આંખોથી જોઈ શકતા નથી. તમારામાં ભાગલા ત્યારે જ પડે છે જ્યારે એક તેને જોઈ લે છે અને બીજો નહિ. તમે તમારા મિત્રને એ જોવાની સ્થિતિમાં નથી લાવી શકતા. આ કામ પરમેશ્વરે કરવાનું છે, શું તમે ઈસુને જોયા છે? જો એમ છે તો તમે ઈચ્છશો કે બીજાઓ પણ તેને જુએ. “તેઓએ જલ્દી જઈને બાકી રહેલાઓને તે કહ્યું, પણ તેઓએ તેઓનું માન્યું નહિ”(માર્ક ૧૬:૧૩). જ્યારે તમે તેને જોઈ લો છો, ત્યારે લોકોને જણાવવું જરૂરી છે, પછી તેઓ ભલે ના માને.

કાશ હું કહેતો, તમે પણ માની લેત!
કાશ હું કહેતો મેં શું જોયું છે!
હું કેવી રીતે કહું કે તમે કેવી રીતે માનો,
કેવી રીતે, જ્યાં સુધી તે તમને પણ ત્યાં ન લાવે?

## પાપ અંગે સંપૂર્ણ અને અસરકારક નિર્ણય

*"...આપણું જૂનું માણસપણું તેની સાથે વધસ્તંભે એ માટે જડાયું કે પાપનું શરીર નિરર્થક થાય એટલે કે હવે પછી આપણે પાપની ગુલામગીરીમાં રહીએ નહિ"*
*(રોમનોને પત્ર ૬:૬)*

**ખ્રિસ્ત સાથે વધસ્તંભે જડાવવું :** શું તમે પાપ અંગે એવો નિર્ણય કર્યો છે કે પાપે તમારામાં સંપૂર્ણ રીતે મરણ પામવું જોઈએ? પાપ અંગે આ સંપૂર્ણ અને અસરકારક નિર્ણય કરવાની સ્થિતિ પર પહોંચવામાં ખૂબ સમય લાગે છે. પરંતુ આ ઘડી તમારા જીવનની સૌથી મહાન ઘડી હોય છે જ્યારે તમે નિર્ણય કરી લો છો કે પાપે તમારામાં મરવું પડશે, ફક્ત નિયંત્રણ કરીને, દબાવી રાખીને કે વિરોધ કરીને નહિ, પરંતુ જેમ ઈસુ ખ્રિસ્ત જગતના પાપોને લીધે મરણ પામ્યા તેમ જ તેને વધસ્તંભ પર ચઢીને મરવું પડશે. કોઈ પણ માણસ કોઈ બીજા પાસે આ નિર્ણય નથી કરાવી શકતો. આપણે માનસિક રીતે અને આત્મિક રીતે આ સ્વીકાર કરી લીધો હશે, પરંતુ જરૂરી એ છે કે આપણે એ નિર્ણય કરીએ જે અંગે પાઉલે આપણને આ કલમોમાં આગ્રહ કર્યો છે.

હવે બીજુ બધુ ત્યાગ કરીને, પરમેશ્વર સાથે એકાંતમાં કેટલોક સમય પસાર કરો અને આમ કહીને મહત્વપૂર્ણ નિર્ણય કરો કે, "હે પ્રભુ જ્યાં સુધી હું એ ન જાણું કે મારામાં પાપ મરી ગયું છે ત્યાં સુધી મને તમારા મરણમાં તમારી સાથે એકરૂપ કરી લો." આ નૈતિક નિર્ણય કરો કે તમારામાં પાપને મારી નંખાવુ જોઈએ.

પાઉલના પક્ષે આ કોઈ ભવિષ્યની દૈવી અપેક્ષા નહોતી, પરંતુ તેના જીવનમાં એક મોટો ક્રાંતિકારી અને નિશ્ચિત અનુભવ હતો. શું તમે આ માટે તૈયાર છો કે પરમેશ્વરનો આત્મા તમને ત્યાં સુધી તપાસે કે જ્યાં સુધી તમે એ ન જાણીલો કે તમારા જીવનમાં પાપ કયા સ્તરનું છે, અને જોઈ શકો કે એ કઈ બાબત છે જે તમારામાં પરમેશ્વરના આત્માની સાથે સંઘર્ષ કરે છે? જો હા છે, તો શું તમે પાપના સ્વભાવ અંગે પરમેશ્વરના નિર્ણય સાથે સંમત છો કે પાપ ને ઈસુના મૃત્યુ સાથે એકરૂપ થવું જોઈએ? જ્યાં સુધી તમે તમારી ઈચ્છાઓના મુદ્દાઓને પરમેશ્વરની આગળ ક્રાંતિકારી રીતે સીધી કરતા નથી ત્યાં સુધી તમે "પોતાને પાપના સંબંધમાં મૂએલાં" ગણતા નથી.

જ્યાં સુધી તમારા માંસ અને રક્તમાં ઈસુના જીવન સિવાય બીજું કંઈ ન બચે ત્યાં સુધી શું તમે પોતાને ખ્રિસ્તની સાથે વધસ્તંભ પર ચઢવાનો મહિમામય અધિકારમાં પ્રવેશ કર્યો છે? "હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો; પરંતુ હું જીવું છું; તોપણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે;..."(ગલાતી ૨:૨૦).

## સંપૂર્ણ અને અસરકાર ઈશ્વરત્વ

*“...જો આપણે તેના મરણની સમાનતામાં તેની સાથે જોડાયા,*
*તો તેના પુનરુત્થાનની સમાનતામાં પણ આપણે જોડાયેલા થઈશું”*
*(રોમનોને પત્ર ૬:૫)*

ખ્રિસ્ત સાથે સજીવન થવુંઃ જો મેં ઈસુની સાથે વધસ્તંભ પર ચઢવાનો અનુભવ કર્યો છે તો તેની સાબિતી એ છે કે મારામાં તેની ચોક્કસ સમાનતા છે. ઈસુનો આત્મા મારામાં પ્રવેશીને મારા વ્યક્તિગત જીવનને પરમેશ્વરની આગળ વ્યવસ્થિત કરે છે. ઈસુના પુનરુત્થાને તેમને એ અધિકાર આપ્યો છે કે તે મને પરમેશ્વરનું જીવન આપે અને મારા જીવનના અનુભવો હવે તેમના જીવનના પાયા પર બંધાવા જોઈએ. મને ઈસુનું પુનરુત્થાનનું જીવન અહીં અને હાલ મળી શકે છે, અને તે પોતાને પવિત્રતા દ્વારા પ્રદર્શીત કરે છે.

પાઉલના બધા લખાણોમાં જે વિચાર છે, તે એ છે કે જ્યારે ઈસુના મરણમાં તેમની સાથે એકરૂપ થવાનો નિર્ણય કરી લઈએ છીએ ત્યારે ઈસુના પુનરુત્થાનનું જીવન મારા માનવ સ્વભાવના જીવનના કણેકણમાં પ્રવેશે છે માનવ શરીરમાં પરમેશ્વરના પુત્રનું જીવન જીવવા માટે પરમેશ્વરની સર્વશક્તિમાનપણાની તેમના સંપૂર્ણ અને અસરકારક ઈશ્વરત્વની જરૂર છે. પવિત્ર આત્માને ઘરના એક ખંડમાં મહેમાનના રૂપમાં સ્વીકારી શકતા નથી- તેઓ સંપૂર્ણ ઘર પર કબજો કરે છે. અને જ્યારે હું આ નિર્ણય કરી લઊં છું કે મારું “જૂનું મનુષ્યત્વ” અર્થાત્ વારસામાં મળલું પાપ તે ઈસુના મરણ સાથે એકરૂપ થવું જોઈએ ત્યારે પવિત્ર આત્મા મારા પર કબજો કરે છે. તે બધી બાબતોનું નિયંત્રણ પોતાના હાથમાં લે છે. મારું કાર્ય એ છે કે મારે પ્રકાશમાં ચાલવાનું અને પવિત્ર આત્મા જે કંઈ પ્રગટ કરે તેને આધીન થવાનું. એકવાર જ્યારે હું પાપ અંગે આ મહત્વનો નિર્ણય કરી લઉં છું પછીથી, આ “સમજવું” સહેલું થઈ જાય છે કે હું “પાપને માટે મરણ પામ્યો છું” કારણ કે હું ઈસુનું જીવન હરેક સમયે મારામાં અનુભવું છું (રોમનોને પત્ર ૬:૧૧). જેમ ફક્ત એક જ પ્રકારનો માનવ સ્વભાવ હોય છે તેમ જ એક જ પ્રકારની પવિત્રતા હોય છે અર્થાત્ ઈસુની પવિત્રતા. અને ઈસુની પવિત્રતા મને આપવામાં આવી છે. પરમેશ્વરે પોતાના પુત્રની પવિત્રતાને મારામાં મૂકી છે અને હું હવે એક નવા આત્મિક સંપ્રદાયનો વ્યક્તિ છું.

## સંપૂર્ણ અને અસરકારક આધિપત્ય

*"...મરણનો ફરીથી તેના પર અધિકાર નથી...પણ તે જીવે છે,*
*એટલે દેવના સંબંધમાં તે જીવે છે. તેમ તમે પણ પોતાને પાપના સંબંધમાં મૂએલા,*
*પણ...પરમેશ્વરના સંબંધમાં જીવતા ગણો"*
*(રોમનોને પત્ર ૬:૯-૧૧)*

**ખ્રિસ્ત સાથે અનંતજીવન:** અનંતજીવન એ જીવન છે કે જે ઈસુ ખ્રિસ્ત માનવીય સ્તરે પ્રદર્શીત કરે છે. અને જ્યારે આપણે નવો જન્મ પામીએ છીએ ત્યારે આ જ જીવન, નહિ કે તેની નકલ, આપણા મર્ત્ય દેહમાં પ્રગટ થાય છે. અનંતજીવન તે પરમેશ્વરના તરફથી મળનાર ભેટ નથી; અનંતજીવન તે પરમેશ્વરની ભેટ છે. જ્યારે આપણે એકવાર પાપ અંગે સંપૂર્ણ અને અસરકારક નિર્ણય કરીએ છીએ ત્યારે જે શક્તિ અને સામર્થ્ય ઈસુમાં જેટલી સ્પષ્ટ પ્રગટ હતી, તે જ પરમેશ્વરની સંપૂર્ણ સર્વોપરિ કૃપાના કાર્યના કારણે આપણામાં પણ પ્રદર્શિત થાય છે.

"પણ પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો;..."(પ્રે. કૃ. ૧:૮) - એવું નહિ કે પવિત્ર આત્મા તરફથી ભેટરૂપે સામર્થ્ય; પવિત્ર આત્મા જ સામર્થ્ય છે, સામર્થ્ય તે તેમના દ્વારા આપવામાં આવતી કોઈ બાબત નથી. જ્યારે આપણે તેમની સાથે એકરૂપ થવાનો નિર્ણય કરીએ છીએ ત્યારે તેમના વધસ્તંભને કારણે ઈસુમાં જે જીવન હતું તે આપણું બને છે. જો પરમેશ્વર સાથે સમાધાન કરવું અને સીધા થવું મુશ્કેલ લાગે છે, તો તેનું કારણ એ છે કે, આપણે પાપ અંગે આ દ્રઢ નૈતિક નિર્ણય કરવાનું નકારીએ છીએ. પરંતુ જ્યારે આપણે આ નિર્ણય કરી લઈએ છીએ, તો પરમેશ્વરનું સંપૂર્ણ જીવન આપણામાં તરત જ આવે છે - "...કે તમે પરમેશ્વરની સર્વ સંપૂર્ણતા પ્રમાણે સંપૂર્ણ થાઓ"(એફેસી ૩:૧૯). અનંતજીવનને સમયની સાથે કોઈ જ લેવાદેવા નથી. આ એ જીવન છે જે ઈસુ જ્યારે આ પૃથ્વી પર હતા ત્યારે જીવ્યા હતા અને જીવનનો એક માત્ર સ્રોત તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે.

સૌથી નબળામાં નબળો સંત પણ જ્યારે "છોડી દેવાને" તૈયાર હોય છે ત્યારે તે સંત પરમેશ્વરના પુત્રના ઈશ્વરત્વના સામર્થ્યનો અનુભવ કરી શકે છે. પરંતુ પોતાના સામર્થ્યને થોડું પણ "પકડી રાખવાના" પ્રયત્નને કારણે આપણામાંથી ઈસુનું જીવન ઘટી જાય છે. આપણે સતત "છોડતા રહેવાનું" છે, અને ધીમે ધીમે પરંતુ નિશ્ચિત રીતે પરમેશ્વરનું મહાન સંપૂર્ણ જીવન આપણામાં ફેલાઈને આપણા દરેક ભાગનો સંપૂર્ણ કબજો લેશે ત્યારે આપણામાં ઈસુ સંપૂર્ણ અને અસરકારક આધિપત્ય પ્રાપ્ત કરશે અને લોકો એ નોંધ લેશે કે આપણે તેની સાથે હતા.

## જ્યારે બોજ દબાવી દે ત્યારે શું કરવું

*''તારો બોજો યહોવા પર નાખ,...''*
*(ગી.શા. ૫૫:૨૨)*

આપણે બંને પ્રકારના બોજામાં જે ફર્ક છે તે ઓળખવો જોઈએ. એવા બોજા જેમને ઉઠાવવા આપણા માટે યોગ્ય છે અને એવા બોજા જે ઉઠાવવા ખોટા છે. આપણે, ક્યારેય પાપ અથવા શંકાનો બોજો ઉઠાવવો જોઈએ નહિ, પરંતુ કેટલાક બોજ એવા છે જે પરમેશ્વરે આપણા પર મૂકયા છે, જેમને હઠાવવાની તેમની ઈચ્છા નથી, પરમેશ્વર ઈચ્છે છે કે આપણે તે બોજ તેમની ઉપર પાછા ગબડાવી દઈએ - શબ્દે શબ્દ જોઈએ તો જે ''બોજો'' તેમણે આપ્યો છે તે ''યહોવા પર'' નાખો. જો આપણે પરમેશ્વરની સેવા અને તેમનું કાર્ય કરવા નીકળી પડ્યા છીએ પરંતુ તેમની સાથે સંપર્કમાં નથી રહેતા તો, આપણે જે જવાબદારીનો અનુભવ કરીશું તે આપણને દબાવી નાખનાર અને હરાવી નાખનાર હશે. પરંતુ જે બોજો પરમેશ્વરે આપણા પર મૂકયો છે તેને તેમની પર પાછો નાખીશું તો, તેઓ જવાબદારીના ભારે અનુભવને લઈ લેશે અને તેના બદલે તેમની હાજરીની અને તેમના પોતાના સંબંધી સભાનતા અને સમજ આપશે.

ઘણા સેવકો ખૂબ હિંમતથી અને સાચા ઈરાદાથી પરમેશ્વરની સેવા કરવા નીકળે છે, પરંતુ ઈસુ ખ્રિસ્ત સાથે કોઈ અંગત સંબંધ નથી હોતો, તેને પરિણામે તેઓ જલ્દીથી હારી જાય છે અને દબાઈ જાય છે. તેઓને સમજ નથી કે તેમના બોજાઓનું શું કરવું અને તે બોજાઓ તેમના જીવનોમાં થાક પેદા કરે છે. બીજાઓ આ જુએ છે અને કહે છે, ''એક મહાન શરૂઆતનો આ કેવો દુઃખદ અંત!''

''તારો બોજા યહોવા પર નાંખ,...''તમે તેને ઉઠાવીને ચાલ્યા છો પરંતુ તમારે સમજણપૂર્વક તેનો એક છેડો પરમેશ્વરના ખભા પર મૂકવાનો છે. ''...તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે;''(યશાયા ૯:૬). જે પણ બોજ પરમેશ્વરે તમારા ખભા પર મૂક્યો છે તે પરમેશ્વરને સોંપી દો, તેને એક તરફ ના નાંખશો, પરંતુ તેને તથા પોતાની જાતને પરમેશ્વર પર મૂકી દો. તમે જોશો કે સંગતના અનુભવથી તમારો બોજો હલકો થઈ ગયો છે. પરંતુ પોતાની જાતને પોતાના બોજાથી અલગ કરવાનો ક્યારેય પ્રયત્ન ના કરવો જોઈએ.

## આંતરિક અજયતા

*"મારી ઝૂંસરી તમારા પર લો, ને મારી પાસે શીખો;..."*
*(માથ્થી ૧૧:૨૯)*

"જેના પર પ્રભુ પ્રેમ રાખે છે, તેને તે શિક્ષા કરે છે..."(હિબ્રુઓને પત્ર ૧૨:૬). આપણી ફરિયાદો કેટલી તુચ્છ પ્રકારની છે! આપણો પ્રભુ આપણને એવી સ્થિતિમાં લાવવાની કોશિશ કરે છે જ્યાં આપણે તેમની સાથે સંગત કરી શકીએ, અને આપણે નિસાસા નાખીએ છીએ અને કહીએ છીએ કે, "હે પ્રભુ, મને પણ બીજા લોકોના જેવો થવા દો!" ઈસુ આપણને આગ્રહથી એમ કહી રહ્યા છે કે તેમની પડખે ઊભા રહીએ અને ઝૂંસરીનો એક છેડો ઉઠાવી લઈએ, જેથી આપણે એકઠા મળીને બોજ ખેંચી શકીએ તેથી જ ઈસુએ આપણને કહ્યું કે, "મારી ઝૂંસરી સહેલ છે, ને મારો બોજો હલકો છે" (માથ્થી ૧૧:૩૦). શું તમે પ્રભુ ઈસુ સાથે આવી રીતે ઘનિષ્ઠતામાં એકરૂપ થયા છો? જો થયા છો તો જ્યારે તમે તેના હાથના દબાણને તમારી ઉપર અનુભવશો ત્યારે તમે પરમેશ્વરનો આભાર માનશો.

"નબળાને તે બળ આપે છે..."(યશાયા ૪૦:૨૯). પરમેશ્વર આવે છે અને આપણને આપણી લાગણીશીલતામાંથી બહાર કાઢે છે અને ત્યારબાદ આપણી ફરિયાદો સ્તુતિના ગીતમાં બદલાઈ જાય છે. ઈસુની ઝૂંસરી આપણા પર ઉઠાવવી અને તેમની પાસેથી શીખવું તે જ પરમેશ્વરના સામર્થ્યને જાણવાનો એક માત્ર માર્ગ છે.

"...યહોવાનો આનંદ તે જ તમારું સામર્થ્ય છે."(નહેમ્યા ૮:૧૦). સંતોને તેઓનો આનંદ ક્યાંથી મળે છે? જો આપણે કેટલાક ખ્રિસ્તીઓને સારી રીતે જાણતા નથી તેથી ફક્ત બાહ્ય રીતે તેમનું અવલોકન કરીને એવું વિચારીએ છીએ કે તેમણે કોઈ પણ પ્રકારનો બોજો ઊંચકવો પડતો નથી. પરંતુ આપણે આપણી આંખો પરથી પડદો હટાવવો જોઈએ. તેઓમાં પરમેશ્વરની શાંતિ, પ્રકાશ અને આનંદ છે તે હકીકત એ વાતની સાબિતી છે કે તેઓમાં પણ બોજો છે જ. પરમેશ્વર જે બોજ આપણા પર મૂકે છે તે આપણા જીવનોમાંની દ્રાક્ષાઓને પીલી કાઢે છે અને દ્રાક્ષારસ ઉત્પન્ન કરે છે, પરંતુ આપણામાંના મોટા ભાગના લોકો ફક્ત દ્રાક્ષારસને જ જુએ છે અને બોજાને જોઈ શકતા નથી. પૃથ્વી પર અને નર્કમાંની કોઈ તાકાત કે સામર્થ્ય, મનુષ્યના આત્મામાં રહેતા પરમેશ્વરના આત્માને જીતી શકતી નથી; પરમેશ્વરનો આત્મા આંતરિક અજયતા સર્જે છે.

જો તમારું જીવન દ્રાક્ષારસ પેદા કરવાને બદલે કકળાટ - બડબડાટ પેદા કરે છે તો તેને નિર્દયી બનીને હાંકી કાઢો. પરમેશ્વરના સામર્થ્યમાં નિર્બળ હોવું એ એક ખ્રિસ્તી વ્યક્તિનો ખરેખર અપરાધ છે.

## બારીકાઈથી ધ્યાન આપવામાં નિષ્ફળ જવું

*“પણ ઈસ્રાએલમાંથી ઉચ્ચસ્થાનો કાઢી નંખાયા નહિ;*
*તોપણ તેની હયાતી સુધી આસાનું અંતઃકરણ યહોવા પ્રત્યે સંપૂર્ણ હતું.”*
*(૨ કાળવૃત્તાંત ૧૫:૧૭)*

આસા પોતાના જીવનના બાહ્ય, દેખાઈ આવતા ક્ષેત્રોમાં સંપૂર્ણપણે આજ્ઞાંકિત નહોતો. તે એવા ક્ષેત્રોમાં સંપૂર્ણ આજ્ઞાંકિત હતો જેને તે સૌથી મહત્વપૂર્ણ સમજતો હતો, પરંતુ તે સંપૂર્ણ રીતે યોગ્ય નહોતો. “અરે, મારા જીવનની એ બાબતનું કંઈ બહુ મહત્વ નથી” એ વિચારવાથી હંમેશા સાવધાન રહો. એ વાસ્તવિકતા તમારા માટે એ બાબતનું કંઈ બહુ મહત્વ નથી એ જ બાબતો પરમેશ્વર માટે ખૂબ મહત્વની હોઈ શકે છે. પરમેશ્વરના બાળકોએ કોઈ પણ બાબતને ક્ષુલ્લક ના ગણવી જોઈએ. આપણે પરમેશ્વરને આપણને એક વાત શીખવતા કેટલો સમય અટકાવી રાખીશું? પરંતુ તે સતત આપણને શીખવાડતા રહેવાનો પ્રયત્ન કરે છે અને તે ક્યારેય ધીરજ ગુમાવતા નથી. તમે કહેશો કે, “પરમેશ્વર સાથે મારો સંબંધ સીધો છે” પરંતુ તમારા જીવનમાં “ઉચ્ચ સ્થાનો” હજુ પણ છે. હજુ પણ એવા ક્ષેત્રો છે જેમાં તમે અનાજ્ઞાંક્તિ છો. શું તમે દ્રઢતાથી એમ કહો છો કે પરમેશ્વર સાથે તમારા હ્રદયના સંબંધ બરાબર છે? અને છતાં શું તમારા જીવનમાં એવું કંઈ છે જે સંબંધી પરમેશ્વર તમારા હ્રદયમાં શંકા ઊભી કરે છે? જ્યારે પણ પરમેશ્વર તમારા જીવનમાં કોઈ બાબત વિશે શંકા ઊભી કરે છે, ચાહે તે ગમે તે હોય તે બાબતને તરત જ છોડી દો. આપણા જીવનમાં કોઈ પણ વાત પરમેશ્વરને માટે એક મામૂલી વાત નથી હોતી.

શું તમારા શારીરિક કે બૌદ્ધિક જીવન સાથે સંબંધિત કોઈ વાત છે જે તરફ તમે બિલકુલ ધ્યાન નથી આપતા? જો એમ છે તો, તમે એવું વિચારી શકો છો કે તમે મહત્વના ક્ષેત્રોમાં બિલકુલ બરાબર છો, પરંતુ વાસ્તવમાં તમે બેપરવાહ છો અને તમે યોગ્ય રીતે ધ્યાન કેન્દ્રીત કરવામાં નિષ્ફળ જઈ રહ્યા છો, જે રીતે તમારુ હ્રદય ધબકવામાંથી એક દિવસ પણ રજા લઈ શકતું નથી તેમ જ  તમે પણ તમારા જીવનની બાબતોમાં આત્મિક રીતે ધ્યાન આપવામાંથી રજા લઈ શકો નહિ. જેવી રીતે તમે નૈતિકતામાંથી એક દિવસની રજા લઈને નૈતિક રહી શકો નહિ તેમ જ તમે આત્મિક રીતે એક દિવસની રજા લઈને આત્મિક રહી શકો નહિ. પરમેશ્વર ઈચ્છે છે કે તમે સંપૂર્ણપણે તેના જ રહો, અને તે માટે જરૂરી છે કે તમે આત્મિક રીતે સ્વસ્થ રહેવા માટે બારીકાઈથી ધ્યાન આપો. તેમાં પુષ્કળ સમય જતો રહે છે. છતાં પણ ઘણા લોકો એમ સમજે છે કે તેઓ થોડીક ક્ષણોના પ્રયાસ દ્વારા એક પહાડના અનુભવ પરથી બીજા પહાડના અનુભવ પર જઈને પોતાના તમામ પ્રશ્નોની ઉપર વિજય પ્રાપ્ત કરી લેશે.

## શું તમે પહાડ પરથી નીચે ઊતરી શકો છો?

*“જ્યાં સુધી તમારી પાસે પ્રકાશ છે, ત્યાં સુધી પ્રકાશ પર વિશ્વાસ રાખો...”*
*(યોહાન ૧૨:૩૬)*

આપણા સર્વના જીવનોમાં એવા સમયો આવે છે કે જ્યારે આપણે પહેલા કરતાં થોડા વધુ સારા અનુભવીએ છીએ, અને આપણે કહીએ છીએ કે, “મને એવો અનુભવ થઈ રહ્યો છે કે હું બધું જ કરવાને યોગ્ય છું; કાશ, હું હંમેશા આવો જ રહી શકું તો!” આપણે આવા હોવા જોઈએ એ પરમેશ્વરની ઈચ્છા અનુસાર નથી, એ ક્ષણો ઊંડી સમજણની ક્ષણો છે, અને જ્યારે આપણે તે પ્રમાણે કરવાની ઈચ્છા રાખતા ના હાઈએ ત્યારે પણ આપણે તે અનુસાર જીવવું જોઈએ. આપણામાંથી ઘણા લોકો એવા છે કે જો તેઓ પહાડના શિખર પર હોવાનો અનુભવ નથી કરી રહ્યા તો, તેઓ સાધારણ દૈનિક જીવન માટે યોગ્ય નથી. છતાં પણ આપણે આપણા દૈનિક જીવનને એ સ્તર પર પહોંચાડવાનું છે કે જે, આપણે જ્યારે પહાડના શિખર પર હતા ત્યારે આપણને પ્રગટ કરવામાં આવ્યું હતું.

પહાડના શિખર પર તમારામાં જાગૃત થયેલ લાગણીઓને કે અહેસાસને ક્યારેય ઊડી જવા દેશો નહિ. “મનની આવી અદ્‌ભુત સ્થિતિમાં રહેવું કેટલું સારું છે!” એમ વિચારીને પોતાને અભરાઈ પર ના મૂકી દો, આવું થાય ત્યારે તરત જ કોઈ કાર્યવાહી કરો- કંઈક કરો, ચાહે તમારી કાર્યવાહીનું એકમાત્ર કારણ એ કેમ ના હોય કે તમારે કશું નથી કરવું છતાં કાર્યવાહી કરો. જો, એક પ્રાર્થના સભા દરમ્યાન, પરમેશ્વર તમને કશુંક કરવા માટે કંઈક દેખાડે છે, તો એમ ના કહો, “હા, હું કરીશ” પરંતુ તેને કરો. પોતાની જાતને ગરદનથી પકડીને પોતાની તમામ માનવીય આળસને ખંખેરી નાંખો. પહાડના શિખર પરના અનુભવની લાલસાઓમાં હંમેશા આળસ દેખાય છે; અને ત્યારે આપણી વાતચીત હંમેશા પહાડ પર સમય વિતાવવાની યોજના બનાવવા અંગે હોય છે. આપણે પહાડ પર જે કંઈ જોયું છે તે પ્રમાણે આપણે સાધારણ “નિરાશાજનક” દિવસમાં જીવવાનું શીખવું જોઈએ.

તમે એકવાર અટવાઈ પડ્યા અને ગૂંચવાઈ ગયા તેના કારણે હિંમત ના હારશો - ફરીથી પ્રયાસ કરો, પાછા ફરવાના તમામ રસ્તાઓ બંધ કરી દો અને તમારી પોતાની ઈચ્છાના કાર્ય દ્વારા પરમેશ્વરને સમર્પિત રહો. તમારા નિર્ણયો ક્યારેય બદલશો નહિ, પરંતુ એ નિશ્ચિત કરો કે તમે તમારા નિર્ણયો તેના પ્રકાશમાં બનાવી રહ્યા છો જે પહાડ પર જોયું છે અને શીખ્યા છો.

# સઘળું અથવા કશું નહિ

*"...જ્યારે સિમોન પિતરે સાંભળ્યું કે, એ તો પ્રભુ છે ત્યારે તેણે પોતાનો ડગલો પહેર્યો અને સમુદ્રમાં કૂદી પડ્યો"*
*(યોહાન ૨૧:૭)*

શું તમારા જીવનમાં એવું સંકટ ક્યારેય આવ્યું છે જ્યારે તમે હેતુપૂર્વક ઉત્સાહી બનીને, અવિચારી બનીને સઘળું ત્યાગ કર્યો હોય? આ તો ઈચ્છાનું સંકટ છે. તમે બાહ્ય રીતે આ સ્થિતિમાં ઘણીવાર આવ્યા હશો, પરંતુ તેની કોઈ અસર નહિ થઈ હોય. ત્યાગ કરવાની સાચા ઊંડા સંકટ અથવા સંપૂર્ણ સમર્પણની સ્થિતિમાં આંતરિક રીતે જ પહોંચાય છે બહારથી નહિ. ફક્ત બાહ્ય વસ્તુઓનો ત્યાગ હકીકતમાં તમે સંપૂર્ણપણે દાસત્વમાં છે તેનું સૂચક હોઈ શકે છે.

શું તમે સમજીવિચારીને તમારી ઈચ્છા ઈસુ ખ્રિસ્તને સોંપી છે? આ ઈચ્છાનો વ્યવહાર છે લાગણીઓનો નહિ; તેના ફળ સ્વરૂપે થનારી કોઈ પણ હકારાત્મક લાગણી આ બાબતમાંથી બહાર આવનાર એક સપાટી પરનો આશીર્વાદ હોય છે, જો તમે લાગણીઓ પર ધ્યાન કેન્દ્રીત કરશો તો તમે લેવડદેવડનો વ્યવહાર ક્યારેય નહિ કરી શકો. પરમેશ્વરને ક્યારેય ના પૂછશો કે વ્યવહાર શું હશે, પરંતુ તમે તમારી ઈચ્છાને સમર્પણ કરો પછી ભલેને  તમે જે પણ જુઓ છો તેની લેવડદેવડનો વ્યવહાર કરો ચાહે તે આંતરિક રીતે છીછરાં કે ખૂબ ઊંડા સ્થાન હોય.

જો તમે ઈસુ ખ્રિસ્તના અવાજને સમુદ્રની લહેરો પર સાંભળ્યો છે, તો તેની સાથે તમારો સંબંધ જાળવી રાખો અને પોતાની ધારણાઓ અને સ્થિરતાની ચિંતા ન કરો.

## તત્પરતા

*"...પરમેશ્વરે તેને હાંક મારી...અને તેણે કહ્યું કે, 'હું આ રહ્યો' "*
*(નિર્ગમન ૩:૪)*

જ્યારે પરમેશ્વર બોલે છે, ત્યારે આપણામાંથી બહુ લોકો ધુમ્મસમાં ફસાયેલા હોઈએ તેવા માલુમ પડીએ છીએ, અને આપણે કોઈ ઉત્તર આપતા નથી. મૂસાએ પરમેશ્વરને જે પ્રત્યુત્તર આપ્યો તે દર્શાવે છે, તે જાણતો હતો કે તે ક્યાં હતો અને તે પણ કે તે તૈયાર હતા. તત્પરતાનો અર્થ થાય છે પરમેશ્વર સાથે યોગ્ય સંબંધ અને એ જાણવું કે આપણે ક્યાં છીએ. આપણે પરમેશ્વરને એ જણાવવામાં એટલા વ્યસ્ત રહીએ છીએ કે આપણે ક્યાં જવા માંગીએ છીએ, જ્યારે તેડું આવે છે ત્યારે જે પુરુષ કે સ્ત્રીને ઈનામ મળે છે તે તો એ વ્યક્તિ છે જે પરમેશ્વર અને તેમના કામને માટે તૈયાર રહે છે. આપણે એ વિચારથી રાહ જોઈએ છે કે કોઈ મહાન તક અથવા કશુંક છે કે, આપણે તરત પોકારી ઊઠીએ છીએ, "હું આ રહ્યો" જ્યારે આપણે એવું અનુભવીએ છીએ કે ઈસુ કોઈ મહાન કાર્યમાં અધિકાર ધારણ કરવા ઊભા થઈ રહ્યા છે, તો આપણે ત્યાં તૈયાર રહીએ છીએ, પરંતુ આપણે કોઈ અપ્રસિદ્ધ ફરજ માટે તૈયાર નથી હોતા.

પરમેશ્વર માટે તત્પરતાનો અર્થ એ થાય છે કે આપણે નાનામાં નાનું અથવા મોટામાં મોટું કામ કરવા તૈયાર છીએ- કામ કેવું છે તેનાથી આપણને ફરક પડતો નથી. આનો અર્થ એ છે કે આપણી પાસે એ પસંદ કરવાનો વિકલ્પ નથી કે આપણે શું કરવા માંગીએ છીએ, પરંતુ એ કે પરમેશ્વરની યોજના કોઈ પણ હોય, આપણે તે માટે તૈયાર છીએ. જ્યારે પણ કોઈ ફરજ આપણી સામે આવે છે, ત્યારે જેમ આપણા પ્રભુએ તેમના પિતાનો અવાજ સાંભળ્યો, તેમ આપણે પરમેશ્વરનો અવાજ સાંભળીએ છીએ, અને આપણે તેમના પ્રત્યે આપણા પ્રેમની સંપૂર્ણ તત્પરતાથી તે ફરજ માટે તૈયાર હોઈએ છીએ. જેમ તેમના પિતાએ તેમની સાથે કર્યું તેમ જ ઈસુ ખ્રિસ્ત આપણી સાથે કરવાની અપેક્ષા રાખે છે. તે ઈચ્છે ત્યાં આપણને મૂકી શકે છે, આનંદકારક ફરજોમાં અથવા હલકા કામમાં, કારણ કે ઈસુની સાથેની આપણી એકતા બિલકુલ એવી જ છે જેવી ઈસુની એકતા પિતાની સાથે હતી. "જેવા આપણે એક છીએ તેવા તેઓ પણ એક થાય..."(યોહાન ૧૭:૨૨).

પરમેશ્વરની અચાનક આશ્ચર્યજનક મુલાકાત માટે તૈયાર રહો. જે માણસ તૈયાર હોય તેણે તૈયાર થવું પડતું નથી- તે તો તૈયાર જ છે. એકવાર પરમેશ્વરે આપણને તેડું આપ્યું ત્યારપછી તૈયાર થવામાં જે સમય આપણે વેડફ્યો છે તે વિચારો. બળતું ઝાડવું તે એક તૈયાર વ્યક્તિની આસપાસની તમામ વસ્તુઓનું પ્રતીક છે, અને તે પરમેશ્વરની હાજરીમાં સળગી ઊઠે છે.

## સૌથી નાના શક્ય પરિક્ષણ અંગે સાવધ રહો

*"યોઆબ આબ્શાલોમના પક્ષમાં ગયો ન હતો,*
*તોપણ તે અદોનિયાના પક્ષમાં તો ભળી ગયો હતો."*
*(૧ રાજાઓ ૨:૨૮)*

યોઆબે આકર્ષક અને મહત્વકાંક્ષી આબ્શાલોમના પક્ષમાં ના જઈને સંપૂર્ણપણે દાઉદને વફાદાર રહેવા દ્વારા જીવનની સૌથી મોટી કસોટીનો સામનો કર્યો. છતાં પણ, પોતાના જીવનના અંત ભાગમાં તે કમજોર અને કાયર અદોનિયાની પાછળ ચાલવા લાગ્યો. આ હકીકત પ્રત્યે હંમેશા સાવધ રહો કે, જ્યાં એક વ્યક્તિ પાછો ફરી ગયો ત્યાં બીજા કોઈ વ્યક્તિને પાછા ફરી જવાનું પરીક્ષણ થઈ શકે છે(જુઓ ૧ કરિંથી ૧૦:૧૧-૧૩). તમે હાલમાં જ કોઈ મોટા સંકટમાંથી વિજયી થઈને પસાર થયા હશો પરંતુ હવે એવી બાબતોથી સાવધ રહો જેને જોઈને એવું લાગે છે કે તે બાબત તમારુ પરીક્ષણ કરવાની સંભાવના નહીવત્ છે. એવું વિચારવાથી સાવધાન રહો કે તમારા જીવનના એવા ક્ષેત્રો જેમાં તમે ભૂતકાળમાં વિજય અનુભવ્યો હતો તેમાં તમારે લથડી પડીને પડવાની સંભાવના નહિવત્ છે.

આપણે એવું કહેવા તત્પર છીએ કે, "મારા જીવનના સૌથી મહાન સંકટમાંથી પસાર થયા બાદ એ સંભાવના નથી કે હું ફરીથી સાંસારિક વસ્તુઓ તરફ પાછો ફરું" પરીક્ષણ ક્યાંથી આવશે એની ભવિષ્યવાણી કરવાનો પ્રયત્ન ના કરશો; સૌથી ઓછી સંભાવનાવાળી ચીજ ખરેખર જોખમ હોઈ શકે છે. કોઈ મહાન આત્મિક ઘટના પછી જ સૌથી ઓછી સંભાવનાવાળી બાબતો અસરકારક બનવાની શરૂઆત કરે છે. તેઓ બહુ પ્રબળ અથવા પ્રભાવી ના પણ હોય, પરંતુ તેઓ ત્યાં ચોક્કસ હાજર હોય છે. અને જો તમે અગાઉથી સાવધ નહિ રહો તો, તેઓ તમને સપડાવી દેશે. તમે ભયંકર અને ગંભીર પરીક્ષણોમાં પરમેશ્વર પ્રત્યે વિશ્વાસયોગ્ય રહ્યા છો પરંતુ હવે અંદર દબાયેલી પ્રવૃત્તિ પ્રત્યે સાવધ રહો ભવિષ્ય અંગે ગભરાઈને અસ્વાભાવિક રીતથી આત્મનિરિક્ષણ ના કરશો પરંતુ સાવધ રહો; પરમેશ્વર આગળ તમારી યાદશક્તિને તીવ્ર રાખો. અસાવધ સામર્થ્ય તે બમણી કમજોરી છે કારણ કે સૌથી નહિવત્ સંભાવનાવાળા પરીક્ષણો ત્યાંથી જ શક્તિને શોષવામાં પ્રભાવશાળી બનશે. બાઈબલમાંના પાત્રો જેમાં તેઓ બળવાન હતા તેમાં જ લથડી પડ્યા તેમની કમજોરી પર નહિ.

"...પરમેશ્વર સામર્થ્ય વડે... સંભાળી રાખવામાં આવે છે." એ જ એકમાત્ર સલામતી છે.(૧ પિતર ૧:૫).

## શું કોઈ સંત પરમેશ્વર પર જૂઠો દોષ મૂકે?

*"પરમેશ્વરના વચનો ગમે તેટલા હશે તોપણ તેનામાં હા છે,*
*અને...તેના વડે આમીન પણ છે."*
*(૨ કરિંથી ૧:૨૦)*

માથ્થી ૨૫: ૧૪-૩૦ માં ઈસુએ આપેલ તાલંતોનું દ્રષ્ટાંત એક ચેતવણી હતી કે એ આપણા માટે એ શક્ય છે કે આપણે આપણી યોગ્યતાઓનું ખોટું અનુમાન લગાવી શકીએ છીએ. આ દ્રષ્ટાંતને આપણા કુદરતી દાનો અને ક્ષમતાઓની સાથે કંઈ લેવાદેવા નથી, પરંતુ તેનો સંબંધ પવિત્ર આત્માના દાનો સંબંધી છે જે પ્રથમવાર પચાસમાના દિવસે આપવામાં આવ્યો હતો, આપણા અભ્યાસ અને આપણી બુદ્ધિના આધાર પર ક્યારેય આપણી આત્મિક યોગ્યતાને માપવી જોઈએ નહિ; આપણી આત્મિક યોગ્યતાઓને પરમેશ્વરના વચનોના આધારે માપવી જોઈએ. પરમેશ્વર જેટલું ઈચ્છે છે કે આપણને મળવું જોઈએ તેના કરતાં જો આપણને ઓછું મળે છે, તો આપણે પરમેશ્વર પર જૂઠો આરોપ લગાવીશું જેમ પેલા ચાકરે પોતાના માલિક પર આરોપ લગાવીને કહ્યું હતું તેમ, "તમે કાર્ય કરવા જેટલું સામર્થ્ય આપ્યું હતુ તેનાથી વધારેની અપેક્ષા મારી પાસેથી રાખી છે. તમે મારી પાસે બહુ વધારે માંગો છો, અને જ્યાં તમે મને રાખ્યો છે, ત્યાં હું તમારા પ્રત્યે વિશ્વાસુ રહી શકતો નથી." જ્યારે પરમેશ્વરના સર્વશક્તિમાન આત્માનો સવાલ ઊભો થાય છે ત્યારે કદીયે એવું ના કહેશો કે, "હું નથી કરી શકતો" તમારી કુદરતી ક્ષમતાની મર્યાદાઓને ક્યારેય આ બાબતોમાં પ્રવેશવા દેશો નહિ જો આપણે પવિત્ર આત્મા પ્રાપ્ત કર્યો છે, તો પરમેશ્વર અપેક્ષા રાખે છે કે પવિત્ર આત્માનું કાર્ય આપણામાં પ્રદર્શિત થાય.

ચાકરે દરેક બાબતમાં પોતાની સફાઈ રજૂ કરતા માલિકને દોષી ઠરાવ્યા, જાણે કે તે એમ કહી રહ્યો છે કે, "તમે મારી પાસેથી જે માંગણી કરી રહ્યા છો તે તમે મને જે આપ્યું છે તેની તુલનામાં ઘણુંજ વધારે છે." પરમેશ્વરે આપણને જે કહ્યું છે કે, "પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને આપાશે"(માથ્થી ૬:૩૩), તેમ છતાં પણ આપણે ચિંતા કરવાની હિંમત કરીને પરમેશ્વર પર જૂઠો આરોપ લગાવીએ છીએ? ચિંતાનો અર્થ બરાબર એવો છે જે આ ચાકરનો ઈશારો છે કે, "હું જાણું છું કે તમારો ઈરાદો મને અસુરક્ષિત અને સરળતાથી હુમલાને પાત્ર છોડી દેવાનો છે," જે વ્યક્તિ કુદરતી રીતે જ આળસુ છે તે હંમેશા ટીકા કર્યા કરે છે અને કહે છે કે, "મને ક્યારેય સારી તક ના મળી" અને આત્મિક રૂપે આળસુ વ્યક્તિ પરમેશ્વરની ટીકા કરે છે. આળસુ લોકો હંમેશા પોતાની મનમાની કરે છે અને દોષ બીજાઓ પર મૂકે છે.

આ વાત ક્યારેય ના ભૂલશો કે આત્મિક બાબતોમાં આપણી સમાવેશની ક્ષમતા અને કાબેલિયતને પરમેશ્વરની પ્રતિજ્ઞાઓ પર અને તેના આધારે માપવામાં આવે છે. શું પરમેશ્વર તેમણે આપેલા વચનો પૂરા કરવાને યોગ્ય છે? આપણે પવિત્ર આત્મા પ્રાપ્ત કર્યો છે કે નહિ તે બાબત ઉપર આપણો ઉત્તર આધાર રાખે છે.

## પ્રભુના દિલને દુભાવશો નહિ

*"ફિલિપ, આટલી મુદત સુધી હું તમારી સાથે રહ્યો છું, તોપણ શું તું મને ઓળખતો નથી"*
*(યોહાન ૧૪:૯)*

આપણા પ્રભુને વારંવાર આપણા પર આશ્ચર્ય થતું હશે - આશ્ચર્ય થતું હશે કે આપણે કેટલા આડંબરી અને કપટી છીએ. આ આપણા પોતાના મંતવ્યો છે જે આપણને મંદબુદ્ધિના અને સમજવામાં ધીમા બનાવે છે, પરંતુ જ્યારે આપણે નિખાલસ હોઈએ છીએ ત્યારે આપણે ક્યારેય મંદબુદ્ધિના નથી હોતા; આપણામાં પારખ કરવાની ક્ષમતા દરેક સમયે હોય છે. ફિલિપને ભવિષ્યના મહાન રહસ્યને પ્રગટ થવાની નહિ, ભવિષ્યમાં જે થવાનું છે તેમાં પરમેશ્વરનું રહસ્ય નથી, પરંતુ તે તો હમણા છે, જો કે આપણે ભવિષ્યમાં પ્રગટ થનારી કોઈ ઉથલપાથલ કરનાર ઘટનાઓમાં તેને જોવા પ્રયત્ન કરીએ છીએ. આપણામાં ઈસુની આજ્ઞા માનવામાં કોઈ જ અનિચ્છા નથી, પરંતુ કદાચ શક્ય છે કે એવું પૂછવા દ્વારા આપણે તેમનુ હૃદય દુભાવીએ છીએ કે, "પ્રભુ અમને બાપ દેખાડ..."(૧૪:૮) આપણને તેમનો પ્રત્યુત્તર તરત મળે છે જ્યારે તે એમ કહે છે કે, "શું તમે તેને જોઈ શકતા નથી? તે તો અહીં જ છે અથવા તો પછી બીજે ક્યાંય નહિ મળી શકે," આપણે પરમેશ્વર તરફ જોઈએ છીએ કે તે પોતે પોતાને પોતાના બાળકોને દેખાડે, પરંતુ પરમેશ્વર ફક્ત પોતાના બાળકોમાં જ દેખાય છે. જ્યારે બીજા લોકો સાબિતી જોઈ શકે છે પરંતુ પરમેશ્વરનું બાળક તે જોઈ શકતું નથી. આપણે એ બાબતમાં સંપૂર્ણ સભાન રહેવા માંગીએ છીએ કે પરમેશ્વર આપણી અંદર શું કરી રહ્યા છે, પરંતુ સંપૂર્ણ સભાનતામાં રહેવામાં અને વિચારપૂર્વક વર્તવાની અપેક્ષામાં તેમના પ્રત્યેની આપણી અપેક્ષામાં સંતુલન રાખી શકતા નથી. જો આપણે પરમેશ્વર પાસેથી અનુભવ માંગીએ છીએ, અને એ અનુભવોની સભાનતા આપણા માર્ગમાં અવરોધ બની રહી છે, તો આપણે પ્રભુના દિલને દુભાવીએ છીએ. જે પ્રશ્ન આપણે પૂછીએ છીએ, તેનાથી જ ઈસુનું દિલ દુભાય છે કેમ કે તે પરમેશ્વરના એક બાળકનો પ્રશ્ન નથી.

"તમારા હૃદયોને વ્યાકુળ થવા ન દો;..."(૧૪:૧,૨૭). તો શું હું મારા હૃદયને વ્યાકુળ થવા દઈને ઈસુના હૃદયને દુભાવું છું? જો હું ઈસુ અને તેમના ગુણોમાં વિશ્વાસ કરું છું, તો શું હું પોતાના વિશ્વાસ અનુસાર જીવન જીવી રહ્યો છું? શું હું કોઈ વાતને મારા પોતાના મનને અશાંત કરવા દઉં છું? શું હું એવા પ્રશ્નો ઉઠવા દઉં છું જે દોષયુક્ત કે અસંતુલિત છે? મારે એ સંપૂર્ણ સંબંધની સ્થિતિ સુધી પહોંચવું છે જે દરેક બાબતને એવી રીતે સ્વીકારે છે જાણે કે તે પરમેશ્વર તરફથી આવે છે. પરમેશ્વર આપણું માર્ગદર્શન ભવિષ્યમાં કોઈ સમયે નથી કરતા, પરંતુ તે હંમેશા અહીં અને હાલ જ કરે છે, એ વાતને જાણો કે પરમેશ્વર અત્યારે અહીં છે, અને જે સ્વતંત્રતા તમે પ્રાપ્ત કરો છો તે તરત જ મળે છે.

## ક્યારેય ઓછો ન થનાર પ્રકાશ

*“આપણે સર્વ ઉઘાડે મુખે...પ્રભુનો મહિમા...નિહાળીએ છીએ”*
*(૨ કરિંથી ૩:૧૮)*

પરમેશ્વરના સેવકે એટલી હદે એકલા ઊભા રહેવું જોઈએ કે તેને એ ક્યારેય ખબર ન પડે કે તે એકલો છે. ખ્રિસ્તી જીવનની શરૂઆતના સમયોમાં નિરાશાઓ ચોક્કસ આવે છે- જે લોકો પ્રકાશ હતા તેઓ ઝબૂક ઝબૂક થઈને હોલવાઈ જશે, અને જે આપણો સાથ આપે છે તેઓ આપણને છોડી દેશે. આપણે એવી ટેવ પાડવાની છે કે આપણને કદીયે એવું મહેસુસ ન થાય કે આપણે એકલા ઊભા છીએ. પાઉલ કહે છે, “...મારી પાસે કોઈ રહ્યું નહોતું, પણ સઘળા મને મૂકીને ચાલ્યા ગયા હતા; પરંતુ પ્રભુએ મારી સાથે રહીને મને બળ આપ્યું...”(૨ તિમોથી ૪: ૧૬-૧૭). આપણે આપણો વિશ્વાસ ટમટમતા દીવાઓ પર ન બાંધવો જોઈએ પરંતુ એ પ્રકાશ પર બાંધવો જોઈએ જે ક્યારેય હોલવાતો નથી. જ્યારે “મહત્વપૂર્ણ” વ્યક્તિઓ છોડીને ચાલ્યા જાય છે ત્યારે આપણે ઉદાસ થઈએ છીએ, ત્યાં સુધી કે આપણે એ સમજીએ કે તેઓનું છોડીને ચાલ્યા જવું જરૂરી હતું, જેથી ફક્ત એક જ બાબત આપણા માટે બાકી રહે છે - આપણા માટે પરમેશ્વરના ચહેરામાં નિહાળીને જોવું.

પોતાના માટે અને પોતાના સિદ્ધાંતો અંગે દ્રઢ નિર્ધારથી પરમેશ્વરના મુખમાં જોવાથી તમને રોકે તેવી કોઈ બાબતને મંજૂરી આપશો નહિ. અને દરેક સમયે જ્યારે તમે સંદેશો આપો ત્યારે એ નિશ્ચિત કરી લો કે તમે સંદેશાના વિષય અંગે પ્રથમ પરમેશ્વરના ચહેરામાં જોઈ રહ્યા છો ત્યારે ગૌરવ સંપૂર્ણપણે હાજર રહેશે. એક ખ્રિસ્તી સેવક એ છે કે પરમેશ્વરના ચહેરામાં સતત નિહાળે છે અને પછી જઈને લોકોને કહે છે. ખ્રિસ્તની સેવાની વિશેષતા છે, સદા રહેનાર ગૌરવ જેની સેવકને કશી જ ખબર નથી હોતી- “...મૂસા જાણતો ન હતો કે પોતાનો ચહેરો તેની સાથે વાત કર્યાને લીધે પ્રકાશતો હતો”(નિર્ગ. ૩૪: ૨૯).

આપણી શંકાઓને ખુલ્લી રીતે પ્રદર્શીત કરવાને માટે અથવા પરમેશ્વરની સાથેના આપણા જીવનના ગુપ્ત આનંદ અને ખુશીઓ પ્રદર્શિત કરવાને માટે આપણને ક્યારેય તેડવામાં આવ્યા નથી. એક સેવકના જીવનનું રહસ્ય એ છે કે તે પરમેશ્વર સાથે દરેક સમયે તાલમેલમાં રહે.

## શું તમે કામની આરાધના કરો છો?

*"અમે પરમેશ્વર સાથે કામ કરનારા છીએ..."*
*(૧ કરિંથી ૩:૯)*

પરમેશ્વર માટે કરવામાં આવતા કોઈ પણ એવા કામથી સાવધ રહો જે તમને પરમેશ્વર પર ધ્યાન કેન્દ્રિત કરવાથી દૂર રાખે છે. ઘણા બધા ખ્રિસ્તી કાર્યકરો પોતાના કામની આરાધના કરે છે. ખ્રિસ્તી કાર્યકર્તાઓ માટે મહત્વનો એક જ વિષય હોવો જોઈએ અને તે તો એ કે પરમેશ્વર પર તેમનું ધ્યાન કેન્દ્રિત રહે, આનો અર્થ એ થાય કે જીવનની બધી સીમાઓ, ચાહે તે માનસિક, નૈતિક કે પછી આત્મિક સીમા હોય, તે એ સ્વતંત્રતા સાથે સ્વતંત્ર છે જે સ્વતંત્રતા પરમેશ્વર પોતાના બાળકને આપે છે- અર્થાત્ એક આરાધના કરનાર બાળકને, ભટકી ગયેલા બાળકને નહિ. જે સેવક પરમેશ્વર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં ગંભીર નિયંત્રણનો અભાવ ધરાવે છે, તે પોતાના કામના બોજથી ખૂબ વધારે દબાઈ જઈ શકે છે. તે પોતાના શરીર, મન અથવા આત્માની સ્વતંત્રતા ન હોવાને કારણે તે પોતાની જ સીમાઓના દાસ બની શકે છે. પરિણામરૂપે, તે સૂકાઈ જાય છે અને હારી જાય છે. જીવનમાં કોઈ જ સ્વતંત્રતા અને કોઈ આનંદ રહેતો નથી. તેનું ધૈર્ય, મન અને હૃદય બોજથી એટલા દબાઈ જાય છે કે પરમેશ્વરનો આશીર્વાદ તેના પર રહેતો નથી.

પરંતુ, તેનું વિરોધી પણ એટલું જ સાચુ છે કે જ્યારે આપણું ધ્યાન પરમેશ્વર પર કેન્દ્રિત થાય છે ત્યારે જીવનની બધી જ સીમાઓ સ્વતંત્ર થઈ જાય છે અને પરમેશ્વરના નિયંત્રણ અને આધીનતામાં આવી જાય છે. ત્યારબાદ કામની કોઈ જવાબદારી તમારી ઉપર રહેતી નથી. તમારી એક જ જવાબદારી બાકી રહે છે અને તે તો તમે નિરંતર પરમેશ્વરના સંપર્કમાં જીવતા રહો અને એ ધ્યાન રાખવું કે તમે પરમેશ્વરની સાથે તમારા સહયોગમાં કોઈ જ બાબતને અવરોધ બનવા ન દો. પવિત્રીકરણ પછી જે સ્વતંત્રતા આવે છે તે તો ચાલી ગઈ છે. પરંતુ આ વાત યાદ રાખવા ધ્યાન આપો કે તમે ફક્ત એક જ બાબત માટે સ્વતંત્ર કરવામાં આવ્યા છો અને તે તો તમે તમારા સાથી કામ કરનાર અર્થાત્ પરમેશ્વર પ્રત્યે સમર્પિત રહો.

આપણને ક્યાં મૂકવા જોઈએ તેવા નિર્ણય કરવાનો અથવા પરમેશ્વર આપણને કયા કામને માટે તૈયાર કરી રહ્યા છે તેવી ધારણાઓ કરવાનો આપણને કોઈ જ અધિકાર નથી. પરમેશ્વર દરેક બાબતોની યોજના કરે છે; અને જ્યાં કંઈ તે આપણને રાખે, આપણું સર્વોચ્ચ લક્ષ્ય એ હોવું જોઈએ કે તે કાર્યમાં આપણે પરમેશ્વર પ્રત્યેની ભક્તિમાં આપણાં જીવનો રેડી દેવા જોઈએ. "જે કંઈ કામ તારે હાથ લાગે તે મન લગાડીને કર..." (સભાશિક્ષક ૯:૧૦).

## આત્મિક સફળતાની લાલસાની વિરુદ્ધ ચેતવણી

*"પરંતુ આત્માઓ તમારે તાબે થયા, તેને લીધે હરખાઓ મા;..."*
*(લૂક ૧૦:૨૦)*

ખ્રિસ્તી કાર્યકર્તા હોવાને લીધે, આપણા માટે સૌથી ખતરનાક ફાંદો સાંસારિકતા કે પાપ નથી. જે ફાંદામાં આપણે ફસાઈ જઈએ છીએ તે તો અત્યાધિક આત્મિક સફળતાની લાલસા છે; અર્થાત્ એ સફળતા જે આપણે હાલમાં જીવીએ છીએ તે ધાર્મિક કાળમાંના ઠરાવાયેલ રૂપ મુજબ માપવામાં આવે છે. પરમેશ્વરની સ્વીકૃતિ સિવાય બીજી કોઈ બાબતની શોધ ના કરશો અને "તેનું અપમાન સહન કરીને છાવણી બહાર" જવાને હંમેશા તૈયાર રહીએ (હિબ્રુઓને પત્ર ૧૩:૧૩). લૂક ૧૦:૨૦ માં, ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું કે, સફળ સેવામાં આનંદિત ન થાઓ, છતાં પણ આ જ એક બાબત એવી છે જેમાં આપણામાંના ઘણા બધા લોકો આનંદિત થાય છે. આપણો દ્રષ્ટિકોણ વ્યાપારિક છે - આપણે ગણીએ છીએ કેટલા આત્માઓ બચાવવામાં આવ્યા અને પવિત્ર કરવામાં આવ્યા, અને પરમેશ્વરનો આભાર માનીએ છીએ અને પછી વિચારીએ છીએ કે બધું બરાબર છે. પરંતુ આપણુ કાર્ય ફક્ત ત્યાં જ શરૂ થાય છે જ્યાં પરમેશ્વરની કૃપાએ પાયો નાંખ્યો હોય છે. આપણું કાર્ય આત્માઓ બચાવવાનું નથી, પરંતુ તેમને શિષ્ય બનાવવાનું છે. તારણ અને પવિત્રીકરણ એ પરમેશ્વરની કૃપાના કાર્ય છે અને તેમના શિષ્યો હોવાને કારણે આપણું કાર્ય એ છે કે જ્યાં સુધી તેઓ પરમેશ્વરને સંપૂર્ણ સમર્પિત ના થાય ત્યાં સુધી તેમને શિક્ષણ આપીને શિષ્યો બનાવવા. પરમેશ્વરના આત્મા દ્વારા જાગૃત કરાયેલા સો જીવનો કરતાં પરમેશ્વરને સંપૂર્ણ સમર્પિત થયેલ એક આત્માનું મૂલ્ય પરમેશ્વર માટે ખૂબ વધારે છે. પરમેશ્વરના કાર્યકરો હોવાને કારણે આપણે આત્મિક રીતે આપણા જેવા જ બીજા લોકોને પેદા કરવાના છે અને એ જીવનો પરમેશ્વરના કાર્યકર્તાઓ માટે પરમેશ્વરની સાક્ષી થશે. પરમેશ્વર તેમની કૃપા દ્વારા આપણને જીવનના એક સ્તર પર ઉઠાવે છે. અને આપણી એ જવાબદારી બને છે કે આપણે બીજાઓમાં એ જ સ્તર ઉત્પન્ન કરીએ.

જ્યાં સુધી કાર્યકર, "ખ્રિસ્તની સાથે પરમેશ્વરમાં ગુપ્ત રાખવામાં આવેલ"(કોલોસી ૩:૩) જીવન જીવતો નથી ત્યાં સુધી એવી સંભાવના છે કે તે એક સક્રિય, પ્રેમમય, જીવંત શિષ્ય બનવાને બદલે બીજાઓને પજવનાર સરમુખત્યાર બની જશે. આપણામાંના ઘણા બધા સરમુખત્યાર છીએ કે જેઓ બીજા લોકો પાસે અને સમુહો પાસે પોતાની ઈચ્છા પૂરી કરાવે છે. પરંતુ ઈસુ આપણી પાસે તેની વાત માનવાને માટે જબરદસ્તી નથી કરતા. આપણા પ્રભુએ જ્યારે શિષ્યપણાની વાત કરી ત્યારે તેમણે તેની આગળ "જો" શબ્દ વાપર્યો છે અને ક્યારેય જબરદસ્તીનું વિધાન "તમારે આમ કરવું જ પડશે" એવું નથી વાપર્યું. શિષ્યપણાની સાથે એક વિકલ્પ પણ હોય છે.

## અનુકૂળ પ્રસંગે તત્પર રહે

*"અનુકૂળ તથા પ્રતિકૂળ પ્રસંગે તત્પર રહે"*
*(૨ તિમોથી ૪:૨)*

આપણામાંથી ઘણા બધા લોકનું અસંતુલિત વલણ એવું છે કે ફક્ત "પ્રતિકૂળ" પ્રસંગ માટે જ "તૈયાર રહેવું." પ્રસંગ શબ્દના અર્થનો ઈશારો સમય દર્શાવતો નથી પરંતુ તે ઈશારો આપણને દર્શાવે છે. આ વચન એમ કહે છે કે, "તું સુવાર્તા પ્રગટ કર; અનુકૂળ તથા પ્રતિકૂળ પ્રસંગે તત્પર રહે." બીજા શબ્દોમાં આપણી ઈચ્છા હોય કે ના હોય, આપણે "તૈયાર રહેવાનું" છે. જો આપણે ફક્ત તે જ કાર્ય કરીશું જે કાર્ય કરવાની આપણી ઈચ્છા હોય છે, તો આપણામાંથી કેટલાક લોકો કશું પણ નહિ કરે. આત્મિક ક્ષેત્રમાં કેટલાક લોકો એવા છે કે જેમને કામ પર રાખવાને યોગ્ય નથી. તેઓ આત્મિક રીતે નિર્બળ અને કમજોર છે અને જ્યાં સુધી અલૌકિક પ્રેરણા ના મળે ત્યાં સુધી તેઓ કશું પણ કરવાનો ઈનકાર કરી દે છે. પરમેશ્વરની સાથે આપણો સંબંધ યોગ્ય હોવાની સાબિતી એ છે કે આપણને પ્રેરણા મળે કે ના મળે છતાં આપણે તેમના માટે શ્રેષ્ઠ કરીશું.

એક ખ્રિસ્તી કાર્યકર્તા જે ફાંદાઓમાં ફસાઈ શકે છે તેમાંથી એક છે તે પોતાની જ પ્રેરણાની અસાધારણ ક્ષણોમાં ખોવાયેલા રહેવું. જ્યારે પરમેશ્વરનો આત્મા તમને પ્રેરણા અને અંતઃદ્રષ્ટિ આપે છે ત્યારે તમે એવું કહેવા માંગો છો કે, "હવે, મેં આ ક્ષણનો અનુભવ કર્યો છે તેથી હવે હું હંમેશા પરમેશ્વરને માટે આવો જ રહીશ." ના, તમે એવા જ નહી રહો, અને પરમેશ્વર પણ એક ચોકસાઈથી જોશે કે તમે એવા ના રહો. તે સમયો તો સંપૂર્ણપણે પરમેશ્વરના કૃપાદાનના હોય છે. તમે જ્યારે પસંદ કરો ત્યારે તે પોતાને આપી શકતા નથી. જો તમે એમ કહો કે જેમ તમે તે અસાધારણ ક્ષણોમાં કર્યું હતું તેમ તમે હંમેશા પરમેશ્વરને માટે પોતાનું શ્રેષ્ઠ કરશો, તો હકીકતમાં તમે તેના માટે એક અસહ્ય બોજ બની જશો. જ્યાં સુધી પરમેશ્વર તમને દરેક સમયે તેમની પ્રેરણાઓ માટે સભાન ના રાખે ત્યાં સુધી તમે પરમેશ્વરને માટે કદીયે કશું જ નહિ કરો. જો તમે તમારી સર્વોત્તમ ક્ષણોને તમારા ઈશ્વર બનાવી દેશો તો, તમે એ જોશો કે પરમેશ્વર ધીરે ધીરે તમારા જીવનમાંથી દૂર થઈ જશે, અને તેમણે તમારી ખૂબ નજીક જે કાર્ય રાખ્યું છે તેમાં જ્યાં સુધી વિશ્વાસુ નહિ રહો અને જ્યાં સુધી તમે તેમણે આપેલ અસાધારણ ક્ષણોમાં ડૂબેલા નહિ રહેવાનો પાઠ ના શીખો ત્યાં સુધી તે કદીયે પાછા નહિ ફરે.

## સૌથી ઊંચે ચઢવું

*"...હવે તારો દીકરો...તેને લઈને...જે પર્વતો હું તને બતાવું તેઓમાંના એક પર તું તેનું દહનાર્પણ કર"*
*(ઉત્પત્તિ ૨૨:૨)*

વ્યક્તિનું ચારિત્ર એ નક્કી કરે છે કે તે પરમેશ્વરની ઈચ્છાનું કેવું અર્થઘટન કરે છે (જુઓ ગી.શા. ૧૧૮:૨૫-૨૬). ઈબ્રાહિમે પરમેશ્વરની આજ્ઞાનો એ અર્થ કાઢ્યો કે તેણે પોતાના પુત્રની હત્યા કરવાની છે અને તે આ પારંપરિક વિશ્વાસને ફક્ત એક ભયંકર અગ્નિ પરીક્ષાના દર્દ દ્વારા જ છોડી શકતા હતા. પરમેશ્વર બીજી કોઈ રીતે તેમના વિશ્વાસને શુદ્ધ કરી શકતા નહોતા. પરમેશ્વર જે કંઈ કહે છે તે જો આપણે આપણા પ્રમાણિક વિશ્વાસ દ્વારા આજ્ઞાધીન થઈને પાળીએ તો, પરમેશ્વર આપણને તે પારંપરિક વિશ્વાસથી અલગ કરે છે કે જે પરમેશ્વરને ખોટી રીતે રજૂ કરે છે. એવી ઘણી વિચારધારાઓ છે જે દૂર કરાવવી જોઈએ - ઉદાહરણરૂપે, એવી વિચારધારા કે એક માતા તેના બાળકને ખૂબ જ પ્રેમ કરતી હતી તેથી પરમેશ્વરે તે બાળકને હટાવી દીધું. આ શેતાનનું જૂઠાણું છે અને પરમેશ્વરના સાચા સ્વભાવની વિકૃત મજાક છે! જો શેતાન આપણને સૌથી ઊંચા પહાડ ચઢવામાં અને પરમેશ્વર અંગેની આપણી ખોટી વિચારધારાઓને દૂર કરવામાં અવરોધ નાખી શકે છે, તો એ એવું જરૂર કરશે. પરંતુ જો આપણે પરમેશ્વર પ્રત્યે વિશ્વાસુ રહીશું તો, પરમેશ્વર આપણને એવી અગ્નિ પરીક્ષામાંથી લઈ જશે કે જે તેમના વિશે વધુ સારી રીતે જાણવામાં આપણી મદદ કરશે.

પરમેશ્વરમાં ઈબ્રાહિમના વિશ્વાસથી જે મહાન પાઠ આપણને શીખવા મળે છે તે એ કે તે પરમેશ્વર માટે બધું જ કરવા તૈયાર હતો. તેના આજ્ઞાપાલન દ્વારા તેની પોતાની કોઈ પણ અંગત માન્યતાઓ તૂટી જાય તોપણ તે પરમેશ્વરની આજ્ઞા પાળવા હાજર હતા. ઈબ્રાહિમ પોતાની માન્યતાઓ પ્રત્યે સમર્પિત નહોતા, નહીં તો તેણે ઈસહાકને મારીને એમ કહ્યું હોત કે સ્વર્ગદૂતના અવાજમાં વાસ્તવમાં શેતાનનો અવાજ હતો. આ તો ધર્માંધનું વલણ હોય છે. જો તમે પરમેશ્વર પ્રત્યે વિશ્વાસયોગ્ય રહો છો તો, પરમેશ્વર તમને દરેક અવરોધોમાંથી પસાર કરાવીને પોતાના વિષેના જ્ઞાનના અંદરના કક્ષમાં તમને લઈ જાય છે. પરંતુ તમારે હંમેશા પોતાની ધારણાઓ અને પારંપરિક માન્યતાને છોડવાની સ્થિતિએ આવવું પડે. પરમેશ્વરને એમ ના કહેશો કે તમારી કસોટી કરે. પિતરે જેમ જાહેર કર્યું તેમ જાહેર ના કરશો કે તમે બધુ જ કરવાને તૈયાર છો, "...બંદીખાનામાં જવાને તથા મરવાને પણ..."(લૂક ૨૨:૩૩). ઈબ્રાહિમે આવા કોઈ જ વિધાન ના કર્યા, તેઓ ફક્ત પરમેશ્વરને વિશ્વાસુ રહ્યા અને પરમેશ્વરે તેના વિશ્વાસને શુદ્ધ કર્યો.

એપ્રિલ ૨૭

## તમે શું ઈચ્છો છો?

*“શું તું તારે પોતાને સારુ મહત્તા શોધે છે?”*
*(યર્મિયા ૪૫:૫)*

મહાન વ્યક્તિ બનવાનું શોધવા કરતા શું તમે પોતાને સારુ મહત્તા શોધો છો? પરમેશ્વર ઈચ્છે છે કે તમે તેમના કૃપાદાનો પ્રાપ્ત કરો તેના કરતા વધુ તમે તેની સાથે ગાઢ સંબંધ રાખો - તે ઈચ્છે છે કે તમે  તેને ઓળખો. આપણે કોઈ મોટી બાબતો ઈચ્છીએ છીએ તે પણ આકસ્મિક હોય છે; તે આવે છે અને જાય છે. પરંતુ પરમેશ્વર આપણને કોઈ આકસ્મિક બાબતો નથી આપતા, જે બાબતો પરમેશ્વર તમને આપે છે તેના કરતાં જો તમે પરમેશ્વરને શોધી રહ્યા છો તો, પરમેશ્વર સાથે યોગ્ય સંબંધમાં આવવાથી સરળ બીજું કશું જ નથી.

જો તમે ફક્ત પરમેશ્વર પાસેથી વસ્તુઓ માંગવાની સ્થિતિ સુધી જ પહોંચ્યા છો તો તમે સમર્પણના વાસ્તવિક અર્થને થોડો પણ સમજવાની સ્થિતિ સુધી કદી પહોંચ્યા નથી. તમે પોતાની જ શરતોના આધાર પર ખ્રિસ્તી બન્યા છો. તમે વિરોધ કરીને કહો છો કે, “મેં પરમેશ્વર પાસે પવિત્ર આત્મા માંગ્યો હતો, પરંતુ તેમણે મને એ વિશ્રામ અને શાંતિ ના આપી જેની હું આશા રાખતો હતો.” અને પરમેશ્વર તરત જ તેના કારણ તરફ ઈશારો કરે છે કે,- તમે પ્રભુને નહોતા શોધતા; તમે પોતાને માટે કોઈ વસ્તુની શોધ કરી રહ્યા હતા. ઈસુએ કહ્યું કે, “માગો તો તમને અપાશે...”(માથ્થી ૭:૭) તમે જે ચાહો છો તે પરમેશ્વરની પાસે માગો અને કશું ખોટું માંગતા  ચિંતાતુર ના થશો, કારણ કે જેમ જેમ તમે તેમની  પાસે જશો તેમ તેમ વસ્તુઓ માટે માંગવાનું બંધ કરશો. “કેમ કે જેની તમને અગત્ય છે, તે તેની પાસે માગ્યા અગાઉ તમારો બાપ જાણે છે” (માથ્થી ૬:૮). તો પછી તમારે માંગવાની જરૂરત શી છે? એ માટે કે તમે પરમેશ્વરને જાણી શકો.

શું તમે પોતાને માટે મહત્તા શોધો છો? શું તમે એમ કહો છો કે, “હે, પ્રભુ તમે મને તમારા પવિત્ર આત્માથી સંપૂર્ણ ભરી દો” અને જો પરમેશ્વર તમને ભરતા નથી તો તેનું કારણ એ છે કે તમે પરમેશ્વરને સંપૂર્ણ સમર્પિત થયા નથી; હજુ એવી કોઈ બાબત છે જે કરવાનો તમે ઈનકાર કરો છો. શું તમે પોતાની જાતને એવું પૂછવાને તૈયાર છો કે તમે પરમેશ્વર પાસેથી શું માગો છો અને શા માટે તે ઈચ્છો છો? પરમેશ્વર હંમેશા તમારી ભવિષ્યની છેવટની સંપૂર્ણતાની તરફદારી કરતાં તમારી હાલની સંપૂર્ણતાના સ્તરને અવગણે છે. તે હાલમાં તમને આશીર્વાદિત અને આનંદિત બનાવવાની ચિંતા નથી કરતા, પરંતુ તે તમારામાં છેવટની સંપૂર્ણતાને માટે સતત કાર્યરત છે- “જેવા આપણે એક છીએ તેવા તેઓ પણ એક થાય...”(યોહાન ૧૭:૨૨).

## તમને શું મળશે

*"...તું જ્યાં જ્યાં જશે, ત્યાં ત્યાં હું તારો જીવ લૂંટ તરીકે તને આપીશ"*
*(યર્મિયા ૪૫:૫)*

આ તો પ્રભુ પર વિશ્વાસ કરનારાઓ માટે તેનું દ્રઢ અને અટલ રહસ્ય છે - "હું તારો જીવ...તને આપીશ." એક માણસને તેના જીવનથી વધારે શું જોઈએ? સૌથી મહત્વપૂર્ણ બાબત આ જ છે. "...તારો જીવ લૂંટ તરીકે..." એને અર્થ એ થાય કે તું જ્યાં પણ જઈશ, ચાહે તે જીવ નરકમાં કેમ ના હોય, તું ત્યાંથી પોતાનો જીવ બચાવીને નીકળી જઈશ અને કોઈ તેને હાનિ કરી શકશે નહિ. આપણામાંથી કેટલા બધા એવા છે જે બીજાઓને બતાવવા માટે પોતાની ચીજોનું પ્રદર્શન કરે છે, પોતાની સંપતિ અને ધનદોલતનું નહિ, પરંતુ પોતાના આશીર્વાદોનું પ્રદર્શન કરે છે. આ બધી ચીજો જે આપણે ગર્વથી પ્રદર્શન કરીએ છીએ તે નાશ પામશે, પરંતુ તેનાથી વધારે કંઈક છે જે ક્યારેય નાશ નહિ પામે અને તે તો એ જીવન છે જે "ખ્રિસ્તની સાથે પરમેશ્વરમાં ગુપ્ત રાખવામાં આવ્યું છે" (કલોસી ૩:૩).

શું તમે જેને જીવનની મહાન બાબતો ગણો છો તેની તરફ ધ્યાન આપવાનું છોડી દઈને પરમેશ્વરને તક આપવા તૈયાર છો કે તે તમને પોતાની સાથે સંપૂર્ણ એકતામાં લાવે? શું તમે આ ચીજોને છોડીને સંપૂર્ણ સમર્પણ કરવા તૈયાર છો? "આ બાબતોનું શું" એવું કહેવાનો નકાર કરવો એ ત્યાગ અથવા સંપૂર્ણ સમર્પણની ખરી કસોટી છે. પોતાની વિચારધારા અને અનુમાનથી સાવધાન રહો. જે ક્ષણે તમે એમ કહો છો કે, "આ બાબતોનું શું?" ત્યારે તમે એમ સાબિત કરો છો કે તમે સંપૂર્ણ સમર્પણ નથી કર્યું અને તમે ખરેખર પરમેશ્વર પર ભરોસો નથી રાખતા. પરંતુ એક વાર જ્યારે તમે સમર્પણ કરો છો ત્યારે તમે એ નહિ વિચારો કે પરમેશ્વર શું કરવાના છે. ત્યાગનો અર્થ એ કે તમે પોતાની જાતને પ્રશ્ન પૂછવાનો જે હક છે તેનો નકાર કરી રહ્યા છો. જો તમે પોતાની જાતને સંપૂર્ણપણે પરમેશ્વરને સમર્પણ કરો છો તો, તે તરત જ તમને કહે છે, "હું તારો જીવ લૂંટ તરીકે તને આપીશ" લોકો જીવનથી એ માટે થાકી જાય છે કેમ કે પરમેશ્વરે તેમને કશું નથી આપ્યું - તેમને તેમનું જીવન "લૂંટ તરીકે" પ્રાપ્ત થયું નથી. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો જે માર્ગ છે તે, પોતાનો પરમેશ્વર પ્રત્યે ત્યાગ કરો. અને એક વાર જ્યારે તમે સંપૂર્ણ સમર્પણના સ્થાને પહોંચો છો, તો તમે જગતના સૌથી આશ્ચર્યચકિત અને આનંદિત વ્યક્તિ હશો. પરમેશ્વર તમને સંપૂર્ણ રીતે પોતાના કરી લેશે, અને તેમણે તમને તમારું જીવન આપ્યું છે. જો તમે તે સ્થાને નથી તો તેનું કારણ એ કે તમે અનાજ્ઞાંકિત છો અથવા સીધા સાદા બનવાનો નકાર કરો છો.

## કૃપાયુક્ત અનિશ્ચિતતા

*"...અને આપણે કેવાં થઈશું, તે હજી સુધી પ્રગટ થયું નથી..."*
*(૧યોહાન ૩:૨)*

સ્વાભાવિક રીતે જ ચોકસાઈ અને ઝીણવટભરી બાબતો તરફ આપણું વલણ વધુ ઝૂકેલું છે કે ભવિષ્યમાં જે થવાનું છે તે અંગે આપણે હંમેશા બિલકુલ યોગ્ય પૂર્વઘોષણા કરવાનો એટલો બધો પ્રયત્ન કરીએ છીએ કે આપણે અનિશ્ચિતતાને ખરાબ બાબત સમજીએ છીએ. આપણે એવું સમજીએ છીએ કે આપણે કોઈ પૂર્વનિર્ધારિત લક્ષ સુધી પહોંચવાનું છે, પરંતુ આ આત્મિક જીવનનો સ્વભાવ નથી. આત્મિક જીવનનો સ્વભાવ એ છે કે આપણે આપણી અનિશ્ચિતતામાં નિશ્ચિત છીએ. એટલા માટે પરિણામે આપણે કોઈ એક જગ્યાએ જડ નથી નાખતા. આપણી વ્યવહારુ બુદ્ધિ આપણને એમ કહે છે કે, "કદાચ હું અમુક પ્રકારની સ્થિતિમાં મૂકાઈ જઈશ તો?" જે સ્થિતિમાં આપણે પહેલા મૂકાયા નથી તે સ્થિતિમાં આપણી જાતને પડવાની કલ્પના આપણે ના કરવી જોઈએ.

નિશ્ચિતતા એ વ્યવહારુ બુધ્ધિના જીવનનું ચિહ્ન છે; કૃપાયુક્ત અનિશ્ચિતતા તે આત્મિક જીવનનું ચિહ્ન છે. પરમેશ્વર માટે નિશ્ચિત હોવાનો અર્થ એ કે આપણે પોતાની વાતો અંગે અનિશ્ચિત છીએ; આપણને એ ખબર નથી કે આવતી કાલ આપણા માટે શું લાવશે. સામાન્ય રીતે આ વાત દુઃખભર્યા નિસાસાથી કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં આ વાતને એક ઉત્તેજનાની અપેક્ષા સાથે કહેવાવી જોઈએ. આપણે બીજા પગલાં અંગે નિશ્ચિત નથી, પરંતુ પરમેશ્વર અંગે નિશ્ચિત છીએ. જેવા આપણે પરમેશ્વરને સમર્પણ કરીએ છીએ, અને તેમણે આપણને જે કાર્ય સોંપ્યું છે તે કરવાની શરૂઆત કરીએ છીએ ત્યારે તે આપણા જીવનોને આશ્ચર્યોથી ભરવાનું શરૂ કરે છે. જ્યારે આપણે કોઈ વિશેષ ધારણાને પ્રોત્સાહન આપનાર અથવા બચાવ કરનાર બનીએ છીએ ત્યારે આપણી અંદર કશુંક મરણ પામે છે. આ પરમેશ્વર પર વિશ્વાસ નથી પરંતુ ફક્ત પરમેશ્વર અંગે આપણી ધારણાઓ પર વિશ્વાસ કરવો એવું છે. ઈસુએ કહ્યું, "...જો તમે બાળકોના જેવા નહિ થાઓ તો..."(માથ્થી ૧૮:૩). આત્મિક જીવન એક બાળકનું જીવન છે. આપણે પરમેશ્વર માટે અનિશ્ચિત નથી પરંતુ તે હવે આગળ શું કરશે તે અંગે અનિશ્ચિત છે. જો આપણી નિશ્ચિતતા ફક્ત આપણી માન્યતાઓમાં છે, તો આપણે સ્વન્યાયીપણાનો ભાવ ઉત્પન્ન કરી રહ્યા છીએ, વધુ પડતા ટીકાત્મક બનીએ છીએ, અને આપણી જ માન્યતાઓ અને ધારણાઓ સંપૂર્ણ અને સ્થિર છે એવા દ્રષ્ટિકોણના વાડાઓમાં આપણે બંધાઈ જઈએ છીએ. પરંતુ જ્યારે પરમેશ્વર સાથે આપણા સંબંધ સીધા અને યોગ્ય હોય છે તો, જીવન સ્વયંસ્ફૂરિત, આનંદિત અનિશ્ચિતતા અને અપેક્ષાઓથી ભરપૂર હોય છે. "...મારા પર પણ વિશ્વાસ રાખો"(યોહાન ૧૪:૧), એવું નહિ કે "મારા વિશેની કેટલીક વાતો પર વિશ્વાસ રાખો." બધું તેના હાથોમાં મૂકી દો, અને આ તો એક મહિમાવાન અનિશ્ચિતતા છે કે તે કેવી રીતે કામ કરશે, અને આપણામાં આવશે. પરંતુ તમે નિશ્ચિત રહેજો તે આવશે અને કાર્ય કરશે. તેને વિશ્વાસુ રહો.

એપ્રિલ ૩૦

## સ્વયંસ્ફૂરિત પ્રેમ

*“પ્રીતિ સહનશીલ તથા પરોપકારી છે;...”*
*(૧ કરિંથી ૧૩:૪)*

પ્રેમ વિચારપૂર્વક નથી થતો - તે સ્વયંસ્ફૂરિત છે; અર્થાત્ તે અસાધારણ રીતે ફૂટી પડે છે. પાઉલના દ્વારા પ્રેમના વર્ણનમાં સુસ્પષ્ટ સુનિશ્ચિતતાની કોઈ વાત જોવા નથી મળતી. આપણે આપણા વિચારો અને ક્રિયાઓને અગાઉથી નિર્ણીત કરીને એમ નથી કહી શકતા કે, “હવે હું કોઈ ખરાબ વિચાર નહિ કરું, અને હું એ બધી વાતો પર વિશ્વાસ કરીશ જે પર વિશ્વાસ કરું તેવું ઈસુ ઈચ્છે છે.” ના, પ્રેમની વિશેષતા એ છે કે તે સ્વયંસ્ફૂરિત હોય છે. આપણે ઈસુએ કહેલી આપણી વાતોને સામે રાખીને સમજીવિચારીને આપણા માપદંડ નથી બનાવતા; પરંતુ જ્યારે આપણા જીવનમાં પવિત્ર આત્મા તેમની રીતે કાર્ય કરે છે ત્યારે આપણે તેમના ધોરણો પ્રમાણે જીવીએ છીએ અને આપણને તેની ખબર પણ નથી પડતી. જ્યારે આપણે પાછળ ફરીને જોઈએ છીએ, તો આપણને આશ્ચર્ય થાય છે કે આપણે આપણી લાગણીઓ વિશે કેટલા બેદરકાર હતા, જે પોતે જ સાબિતી છે કે સાચો સ્વયંસ્ફૂરિત પ્રેમ ત્યાં ઉપસ્થિત હતો. આપણી અંદર પરમેશ્વરના જીવન અંગેની બધી બાબતોના ગુણની પરખ ત્યારે જ થાય છે જ્યારે આપણે તેમાંથી પસાર થઈએ છીએ અને તે આપણો ભૂતકાળ બની જાય છે.

જે સ્રોતમાંથી પ્રેમનો ઝરો વહે છે તે તો આપણામાંથી નથી પરંતુ પરમેશ્વરમાંથી છે. પરમેશ્વરનો પ્રેમ સ્વાભાવિક રીતે જ આપણા પોતાના સ્વભાવના પરિણામરૂપે આપણા હૃદયોમાં છે એવું વિચારવું તે અસંગત છે. તેમનો પ્રેમ ત્યાં છે તેનું કારણ ફક્ત એ છે કે, તે, “...આપણને આપેલા પવિત્ર આત્માથી આપણા અંતઃકરણમાં પરમેશ્વરનો પ્રેમ વહેવડાવવામાં આવેલો છે”(રોમનોને પત્ર ૫:૫).

જો આપણે પરમેશ્વરને એ સાબિત કરી આપવા કોશિશ કરીએ છીએ કે આપણે તેમને કેટલો પ્રેમ કરીએ છીએ તો એ ચોક્કસ નિશાની છે કે ખરેખર આપણે તેમને પ્રેમ કરતા નથી. તેમના પ્રત્યેના આપણા પ્રેમની સાબિતી તો આપણા પ્રેમની સંપૂર્ણ સ્વયંસ્ફૂરણા છે જે સ્વાભાવિક રીતે જ તેમના સ્વભાવમાંથી આપણામાં વહે છે. અને જ્યારે આપણે પાછળ ફરીને જોઈએ છીએ તો આપણે તે નક્કી કરી શકીશું નહિ કે આપણે જે કંઈ કર્યું તે શા માટે કર્યું હતું, પરંતુ આપણે એ જાણી શકીએ છીએ કે આપણે એ કામ આપણી અંદરના પરમેશ્વરના પ્રેમની સ્વયંસ્ફૂરણાને કારણે કર્યું હતું. પરમેશ્વરનું જીવન પોતાની જાતને આ સહજ રીતે પ્રદર્શિત કરે છે કારણ કે તેમના પ્રેમનો ઝરો પવિત્ર આત્મામાં છે.

# વિશ્વાસ-લાગણી નહિ

*“અમે વિશ્વાસથી ચાલીએ છીએ, દ્રષ્ટિથી નહિ”*
*(૨કરિંથી ૫:૭)*

ક્યારેક આપણે પરમેશ્વરની આપણા પ્રત્યેની કાળજી અંગે સંપૂર્ણ સભાન હોઈએ છીએ. પરંતુ જ્યારે પરમેશ્વર આપણને તેમના કાર્યમાં વાપરવાની શરૂઆત કરે છે ત્યારે આપણે દયાપાત્ર દેખાવવા પ્રયત્ન કરીએ છીએ અને ફક્ત આપણી કસોટીઓ અને મુશ્કેલીઓ વિશે વાતો કરવા લાગીએ છીએ, અને દરેક સમયે પરમેશ્વર આપણી પાસે આપણું કાર્ય ગુપ્તમાં કરાવવા પ્રયત્ન કરે છે અને પ્રસિદ્ધિના પ્રકાશમાં નહિ. જો આપણા વશમાં હોય તો આપણામાંથી કોઈ પણ આત્મિક રીતે છૂપા ના રહીએ. જ્યારે એવું લાગે કે પરમેશ્વરે સ્વર્ગને બંધ કરી દીધું છે ત્યારે શું આપણે આપણું કામ કરી શકીએ છીએ? આપણામાંના કેટલાક તો હંમેશા પ્રકાશથી ચળકતા અને સોનેરી પ્રભામંડળથી ઘેરાયેલા અને સતત પ્રેરણાની ચમકવાળા સંતો બનવા માંગે છે અને પરમેશ્વરના બીજા સંતો સાથે જ દરેક સમયે સંગતમાં રહેનાર બનવા માંગે છે. પરમેશ્વરને માટે એક આત્મવિશ્વાસી સંતનું મૂલ્ય કશું જ નથી તે અસામાન્ય છે. દરરોજના જીવન માટે અયોગ્ય છે અને પરમેશ્વરથી એકદમ ભિન્ન છે. આપણે અપરિપક્વ દૂતો તરીકે નહિ પરંતુ પુરુષો અને સ્ત્રીઓ તરીકે આ જગતનું કામ કરવા અહીંયા છીએ અને આપણે આ કામ વધુ મહાન સામર્થ્યથી, સંઘર્ષનો સામનો કરતા-કરતા કરવાનું છે કારણ કે આપણે ઉપરથી જન્મ્યા છીએ.

જો આપણે સતત પ્રેરણાની એ અસાધારણ ક્ષણોને પાછી લાવવાનો પ્રયત્ન કરતા રહીએ તો એ ચિહ્ન છે કે આપણે જે ઈચ્છીએ છીએ તે પરમેશ્વર નથી પણ આવી ક્ષણો છે. જ્યારે પરમેશ્વર આવ્યા હતા અને આપણી સાથે વાત કરી હતી તે ક્ષણો આપણા મનમાં સ્થાયી સ્થાન જમાવે છે અને આપણે હઠ કરીએ છીએ કે તેઓ ફરીથી એવું કરે, પરંતુ પરમેશ્વર આપણને જે કરવાનું કહે છે તે તો “વિશ્વાસથી ચાલો.” આપણામાંથી કેટલા લોકોએ એવું કહીને પોતાને અલગ કરી દીધા છે કે, “જ્યાં સુધી પરમેશ્વર આવીને મને દર્શન ના આપે ત્યાં સુધી હું હવે કશું કરી શકતો નથી?” પરમેશ્વર એવું ક્યારેય નહીં કરે. આપણે કોઈ પ્રેરણા કે પરમેશ્વરના આકસ્મિક સ્પર્શ વગર પોતાની જાતે જ ઊભા થવું પડશે, ત્યારે આપણને આશ્ચર્ય થાય છે અને આપણે બોલી ઊઠીએ છીએ કે, “તે હંમેશા પાસે જ હતા, અને મને તેની ખબર જ ના પડી!” એ અસાધારણ ક્ષણો માટે ના જીવશો- તેઓ તો આશ્ચર્યો છે.

પરમેશ્વર તેમની પ્રેરણાનો સ્પર્શ આપણને ત્યારે જ આપશે જ્યારે તે જોશે કે તે પ્રેરણાના સ્પર્શ દ્વારા આપણે માર્ગ ભટકી જવાના ભયમાં નથી. આપણે પ્રેરણાની ક્ષણોને કદીયે જીવનના માપદંડ તરીકે જોવું ના જોઈએ-આપણી ફરજ આપણો માપદંડ છે.

## દર્શનને માટે રાહ જોવાની ધીરજ

*"...જો કે તેને વિલંબ થાય, તોપણ તેની વાટ જો..."*
*(હબાક્કુક ૨:૩)*

ધીરજ અને ઉદાસીનતા બંને એક જ બાબત નથી, ધીરજ એવા વ્યક્તિની છબી દર્શાવે છે જે ખૂબ જ બળવાન છે અને બધા જ હુમલાનો સામનો કરવાને યોગ્ય છે. પરમેશ્વરનું દર્શન પ્રાપ્ત કરવું તે ધીરજનો સ્રોત છે, કેમ કે તે દર્શન આપણને પરમેશ્વરની સાચી અને યોગ્ય પ્રેરણા આપે છે. મૂસા, શું સાચું છે એવા તેના સિદ્ધાંતો પ્રત્યેની ભક્તિ નિષ્ઠાને કારણે, કે પછી પરમેશ્વર પ્રત્યેની તેની ફરજના કારણે નહિ પરંતુ તેની પાસે પરમેશ્વરનું દર્શન હતું તેના કારણે ટકી રહ્યો. "...જાણે તે અદ્રશ્યને જોતો હોય એમ તે અડગ રહ્યો."(હિબ્રુઓને પત્ર ૧૧:૨૭). જે વ્યક્તિ પાસે પરમેશ્વરનું દર્શન હોય છે તે કોઈ ઉદ્દેશ માટે અથવા કોઈ મુદ્દા માટે સમર્પિત નથી હોતો પરંતુ તે ખુદ પરમેશ્વર પ્રત્યે જ સમર્પિત હોય છે તમે હંમેશા એ ઓળખી જાઓ છો કે દર્શન પરમેશ્વર પાસેથી છે કારણ કે તેની સાથે પ્રેરણા પણ આવે છે. દરેક બાબતો તમારી પાસે મોટી સંખ્યામાં આવે છે અને તમારા જીવનમાં જીવનશક્તિ ઉમેરે છે કેમ કે દરેક બાબતોને પરમેશ્વરની શક્તિ મળે છે. પરમેશ્વર તમને આત્મિક જીવનમાં એવો સમય આપે છે જેમાં તમને તેના તરફથી કોઈ જ વચન નથી મળતા, જેમ તેમના પુત્રએ રાનમાં પરીક્ષણ સમયે એવો અનુભવ કર્યો હતો, જો એમ થાય તો તે સમયને સહન કરો, અને તે સહન કરવાની શક્તિ પણ ઉપલબ્ધ થશે કેમ કે તમે પરમેશ્વરને જોઈ રહ્યા છો.

"...જો કે તેને વિલંબ થાય, તોપણ તેની વાટ જો..." આપણી પાસે દર્શન હોવાની સાબિતી એ છે કે આપણને જેટલું મળ્યું છે તેનાથી વધારે પ્રાપ્ત કરવાની આપણે કોશિશ કરીએ છીએ. આત્મિક રીતે તૃપ્ત થઈ જવું તે ખોટી બાબત છે, ગીતકર્તા કહે છે કે, "હું યહોવાના મારા પર થયેલા સર્વ ઉપકારોને તેને શો બદલો આપું? હું તારણનો પ્યાલો લઈને...વિનંતી કરીશ."(ગી.શા. ૧૧૬:૧૨-૧૩). આપણે આપણી અંદર જ સંતોષ શોધવાનો પ્રયત્ન કરીએ છીએ અને કહીએ છીએ કે " હવે મને આ પ્રાપ્ત થઈ ગયું! હવે હું સંપૂર્ણ રીતે પવિત્રીકરણ પામ્યો છું. હવે હું સહન કરી શકીશ." આવું જ્યારે બોલીએ છીએ ત્યારે આપણે વિનાશના માર્ગ પર ચાલવા લાગીએ છીએ. આપણે જે પ્રાપ્ત કરવાની કોશિશ કરીએ છીએ તે, આપણને જે પ્રાપ્ત થયું છે તેનાથી વધારે હોવું જોઈએ. પાઉલ કહે છે કે, "હજી સુધી હું બધું સંપાદન કરી ચૂક્યો કે સંપૂર્ણ થયો છું એમ નહિ; પણ...હું આગળ ધસું છું"(ફિલિપ્પી ૩:૧૨). જેનો આપણે અનુભવ કરીએ છીએ તે જ જો આપણી પાસે છે તો આપણી પાસે કશું નથી પરંતુ જો આપણી પાસે પરમેશ્વરના દર્શનની પ્રેરણા છે, તો આપણે જે અનુભવ કરીએ છીએ તેનાથી કંઈક વધારે છે. આત્મિક આરામના જોખમથી સાવધાન રહો.

## અતિ આવશ્યક મધ્યસ્થી

*"આત્મામાં સર્વ પ્રકારે તથા હરવખત પ્રાર્થના તથા વિનંતી કરો..."*
*(એફેસી ૬:૧૮)*

જ્યારે આપણે બીજાઓ માટેની મધ્યસ્થીમાં આગળ વધીએ છીએ ત્યારે, આપણે જોઈએ છીએ કે મધ્યસ્થી અંગેની પરમેશ્વરના આજ્ઞાપાલનથી, જેમના માટે આપણે મધ્યસ્થી કરીએ છીએ તે લોકોએ એટલી ભારે કિંમત ચૂકવવી પડશે, જેની આપણે કદી કલ્પના પણ નથી કરી. આમાં જોખમ એ છે કે આપણે સહાનુભૂતિથી મધ્યસ્થી કરવાનું શરૂ કરીએ છીએ જેમને પરમેશ્વર આપણી જ પ્રાર્થનાના જવાબમાં ધીરે ધીરે સંપૂર્ણ જુદા સ્તરે ઉઠાવી રહ્યા હોય છે. જ્યારે આપણે બીજાઓ પ્રત્યેની પરમેશ્વરની ઈચ્છા અને કાળજીમાં પરમેશ્વર સાથે એકરૂપ થવાથી પાછા હઠીએ છીએ ત્યારે આપણે તે લોકોને લાગણીશીલ સહાનુભૂતિ દર્શાવવા લાગીએ છીએ અને ત્યારે પરમેશ્વર સાથેનો આપણે અતિ આવશ્યક સંબંધ તૂટી જાય છે. આવું કરવાના કારણે, આપણે તે લોકો પ્રત્યેની આપણી સહાનુભૂતિ અને ચિંતાને એક અવરોધ બનાવી દઈએ છીએ, અને આ આપણા દ્વારા સમજીવિચારીને પરમેશ્વરને આપવામાં આવેલ ઠપકો છે.

જ્યાં સુધી આપણને પરમેશ્વર અંગે સંપૂર્ણપણે વિશ્વાસ ના થાય ત્યાં સુધી જીવંત અને અતિ આવશ્યક મધ્યસ્થી કરવી આપણા માટે અસંભવ બની જાય છે. અને મધ્યસ્થી કરવા માટે પરમેશ્વર સાથે જે વિશ્વાસુ સંબંધની જરૂર હોય છે તેનેં સૌથી મોટું નુકશાન કર્તા પરીબળ તે તો આપણે અગાઉથી તે વ્યક્તિ માટે ધારી લીધેલો પૂર્વગ્રહ અને આપણી પોતાની વ્યક્તિગત સહાનુભૂતિ છે. પરમેશ્વર સાથે એકરૂપ થવું તે મધ્યસ્થીની મુખ્ય ચાવી છે, અને જ્યારે જ્યારે આપણે પરમેશ્વર સાથે એકરૂપ થવાનું બંધ કરી દઈએ છીએ, તેનું કારણ પાપ નહિ પરંતુ બીજાઓ પ્રત્યેની આપણી સહાનુભૂતિ છે. પરમેશ્વર સાથેની આપણી મધ્યસ્થીના સંબંધમાં પાપ આડું આવે તેની સંભાવના ખૂબ જ ઓછી છે, પરંતુ આપણી સહાનુભૂતિ જરૂરથી આડી આવશે. આપણી પોતાને માટેની અને બીજાઓ માટેની સહાનુભૂતિ આપણને એવું કહેવડાવે છે કે, "હું એવું નહિ થવા દઉં" અને આ શબ્દોની સાથે તરત જ આપણો પરમેશ્વર સાથે અત્યાધિક જરૂરી એવો સંબંધ તૂટી જાય છે.

અતિઆવશ્યક મધ્યસ્થી કર્યા પછી તમારી પાસે પોતાના "બિચારા અને દુઃખી સ્વ" ને માટે પ્રાર્થના કરવાનો સમય કે ઈચ્છા બાકી રહેશે નહિ. તમારે પોતાને વિશેના વિચારોને દૂર રાખવાને માટે સંઘર્ષ નહિ કરવો પડે, કેમ કે પોતાને માટેના વિચારો તમારા મનમાં હશે જ નહિ. તમે બીજાઓના જીવન માટેની પરમેશ્વરની ચિંતામાં અને ઈચ્છામાં પરમેશ્વર સાથે સંપૂર્ણપણે એકરૂપ થઈ ગયા છો. પરમેશ્વર આપણને બીજાઓના જીવનમાં અંતદ્રષ્ટિ એ માટે આપે છે કે આપણે તેમના માટે મધ્યસ્થી કરીએ, તેમનામાં દોષ કાઢવા માટે તે આપણને કદીયે અંતદ્રષ્ટિ આપતા નથી.

## મધ્યસ્થીમાં અવેજી

*"...ઈસુના રક્તદ્વારા પરમ પવિત્રસ્થાનમાં પ્રવેશ કરવાને આપણને હિંમત છે"*
*(હિબ્રુ ૧૦:૨૦)*

આપણી વ્યક્તિગત સહાનુભૂતિઓ અને ચિંતાઓ પરમેશ્વરની હજૂરમાં લાવવી અને પછી તેમની પાસે માંગણી કરવી કે આપણે જે કંઈ માંગ્યું છે તે પરમેશ્વર પૂરુ કરે એવો મધ્યસ્થી માટેનો અર્થ કાઢવાથી સાવધાન રહો. પરમેશ્વરની હજૂરમાં જવાની આપણી યોગ્યતા તો આપણા પ્રભુ પાપ સાથે સંપૂર્ણ રીતે અવેજીમાં એકરૂપ થયા તેના કારણે છે. આપણને "...ઈસુના રક્તદ્વારા પરમ પવિત્રસ્થાનમાં પ્રવેશ કરવાને હિંમત છે."

આત્મિક હઠીલાઈ તે મધ્યસ્થી માટે સૌથી અસરકારક અવરોધ છે. કારણ કે તે એ વાતોની સહાનુભૂતિથી ભરેલી "સમજણ" પર આધારિત હોય છે જે આપણે પોતાનામાં અને બીજાઓમાં જોઈએ છીએ અને પછી વિચારીએ છીએ કે આ બાબતોને પ્રાયશ્ચિતની જરૂર નથી. આપણે એવું સમજીએ છીએ કે આપણા દરેકમાં એવી કેટલીક સારી બાબતો છે જેને ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા પ્રાયશ્ચિત પર આધારિત રહેવાની જરૂર નથી. આ પ્રકારના વિચારોને કારણે ઉત્પન્ન થતી આળસ અને અનિચ્છા આપણને મધ્યસ્થી કરવાને અયોગ્ય બનાવે છે. આપણે બીજાઓ માટે પરમેશ્વરની ઈચ્છા અને કાળજી અંગે પરમેશ્વરની સાથે એકરૂપ થતા નથી અને પછી આપણે પરમેશ્વર પર ખીજવાઈ જઈએ છીએ અને છતાં આપણે હંમેશા પોતાના જ વિચારો-સૂચનો સાથે તૈયાર રહીએ છીએ, અને આપણી મધ્યસ્થી આપણી પોતાની સ્વાભાવિક સહાનુભૂતિને મહિમા આપવાનું કારણ બની જાય છે. આપણે એ સમજવાની જરૂરત છે કે પાપ સાથે ઈસુના એકરૂપ થઈ જવાનો અર્થ એ છે કે આપણી દરેક સહાનુભૂતિ અને ઈચ્છાઓમાં એક ક્રાંતિકારી બદલાણ આવે છે. મધ્યસ્થીમાં અવેજીનો અર્થ એ થાય છે કે આપણે સમજીવિચારીને બીજાઓ માટે પોતાની સ્વાભાવિક સહાનુભૂતિના સ્થાન પર પરમેશ્વરની ઈચ્છાઓને મૂકી દઈએ છીએ.

શું હું હઠીલો છું કે બીજાઓના સ્થાને મૂકવામાં આવેલો છું? શું હું બગડેલો છું કે પરમેશ્વર સાથેના મારા સંબંધમાં સંપૂર્ણ છું? શું હું ચીડિયો છું કે આત્મિક છું? શું મેં એવો નિર્ણય કરી લીધો છે કે હું મારી ઈચ્છા મુજબ જ કરીશ, કે એવો નિર્ણય કર્યો છે કે હું પરમેશ્વર સાથે એકરૂપ થઈશ?

મે ૫

## ન્યાય અને પરમેશ્વરનો પ્રેમ

*“ન્યાયકરણનો આરંભ પરમેશ્વરની મંડળીમાં થાય, એવો સમય આવ્યો છે”*
*(૧ પિતર ૪:૧૭)*

ખ્રિસ્તી સેવકે એ વાત ક્યારેય ના ભૂલવી જોઈએ કે તારણ એ પરમેશ્વરનો વિચાર છે; આથી તેનું ઊંડાણ અગાધ છે. તારણ એ પરમેશ્વરનો મહાન વિચાર છે, અનુભવ નહિ. અનુભવ તો ફક્ત એ દ્વાર છે જેના દ્વારા તારણ આપણા જીવનના સભાન સ્તરમાં પ્રવેશ કરે છે. જેથી આપણે સભાન થઈએ છીએ કે ખૂબ ઊંડાણના સ્તરે શી ઘટના ઘટી છે. ક્યારેય આ અનુભવ અંગે પ્રચાર ના કરો. જ્યારે આપણે પ્રચાર કરીએ છીએ ત્યારે આપણે એવું નથી કહેતા કે લોકોને નરકમાંથી કેવી રીતે બચાવી શકાય છે અને નૈતિક તથા શદ્ધ કેવી રીતે બનાવી શકાય છે, પરંતુ આપણે પરમેશ્વર અંગેના શુભ સમાચાર ને જણાવીએ છીએ.

ઈસુ ખ્રિસ્તના શિક્ષણમાં ન્યાયના તત્વને હંમેશા સ્પષ્ટ કરવામાં આવે છે- આ પરમેશ્વરના પ્રેમનું ચિહ્ન છે. જે વ્યક્તિને પરમેશ્વર સુધી પહોંચવામાં તકલીફ પડતી હોય તેવા વ્યક્તિ પ્રત્યે ક્યારેય સહાનુભૂતિ ના દેખાડશો; તે માટે પરમેશ્વર દોષી નથી, અને મુશ્કેલીનું કારણ શોધી કાઢવાનું કામ આપણું નથી; આપણું કામ ફક્ત એટલું જ છે કે પરમેશ્વરના સત્યને એવી રીતે રજૂ કરવામાં આવે કે પરમેશ્વરનો આત્મા દેખાડશે કે પ્રશ્ન શું છે. આપણા પ્રચારની ગુણવત્તાની પરખ એ છે કે આપણે સર્વને ન્યાય સુધી લાવીએ છીએ કે નહિ. જ્યારે સત્ય પ્રગટ કરાય છે ત્યારે પરમેશ્વરનો આત્મા દરેક વ્યક્તિને પરમેશ્વરની સામે મોઢા-મોઢ લાવે છે.

જો ઈસુએ આપણને કોઈ એવું કામ કરવાની આજ્ઞા આપી હોત જે પૂર્ણ કરવા માટે તે આપણને સજ્જ કરવામાં અસમર્થ હતા, તો તેઓ જૂઠા હોત. અને જો આપણે આપણી અયોગ્યતાને આજ્ઞા ન માનવાનું બહાનું બનાવીએ છીએ તો આપણે પરમેશ્વરને એમ કહીએ છીએ કે કોઈ એવી વાત છે જેને તેમણે હજુ સુધી ધ્યાનમાં નથી લીધી. આપણી આત્મનિર્ભરતાના દરેક તત્વને પરમેશ્વરના સામર્થ્ય દ્વારા મારી નંખાવું જોઈએ. જે ક્ષણે આપણે આપણી નિર્બળતાને અને પરમેશ્વર પર આપણી આધારિતતાને જાણી લઈએ છીએ, તે જ ક્ષણે પરમેશ્વરનો આત્મા પોતાના સામર્થ્યને પ્રદર્શિત કરે છે.

## સ્વતંત્રતા અને ઈસુના માપદંડ

*"ખ્રિસ્તે આપણને સ્વતંત્રતાને સારુ સ્વતંત્ર કર્યા; માટે દ્રઢ રહો..."*
*(ગલાતી ૫:૧)*

એક આત્મિક મનવાળી વ્યક્તિ તમારી પાસે આવીને એવી માંગ નહિ કરે કે, "આ વાત ઉપર કે પેલી વાત ઉપર વિશ્વાસ રાખો," એક આત્મિક મનવાળી વ્યક્તિ તમારી પાસે એવી માંગણી કરશે કે તમે પોતાનું જીવન ઈસુના ધોરણોને અનુકૂળ બનાવો. આપણને બાઈબલ પર વિશ્વાસ કરવાનું નથી કહેવામાં આવ્યું પરંતુ જેને બાઈબલ પ્રગટ કરે છે તેની પર વિશ્વાસ રાખવાનું કહેવામાં આવ્યું છે(જુઓ યોહાન ૫:૩૯-૪૦). આપણને એ માટે બોલાવવામાં આવ્યા છે કે બીજાઓની વિવેકબુદ્ધિને માટે સ્વતંત્રતા રજૂ કરીએ, તેમના વિચારો અને મંતવ્યને માટે સ્વતંત્રતા લાવવાને માટે નહિ, અને જે આપણે પોતે ખ્રિસ્તની સ્વતંત્રતાથી સ્વતંત્ર છીએ, તો બીજાઓ પણ તે સ્વતંત્રતામાં લાવવામાં આવે - એ સ્વતંત્રતા જે ઈસુ ખ્રિસ્તના સંપૂર્ણ નિયંત્રણ અને અધિકારનો અનુભવ કરવાથી આવે છે.

પોતાના જીવનને હંમેશા ફક્ત ઈસુના માપદંડથી માપો. તેની અને ફક્ત તેની એકલાની જ ઝૂંસરીને આધીન થાઓ; અને સાવધાન રહો કે જે ઝૂંસરી ઈસુ ખ્રિસ્ત તરફથી નથી તે ઝૂંસરી તમે બીજાઓ પર ક્યારેય ના લાદો. જ્યાં સુધી લોકો બિલકુલ આપણી જેમ ના વિચારે ત્યાં સુધી તેઓ ખોટા હોઈ શકે છે. આપણને એવું વિચારતા રોકવામાં પરમેશ્વરને લાંબો સમય લાગે છે આ પરમેશ્વરનો દ્રષ્ટિકોણ નથી. સાચી સ્વતંત્રતા એક જ છે અને તે છે ઈસુની સ્વતંત્રતા જે આપણી વિવેકબુદ્ધિમાં કામ કરે છે અને જે કાર્યો સાચા છે તે કાર્યો કરવાને આપણને સક્ષમ કરે છે.

બીજાઓ સાથે અધીરા ના થશો કે ધીરજ ગુમાવશો નહિ. યાદ રાખો કે પરમેશ્વર તમારી સાથે કેવી રીતે વર્ત્યા હતા - ખૂબ જ ધીરજ અને નમ્રતાથી પરંતુ ક્યારેય પરમેશ્વરના સત્યોના પ્રભાવને ઓછો ન કરશો. તે સત્ય વચનોને પોતાનું કામ કરવા દો અને તે વચનો વતી ક્યારેય ક્ષમા ન માંગશો. ઈસુએ કહ્યું કે, "...જઈને...શિષ્ય કરો..."(માથ્થી ૨૮:૧૯). તેમણે એવું નથી કહ્યું કે, "લોકોને તમારા પોતાની વિચારો અને મંતવ્યોના પક્ષમાં બદલાણ ના કરશો."

મે ૭

## અનંતકાળ માટે બાંધવું

*“તમારામાં એવો કોણ છે કે બુરજ બાંધવા ચાહે, પણ પહેલવહેલાં બેસીને ખરચ નહિ ગણે કે તે પૂરો કરવા જેટલું મારી પાસે છે કે નહિ?”*
*(લૂક ૧૪:૨૮)*

આપણો પ્રભુ અહીં આપણે ચૂકવવાના ખર્ચની વાત નથી કરતો પરંતુ તે ખર્ચ જે તેણે ભોગવ્યો છે તેની વાત કરે છે. એ ખર્ચ હતો નાસરેથનાં ત્રીસ વર્ષ, લોકપ્રિયતા, બદનામી અને નફરતના ત્રણ વર્ષ, એ અથાગ વેદના જેનો અનુભવ તેણે ગેથસેમાનેમાં કર્યો હતો; અને કાલવરી ખાતે તેના પરનો હુમલો અર્થાત્ એ કેન્દ્રબિંદુ જેની પર સમય અને અનંતકાળ ફરે છે. ઈસુ ખ્રિસ્તે ખર્ચ ભોગવ્યો છે. અંતમાં લોકો તેની હાંસી ઉડાવીને એમ નહિ કહે કે, “આ માણસ બાંધવા લાગ્યો, પણ પૂરું કરી શક્યો નહિ”(૧૪:૩૦).

કલમ ૨૬,૨૭ અને ૩૩ માં આપણા પ્રભુએ શિષ્યપણાની જે શરતો આપણને આપી છે તેનો અર્થ એ થાય કે તેમના મહાન નિર્માણ કાર્યમાં જે સ્ત્રીઓ અને પુરુષોનો તે ઉપયોગ કરવાનો છે તે એ છે જેમનામાં ઈસુએ સઘળું કર્યું છે. “જો કોઈ મારી પાસે આવે, અને પોતાના બાપનો, મા નો, પત્નિનો, છોકરાંનો, ભાઈઓનો તથા બહેનોનો, હા પોતાના જીવનો પણ દ્વેષ ન કરે, તો તે મારો શિષ્ય થઈ શકતો નથી”(૧૪:૨૬). આ વચન આપણને એવું શીખવે છે કે ફક્ત એ જ પુરુષો અને સ્ત્રીઓને આપણો પ્રભુ તેમના બાંધકામના કાર્યમાં વાપરશે કે જેઓ તેમને વ્યક્તિગત રીતે, આવેશમય રીતે અને પુષ્કળ ભક્તિથી પ્રેમ કરે છે - એ લોકો જેઓ તેમને પૃથ્વી પરના ગાઢ સંબંધોથી અતિ વધુ પ્રેમ કરે છે. શરતો કડક છે, પરંતુ તેઓ ગૌરવપૂર્ણ છે.

આપણે જે સર્વ નિર્માણ કરીશું તેનું પરિક્ષણ પરમેશ્વર દ્વારા કરવામાં આવશે. જ્યારે પરમેશ્વર તેમના ઝીણવટથી તપાસ કરનાર અને નિર્મળ કરનાર અગ્નિ દ્વારા આપણું નિરિક્ષણ કરશે ત્યારે શું તેમને એવું જોવા મળશે કે ઈસુના પાયા પર આપણે પોતાના ભવનોનું નિર્માણ કર્યું છે? (જુઓ ૧ કરિંથી ૩:૧૦-૧૫). આપણે વિશાળ ઉદ્યોગોના સમયમાં જીવી રહ્યા છીએ અને તે એ જ જગ્યા છે જ્યાં ફાંદો છે. ગંભીર સત્ય એ છે કે આપણે પરમેશ્વરના માટે ક્યારેય કાર્ય કરી શકતા નથી. ઈસુ મુખ્ય નિર્માણકાર પોતાના નિર્માણ કાર્ય અને પોતાના બાંધકામની યોજનાઓ માટે તે આપણને પોતાના હાથોમાં લે છે જેથી તે આપણને સંપૂર્ણ રીતે નિયંત્રણ કરીને, દિશા સૂચન કરી શકે, અને પોતાને ક્યાં કાર્ય કરવા માટે વાપરવા જોઈએ તેવી માંગણી કરવાનો કોઈને અધિકાર નથી.

## ધૈર્ય માટેનો વિશ્વાસ

*"તેં મારા ધૈર્યનું વચન પાળ્યું છે,..."*
*(પ્રકટીકરણ ૩:૧૦)*

ધીરજ રાખવાનો અર્થ સહનશક્તિ કરતા કંઈ વધારે છે - અંત સુધી પકડી રાખવા કરતા વધુ છે. એક ધનુર્ધારીના હાથમાં જેમ તીર કામઠું હોય છે તેમ જ એક સંતનું જીવન પરમેશ્વરના હાથમાં હોય છે. પરમેશ્વર એવી કોઈ ચીજ પર નિશાન તાકે છે જે તેના સંતને દેખાતું નથી, પરંતુ પરમેશ્વર તાણવાનું અને ખેચવાનું ચાલુ રાખે છે, અને દરેક વખતે સંત કહે છે, "હું હવે વધુ સહન કરી શકતો નથી." અને છતાં પરમેશ્વર તેની તરફ ધ્યાન નથી આપતા; જ્યાં સુધી તેમને ઉદ્દેશ દેખાય નહિ ત્યાં સુધી પરમેશ્વર ખેંચવાનું ચાલુ રાખે છે અને પછી તે તીરને છોડે છે. પોતાની જાતને પરમેશ્વરના હાથમાં સોંપી દો. શું તમારા જીવનમાં એવું કશુંક છે જે માટે તમારે અત્યારે ધીરજની જરૂર છે? ધીરજ માટેના વિશ્વાસ દ્વારા ઈસુ ખ્રિસ્ત સાથેના તમારા ગાઢ સંબંધને જાળવી રાખો. જેમ અયૂબે કહ્યું તેમ કહો, "તે મને મારી નાખે, તોપણ હું તેની રાહ જોઈશ"(અયૂબ ૧૩:૧૫).

વિશ્વાસ કોઈ નિર્બળ અને દયા આવે એવી લાગણી નથી, પરંતુ પરમેશ્વર પવિત્ર પ્રેમ છે તે તથ્ય પર ઊભેલ એક શક્તિશાળી અને પ્રબળ ભરોસો છે. આ સમયે તમે તેમને હાલમાં જોઈ શકતા નથી અને તે શું કરી રહ્યા છે તે સમજી શકતા નથી પરંતુ તમે તેમને ઓળખો છો. પરમેશ્વર પવિત્ર પ્રેમ છે એ અનંતકાળના સત્ય પર પોતાની જાતને સ્થાપિત કરવાથી જે માનસિક સંયમ આવે છે તેની ઉણપના કારણે તમારા જીવનમાં વિપત્તિ આવે છે. વિશ્વાસ તમારા જીવનનો સર્વોચ્ચ પ્રયાસ છે - જેમાં તમે પોતાની જાતનો ત્યાગ કરીને અને સંપૂર્ણ ભરોસા સાથે પરમેશ્વરને સોંપી દો છો.

પરમેશ્વરે આપણને બચાવવાને માટે ઈસુ ખ્રિસ્તમાં પોતાનું સર્વસ્વ દાવ પર લગાવી દીધું અને હવે તે ઈચ્છે છે કે આપણે પણ તેમની પર સંપૂર્ણ ભરોસા સાથે પોતાનો ત્યાગ કરીને પોતાનું સર્વ દાવ પર લગાવી દઈએ. આપણા જીવનમાં એવા ક્ષેત્રો છે જેમાં તે વિશ્વાસે આપણી અંદર હજુ સુધી કાર્ય નથી કર્યું-એવા સ્થાન જે હજુ સુધી પરમેશ્વરના સંપર્કમાં નથી આવ્યા. ઈસુ ખ્રિસ્તના જીવનમાં એવા સ્થાન નહોતા અને તે આપણા જીવનમાં પણ ના હોવા જોઈએ. ઈસુએ પ્રાર્થના કરી, "અનંતજીવન એ છે કે તેઓ તને...ઓળખે"(યોહાન ૧૭:૩). અનંતજીવનનો સાચો વાસ્તવિક અર્થ એ છે કે એવું જીવન જે ડગમગ્યા વગર તેણે જે કોઈ બાબતોનો સામનો કરવાનો છે તેનો સામનો કરે. જો આપણે આ દ્રષ્ટિકોણ અપનાવીશું તો જીવન ખૂબ જ રોમાંચક બની જશે-દરેક સમયે અદ્‌ભુત બાબતોને જોવાનો એક શાનદાર અવસર. પરમેશ્વર આપણને સામર્થ્યના આ કેન્દ્રસ્થાનમાં લાવવાને માટે શિસ્તબદ્ધ કરી રહ્યા છે.

## જે પકડ્યું છે તેનાથી અધિક પ્રાપ્ત કરવાની કોશિશ

*"જ્યાં સંદર્શન નથી હોતું ત્યાં લોક સઘળી મર્યાદા છોડી દે છે"*
*(નીતિવચનો ૨૯:૧૮)*

એક સિદ્ધાંતને પકડી રાખવામાં અને સંદર્શનને પ્રાપ્ત કરવામાં તફાવત છે. આ સિદ્ધાંત નૈતિક પ્રેરણાથી નથી આવતો, પરંતુ સંદર્શન નૈતિક પ્રેરણાથી મળે છે જે લોકોના મગજ પર આદર્શવાદી સિદ્ધાંત સંપૂર્ણ રીતે છવાયેલા રહે છે તેઓ વધારે કંઈ કરી શકતા નથી. વ્યક્તિના પરમેશ્વર વિશેના તથા તેમના ગુણો અંગેના વિચારોનો ઉપયોગ તેના કાર્યની જાણીજોઈને કરેલી અવગણનાને યોગ્ય ઠરાવવાને તથા બુદ્ધિવાદની દ્રષ્ટિથી સમજાવવાને માટે થઈ શકે છે. યૂનાએ પોતાના અનાજ્ઞાંક્તિતાને નિર્દોષ ઠરાવવા માટે કહ્યું કે, "...હું જાણતો હતો કે તું કૃપાળુ તથા કરુણા રાખનાર પરમેશ્વર છે, તું ક્રોધ કરવામાં ધીમો ને ઘણો દયાળુ, એવો પરમેશ્વર છે, ને વિપત્તિ પાડવાથી તને પશ્ચાતાપ થાય છે"(યૂના ૪:૨). પરમેશ્વર અને તેમના ગુણો અંગે મારા વિચાર પણ સાચા હોય શકે છે, પરંતુ કદાચ આ જ કારણો છે જેના કારણે હું પોતાની ફરજ પૂર્ણ ના કરું. પરંતુ જ્યાં કંઈ સંદર્શન હોય છે ત્યાં પ્રમાણિકતા અને અખંડિતતાનું જીવન જોવા મળે છે, કારણ કે સંદર્શન મને નૈતિક પ્રોત્સાહન આપે છે.

આપણા પોતાના આદર્શવાદી સિદ્ધાંતો વાસ્તવમાં આપણને નિષ્ક્રિય કરીને વિનાશ તરફ લઈ જાય છે. તમારી આત્મિક પરીક્ષા કરો અને જુઓ કે તમારી પાસે સંદર્શન છે કે ફક્ત સિદ્ધાંતો છે.

*માણસની પહોંચ તેની પકડથી વધુ દૂર સુધી હોવી જોઈએ,*
*નહિ તો, સ્વર્ગ શા માટે છે?*

"જ્યાં સંદર્શન નથી..." જ્યારે આપણે પરમેશ્વરને આપણી આંખો આગળથી દૂર કરીએ છીએ ત્યારે આપણે લાપરવાહ બનવા લાગીએ છીએ. આપણે એવા કાર્ય કરીએ છીએ જે અંગે આપણને ખ્યાલ છે કે તે ખોટું છે. આપણે પ્રાર્થનાથી પણ દૂર થવા લાગીએ છીએ અને જીવનની નાની નાની બાબતોમાંથી પરમેશ્વરનું દર્શન પ્રાપ્ત કરવાનું બંધ કરી દઈએ છીએ. આપણે પોતાની જ પહેલ દ્વારા કામ કરવાની શરૂઆત કરી દઈએ છીએ. જો આપણે આત્મનિર્ભર છીએ અને પોતાની જ રીતે કામ કરીએ છીએ અને પરમેશ્વરને સામેલ કરવાની અપેક્ષા રાખતા નથી તો આપણે પતનના માર્ગે છીએ. આપણે દર્શન ખોઈ નાંખ્યું છે. શું આજનું આપણું વલણ એ એવું વલણ છે જે આપણા પરમેશ્વરના દર્શનમાંથી વહી રહ્યું હોય? શું આપણે એવી અપેક્ષા રાખીએ છીએ કે પરમેશ્વરે આજ સુધી જે કામો કર્યા તેનાથી મોટા કામો કરશે? શું આપણા આત્મિક દ્રષ્ટિકોણમાં એક તાજગી અને જીવંતતા છે?

## પહેલ કરો

*"...પોતાના વિશ્વાસની સાથે ચારિત્ર...જોડી દો"*
*(૨ પિતર ૧:૫)*

"જોડી દો" નો અર્થ એ થાય કે આપણે કશુંક કરવાનું છે. આપણને એ ભૂલી જવાનું જોખમ છે કે આપણે એ નથી કરી શકતા જે પરમેશ્વર કરી શકે છે, અને પરમેશ્વર એ નહિ કરે જે આપણે કરી શકીએ છીએ. આપણે આપણી જાતને બચાવી શકતા નથી કે પોતાનું પવિત્રીકરણ કરી શકતા નથી - પરમેશ્વર એ કરી શકે છે. પરંતુ પરમેશ્વર આપણને સારી આદતો કે સારુ ચારિત્ર નહિ આપે, અને તે આપણને તેમની આગળ સીધે માર્ગે ચાલીએ તે માટે જબરદસ્તી નહિ કરે. આપણે આ સર્વ કામ પોતે કરવા પડશે. આપણે આપણા "પોતાના તારણને સાધી લેવાનું છે" જે પરમેશ્વરે આપણી અંદર કર્યું છે (ફિલિપ્પી ૨:૧૨). "જોડી દો" અર્થ એ થાય કે આપણે કંઈ કરવાની આદત કેળવવાની છે, અને તે શરૂઆતમાં કઠીન હોય છે. પહેલ કરવાનો અર્થ થાય છે શરૂઆત કરવી - પોતાની જાતને એ માર્ગ પર ચાલવાનો નિર્દેશ કરવો જે પર આપણે ચાલવાનું છે.

જ્યારે તમે ખૂબ સારી રીતે માર્ગ જાણો છો ત્યારે માર્ગ પૂછવાની પ્રવૃત્તિથી સાવધાન રહો. પહેલ કરો- અચકાશો નહિ- પ્રથમ પગલું ભરો. જ્યારે પરમેશ્વર તમારી સાથે વાત કરે છે ત્યારે તે તમને જે કહે છે તે અનુસાર તરત જ કાર્ય કરવાને દ્રઢ નિશ્ચય કરો અને તમારા આરંભના નિર્ણયો પર કોઈ પુનર્વિચાર ના કરો કે તેને બદલો નહિ. જ્યારે પરમેશ્વર તમને કશુંક કરવાનું કહી રહ્યા છે અને જો તમે ખચકાવ છો તો તમે લાપરવાહ છો, જે કૃપામાં તમે ઊભા છો તેને તિરસ્કારપૂર્વક ના પાડીને ઠુકરાવો છો, તમે જાતે પહેલ કરો, તમારી ઈચ્છાનો નિર્ણય હમણાં જ કરો, અને પાછા ફરવાનું અશક્ય બનાવી દો. "હું તે પત્ર લખીશ" અથવા "હું તે દેવું ચુકવીશ" એમ કહીને તમારી પાછળના પાછા ફરી જવાના તમામ રસ્તાઓ બંધ કરી દો; અને તે કામ કરો અને તે કામને અપરિવર્તનીય બનાવી દો.

પરમેશ્વરને દરેક બાબતોમાં કાળજીપૂર્વક સાંભળવાની આપણે આદત પાડવાની છે, તે શું કહે છે તે શોધી કાઢવાની આદત પાડવાની છે અને તે જે કહે છે તે પર ધ્યાન આપવાનું છે. જો, સંકટ આવે છે ત્યારે આપણે સ્વાભાવિક રીતે પરમેશ્વર તરફ ફરીએ છીએ તો આપણે જાણી લઈશું કે આપણામાં એક આદત પડી છે. આપણે જ્યાં અત્યારે છીએ ત્યાં પહેલ કરવાની છે, જ્યાં આપણે નથી ત્યાં પહેલ નથી કરવાની.

## એકબીજાને પ્રેમ કરો

*"...બંધુપ્રીતિની સાથે પ્રેમ જોડી દો"*
*(૨ પિતર ૧:૭)*

આપણામાંના મોટા ભાગના લોકો માટે પ્રેમ અસ્પષ્ટ બાબત છે; જ્યારે આપણે પ્રેમ માટે વાત કરીએ છીએ ત્યારે આપણને ખબર નથી આ દ્વારા આપણે શું કહેવા માંગીએ છીએ. પ્રેમ એ એક વ્યક્તિનો બીજી વ્યક્તિ માટે સૌથી ઊંચો અગ્રિમ હક છે, અને આત્મિક રીતે ઈસુની એવી માંગ છે કે આ સર્વશ્રેષ્ઠ અગ્રિમ હક તેમને માટે હોય (જુઓ લૂક ૧૪:૨૬). જ્યારે "પવિત્ર આત્મા દ્વારા પરમેશ્વરનો પ્રેમ આપણા હૃદયોમાં વહેવડાવવામાં આવે છે" (રોમનોને પત્ર ૫:૫) ત્યારે ઈસુને હૃદયમાં પ્રથમ સ્થાને રાખવાનું આસાન બને છે. પરંતુ ત્યારબાદ આપણે ૨ પિતર ૧ અધ્યાયમાં જણાવેલી બાબતોનો અમલ કરવો જોઈએ જેથી આપણે તેઓને આપણા જીવનમાં લાગુ થતી જોઈ શકીએ.

પરમેશ્વર સૌથી પ્રથમ જે કાર્ય કરે છે તે તો મારા જીવનમાંથી ઢોંગ, ઘમંડ અને મિથ્યાઆડંબર તથા વ્યર્થતાને જબરદસ્તીથી દૂર કરે છે, અને પવિત્ર આત્મા મને એ પ્રગટ કરે છે કે હું પ્રેમ કરવાને લાયક હતો તે માટે પરમેશ્વર મને પ્રેમ કર્યો હતો એમ નહિ પરંતુ પ્રેમ કરવો તે તેમનો સ્વભાવ છે તે માટે તે મને પ્રેમ કરે છે અને તે મને એ જ પ્રેમ બીજાઓને કરવા માટેની આજ્ઞા આપે છે અને કહે છે, "...જેમ મેં તમારા પર પ્રેમ રાખ્યો છે, તેમ તમે એકબીજા પર પ્રેમ રાખો"(યોહાન ૧૫:૧૨). તે એમ કહે છે, "હું તારી આસપાસ એવા એટલા બધા લોકોને લાવીશ કે જેમને તું માન આપી શકતો નથી, પરંતુ જેમ મેં તમને પ્રેમ પ્રદર્શિત કર્યો તેમ, તમારે મારો પ્રેમ તેમને પ્રદર્શિત કરવાનો છે." આ પ્રકારનો પ્રેમ, જેઓ પ્રેમને યોગ્ય નથી તેમને દયા દેખાડીને કરવામાં આવતો પ્રેમ નથી-આ તો પરમેશ્વરનો પ્રેમ છે, અને તે કંઈ એક જ રાતમાં આવી જતો નથી. આપણામાંના કેટલાકે જબરદસ્તીથી પ્રેમ કરવાનો પ્રયત્ન કર્યો હશે, પરંતુ આપણે ખૂબ જલ્દીથી થાકી અને નિરાશ થઈ ગયા.

"...કોઈનો નાશ ન થાય... એવું ઈચ્છીને પ્રભુ તમારે વિષે ધીરજ રાખે છે"(૨ પિતર ૩:૯). મારે મારી અંદર જોવું જોઈએ અને યાદ કરવું જોઈએ કે તેમણે કેટલી અદ્ભુત રીતે મારી સાથે વ્યવહાર કર્યો છે. મારી બધી જ બુરાઈ છતાં પરમેશ્વરે મને હદબહાર જઈને પ્રેમ કર્યો એ સમજણ, દુનિયામાં જઈને બીજા લોકોને તે જ રીતે પ્રેમ કરવાની મને ફરજ પાડે છે. ક્યારેક હું ખીજવાઈ જાઉં છું કારણ કે મારે એવા વ્યક્તિ સાથે રહેવું પડે છે જે ખૂબ જ મુશ્કેલ છે. પરંતુ એ સમયે જરા વિચારો કે હું પોતે જ પરમેશ્વર માટે કેટલો કષ્ટદાયક છું! શું હું પ્રભુ ઈસુ સાથે એટલી ગાઢ રીતે એકરૂપ થવાને તૈયાર છું કે તેમનું જીવન અને તેમની મીઠાશ સતત મારામાંથી બહાર વહ્યા કરે? જ્યાં સુધી પ્રેમનો વિકાસ કરવામાં ના આવે ત્યાં સુધી સ્વાભાવિક પ્રેમ કે પરમેશ્વરનો દૈવી પ્રેમ મારામાં રહી શકતો નથી અને વૃદ્ધિ પામી શકતો નથી. પ્રેમ સ્વયંસ્ફૂરિત છે પરંતુ તેને શિસ્ત દ્વારા જાળવી રાખવો પડે છે.

## આદતો નહિ હોવાની આદત

*“જો એ સઘળાં તમારાંમાં હોય તથા તેઓની વૃદ્ધિ થાય, તો તેઓ...તમને આળસુ તથા નિષ્ફળ થવા દેશે નહિ”*
*(૨પિતર ૧:૮)*

જ્યારે આપણે પહેલા એક આદત પાડીએ છીએ ત્યારે આપણને તે અંગે પૂરી સભાનતા હોય છે. એવા સમયો આવે છે જ્યારે સદ્‌ગુણી અને પવિત્ર બનવા અંગે ખૂબ સભાન હોઈએ છીએ. પરંતુ આ સભાનતા તો જેમ આપણે આત્મિક રીતે વૃદ્ધિ પામતા જઈએ છીએ તેમ તે એક તબક્કો બની જાય છે જે આપણે ઝડપથી પસાર કરી દઈએ છીએ. જો આપણે આ તબક્કે થોભી જઈએ છીએ તો, આપણામાં આત્મિક ઘમંડ ની સભાનતા વિકાસ પામે છે. આદતોની સાથે જે વ્યવહાર યોગ્ય છે તે તો એ કે તેમને પ્રભુના જીવનમાં એવી રીતે ડૂબાડી દો કે તે આપણા જીવનની સ્વયંસ્ફૂરિત અભિવ્યક્તિ બની જાય જેથી આપણે તેમના સંબંધી સભાન ના રહીએ. આપણું આત્મિક જીવન આત્મપરીક્ષણના ઉદ્દેશથી સતત આપણું ધ્યાન આપણી અંદર કન્દ્રિત કરે છે, કેમ કે કેટલાક એવા ગુણો છે જેમને હજુ સુધી આપણે આપણા જીવનમાં જોડ્યા નથી.

તમારો ઈશ્વર તમારી એક નાની ખ્રિસ્તી આદત હોઈ શકે છે - જેમ કે દિવસના કોઈ ખાસ સમયે પ્રાર્થના કે બાઈબલ અભ્યાસની આદત તે આદત જેનું પ્રતીક છે તેની આરાધના કરવાને બદલે તે આદતની આરાધના કરવા લાગો છો તો ધ્યાન રાખો કે તમારો પિતા તમારા એ સમયપત્રકને કેવી રીતે ઉલટાવી નાખે છે. આપણે એવું કહીએ છીએ કે, “હમણાં તે બાબતોને હું કરી શકતો નથી; મારો આ સમય પરમેશ્વર સાથે એકાંતનો સમય છે.” ના, તમારો આ સમય તે તમારી આદત સાથે એકાંતનો સમય છે, એક એવો ગુણ જેની તમારા જીવનમાં ઉણપ છે. તમે ક્યાં અધૂરા છો તે ઓળખી લો અને પછી તે ખૂટતા ગુણને તમારા જીવનમાં સામેલ કરવા અને લાગુ કરવાનો અવસર શોધો.

પ્રેમનો અર્થ થાય છે કે કોઈ દ્રશ્ય આદતો નથી - તમે એવા સ્થાને છો જ્યાં તે આદતો પ્રભુમાં ડૂબી ગઈ છે અને તમે તેની સમજ વગર જ તેનું આચરણ કરો છો. જો તમે પોતાની પવિત્રતા અંગે સંપૂર્ણ સભાન છો તો તમે કેટલીક ચોક્કસ બાબતો કરવા અંગે પોતાની જાત પર અંકુશ રાખશો - જેમ કે એવા કામ જે અંગે પરમેશ્વર તમને જરાપણ રોકતા નથી. એનો અર્થ એ થાય કે કોઈ ખૂટતા ગુણો છે જે તમારા જીવનમાં જોડવાની જરૂર છે. એક માત્ર અલૌકિક જીવન તે એ જીવન છે જે પ્રભુ ઈસુ જીવ્યા, અને તેઓ દરેક પરિસ્થિતિઓમાં પરમેશ્વરની સાથે એકતામાં હતા. શું કોઈ એવું સ્થાન છે જ્યાં તમે પરમેશ્વર સાથે એકતામાં નથી રહી શકતા? જો એમ છે તો, પછી તે ગમે તે પરિસ્થિતિ હોય, જ્યાં સુધી તમે તેમના ગુણોને જોડીને તેનામાં વૃદ્ધિ પામતા નથી ત્યાં સુધી પરમેશ્વરને તે દ્વારા કામ કરવા દો ત્યારબાદ તમારું જીવન એક બાળકના જેવું સાદું જીવન બની જશે.

## નિર્દોષ અંતઃકરણ રાખવી આદત

*"...હું પરમેશ્વરની તથા માણસોની પ્રત્યે હંમેશા નિર્દોષ અંતઃકરણ રાખવાનો પ્રયત્ન કરું છું"*
*(પ્રે.કૃ. ૨૪:૧૬)*

પરમેશ્વરની જે આજ્ઞાઓ આપણને આપવામાં આવી છે તે વાસ્તવમાં તો આપણામાં વસનાર તેના પુત્રના જીવનને આપવામાં આવી છે પરિણામે, આપણો માનવ સ્વભાવ જેમા પરમેશ્વરના પુત્રની રચના થઈ છે (જુઓ ગલાતી ૪:૧૯) તેને માટે પરમેશ્વરની આજ્ઞાઓ કઠણ છે પરંતુ એકવાર જ્યારે આપણે તેને આધીન થઈએ છીએ ત્યારે તે દૈવી રીતે સરળ બને છે.

અંતઃકરણ મારામાં જોવા મળતી તે યોગ્યતા છે જે હું સૌથી ઉચ્ચધોરણને જાણું છું તેની સાથે જોડાઈ જાય છે, અને પછી સતત મને યાદ અપાવે છે કે તે સૌથી ઉચ્ચધોરણ મારી પાસેથી શું માંગે છે. તે તો મનની એ આંખ છે જે પરમેશ્વર તરફ અથવા તો એ બાબતો તરફ જુએ છે જેને હું સૌથી ઉચ્ચ ધોરણ માનતો હોઉં. આ બાબત એ સમજાવે છે કે શા માટે જુદા જુદા લોકોના અંતઃકરણ જુદા જુદા હોય છે. જો હું પરમેશ્વરના ધારાધોરણોને સતત મારી નજર આગળ રાખતો હોઉં તો, મારું અંતઃકરણ મને સતત પરમેશ્વરના સંપૂર્ણ નિયમની દિશામાં દોરશે અને મારે શું કરવું તે સૂચવશે. સવાલ એ છે કે શું હું આજ્ઞા પાળીશ? મારે મારા અંતઃકરણને એટલું સંવેદનશીલ રાખવાનો પ્રયત્ન કરવાનો છે કે હું કોઈને ઠેસ પહોંચાડ્યા વગર જીવી શકું મારે પરમેશ્વરના પુત્રની સાથે એવા તાલ-મેલમાં જીવવું જોઈએ કે મારા મનનો આત્મા જીવનની દરેક પરિસ્થિતિમાં નવો થતો જાય, અને હું જલ્દીથી એ પારખવાને સક્ષમ બનું કે, "પરમેશ્વરની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે તે પારખી શકું"(રોમનોને પત્ર ૧૨:૨ અને જુઓ એફેસી ૪:૨૩).

પરમેશ્વર હંમેશા આપણને બધીજ વિગતોનો પૂરો નિર્દેશ આપે છે. શું મારા કાન આત્માના સૌથી ધીમા કોમળ અવાજને સાંભળવા જેટલા સંવેદનશીલ છે કે જેથી હું જાણું કે મારે શું કરવાનું છે? "...પરમેશ્વરના પવિત્ર આત્માને તમે ખિન્ન ન કરો" (એફેસી ૪:૩૦). તે ગર્જનાના સ્વરમાં વાત નથી કરતા પરંતુ તેમનો અવાજ તો એટલો કોમળ હોય છે કે આપણે માટે તેની અવગણના કરવી સરળ બની જાય છે. અને જે એક માત્ર બાબત પરમેશ્વર પ્રત્યે આપણા અંતઃકરણને સંવેદનશીલ બનાવે છે તે તો એ કે આપણે આંતરિક રીતે પરમેશ્વરની આગળ ખુલ્લા રહેવાની આદત. જ્યારે તમે વિવાદ - ચર્ચા કરવા લાગો ત્યારે તરત જ ચૂપ થઈ જાવ, એમ ન પૂછશો કે, "આ કામ હું કેમ કરી શકતો નથી?" તમે ખોટા માર્ગે છો, જ્યારે તમારુ અંતઃકરણ તમને કહે છે ત્યારે વાદ-વિવાદની સંભાવના ખતમ થઈ જાય છે. આ બાબત જે પણ હોય પરંતુ તેને પડતી મૂકો અને એ વાતનું ધ્યાન રાખો કે તમારી આંતરિક દ્રષ્ટિ સાફ રહે.

મે ૧૪

## વિપત્તિનો આનંદ માણવાની આદત

*"...જેથી ઈસુનું જીવન પણ અમારા શરીરમાં પ્રગટ કરવામાં આવે."*
*(૨ કરિંથી ૪:૧૦)*

પરમેશ્વરની કૃપાએ આપણી અંદર શું કાર્ય કર્યું છે તે વ્યક્ત કરવાની પવિત્ર આદતોનો આપણે વિકાસ કરવાની જરૂર છે. નર્કથી બચી ગયા એટલો જ પ્રશ્ન નથી, પરંતુ એટલા માટે બચવાનું છે કે જેથી "ઈસુનું જીવન આપણા શરીરમાં પ્રગટ કરાવામાં આવે" અને દરેક વખતે વિપત્તિ જ તેને આપણા મર્ત્ય દેહમાં પ્રગટ કરાવે છે. શું મારું જીવન પરમેશ્વરના પુત્રની મિઠાશને પ્રગટ કરે છે, કે તેનાથી દૂર રહેવાને કારણે ઉત્પન્ન થતું "મારું પોતાનું" જે મૂળ ચીડિયાપણું છે તેને પ્રગટ કરે છે? પરમેશ્વરના પુત્રનું જીવન જે મારા પોતામાં છે તેને સાબિતીરૂપે બહાર પ્રદર્શિત થવાની મંજૂરી આપવાની તીવ્ર ઝંખના જ એક માત્ર બાબત છે જે મને વિપત્તિનો આનંદ માણવાને સક્ષમ કરે છે. કોઈ પણ બાબત ગમે તેટલી કઠિન હોય છતાં પણ, મારે એમ કહેવું જોઈએ કે, "પ્રભુ, આ બાબતમાં તમને આધીન થવામાં હું ખુશી અનુભવું છું" અને આમ કહેતા તરત જ પરમેશ્વરના પુત્ર મારા જીવનમાં સૌથી આગળની હરોળમાં આવી જશે.

તમારે વાદવિવાદ કરવો નહિ જે ક્ષણે તમે પરમેશ્વરના પ્રકાશને આધીન થાવ છો, તે જ ક્ષણે તે જ વિપત્તિમાં તેમનો પુત્ર તમારામાંથી પ્રકાશશે; પરંતુ તમે પરમેશ્વર સાથે વાદવિવાદ કરશો તો તમે તેના આત્માને ખિન્ન કરશો (જુઓ એફેસી ૪:૩૦). પરમેશ્વરના પુત્રના જીવનને તમારામાં પ્રગટ થવા દેવા માટે તમારે પોતાને યોગ્ય સ્થિતિમાં રાખવા જોઈએ, અને જો તમે સ્વદયાને સ્થાન આપો તો તમે પોતાને તે માટે યોગ્ય સ્થિતિમાં રાખી શકતા નથી. પરમેશ્વરનો પુત્ર કેટલો અદ્ભુત રીતે સંપૂર્ણ અને અસાધારણ રીતે શુદ્ધ છે તે દર્શાવવા માટે પરમેશ્વર આપણા સંજોગોનો ઉપયોગ કરે છે. પરમેશ્વરના પુત્રને આપણામાં પ્રગટ કરવાને માટે નવી રીતથી આપણા હૃદયો નવી ઉત્તેજનાથી ધબકવા જોઈએ. વિપત્તિને પસંદ કરવી એક બાબત છે અને પરમેશ્વરની સર્વોપરિતાથી આપણા સંજોગોનું સંચાલન થઈને વિપત્તિમાં પ્રવેશવું તે એક જુદી બાબત છે અને જો પરમેશ્વર તમને વિપત્તિમાં મૂકે છે તો, તે પૂરતી રીતે "તમારી સર્વ ગરજો પૂરી પાડવા" ને પર્યાપ્ત છે (ફિલિપ્પી ૪:૧૯).

પરમેશ્વરના પુત્રના જીવનને તમારામાં પ્રગટ થવા દેવા માટે તમારા જીવનોને યોગ્ય સ્થિતિમાં રાખો. ભૂતકાળના અનુભવોની યાદોમાં જીવશો નહિ પરંતુ પરમેશ્વરના વચનને હંમેશા તમારામાં જીવંત અને સક્રિય રહેવા દો.

મે ૧૫

## સ્થિતિનો સામનો કરવાની આદત

*"...જેથી તેના નોતરાની આશા શી છે...તે તમે જાણો"*
*(એફેસી ૧:૧૮,૧૯)*

એ વાત યાદ રાખો કે તમારુ તારણ એ માટે થયું છે કે ઈસુનું જીવન તમારા શરીરમાં પ્રગટ થાય(જુઓ ર કરિંથી ૪: ૧૦). તમારા સામર્થ્યની બધી શક્તિને એવી રીતે દિશા આપો કે જેથી પરમેશ્વરના બાળક તરીકે પસંદગીથી જે કંઈ ઉપલબ્ધ છે તે સર્વ તમે પ્રાપ્ત કરી શકો; તમારા માર્ગમાં જે કંઈ પણ પરિસ્થિતિ આવે દરેક વખતે તેનો સામનો કરો. તમે તમારા તારણને પ્રાપ્ત કરવા માટે કશું કર્યું નહોતું, પરંતુ તેને પ્રદર્શિત કરવા માટે કંઈક કરવું પડશે. તમારે "પોતાના તારણને સાધી લેવા યત્ન કરવો પડશે" કે જે તારણ પરમેશ્વરે તમારામાં ક્યારનુંયે પૂરૂ કરી દીધું છે(ફિલિપ્પી ૨:૧૨). શું તમારી બોલી, તમારા વિચારો અને તમારી લાગણીઓ એ વાતની સાબિતી છે કે તમે તે "સાધી રહ્યા છો?" જો તમે હજુ પણ પહેલના જેવા જ દુઃખી રહેનાર અને ચિડીયા રહેનાર વ્યક્તિ છો, અને પોતાની જ રીતે કામ કરવા માટે જીદ્દી છો, તો પરમેશ્વરે તમારું તારણ અને પવિત્રીકરણ કર્યું છે એવું કહેવું એ જૂઠાણું છે.

પરમેશ્વર સર્વશ્રેષ્ઠ યોજનાકાર છે, અને તે તમારા જીવનમાં વિપત્તિઓને એ માટે આવવા દે છે કે તમે જોઈ શકો કે તમે યોગ્ય રીતે તેની પરથી કૂદીને પાર જાવ છો કે નહિ- "...મારા પરમેશ્વરની કૃપાથી હું કોટ કૂદી જાઉં છું"(ગી. શા. ૧૮:૨૯) પરમેશ્વર તમને તેના પુત્ર અને પુત્રીઓ બનવા માટેની જે જરૂરિયાતો છે તેથી ક્યારેય બચાવી નહિ રાખે. ૧ પિતર ૪:૧૨ જણાવે છે, "વ્હાલાઓ, તમારી કસોટી કરવાને સારું તમારા પર જે અગ્નિરૂપી દુઃખ પડે છે, તેમાં જાણે તમને કંઈ નવું થયું હોય, એમ સમજીને આશ્ચર્ય ન પામો." સ્થિતિનો સામનો કરો - કસોટી તમારી પાસે જે માંગણી કરે છે તે કરો. જો તે પરમેશ્વરને તમારા દેહમાં ઈસુના જીવનને પ્રગટ કરવાનો અવસર આપે છે, તો એની પરવા ના કરશો કે તે કસોટીઓ તમને કેટલું દુઃખ પહોંચાડે છે.

કાશ, એવું થાય કે પરમેશ્વરને આપણામાં કોઈ ફરિયાદ નહિ પરંતુ આત્મિક જીવંતતા જોવા મળે- તે આપણા જીવનમાં જે કંઈ મોકલે છે તેનો સામનો કરવાની તૈયારી જોવા મળે. જીવનનો એકમાત્ર યોગ્ય ઉદ્દેશ તો એ કે આપણે પરમેશ્વરના પુત્રને પ્રગટ કરીએ; અને જ્યારે એવું થાય છે ત્યારે પરમેશ્વરની આગળ પોતાની માંગણીઓ લાવવાનું બંધ થાય છે. આપણા પ્રભુએ ક્યારેય પોતાના પિતાની આગળ માંગણી મૂકીને આજ્ઞા નહોતી કરી અને આપણે પણ એ માટે નથી કે પરમેશ્વરને આજ્ઞાઓ કરીએ, આપણે અહીંયા એ માટે છીએ કે પોતાની જાતને તેમની ઈચ્છાને આધીન કરીએ જેથી તેઓ જે ઈચ્છે તે તેઓ આપણામાં પૂર્ણ કરી શકે. જ્યારે આપણને આ વાતનું ભાન થાય છે ત્યારે પરમેશ્વર બીજાઓનું પાલન કરવા અને બીજાઓનું પોષણ કરવા માટે આપણને ભંગિત થયેલ રોટલી અને રેડવામાં આવેલ દ્રાક્ષારસ બનાવશે.

## પરમેશ્વરની પુરૂ પાડવાની વ્યવસ્થાને ઓળખવાની આદત

*"...ઈશ્વરી સ્વભાવના ભાગીદાર તમે થાઓ"*
*(૨ પિતર ૧:૪)*

પરમેશ્વરની પ્રતિજ્ઞાઓ દ્વારા તેમનો સ્વભાવ પ્રાપ્ત કરીને અને તેમાં ભાગીદાર બનીને આપણને "ઈશ્વરી સ્વભાવના ભાગીદાર" બનાવવામાં આવ્યા છે. ત્યારબાદ આપણે ઈશ્વરી આદતોનો વિકાસ કરવા દ્વારા એ ઈશ્વરી સ્વભાવને આપણા માનવીય સ્વભાવમાં ઉતારવાનો છે. સૌથી પ્રથમ જે આદતનો વિકાસ કરવાની જરૂર છે તે તો આપણા માટેની પરમેશ્વરની પુરૂ પાડવાની વ્યવસ્થાને ઓળખવાની આદત. આપણે ઘણીવાર કહીએ છીએ કે, "હું એટલો ખર્ચ કરવાને અસમર્થ છું." ઘણાં ખરાબ જૂઠમાંનું એક જૂઠ આ વાક્યમાં છુપાયેલું છે. આપણે એવી વાત કરીએ છીએ જાણે પરમેશ્વરે આપણને કંગાલ કરીને આપણી સાથેનો સંબંધ તોડી નાંખ્યો છે. આપણે એવું સમજીએ છીએ કે, અંતે આવું વાક્ય બોલવું કે, "પુષ્કળ સંઘર્ષ કરીને કોઈક રીતે આજનો દિવસ પસાર થઈ ગયો" એ દીનતાની નિશાની છે. જ્યારે પ્રભુ ઈસુમાં સંપૂર્ણ સર્વશક્તિમાન પરમેશ્વર આપણા છે, અને જો આપણે તેમની આજ્ઞાઓ માનીએ તો તે આપણને આશીર્વાદ આપવામાં કોઈ જ કસર બાકી રાખતા નથી. શું એ સાચે જ મહત્વપૂર્ણ છે કે આપણી પરિસ્થિતિઓ કઠીન છે? તે કઠીન કેમ ના હોય? જો આપણે સ્વદયામાં રહેવાનો માર્ગ સ્વીકારીએ છીએ અને કંગાલિયતની સંપતિમાં સંતોષ પામીએ છીએ, તો આપણે પરમેશ્વરની  સંપત્તિને આપણા જીવનથી દૂર કરીએ છીએ અને બીજાઓને પરમેશ્વરની પૂરૂ પાડવાની વ્યવસ્થામાં પ્રવેશતા અવરોધરૂપ બનીએ છીએ. સ્વદયાથી ખરાબ પાપ બીજુ કોઈ નથી કેમ કે તે, પરમેશ્વરને આપણા જીવનના સિંહાસન પરથી હટાવી દે છે અને તેના સ્થાન પર પોતાના સ્વાર્થને બેસાડી દે છે. સ્વદયા આપણા મુખને ફકત ફરિયાદ કરવા માટે ઉઘાડાવે છે, અને આપણે ફકત આત્મિકરૂપથી વાદળી(સ્પંજ) બની જઈએ છીએ - જે હંમેશા શોષણ કરે છે, ક્યારેય બહાર આપતા નથી અને કદીયે સંતોષ પામતા નથી અને આપણા જીવનને માટે કોઈ વાત સુંદર કે ઉદાર નથી હોતી.

પરમેશ્વર આપણાથી સંતોષ પામે તે પહેલા જ્યાં સુધી આપણે શીખતા નથી કે તે આપણો સ્રોત છે ત્યાં સુધી તે આપણી પાસેથી એ બધું જ લઈ લેશે જેને આપણે ધનદોલત માનીએ છીએ. જેમ ગીતકર્તા લખે છે, "મારા સર્વ ઝરાઓ તારામાં છે"(ગી. શા. ૮૭:૭). જો પરમેશ્વરનું ગૌરવ, કૃપા અને સામર્થ્ય આપણામાં દેખાતા નથી તો તે માટે પરમેશ્વર આપણને જવાબદાર ગણે છે. "પરમેશ્વર તમારા પર સર્વ પ્રકારની પુષ્કળ કૃપા કરવાને સમર્થ છે કે, જેથી હંમેશા તમારી સર્વ વાતે પુષ્કળ  સમૃદ્ધિ હોવાને લીધે..."(૨ કરિંથી ૯:૮) જેથી તમે પોતાની જાતને ઉદારતાથી અર્પતા, પરમેશ્વરની કૃપાને પુષ્કળતાથી બીજાઓને આપો. પરમેશ્વરની છાપ અંકિત થવા દો અને તેમના સ્વભાવ સાથે એકરૂપ થાવ, અને તેમના આશીર્વાદો દરેક સમયે તમારામાંથી બહાર વહેશે.

## તેમનું સ્વર્ગારોહણ અને આપણી પહોંચ

*‘‘તે તેઓને આશીર્વાદ દેતો હતો, એટલામાં તે તેઓથી છૂટો પડ્યો,*
*અને આકાશમાં લઈ જવામાં આવ્યો’’*
*(લૂક ૨૪:૫૧)*

આપણા જીવનમાં એવા અનુભવો જોવા મળતા નથી કે જે આપણા પ્રભુના જીવનમાં રૂપાંતર પછીની જે ઘટનાઓ થઈ તેની સાથે મેળ ખાતી હોય. તે ઘડી પછી તેમનું જીવન સંપૂર્ણ રીતે અવેજીના જેવું બની ગયું. રૂપાંતરણની ઘટના બાદ - ગેથસેમાને, વધસ્તંભ, પુનરૂત્થાન - આ બધું જ આપણા માટે અપરિચિત છે. તેમનો વધસ્તંભ એ તો દ્વાર છે જેમાંથી માનવજાતનો દરેક સભ્ય પરમેશ્વરના જીવનમાં પ્રવેશી શકે છે; તેમના પુનરૂત્થાન દ્વારા તેમને દરેક વ્યક્તિને અનંતજીવન આપવાનો અધિકાર છે; અને સ્વર્ગારોહણ દ્વારા આપણા પ્રભુ સ્વર્ગમાં પ્રવેશ્યા છે અને સમગ્ર માનવ જાતને માટે સ્વર્ગના દ્વારને ખુલ્લા મુક્યા છે.

ઈસુનું રૂપાંતરણ તે સ્વર્ગારોહણના પર્વત પર પૂર્ણ થયું - જો ઈસુ રૂપાંતરના પહાડ પરથી સીધા જ સ્વર્ગમાં ગયા હોત તો તેઓ એકલા જ ગયા હોત, તેઓ આપણા માટે એક ગૌરવી વ્યક્તિથી વિશેષ કશું જ ના હોત. પરંતુ તેમણે તે મહિમાનો ત્યાગ કરીને, પહાડ પરથી નીચે આવ્યા અને પોતાની જાતને પતિત માનવ સાથે એકરૂપ કરી દીધી.

સ્વર્ગારોહણ તે રૂપાંતરણની સંપૂર્ણ પરિપૂર્ણતા છે. આપણા પ્રભુ તેમના ખરેખર મહિમામાં પાછા ગયા પરંતુ ફક્ત પરમેશ્વરના પુત્ર તરીકે નહિ - તેઓ તેમના પિતા પાસે માનવપુત્રના રૂપમાં પણ પાછા ગયા, મનુષ્ય પુત્રના સ્વર્ગારોહણને કારણે હવે દરેક વ્યક્તિને પરમેશ્વરના સિંહાસન સુધી સીધા જ પહોંચવાની સ્વતંત્રતા છે. મનુષ્યપુત્ર હોવાને કારણે ઈસુ ખ્રિસ્તે સમજણપૂર્વક પોતાનું સર્વશક્તિમાનપણું, સર્વવ્યાપીપણુ, અને પોતાની સર્વજ્ઞતાને મર્યાદિત કર્યું. પરંતુ હવે આ ગુણો સંપૂર્ણપણે, પૂરા સામર્થ્યથી તેના જ છે. મનુષ્યપુત્ર હોવાને કારણે ઈસુ ખ્રિસ્ત પાસે પરમેશ્વરના સિંહાસન પર સર્વ સામર્થ્ય છે. તેમના સ્વર્ગારોહણ પછીથી આજ સુધી તેઓ રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ છે.

## સાદાઈથી જીવવું છતાં ધ્યાન કેન્દ્રિત રાખવું

*"આકાશનાં પક્ષીઓને જુઓ...ખેતરનાં ફૂલઝાડોનો વિચાર કરો."*
*(માથ્થી ૬:૨૬,૨૮)*

"ખેતરનાં ફૂલઝાડોનો વિચાર કરો કે તેઓ કેવાં વધે છે; તેઓ મહેનત કરતાં નથી, તેઓ કાંતતાં પણ નથી;" - તેઓ બસ છે! સમુદ્ર, હવા, સૂર્ય, તારાઓ અને ચંદ્રના વિશે વિચારો આ સર્વ પણ બસ છે - છતાં પણ આપણા માટે તેમનું સેવાકાર્ય કેટલું મહાન છે! કેટલી બધી વાર આપણે એકરૂપ બનવાના અને ઉપયોગી થવાના આપણા પોતાના જ સમજણપૂર્વકના પ્રયત્નોને કારણે પરમેશ્વરની યોજના મુજબ નક્કી કરાયેલા પ્રભાવને બગાડી દઈએ છીએ. ઈસુએ કહ્યું કે આત્મિક રીતે વિકાસ થવામાં અને વૃદ્ધિ પામવા માટેની એક જ રીત છે અને તે તો પરમેશ્વર પર ધ્યાન કેન્દ્રિત કરવા દ્વારા જ. ઈસુનો આ કહેવાનો સાર એ હતો કે, "બીજાઓના ઉપયોગમાં આવવાની ચિંતા ના કરો; ફક્ત મારા પર વિશ્વાસ કરો." બીજા શબ્દોમાં સ્રોત તરફ ધ્યાન આપો, અને તમારામાંથી "જીવતા પાણીની નદીઓ વહેશે"(યોહાન ૭:૩૮) આપણે પ્રાકૃતિક જીવનના સ્રોતને આપણી પોતાની વ્યવહારુ બુદ્ધિ અને તર્ક દ્વારા શોધી શકતા નથી, અને ઈસુ અહીં એ શીખવાડે છે કે આપણા આત્મિક જીવનમાં વૃદ્ધિ તે તેની ઉપર ધ્યાન લગાવવાથી નહિ પરંતુ આપણા સ્વર્ગીય પિતા પર ધ્યાન કેન્દ્રિત કરવાથી આવે છે. આપણા સ્વર્ગીય પિતા આપણી પરિસ્થિતિઓ જાણે છે અને જો આપણે આપણા સંજોગો પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે આપણા સ્વર્ગીય પિતા પર ધ્યાન કેન્દ્રિત કરીશું તો, "ખેતરના ફૂલઝાડોની" જેમ આપણે પણ આત્મિક વૃદ્ધિ પામીશું.

જે લોકો આપણને સૌથી વધુ પ્રભાવિત કરે છે, તેઓ સતત વાતો કરીને આપણો સમય બગાડનાર લોકો નથી, પરંતુ એ લોકો છે જેઓ પોતાનું જીવન આકાશના તારાઓ, અને "ખેતરના ફૂલઝાડો" ની જેમ જીવનાર લોકો જ છે - જેઓ સરળતાથી અને કોઈ દેખાડા વગર જીવે છે. તે જ જીવનો છે જેઓ આપણને ઘડે છે અને આકાર આપે છે.

જો તમે પરમેશ્વરના ઉપયોગમાં આવવા માંગો છો તો - તેમની પર ધ્યાન કેન્દ્રિત કરવા દ્વારા ઈસુ ખ્રિસ્ત સાથે યોગ્ય સંબંધ જાળવી રાખો અને તે તમારા જીવનની દરેક ક્ષણનો ઉપયોગ કરશે - અને છતાં તમને ખબર પણ નહિ પડે કે તમે પરમેશ્વર દ્વારા વપરાઈ રહ્યા છો.

## ''હું ખંડિયેરોમાંથી પણ ઊભો થાઉં છું''

*''ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ જુદા પાડશે?''*
*(રોમનોને પત્ર ૮:૩૫)*

પરમેશ્વર પોતાના સંતાનને સંકટથી સુરક્ષિત રાખતો નથી; પરંતુ તેમણે એવું વચન આપ્યું છે કે, ''હું સંકટસમયે તેની સાથે થઈશ...''(ગી. શા. ૯૧:૧૫) વ્યક્તિના જીવનમાં વિપત્તિઓ કેટલીય વાસ્તવિક કે જબરદસ્ત કેમ ના હોય, કોઈ પણ બાબત તેને પરમેશ્વર સાથેના સંબંધથી અલગ કરી શકતી નથી. ''...આપણે એ બાબતોમાં વિશેષ જય પામીએ છીએ.'' (રોમનોને પત્ર ૮:૩૭) પાઉલ અહીં કોઈ કાલ્પનિક બાબતોની વાત નથી કરતો પરંતુ એવી ચીજોની વાત કરે છે જે ખતરનાક રીતે વાસ્તવિક છે. અને તેણે કહ્યું કે એ બધી બાબતોની વચ્ચે આપણે ''મહા-વિજયી'' છીએ, અને તેનું કારણ આપણી કુશળતા નથી, ન તો આપણું સાહસ પરંતુ એ કારણથી કે આમાંની કોઈ પણ બાબતો ઈસુ ખ્રિસ્તમાં પરમેશ્વર સાથેના આપણા સંબંધને અસર કરતી નથી. મને એવા ખ્રિસ્તી માટે ખૂબ દુઃખ થાય છે જેની પરિસ્થિતિઓમાં એવું કશું જ નથી જેના માટે તે ઈચ્છા રાખે કે આ બાબત ના હોત તો કેટલું સારું થાત.

''શું વિપત્તિ...?'' વિપત્તિ એ કોઈ ભવ્ય ઘટના નથી; તે જે પણ હોય કદાચ પુષ્કળ થાક, ચીડિયાપણું અથવા કોઈ કમજોરી ઉત્પન્ન કરતી બાબત હોય - આ બાબત આપણને ''ખ્રિસ્તના પ્રેમથી અલગ'' કરી શકતી નથી. ક્યારેય પણ વિપત્તિ અથવા ''આ જગતની ચિંતા'' ને મંજૂરી ના આપશો કે તે તમને એવું યાદ કરતા અટકાવે કે, પરમેશ્વર તમને પ્રેમ કરે છે(માથ્થી ૧૩:૨૨).

''શું...વેદના...?'' શું પરમેશ્વરનો પ્રેમ ત્યારે પણ સ્થિર રહેશે ને પકડી રાખશે જ્યારે એવું લાગે કે આપણી ચારે તરફ બધું જ એવું કહી રહ્યા છે કે તેનો પ્રેમ એક જૂઠ છે, અને એવું પણ કે ન્યાય નામની કોઈ ચીજ છે જ નહિ?

''શું...દુકાળ...?'' જ્યારે આપણે ભૂખે મરી રહ્યા હોઈએ ત્યારે પણ શું આપણે પરમેશ્વરના પ્રેમમાં વિશ્વાસ રાખી શકીએ એટલું જ નહિ પણ ''વિશેષ જય પામી'' શકીએ છીએ? કાં તો ઈસુ ખ્રિસ્ત એક ઠગ છે જેમણે પાઉલને છેતર્યા, અથવા તો પછી એ લોકો સાથે કોઈ અસાધારણ વાત થઈ રહી છે કે જે બધી જ શક્યતાઓને પોતાની વિરુદ્ધ જતા જુએ છે છતાં પણ પરમેશ્વરના પ્રેમને પકડી રાખે છે. તેમની વિરુદ્ધ થનારી આ બધી બાબતોની સામે તર્ક બંધ થઈ જાય છે. ફક્ત એક જ વાત આનો જવાબ આપી શકે છે અને તે તો છે ખ્રિસ્ત ઈસુમાં પરમેશ્વરનો પ્રેમ. દરેક વખતે હું ખંડિયેરોમાંથી ઊભો થાઉં છું.

## પોતાના પ્રાણને બચાવી રાખવો

*"તમારી ધીરજથી તમે તમારા જીવને બચાવશો"*
*(લૂક ૨૧:૧૯)*

જ્યારે કોઈ વ્યક્તિનો નવો જન્મ થાય છે, ત્યારે કેટલાક સમય સુધી તેના વિચારો કે તર્કમાં પહેલા જેવી જીવંતતા નથી હોતી. આપણે ખ્રિસ્તના મનની રચના દ્વારા આપણામાં જે નવું જીવન આવે છે તેને વ્યક્ત કરવાનું શીખવું પડે છે (જુઓ ફિલિપ્પી ૨:૫). લૂક ૨૧:૧૯ નો અર્થ થાય છે કે આપણે ધીરજથી આપણા જીવને બચાવીશું. આપણામાંના ઘણા બધા લોકો પરમેશ્વરે જે નવું જીવન આપણી અંદર મૂક્યું છે તે મુજબ પોતાના જીવને રચવા અને બાંધીને વધારવાના બદલે ખ્રિસ્તી જીવનના પ્રવેશદ્વાર પર જ રહેવાનું પસંદ કરી છીએ. આપણે એ નથી જાણતા કે પરમેશ્વરે આપણને કેવી રીતે બનાવ્યા છે તેને કારણે આપણે નિષ્ફળ જઈએ છીએ અને પછી શેતાનને એ બધી બાબતોનો દોષ આપીએ છીએ જે વાસ્તવમાં આપણા પોતાના શિસ્ત વિનાના સ્વભાવનું પરિણામ હોય છે. જરા વિચારો કે જ્યારે આપણે સત્ય અંગે જાગૃત થઈ જઈશું તો આપણે કેવા હોઈશું.

જીવનમાં એવી કેટલીક બાબતો છે જેના માટે આપણે પ્રાર્થના કરવી જોઈએ નહિ- ઉદાહરણ તરીકે આપણા મનની સ્થિતિ. આપણે આપણા મનની આ બદલાતી સ્થિતિમાંથી પ્રાર્થના દ્વારા ક્યારેય છૂટકારો પામી શકીશું નહિ પરંતુ છૂટકારા માટે તેને બળપૂર્વક આપણા જીવનમાંથી દૂર કરવું પડશે. મનની સ્થિતિનું મૂળ વિશેષ આપણી શારીરિક હાલતમાં હોય છે આપણા સાચા આંતરિક વ્યક્તિત્વમાં નહિ. આપણી શારીરિક સ્થિતિના ફળસ્વરૂપે ઉત્પન્ન થનાર મનની સ્થિતિને નહિ સાંભળવી એ એક સતત ચાલનાર સંઘર્ષ બની જાય છે, અને આપણે એક પળ માટે પણ તેની આગળ ઝૂકવું જોઈએ નહિ. આપણે આપણી જાતોને પકડીને જોરથી ઝાટકી કાઢવાનું છે, અને ત્યારે આપણને સમજાશે કે આપણે જે વિચારતા હતા કે આપણા વશની બહાર છે તે બધું જ આપણે કરી શકીશું. જે સમસ્યાથી આપણે શાપિત થયા છે તે તો એ છે કે આપણે એવું કરવા માંગતા નથી. ખ્રિસ્તી જીવન આત્મિક સાહસ અને દ્રઢ સંકલ્પનું જીવન હોય છે.

## પરમેશ્વર પર અતિશય વિશ્વાસ રાખવો

*"પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો,*
*એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે"*
*(માથ્થી ૬:૩૩)*

જ્યારે આપણે ઈસુના આ શબ્દો તરફ ધ્યાન આપીએ છીએ ત્યારે તરત જ આપણને એવું લાગે છે કે આનાથી વધુ ક્રાંતિકારી શબ્દો મનુષ્યએ ક્યારેય સાંભળ્યા નહિ હોય. "તમે પહેલા તેના રાજ્યને શોધો..." આપણામાંથી સૌથી વધુ આત્મિક વ્યક્તિ પણ આનાથી વિપરીત પક્ષમાં બોલશે અને કહેશે, "પરંતુ મારે જીવવાનું છે; મારે આટલા પૈસા તો કમાવવા જ પડશે; મારે કપડાની તો જરૂર છે જ; મારે ખોરાકની તો જરૂર પડશે જ" આપણા જીવનની સૌથી મોટી ચિંતા પરમેશ્વરના રાજ્યની નથી, પરંતુ એ છે કે જીવવા માટે આપણે કેવી રીતે આપણી કાળજી રાખીએ. ઈસુએ આપણને એમ જણાવીને આખો ક્રમ ઉલટાવી દીધો કે પ્રથમ પરમેશ્વર સાથેનો સંબંધ સીધો રાખો અને તેને આપણા જીવનની મુખ્ય ચિંતાની જેમ જાળવો અને આપણે જીવનની બીજી બાબતોની ચિંતા ક્યારેય કરીએ નહિ.

"...તમારા જીવને સારુ ચિંતા ન કરો..."(૬:૨૫). આપણા પ્રભુએ એ વાત પર ભાર મૂક્યો કે તેમના દ્રષ્ટિકોણ મુજબ એ બિલકુલ ગેરવ્યાજબી છે કે આપણે કેવી રીતે જીવીશું તેની ચિંતા કરીએ. ઈસુએ એવું નથી કહ્યું કે જે માણસ પોતાના જીવનમાં કોઈ પણ બાબતની ચિંતા નથી કરતો, તે ધન્ય છે- ના, પરંતુ એવો વ્યક્તિ મૂર્ખ છે. પરંતુ ઈસુએ એવું જરૂર શીખવ્યું કે, તેમના શિષ્યએ પરમેશ્વર સાથેના સંબંધને પોતાના જીવનનું સૌથી મહત્વપૂર્ણ બિંદુ બનાવવું જોઈએ, અને તેની સરખામણીમાં બાકીની બધી બાબતોની ચિંતા કરવી જોઈએ નહિ, ઈસુનો કહેવાનો અર્થ એ હતો કે, "ખાવા-પીવા ને પોતાના જીવનને નિયંત્રીત કરનાર બાબત ના બનાવશો, પરંતુ સંપૂર્ણ રીતે પરમેશ્વર પર ધ્યાન કેન્દ્રિત રાખો" કેટલાક લોકો પોતાના ખાવા-પીવા અંગે લાપરવાહ હોય છે અને તેમણે તેની કિંમત ચૂકવવી પડે છે; તેઓ પોતાના વસ્ત્રપરિધાન અંગે લાપરવાહ હોય છે તેથી દેખાવમાં ગંદા લાગે છે; તેઓ તેમની પોતાની સાંસારિક બાબતોમાં લાપરવાહ હોય છે, તેથી પરમેશ્વર તેમને જવાબદાર ઠેરવે છે. ઈસુ એમ કહી રહ્યા છે કે આપણે પરમેશ્વરની સાથેના પોતાના સંબંધને પ્રથમ સ્થાન આપવું જોઈએ, અને બીજી બધી બાબતોને બીજા સ્થાને મૂકવાની છે.

આ વચનોમાં ઈસુના શિક્ષણ સાથે તાલમેલ બનાવવા માટે પવિત્ર આત્માને મંજૂરી આપવી એ ખ્રિસ્તી જીવનમાં સૌથી કઠણ અને છતાંયે સૌથી મહત્વપૂર્ણ શિસ્તમાંની એક શિસ્ત છે.

## આપણી મુશ્કેલીઓ માટેનો ખુલાસો

*"તેઓ બધા એક થાય; હે બાપ, જેમ તું મારામાં અને હું તારામાં, તેમ તેઓ પણ આપણામાં થાય..."*
*(યોહાન ૧૭:૨૦,૨૧)*

જો તમે એકલવાયાપણામાંથી પસાર થઈ રહ્યા છો, અને તમને એવો અનુભવ થાય છે કે તમે બિલકુલ એકલા છો, તો યોહાન ૧૭ વાંચો. તે તમને સ્પષ્ટતાથી સમજાવશે કે, તમે જ્યાં છો ત્યાં તમે કેમ છો - અર્થાત્ તમે તે પરિસ્થિતિમાં એ માટે છો કારણ કે ઈસુએ પ્રાર્થના કરી હતી કે તમે પિતા સાથે "એક થાવ" જેમ ઈસુ પણ તેમની સાથે એક છે. શું તમે આ પ્રાર્થનાનો જવાબ આપવામાં પરમેશ્વરને મદદ કરી રહ્યા છો, કે તમારા જીવનને માટે તમારા ઉદ્દેશ કંઈક બીજા જ છે? જ્યારથી તમે શિષ્ય બન્યા ત્યારથી તમે પહેલાની જેમ સ્વતંત્ર નથી રહી શકતા.

યોહાન ૧૭ માં પરમેશ્વર એ વાત પ્રગટ કરે છે કે તેમનો ઉદ્દેશ ફક્ત આપણી પ્રાર્થનાઓનો જવાબ આપવો એટલું જ નથી, પરંતુ એ પણ છે કે પ્રાર્થનાના દ્વારા આપણે તેમના મનને પારખી શકીએ. છતાંય, એક પ્રાર્થના એવી છે કે જેનો જવાબ પરમેશ્વરે આપવો જ જોઈએ, અને તે તો ઈસુની પ્રાર્થના- "જેવા આપણે એક છીએ તેવા તેઓ પણ એક થાય..."(૧૭:૨૨). શું આપણે ઈસુની એટલા નજીક છીએ?

પરમેશ્વરને આપણી યોજનાઓની ચિંતા નથી; તે એમ નથી પૂછતા કે, "શું તમે આ પ્રિય વ્યક્તિને ગુમાવવા માગો છો, આ મુશ્કેલી કે આ હારમાંથી પસાર થવા માંગો છો?" ના, તે પોતાના ઉદ્દેશને પૂર્ણ કરવા આ બાબતોને થવા દેવા માંગે છે. જે બાબતોમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ. તે, યા તો આપણને વધુ મધુર, સારા અને નીતિમાન સ્ત્રી-પુરુષો બનાવી શકે છે અથવા તો તે આપણને વધુ ટીકા કરનારા, દોષ કાઢનારા અને પોતાની મનમાની કરનારા બનાવી શકે છે. જે ઘટનાઓ થાય છે, તે, પરમેશ્વર સાથેના આપણા સંબંધ અને આપણી ઘનિષ્ઠતાના પ્રમાણમાં આપણને યા તો વધુ દુષ્ટ બનાવે છે કે આપણને વધુ ધાર્મિક બનાવે છે. જો આપણે આપણા જીવનના સંબંધમાં એવી પ્રાર્થના કરીએ કે, "તારી ઈચ્છા પૂરી થાવ"(માથ્થી ૨૬:૪૨) તો, યોહાન ૧૭ આપણને એવું સાંત્વન આપશે કે આપણા પિતા પોતાની બુદ્ધિ અનુસાર કામ કરી રહ્યા છે અને જે શ્રેષ્ઠ છે તે જ કરી રહ્યા છે. જ્યારે આપણે પરમેશ્વરના ઉદ્દેશને સમજીશું ત્યારે આપણે સંકુચિત મનવાળા અને દોષ કાઢનાર નહિ બનીએ. ઈસુએ પોતાની સાથે એક થવાની પ્રાર્થના કરી કે, જેમ તેઓ પણ પિતાની સાથે એક છે. આપણામાંના ઘણા લોકો આ એક થવાથી ખૂબ જ દૂર છે, અને છતાંયે પરમેશ્વર આપણને ત્યાં સુધી નહિ છોડે જ્યાં સુધી આપણે તેની સાથે ખરેખર એક ના થઈ જઈએ- કારણ કે ઈસુએ પ્રાર્થના કરી કે, "...તેઓ પણ એક થાય..."

## સમજણપૂર્વકનો અવિશ્વાસ

*"...તમારા જીવને સારુ ચિંતા ન કરો કે, અમે શું ખાઈશું અથવા શું પીશું અને શરીરને સારુ ચિંતા ન કરો કે અમે શું પહેરીશું..."*
*(માથ્થી ૬:૨૫)*

ઈસુએ શિષ્યના જીવનમાં વ્યવહારુ બુદ્ધિથી સમજણપૂર્વકની સાવધાનીને અવિશ્વાસ કહ્યો છે. જો આપણે પરમેશ્વરના આત્માને પ્રાપ્ત કર્યો છે, તો તે જબરદસ્તીથી આપણા જીવનમાં પ્રવેશ કરે છે અને જાણે કે આપણને પૂછી રહ્યા હોય, "આ સંબંધમાં, આ રજાઓમાં વેકેશન ગાળવાની બાબતમાં, આ નવું પુસ્તક જે તમે વાંચવા માંગો છો તેમાં પરમેશ્વરનું સ્થાન ક્યાં છે?" અને જ્યાં સુધી સૌથી પહેલું મહત્વ તેમને નથી આપતા ત્યાં સુધી પરમેશ્વર આ બાબત પર જોર આપતા રહે છે. જ્યારે આપણે બીજી બાબતોને પ્રથમ સ્થાન આપીએ છીએ ત્યારે ગૂંચવણ થઈ જાય છે.

"...તમારા જીવને સારુ ચિંતા ન કરો..." તમારી જરૂરતોને પૂરી પાડવાનો બોજ પોતાના ઉપર ના લેશો. ચિંતા કરવી એ ખોટું છે એટલું જ નહિ પરંતુ એ અવિશ્વાસ પણ છે; ચિંતા કરવાનો અર્થ એ છે કે આપણે એ વિશ્વાસ નથી કરતા કે પરમેશ્વર આપણા જીવનની વ્યવહારિક વાતોનું ધ્યાન રાખી શકે છે, અને આ જ બાબતો આપણા માટે ચિંતાનું કારણ બને છે. ઈસુએ આપણામાં રોપેલા વચનને કઈ બાબતો દબાવી દે છે તે અંગે ઈસુએ જે કહ્યું છે તે શું તમે ક્યારેય ધ્યાન પર લીધું છે? શું તે શેતાનની વાત છે? ના - તે તો "આ જગતની ચિંતા" છે (માથ્થી ૧૩:૨૨). તે તો આપણી નાની નાની ચિંતાઓ છે. આપણે કહીએ છીએ, "જ્યાં સુધી હું જોઈશ નહિ ત્યાં સુધી હું વિશ્વાસ નહિ કરું" - અને ત્યાંથી જ અવિશ્વાસની શરૂઆત થાય છે. અવિશ્વાસનો એક માત્ર ઈલાજ છે પવિત્ર આત્માની આજ્ઞાનું પાલન કરવું.

ઈસુએ પોતાના શિષ્યોને જે સૌથી મહાન શબ્દ કહ્યો તે તો છે *ત્યાગ કરવું.*

# નિરાશાનો આનંદ

*“જ્યારે મેં તેને જોયો ત્યારે મૂએલા જેવો થઈને હું તેના ચરણ આગળ પડી ગયો”*
*(પ્રકટીકરણ ૧:૧૭)*

એવું બની શકે કે પ્રેરિત યોહાનની જેમ, તમે ઈસુ ખ્રિસ્તને ખૂબ નીકટથી ઓળખતા હશો. છતાં તેઓ જ્યારે કોઈ અપરિચિત લક્ષણોની સાથે તમારી સામે આવી જાય, તો તમે એક જ કામ કરી શકશો - અને તે તો “મૂએલા જેવા થઈને તેના ચરણ આગળ” પડી જાવ. એવા સમયો આવે છે જેમાં પરમેશ્વર પોતાને ગૌરવમાં પ્રગટ કર્યા સિવાય બીજી કોઈ રીતે પ્રગટ કરી શકતા નથી અને આ તો દર્શનની ભયાનકતા છે કે જે તમને નિરાશાના આનંદ સુધી લઈ આવે છે. તમે નિરાશાજનક સ્થિતિમાં હર્ષનો અનુભવ કરો છો, અને સમજી જાઓ છો કે જો તમને ક્યારે પણ ઊંચા ઉઠાવવામાં આવશે, તો તે ફક્ત પરમેશ્વરના હાથ દ્વારા જ ઉઠાવાશે.

“...તેણે પોતાનો જમણો હાથ મારા પર મૂકીને...”(૧:૧૭). આ ભયંકરતાની મધ્યમાં, તમને એક સ્પર્શ થાય છે અને તમે જાણો છો કે તે તો ઈસુ ખ્રિસ્તનો જમણો હાથ છે, તમે જાણો છો કે તે તો અટકાવ માટેનો, કે ભૂલોને સુધારવા માટેનો કે, શિક્ષાનો હાથ નથી, પરંતુ અનંતકાળના પિતાનો જમણો હાથ છે. જ્યારે પણ તેમનો હાથ તમારી પર મૂકવામાં આવે છે ત્યારે તેના દ્વારા તમને એવી અવર્ણનીય શાંતિ અને દિલાસો મળે છે અને એ અહેસાસ થાય છે કે “નીચે અનંત ભૂજો છે”(પુનર્નિયમ ૩૩:૨૭) કે જે ટેકાથી, પુરૂ પાડવાથી, દિલાસાથી અને સામર્થ્યથી ભરપૂર છે. અને જ્યારે એક વાર તમને સ્પર્શ પ્રાપ્ત થાય છે ત્યારે કોઈ પણ બાબત તમને ફરીથી ભયભીત કરી શકતી નથી. તેમના સ્વર્ગમાં ઊંચકી લેવાયાના મહિમાની મધ્યે, પ્રભુ ઈસુ એક મહત્વહીન શિષ્યની પાસે આવીને તેને કહે છે, “બી મા”(પ્રકટીકરણ ૧:૧૭). તેમની કોમળતા અવર્ણનીય રીતે મધુર છે. શું હું તેને આ રૂપમાં ઓળખું છું?

જે ચીજો નિરાશા ઉત્પન્ન કરે છે તેમની તરફ જુઓ. એક નિરાશા એવી હોય છે જેમાં કોઈ જ આનંદ નથી, કોઈ જ મર્યાદા નથી અને કોઈ જ સારી બાબતની આશા નથી. પરંતુ નિરાશાનો આનંદ ત્યારે જ આવે છે જ્યારે “હું જાણું છું કે, મારામાં એટલે મારા દેહમાં, કંઈ જ સારું વસતું નથી...”(રોમન ૭:૧૮). મને એ જાણીને આનંદ થાય છે કે મારામાં એવું કશુંક છે, પરમેશ્વર જ્યારે પોતાની જાતને મારી આગળ પ્રગટ કરે છે ત્યારે પરમેશ્વર સામે ઘૂંટણિયે પડી જવાનું છે, અને એ જાણીને આનંદ થાય છે કે જો મને ક્યારેય પણ ઉઠાડવામાં આવશે તો તે ફક્ત પરમેશ્વરના હાથથી જ થશે. જ્યાં સુધી હું માનવીય સંભાવનાની મર્યાદા સુધી ના પહોંચી જાઉં અને તેમને અશક્યતાઓને કરવાની મંજૂરી ના આપું ત્યાં સુધી પરમેશ્વર મારા માટે કશું જ કરી શકતા નથી.

## સારું કે શ્રેષ્ઠ?

*“જો તું ડાબી ગમ જશે, તો હું જમણી ગમ જઈશ;*
*અને જો તું જમણી ગમ જશે તો હું ડાબી ગમ જઈશ”*
*(ઉત્પત્તિ ૧૩:૯)*

જેવા તમે પરમેશ્વરમાં વિશ્વાસનું જીવન જીવવાની શરૂઆત કરો છો, કે તરત જ આકર્ષક અને શારીરિક સંતૃપ્ત કરનાર સંભાવનાઓ તમારી સામે ખૂલવા લાગે છે. તે બાબતો પર તમારો સંપૂર્ણ હક છે, પરંતુ જો તમે વિશ્વસાનું જીવન જીવો છો, તો તમે તમારા હકનો ત્યાગ કરશો, અને પરમેશ્વરને તક આપશો કે તે તમારા માટે પસંદગી કરે. ક્યારેક પરમેશ્વર તમને કસોટીના એવા સ્થાને આવવા દે છે જ્યાં, જો તમે વિશ્વાસનું જીવન નથી જીવતા, તો તમારા પોતાના કલ્યાણને માટે જીવવું યોગ્ય ગણાય છે. પરંતુ જો તમે વિશ્વાસનું જીવન જીવો છો તો, તમે ખુશીથી પોતાનો અધિકાર - હક જતો કરશો અને પરમેશ્વરને તમારા માટે પસંદગી કરવાનો અવસર આપશો. આ એ શિસ્ત છે કે જેનો પરમેશ્વર ઉપયોગ કરે છે જેથી તેમની આજ્ઞા માનવા દ્વારા સ્વાભાવિક બાબતો આત્મિકરૂપમાં રૂપાંતરિત થઈ જશે.

જ્યારે પણ આપણા અધિકાર આપણા જીવનમાં માર્ગદર્શક બને છે ત્યારે આપણી આત્મિક અંતઃદ્રષ્ટિ મંદ થઈ જાય છે. પરમેશ્વરમાં વિશ્વાસના જીવનનો સૌથી મોટો શત્રુ તે પાપ નથી, પરંતુ એવી પસંદગીઓ છે જે સારી હોય છે પરંતુ શ્રેષ્ઠ નહિ. સારુ હંમેશા શ્રેષ્ઠનો શત્રુ હોય છે. આ વચનોમાં એવું લાગે છે કે ઈબ્રામ માટે સમજદારીનું એ હોત કે તે પસંદગી કરે. એ તેનો અધિકાર હતો, અને તેની આસપાસના લોકો પસંદગી નહિ કરવાના કારણે તેને મૂર્ખ સમજશે.

આપણામાંથી ઘણા લોકો આત્મિક રીતે આગળ નથી વધતા કેમ કે આપણા માટે પસંદગી કરવા પરમેશ્વર પર આધાર રાખવાને બદલે, આપણે આપણા અધિકારના આધાર પર પસંદગી કરવાનું પસંદ કરીએ છીએ આપણે એવા માપદંડ અનુસાર ચાલવાનું શીખવાનું છે, જેની આંખો પરમેશ્વર પર લાગેલી રહે છે. અને પરમેશ્વરે ઈબ્રામને કહ્યુ તેમ તે આપણને પણ કહે છે કે, “...મારી સમક્ષ ચાલ...”(ઉત્પત્તિ ૧૭:૧).

## ઈસુએ જે શિક્ષણ આપ્યું તેમ પ્રાર્થના વિશે વિચારવું

*"નિત્ય પ્રાર્થના કરો" (૧ થેસ્સાલોનિકા ૫:૧૭)*

પ્રાર્થનાના વિષયમાં આપણી સમજ ચાહે તે સાચી કે ખોટી હોય, પરંતુ આપણી પોતાની ધારણા પર આધારિત હોય છે. સાચી સમજ એ છે કે આપણે પ્રાર્થનાને પોતાના ફેફસાંની અંદરના શ્વાસ અને પોતાના હૃદયમાંના રક્ત સમાન સમજીએ. આપણા લોહીનું ભ્રમણ અને શ્વાસનું ચાલવું તે નિરંતર ચાલતી ઘટના છે, આપણે તે માટે સભાન પણ નથી હોતા, પરંતુ તે ક્યારેય રોકાતું નથી. આપણે હંમેશા સભાન નથી હોતા કે ઈસુ આપણને પરમેશ્વરની સાથે સંપૂર્ણ એકતામાં રાખે છે; પરંતુ  જો આપણે તેમની આજ્ઞાનું પાલન કરીએ છીએ તો, તે હંમેશા તેમ કરે છે. પ્રાર્થના એક કસરત નથી, પરંતુ સંતનું જીવન છે. એવી દરેક બાબતોથી દૂર રહી સાવધાન રહો જે પ્રાર્થના કરતા અટકાવે છે. "નિત્ય પ્રાર્થના કરો" પોતાના હૃદયમાં હરેક સમયે પરમેશ્વરને પ્રાર્થના કરવાની બાળકોના જેવી આદત રાખો.

ઈસુએ ક્યારેય જવાબ ના મળ્યો હોય તેવી પ્રાર્થનાઓનો ઉલ્લેખ નથી કર્યો. તેઓ અસીમિત નિશ્ચિતતાથી જાણતા હતા કે પ્રાર્થનાનો ઉત્તર હંમેશા પ્રાપ્ત થાય છે. શું પરમેશ્વરના આત્મા દ્વારા આપણને પ્રાર્થના માટે એ અવર્ણનીય નિશ્ચિતતા છે જે ઈસુ પાસે હતી, કે પછી આપણે એ સમયો અંગે વિચારીએ છીએ જેમાં આપણને એમ લાગ્યું કે પરમેશ્વરે આપણી પ્રાર્થનાનો ઉત્તર નથી આપ્યો? ઈસુએ કહ્યું, "જે હરેક માગે છે તે પામે છે..."(માથ્થી ૭:૮). છતાં આપણે કહીએ છીએ, "પરંતુ...પરંતુ..." પરમેશ્વર પ્રાર્થનાનો ઉત્તર સૌથી શ્રેષ્ઠ રીતે આપે છે, ક્યારેક જ આપે છે તેમ નહિ પરંતુ દરેક સમયે ઉત્તર આપે છે. જો કે આપણે જે ક્ષેત્રમાં ઉત્તર માંગીએ છીએ તેની સાબિતી હંમેશા તરત જ પ્રાપ્ત નથી થતી. શું આપણે એવી અપેક્ષા રાખીએ છીએ કે પરમેશ્વર પ્રાર્થનાનો ઉત્તર આપે?

આપણા માટે સૌથી જોખમકારક એ વાત છે કે ઈસુએ કહ્યું છે તેની અસરોને આપણે ઓછી કરી નાંખીએ છીએ, અને આપણી વ્યવહારિક બુદ્ધિ અનુસાર આપણે તેનો અર્થ કરીએ છીએ. પરંતુ જો આ ફક્ત વ્યવહારિક બુદ્ધિની વાત હોય તો પછી, ઈસુએ જે કંઈ કહ્યું તેનું કંઈ ખાસ મહત્વ રહેતું નથી. ઈસુએ પ્રાર્થના અંગે જે બાબતો સમજાવી છે તે તો અલૌકિક સત્યો છે જે તેણે આપણી આગળ પ્રગટ કર્યા છે.

## તેને ઓળખવાનું જીવન

*"...તમે ઉપરથી પરાક્રમે વેષ્ટિત થાઓ, ત્યાં સુધી શહેરમાં રહેજો"*
*(લૂક ૨૪:૪૯)*

ઈસુના શિષ્યોને પચાસમાના દિવસ સુધી યરૂશાલેમમાં રોકાવાનું હતું, અને તે ફક્ત પોતાને તૈયાર કરવાને માટે નહિ, પરંતુ એ માટે કે પ્રભુ વાસ્તવમાં મહિમાવાન મનાય ત્યાં સુધી રાહ જોવાની હતી. અને જેવા તેઓ મહિમાવાન મનાયા, કે તરત શું થયું? "પરમેશ્વરને જમણે હાથે તેને ઉપર લઈ લેવામાં આવ્યા, અને બાપ પાસેથી પવિત્ર આત્માનું વચન પામીને, આ જે તમે જુઓ છો તથા સાંભળો છો, તે તેણે રેડ્યું છે"(પ્રે. કૃ ૨:૩૩). યોહાન ૭:૩૯ માં જણાવાયું છે તે, "...ઈસુને હજી મહિમાવાન કરવામાં આવ્યો ન હતો, માટે પવિત્ર આત્મા હજી આપવામાં આવ્યો ન હતો" આ કલમ આપણને લાગુ પડતી નથી. આપણને પવિત્ર આત્મા આપવામાં આવ્યો છે; પ્રભુને મહિમાવાન કરવામાં આવ્યા છે, આપણે રાહ જોવાની બાબત તે પરમેશ્વરની પ્રબંધ કરવાની બાબત પર નહિ પરંતુ આપણી પોતાની આત્મિક સ્થિતિ પર નિર્ભર છે.

પવિત્ર આત્માનો પ્રભાવ અને સામર્થ્ય પચાસમાના દિવસની પહેલાથી કામ કરતા હતા, પરંતુ તેઓ ત્યાં નહોતા. જ્યારે ઈસુને તેમના સ્વર્ગારોહણમાં મહિમા પ્રાપ્ત થયો, ત્યારથી પવિત્ર આત્મા જગતમાં આવ્યો, અને ત્યારથી અહીં છે. આપણે પ્રગટ થયેલા આ સત્યને સ્વીકારવાનું છે કે તે અહીં છે. પોતાના જીવનમાં પવિત્ર આત્માને પ્રાપ્ત કરવો અને તેનુ સ્વાગત કરવાની મનોવૃત્તિ તે એક વિશ્વાસીનું સતત રહેનાર વલણ છે. જ્યારે આપણે પવિત્ર આત્માને પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આપણે સ્વર્ગમાં ગયેલા પ્રભુની પાસેથી ચેતનવંતુ જીવન પ્રાપ્ત કરીએ છીએ.

પવિત્ર આત્માનું બાપ્તિસ્મા લોકોને નથી બદલતું; પરંતુ સ્વર્ગમાં ચઢી ગયેલા ખ્રિસ્તનું સામર્થ્ય જે પવિત્ર આત્મા દ્વારા જીવનોમાં આવે છે તે લોકોને બદલે છે. આપણે જે બાબતોને નવા કરારમાં અલગ કરવામાં નથી આવી તેમને કંઈક વધારે અલગ કરી દઈએ છીએ. પવિત્ર આત્માનું બાપ્તિસ્મા ઈસુ ખ્રિસ્તથી અલગ અનુભવ નથી - તે તો સ્વર્ગમાં ચઢેલા ખ્રિસ્તની સાબિતી છે.

પવિત્ર આત્માનું બાપ્તિસ્મા તમને સમય અથવા અનંતકાળને વિશે વિચારતા કરતું નથી- એ તો એક અદ્‌ભુત મહિમાવાન વર્તમાન છે. "અનંતજીવન એ છે કે તેઓ તને...ઓળખે"(યોહાન ૧૭:૩). તેમને હમણાં ઓળખવાની શરૂઆત કરો, અને ક્યારેય બંધ ના કરશો.

## નિર્વિવાદ પ્રકટીકરણ

*''તે દહાડે તમે મને કંઈ પૂછશો નહિ...''*
*(યોહાન ૧૬:૨૩)*

''તે દિવસ'' ક્યારે છે? તે એ દિવસ છે જ્યારે સ્વર્ગે ચઢી ગયેલા પ્રભુ તમને બાપ સાથે એક કરે છે. ''તે દહાડે'' તમે પિતા સાથે એક થઈ જશો, જેમ ઈસુ એક છે, અને તે કહે છે, ''તે દહાડે તમે મને કંઈ પૂછશો નહિ'' જ્યાં સુધી ઈસુના પુનરુત્થાનનું જીવન સંપૂર્ણ રીતે તમારામાં પ્રદર્શિત નથી થતું, ત્યાં સુધી તમારા મનમાં ઘણી બધી બાબતો અંગે પ્રશ્નો ઉઠે છે. પછી કેટલાક સમય બાદ તમે જુઓ છો કે તમારા બધા પ્રશ્નો અદ્રશ્ય થઈ ગયા છે - તમારી પાસે પૂછવાને માટે કશું બાકી રહેતું નથી. તમે ઈસુના પુનરુત્થાનના જીવન પર સંપૂર્ણ ભરોસો રાખવાની સ્થિતિમાં પહોંચી ગયા છો - જે તમને પૂરી રીતે પરમેશ્વરના ઉદ્દેશની સાથે એકતામાં લાવે છે. શું તમે તે જીવન હમણાં જીવી રહ્યા છો? જો ના, તો કેમ નથી જીવી રહ્યા?

''તે દહાડે'' એવી ઘણી બાબતો હોઈ શકે છે જે ત્યારે પણ તમારી સમજથી પર હશે, પરંતુ તે તમારા હૃદય અને પરમેશ્વરની વચ્ચે નહિ આવે. ''તે દહાડે તમે મને કંઈ પૂછશો નહિ'' - તમારે પૂછવાની જરૂરત નહિ પડે કેમ કે તમને ખાતરી થઈ જશે કે પરમેશ્વર પોતાની ઈચ્છા મુજબ દરેક બાબતો પ્રગટ કરશે. યોહાન ૧૪:૧ ના વિશ્વાસ અને શાંતિ તમારા હૃદયના વાસ્તવિક વલણ બની ગયા છે, અને વધુ પ્રશ્ન પૂછવાના બાકી રહ્યા નથી, જો કોઈ બાબત તમારા માટે એક રહસ્ય છે અને તમારી તથા પરમેશ્વરની વચ્ચે આડી આવે છે, તો તેના સ્પષ્ટીકરણને તમારા મગજમાં નહિ પણ તમારા આત્મામાં, અર્થાત્ તમારા વાસ્તવિક આંતરિક સ્વભાવમાં શોધો - સમસ્યા ત્યાં જ છે એક વાર જ્યારે તમારો આંતરિક આત્મિક સ્વભાવ ઈસુના જીવનને આધીન થવાને ઈચ્છુક બને છે, ત્યારે તમારી સમજણ બિલકુલ સાફ થઈ જશે, અને તમે એ સ્થિતિમાં આવી જશો જ્યાં પરમેશ્વર અને તમારી, અર્થાત્ તેના બાળકની વચ્ચે કોઈ જ, ભિન્નતા નહિ રહે, કારણ કે પ્રભુએ તમને એક કરી દીધા છે. ''તે દહાડે તમે મને કંઈ પૂછશો નહિ.''

## મુશ્કેલી વગરના સંબંધો

*"તે દહાડે મારે નામે તમે માંગશો;...કેમ કે બાપ પોતે તમારા પર પ્રેમ રાખે છે..."*
*(યોહાન ૧૬:૨૬-૨૭)*

"તે દહાડે મારે નામે તમે માંગશો..." અર્થાત્ મારા સ્વભાવમાં માંગશો. આનો અર્થ એ નથી કે "તમે મારા નામનો કોઈ જાદુઈ મંત્રના રૂપમાં ઉપયોગ કરીને માંગશો," પરંતુ અર્થ એ કે, "તમે મારી સાથે એટલા ઘનિષ્ઠ થશો કે તમે મારી સાથે એક થઈ જશો." "તે દહાડે" તે હવે પછીના જીવનનો એક દિવસ નથી, પરંતુ અહીં અને હાલનો એક દિવસ છે. "...કેમ કે બાપ પોતે તમારા પર પ્રેમ રાખે છે..." પરમેશ્વર પિતાનો પ્રેમ એ વાતની સાબિતી છે કે ઈસુની સાથે આપણું એક થવું સંપૂર્ણ અને સમાપ્ત થયેલું છે. આપણા પ્રભુનો કહેવાનો અર્થ એ નહોતો કે આપણું જીવન બાહ્ય કઠિનાઈયો અને અનિશ્ચિતતાઓથી મુક્ત થઈ જશે, પરંતુ એ અર્થ હતો કે જેમ તેઓ પિતાનું હૃદય અને મન જાણતા હતા, તેમ જ પવિત્ર આત્માના બાપ્તિસ્મા દ્વારા આપણે પણ તેઓના દ્વારા સ્વર્ગીય સ્થાનોમાં ઊંચા ઉઠાવવામાં આવીશું. જેથી તેઓ આપણને પરમેશ્વરનું શિક્ષણ આપણને પ્રગટ કરી શકે.

"...જો તમે બાપ પાસે કંઈ માંગશો તો તે તમને મારે નામે તે આપશે"(યોહાન ૧૬:૨૩). "તે દિવસ" તે પરમેશ્વર અને તેના સંત વચ્ચે શાંતિ અને મુશ્કેલીઓ વગરના સંબંધનો દિવસ છે. જેવી રીતે ઈસુ પોતાના પિતાની ઉપસ્થિતિમાં નિષ્કલંક અને શુદ્ધ ઊભા હતા, તેમ જ પવિત્ર આત્માના બાપ્તિસ્માના શક્તિશાળી સામર્થ્ય અને અસરકારકતામાં આપણે પણ તે જ પ્રકારના સંબંધમાં ઉઠાવવામાં આવશે- "જેવા આપણે એક છીએ તેવા તેઓ પણ એક થાય..."(યોહાન ૧૭:૨૨).

"...તે તમને આપશે"(યોહાન ૧૬:૨૩). ઈસુએ કહ્યું કે તેમના નામને કારણે પરમેશ્વર આપણી પ્રાર્થનાઓને માન્ય કરશે અને તેનો ઉત્તર આપશે. કેટલો મોટો પડકાર અને કેટલું મોટું આમંત્રણ - કે આપણે તેમના નામમાં પ્રાર્થના કરીએ! ઈસુના પુનરુત્થાન અને સ્વર્ગારોહણના સામર્થ્ય દ્વારા, અને તેમણે મોકલેલા પવિત્ર આત્મા દ્વારા આપણે આવા સંબંધમાં ઉઠાવવામાં આવી શકીએ છીએ. એકવાર જ્યારે આપણે તે અદ્‌ભુત સ્થાન પર હોઈએ છીએ, જ્યાં ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણને મૂકવામાં આવે છે, ત્યારે આપણે ઈસુના નામમાં, અર્થાત્ તેમના સ્વભાવમાં, પરમેશ્વરને પ્રાર્થના કરી શકીએ છીએ. આ એક ભેટ છે જે પવિત્ર આત્મા દ્વારા આપણને આપવામાં આવી છે. અને ઈસુ કહે છે કે, "...તમે બાપ પાસે કંઈ માંગશો તો તે તમને મારે નામે તે આપશે." ઈસુ ખ્રિસ્તનું આ સર્વોપરિ ચારિત્ર તેમના પોતાના વિધાન દ્વારા પરખવામાં આવે છે અને સાબિત કરવામાં આવે છે.

## “હા - પરંતુ...!”

*“પ્રભુ, હું તારી પાછળ ચાલીશ, પણ...”*
*(લૂક ૯:૬૧)*

ધારો કે પરમેશ્વર તમને કંઈક એવું કરવાનું કહે છે જે તમારી વ્યવહારુ બુદ્ધિ માટે એક મોટી પરીક્ષા છે અને વ્યવહારુ બુદ્ધિથી વિરુદ્ધ છે, તો તમે શું કરશો? શું તમે પાછા હઠશો? શારીરિક રીતે જો તમને કોઈ કામ કરવાની આદત પડી જાય છે તો જ્યાં સુધી તમે દ્રઢ નિર્ધારથી તે આદતને તોડશો નહિ ત્યાં સુધી કસોટી થવાના દરેક સમયે તમે તે જ કર્યા કરશો. આત્મિક રીતે પણ આમ જ થાય છે. જ્યાં સુધી તમે એ દ્રઢનિશ્ચય નથી કરી લેતા કે તમે પોતાની જાતને સંપૂર્ણપણે પરમેશ્વરને સમર્પિત કરી દેશો ત્યાં સુધી તમે વારંવાર એ જ વાત પર આવશો જે ઈસુ ઈચ્છે છે, અને દરેક વખતે કસોટીના કેન્દ્રબિંદુએથી તમે પાછા ફરી જશો છતાં આપણામાં એ કહેવાનું વલણ છે કે, “હા, પરંતુ માની લો કે હું આ બાબતમાં પરમેશ્વરની આજ્ઞાને માની લઉં છું, તો અમુક બાબતોનું શું...?” અથવા આપણે કહીએ છીએ “હા, પરમેશ્વર જે મને કહે છે તે મારી વ્યવહારુ બુદ્ધિની વિરુદ્ધ નહિ હોય, તો હું પરમેશ્વરની આજ્ઞા માનીશ, પરંતુ મને અંધારામાં પગલું ભરવાનું ના કહેશો.”

જે લોકોએ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો છે, તેમનામાં ઈસુ ખ્રિસ્ત તે જ અસંયમિત, સાહસિક જોશની માંગણી કરે છે કે જે માણસ શારીરિકરૂપે પ્રદર્શિત કરે છે. જો કોઈ વ્યક્તિએ ક્યારે પણ યોગ્ય કાર્ય કરવું હોય, તો, એવા અવસર આવશે જ્યારે તેણે દરેક બાબતોને દાવ પર લગાવીને અંધારામાં છલાંગ મારવી પડશે. આત્મિક ક્ષેત્રમાં ઈસુ ખ્રિસ્ત એવી માંગ કરે છે કે તમે તે બધી બાબતો દાવ પર લગાવો જેની પર તમે પોતાની વ્યવહારુ દ્રષ્ટિથી વિશ્વાસ રાખો છો અને વિશ્વાસ સાથે પરમેશ્વર જે કહે છે તેમાં કુદી પડો છો. એક વાર જ્યારે તમે આજ્ઞા માની લો છો ત્યારે તરત અનુભશો કે પરમેશ્વર જે કહેતા હતા તે વ્યવહારુ બુદ્ધિની જેમ જ વિશ્વસનીય છે.

સામાન્ય બુદ્ધિની કસોટીમાં ઈસુ ખ્રિસ્તની વાતો ગાંડપણ લાગશે, પરંતુ તમે જ્યારે તેમને વિશ્વાસની કસોટી દ્વારા પારખશો તો, તમને જે તથ્યોની માહિતી મળશે તેથી સમજ પડશે કે, તે તમારા આત્માને આ વિસ્મયજનક સત્યથી ભરી દેશે કે ખરેખર આ પરમેશ્વરના વચનો છે. પરમેશ્વર પર સંપૂર્ણ રીતે વિશ્વાસ કરો, અને જ્યારે તે તમને કોઈ નવા સાહસિક કાર્યનો અવસર બતાવે છે, તો તેને જરૂરથી સ્વીકાર કરો. સંકટની સ્થિતિમાં આપણે બિલકુલ વિધર્મીઓની જેમ વર્તીએ છીએ - પુષ્કળ લોકોમાંથી મુશ્કેલીથી એક જ વ્યક્તિ એવો મળશે જે પોતાના વિશ્વાસને પરમેશ્વરના ચારિત્રના ભરોસે રાખવાની હિંમત દેખાડે છે.

## પરમેશ્વરને પ્રથમ સ્થાને મૂકો

*“ઈસુએ તેમનો વિશ્વાસ ન કર્યો...કેમ કે માણસમાં શું છે એ તે પોતે જાણતો હતો”*
*(યોહાન ૨: ૨૪-૨૫)*

**પરમેશ્વરમાં પ્રથમ વિશ્વાસ મૂકોઃ** આપણા પ્રભુએ કોઈ માણસમાં પોતાનો વિશ્વાસ ના મૂક્યો. છતાં પણ તેમણે કોઈની પર સંદેહ ના કર્યો, કોઈની પ્રત્યે કડવાશ ના દર્શાવી, અને ક્યારેય કોઈના માટે આશા ના છોડી, કેમ કે તેમણે પરમેશ્વર પર પોતાના વિશ્વાસને પ્રથમ સ્થાને રાખ્યો. પરમેશ્વરની કૃપા બીજાઓ માટે શું કરી શકે છે તેમાં તેમણે સંપૂર્ણ રીતે વિશ્વાસ કર્યો. જો હું માણસો પર મારો વિશ્વાસ પ્રથમ સ્થાને મૂકું છું, તો તેનું અંતિમ પરિણામ એ આવશે કે દરેક પ્રત્યે હું નિરાશ થઈ જઈશ અને નાઉમેદ થઈશ. મારામાં કડવાશ આવશે કેમ કે મેં એવી માંગ કરી કે લોકો એવા બને જેવા કોઈ વ્યક્તિ ક્યારેય નથી બની શકતા, અર્થાત્ બિલકુલ સંપૂર્ણ અને યોગ્ય. પોતાનામાં અથવા બીજી કોઈ વ્યક્તિમાં કોઈ જ બાબતનો ભરોસો રાખશો નહિ, ફક્ત પરમેશ્વરની કૃપા પર ભરોસો અને વિશ્વાસ રાખો.

**પરમેશ્વરની ઈચ્છાને પ્રથમ સ્થાને મૂકો :** “જો, તારી ઈચ્છા પૂર્ણ કરવાને હું આવ્યો” (હિબ્રુ ૧૦:૯)

કોઈ વ્યક્તિ જે બાબત કે વ્યક્તિને જરૂરતના રૂપમાં જુએ છે તેના પ્રત્યે તેનું આજ્ઞાપાલન હોય છે - આપણા પ્રભુનું આજ્ઞાપાલન તેમના પિતાની ઈચ્છા પ્રત્યે હતું. આજે જે પોકાર છે તે એ, “આપણે કામ પર લાગી જવું જોઈએ, અન્યજાતિ લોકો પરમેશ્વર વિના નાશ પામી રહ્યા છે આપણે જઈને તેઓને પરમેશ્વર વિશે જણાવવું જોઈએ.” પરંતુ પ્રથમ આપણે એ નક્કી કરી લેવું જોઈએ કે વ્યક્તિગતરૂપે આપણામાં પરમેશ્વરની “જરૂરત” અને ઈચ્છા પૂરી થઈ રહી છે કે નહિ, ઈસુએ કહ્યું “...તમે ઉપરથી પરાક્રમે વેષ્ટિત થાઓ ત્યાં સુધી શહેરમાં રહેજો”(લૂક ૨૪:૪૯). આપણી ખ્રિસ્તી તાલીમનો ઉદ્દેશ છે કે આપણને પરમેશ્વરની “જરૂરતો” અને તેમની ઈચ્છા વિશે યોગ્ય સંબંધમાં લાવવામાં આવે. એકવાર જ્યારે પરમેશ્વરની “જરૂરતો” આપણામાં પૂર્ણ થઈ જશે ત્યારે તે દરવાજા ખોલશે કે જેથી આપણે તેમની ઈચ્છા પૂર્ણ કરી શકીએ અને બીજે ક્યાંક પોતાની “જરૂરતોને” પૂરી કરી શકીએ.

**પરમેશ્વરના પુત્રને પ્રથમ સ્થાને મૂકો :** “જે કોઈ મારે નામે એવા એક બાળકનો અંગીકાર કરે છે તે મારો પણ અંગીકાર કરે છે”(માથ્થી ૧૮:૫)

પરમેશ્વર એક બાળકના રૂપમાં આવ્યા, જેમણે પોતાની જાતને મને સોંપી દીધી અને આપી દીધી. તે એવી અપેક્ષા રાખે છે કે વ્યક્તિગત જીવન એક “બેથલેહેમ” બને. શું હું મારી અંદર પરમેશ્વરના પુત્રના જીવનને રહેવા દઈને મારા સ્વાભાવિક જીવનને ધીરે ધીરે બદલાવા દઉં છું? પરમેશ્વરનો અંતિમ ઈરાદો એ છે કે તેમનો પુત્ર મારામાં પ્રદર્શિત થાય.

જૂન ૧

## મૂંઝવણમાં નાંખનાર પ્રશ્ન

*“તેણે મને કહ્યું, હે મનુષ્યપુત્ર, શું આ હાડકાં જીવતાં થઈ શકે?”*
*(હઝકિયેલ ૩૭:૩)*

શું એક પાપી સંત બની શકે છે? શું એક બગડેલું જીવન સારુ થઈ શકે છે? આનો એક જ યોગ્ય જવાબ છે - “હે પરમેશ્વર યહોવા, તું જાણે છે”(૩૭:૩). ક્યારેય પણ પોતાની ધાર્મિક સામાન્ય બુદ્ધિથી આગળ વધીને એમ ના કહેશો કે, “હા, કેમ નહિ, થોડું બાઈબલ વાંચન, ભક્તિમાં સમય વીતાવવો અને પ્રાર્થના કરવાથી, જાણી શકાશે કે આ બાબત કેવી રીતે થશે.”

પરમેશ્વર પર ભરોસો રાખવા કરતાં કશું કામ *કરવું* ખૂબ આસાન છે; આપણે સક્રિયતા જોઈએ છીએ અને ભાગદોડને પ્રેરણા સમજી બેસીએ છીએ. આથી જ પરમેશ્વર *માટે* કામ કરતા અસંખ્ય લોકો હોવા છતાં પરમેશ્વર *સાથે* કામ કરનાર સહકાર્યકર ઓછા જોવા મળે છે. આપણે પરમેશ્વર પર વિશ્વાસ કરવાના બદલે તેમના માટે કામ કરવાનું વધુ પસંદ કરીએ છીએ. શું હું ખરેખર વિશ્વાસ કરું છું કે પરમેશ્વર મારામાં એ કામ કરે જે હું નથી કરી શકતો? જે નિરાશા હું બીજાઓ પ્રત્યે અનુભવું છું, તેનું કારણ એ છે કે હું ક્યારેય એ સમજ્યો નહિ કે પરમેશ્વરે મારા માટે શું કર્યું છે. શું મારો વ્યક્તિગત અનુભવ પરમેશ્વરના સામર્થ્ય અને બળનો એટલો અદ્‌ભુત અહેસાસ છે કે હું બીજાઓ માટે ક્યારેય નિરાશા અનુભવી શકતો નથી? શું મારામાં કોઈ પણ આત્મિક કાર્ય થયું છે? મારા જીવનમાં ગભરાટના કારણે જેટલી સક્રિયતા જોવા મળે છે, તે મારા વ્યક્તિગત આત્મિક અનુભવની ઉણપના જેટલી છે.

“...હે મારા લોક, જુઓ, હું તમારી કબરો ઉઘાડીશ...”(૩૭:૧૨) જ્યારે પરમેશ્વર તમને એ દર્શાવવા માંગે છે કે તેમનાથી જુદા થયેલા માનવ જીવન કેવા છે, તો પરમેશ્વર તમને તે તમારી અંદર દર્શાવે છે. જો પરમેશ્વરના આત્માએ ક્યારેય પણ આ દર્શન આપ્યું છે કે પરમેશ્વરની કૃપા વગર તમે કેવા છો, ત્યારે તમે જાણો છો કે વાસ્તવમાં કોઈ અપરાધી એટલો ખરાબ નથી, જેટલા પરમેશ્વરની કૃપા વગર તમે હોઈ શકો છો. મારી “કબર” પરમેશ્વર દ્વારા ખોલવામાં આવી છે. અને “હું જાણું છું કે, મારામાં એટલે મારા દેહમાં, કંઈ જ સારું વસતું નથી” (રોમનોને પત્ર ૭:૧૮). પરમેશ્વરનો આત્મા તેના બાળકોને સતત પ્રગટ કરતો રહે છે કે પરમેશ્વરની કૃપા વિના માનવ સ્વભાવ કેવો છે.

જૂન ૨

## શું તમારા મનનો કબજો કોઈ વિચારે લીધો છે?

*"જે યહોવાથી બીએ છે તે ક્યું માણસ છે?"*
*(ગી. શા. ૨૫:૧૨)*

શું તમારા મન પર કોઈ વિચાર છવાયેલો છે? તમે કદાચ કહેશો કે, "ના, કશું જ નહિ," પરંતુ આપણા સર્વના મન પર કશું ને કશુંક તો છવાયેલું જ હોય છે - તે સામાન્ય રીતે આપણે પોતે જ, અથવા જો આપણે ખ્રિસ્તી છીએ, તો ખ્રિસ્તી જીવનના આપણા પોતાના અનુભવ. પરંતુ ગીતકર્તા કહે છે કે આપણા મન પર ફક્ત પરમેશ્વર જ છવાયેલા હોવા જોઈએ, ખ્રિસ્તી જીવનની સદા પાસે રહેનારી સભાનતા તે તો પરમેશ્વર પોતે છે, તેમના અંગેના વિચારો પણ નહિ. આપણા જીવનના સંપૂર્ણ અસ્તિત્વ પર, અંદર અને બહાર પરમેશ્વરની હાજરી છવાયેલી રહેવી જોઈએ. એક બાળકની સભાનતા તેની માતામાં એટલી ખોવાયેલી રહે છે કે જો કે, તે બાળક સભાનરૂપે તેમના વિષે વિચારતું નથી, છતાં પણ જ્યારે કોઈ સમસ્યા ઊભી થાય છે ત્યારે તેનો સદા સાથે રહેનાર સંબંધ તેની માતાની સાથે હોય છે. તે જ રીતે, આપણે પરમેશ્વરમાં "જીવીએ છીએ, હાલીએ છીએ, અને હોઈએ છીએ"(પ્રે.કૃ. ૧૭:૨૮). દરેક બાબતોને તેની સાથેના સંબંધોમાં જોવી જોઈએ, કારણ કે તેમના અંગેની આપણી સદા રહેનારી સભાનતા આપણા જીવનમાં સતત આગળ જ રહે છે.

જો આપણા મન પર પરમેશ્વર છવાયેલા રહે, તો આપણા જીવનમાં કોઈ મુશ્કેલી, ક્લેશ કે ચિંતા પ્રવેશ કરી શકતી નથી, અને હવે આપણે સમજીએ છીએ કે શા માટે આપણા પ્રભુએ ચિંતા કરવાના પાપ પર આટલો ભાર મૂક્યો હતો. જ્યારે પરમેશ્વરે આપણને ચારે બાજુથી ઘેરી લીધા હોય તો પછી આપણે આટલા અવિશ્વાસી થવાની હિંમત કેવી રીતે કરી શકીએ? આપણા મન પર પરમેશ્વરના છવાયેલા રહેવાનો અર્થ એ થાય છે કે આપણી પાસે શત્રુના હુમલાથી બચવાનો એક અસરકારક અવરોધ છે.

"તેનો જીવ સુખમાં રહેશે..."(ગી. શા. ૨૫:૧૩). જો આપણું "જીવન ખ્રિસ્તની સાથે પરમેશ્વરમાં ગુપ્ત રાખવામાં આવ્યું છે"(કલોસી ૩:૩) તો ક્લેશ, ગેરસમજણ અને નીંદાની મધ્યે પણ, તે આપણને આરામમાં રાખશે અને પરમેશ્વર આપણા જીવને "સુખમાં રહેવા" ની સ્થિતિમાં લાવશે. આપણે પરમેશ્વરના સાથે રહેનાર સંગતના ચમત્કારિક, પ્રગટ થયેલા સત્યથી આપણી જાતને વંચિત રાખીએ છીએ. "પરમેશ્વર આપણા આશ્રય છે..."(ગી.શા. ૪૬:૧). તેમની સુરક્ષાના આશ્રયસ્થાનને તોડીને કોઈ અંદર આવી શકતું નથી.

## યહોવાનો મર્મ

*“યહોવાનો મર્મ તેના ભક્તોની પાસે છે”*
*(ગી.શા. ૨૫:૧૪)*

એક મિત્રની નિશાની શી છે? શું એ કે તે તમને પોતાના ગુપ્ત દુઃખો જણાવે છે? ના, પરંતુ એ કે જે તમને પોતાનો છુપો આનંદ જણાવે છે. ઘણાં લોકો તમને પોતાના ગુપ્ત દુઃખો જણાવે છે, પરંતુ ઘનિષ્ઠતાની અંતિમ નિશાની એ છે કે તેઓ તમારી સાથે પોતાની ગુપ્ત આનંદની વાતો વહેંચશે. શું આપણે પરમેશ્વરને ક્યારેય એવો અવસર આપ્યો છે કે તે આપણને પોતાના આનંદની વાતો જણાવે? કે પછી આપણને સતત પરમેશ્વરને આપણી ગુપ્ત વાતો જણાવતા રહીએ છીએ, અને તેમને આપણી સાથે વાત કરવાની તક પણ નથી આપતા? આપણા ખ્રિસ્તી જીવનની શરૂઆતમાં આપણે પરમેશ્વર પાસેથી માંગણીઓ જ કરતા રહીએ છીએ. પરંતુ ત્યારબાદ આપણને સમજાય છે કે પરમેશ્વર આપણને તેમની પોતાની સાથેના અંગત સંબંધમાં બંધાઈએ તેવું ઈચ્છે છે - જેથી તેઓ આપણને તેમના ઉદ્દેશોના સંપર્કમાં લાવે. શું આપણે ઈસુ ખ્રિસ્તનો પ્રાર્થના અંગેનો જે વિચાર છે તેની સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છીએ કે એમ કહીએ - “તારી ઈચ્છા પૂરી થાવ”(માથ્થી ૬:૧૦) - એટલી ઘનિષ્ઠતાથી એક થયા હોઈએ કે આપણે પરમેશ્વરના રહસ્યોને પકડી શકીએ? પરમેશ્વરે આપણને આપેલા મોટા આશીર્વાદો પરમેશ્વરને આપણે માટે પ્રિય બનાવતા નથી, પરંતુ નાની નાની વાતો પરમેશ્વરને પ્રિય બનાવે છે કારણ કે તે બાબતો આપણી સાથેની તેમની આશ્ચર્યકારક ઘનિષ્ઠતા દર્શાવે છે - તે આપણા દરેકના વ્યક્તિગત જીવનની નાનામાં નાની વાતોથી પરિચિત છે.

“ક્યો માર્ગ પસંદ કરવો તે તેને તે શીખવશે”(ગી. શા. ૨૫:૧૨). શરૂઆતમાં, આપણે પરમેશ્વર આપણને દોરી રહ્યા છે તેની સભાનતા ઈચ્છીએ છીએ. પરંતુ આપણે જેમ જેમ આત્મિક જીવનમાં વૃદ્ધિ પામતા જઈએ છીએ, તેમ તેમ આપણે પરમેશ્વર અંગે એટલા સભાન બનીએ છીએ કે પરમેશ્વરને તેમની ઈચ્છા શું છે એવું પૂછવાની આપણને જરૂર રહેતી નથી, કારણ કે પરમેશ્વરની ઈચ્છા સિવાયનો બીજો માર્ગ પસંદ કરવાનું આપણને ક્યારેય સૂઝશે નહિ. જો આપણું તારણ અને પવિત્રીકરણ થયું છે તો પરમેશ્વર આપણને આપણી દરરોજની પસંદગી દ્વારા દોરશે અને ચલાવશે. અને જો તેમની ઈચ્છા નથી તેવું કંઈક આપણે પસંદ કરવાના હોઈશું તો, પરમેશ્વર આપણને શંકા અથવા રૂકાવટ આપશે, જે પર આપણે અવશ્ય ધ્યાન આપવું જોઈએ. જ્યારે પણ કોઈ શંકા લાગે ત્યારે તરત જ રોકાઈ જાવ. “મને ખબર નથી પડતી કે મારે શા માટે આ ના કરવું જોઈએ?” એમ કહીને તર્ક-વિતર્કના કરશો. આપણે જે પસંદ કરીએ છીએ તેમાં પરમેશ્વર આપણને નિર્દેશ કરે છે; અર્થાત્ તેઓ વાસ્તવમાં આપણી વ્યવહારુ બુદ્ધિનું માર્ગદર્શન કરે છે. અને જ્યારે આપણે તેમના શિક્ષણ અને માર્ગદર્શનને સોંપાઈ જઈએ છીએ ત્યારે, “હવે હે પ્રભુ તમારી શી ઈચ્છા છે?” એમ વારંવાર પૂછીને તેમના આત્માને અવરોધતા નથી.

## કદી ન ત્યાગનાર પરમેશ્વર

*"તેણે પોતે કહ્યું છે કે, હું તને કદી મૂકી દઈશ નહિ,*
*અને તને તજીશ પણ નહિ"*
*(હિબ્રૂઓને પત્ર ૧૩:૫)*

મારા વિચાર કઈ દિશામાં જાય છે? શું પરમેશ્વર મને જે કહે છે તે દિશામાં હું જાઉં છું કે પછી પોતાના વ્યક્તિગત ભયની દિશામાં જઉં છું? શું હું પરમેશ્વરે કહેલી વાતોને ફક્ત પુનઃઉચ્ચાર કરું છું કે પછી શું હું ખરેખર શીખી રહ્યો છું કે તેમનું સાંભળું અને તેઓ જે કહી રહ્યા છે તે સાંભળ્યા પછી તેનો પ્રત્યુત્તર આપું? "કેમ કે તેમણે પોતે કહ્યું છે કે, 'હું તને કદી મૂકી દઈશ નહિ, અને તને તજીશ પણ નહિ' તો આપણે ખાતરીપૂર્વક કહી શકીએ છીએ કે, 'પ્રભુ મને સહાય કરનાર છે; હું બીહિશ નહિઃ માણસ મને શું કરનાર છે?' "(હિબ્રૂઓને પત્ર ૧૩:૫-૬).

"હું તને કદી મૂકી દઈશ નહિ..." કોઈ પણ કારણને લીધે નહિ; મારા પાપ, સ્વાર્થીપણું, હઠીલાઈ, કે માર્ગ ભટકી જવાને લીધે નહિ. શું મેં પરમેશ્વરને ખરેખર તક આપી છે કે તેઓ મને એમ કહે કે હું તને કદી મૂકી દઈશ નહિ? જો મેં પરમેશ્વરની આ ખાતરીને સાચે જ નથી સાંભળી તો મારે તે ફરીથી સાંભળવું જોઈએ.

"હું તને કદી...તજીશ પણ નહિ" કેટલીક વાર જીવનની મુશ્કેલીઓ નહિ પરંતુ તેની નીરસતા મને એવું વિચારવા માટે મજબૂર કરે છે કે પરમેશ્વર મને તજી દેશે. જ્યારે વિજય પ્રાપ્ત કરવા માટે કોઈ મોટી મુશ્કેલી નથી હોતી, પરમેશ્વર તરફથી કોઈ દર્શન નથી હોતું, કોઈ અદ્ભુત કે સુંદર વાત નથી હોતી ફક્ત દૈનિક જીવનના કામકાજ જ હોય છે - ત્યારે તેની અંદર પણ પરમેશ્વરના આ ખાતરીદાયક શબ્દોને શું હું સાંભળું છું?

આપણા વિચાર એવા હોય છે કે પરમેશ્વર કોઈ અસાધારણ કામ કરવાના છે - તે આપણને ભવિષ્યમાં થનાર કોઈ વિશેષ કામ માટે સજ્જ અને તૈયાર કરી રહ્યા છે. પરંતુ જ્યારે આપણે તેમની કૃપામાં વૃદ્ધિ પામતા જઈએ છીએ ત્યારે આપણે જોઈએ છીએ કે પરમેશ્વર આ જ ક્ષણે, અહીં અને હાલ જ પોતાને મહિમાવાન મનાવી રહ્યા છે. જો પરમેશ્વરની ખાતરી આપણી પાછળ હોય છે, તો સૌથી અધિક આશ્ચર્યજનક સામર્થ્ય આપણું બની જાય છે, અને આપણે જીવનના સામાન્ય દિવસોમાં અને સામાન્ય માર્ગોમાં પણ તેમનો મહિમા પ્રગટ કરતાં ગીત ગાવાનું શીખી લઈએ છીએ.

## પરમેશ્વરની ખાતરી

*"તેમણે પોતે જ કહ્યું...તેથી આપણે નિર્ભય બનીને કહીએ..."*
*(હિબ્રૂઓને પત્ર ૧૩:૫-૬)*

પરમેશ્વરે મને જે ખાતરી આપી છે તેની પર મારી ખાતરી બંધાવી જોઈએ. પરમેશ્વરે કહ્યું કે, "હું તને કદી મૂકી દઈશ નહિ," તેથી હું "નિર્ભય બનીને કહી શકું છું, પ્રભુ મને સહાય કરનાર છે; હું બીહિશ નહિ"(૧૩:૫,૬). બીજા શબ્દોમાં હું મારા ડરને મારા મન પર છવાઈ જવા નહિં દઉં એનો અર્થ એ નથી કે હું ડરવાની પરીક્ષામાં નહિ પડું, પરંતુ એ અર્થ થાય કે હું પરમેશ્વરના ખાતરીના શબ્દોને યાદ રાખીશ. એક એવું બાળક જે પોતાના પિતાએ ઠરાવેલા માપદંડ સુધી પહોંચવાને માટે પરીશ્રમ કરે છે તે રીતે હું સાહસથી ભરપૂર થઈશ. જ્યારે ડર વિચારોમાં પ્રવેશવા લાગે છે ત્યારે ઘણા લોકોનો વિશ્વાસ ડગમગવા લાગે છે, અને તેઓ પરમેશ્વરની ખાતરીનો અર્થ શું થાય તે ભૂલી જાય છે - તેઓ ઊંડા આત્મિક શ્વાસ લેવાનું ભૂલી જાય છે. આપણા જીવનોમાંથી ડરને દૂર કરવાનો ફક્ત એક જ માર્ગ છે અને તે તો પરમેશ્વરે આપણને આપેલી ખાતરીને સાંભળવી.

તમને શાનો ડર લાગે છે? તે જે પણ હોય, તમે તે અંગે કાયર નથી - તમે તેનો સામનો કરવાનો દ્રઢનિર્ધાર કર્યો છે, અને છતાં તમને ડરની લાગણી અનુભવાય છે. જ્યારે એવું લાગે છે કે તમારી સહાય કરનાર કોઈ નથી, તો પોતાની જાતને કહો કે, "પરંતુ, આ જ ક્ષણે, મારી વર્તમાન પરિસ્થિતિમાં પણ, 'પ્રભુ મને સહાય કરનાર છે'," શું તમે બોલ્યા અગાઉ પરમેશ્વરને સાંભળવાનું શીખી રહ્યા છો, કે પછી તમે વાતો બોલો છો અને પછી પરમેશ્વરના વચનને તમે પોતે જે બોલ્યા તેને અનુકૂળ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છો? પિતા પરમેશ્વરના ખાતરીના વચનને દ્રઢતાથી પકડી રાખો અને પછી સાહસથી કહો, "હું ગભરાઈશ નહિ" તમારા માર્ગમાં કેવી ભૂંડાઈ અથવા ખોટી બાબતો છે તેનાથી કશો જ ફરક પડતો નથી, કારણ કે તેમણે પોતે જ કહ્યું છે કે, 'હું તને કદી મૂકી દઈશ નહિ...' "

માણસની કમજોરી એ એક બીજી બાબત છે જે પરમેશ્વરના ખાતરીના શબ્દો અને આપણા પોતાના શબ્દો અને વિચારોની વચ્ચે આવે છે. જ્યારે આપણને એ અહેસાસ થાય છે કે મુશ્કેલીઓનો સામનો કરવા માટે આપણે કેટલા કમજોર છીએ ત્યારે મુશ્કેલીઓ કદાવર રાક્ષસ જેવી લાગે છે અને આપણે તીડો જેવા માલૂમ પડીએ છીએ, અને પરમેશ્વર તો ક્યાંય નજરે જ પડતા નથી. પરંતુ આપણને અપાયેલી પરમેશ્વરની ખાતરીને યાદ કરો - "હું તને કદી...તજીશ નહિ." શું આપણે સતત સાહસથી ભરેલા રહીએ છીએ કે જેથી કહી શકીએ કે, "પ્રભુ મને સહાય કરનાર છે" કે પછી આપણે પોતાને ડરના હવાલે કરીએ છીએ?

## જે કામ કરવાની પ્રેરણા પરમેશ્વર તમારા મનમાં કરે છે તે પૂરુ કરો

*''તમારુ તારણ સાધી લેવાને યત્ન કરો કેમ કે જે...પ્રેરણા કરે છે તે તો પરમેશ્વર છે.*
*(ફિલિપ્પી ૨:૧૨-૧૩)*

તમારી ઈચ્છા પરમેશ્વરની સાથે સંમત છે, પરંતુ તમારા દેહમાં એક એવો સ્વભાવ છે જે તમને એ કામ કરવા અસમર્થ બનાવી દે છે જે અંગે તમે જાણો છો કે તમારે કરવું જોઈએ. જ્યારે પ્રભુ શરૂઆતમાં આપણા અંતરાત્માના સંપર્કમાં આવે છે, ત્યારે જે પહેલું કામ આપણો અંતરાત્મા કરે છે, તે તો એ હોય છે કે તે આપણી ઈચ્છાઓને જાગૃત કરે છે અને આપણી ઈચ્છા પરમેશ્વર સાથે હંમેશા સંમત હોય છે. છતાં તમે કહો છો, ''પરંતુ મને ખબર નથી પરમેશ્વરની ઈચ્છા સાથે મારી ઈચ્છા સંમત છે કે નહિ.'' ઈસુની સામે જુઓ અને તમે જાણશો કે તમારી ઈચ્છા અને તમારો અંતરાત્મા દરેક વખતે તેમની સાથે સંમત હશે. જે તમને એમ કહેવડાવે છે કે, ''હું આજ્ઞા નહિ માનું'' તે તમારી ઈચ્છાથી થોડું ઓછું ઊંડું અને ઓછું વિંધનારુ હોયુ છે. તે દુષ્ટતા અથવા જીદ્દીપણું છે, અને તેઓ ક્યારેય પરમેશ્વરની સાથે સંમત નથી થતા. એક વ્યક્તિમાં સૌથી ઊંડાણમાં જે બાબત હોય છે તે તેની ઈચ્છા છે, તેનું પાપ નહિ.

પરમેશ્વરના દ્વારા મનુષ્યના સર્જનમાં એક અતિ આવશ્યક તત્વ તે ઈચ્છા છે - પાપ એ તો એક વિકૃત સ્વભાવ છે જેણે લોકોમાં પ્રવેશ કર્યો. જે વ્યક્તિનો નવો જન્મ થાય છે, તેની અંદર ઈચ્છાનો સ્રોત તે સર્વશક્તિમાન પરમેશ્વર છે. ''જે પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામાં ઈચ્છવાની તથા કરવાની પ્રેરણા કરે છે, તે તો પરમેશ્વર છે.'' તમારું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરીને અને ખૂબ જ સાવધાનીથી, તમારે એ કાર્ય પૂર્ણ કરવાનું છે, જેને કરવાની પ્રેરણા પરમેશ્વર કરે છે - ''તમારા પોતાના તારણ'' ને કમાવવાને કે પ્રાપ્ત કરવાને માટે કામ નથી કરવાનું, પરંતુ તારણના કાર્યને પૂરૂ કરવાનું છે જેથી તમે એક એવા જીવનની સાબિતી પ્રદર્શિત કરી શકો જે પ્રભુના સંપૂર્ણ અને ક્ષતિરહિત ઉદ્ધાર પર દઢનિશ્ચયવાળા, અટલ વિશ્વાસ પર ટકી રહ્યું હોય. જ્યારે તમે આ કરો છો ત્યારે તમે પરમેશ્વરની ઈચ્છા વિરુદ્ધ વિરોધ કરનારી ઈચ્છાને ઊભી નહિ કરો - પરમેશ્વરની ઈચ્છા તે તમારી ઈચ્છા છે. તમારી કુદરતી પસંદગી તે પરમેશ્વરની ઈચ્છાને સુસંગત બનશે, અને જીવન જીવવું તે શ્વાસ લેવા જેટલું સહજ થઈ જશે. જીદ્દીપણું તે સમજદારી વગરનો અવરોધ છે જે બોધના પ્રકાશને નકારે છે અને તેના પ્રવાહને અવરોધે છે. આ જીદ્દીપણાના અવરોધ સાથે એક જ કાર્ય થાય કે તેને ''વિસ્ફોટક'' થી ઉડાડી દો અને આ ''વિસ્ફોટક'' તે તો પવિત્ર આત્માની આજ્ઞાધીનતા છે.

શું હું એવું માનું છું કે સર્વશક્તિમાન પરમેશ્વર મારી ઈચ્છાનો સ્રોત છે? પરમેશ્વર ફક્ત એવી અપેક્ષા નથી કરતા કે હું તેમની ઈચ્છા પૂરી કરું, પરંતુ તેઓ તેને પૂર્ણ કરવા માટે મારામાં છે.

## સામર્થ્યનો સૌથી મોટો સ્ત્રોત

*“જે કંઈ મારે નામે તમે માંગશો, તે હું કરીશ...”*
*(યોહાન ૧૪:૧૩)*

શું હું મારા જીવનની ગુપ્ત, એકાંત સ્થાનના ઊંડાણમાં મધ્યસ્થીની સેવાને પૂર્ણ કરી રહ્યો છું? સાચી મધ્યસ્થીમાં છેતરાવાનો કે ઘમંડ દેખાડવાનો કોઈ ફાંદો કે જોખમ નથી. આ એક ગુપ્ત સેવા છે જે એવા ફળ લાવે છે જેથી પરમેશ્વર પિતાનો મહિમા થાય છે. શું હું મારા આત્મિક જીવનને બરબાદ થવા દઈ રહ્યો છું, કે મારું બધું જ ધ્યાન એક જ વાત પર છે અને હું બધી વાતોને એક જ કેન્દ્રબિંદુ પર લાવું છું, અર્થાત્ મારા પ્રભુનું પ્રાયશ્ચિતનું કાર્ય. શું ઈસુ ખ્રિસ્ત મારા જીવનની દરેક ઈચ્છાઓમાં વધુને વધુ પ્રભાવી થઈ રહ્યા છે? જો મારા જીવનનું કેન્દ્રબિંદુ, અથવા તેનો સૌથી સામર્થ્યવાન પ્રભાવ પ્રભુનું પ્રાયશ્ચિત છે, તો મારા જીવનનું દરેક ક્ષેત્ર તેમના માટે ફળ પેદા કરશે.

પરંતુ મારે સમય કાઢીને સમજવું જોઈએ કે સામર્થ્યનું આ કેન્દ્રબિંદુ શું છે. શું હું આ વાત પર ધ્યાન આપવા માટે દર કલાકમાં એક મિનિટ ફાળવવા તૈયાર છું? “જો તમે મારામાં રહો...” અર્થાત્ તમે એ કેન્દ્રબિંદુથી કામ કરવાનું, વિચારવાનું, અને કાર્યવાહી કરવાનું ચાલુ રાખો, તો “જે કંઈ તમે ચાહો તે માંગો એટલે તે તમને મળશે.”(યોહાન ૧૫:૭). શું હું તેનામાં રહું છું? શું હું તેનામાં રહેવા માટે સમય ફાળવું છું? મારા જીવનમાં સામર્થ્યનો સૌથી મોટો સ્ત્રોત શું છે? શું તે મારું કાર્ય, સેવા, અને બીજાઓ માટે મારું બલિદાન છે, કે પરમેશ્વરને માટે કાર્ય કરવાનો મારો ખૂબ પ્રયત્ન છે? મારા જીવનના સામર્થ્યનો સ્ત્રોત તે આમાંથી કશું જ ના હોવું જોઈએ - જે બાબતે મારા જીવનમાં સૌથી મહાન સામર્થ્ય લાવવું જોઈએ, તે તો પ્રભુનું પ્રાયશ્ચિત છે. જે બાબત પર આપણે સૌથી વધુ સમય વિતાવીએ છીએ તે આપણને સૌથી વધુ ઘાટ આપે છે તેમ નથી, પરંતુ જે બાબત આપણા પર સૌથી વધુ પ્રભાવ રાખે છે તે આપણને ઘાટ આપે છે. આપણે એ દઢનિશ્ચય કરવો જોઈએ કે આપણે આપણી ઈચ્છાઓ અને મર્યાદિત રાખીએ અને તેમને ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા મળતા ઉદ્ધાર પર કેન્દ્રિત કરીએ.

“જે કંઈ તમે મારે નામે માંગશો, તે હું કરીશ...” જે શિષ્ય ઈસુમાં રહે છે તે પરમેશ્વરની ઈચ્છા છે, અને જે તેની મુક્ત પસંદગીઓ છે તે વાસ્તવમાં પરમેશ્વરના અગાઉથી ઠરાવેલા ઈરાદા છે. શું આ રહસ્યમય છે? શું તે તર્કથી એકદમ વિપરીત લાગે છે અથવા સંપૂર્ણ અસંગત લાગે છે? હા, પરંતુ પરમેશ્વરના સંતને માટે તે કેટલું શાનદાર સત્ય છે.

## બીજું શું કરવાનું છે?

*"જો તમે એ વાતો જાણીને તેઓને પાળો, તો તમને ધન્ય છે"*
*(યોહાન ૧૩:૧૭)*

અન્યોથી વધારે જાણવાનો સંકલ્પ કરોઃ જે દોરડાઓએ તમને બંદર સાથે બાંધ્યા છે તેને જો તમે પોતે જ નહિ કાપી નાંખો તો તે દોરડાને કાપી નાખીને તમને સમુદ્રમાં મોકલવા માટે પરમેશ્વરે એક તોફાન મોકલવું પડશે. પરમેશ્વરના ઉદ્દેશના ઊંચી આવતી ભરતી પર બહાર આવતા તમારા જીવનની દરેક બાબતોને પરમેશ્વર ઉપર તરવા દો, અને તમારી આંખો ઊઘડી જશે. જો તમે ઈસુ પર વિશ્વાસ કરો છો, તો તમારે તમારો બધો સમય બંદર પરના શાંત પાણીમાં પસાર કરવો ના જોઈએ કે જે આનંદથી તો ભરપૂર હોય છે પરંતુ હંમેશા ગોદીમાં બંધાઈ રહે છે. તમારે બંદરમાંથી બહાર આવીને પરમેશ્વરના મહાન ઊંડાણોમાં આવવાનું છે, અને વાતોને પોતાને માટે જાણવાની શરૂઆત કરવાની છે - અર્થાત્ આત્મિકરૂપથી પારખવાની શરૂઆત કરવાની છે.

જ્યારે તમને એમ થાય છે કે તમારે કંઈ કરવાનું છે અને તમે તે કરો છો, કે તરત તમે વધુ જાણો છો. અને એ પારખ કરો કે તમે ક્યાં સુસ્ત બની ગયા અને તમારી આત્મિક ઈચ્છાઓ ક્યારે ઓછી થવાની શરૂ થઈ હતી, અને તમને ખબર પડશે કે એ બાબત ત્યારે થઈ જ્યારે તમારે જે કામ કરવું જોઈતું હતું તે નહોતું કર્યું, તમે તેને ના કર્યું કારણ કે તમને તે તરત કરવાની જરૂરત લાગી નહોતી. પરંતુ હવે તમારી પાસે આત્મિક પારખશક્તિ નથી રહી, અને સંકટના સમયે તમે આત્મિકરૂપથી સંયમિત રહેવાને બદલે વિચલિત થઈ જાવ છો. સતત શીખવાનું અને જાણવાનું ચાલુ રાખવાનો ઈન્કાર કરવો ખૂબ જ ખતરનાક બાબત છે.

આજ્ઞાપાલનની નકલ કરવી એ મનની એવી સ્થિતિ છે જેમાં તમે પોતાનું બલિદાન કરવાના અવસરો તમે પોતે જ પેદા કરો છો અને તમારા જોશ અને ઉત્સાહને તમે પરમેશ્વરની ઈચ્છાની પારખ કરી છે તેવું સમજવામાં આવે છે. રોમનોને પત્ર ૧૨:૧-૨ મુજબ તમારા આત્મિક પૂર્વનિર્ધારિત ઉદ્દેશને પૂર્ણ કરવા કરતા પોતાનું બલિદાન આપવું ખૂબ જ સરળ છે. પરમેશ્વરની ઈચ્છાને જાણીને તેને પોતાના જીવનમાં પરમેશ્વરના ઉદ્દેશને પૂરા કરવા તે સ્વ-બલિદાનના મોટા-મોટા કામ કરવા કરતા ખૂબ સારુ છે "...જો યજ્ઞ કરતાં આજ્ઞાપાલન સારું છે"(૧ શમુએલ ૧૫:૨૨). જ્યારે પરમેશ્વર ઈચ્છે છે કે તમે જે પહેલા કદી નહોતા તે બનો, તો પહેલાના જેવી સ્થિતિમાં પાછા જવાથી સાવધાન રહો. "જો કોઈ તેની ઈચ્છા પૂરી કરવા ચાહે, તો...તે સમજશે..."(યોહાન ૭:૧૭).

## તો હવે આગળ શું કરવું?

*"કેમ કે જે કોઈ માંગે છે તે પામે છે"*
*(લૂક ૧૧:૧૦)*

જો તમને નથી મળ્યું તો માંગોઃ માંગવાથી કઠીન બીજુ કશું નથી હોતું. આપણને કોઈ વિશેષ બાબતોની લાલસા અને અભિલાષા હશે અને તે પરિપૂર્ણ ના થવાના પરિણામે કષ્ટ પણ થશે, પરંતુ જ્યાં સુધી આપણે નિરાશાની સીમા સુધી નથી પહોંચી જતા ત્યાં સુધી આપણે માંગતા નથી. આત્મિકરૂપથી વાસ્તવિક ન હોવાની સમજણ આપણી પાસે માંગણી કરાવે છે. શું તમે ક્યારેય તમારી સંપૂર્ણ અપૂર્ણતા કે ગરીબીના ઊંડાણમાંથી માંગ્યું છે?"તમારામાંનો જો કોઈ જ્ઞાનમાં અપૂર્ણ હોય તો પરમેશ્વર...પાસેથી તે માંગે..."(યાકૂબ ૧:૫), પરંતુ માંગતા પહેલા એ ચોક્કસ કરી લો કે તમને ખરેખર જ્ઞાનની ખોટ છે. તમે જ્યારે ચાહો ત્યારે પોતાને આત્મિક વાસ્તવિકતાના સ્થાને નથી લાવી શકતા.જ્યારે તમને એ સમજણ પડી જાય કે તમે આત્મિક રીતે વાસ્તવિક નથી, તો સૌથી સારુ કામ એ થશે કે તમે પોતાની વિનંતીઓને ઈસુ ખ્રિસ્તની પ્રતિજ્ઞાઓ પર આધારિત કરીને પરમેશ્વરની પાસે પવિત્ર આત્મા માંગો(જુઓ લૂક ૧૧:૧૩). પવિત્ર આત્મા તે વ્યક્તિ છે કે જે ઈસુ દ્વારા તમારા માટે કરવામાં આવેલ દરેક કામોને તમારા જીવનમાં વાસ્તવિક બનાવી શકે છે.

"જે કોઈ માંગે છે તે પામે છે..." આનો અર્થ એ નથી કે જો તમે માંગશો નહિ તો તમને નહિ મળે, પરંતુ તેનો અર્થ એ થાય કે જ્યાં સુધી તમે માંગવાની સ્થિતિમાં પહોંચશો નહિ ત્યાં સુધી તમે પરમેશ્વર પાસેથી પ્રાપ્ત નહિ કરો (જુઓ માથ્થી ૫:૪૫). મેળવવાને યોગ્ય થવાનો અર્થ એ થાય કે તમારે પહેલા પરમેશ્વરના સંતાનના સંબંધમાં આવવું પડશે, ત્યાર પછી તમે, માનસિક, નૈતિક અને આત્મિક સમજણથી એ જાણી શકશો અને આ વાતની કદર કરશો કે આ બાબતો પરમેશ્વર તરફથી આવે છે.

"તમારામાંનો જો કોઈ જ્ઞાનમાં અપૂર્ણ હોય તો..." જો તમને અપૂર્ણતાનો અનુભવ થાય છે તો તેનું કારણ એ છે કે તમે આત્મિક વાસ્તવિકતાના સંપર્કમાં આવ્યા છો - હવે ફરીવાર તમારી આંખો પર તર્કની પટ્ટી ના બાંધશો. માંગવાનો અર્થ ખરેખર "ભીખ માંગવી" થાય છે. કેટલાક લોકો એટલા ગરીબ હોય છે કે તેમને પોતાની ગરીબીમાં જ રસ હોય છે, અને આપણામાંથી કેટલાક લોકો પોતાની રસ-રૂચિ દર્શાવવા આત્મિકરૂપથી એટલા ગરીબ છે. તેમ છતાં જો આપણે પોતાના મનમાં કોઈ વિશેષ પરિણામ રાખીને માંગીએ તો કદી નહિ પ્રાપ્ત કરીએ, કેમ કે આપણે આપણી લાલસાના કારણે માંગીએ છીએ, આપણી ગરીબીના કારણે નહિ. એક ગરીબ પોતાની ગરીબીની સંપૂર્ણ દુઃખદાયક અને આશાવિહોણી પરિસ્થિતિ સિવાય બીજા કોઈ કારણથી માંગતો નથી. તેને ભીખ માંગવામાં શરમ નથી આવતી- આત્મામાં જેઓ ભિખારી છે તેમને ધન્ય છે(જુઓ

માથ્થી ૫:૩).
જૂન ૧૦

## અને હવે પછી બીજું શું કરવાનું છે?

*"...શોધો તો તમને જડશે..."(લૂક ૧૧:૯)*

જો તમને પ્રાપ્ત થયું નથી તો શોધોઃ "તમે માગો છો પણ તમને મળતું નથી. કેમ કે તમે...ખોટા ઈરાદાથી માગો છો" (યાકૂબ ૪:૩). જો તમે પરમેશ્વરને બદલે જીવનની કોઈ વસ્તુઓ માંગો છો તો "ખોટા ઈરાદાથી માગો છો" અર્થાત્ તમે આત્મ-સંતોષની અભિલાષાથી માંગો છો, અને જેટલા વધારે પ્રમાણમાં તમે 'સ્વ-ને' સંતોષવાનો પ્રયત્ન કરો છો તેટલા પ્રમાણમાં પરમેશ્વરની શોધ કરતા નથી. "...શોધો, તો તમને જડશે..." કામમાં લાગી જાવ - પોતાનું સમગ્ર ધ્યાન અને સમગ્ર ઈચ્છાઓને આ એક કામમાં લગાવી દો. શું તમે ક્યારેય પોતાના સંપૂર્ણ હૃદયથી પરમેશ્વરની શોધ કરી છે અથવા કોઈ દુઃખદાયક અનુભવ પછી લાગણીશીલ થઈને ફક્ત એક કમજોર પોકારથી પોકાર કર્યો છે? "...શોધો, (એક વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરો) અને તમને જડશે..."

"હે તૃષિત જનો, તમે સર્વ પાણીની પાસે આવો;..."(યશાયા ૫૫:૧). શું તમે તરસ્યા છો કે આત્મસંતોષી કે ઉદાસ છો-શું તમે પોતાના અનુભવથી એટલા સંતોષી છો કે તમને પરમેશ્વરનું બીજુ કશું જ નથી જોઈતું? અનુભવ તો ફક્ત એક દ્વાર જ છે. અંતિમ લક્ષ્ય નહિ. તમારા વિશ્વાસને અનુભવ પર બાંધવાથી સાવધ રહો, નહિં તો તમારા જીવનમાંથી સત્ય છલકાશે નહિ, પરંતુ તેમાં ફક્ત આલોચનાત્મક આત્માની ઝલક જોવા મળશે, યાદ રાખો, તમે જે પ્રાપ્ત કર્યું છે, તે બીજી કોઈ વ્યક્તિને ક્યારેય નથી આપી શકતા, પરંતુ તમે તેના મનમાં તે વસ્તુને પ્રાપ્ત કરવા માટેની ઈચ્છા જરૂર ઉત્પન્ન કરી શકો છો.

"...ઠોકો, તો તમારે સારુ ઉઘાડવામાં આવશે"(લૂક ૧૧:૯). "તમે દેવની પાસે જાઓ..."(યાકૂબ ૪:૮). ઠોકો - દરવાજો બંધ છે, અને જ્યારે તમે ઠોકે છો ત્યારે તમારા હૃદયના ધબકારા વધી જાય છે. "તમે તમારા હાથ શુદ્ધ કરો..."(૪:૮). થોડા વધારે જોરથી ઠોકો(ખખડાવો) તમને માલૂમ પડશે કે તમે અશુદ્ધ છો. "તમારા મન પવિત્ર કરો..."(૪:૮). હવે તે વધુ વ્યક્તિગત બનતુ જાય છે - હવે તમે નિરાશ અને ગંભીર થઈ ગયા છો- તમે કશું પણ કરવાને તૈયાર છો. "શોક કરો..."(૪:૯). શું તમે તમારા અંદરના જીવનની હાલતને માટે શોક પ્રગટ કરતા પરમેશ્વરની સામે ક્યારેય દુઃખી થયા છો? "હવે કોઈ સ્વ-દયાનો અંશ બચ્યો નથી, ફક્ત એક હૃદયવિદારક કઠીનાઈ અને આશ્ચર્ય, જે એ જાણવાથી થાય છે કે વાસ્તવમાં તમે કેવા પ્રકારની વ્યક્તિ છો." "...તમે દીન થાઓ..."(૪:૧૦). પરમેશ્વરના દરવાજા પર ખખડાવવું કે ઠોકવું તે એક દીન બનાવનારો અનુભવ છે - તમારે વધસ્તંભે જડાયેલા ચોરની સાથે ખખડાવવું પડે છે. "...જે ઠોકે છે તેને સારુ ઉઘાડવામાં આવશે." (લૂક ૧૧:૧૦).

## ત્યાં પહોંચવું

*"...મારી પાસે આવો..." (માથ્થી ૧૧:૨૮)*

જ્યાં પાપ અને દુઃખ ખતમ થાય છે, અને સંતના ગીતો શરૂ થાય છેઃ શું હું સાચે જ ત્યાં પહોંચવા માંગું છું? હું આ જ ક્ષણે ત્યાં પહોંચી શકું છું. જે પ્રશ્નો ખરેખર જ મહત્વના હોય છે તે ખૂબ જ થોડા છે અને તે બધાંનો ઉત્તર આ શબ્દોમાં પ્રાપ્ત થાય છે - "મારી પાસે આવો" આપણા પ્રભુના શબ્દો એ નથી કે, "આ કરો, અથવા આ ના કરો," પરંતુ, તે શબ્દો આ છે - "મારી પાસે આવો" જો હું ઈસુની પાસે આવી જાઉં છું તો મારું સાચું જીવન મારી સાચી અભિલાષાઓના તાલમેલમાં આવી જશે. હું હકીકતમાં પાપ કરવાનું બંધ કરીશ, અને જોઈશ કે પ્રભુના ગીત મારા જીવનમાં શરૂ થઈ રહ્યા છે.

શું તમે કદીયે ઈસુની પાસે આવ્યા છો? તમારા હૃદયના હઠીલાપણા તરફ જુઓ. તમે બાળકોની જેમ એક સાદુ - સરળ કામ અર્થાત્ "મારી પાસે આવો" - તેને પડતું મૂકીને બીજા કોઈ પણ કામ કરવાનું વધારે પસંદ કરીશું. જો તમે ખરેખર જ પાપ કરવાનું બંધ કરવા ચાહો છો, તો તમારે ઈસુની પાસે આવવું પડશે.

ઈસુ ખ્રિસ્ત તમારી અસલીયતને નક્કી કરવા માટે પોતાની જાતને જ કસોટી બનાવે છે. તેમણે આવો શબ્દનો કેવી રીતે ઉપયોગ કર્યો છે તે જુઓઃ તમારા જીવનની સૌથી અનઅપેક્ષિત ક્ષણોમાં પ્રભુનો ધીમો અવાજ આવે છે કે, - "મારી પાસે આવો," અને તમે તરત જ તેમની તરફ ખેંચાવા લાગો છો. ઈસુ સાથેનો વ્યક્તિગત સંબંધ બધું જ બદલી નાંખે છે. તેમની પાસે આવવાની અને તેઓ જે કહે છે તે કરવા પોતાની જાતને સ્વાધીન થવાની "મૂર્ખતા" કરો. તેમની પાસે આવવાને માટે જે મનોવૃત્તિ કે વલણની જરૂરત હોય છે, તે તો એવું વલણ છે કે જ્યાં તમારી ઈચ્છાઓ, બધુ જ ત્યાગ કરવાનો અને સમજીવિચારીને બધું જ તેમને સમર્પિત કરવાનો સંકલ્પ કરી લીધો છે.

"...ને હું તમને વિસામો આપીશ" અર્થાત્ "હું તમને નિભાવી રાખીશ જેથી તમે સ્થિર ઊભા રહી શકો." તે એમ નથી કહેતા કે "હું તમને બિછાનામાં સુવાડીશ, તમારો હાથ પકડી રાખીશ અને ગીત ગાઈને તમને ઊંઘાડીશ." પરંતુ તે ખરા અર્થમાં એમ કહી રહ્યા છે કે, "હું તમને બિછાનામાંથી - તમારી સુસ્તીવાળી સ્થિતિમાંથી અને થકાવટભરી અને જીવતા હોવા છતાં અધમૂઆ જેવી સ્થિતિમાંથી ઉઠાવીશ. હું તમારામાં જીવનના આત્મા વડે પ્રવેશ કરીશ, અને તમને અત્યંત મહત્વની સક્રિયતાની પરિપૂર્ણતા દ્વારા ટકાવી રાખવામાં આવશે." અને છતાં પણ આપણે એટલા કમજોર અને દયાપાત્ર બની જઈએ છીએ અને પ્રભુની ઈચ્છાને "સહન કરવાની" વાત કરીએ છીએ! આમાં પરમેશ્વરના પુત્રની સામર્થ્યવાન અને મહિમાવાન જીવંતતા ક્યાં ગઈ?

## ત્યાં પહોંચવું

*"...તેઓએ તેને કહ્યું, રાબ્બી, તું ક્યાં રહે છે?*
*તેણે તેઓને કહ્યું કે, આવીને જુઓ"*
*(યોહાન ૧:૩૮,૩૯)*

જ્યાં આપણો સ્વાર્થ ઊંઘે છે અને વાસ્તવિક ઈચ્છા જાગૃત થાય છે: "...તે દહાડે તેઓ તેની સાથે રહ્યા..." આપણામાંથી કેટલાક એવા છે જે ફક્ત આટલું જ કરશે. આપણે થોડીવાર સુધી તેની સાથે રહીશું ફક્ત આપણા પોતાના જીવનની વાસ્તવિકતાઓ પ્રત્યે જાગી ઉઠવા માટે જ આપણે તેની સાથે થોડીવાર રહીશું. આપણો સ્વાર્થ જાગૃત થાય છે અને તેની સાથે રહેવાનો સમય વીતી જાય છે. છતાંયે જીવનમાં એવી કોઈ જ પરિસ્થિતિ નથી જેમાં આપણે ઈસુમાં રહી શકતા નથી.

"...તું...સિમોન છે; તું કેફા કહેવાશે"(૧:૪૨). પરમેશ્વરે આપણા જીવનના જે સ્થાનોમાંથી આપણા ઘમંડ, આત્મનિર્ભરતા અને સ્વાર્થને દૂર કરી નાંખ્યા છે તે જ જગ્યાએ પરમેશ્વર આપણાં નવા નામ લખે છે. આપણામાંના કેટલાક લોકોના નવા નામ આત્મિક ઓરીની(મીઝલ્ઝ) જેમ કેટલાક સ્થાનો પર જ લખેલા હોય છે. અને જીવનના તે ક્ષેત્રોમાં આપણે યોગ્ય લાગીએ છીએ. જ્યારે આપણે પોતાની સૌથી શ્રેષ્ઠ આત્મિક મનોદશામાં હોઈએ છીએ ત્યારે એવું લાગે છે કે આપણે સૌથી ઊંચા દરજ્જાના પવિત્ર લોકો છીએ પરંતુ જ્યારે આપણે તેવી મનોદશામાં નથી હોતા ત્યારે અમારી સામે જોવાની હિંમત પણ ન કરશો. એક સાચો શિષ્ય એ છે કે જેનું નવું નામ તેની પર દરેક જગ્યાએ લખેલું હોય છે - સ્વાર્થ, ઘમંડ અને આત્મનિર્ભરતા સંપૂર્ણ રીતે ભૂસી નાંખવામાં આવ્યા છે.

ઘમંડ એ "પોતાની જાતને" પોતાનો ઈશ્વર બનાવવાનું પાપ છે. અને આપણામાંના કેટલાક આજે આવું કરે છે. ફરોશીની જેમ નહિ પણ પેલા દાણી (ટેક્સ કલેકટર) ની જેમ (જુઓ લૂક ૧૮:૯-૧૪). તમારું એવું કહેવું છે કે, "હું કંઈ સંત થોડો છું" તે માનવીય ઘમંડના જે ધોરણો છે તેના દ્વારા સ્વીકાર્ય છે, પરંતુ તે અજાણતા પરમેશ્વરની નિંદા કરવા બરાબર છે. તમે જાણે કે પરમેશ્વરને પડકાર ફેંકો છો કે તે તમને સંત નથી બનાવી શકતા, જાણે કે તમે એમ કહી રહ્યા છો કે, "હું ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા પ્રાયશ્ચિતને માટે ખૂબ જ વધુ નિર્બળ અને હતાશ છું અને વધસ્તંભ દ્વારા થયેલ પ્રાયશ્ચિતની પહોંચની બહાર છું." તમે સંત કેમ નથી બન્યા? કાં તો તમે સંત બનવા માંગતા નથી, અથવા તો તમે વિશ્વાસ નથી કરતા કે પરમેશ્વર તમને એક સંત બનાવી શકે છે. તમે એમ કહો છો કે એ યોગ્ય થશે કે પરમેશ્વર તમારું તારણ કરીને તમને સીધા જ સ્વર્ગમાં લઈ જાય. તે બરાબર એમ જ કરશે! અને ફક્ત આપણે તેમની સાથે આપણું ઘર બનાવીએ છીએ એટલું જ નહિ પરંતુ ઈસુએ પોતાના પિતા અને પોતાને વિશે કહ્યું, "...અમે તેની પાસે આવીને તેની સાથે રહીશું"(યોહાન ૧૪:૨૩). તમારા જીવન પર કોઈ જ શરતો ના મૂકશો - ઈસુને તમારું સર્વસ્વ બનવા દો, અને તે તમને પોતાની સાથે ઘરે લઈ જશે, ફક્ત એક દિવસ માટે નહિ પરંતુ અનંતકાળ માટે.

## ત્યાં પહોંચવું

*"...આવીને મને અનુસર" (લૂક ૧૮:૨૨)*

જ્યાં આપણી વ્યક્તિગત અભિલાષાઓ મરણ પામે છે અને પવિત્રીકરણ પામેલું સમર્પણ જીવે છે : ઈસુની પાસે આવવામાં સૌથી મોટી અડચણોમાંની એક એ તો આપણા વ્યક્તિગત સ્વભાવનું બહાનું છે. આપણે આપણા સ્વભાવ અને આપણી કુદરતી અભિલાષાઓને ઈસુની પાસે આવવામાં રૂકાવટ બનાવી દઈએ છીએ. અને છતાં જ્યારે આપણે ઈસુની પાસે આવી જઈએ છીએ, ત્યારે જે પ્રથમ વાતનું આપણને ભાન થાય છે તે તો એ કે ઈસુ આપણી કુદરતી અભિલાષાઓની તરફ બિલકુલ ધ્યાન નથી આપતા. આપણો વિચાર એવો છે કે આપણે આપણા દાન પરમેશ્વરને સમર્પિત કરી શકીએ છીએ. જો કે જે તમારું છે જ નહિ તે તમે પરમેશ્વરને કેવી રીતે અર્પણ કરી શકો? હકીકતમાં તો એવી એક જ બાબત છે જેને આપણે પરમેશ્વરને અર્પણ કરી શકીએ છીએ, અને તે તો છે આપણા પોતાના ઉપરનો આપણો અધિકાર (જુઓ રોમનોને પત્ર ૧૨:૧). જો તમે તમારી ઉપરનો તમારો અધિકાર પરમેશ્વરને સંપૂર્ણપણે સોંપી દેશો, તો તેમને એક પવિત્ર પ્રયોગ બનાવશે, અને તેમના પ્રયોગ હંમેશા સફળ થાય છે. પરમેશ્વરના એક સંતનું એકમાત્ર ચિહ્ન તે આંતરિક રચનાત્મકતા છે જે ઈસુ ખ્રિસ્તને સંપૂર્ણ રીતે સમર્પિત થવાથી વહેવા લાગે છે. સંતના જીવનમાં આ એક આશ્ચર્યજનક કૂવો હોય છે જે મૂળ જીવનનો સતત રહેનાર સ્રોત હોય છે. પરમેશ્વરનો આત્મા કાયમ તાજા રહેતા પાણીનો કૂવો છે. સંતને એ ભાન થાય છે કે તે તો પરમેશ્વર જ છે જે તેની પરિસ્થિતિઓ પર નિયંત્રણ રાખે છે; તેના પરિણામે તે સંત તરફથી કોઈ જ ફરિયાદો થતી નથી પરંતુ ઈસુ પ્રત્યે ફક્ત અસંયમિત સમર્પણ હોય છે. તમારા પોતાના અનુભવોને ક્યારે પણ બીજાઓ માટે એક સિદ્ધાંત ના બનાવશો, પરંતુ પરમેશ્વરને બીજાઓ માટે એટલા જ રચનાત્મક અને મૌલિક થવા દો જેટલા તે તમારી સાથે છે.

જો તમે ઈસુને સર્વસ્વ સમર્પિત કરી દેશો, અને જ્યારે તે "આવો" કહે છે ત્યારે આવશો, તો તે તમારા દ્વારા "આવો" કહેવાનું ચાલુ રાખશે તમે ખ્રિસ્તના "આવો" નો પડઘો બનીને જગતમાં જશો. આ એવા દરેક આત્મામાં જોવા મળતું પરિણામ છે કે જે સર્વસ્વનો ત્યાગ કરીને ઈસુની પાસે આવી ગયા છે.

શું હું તેની પાસે આવ્યો છું? શું હું તેની પાસે હમણાં આવીશ?

## શરૂ કરી દો

*"મારામાં રહો..." (યોહાન ૧૫:૪)*

**સંકલ્પની બાબતમાં: ખ્રિસ્તના વધસ્તંભના દ્વારા થયેલ પ્રાયશ્ચિતથી ઈસુનો આત્મા મારી અંદર મૂકવામાં આવ્યો છે. હવે પછી, મારે ધીરજ સાથે મારા વિચારોને, સમજણને મારા પ્રભુ સાથે સંપૂર્ણ તાલમેલમાં લાવવાની જરૂર છે. પરમેશ્વર મને ઈસુની જેમ વિચારવાને માટે મજબૂર નહિ કરે - મારે એ પ્રમાણે પોતે જ કરવાનું છે. મારે "દરેક વિચારને વશ કરીને ખ્રિસ્તની આધીનતામાં લાવવા" નો છે (૨ કરિંથી ૧૦:૫). "મારામાં રહો"- બૌદ્ધિક બાબતોમાં, નાણાંકીય બાબતોમાં, માનવ જીવનની તમામ બાબતોમાં આપણા જીવનો એક મર્યાદિત ક્ષેત્રના નથી બન્યા.**

**આ બાબતોથી મારી અને તેમની સંગત વચ્ચે અવરોધ આવી શકે છે એમ કહીને શું હું પરમેશ્વરને મારી પરિસ્થિતિઓમાં કામ કરવાથી રોકું છું? આ કેટલો અસંબંધ અને અપમાનજનક વિચાર છે. મારી પરિસ્થિતિઓ શું છે તેનાથી કોઈ ફરક નથી પડતો. પ્રાર્થનાસભામાં હું હોઉં તો ઈસુમાં રહેવાની જેટલી ખાતરી મળે છે તેટલી જ ખાતરી આમાંથી કોઈ પણ પરિસ્થિતિમાં ઈસુમાં રહેવા અંગે મળે છે. પોતાની જાતે પોતાની પરિસ્થિતિને બદલવાની કે વ્યવસ્થિત કરવાની કોઈ જ જરૂરત નથી. આપણા પ્રભુનું આપણી સાથે રહેવું શુદ્ધ અને નિષ્કલંક હતું. તેમનું શરીર જ્યાં કંઈ પણ હતું, ત્યાં તેઓ પરમેશ્વર સાથે એકતામાં હતા. તેમણે પોતાની પરિસ્થિતિઓને ક્યારેય પસંદ ના કરી, પરંતુ તેઓ પોતાની જાતને પોતાના પિતાની યોજનાઓ અને આદેશોને આધીન રહીને નમ્ર રહ્યા. જરા વિચારો કે આપણા પ્રભુનું જીવન કેવી આશ્ચર્યજનક રીતે હળવાશથી ભરેલું હતું! પરંતુ આપણે આપણા જીવનમાં પરમેશ્વરને અત્યાધિક ઉત્તેજનાના સ્થાને રાખીએ છીએ. આપણી અંદર તે જીવનની શાંતિ જોવા મળતી નથી જે જીવન "ખ્રિસ્તની સાથે પરમેશ્વરમાં ગુપ્ત રાખવામાં આવ્યું છે"(કલોસી ૩:૩).**

**એ બાબતો અંગે વિચારો જે તમને ખ્રિસ્તમાં રહેવાની સ્થિતિમાંથી બહાર લઈ જાય છે. તમે કહો છો, - "હા, પ્રભુ, બસ એક મિનિટ - હજુ મારે આ કામ પૂરૂં કરવાનું છે. હા, જેવું આ પૂરૂં થઈ જશે પછી તો હું જરૂર તમારામાં રહીશ, કે જેવું આટલું અઠવાડિયું પૂરૂં થઈ જાય પછી, ત્યારે બધું વ્યવસ્થિત થઈ જશે. પ્રભુ, ત્યારબાદ હું તમારામાં રહીશ." શરૂ કરી દો - તેનામાં રહેવાનું હમણાં જ શરૂ કરી દો. પ્રારંભમાં તેનામાં રહેવા માટે સતત પ્રયત્ન કરવો પડશે, પરંતુ જેમ જેમ તમે તેનામાં રહેવાનું ચાલુ રાખશો તેમ તે તમારા જીવનનો એક ભાગ બની જશે કે તમે સભાનતાપૂર્વકના પ્રયાસ વગર પણ તેનામાં રહેશો. તમે એ દ્રઢનિશ્ચય કરી લો કે તમે હમણાં જ્યાં કંઈ પણ છો અને ભવિષ્યમાં જ્યાં કંઈ પણ મૂકવામાં આવશે, તમે ઈસુમાં રહેશો.**

## શરૂ કરી દો

*“એ જ કારણ માટે...પોતાના વિશ્વાસની સાથે...જોડી દો”*
*(૨ પિતર ૧:૫,૭)*

કંટાળાભર્યા નીરસ કામની બાબતોમાં આ કલમોમાં પિતર કહે છે કે, આપણે “ઈશ્વરી સ્વભાવના ભાગીદાર” થઈ ગયા છે, અને હવે આપણે સારી આદતોને આપણામાં પેદા કરવા માટે ધ્યાન આપવા “સંપૂર્ણ પરિશ્રમ” કરવો જોઈએ. (૧:૪-૫). એ તમામ બાબતો જે ચારિત્રનો અર્થ છે તેને આપણે આપણા જીવનમાં “ઉમેરતા” રહેવાનું છે. કોઈ પણ વ્યક્તિ કુદરતી રીતે કે અલૌકિક રીતે ચારિત્ર સાથે જન્મ લેતું નથી; તેનો વિકાસ કરવો પડે છે. આપણામાંથી કોઈ પણ આદતો સાથે જન્મ નથી લેતો, આપણે પવિત્ર આદતોને નવું જીવન કે જે પરમેશ્વરે આપણમાં મૂક્યું છે તેના આધાર પર કેળવવી પડે છે. આપણે પરમેશ્વરના સંપૂર્ણ, ચમકતા ઉદાહરણોની જેમ નહિ, પરંતુ સાધારણ જીવનના જેવા દેખાવા જોઈએ, જેઓ પરમેશ્વરની કૃપાના આશ્ચર્યકર્મને પ્રદર્શિત કરે છે. કંટાળાભર્યા કામ સાચા ચારિત્રની પરખ હોય છે. આપણા આત્મિક જીવનની સૌથી મોટી રૂકાવટ એ હોય છે કે આપણે મોટા મોટા કામ કરવા માંગીએ છીએ. છતાં પણ “...ઈસુ...રૂમાલ લીધો, અને...શિષ્યોના પગ ધોવા...લાગ્યો”(યોહાન ૧૩:૩-૫).

આપણા બધાના જીવનમાં એવા સમયો આવે છે જ્યારે જ્યોતિના ઝબકારા દેખાતા નથી, અને જીવનમાં દેખીતો કોઈ રોમાંચ જોવા મળતો નથી, જ્યાં આપણે દરરોજના સાધારણ કામોની દિનચર્યા સિવાય અન્ય કોઈ બાબતોનો અનુભવ કરતા નથી. હકીકતમાં જીવનની દિનચર્યા પરમેશ્વરનો એ ઉપાય હોય છે જે આપણને પરમેશ્વર તરફથી આવનાર મહાન પ્રેરણાની વચ્ચે બચાવી રાખે છે. પરમેશ્વર પાસેથી હંમેશા એવી અપેક્ષા ના રાખશો કે તે તમને રોમાંચિત કરનાર ક્ષણો આપે, પરંતુ પરમેશ્વરના સામર્થ્ય દ્વારા જીવનની નીરસતાની સાધારણ પરિસ્થિતિઓમાં જીવવાનું શીખો.

પિતર અહીં જે “જોડતા રહેવા” નો ઉલ્લેખ કરે છે, તે આપણા માટે કઠણ કાર્ય છે. આપણે એમ કહીએ છીએ કે આપણે પરમેશ્વર પાસે એવી અપેક્ષા નથી રાખતા કે તે આપણને ફૂલોના બિછાના પર સ્વર્ગમાં લઈ જાય, છતાં પણ આપણે એવો વ્યવહાર કરીએ છીએ કે જાણે કે આપણી અપેક્ષા તો એવી જ છે! મારે એ જાણવાની જરૂરત છે કે જીવનની નાનામાં નાની વાતમાં મારા આજ્ઞાપાલનની પાછળ પરમેશ્વરની કૃપાનું સંપૂર્ણ શક્તિશાળી સામર્થ્ય છે. જો ફરજોનું પાલન કરવું પડે છે તેના કારણે હું મારી ફરજ પૂરી કરું છું એમ નહિ, પરંતુ પરમેશ્વર મારી પરિસ્થિતિઓ પર નિયંત્રણ રાખી રહ્યા છે તેવો મને વિશ્વાસ છે માટે જો હું મારી ફરજોનું પાલન કરું છું, તો મારા આજ્ઞાપાલનના સમયે, ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા થયેલ ગૌરવી પ્રાયશ્ચિતથી પરમેશ્વરની સંપૂર્ણ અજાયબ કૃપા મારી બને છે.

જૂન ૧૬

## શું તમે પોતાનું જીવન આપશો?

*"પોતાના મિત્રોને સારુ જીવ આપવો, તે કરતાં મોટો પ્રેમ કોઈનો નથી...*
*મેં તમને મિત્ર કહ્યા છે"*
*(યોહાન ૧૫:૧૩,૧૫)*

ઈસુ મને તેમના માટે મરવાનું નથી કહેતા, પરંતુ તેના માટે પોતાનો જીવ આપી દેવાનું કહે છે. પિતરે પ્રભુને કહ્યું કે, "તારે સારું હું મારો જીવ આપીશ" અને તેણે આ વાત સાચા હૃદયથી કહી હતી(યોહાન ૧૩:૩૭). પિતરની બહાદુરીનો ભાવ ખૂબ જ શાનદાર હતો. પિતરે જે વાત કરી તે આપણે ના કહી શકીએ તે એક ખરાબ વાત છે - આપણી ફરજની ભાવના આપણી બહાદુરીની ભાવનાથી સંપૂર્ણ સમજાય છે. શું પ્રભુએ તમને કદીયે પૂછ્યું છે, "શું તું મારા માટે પોતાનો પ્રાણ આપીશ?"(યોહાન ૧૩:૩૮). પરમેશ્વરના ઉચ્ચ તેડાની સાથે ચાલતા નિરંતર દરરોજ આપણો જીવ આપવો તે કરતા મરી જવું ખૂબ જ આસાન હોય છે. આપણને જીવનની પ્રકાશિત ક્ષણો માટે નથી બનાવવામાં આવ્યા, પરંતુ આપણે આપણા દરરોજના માર્ગોમાં પ્રકાશિત ક્ષણોના પ્રકાશમાં ચાલવાનું છે. ઈસુને માટે એક જ પ્રકાશિત ક્ષણ આવી હતી અને તે તો રૂપાંતરના પહાડ પરની ક્ષણ હતી. ત્યાં તેમણે બીજી વાર પોતાની જાતને પોતાના મહિમા સંબંધી ખાલી કર્યા, અને પછી અશુદ્ધ આત્માના કબજાવાળી ખીણમાં ફરી નીચે ઉતરી આવ્યા (જુઓ માર્ક ૯: ૧-૨૯). તેત્રીસ વર્ષ સુધી ઈસુએ પોતાના પિતાની ઈચ્છા પૂરી કરવા માટે પોતાનો જીવ આપી દીધો. "એથી આપણે પ્રેમ શું છે તે જાણીએ છીએ, કેમ કે તેણે પોતાનો પ્રાણ આપણી વતી આપ્યો; અને આપણે પણ ભાઈઓને સારુ આપણો પ્રાણ આપવો જોઈએ."(૧ યોહાન ૩:૧૬). પરંતુ આવું કરવું તે આપણા માનવીય સ્વભાવની વિરુદ્ધ હોય છે.

જો હું ઈસુનો મિત્ર છું, તો મારે હેતુપૂર્વક અને કાળજીપૂર્વક પોતાનો જીવ તેના માટે આપી દેવો જોઈએ. આમ કરવું ખૂબ જ કઠીન કાર્ય છે અને પરમેશ્વરનો ધન્યવાદ કે આ કાર્ય કઠીન હોય છે. આપણા માટે તારણ ખૂબ જ સરળ છે કેમ કે પરમેશ્વરને તેની ભારે કિંમત ચૂકવવી પડી હતી. પરંતુ તારણને મારા જીવનમાં પ્રદર્શિત કરવું કઠીન હોય છે. પરમેશ્વર એક વ્યક્તિનું તારણ કરે છે, તેને પવિત્ર આત્માથી ભરી દે છે, અને ત્યારબાદ જાણે કે એમ કહે છે કે, "હવે તમે આ કાર્યને તમારા જીવનમાં પૂર્ણ કરતા જાઓ, અને તમારી ચારે બાજુની બાબતો એવી છે કે તેઓ તમને અવિશ્વાસુ બનવાને માટે મજબૂર કરે, તો પણ મારા પ્રત્યે વિશ્વાસુ રહો" અને ઈસુ આપણને કહે છે, "...મેં તમને મિત્ર કહ્યા છે..." પોતાના મિત્રને વિશ્વાસુ રહો, અને યાદ રાખો કે તેનું માન-સન્માન તમારા શારીરિક જીવનમાં દાવ પર મૂકવામાં આવ્યું છે.

જૂન ૧૭

## બીજાની ટીકા કરવાથી સાવધાન રહો

*“તમે કોઈને દોષિત ન ઠરાવો, એ માટે કે તમને કોઈ દોષિત ન ઠરાવે”*
*(માથ્થી ૭:૧)*

બીજાઓ પર દોષ લગાવવા સંબંધી ઈસુનો આદેશ ખૂબ જ સરળ છે; તે કહે છે “ના કરશો” એક સામાન્ય ખ્રિસ્તી દુનિયામાં સૌથી વધુ વેધક ટીકા કરનાર હોય છે. ટીકા કરવી તે લોકોની સાધારણ ક્રિયાઓમાંની એક હોય છે, પરંતુ આત્મિક ક્ષેત્રમાં આનાથી કશું પ્રાપ્ત થતું નથી. જે વ્યક્તિની ટીકા કરવામાં આવી રહી હોય છે તેના કારણે તે વ્યક્તિની ક્ષમતાઓ વિભાજીત થઈ જાય છે. ફકત પવિત્ર આત્મા જ ટીકા કરવાને યોગ્ય સ્થાને છે, અને ફક્ત તે જ દુભાવ્યા વિના અને ઠોકર પહોંચાડ્યા વગર બતાવી શકે છે કે શી બાબત ખોટી છે. જ્યારે તમે ટીકા કરવાની મનોદશામાં હો છો ત્યારે પરમેશ્વરની સાથે સંગતિમાં પ્રવેશ કરવો અસંભવ થઈ જાય છે. ટીકા તમને કઠોર, દંડાત્મક અને ક્રુર બનાવવાનું કામ કરે છે, અને તમારા મનમાં એવી શાંતિદાયક અને પ્રશંસા કરનાર વિચાર લાવે છે કે કોઈને કોઈ રીતે તમે બીજાઓથી શ્રેષ્ઠ છો. ઈસુ કહે છે કે તેમના શિષ્ય હોવાને કારણે એવા સ્વભાવને કેળવવાનો છે જે કદીયે ટીકાત્મક ના હોય. આ જલ્દીથી તો નહિ થાય પરંતુ કેટલાક સમયમાં તેનો વિકાસ થવો જોઈએ. તમારે સતત એવી દરેક બાબતોથી સાવધાન રહેવું જોઈએ જે તમારા મનમાં આ વિચાર લાવે છે કે તમે બીજાઓથી શ્રેષ્ઠ છો.

ઈસુ દ્વારા મારા જીવનની કરાનારી વેધક તપાસથી બચી જવું અસંભવ છે. જો હું તમારી આંખમાં તણખલું જોઉં છું, તો એનો અર્થ એ થાય કે મારી પોતાની આંખમાં ભારોટિયો છે (જુઓ ૭:૩-૫). દરેક ખોટી બાબત જે હું તમારામાં જોઉં છું , તે બાબત પરમેશ્વરને મારામાં દેખાય છે. દરેક વખતે જ્યારે હું દોષ આપું છું ત્યારે હું પોતાની જાતને દોષી ઠરાવું છું (રોમનોને પત્ર ૨:૧૭-૨૪). બીજાઓને માપવા માટેના માપીયા રાખવાનું બંધ કરો. દરેક વ્યક્તિની પરિસ્થિતિમાં ઓછામાં ઓછું એક એવું તથ્ય હોય છે જેના વિષે આપણને કશી જ ખબર નથી હોતી. સૌથી પહેલું કામ, જે પરમેશ્વર કરે છે, તે તો એ કે તેઓ આત્મિકરૂપથી આપણી પૂરી સફાઈ કરે છે. ત્યારબાદ, આપણામાં ઘમંડ બાકી રહેવાની કોઈ જ સંભાવના નથી રહેતી. પરમેશ્વરની કૃપા વગર મારામાં શું છે એ સમજ્યા પછી, મારી મુલાકાત એવા કોઈ વ્યક્તિથી  કદી નથી થઈ જેના માટે હું નિરાશ થઈ જાઉં અથવા સંપૂર્ણ આશા છોડી દઉં.

## ઈસુને ઓળખતા જાઓ

*"...પિતર...પાણી પર ચાલવા લાગ્યો પણ પવન દેખીને તે બીધો ને ડૂબવા લાગ્યો"*
*(માથ્થી ૧૪:૨૯-૩૦)*

હવા ખરેખર જોરથી ફૂંકાતી હતી અને મોજાં ખરેખર ખૂબ જ ઊંચા હતા, પરંતુ પિતરે શરૂઆતમાં તેમને નહોતા જોયા. તેણે તેમના વિશે જરા પણ વિચાર્યુ નહોતું; તેણે ફક્ત પોતાના પ્રભુને જ ઓળખ્યા અને તેમની ઓળખમાં પગલા ભરવા લાગ્યો અને "પાણી પર ચાલવા લાગ્યો" ત્યારબાદ તે પોતાની ચારે બાજુની બાબતો પર ધ્યાન આપવા લાગ્યો અને તરત તે ડૂબવા લાગ્યો. આપણા પ્રભુ તેને મોજાં પર ચલાવી શકતા હતા તે જ રીતે મોજાંની નીચે કેમ તેને ચલાવી ના શક્યા? તેઓ ચલાવી તો શકતા હતા પરંતુ આ બંને કામો ત્યાં સુધી થઈ શકતા નહોતા જ્યાં સુધી પિતર પ્રભુ ઈસુને ઓળખવાનું ચાલુ ના રાખે.

કેટલીક બાબતોમાં આપણે પરમેશ્વરને ઓળખીને પગલા ભરીએ છીએ, પછી આપણા મનમાં પોતાના વિષેના વિચારો આવે છે, અને આપણે ડૂબવા લાગીએ છીએ. જો તમે ખરેખર તમારા પોતાના પ્રભુને ઓળખી રહ્યા છો, તો તમને એવું વિચારવાનો કોઈ અધિકાર નથી કે તે તમારી પરિસ્થિતિને કેવી રીતે અને ક્યાં નિયંત્રિત કરે છે. તમારી ચારે બાજુ જે બાબતો છે, તે વાસ્તવિક છે, પરંતુ જ્યારે તમે તેમની તરફ જુઓ છો, તો તરત હારવા લાગો છો, અને ઈસુને પણ ઓળખવાને અસમર્થ બની જાવ છો. ત્યારે તેમનો ઠપકો આવે છે, "તેં સંદેહ કેમ આણ્યો?"(૧૪:૩૧). તમારી વાસ્તવિક પરિસ્થિતિઓ ચાહે ગમે તે હોય, ઈસુને ઓળખતા રહો, અને તેની પર સંપૂર્ણ ભરોસો મૂકતા રહો.

જો પરમેશ્વરે કશું કહ્યા બાદ તમે એક ક્ષણ માટે પણ વાદ-વિવાદ કરો છો તો સમજી લો કે બધું સમાપ્ત થઈ ગયું. એવું કહેવાની શરૂઆત ના કરશો કે, "હવે ખબર નથી કે તેમણે સાચે જ મારી સાથે વાત કરી હતી કે નહિ?" પોતાનું સર્વસ્વ પરમેશ્વર પર મૂકી દેવા દ્વારા, તરત જ સાહસિક થઈ જાઓ - સંપૂર્ણ રીતે અસંયમિત અને દરેક બાબતો દાવ પર મૂકવાને માટે તૈયાર થઈ જાઓ, તમે જાણતા નથી કે તેમની વાણી તમારી પાસે ક્યારે આવશે, પરંતુ જેવો તમને પરમેશ્વરનો અનુભવ થાય છે, પછી ભલે તે એકદમ ધીમો કેમ ના હોય, દઢનિર્ણય કરી લો કે તમે અવિચારી સાહસ કરીને પોતાની જાતનો ત્યાગ કરશો, અને પોતાનું સર્વસ્વ પરમેશ્વરને સમર્પિત કરી દેશો. ફક્ત પોતાની જાતને અને પોતાની પરિસ્થિતિઓને ત્યાગ કરવા દ્વારા જ તમે પરમેશ્વરને ઓળખી શકશો. જ્યારે તમે તમારા સર્વસ્વને દાવ પર લગાવવા તૈયાર થશો - ત્યારે તમે અવિચારી સાહસ દ્વારા જ તેમના અવાજને વધુ સ્પષ્ટતાથી ઓળખી શકશો.

## આવેશમય સમર્પણની સેવા

*"...શું તું મારા પર પ્રેમ રાખે છે?...મારા ઘેટાંને સાચવ"*
*(યોહાન ૨૧:૧૬)*

ઈસુએ એવું નથી કહ્યું કે આપણે લોકોને આપણી પોતાની વિચારધારાને અનુકૂળ બદલાણ કરીએ પરંતુ તેમણે એવું કહ્યું છે કે આપણે તેમના ઘેટાંઓની દેખભાળ કરીએ, જેથી તેમને પરમેશ્વરના જ્ઞાનનું પોષણ મળી શકે. આપણે ખ્રિસ્તી કાર્યના નામમાં જે કંઈ કરીએ છીએ, તેને સેવા સમજીએ છીએ, પરંતુ આપણે તેના માટે *જે છીએ* તેને ઈસુ ખ્રિસ્તે સેવા કહી છે, નહિ કે આપણે તેના માટે *જે કરીએ* છીએ. શિષ્યપણું કોઈ વિશેષ માન્યતાઓ કે સિદ્ધાંતોની પાછળ ચાલવા પર નહિ પરંતુ ફક્ત ઈસુ ખ્રિસ્ત પ્રત્યેની ભક્તિ પર આધારિત હોય છે. "જો કોઈ મારી પાસે આવે અને...દ્વેષ ન કરે તો તે મારો શિષ્ય થઈ શકતો નથી"(લૂક ૧૪:૨૬). આ કલમમાં, ઈસુ તરફથી તેમની પાછળ ચાલવા માટે કોઈ દલીલ કે દબાણ કરવામાં નથી આવતું; તેઓ તો ફક્ત એટલું જ કહે છે કે, "જો તમે મારા શિષ્ય બનવા માંગો છો તો તમારે ફક્ત મારા પ્રત્યે સમર્પિત થવું જોઈએ" પરમેશ્વરના આત્માથી સ્પર્શ થયેલ વ્યક્તિ તરતજ બોલી ઊઠે છે, "હવે હું જોઈ શકું છું કે ઈસુ કોણ છે!"- તે ભક્તિનો સ્રોત છે.

આજે આપણે વ્યક્તિગત વિશ્વાસની જગ્યાએ સૈદ્ધાંતિક વિશ્વાસ મૂકી દીધો છે, અને તે જ કારણથી ઘણા બધા લોકો ધર્મના કામો પ્રત્યે સમર્પિત છે, અને ખૂબ થોડા લોકો ઈસુ પ્રત્યે સમર્પિત છે. વાસ્તવમાં લોકો ઈસુ પ્રત્યે નહિ, પરંતુ તેના દ્વારા શરૂ કરાયેલ કામ પ્રત્યે સમર્પિત થવા માંગે છે. આજકાલના શિક્ષિત દિમાગો માટે ઈસુ ખ્રિસ્ત ખૂબ જ અપમાજનક છે, અર્થાત્ એ લોકો માટે જેઓ તેને ફક્ત પોતાના મિત્રના રૂપમાં ઈચ્છે છે અને બીજા કોઈ રૂપમાં સ્વીકારવા તેઓ તૈયાર નથી. આપણા પ્રભુનું અગ્રીમ આજ્ઞાપાલન તેમના પિતાની ઈચ્છા પ્રત્યે હતું. લોકોની જરૂરીયાતો પ્રત્યે નહિ, લોકોનું તારણ તે પિતાની પ્રત્યે તેમની આજ્ઞાપાલનનું સ્વાભાવિક પરિણામ હતું. જો હું ફક્ત માનવતાના કાર્ય પ્રત્યે સમર્પિત છું, તો હું જલ્દીથી થાકી જઈશ અને એવી સ્થિતિમાં આવીશ કે જ્યાં મારો પ્રેમ ડગમગી જશે અને ઠોકર ખાશે. જો પરંતુ જો હું ઈસુ ખ્રિસ્તને વ્યક્તિગત રીતે અને આવેશથી પ્રેમ કરીશ, તો હું મનુષ્યોની સેવા કરી શકીશ, પછી ભલેને લોકો મારી સાથે "પગલૂછણિયા" જેવો વ્યવહાર કરે. એક શિષ્યના જીવનનું રહસ્ય તો ઈસુ ખ્રિસ્ત પ્રત્યે તેનું સમર્પણ છે, અને તે જીવનની લાક્ષણિકતા તે તો તેની દેખીતી બિનમહત્વતા અને તેની નમ્રતા છે. છતાં તે ઘઉંના દાણા જેવું છે જે "ભોંયમાં પડીને મરી જાય છે"- તે ઊગી નીકળશે અને સમગ્ર જમીનના કુદરતી દેખાવને બદલી નાંખશે (યોહાન ૧૨:૨૪).

## શું તમે હજુ સુધી "જ્યારે" સુધી પહોંચ્યા છો?

*"જ્યારે અયૂબે પોતાના મિત્રોને સારુ પ્રાર્થના કરી,*
*ત્યારે યહોવાએ તેની દુર્દશા ફેરવી નાખી."*
*(અયૂબ ૪૨:૧૦)*

એક દયનીય, કમજોર અને સ્વાર્થી પ્રાર્થના અને પરમેશ્વરની સાથે વ્યવસ્થિત રહેવાનો દઢ સંકલ્પ અને સ્વાર્થપૂર્ણ અભિલાષા નવા કરારમાં ક્યાંય જોવા મળતી નથી. હું પરમેશ્વરની સાથે સીધો થવાનો પ્રયત્ન કરું છું તે હકીકત, વાસ્તવમાં એ વાતનું ચિહ્ન છે કે હું ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા થયેલ પ્રાયશ્ચિતની વિરુદ્ધ વિદ્રોહ કરી રહ્યો છું. હું એવી પ્રાર્થના કરું છું કે, "પ્રભુ, જો તું મારી પ્રાર્થાનાનો જવાબ આપીશ તો હું મારા મનને શુદ્ધ કરીશ - જો તું મારી મદદ કરે તો હું તારી આગળ યોગ્ય રીતે ચાલીશ." પરંતુ સત્ય એ છે કે હું મારી જાતને પરમેશ્વર સાથે સીધો કરી શકતો નથી; હું મારા જીવનને સંપૂર્ણ બનાવી *શકતો નથી.* જો હું પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રાયશ્ચિતને વરદાનના રૂપમાં ગ્રહણ કરું? મારે મારા પોતાના બધા અધિકારો અને પોતાની બધી માંગણીઓને ત્યાગવા પડશે, અને પોતાના દરેક સ્વપ્રયત્નોને બંધ કરવા પડશે. મારે મારી જાતને સંપૂર્ણ રીતે તેના હાથોમાં મૂકી દેવી પડશે, અને પછી હું મારા જીવનને મધ્યસ્થી કરવાના યાજકીય કાર્યમાં રેડવાનું શરૂ કરી શકીશ. પ્રાયશ્ચિતમાં ઘણી બધી પ્રાર્થનાઓ હકીકતમાં અવિશ્વાસથી આવે છે. ઈસુ આપણા તારણના કાર્યને હમણાં શરૂ નથી કરી રહ્યા- ક્યારનુંય સંપૂર્ણ રીતે આપણું તારણ કરી દીધું છે. તે તો એક સંપૂર્ણ કરવામાં આવેલું તથ્ય છે, અને જ્યારે આપણે તેમને આ વિનંતી કરીએ છીએ કે તેઓ એ કામને કરે જે તેઓ અગાઉ કરી ચૂક્યા છે, તો આપણે તેમનું અપમાન કરીએ છીએ.

ઈસુએ તમને જેની પ્રતિજ્ઞા કરી હતી તે "સો ગણું" તો તમે પ્રાપ્ત નથી કરી રહ્યા (જુઓ માથ્થી ૧૯:૨૯), અને પરમેશ્વરના વચનમાં આંતરિક સમજણ નથી પ્રાપ્ત કરી રહ્યા, તો પોતાના મિત્રોને માટે પ્રાર્થના કરવાનું શરૂ કરી દો - આંતરિક જીવનની સેવામાં પ્રવેશ કરો. "જ્યારે અયૂબે પોતાના મિત્રોને સારુ પ્રાર્થના કરી, ત્યારે યહોવાએ તેની દુર્દશા ફેરવી નાંખી." એક તારણ પામેલા જીવ હોવાને લીધે, તમારા જીવનનું સાચું કાર્ય મધ્યસ્થીની પ્રાર્થના કરવાનું છે. પરમેશ્વર તમને જે કોઈ પણ પરિસ્થિતિમાં રાખે, હંમેશા તરત જ પ્રાર્થના કરો કે તેમનું પ્રાયશ્ચિત બીજાઓના જીવનમાં એવી જ રીતે ઓળખવામાં આવે અને એટલી જ પૂર્ણતાથી સમજવામાં આવે જે રીતે તમારા જીવનમાં થયું છે. તમારા મિત્રને માટે હમણાં જ પ્રાર્થના કરો, અને તે લોકો માટે પણ પ્રાર્થના કરો જેમના સંપર્કમાં તમે હમણાં આવવાના છો.

જૂન ૨૧

## આંતરિક જીવનનું સેવાકાર્ય

*“તમે તો...રાજમાન્ય યાજકવર્ગ...છો...”*
*(૧ પિતર ૨:૯)*

આપણે કયા અધિકારથી “રાજમાન્ય યાજકવર્ગ” બનયા છીએ? તે તો ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા પૂર્ણ થયેલ પ્રાયશ્ચિત દ્વારા મળેલ અધિકારથી. શું આપણે પોતાની જાતની હેતુપૂર્વક અવગણના કરવાનો નિર્ણય કરીને પ્રાર્થનાના યાજકીય કાર્યમાં ઝંપલાવવા માટે તૈયાર છીએ? આપણે જે હોવા જોઈએ તે જ આપણે છીએ કે કેમ તે જાણવા માટે આપણે જે સતત આંતરિક તપાસ કરતા રહીએ છીએ તેના કારણે, પરમેશ્વરના એક બાળકનું જોરદાર અને સરળ જીવન નહિ પરંતુ એક સ્વાર્થી કમજોર ખ્રિસ્તીપણું ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી આપણે પરમેશ્વર સાથે આ સીધા અને યોગ્ય સંબંધમાં નથી આવતા, ત્યાં સુધી આ બાબત કોઈ પણ રીતે પકડીને લટકી રહેવા, બરાબર છે, જ્યારે આપણે એમ કહીએ છીએ કે, “વાહ, મને કેટલો અદ્‌ભુત વિજય પ્રાપ્ત થયો છે!” પરંતુ આમાં એવું કશું નથી કે જે ઉદ્ધારના આશ્ચર્યકર્મનો નિર્દેશ કરે. ઉદ્ધારનું કાર્ય પૂર્ણ થયું છે એ અવિચારી સાહસના, રોકી શકાય નહિ તેવા વિશ્વાસથી ઝંપલાવી દો, અને ત્યારબાદ પોતાના વિશે વધુ ચિંતા ના કરશો, પરંતુ ઈસુ ખ્રિસ્તે જે કહ્યું છે તે કરો, અર્થાત્, એ કે, “એ મિત્ર માટે જે તમારી પાસે અડધી રાત્રે આવે છે, પરમેશ્વરના સંતો માટે પ્રાર્થના કરો, અને સઘળા મનુષ્યો માટે પ્રાર્થના કરો.” એ જાણીને પ્રાર્થના કરો કે તમે ફક્ત ખ્રિસ્ત ઈસુમાં સંપૂર્ણ છે; આ દલીલના આધાર પર નહિ કે, “હે પ્રભુ, મેં પોતાનું શ્રેષ્ઠ કર્યું છે; હવે કૃપા કરીને મારું સાભળજે.”

ફક્ત પોતાના વિષયમાં વિચારવાની હાનિકારક આદતમાંથી આપણને છોડાવવામાં પરમેશ્વરને કેટલો સમય લાગી જશે? આપણે એ સ્થિતિમાં પહોંચવાનું છે જ્યાં આપણે પોતાનાથી બિલકુલ તંગ આવી ગયા હોઈએ, એવી સ્થિતિમાં જ્યાં, તો પરમેશ્વર આપણને આપણા પોતાના વિષે કંઈક કહે, તો આપણને કોઈ આશ્ચર્ય ના થાય. આપણે આપણી અપર્યાપ્તાના ઊંડાણ સુધી ક્યારેય પહાચી નથી શકતા અને તેને સમજી શકતા નથી. ફક્ત એક જ સ્થાન છે જ્યાં આપણે પરમેશ્વરની સાથે સીધા હોઈ શકીએ છીએ, અને તે સ્થાન તો ઈસુ ખ્રિસ્તમાં છે. એક વખત જ્યારે આપણે ત્યાં પહોંચીએ છીએ, પછીથી આપણે આંતરિક જીવનના આ સેવાકાર્યમાં પોતાના જીવનને સંપૂર્ણ રીતે રેડી દેવાની જરૂરત છે.

## દોષ લગાવવાનો ન બદલાનાર નિયમ

*"કેમકે જેમ તમે બીજાને દોષિત ઠરાવશો તેમ તેઓ તમને પણ દોષિત ઠરાવશે; અને જે માપથી તમે માપી આપો છો, તેથી જ તમને માપી અપાશે."*
*(માથ્થી ૭:૨)*

આ વિધાન કોઈ મન ફાવે તેમ કરવામાં આવેલી પરિકલ્પનાના સિદ્ધાંત જેવું નથી, પરંતુ પરમેશ્વરનો એક અનંતકાળનો નિયમ છે. જે રીતે તમે બીજાઓ સાથે ન્યાય કરશો તે જ પ્રકારનો ન્યાય તમારી સાથે પણ કરવામાં આવશે. બદલો લેવો અને યોગ્ય ન્યાય ચૂકવવો તે બંનેમાં ફરક છે. ઈસુએ કહ્યું કે જીવનનો આધાર યોગ્ય ન્યાય ચૂકવવા પર છે - "જે માપથી તમે માપી આપો છો, તેથી જ તમને માપી અપાશે." જો તમે બીજાની ભૂલો શોધવામાં તીક્ષ્ણ બુદ્ધિવાળા છો તો યાદ રાખો કે તમને પણ એ જ ધોરણથી માપવામાં આવશે. આ અનંતકાળનો નિયમ પરમેશ્વરના સિંહાસનથી શરૂ કરીને અહીં આપણા સુધી કાર્ય કરે છે (જુઓ ગી.શા. ૧૮:૨૫-૨૬).

રોમનોને પત્ર ૨:૧ એમ જણાવીને આ વાત અધિક સ્પષ્ટતાથી લાગુ કરે છે કે જે વ્યક્તિ બીજાઓ પર દોષ લગાવે છે તે તે જ બાબતમાં પોતાને પણ દોષિત ઠરાવે છે. પરમેશ્વર ફક્ત કામ તરફ નથી જોતા પરંતુ તેને કરવાની સંભાવના તરફ પણ જુએ છે. જે બાબત તેમને આપણા હૃદય તરફ જોવાથી જોવા મળે છે. પ્રથમ વાત તો એ કે આપણે બાઈબલમાં કહેવામાં આવેલી વાતો પર વિશ્વાસ નથી કરતા. ઉદાહરણ તરીકે, શું આપણે ખરેખર આ કથન પર વિશ્વાસ કરીએ છીએ કે જે એમ જણાવે છે કે આપણે બીજાઓને તે જ બાબતોમાં ટીકા કરીએ છીએ જેને માટે આપણે પોતે દોષી હોઈએ છીએ? આપણે બીજાઓમાં ઢોંગ, છેતરપીંડી અને ઈમાનદારીનો અભાવ એ માટે જોઈએ છીએ કેમ કે આ બધી બાબતો આપણા પોતાના હૃદયમાં પણ હોય છે. એક સંતનું સૌથી મોટું લક્ષણ તેની નમ્રતા છે, જે એ વાતથી સાબિત થાય છે કે તે ઈમાનદારી અને નમ્રતાથી કહી શકે છે, "જો પરમેશ્વરની કૃપા મારા પર ના થઈ હોત, તો આ સર્વ અને બીજી અનેક ભૂંડાઈઓ મારામાં જોવા મળતી. આથી, મને દોષ મૂકવાનો કોઈ અધિકાર નથી."

ઈસુએ કહ્યું, "તમે કોઈને દોષિત ન ઠરાવો, એ માટે કે તમને કોઈ દોષિત ન ઠરાવે" (માથ્થી ૭:૧). તેમણે આગળ લાગુ કરતાં એમ પણ કહ્યું કે, "જો તમે દોષ લગાવશો, તો તમારી ઉપર પણ બિલકુલ તે જ પ્રકારનો દોષ લગાવવામાં આવશે." આપણામાંથી કોનામાં એવી હિંમત છે કે જે એમ કહે, "હે, મારા પરમેશ્વર, જે રીતે મેં બીજાઓનો ન્યાય કર્યો છે, તેવી જ રીતે મારો પણ ન્યાય કરો?" આપણે બીજાઓનો ન્યાય કરીને તેમને પાપી ઠરાવ્યા છે - જો પરમેશ્વર આપણો ન્યાય પણ તે જ રીતે કરે તો આપણે નરકમાં જવાને માટે યોગ્ય ઠરાવવામાં આવીશું, પરંતુ પરમેશ્વર આપણો ન્યાય ખ્રિસ્તના વધસ્તંભના આશ્ચર્યકારક પ્રાયશ્ચિતના આધાર પર કરે છે.

## દરદનો અનુભવી

*“તે...દુઃખી પુરુષ અને દરદનો અનુભવી...હતો...”*
*(યશાયા ૫૩:૩)*

જે રીતે આપણા પ્રભુ “દરદના અનુભવી” હતા તે રીતે આપણે અનુભવી નથી. આપણે તેને સહન કરી લઈએ છીએ અને તેમાંથી પસાર થઈએ છીએ, પરંતુ આપણે તેની સાથે ગાઢ પરિચયમાં આવતા નથી. આપણા જીવનની શરૂઆતથી આપણે પોતાની જાતને પાપની વાસ્તવિકતાની સામે વહેવાર કરવાના સ્થાને નથી લાવતા. આપણે જીવનને તર્કના દ્રષ્ટિકોણથી જોઈએ છીએ અને એમ કહીએ છીએ કે જો કોઈ માણસ પોતાની કુદરતી પ્રવૃત્તિઓને નિયંત્રણમાં રાખે અને પોતાને શિક્ષિત કરે, તો તે એક એવું જીવન બનાવી શકે છે જે ધીરે ધીરે પરમેશ્વરના જીવનમાં વિકાસ પામશે. પરંતુ જેમ જેમ આપણે જીવનમાં આગળ વધતા જઈએ છીએ, ત્યારે આપણને એક એવી બાબતની હાજરી જોવા મળે છે જેનું આપણને ધ્યાન નહોતું, અર્થાત્ પાપ અને તેથી આપણા બધા વિચારો અને યોજનાઓ ઊંધી થઈ જાય છે. પાપે આપણા વિચારોના પાયાને એવો બનાવી દીધો છે કે જેના માટે અગાઉથી કંઈ કહી ના શકાય, જે નિયંત્રણમાં નથી હોતો અને જે તર્ક - અસંગત હોય છે.

આપણે એ સ્વીકારવાની જરૂર છે કે પાપ જીવનનું એક તથ્ય છે. ફક્ત એક ઉણપ નહિ. પાપ પરમેશ્વરની વિરુદ્ધ ઘોર - વિદ્રોહ છે અને મારા જીવનમાં કાં તો પાપે મરવું જોઈએ અથવા પરમેશ્વરે મરવું જોઈએ. નવા કરારે આપણને સીધા જ આ મુદ્દા પર લાવીને ઊભા કરી દીધા છે કે - જો મારામાં પાપ રાજ કરશે તો, મારી અંદર પરમેશ્વરનું જીવન મરણ પામશે, અને જો મારામાં પરમેશ્વર રાજ કરશે તો, મારી અંદર પાપ મરણ પામશે. આ બાબત સિવાય બીજી કોઈ બાબત આધારભૂત નથી. ઈસુ ખ્રિસ્તને વધસ્તંભ પર ચઢાવવામાં આવ્યા તે પાપની પરાકાષ્ઠા હતી, અને જે વાત પૃથ્વી પર પરમેશ્વરના ઈતિહાસમાં સાચું હતું, તે મારા અને તમારા ઈતિહાસમાં પણ સત્ય થશે. અર્થાત્ એ કે પાપ અમારી અંદર પરમેશ્વરના જીવનને મારી નાખશે. આપણે માનસિકરૂપથી પાપ સંબંધીના આ તથ્ય સાથે સહમત થઈ જવું જરૂરી છે. આ એક જ ખુલાસો છે કે ઈસુ ખ્રિસ્ત શા માટે પૃથ્વી પર આવ્યા, અને તે જ જીવનના દુઃખ અને દર્દનો ખુલાસો છે.

## પાપની હકીકત અંગે સમાધાન કરવું

*"આ તમારી ઘડી તથા અંધકારનું સામર્થ્ય છે"*
*(લૂક ૨૨:૫૩)*

જીવનની બધી વિપત્તિઓ પાપની હકીકતને નહિ સ્વીકારવાથી - તેને ઓળખીને તેની સાથે વ્યવહાર કરવાનો ઈનકાર કરવાથી ઉત્પન્ન થાય છે. તમે મનુષ્ય જીવનના ઊંચા સદ્‌ગુણોના વિષે વાત કરી શકો છો, પરંતુ માણસના સ્વભાવમાં એવું કંઈક છે જે તમારા દરેક સિદ્ધાંતોની મજાક ઉડાવશે. જો તમે આ હકીકતને માનવાનો નકાર કરો કે મનુષ્યોમાં દુષ્ટતા અને સ્વાર્થ છે, ઘૃણાસ્પદ અને ખોટી બાબતો છે, તો જ્યારે તે તમારા જીવન પર હુમલો કરે છે, ત્યારે તેને સ્વીકારવાને બદલે, તમે તેની સાથે સમજૂતી કરી લેશો અને કહેશો કે તેની સામે લડવું અર્થહીન છે. શું તમે "આ ઘડીને અને અંધકારના અધિકાર" ને ધ્યાનમાં લીધું છે, કે પોતાની જાતને માટે તમારો એવો દ્રષ્ટિકોણ છે જેમાં પાપની ઓળખનો થોડો પણ સમાવેશ થતો નથી? તમારા માનવીય સંબંધોમાં અને મિત્રતાના સંબંધમાં શું તમે પાપની હકીકતની સાથે સમાધાન કર્યું છે? જો ના, તો તમે ખૂબ જલ્દી તેના ફાંદામાં ફસાઈ જશો અને સમજૂતિ કરી લેશો. પંરતુ જો તમે પાપની હકીકતનો સ્વીકાર કરી લેશો તો તમે તેના જોખમને તરત જ ઓળખી લેશો અને કહેશો કે, "હા, હું સમજી શકું છું કે આ પાપનું પરિણામ શું આવે." પાપની ઓળખ મિત્રતાના આધારને નષ્ટ નથી કરતી - તે આપણા મનમાં ફક્ત આ હકીકત પ્રત્યે અરસપરસ માન સ્થાપિત કરે છે કે એક પાપમય જીવનનો આધાર વિનાશ કરી દેનાર હોય છે. પાપ એક વાસ્તવિકતા છે એ તથ્યને માન્યતા નહિ આપનાર જીવનના દરેક મૂલ્યાંકનથી સાવધ રહો.

ઈસુ ખ્રિસ્તે કદીયે માનવ સ્વભાવ પર ભરોસો નહોતો કર્યો, છતાં તેઓ માણસની ભલાઈ વિશે શંકાશીલ અથવા ટીકાત્મક નહોતા, કેમ કે તેમને તે વાત પર પૂરો ભરોસો હતો કે તેઓ માનવ સ્વભાવને માટે શું કરી શકતા હતા. નિર્દોષ વ્યક્તિઓ નહિ પણ નુકશાનથી બચાવવામાં આવેલા સ્ત્રીઓ અને પુરૂષો શુદ્ધ હોય છે. કહેવાતા નિર્દોષ સ્ત્રીઓ અને પુરૂષો ક્યારેય સુરક્ષિત નથી હોતા. સ્ત્રીઓ અને પુરૂષોને નિર્દોષ હોવાની કોશિશ કરવાનો કોઈ જ અધિકાર નથી. પરમેશ્વરની માંગણી એ છે કે તેઓ શુદ્ધ અને સદ્‌ગુણી હોય. નિર્દોષતા એક બાળકની લાક્ષણિકતા હોય છે. જો કોઈ વ્યક્તિ પાપની હકીકતને માનવાને માટે તૈયાર ન હોય, તો તે એને યોગ્ય છે કે તેની પર દોષ લગાવવામાં આવે.

## દુઃખના અગ્નિમાં પોતાની જાતને સ્વીકારવી

*"...હું શું કહું? હે બાપ, મને આ ઘડીથી બચાવ? પણ એ જ કારણને લીધે તો હું આ ઘડી સુધી આવ્યો છું. હે બાપ, તારા નામનો મહિમા પ્રગટ કર"*
*(યોહાન ૧૨:૨૭-૨૮)*

પરમેશ્વરના સંત હોવાને કારણે, દુઃખ અને મુશ્કેલીઓ પ્રત્યે મારું વલણ એવું ના હોવું જોઈએ કે તેમને રોકવામાં આવે, પરંતુ મારે પરમેશ્વરને વિનંતી કરવી જોઈએ કે તે મારી રક્ષા કરે જેથી મારા દુઃખોની આગ હોવા છતાં હું તે બની રહું જે બનવા માટે તેમણે મારી રચના કરી છે. આપણા પ્રભુએ પોતાની સ્થિતિને સ્વીકારીને તથા પોતાના ઉદ્દેશને ઓળખીને, દુઃખની આગની મધ્યે પોતાને સ્વીકાર્યા. તેમને તે ઘડી*થી* નહિ પરંતુ તે ઘડી*માંથી* બચાવવામાં આવ્યા.

આપણે કહીએ છીએ કે કોઈ દુઃખ ના હોવું જોઈએ, પરંતુ દુઃખ હોય છે. અને આપણે પોતાની જાતને તે દુઃખની આગમાં સ્વીકારવા જોઈએ અને કબૂલ કરવું જોઈએ. જો આપણે દુઃખથી બચવાની કોશિશ કરીએ છીએ અને તેની સાથે વ્યવહાર કરવાનો ઈન્કાર કરીએ છીએ, તો આપણે મૂર્ખ છીએ. દુઃખ જીવનની સૌથી મોટી હકીકતમાંથી એક છે, અને દુઃખ ના હોવું જોઈએ એમ કહેવું વ્યર્થ છે. પાપ, દુઃખ અને કષ્ટ વાસ્તવમાં હોય છે, અને પરમેશ્વરે તેની મંજૂરી આપીને ભૂલ કરી છે એમ કહેવાનો અધિકાર નથી.

દુઃખ એક વ્યક્તિના છીછરાપણાને પુષ્કળ માત્રામાં દૂર કરે છે, પરંતુ તે હંમેશા તે વ્યક્તિને સારો નથી બનાવતા. દુઃખ ભોગવવું તે મને, મને પાછો આપે છે અથવા તો મને નાશ કરે છે. તમે પોતાની જાતને સફળતા દ્વારા શોધી શકતા નથી અને પ્રાપ્ત કરી શકતા નથી, કેમ કે તમે ઘમંડને કારણે પોતાનું નિયંત્રણ ગુમાવી દો છો. અને તમે પોતાની જાતને દરરોજની નિરસતાના કારણે પ્રાપ્ત નથી કરી શકતા, કેમ કે તમે ફરિયાદો કરવા લાગો છો પોતે પોતાની જાતને પ્રાપ્ત કરવાનો એક જ રસ્તો છે અને તે તો છે દુઃખની આગમાં. આવું કેમ થાય છે તે મહત્વપૂર્ણ નથી. હકીકત એ છે કે બાઈબલમાં અને મનુષ્યના અનુભવમાં આ જ સત્ય છે. તમે હંમેશા એ ઓળખી શકો છો કે કોણ દુઃખની આગમાં થઈને પસાર થયું છે અને કોણે પોતાની જાતને પ્રાપ્ત કરી છે, અને તમે જાણો છો કે તમારી મુશ્કેલીની પળોમાં તમે તેની પાસે જઈ શકો છો અને અનુભવો છો કે તેની પાસે તમારા માટે પુષ્કળ સમય છે. પરંતુ જો કોઈ વ્યક્તિ દુઃખની આગમાંથી પસાર નથી થયો તો તે તમારી મજાક ઉડાવશે, તેના પાસે તમારા માટે માન કે સમય નહિ હોય, અને તે તમારાથી પોતાનું મોં અવળું ફેરવી લેશે. જો તમે તમારી જાતને દુઃખની આગમાં અનુભવી રહ્યા છો, તો પરમેશ્વર તમને બીજાઓ માટે પોષણ બનાવશે.

## પરમેશ્વરની કૃપા પર આધાર રાખવો - હમણાં

*"અમે...વિનંતી કરીએ છીએ કે તમે દેવની કૃપાનો અવરથા અંગીકાર ન કરો"*
*(૨ કરિંથી ૬:૧)*

જે કૃપા તમારી પાસે ગઈકાલે હતી, તે આજને માટે પૂરતી નથી. કૃપા તે તો પરમેશ્વરની ઉભરાતી તરફેણ છે અને તમે હંમેશા ભરોસો કરી શકો છો કે જ્યારે-જ્યારે તમને તેની જરૂરત પડશે ત્યારે તે ઉપલબ્ધ હશે. "...બહુ જ ધીરજ રાખીને, વિપત્તીઓ વેઠીને, તંગીઓ સહીને, સંકટો ઉઠાવીને." - અર્થાત્ આપણી ધીરજની પરીક્ષા થાય છે(૬:૪). શું તમે આ બાબતોમાં પરમેશ્વરની કૃપા પર ભરોસો રાખવામાં નિષ્ફળ જાઓ છો? શું તમે પોતાની જાતને એમ કહી રહ્યા છો, "સારુ ત્યારે, આ વખતે તો હું તેમની પર આધાર નહિ રાખું?" આ પરમેશ્વરને પ્રાર્થના કરવાનો અને સહાય માંગવાનો પ્રશ્ન નથી - આ તો પરમેશ્વરની કૃપાને હમણાં લેવાનો પ્રશ્ન છે. આપણે પ્રાર્થનાને આપણી સેવાની તૈયારી બનાવવાનું વલણ ધરાવીએ છીએ, પરંતુ બાઈબલમાં એવું ક્યાંય નથી - પ્રાર્થના એ પરમેશ્વરની કૃપા પર આધાર રાખવાની ટેવ છે. એવું ના કહેશો કે, "જ્યાં સુધી હું પ્રાર્થના માટે સમય ફાળવી ના શકું ત્યાં સુધી આને સહન કરી લઈશ." હમણાં પ્રાર્થના કરો - તમારી જરૂરતની ક્ષણમાં પરમેશ્વરની કૃપા પર આધાર રાખો. પ્રાર્થના સૌથી સામાન્ય અને ઉપયોગી બાબત છે; તે પરમેશ્વર માટે તમારી ભક્તિની પ્રતિક્રિયા નથી. આપણે પ્રાર્થના દ્વારા પરમેશ્વરની કૃપા પર આધાર રાખવાનું શીખવામાં ખૂબ જ ધીમા છે.

"ફટકા ખાઈને, કેદ ભોગવીને, હંગામાં સહીને, કષ્ટ વેઠીને..."(૬:૫). આ બધી બાબતોમાં પોતાના જીવનમાં પરમેશ્વરની કૃપા પર આધાર રાખવાનું દર્શાવો, જે તમને તથા બીજાઓને આ વાતની સાબિતી દેખાડશે કે તમે પરમેશ્વરના એક આશ્ચર્યકર્મ છો. તેમની કૃપાનો ઉપયોગ હમણાં જ કરો પછીથી નહિ. આત્મિક શબ્દાવલીમાં અગ્રીમ શબ્દ છે *હમણાં*. પરિસ્થિતિ તમને ગમે ત્યાં લઈ જાય, લઈ જવા દો પછી, તમે પોતાને કોઈ પણ પરિસ્થિતિમાં કેમ ના જુઓ, પરંતુ પરમેશ્વરની કૃપા પર આધાર રાખતા રહો ને તેનો ઉપયોગ કરતા રહો. તમે પરમેશ્વરની કૃપાનો ઉપયોગ કરી રહ્યા છો તેની સૌથી મોટી સાબિતી એ છે કે, તમે બીજાઓની આગળ સંપૂર્ણ રીતે અપમાનિત કરવામાં આવો છો છતાં પણ પરમેશ્વરની કૃપા સિવાય બીજી કોઈ બાબતનું લેશ માત્ર પણ પ્રદર્શન નહિ કરો.

"...દરિદ્રી જેવા છતાં..." ક્યારેય કોઈ બાબતોને ભવિષ્યને માટે બચાવીને ના રાખશો, પોતાની જાતને રેડી દો, તમારું જે શ્રેષ્ઠ છે તે આપી દો અને હંમેશા ગરીબ રહો. પરમેશ્વર તમને જે ખજાનો આપે છે તેને માટે કદીયે ચતુર અને સાવધાન ના રહેશો. "...છતાં સર્વસંપન્ન છીએ... " - આજ વિજયી દરિદ્રતા છે (૬:૧૦).

જૂન ૨૭

## પરમેશ્વરના વ્યક્તિગત છૂટકારાથી ઢંકાયેલા હોવું

*“...તારો છૂટકો કરવા હું તારી સાથે છું, એમ યહોવા કહે છે”*
*(યર્મિયા૧:૮)*

પરમેશ્વરે યર્મિયાને એ પ્રતિજ્ઞા કરી હતી કે, તેઓ પોતે તેને છોડાવશે - “...તારો જીવ તને લૂંટ દાખલ થશે...” (યર્મિયા ૩૯:૧૮). પરમેશ્વર પોતાના બાળકોની સાથે એટલી જ પ્રતિજ્ઞા કરે છે, પરમેશ્વર આપણને જ્યાં કંઈ પણ મોકલશે ત્યાં તે આપણા જીવનોની રક્ષા કરશે. આપણે આપણી સંપતિ અને આપણા સામાન પ્રત્યે મહત્વનો અભાવ દર્શાવીએ અને તે બાબતો પર આપણી પકડ બહુ ઢીલી રાખવી જોઈએ. જો આમ નહિ થાય તો આપણને ગભરાટ, દુઃખ અને માનસિક વ્યથા થશે. આ બાબતો પ્રત્યે યોગ્ય દ્રષ્ટિકોણ હોવો તે પરમેશ્વરના વ્યક્તિગત છુટકારાથી ઢંકાયેલા હોવાની સાબિતી હોય છે.

પહાડ પરનું ભાષણ એ સંકેત આપે છે કે જ્યારે આપણે ઈસુ ખ્રિસ્તના કાર્યમાં લાગુ હોઈએ છીએ, ત્યારે આપણી પાસે પોતાની સફાઈ આપવા અને પોતાને માટે જીવવાનો સમય નથી હોતો, ઈસુ જાણે કે એમ કહી રહ્યા છે કે, “એ વાતની ચિંતા ના કરશો કે તમારી સાથે ન્યાયથી વર્તવામાં આવી રહ્યું છે કે નહિ.” ન્યાયની શોધ કરવી તે હકીકતમાં એ વાતનું ચિહ્ન છે કે આપણું ધ્યાન પરમેશ્વરની ભક્તિથી હટી ગયું છે. આ જગતમાં ન્યાયની શોધ કદીયે ના કરશો, પરંતુ ન્યાયથી વર્તવાનું કદીયે ના ત્યાગશો. જો આપણે ન્યાયની શોધ કરીશું તો, આપણે ફક્ત ફરિયાદ કરવા લાગીશું અને પોતાની જાતને આત્મદયાના અસંતોષમાં ડૂબાડવા લાગીશું, જાણે કે આપણે એમ કહી રહ્યા હોઈએ કે, “મારી સાથે આવું વર્તન કેમ કરવામાં આવી રહ્યું છે?” જો આપણે ઈસુ ખ્રિસ્ત પ્રત્યે સમર્પિત હોઈએ, તો જે બાબતોનો સામનો આપણને થાય છે તેનાથી આપણને કોઈ લેવા દેવા નહિ થાય, પછી ચાહે તે યોગ્ય હોય કે અયોગ્ય હોય. ઈસુ જાણે કે આપણને એમ કહે છે, “મેં તમને જે કરવાનું કહ્યું છે તેમાં દઢતાથી વધતા જાઓ, અને હું તમારા જીવનનું રક્ષણ કરીશ. જો તમે પોતે પોતાનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરશો, તો તમે પોતે પોતાની જાતને મારા છુટકારાથી દૂર કરી દેશો.” અરે, આપણામાંથી સૌથી વધુ પરમેશ્વર ભક્ત લોકો પણ આ વિષયમાં નાસ્તિક બની જાય છે - આપણે પરમેશ્વરની વાતનો વિશ્વાસ નથી કરતા. આપણે આપણી વ્યવહારુ બુદ્ધિ(સામાન્ય સમજ) ને સિંહાસન પર બેસાડી દઈએ છીએ અને પછી તેની પર પરમેશ્વરનું નામ ચોંટાડી દઈએ છીએ. આપણે સંપૂર્ણ હૃદયથી યહોવા પર ભરોસો રાખવાને બદલે પોતાની અક્કલનો સહારો લઈએ છીએ(નીતિવચનો ૩:૫-૬).

## પરમેશ્વરની મજબૂત પકડ વડે પકડમાં રહેવું

*"...જેને સારુ ખ્રિસ્ત ઈસુએ મને પકડી લીધો, તેને હું પકડી લઉં,*
*માટે હું આગળ ધસું છું"*
*(ફિલિપ્પી ૩:૧૨)*

પરમેશ્વરના કાર્યકર્તા બનવાની પસંદગી ક્યારેય ના કરશો, પરંતુ એકવાર જ્યારે પરમેશ્વર પોતાનું તેડું આપે છે, ત્યારે જો તમે "ડાબે કે જમણે હાથે વળો" તો તમને અફસોસ છે (પુનર્નિયમ ૫:૩૨). આપણે પરમેશ્વરની સેવા કરવાને માટે અહીં એ માટે નથી કેમ કે આપણે એવું કરવાનું પસંદ કર્યું છે, પરંતુ એ માટે કેમ કે પરમેશ્વરે આપણને "પકડ્યા હતા" અને જ્યારે તે એવું કરે છે, તો આપણે એવું ક્યારેય નથી વિચારતા કે, "હું આ કામ કરવા માટે યોગ્ય નથી." તમારે જે પ્રગટ કરવાનું છે તે તમારા સ્વાભાવિક ઝૂકાવ કે ઈચ્છાઓ અનુસાર નહિ પરંતુ તે પણ પરમેશ્વર દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે. તમારા આત્માને દ્રઢતાથી પરમેશ્વરની સાથે જોડી રાખો, અને યાદ રાખો કે તમને ફક્ત પોતાની સાક્ષી આપવા માટે નહિ, પરંતુ સુવાર્તાપ્રચાર કરવાને માટે પણ બોલાવવામાં આવ્યા છે. દરેક ખ્રિસ્તીએ પરમેશ્વરના સત્યની સાક્ષી આપવી જોઈએ, પરંતુ જ્યારે સુવાર્તાપ્રચાર કરવાના તેડાની વાત આવે છે, ત્યારે તમારી ઉપર પરમેશ્વરની પીડા આપનાર પકડ હોવી જોઈએ - તમારું જીવન આ જ ઉદ્દેશ માટે પરમેશ્વરની પકડમાં હોય છે. આપણામાંથી કેટલા આવી પકડમાં છે?

પરમેશ્વરના વચનના પ્રભાવને ક્યારેય ઓછો ના કરશો, પરંતુ તેને તેની શુદ્ધ સખ્તાઈથી જ જણાવો. પરમેશ્વરના વચન પ્રત્યે નીડર વિશ્વાસયોગ્યતા હોવી જરૂરી છે, પરંતુ જ્યારે બીજાઓ સાથેના વ્યક્તિગત વ્યવહારની વાત આવે છે, તો યાદ રાખો તે તમે કોણ છો - તમે સ્વર્ગમાં સર્જવામાં આવેલ એક વિશેષ પ્રાણી નથી, પરંતુ કૃપાથી તારણ પામેલા એક પાપી છો.

"ભાઈઓ, મેં પકડી લીધું છે એમ હું ગણતો નથી; પણ એક કામ હું કરું છું,...ખ્રિસ્ત ઈસુમાં દેવના સ્વર્ગીય આમંત્રણના ઈનામને વાસ્તે, નિશાનની ભણી આગળ ધસું છું"(ફિલિપ્પી ૩: ૧૩-૧૪).

## સૌથી સખત શિસ્ત

*“જો તારો જમણો હાથ તને ઠોકર ખવડાવે, તો તેને કાપી નાખીને તારી પાસેથી ફેંકી દે, કેમ કે તારા અવયવોમાંના એકનો નાશ થાય, ને તારું આખું શરીર નરકમાં ન નંખાય એ તને ગુણકારક છે.”*
*(માથ્થી ૫:૩૦)*

ઈસુએ એમ નથી કહ્યું કે સર્વએ પોતાનો જમણો હાથ કાપીને ફેંકી દેવો જોઈએ, પરંતુ એ કે પરમેશ્વર સાથે ચાલવામાં, “જો તારો જમણો હાથ તને ઠોકર ખવડાવે ”તો તેને “કાપીને ફેંકી દેવો” સારું છે. ઘણી બધી બાબતો એવી હોય છે જે બિલકુલ યથાર્થ હોય છે, પરંતુ જો તમે પરમેશ્વર પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છો, તો તમે તે બાબત નથી કરી શકતા. તમારો જમણો હાથ તમારા સૌથી સારા અંગોમાં એક છે, પણ ઈસુ કહે છે કે જો તે ઈસુના નિર્દેશ અનુસાર ચાલવામાં તમારા માટે અવરોધ બની રહ્યો છે, તો તેને “કાપીને ફેંકી દો.” જે સિદ્ધાંત અહીં શીખવવામાં આવ્યો છે તે મનુષ્ય પર પ્રહાર કરનાર સૌથી સખત શિસ્ત કે પાઠ છે.

જ્યારે પરમેશ્વર ઉદ્ધાર આપવા દ્વારા તમને બદલે છે, અને આત્મિક રૂપથી નવા જન્મના દ્વારા તમને નવું જીવન આપે છે, ત્યારે શરૂઆતમાં તમારા જીવનમાં અપંગ હોવાની લાક્ષણિકતા વધારે હોય છે. સેંકડો કામ એવા હોય છે જેને કરવાની હિંમત તમને નહિ હોય - એવા કામ જે તમારા માટે પાપ હશે; જે તમને ખરેખર ઓળખનાર લોકોના દ્વારા પાપના રૂપમાં ઓળખવામાં આવશે. પરંતુ તમારી ચારેબાજુના બિનઆત્મિક લોકો કહેશે, “એ કામમાં શું ખોટું છે? તમે કેટલા મૂર્ખ છો” એવો કોઈ સંત નથી જેણે શરૂઆતમાં અપંગ જીવન જીવ્યું ના હોય. આપણે માણસની દ્રષ્ટિમાં સુંદર લાગીએ અને પરમેશ્વરની દ્રષ્ટિમાં સુંદર હોવું એ સારુ છે. શરૂઆતમાં ઈસુ ખ્રિસ્તે પોતાના આત્મા દ્વારા તમને ઘણા બધા એવા કામ કરતા રોકવા પડે છે, જે બીજા બધા લોકો માટે યોગ્ય હશે પરંતુ તમારા માટે યોગ્ય નહિ હોય.  છતાં પણ એ વાત ધ્યાનમાં રહે કે તમે તમારા પ્રતિબંધનો ઉપયોગ બીજા કોઈ વ્યક્તિની ટીકા કરવા માટે ના કરો.

શરૂઆતમાં ખ્રિસ્તી જીવન એક અપંગ જીવન હોય છે, પરંતુ કલમ-૪૮ માં ઈસુએ આપણને એક નિષ્કલંક સંપૂર્ણ જીવનનું ચિત્ર આપ્યું છે - “જેવો તમારો આકાશમાંનો બાપ સંપૂર્ણ છે તેવા તમે સંપૂર્ણ થશો.”

## હમણાં જ કરો!

*“...તારા વાદીની...સાથે વહેલો મળી જા...”*
*(માથ્થી ૫:૨૫)*

આ કલમમાં ઈસુ ખ્રિસ્ત એમ કહીને એક ખૂબ જ મહત્વનો સિદ્ધાંત સ્થાપિત કરે છે કે, “જે તું જાણે છે કે તારે કરવું પડશે, તેને હમણાં જ કર, તે કામને જલ્દી કર. જો તું એવું નહિ કરે, તો દર્દ, પીડા અને કષ્ટ સાથે ‘જ્યાં સુધી તું છેલ્લી દમડી ના ચૂકવે’ ત્યાં સુધી એક એવી પ્રક્રિયા શરૂ થઈ જશે જેને બદલી શકાશે નહિ”(૫:૨૬). પરમેશ્વરનો નિયમ અપરિવર્તનશીલ છે અને તેનાથી બચવું અસંભવ છે. ઈસુનું શિક્ષણ આપણા અસ્તિત્વને બરાબર વીંધી નાંખે છે.

આ તો એક સ્વાભાવિક વાત છે કે હું એ સુનિશ્ચિત કરવાનું ઈચ્છીશ કે મારો વિરોધી મને મારા બધા અધિકાર આપે. પરંતુ ઈસુ કહે છે, આ એવો મામલો છે જેનાથી બચવું અસંભવ છે અને જેનું મહત્વ અનંત છે, કે હું મારા વિરોધીનું દેવું ચૂકવી દઉં. આપણા પ્રભુના દ્રષ્ટિકોણથી, આ મહત્વપૂર્ણ નથી મને છેતરવામાં આવ્યા છે કે નહિ, પરંતુ આ જરૂર મહત્વનું છે કે હું કોઈની સાથે ઠગાઈ કે છેતરપીંડી ના કરું. શું હું મારા અધિકારો માટે લડી રહ્યો છું, કે હું તે ચૂકવવાને તૈયાર છું જે માટે હું ઈસુની દ્રષ્ટિમાં દેવાદાર છું?

આ કામ જલ્દીથી કરો - પોતાની જાતને હમણાં જ ન્યાયને માટે રજૂ કરો. નૈતિક અને આત્મિક બાબતોમાં તમારે તરત કાર્યવાહી કરવી જોઈએ. જો તમે તેવું નહિ કરો, તો એક અનિવાર્ય, કઠોર પ્રક્રિયા કાર્ય કરવા લાગશે. પરમેશ્વરે એ નિશ્ચય કરી લીધો છે કે તે પોતાના બાળકને બરફની જેમ શુદ્ધ, સાફ અને સફેદ બનાવશે, અને જ્યાં સુધી શિક્ષણ પ્રત્યે કોઈ પણ બાબતમાં તે અનાજ્ઞાંકિત રહેશે, ત્યાં સુધી તે પોતાના આત્માને એ અનુમતિ આપશે કે તે આપણને આજ્ઞાંકિત બનાવવાને માટે કોઈ પણ જરૂરી પ્રક્રિયાનો ઉપયોગ કરે, હકીકત એ છે કે જ્યારે આપણે એમ સાબિત કરવા સતત ભાર મૂકીએ છીએ કે આપણે સાચા છીએ તો તેનાથી લગભગ હંમેશા એવું સાબિત થાય છે કે ક્યાંક અનાજ્ઞાંકિતતાનો મુદ્દો છે. આથી, આ આશ્ચર્યની વાત નથી કે પરમેશ્વરનો આત્મા બળપૂર્વક આપણને આગ્રહ કરે છે કે આપણે સતત પ્રકાશમાં રહીએ(યોહાન ૩:૧૯-૨૧જુઓ).

“...તારા વાદીની...સાથે વહેલો મળી જા...” શું તમે કોઈકની સાથેના સંબંધમાં અચાનક કોઈ એવી સ્થિતિએ પહોંચ્યા છો, અને ફક્ત તમને એ જ માલૂમ પડ્યું કે તમારા મનમાં ક્રોધ છે? જલ્દીથી એ વાતને કબૂલ કરી લો - પરમેશ્વરની આગળ બધું વ્યવસ્થિત કરી લો તે વ્યક્તિ સાથે સમાધાન કરી લો - આ કામ હમણાં જ કરો.

## અનિવાર્ય દંડ

*“તું છેલ્લી દમડી ચૂકવીશ નહિ, ત્યાં લગી તું ત્યાંથી બહાર નીકળનાર જ નથી.”*
*(માથ્થી ૫:૨૬)*

એવું કોઈ સ્વર્ગ નથી જેના એક નાના ખૂણામાં થોડું નર્ક હોય. પરમેશ્વરે તમને શુદ્ધ, પવિત્ર અને સારા બનાવવાનો દ્રઢ સંકલ્પ કરી લીધો છે અને તે તમને પવિત્ર આત્માના બારીકાઈથી કરવામાં આવતા પરીક્ષણથી એક પળ પણ બચવા નહિ દે. જ્યારે તેણે તમને દોષિત ઠરાવ્યા, કે તરત ન્યાયને માટે તેની આગળ આવવાનો તેણે આગ્રહ કર્યો, પરંતુ તમે તેની વાત જરા પણ ના સાંભળી અને તેને આધીન થયા નહિ. ત્યારે તે અનિવાર્ય પ્રક્રિયા ચાલુ થઈ કે જે તેનો અનિવાર્ય દંડ લઈને આવે છે. હવે તમને “જેલમાં ધકેલી દેશે જ્યાં સુધી તું પૂરેપૂરો દંડ ન ભરે ત્યાં સુધી તારે જેલમાં રહેવું પડશે”(માથ્થી ૫:૨૫-૨૬). છતાં પણ તમે પૂછો છો કે, “શું આ દયા અને પ્રેમનો પરમેશ્વર છે?” જ્યારે આ બાબતને પરમેશ્વરના દ્રષ્ટિકોણથી જોવામાં આવે છે ત્યારે આ પ્રેમનું એક શાનદાર સેવાકાર્ય છે. પરમેશ્વર તમને શુદ્ધ, નિષ્કલંક અને દાગ વગરના બનાવીને બહાર લાવશે, પરંતુ તે ઈચ્છે છે કે તમે જે સ્વભાવને પ્રદર્શિત કરો છો તે સ્વભાવને ઓળખી લો અર્થાત્ કે પોતાના પ્રત્યે પોતાના અધિકારને માંગનારો સ્વભાવને તેને ઓળખી લો. પરમેશ્વર તમારો સ્વભાવ બદલે તે માટે તમે જે ક્ષણે તૈયાર થાવ છો, તે જ ક્ષણે તેમનું ફરીથી સર્જન કરનાર સામર્થ્ય કામ કરવાની શરૂઆત કરી દે છે, અને જે ક્ષણે તમને એ અહેસાસ થાય છે કે પરમેશ્વરનો ઉદ્દેશ એ છે કે તમને પોતાની સાથે સીધા સંબંધમાં લાવે, ત્યારે તે યોગ્ય માર્ગ પસંદ કરવા માટે તમને મદદ કરવાની કોઈ કસર બાકી નહિ રાખે. હમણાં જ નિર્ણય કરો અને કહો કે, “હા, પ્રભુ હું તે પત્ર જરૂર લખીશ” અથવા “હું હમણાં જ તે વ્યક્તિ સાથે સમાધાન કરીશ.”

ઈસુ ખ્રિસ્તનો આ ઉપદેશ તમારી ઈચ્છા અને તમારા અંતઃકરણ માટે આપવામાં આવ્યો છે, તમારા મગજ માટે નહિ. જો તમે પોતાના મગજની ઈચ્છાથી પહાડ પરના આ ઉપદેશના વચનો પર વિવાદ કરશો, તો તમે પોતાના હૃદય પ્રત્યેના તેના આકર્ષણને મંદ કરી દેશો.

જો તમારા મનમાં આ પ્રશ્ન ઉદ્દભવે છે કે, “મને ખરેખર ખબર નથી પડતી કે હું પરમેશ્વરની સાથે આત્મિક રીતે કેમ વૃદ્ધિ પામતો નથી?” તો પોતાની જાતને પૂછો કે પરમેશ્વરના દ્રષ્ટિકોણથી તમે તમારું દેવું ચૂકવી રહ્યા છો. તમારી જે બાબત કોઈ ને કોઈક દિવસે તો કરવાની જ છે તે હમણાં જ કરો. દરેક નૈતિક પ્રશ્ન અથવા તેડું તેની પાછળ એક “કરવું જોઈએ” એમ લઈને આવે છે - એ સમજણ લઈને કે આપણે શું કરવાની જરૂરત છે.

## શિષ્યપણાની શરતો

*"જો કોઈ મારી પાસે આવે, અને પોતાના બાપનો, મા નો, પત્નીનો, છોકરાંનો,*
*ભાઈઓનો તથા બહેનોનો, હા, પોતાના જીવનો પણ દ્વેષ ન કરે તો...*
*જે કોઈ પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવતો નથી તે...*
*તે પ્રમાણે તમારામાંનો જે કોઈ પોતાની સર્વ વસ્તુઓનો ત્યાગ કરતો નથી,*
*તે મારો શિષ્ય થઈ શકતો નથી."*
*(લૂક ૧૪:૨૬-૨૭,૩૩)*

જો એક શિષ્યના જીવનમાં સૌથી નજદિકનો સંબંધ ઈસુ ખ્રિસ્તના દાવાઓનો વિરોધ કરતો હોય તો, આપણા પ્રભુની માંગણી છે કે આપણે તરત તેમની આજ્ઞાઓને માનવી જોઈએ, શિષ્યપણાનો અર્થ થાય છે એક વ્યક્તિ એટલે કે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પ્રત્યે વ્યક્તિગત, આવેશમય ભક્તિ. એક વ્યક્તિ પ્રત્યે ભક્તિ અને સિદ્ધાંતો તે ધર્મના કામ પ્રત્યે ભક્તિમાં જમીન-આસમાનનો ફરક છે. આપણા પ્રભુએ ધર્મના કાર્યના પક્ષમાં ક્યારેય પ્રચાર નથી કર્યો તેમણે ફક્ત પોતાના પ્રત્યેની ભક્તિનો પ્રચાર કર્યો છે. એક શિષ્ય હોવું એટલે પ્રભુ ઈસુ પ્રત્યેના પ્રેમથી પ્રેરિત સમર્પિત દાસ હોવું. આપણામાંથી ઘણા જે પોતાને ખ્રિસ્તી કહે છે તેઓ વાસ્તવમાં ઈસુ ખ્રિસ્તને સમર્પિત નથી હોતા. જો પવિત્ર આત્મા વડે આપવામાં આવ્યો ના હોય તો પૃથ્વી પર એવો કોઈ માણસ નથી જેની પાસે આવો અદ્મ્ય પ્રેમ હોય. આપણે તેમની પ્રશંસા કરી શકીએ છીએ, તેમનું આદર-સન્માન કરી શકીએ છીએ, પરંતુ આપણા પોતાના બળથી તેમને પ્રેમ કરી શકતા નથી. એક માત્ર વ્યક્તિ જે પ્રભુ ઈસુને સાચો પ્રેમ કરે છે, તે તો પવિત્ર આત્મા છે અને તેમણે, "આપણા અંતઃકરણમાં પરમેશ્વરનો પ્રેમ વહેવડાવેલ છે" (રોમનોને પત્ર ૫:૫). જ્યારે પણ પવિત્ર આત્મા તમારા દ્વારા ઈસુને મહિમા આપવાનો અવસર જુએ છે. ત્યારે તે તમારા સંપૂર્ણ અસ્તિત્વને લે છે અને ઈસુ ખ્રિસ્ત પ્રત્યે પ્રકાશિત ભક્તિથી તમને પ્રજ્વલિત કરી દે છે.

ખ્રિસ્તી જીવન એક એવું જીવન છે જેની લાક્ષણિકતા છે સત્ય અને સ્વયંસ્ફૂરિત થનાર રચનાત્મકતા, આથી એક શિષ્ય પર પણ એ જ દોષ લગાવવામાં આવે છે જે ઈસુ ખ્રિસ્ત પર લગાવવામાં આવ્યો, એટલે કે હંમેશા વિસંગતતા હોવાનો દોષ. પરંતુ ઈસુ ખ્રિસ્ત પરમેશ્વર સાથેના પોતાના સંબંધમાં એકરૂપ રહ્યા, અને એક ખ્રિસ્તીએ પણ પોતાની અંદર કઠોર, ના નમનાર સિદ્ધાંતો પ્રત્યે એકરૂપ થવું જોઈએ નહિ, પરંતુ પરમેશ્વરના પુત્રના જીવન સાથેના પોતાના સંબંધ પ્રત્યે એકરૂપતા દેખાડવાની છે. લોકો પોતે પોતાની જાતને પોતાના સિદ્ધાંતોમાં રેડી દે છે, અને આથી તેઓ ઈસુ ખ્રિસ્ત પ્રત્યે સમર્પિત થઈ શકે, તે પહેલા પરમેશ્વરે તેમનામાં અગાઉથી બનેલા વિચારોમાં ધડાકો કરીને તેમને તે વિચારોમાંથી બહાર કાઢવા પડે.

## વ્યક્તિગત પાપનું કેન્દ્રીકરણ

*“અફસોસ છે મને! મારું આવી બન્યું છે; કારણ કે હું અશુદ્ધ હોઠોનો માણસ છું... ”*
*(યશાયા ૬:૫)*

જ્યારે હું પરમેશ્વરની હજૂરમાં આવું છું તો મને અનિશ્ચિતરૂપથી પાપી હોવાનું ભાન થતું નથી, પરંતુ મને અચાનક એવો અહેસાસ થાય છે કે મારુ સમગ્ર ધ્યાન મારા પોતાના જીવનના એક વિશેષ ક્ષેત્રમાં પાપના કેન્દ્રીકરણ તરફ જાય છે. એક વ્યક્તિ સરળતાથી કહી શકે છે, “હા, હું જાણું છું કે હું પાપી છું,” પરંતુ જ્યારે તે પરમેશ્વરની હજૂરમાં આવે છે ત્યારે આવું કહી દેવાથી છૂટી જવાતું નથી. આપણે દોષિત છીએ તે ખાતરી થઈ જાય છે કે આપણે વાસ્તવમાં કોણ છીએ. પાપનું ભાન થવું હંમેશા એ વાતનું ચિહ્ન છે કે એક વ્યક્તિ પરમેશ્વરની હજૂરમાં છે. એવા સમયમાં પાપની કોઈ અનિશ્ચિત સભાનતા નથી હોતી, પરંતુ સમગ્ર ધ્યાન જીવનના કોઈ ખાસ, વ્યકિતગત ક્ષેત્રમાં પાપના કેન્દ્રીકરણ તરફ જાય છે. પવિત્ર આત્મા આપણા ધ્યાનને જે વાત તરફ લઈ જાય છે, તે જ બાબતમાં પરમેશ્વર આપણને દોષીપણાની ખાતરી કરાવે છે. જો આપણે સમર્પણ કરી દઈએ, અને એ પાપ અંગે તેના દ્વારા દોષીપણાની ખાતરી કરાવવાને આધીન થઈ જઈએ, તો તે આપણને ત્યાં લઈ જશે જ્યાં તે પાપના વિસ્તૃત મૂળ સ્વભાવને પ્રગટ કરી શકશે. જ્યારે આપણે તેમની હાજરી અંગે સભાન હોઈએ ત્યારે આ જ એક રીત છે જેના દ્વારા પરમેશ્વર હંમેશા આપણી સાથે વ્યવહાર કરે છે.

વ્યક્તિગત પાપના કેન્દ્રીકરણ તરફ આપણા ધ્યાનને નિર્દેશ કરવાનો અનુભવ સૌથી મહાન સંતથી લઈને સૌથી ખરાબ પાપી સુધી, બધાના જીવનમાં સત્ય હોય છે. જ્યારે કોઈ એક વ્યક્તિ અનુભવની સીડી ચઢવાની શરૂઆત કરે છે, ત્યારે તે કહી શકે છે કે, “મને ખબર નથી કે મેં શું ભુલ કરી છે,” પરંતુ પરમેશ્વરનો આત્મા તેને કોઈ નિશ્ચિત અને વિશેષ બાબત દર્શાવશે, પરમેશ્વરની પવિત્રતા વિશે યશાયાના દર્શનનો પ્રભાવ એ થયો કે તેનું ધ્યાન આ સત્ય તરફ લઈ જવામાં આવ્યું કે, તે “અશુદ્ધ હોઠોનો માનવી”છે. “તેણે મારા હોઠોને અડકાડીને કહ્યું , ‘જો, આ તારા હોઠોને અડક્યો છે; એટલે તારો દોષ દૂર કરવામાં આવ્યો છે, અને તારા પાપનું પ્રાયશ્ચિત થયું છે’.”(૬:૭) જ્યાં પાપ કેન્દ્રીત હતું ત્યાં પવિત્ર  કરનાર અગ્નિ લગાડવામાં આવ્યો.

## પરમેશ્વરના મહાન "ના કર" માંનું એક

*"તું ખીજવાઈશ મા, તેથી દુષ્કર્મ જ નીપજે છે"*
*(ગી.શા. ૩૭:૮)*

ખીજવવાનો અર્થ પોતાની જાતને માનસિક કે આત્મિકરૂપથી "સ્થાન પરથી ઉખાડી લેવી." "ખીજવાઈશ નહિ" એમ કહેવું એ એક વાત છે, પરંતુ તમે ખીજવાઈ શકતા નથી એવો સ્વભાવ હોવો તે એક જુદી વાત છે. જ્યાં સુધી આપણી પોતાની નાની દુનિયા ઊંધી નથી થતી, અને બીજા ઘણા લોકોની જેમ આપણે પણ માનસિક ગૂંચવણ અને પીડામાં રહેવું પડે ત્યાં સુધી, "યહોવાની આગળ શાંત થા, અને તેની વાટ જો"(૩૭:૭) એવું કહેવું સરળ છે, જ્યારે એવી પરિસ્થિતિ થાય છે ત્યારે "યહોવાની આગળ શાંત" થવું શું શક્ય છે? જો આ "ના કર" આવી પરિસ્થિતિમાં કાર્ય કરતું નથી, તો તે બીજી કોઈ પણ પરિસ્થિતિમાં કાર્ય નહિ કરે, આ "ના કર" આપણા કઠણ અને અનિશ્ચિતતાના દિવસોની સાથે સાથે આપણા શાંતિના દિવસોમાં પણ કામ આવવું જોઈએ, નહિ તો આ કદીયે કામ નહિ આવે અને જો તે તમારી વિશેષ પરિસ્થિતિમાં કામ નહિ આવે, તો બીજા કોઈને માટે પણ કામ નહિ આવે. યહોવાની આગળ શાંત રહેવું તે તમારી બાહ્ય પરિસ્થિતિઓ પર નહિ, પરંતુ સ્વયં પરમેશ્વરની સાથેના તમારા સંબંધ પર આધાર રાખે છે.

ચિંતા કરવાનું પરિણામ હંમેશા પાપ હોય છે. આપણે વિચારીએ છીએ કે થોડી ચિંતા ફક્ત એ વાતનો સંકેત આપે છે કે વાસ્તવમાં આપણે કેટલા બુદ્ધિમાન છીએ, પરંતુ વાસ્તવમાં આ એ વાતનો શ્રેષ્ઠ સંકેત આપે છે કે ખરેખર આપણે કેટલા દુષ્ટ છીએ. આપણી મનની ઈચ્છા પ્રમાણે  કરવાના આપણા સંકલ્પમાંથી ખીજવાઈ જવાનો ભાવ ઉત્પન્ન થાય છે. આપણા પ્રભુએ ક્યારેય ચિંતા ના કરી કેમ કે તેમનો ઉદ્દેશ પોતાની યોજનાઓને પૂરી કરવાનો નહોતો, પરંતુ પરમેશ્વરની યોજનાઓને પૂરી કરવાનો હતો. પરમેશ્વરના બાળકને માટે ખીજવાઈ જવું તે દુષ્ટતા છે.

શું તમે તમારા મુર્ખ પ્રાણને એવા વિચારનો આધાર આપી રહ્યા છો કે, તમારી પરિસ્થિતિઓનો ઉકેલ લાવવો પરમેશ્વરના નિયંત્રણની વાત નથી? તમારા બધા મંતવ્યો અને અનુમાનોને એક તરફ મૂકી દો અને "સર્વસમર્થની છાયામાં રહો"(ગી. શા. ૯૧:૧). સમજણપૂર્વક પરમેશ્વરને કહો કે જે બાબતો તમને ચિંતિત કરે છે તેમના માટે તમે ખીજવાશો નહિ. પરમેશ્વર વગર આપણી યોજનાઓ બનાવવાના કારણે આપણે ખીજવાઈ જઈએ છીએ અને ચિંતિત થઈએ છીએ.

## પરમેશ્વર વગર યોજના ન બનાવો

*"તારા માર્ગો યહોવાને સોંપ; તેના પર ભરોસો રાખ,*
*અને તે તને ફળીભૂત કરશે."*
*(ગી. શા. ૩૭:૫)*

**પરમેશ્વર વગર યોજના ન બનાવો:** જે યોજનાઓ આપણે પરમેશ્વર તરફ ધ્યાન આપ્યા વગર બનાવી હોય છે તેમને ઊંધી પાડવાની એ આનંદદાયક રીત પરમેશ્વર પાસે છે. આપણે આપણી જાતને એવી પરિસ્થિતિમાં ફસાવી દઈએ છીએ જે પરમેશ્વર દ્વારા પસંદ કરવામાં નહોતી આવી, અને આપણને અચાનક ભાન થાય છે કે આપણે આપણી યોજનાઓ પરમેશ્વર વગર બનાવી રહ્યા હતા - વળી આપણા જીવનને માટે યોજના બનાવતા સમયે, આપણે તેમને એક અતિ આવશ્યક જીવંત ઘટક નહોતા સમજ્યા અને છતાંયે જે એકમાત્ર વાત આપણને ચિંતા કરવાની સંભાવનાથી બચાવશે, તે તો એ કે આપણે પરમેશ્વરને સૌથી મહાન ઘટક સમજીને આપણી બધી યોજનાઓમાં લાવીએ.

આત્મિક બાબતોમાં પરમેશ્વરને પ્રથમ સ્થાને મૂકવા તે એક રિવાજ છે, પરંતુ આપણે વિચારીએ છીએ કે આપણા જીવનના વ્યવહારિક, દૈનિક મુદ્દાઓમાં તેમને પ્રથમ સ્થાન આપવું તે અનુચિત અને બિનજરૂરી છે. જો આપણે એમ સમજીએ છીએ કે પરમેશ્વરની પાસે આવતા પહેલા આપણો પોતાનો "આત્મિક ચહેરો" પહેરવો પડશે, તો આપણે કદીયે તેમની પાસે કે નજદીક નહિ આવી શકીએ. આપણે જે હાલતમાં છીએ, તે જ હાલતમાં આવવાની જરૂર છે.

**મનમાં ભૂંડાઈનો વિચાર રાખીને યોજના ન બનાવો:** શું પરમેશ્વર ખરેખર ઈચ્છે છે કે આપણે યોજનાઓ બનાવતા સમયે આપણી ચારે તરફ જોવા મળતી ભૂંડાઈને ધ્યાનમાં ના લઈએ. "પ્રીતિ...અપકારને લેખવતી નથી."(૧ કરિંથી ૧૩:૪-૫). પ્રીતિ ભૂંડાઈના અસ્તિત્વ વિષે અજાણ નથી હોતી, પરંતુ યોજના બનાવતી વખતે, તે આ બાબતનો ખ્યાલ રાખતી નથી. જ્યારે આપણે પરમેશ્વરથી દૂર હતા, ત્યારે આપણે ભૂંડાઈનો ખ્યાલ રાખીને પોતાની બધી યોજનાઓ બનાવતા હતા, અને તે દ્રષ્ટિકોણથી પોતાના કાર્યના વિશે તર્ક-વિતર્ક કરતા હતા.

**નાણાંની ખેંચ પડશે માટે નાણાં બચાવવાના વિચારને ધ્યાનમાં રાખીને યોજના ન બનાવો :** જો તમે ખરેખર ખ્રિસ્ત પર ભરોસો રાખો છો તો નાણાંકીય ભીંસના દિવસોને વિચારીને સંગ્રહખોરી કરશો નહિ. "તમારા હૃદયોને વ્યાકુળ થવા ન દો..."(યોહાન ૧૪:૧). પરમેશ્વર તમારા મનને વ્યાકુળ થવાથી નહિ રોકે. આ એક આજ્ઞા છે કે -"...થવા ન દો..." આમ કરવા માટે જો તમે દિવસમાં એકસો એક વાર પડો તો પણ સતત, પોતાને ઉઠાવતા રહો, જ્યાં સુધી તમે પરમેશ્વરને પ્રથમ રાખવાની આદતમાં આવો અને પરમેશ્વરને ધ્યાનમાં રાખીને યોજના ન બનાવો.

## દર્શનોનું વાસ્તવિકતા બની જવું

*“મૃગજળ તે તલાવડી...થઈ જશે...”*
*(યશાયા ૩૫:૭)*

**કોઈ વસ્તુ વાસ્તવિક બનતા પહેલાં, આપણને હંમેશા તેનું દર્શન હોય છે. જ્યારે આપણને ભાન થાય છે કે દર્શન વાસ્તવિક તો છે પરંતુ હજુ સુધી આપણામાં વાસ્તવિક નથી બન્યુ, તે સમયે શેતાન તેના પરીક્ષણોને લઈને આપણી પાસે આવે છે અને આપણે એમ કહેવા માંગીએ છીએ કે આગળ વધવાનો કંઈ જ ફાયદો નથી, દર્શન આપણામાં વાસ્તવિક બને તેના બદલે, આપણે અપમાનની ખીણમાં પ્રવેશ કરીએ છીએ.**

*જીવન નિષ્ક્રીય કાચી ધાતુ નથી*
*પરંતુ નિરાશના ઊંડાણમાંથી ખોદી કઢાયેલું લોઢું છે*
*અને દુ:ખોના હથોડાથી પીટવામાં આવે છે*
*આકાર આપવા અને વાપરવા*

**પરમેશ્વર આપણને એક દર્શન આપે છે પછી આપણને નીચે ખીણમાં લઈ જાય છે જેથી સતત પ્રહાર કરીને તે દર્શનના આકારને અનુકૂળ બનાવે. આપણામાંથી ઘણા બધા લોકો એવા છે જેઓ આ ખીણમાં હાર માની લે છે અને કમજોર થઈને પડી જાય છે. જો આપણામાં ફક્ત ધીરજ હોય તો પરમેશ્વરે આપેલ દરેક દર્શન વાસ્તવિક અને સત્ય બની શકે છે, જે પુષ્કળ માત્રમાં મુક્ત સમય પરમેશ્વર પાસે છે તે અંગે જરા વિચારો! તે ક્યારેય જલ્દીમાં નથી હોતા. અને છતાં આપણે પુષ્કળ ઉતાવળમાં હોઈએ છીએ. જ્યારે આપણે દર્શનના પ્રકાશ અને તેજમાં હોઈએ છીએ, ત્યારે કામ કરવા નીકળી પડીએ છીએ, પરંતુ ત્યાં સુધી દર્શન હજી આપણામાં એક વાસ્તવિકતા નથી હોતું. પરમેશ્વરે આપણને ખીણમાં લઈ જવા પડે છે, અને આપણે જ્યાં સુધી એ સ્થિતિમાં નથી પહોંચતા જ્યાં તે દર્શનની વાસ્તવિકતા અંગે આપણા પર ભરોસો રાખી શકે, ત્યાં સુધી આપણને યોગ્ય આકારમાં લાવવા માટે આગ અને પાણીમાંથી લઈ જવા પડે છે. જ્યારથી પરમેશ્વરે આપણને દર્શન આપ્યું છે, ત્યારથી તે કાર્યરત છે. તેઓ આપણને તે લક્ષના આકારમાં લાવી રહ્યા છે જે તેમણે આપણા માટે ઠરાવ્યું છે, અને છતાં પણ આપણે વારંવાર મહાન “શીલ્પકાર”ના હાથમાંથી બચી નીકળવાની કોશિશ કરીએ છીએ કે જેથી પોતાની જાત પર ભારે પ્રહારો કરીને પોતાને આપણા પોતાના લક્ષ મુજબનો આકાર આપી શકીએ.**

**પરમેશ્વર જે દર્શન આપે છે, તે કોઈ હવાઈ કિલ્લાનું નથી કે જ્યાં પહોંચવું અસંભવ હોય, પરંતુ એ કામનું દર્શન હોય છે જે પરમેશ્વર તમારી પાસે અહીં, પૃથ્વી પર કરાવવા માંગે છે. મહાન કુંભારને સંમતિ આપો કે તે તમને પોતાના ચક્ર પર રાખે અને તેમની પોતાની ઈચ્છા અનુસાર ફેરવે. ત્યારબાદ જે ચોક્કસતાથી પરમેશ્વર પરમેશ્વર જ છે અને તમે તમે છો, તે જ નિશ્ચિતતાથી તમે બિલકુલ દર્શનને અનુરૂપ બની જશો. પરંતુ આ પ્રક્રિયામાં હતાશ ના થશો. જો તમને પરમેશ્વર તરફથી કદીયે કોઈ દર્શન પ્રાપ્ત થયું છે તો તમે તેનાથી નીચેના સ્તર પર સંતોષી બનવાની કોશિશ કરી શકો છો, પરંતુ પરમેશ્વર આવું નહિ થવા દે.**

## જુલાઈ ૭

### શ્રેષ્ઠતા માટેના બધા જ પ્રયત્નો મુશ્કેલ હોય છે

*"...સાંકડે બારણેથી માંહે પેસો...કેમ કે જે માર્ગ જીવનમાં પહોંચાડે છે,*
*તે સાંકડો છે, ને તેનું બારણું સાંકડું છે..."*
*(માથ્થી ૭: ૧૩-૧૪)*

**જો આપણે ઈસુના શિષ્યો થઈને જીવવું છે, તો આપણે યાદ રાખવું પડશે કે શ્રેષ્ઠતાના માટે બધા પ્રયત્નો મુશ્કેલ હોય છે. ખ્રિસ્તી જીવન મહિમામય રીતે મુશ્કેલ છે, પરંતુ તેની મુશ્કેલીઓ આપણને કમજોર કરતી નથી અને હાર માનવા મજબૂર કરતી નથી પરંતુ, તે આપણને વિજયી બનવાને માટે ઉત્તેજીત કરે છે. શું આપણે ઈસુ ખ્રિસ્તના આશ્ચર્યજનક તારણની એટલી કદર કરીએ છીએ કે પરમેશ્વરના સર્વોચ્ચ માટે આપણું સર્વોત્તમ આપીએ - તેમના મહિમાને માટે આપણું સર્વશ્રેષ્ઠ?**

**પરમેશ્વરની પોતાની સર્વોપરિ કૃપાથી ઈસુના પ્રાયશ્ચિત દ્વારા લોકોનો ઉદ્ધાર કરે છે, "જે પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામાં ઈચ્છાવાની તથા કરવાની પ્રેરણા કરે છે તે તો પરમેશ્વર છે"(ફિલિપ્પી ૨:૧૩). પરંતુ આપણે આપણા દૈનિક વ્યવહારિક જીવનમાં આ તારણના "કાર્યને પુરૂ કરતા રહેવાનું છે"(ફિલિપ્પી ૨:૧૨). જો આપણે ફક્ત તેમના ઉદ્ધારના આધાર પર તે કાર્ય કરવાનું શરૂ કરી દઈએ જેની આજ્ઞા પરમેશ્વર આપણને આપે છે, તો આપણે જોઈશું કે આપણે તે કરી શકીએ છીએ, જો આપણે નિષ્ફળ જઈએ છીએ, તો તેનું કારણ એ છે કે આપણે હજુ સુધી તેમણે આપણી અંદર જે મુક્યું છે તેનો અમલ કરવાનું શરૂ કર્યું નથી. પરંતુ કોઈ એક સંકટ એ પ્રગટ કરશે કે આપણે તેની પર અમલ કરીએ છીએ કે નહિ. જો આપણે પરમેશ્વરના આત્માની આજ્ઞા પાળીશું. અને પરમેશ્વરે પોતાના આત્મા દ્વારા જે આપણી અંદર મૂક્યું છે, તેને આપણા શારીરિક જીવનમાં અમલમાં લાવીશું, તો જ્યારે સંકટ આવશે ત્યારે આપણે જોઈશું કે પરમેશ્વરની કૃપાની સાથે આપણો પોતાનો સ્વભાવ પણ આપણને સાથ આપી રહ્યો છે.**

**પરમેશ્વરનો આભાર માનીએ કે, તેઓ આપણને મુશ્કેલ કામ કરવા આપે છે! તેમનું તારણ એક આનંદિત બાબત છે, પરંતુ સાથે સાથે તે એવી બાબત પણ છે જેમાં બહાદુરી, સાહસ અને પવિત્રતાની જરૂર હોય છે. પરમેશ્વર આપણી પરીક્ષા કરે છે કે આપણે કેટલા યોગ્ય છીએ. ઈસુ "ઘણા દીકરાઓને ગૌરવમાં લાવી રહ્યા છે"(હિબ્રૂઓને પત્ર ૨:૧૦), અને પરમેશ્વર આપણને પુત્ર થવાની જે જરૂરિયાતો છે તેથી બચાવતા નથી, પરમેશ્વરની કૃપા એવા સ્ત્રી-પુરૂષોને તૈયાર કરે છે, જેઓ પંપાળીને મોટા કરેલા, બગડી ગયેલા, કમજોર ના હોય પરંતુ જેનામાં ઈસુ ખ્રિસ્તના પરિવારની સમાનતા જોવા મળે છે. જીવનની વાસ્તવિકતાઓમાં ઈસુના શિષ્યનું મૂલ્યવાન અને શ્રેષ્ઠ જીવન જીવવા માટે જબરદસ્ત શિસ્તની જરૂર હોય છે. અને આપણા માટે એ હંમેશા જરૂરી છે કે યોગ્યતા અને શ્રેષ્ઠતાનું જીવન જીવવા માટે પ્રયત્ન કરવા જોઈએ.**

## વિશ્વાસયોગ્ય હોવાની ઈચ્છા

*"...કોની સેવા તમે કરશો તે આજે જ પસંદ કરો..."*
*(યહોશુઆ ૨૪:૧૫)*

એક વ્યક્તિની ઈચ્છા સંપૂર્ણ વ્યક્તિની ક્રિયાઓમાં સાકાર થાય છે. હું મારી ઈચ્છા ત્યાગ કરી શકતો નથી - મારે તે પર કાર્યવાહી કરવી જોઈએ અને તેને વ્યવહારમાં લાવવી જોઈએ. મારે આજ્ઞાપાલનની ઈચ્છા કરવી જોઈએ ને મારે પરમેશ્વરના આત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છા કરવી જોઈએ. જ્યારે પરમેશ્વર મને સત્યનું દર્શન આપે છે ત્યારે તે શું કરશે તે સવાલ નથી હોતો, પરંતુ હું શું કરીશ તે સવાલ હોય છે. પ્રભુ આપણા બધાની આગળ મોટો પ્રસ્તાવ અને મોટી યોજના મૂકે છે. સૌથી શ્રેષ્ઠ બાબત એ છે કે અગાઉ જ્યારે પરમેશ્વરે તમને સ્પર્શ કર્યો હતો ત્યારે તમે શું કર્યું હતું તે યાદ કરવાનું છે જ્યારે તમે સૌથી પ્રથમવાર તારણ પામ્યા હતા કે ઈસુને પ્રથમવાર ઓળખ્યા હતા કે કોઈ સત્ય સમજ્યા હતા તે ક્ષણને યાદ કરો, તે વખતે પોતાની સ્વામીભક્તિ પરમેશ્વરને સમર્પિત કરવી કેટલું સરળ હતું. જ્યારે પણ પરમેશ્વરનો આત્મા તમારી સામે કોઈ નવો પ્રસ્તાવ લાવે છે, ત્યારે તરત તે ક્ષણોને યાદ કરો.

"...કોની સેવા તમે કરશો તે આજે જ પસંદ કરો..." તમારી પસંદગી તે સમજીવિચારીને કરેલ નિર્ણય હોવો જોઈએ - આ કોઈ એવી બાબત નથી જેમાં તમે પોતાની જાતે ઢસડાઈ જાઓ અને જ્યાં સુધી તમે કોઈ નિર્ણય નહિ કરો, ત્યાં સુધી તમારા જીવનમાં બાકીની બધી બાબતો થોડા સમય સુધી સ્થગિત થઈ જશે. આ પ્રસ્તાવ તમારી અને પરમેશ્વરની વચ્ચે હોય છે - આ વિષયમાં "માંસ અને રક્તની સલાહ"ના લેશો(ગલાતી ૧:૧૬). દરેક નવા પ્રસ્તાવની સાથે, આપણી ચારે બાજુ લોકો વધુ દૂર થતા માલૂમ પડશે, અને આ જ બાબતે તનાવ વધવાનો શરૂ થાય છે. પરમેશ્વર એવું થવા દે છે કે તેના સંતોની સલાહથી તમને અસર થશે, પરંતુ આ બધું છતાં તમને આ બાબતનું વધુ ભાન થશે કે લોકો તમારા દ્વારા લેવાતા નિર્ણયને કોઈ નથી સમજી રહ્યું. તમને એ તપાસ કરવાનો અધિકાર નથી કે પરમેશ્વર તમને ક્યાં લઈ જઈ રહ્યા છે - ફક્ત એક જ વાતને પરમેશ્વર સમજાવી રહ્યા છે તે તો તેઓ પોતે જ છે.

ખુલ્લેઆમ તેમને જણાવો કે, "હું તમને વિશ્વાસુ રહીશ," પરંતુ યાદ રાખો કે જેવા તમે ઈસુ ખ્રિસ્તને વિશ્વાસુ રહેવાનું પસંદ કરશો, "તમે પોતાની જાતની વિરુદ્ધ સાક્ષી બનશો..."(યહોશુઆ ૨૪:૨૨). બીજા ખ્રિસ્તીઓની સાલાહ ન લેશો, પરંતુ સરળતાથી અને સ્વતંત્રતાથી પરમેશ્વરની આગળ જાહેર કરો કે, "હું તારી સેવા કરીશ" વિશ્વાસુ બનવાની ઈચ્છા - અને બીજા લોકોને પણ વિશ્વાસુ બનવાનો જશ આપો.

## શું તમે પોતાની તપાસ કરશો?

*''યહોશુઆએ લોકોને કહ્યું, તમારાથી યહોવાની સેવા નહિ કરાય...''*
*(યહોશુઆ ૨૪:૧૯)*

શું પરમેશ્વર વગર બીજી કોઈ વ્યક્તિ યા વસ્તુ પર તમારો થોડો પણ ભરોસો છે? શું તમારી અંદરના કોઈ ગુણ પર કે કોઈ વિશેષ પરિસ્થિતિઓ પર હજુ ભરોસો બચ્યો છે? જે નવો પ્રસ્તાવ કે યોજના પરમેશ્વરે તમારી સામે રાખી છે, તે અંગે શું તમે કોઈ પણ રીતે પોતાના પર ભરોસો રાખો છો? શું તમે આ વેધક પ્રશ્નો દ્વારા તમારી પોતાની તપાસ કરશો? આમ કહેવું તે વાસ્તવમાં સત્યે છે કે, ''હું એક પવિત્ર જીવન નથી જીવી શકતો,'' પરંતુ તમે એવો નિર્ણય કરી શકો છો કે તમે ઈસુ ખ્રિસ્તને તક આપશો કે તે તમને પવિત્ર બનાવે. ''તમારાથી યહોવાની સેવા નહિ કરાય...'' પરંતુ તમે પોતાની જાતને એ યોગ્ય સ્થિતિમાં મૂકી શકો છો જ્યાં પરમેશ્વરનું સર્વશક્તિમાન સામર્થ્ય તમારામાંથી વહેશે. શું પરમેશ્વર સાથે તમારો સંબંધ એટલો સારો છે કે તમે એ અપેક્ષા રાખી શકો કે તે પોતાના અદ્‌ભુત જીવનને તમારામાં પ્રદર્શિત કરશે?

''ત્યારે લોકોએ યહોશુઆને કહ્યું એમ નહિ બને; પણ અમે તો યહોવાની જ સેવા કરીશું''(૨૪:૨૧). આ કોઈ ઉતાવળથી કરેલું કામ નથી, સમજી-વિચારીને કરેલી પ્રતિબદ્ધતા છે. આપણે કહીએ છીએ, ''પરંતુ પરમેશ્વર આ કામ માટે મને તો કદીયે બોલાવી ના શકે. હું તો આ કાર્ય માટે બિલકુલ અયોગ્ય છું. આ તેડું મારા માટે ના હોઈ શકે.'' આ તેડુ તમારા માટે જ છે, અને તમે જેટલા વધુ કમજોર અને અયોગ્ય હો, તેટલું સારું છે. જે વ્યક્તિ હજુ પણ પોતાની અંદરની કોઈ બાબત પર ભરોસો રાખી રહ્યો છે, તે એમ કહેવાની સ્થિતિથી હજુ ઘણો દૂર છે કે, ''હું તો યહોવાની જ સેવા કરીશ.''

આપણે કહીએ છીએ કે, ''કાશ, હું આ વાત પર વિશ્વાસ કરી શકતો!'' પ્રશ્ન એ છે કે, ''શું હું વિશ્વાસ કરીશ?'' આ જ માટે તો ઈસુ ખ્રિસ્તે અવિશ્વાસના પાપ પર આટલો ભાર મૂક્યો. ''તેઓના અવિશ્વાસને લીધે તેણે ત્યાં ઘણા પરાક્રમી કામો કર્યા નહિ''(માથ્થી ૧૩:૫૮). જો આપણે ખરેખર એમ માની લઈએ કે પરમેશ્વર જે કહે છે, તે મજાકમાં નથી કહેતા, તો જરા વિચારો કે આપણે કેવા થઈ જઈશું! શું મારી એટલી હિંમત છે કે હું મારા માટે પરમેશ્વરને એ બધું કરવા દઉં જે તેઓ કહે છે કે તે થશે?

## આત્મિક રીતે આળસુ સંત

*"પ્રેમ રાખવાને તથા સારાં કામ કરવા અરસપરસ ઉત્તેજન મળે માટે આપણે એકબીજાનો વિચાર કરીએ. જેમ કેટલાએક કરે છે તેમ આપણે એકઠા મળવાનું પડતું ન મૂકીએ"*
*(હિબ્રૂઓને પત્ર ૧૦:૨૪-૨૫)*

આપણે સર્વ આત્મિક રીતે આળસુ સંત બનવાને સક્ષમ છીએ. આપણે જીવનના કઠણ માર્ગોથી દૂર રહેવાનું ઈચ્છીએ છીએ, અને આપણો મુખ્ય ઉદ્દેશ એ છે કે આપણે સંસારથી દૂર જઈને એકાંતવાસ પ્રાપ્ત કરીએ. હિબ્રૂઓના પત્રના ૧૦ અધ્યાયની આ કલમોમાં જે વિચારો રજૂ કરાયા છે, તે એકબીજાને ઉત્તેજીત કરવા અને આપણને એકબીજાની સાથે રાખવા માટેના છે. આ બંને બાબતો માટે પહેલ કરવી જરૂરી છે - આપણે આપણા પોતાની તરફ સમજણ માટે નહિ, પરંતુ ખ્રિસ્તની સમજણ તરફ પહેલું પગલું ભરવા માટે તૈયાર થવાની જરૂરત છે. એક અતડું, મિલનસાર નહિ અને તોછડું જીવન ખ્રિસ્તના દ્વારા શીખવાડાયેલ આત્મિકતાની તદ્દન વિપરીત છે.

જ્યારે આપણે અન્યાય, બદનામી, કૃતઘ્નતા અને મનના ઊચાટનો સામનો કરીએ છીએ ત્યારે જ, આપણી આત્મિકતાની સચ્ચાઈની પરખ થાય છે, કેમ કે આ બધી વાતો આપણને આત્મિકરૂપથી આળસુ બનાવી દે છે. જ્યારે આપણી પરીક્ષા થાય છે ત્યારે આપણે એક શાંત અને એકાંત સ્થાન મેળવવાના ઉદ્દેશથી પ્રાર્થના કરવી અને બાઈબલ વાંચવાનો ઉપયોગ કરવા ઈચ્છીએ છીએ. આપણે પરમેશ્વરનો ઉપયોગ ફક્ત શાંતિ અને આનંદ પ્રાપ્ત કરવાને માટે કરીએ છીએ. આપણે ઈસુ ખ્રિસ્તની સાચી સમજણની શોધ નથી કરતા, પરંતુ તેમના આનંદની શોધ કરી છીએ. ખોટી દિશામાં લેવાયેલું આ પ્રથમ પગલું છે. આ બધી જ પાતો જે આપણે શોધીએ છીએ, તે પરિણામ હોય છે, પરંતુ આપણે તેમને કારણ બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ.

પિતર કહે છે "...તમને સ્મરણ કરાવીને સાવધ કરવા એ મને યોગ્ય લાગે છે"(૨ પિતર ૧:૧૩). જ્યારે કોઈ એવી વ્યક્તિ જેને પરમેશ્વર આપણને જાગૃત કરવા માટે વાપરે - એવી કોઈ વ્યક્તિ જે આત્મિક સક્રિયતાથી ભરપૂર હોય તે આપણી પર પ્રહાર કરે. તો આપણું મન ખૂબ જ વ્યાકુળ બની જાય છે. સાધારણ સક્રિય કામ અને આત્મિક સક્રિયતા એક જ બાબત નથી સક્રિય કામ તે વાસ્તવમાં આત્મિક સક્રિયતાનુ નકલીરૂપ હોય શકે છે. આત્મિક આળસનું અસલી જોખમ એ હોય છે કે આપણે નથી ઈચ્છતા કે આપણને ઉત્તેજીત કરવામાં આવે - આપણે તો બસ સંસારમાંથી આત્મિક સેવાનિવૃત્તી ઈચ્છીએ છીએ. પરંતુ ઈસુ ખ્રિસ્ત સેવાનિવૃત્તિના વિચારોને કદીયે પ્રોત્સાહન નથી આપતા - તે કહે છે, "જાઓ, મારા ભાઈઓને કહો..."(માથ્થી ૨૮:૧૦).

## આત્મિક રીતે ઉત્સાહી સંત

*"એ માટે કે હું તેને...જાણું..." (ફિલિપ્પી ૩:૧૦)*

એક પવિત્ર જને પોતાની સ્વાનુભૂતિ તરફ નહિ, પરંતુ ખ્રિસ્તને જાણવા તરફ પગલાં ઉઠાવવા જોઈએ. આત્મિકરૂપથી ઉત્સાહી પવિત્ર જન ક્યારેય એવું નથી વિચારતો કે પરિસ્થિતિઓ જોગાનુંજોગ થઈ જાય છે, વળી તેનું જીવન આત્મિક અને સાંસારિક એમ બે ભાગોમાં વહેંચાયેલું છે. એમ પણ તે વિચારતો નથી કે તે પોતાની જાતને જે પણ પરિસ્થિતિમાં મુકાયેલ જુએ છે, તે પરિસ્થિતિને તે ઈસુ ખ્રિસ્તને જાણવાના સાધન તરીકે જુએ છે, અને તેનામાં અટકાવી ના શકાય એવો ત્યાગ અને સંપૂર્ણ સમર્પણની મનોવૃત્તિ જોવા મળે છે. પવિત્ર આત્માએ નક્કી કરી લીધું છે કે આપણને આપણા જીવનના દરેક ક્ષેત્રોમાં ઈસુ ખ્રિસ્તની અનુભૂતી થાય. અને જ્યાં સુધી એમ નથી થતું ત્યાં સુધી તે આપણને વારંવાર તે જ સ્થાન પર અને તે જ પરિસ્થિતિમાં લાવતા રહે છે. પોતાની જાતની સમજણ ફક્ત સારા કામોને મહિમા આપે છે, જ્યારે પરમેશ્વરનો પવિત્ર જન કે સંત પોતાના સારા કામો દ્વારા ઈસુ ખ્રિસ્તને મહિમા આપે છે. આપણે ખાઈએ, પીએ કે શિષ્યોના પગ ધોઈએ - આપણે જે કંઈ પણ કરીએ - આપણે તેમાં ઈસુ ખ્રિસ્તને સમજવા અને જાણવાની પહેલ કરવી પડશે. આપણા જીવનના દરેક પક્ષનો પ્રતિપક્ષ ઈસુના જીવનમાં હોય છે. સૌથી તુચ્છ કામોમાં પણ આપણા પ્રભુને પરમેશ્વરની સાથેના પોતાના સંબંધની સમજણ હતી. "...હું દેવની પાસેથી આવ્યો છું અને દેવની પાસે જાઉં છું એ જાણીને...તેણે રૂમાલ લીધો...અને...શિષ્યોના પગ ધોવા...લાગ્યો"(યોહાન૧૩:૩-૫).

આત્મિકરૂપથી ઉત્સાહી સંતનું ધ્યેય એ હોય છે "કે હું તેને...જાણું" જ્યાં આજે હું છું ત્યાં શું હું તેમને જાણું છું? જો ના, તો હું પરમેશ્વરને નિરાશ કે નિષ્ફળ કરી રહ્યો છું. હું અહીં આ પરિસ્થિતિમાં સ્વાનુભૂતિ માટે નથી, પરંતુ ઈસુ ખ્રિસ્તને જાણવા માટે છું. ખ્રિસ્તી કાર્યમાં આપણી પહેલ અને પ્રેરણા મોટાભાગે એવા અહેસાસ ના પરિણામે હોય છે કે ઘણું બધું કાર્ય કરવાનું બાકી છે અને તે આપણે જ કરવાનું છે. પરંતુ આત્મિકરૂપથી ઉત્સાહિત સંતનું વલણ આ પ્રકારનું નથી હોતું, એનું ધ્યેય એ હોય છે કે તેને બધી પરિસ્થિતિઓમાં ઈસુ ખ્રિસ્તની સમજણ પ્રાપ્ત થાય.

## આત્મિક રીતે સ્વાર્થી મંડળી

*"ત્યાં સુધી કે આપણે સહુ...ખ્રિસ્તની સંપૂર્ણતાની પાયરીએ પહોંચીએ;"*
*(એફેસી ૪:૧૩)*

**સમાધાનનો અર્થ એ છે કે સમગ્ર માનવ જાત અને પરમેશ્વર વચ્ચેના સંબંધને પુનઃસ્થાપિત કરવો, તે સંબંધને પરમેશ્વરની યોજના અનુસારની સ્થિતિમાં પાછો લાવવો. ઉદ્ધારના કાર્યમાં ઈસુ ખ્રિસ્તે આ જ કર્યું હતું. જ્યારે મંડળી સ્વાર્થી બની જાય છે અને તેનો રસ ફક્ત પોતાની સંસ્થાના વિકાસ માં જ રહે છે ત્યારે તે મંડળી આત્મિક રહેતી નથી. પરમેશ્વરની યોજના અનુસાર માનવજાતના સમાધાનનો અર્થ એ થાય છે કે આપણે તેનો અનુભવ ફક્ત આપણા વ્યક્તિગત જીવનમાં જ કરીએ એટલું જ નહિ પણ સામુહિક જીવનમાં પણ કરીએ, ઈસુ ખ્રિસ્તે પ્રેરિતો અને શિક્ષકોને આ જ ઉદ્દેશથી મોકલ્યા કે ઘણા સભ્યોથી બનેલી મંડળી અને ખ્રિસ્તનું સામુહિક વ્યક્તિત્વ અસ્તિત્વમાં લાવવામાં આવે અને જણાવવામાં આવે. આપણે અહીં એ માટે નથી કે આપણા પોતાના જ આત્મિક જીવનનો વિકાસ કરીએ, અથવા એક શાંત એકાંતવાસનો આનંદ માણીએ. આપણે અહીં એ માટે છીએ કે ઈસુ ખ્રિસ્તના દેહને બનાવવાના ઉદ્દેશથી આપણને તેનો પૂરો અનુભવ થઈ શકે.**

**શું હું ખ્રિસ્તના દેહને બાંધી રહ્યો છું કે હું ફક્ત મારા વ્યક્તિગત વિકાસની જ કાળજી રાખી રહ્યો છું? સૌથી મહત્વની વાત તે ઈસુ ખ્રિસ્ત સાથે મારો વ્યક્તિગત સંબંધ છે - "...કે હું તેને જાણું..."(ફિલિપ્પી ૩:૧૦). મારા માટે પરમેશ્વરની જે સંપૂર્ણ યોજના છે તેને પૂર્ણ કરવા માટે મારા સંપૂર્ણ સમર્પણની - તેમના પ્રત્યે મારા સંપૂર્ણ ત્યાગની જરૂરત છે. જ્યારે પણ હું ફક્ત મારા માટે કશુંક માંગું છું, ત્યારે આ સંબંધ બગડી જાય છે. અને જ્યારે પણ હું એ સ્વીકારીશ અને સમજીશ કે વાસ્તવમાં મારી કાળજી ઈસુ ખ્રિસ્તને અનુભવવામાં નહિ, પરંતુ એ જાણવામાં હતી કે તેમણે મારા માટે શું કર્યું છે, ત્યારે મને ખૂબ શરમ લાગશે .**

*મારુ ધ્યેય સ્વયં પરમેશ્વર છે, આનંદ કે શાંતિ નહિ,*
*આશીર્વાદો પણ નહિ, પરંતુ સ્વયં તે છે, અર્થાત્ મારા પરમેશ્વર.*

**શું હું મારા જીવનને આ માપદંડથી માપી રહ્યો છું કે આનાથી નાના માપદંડથી?**

## દર્શનની કિંમત

*"ઉઝિઝયા રાજા મરણ પામ્યો તે વરસે મેં પ્રભુને જોયો..."*
*(યશાયા ૬:૧)*

પરમેશ્વરની સાથે આપણા આત્માનો વ્યક્તિગત ઈતિહાસ ઘણીવાર આપણા જીવનમાં કોઈ સન્માનીય વ્યક્તિના મૃત્યુનો વિગતવાર અહેવાલ હોય છે. પરમેશ્વરે વારંવાર આપણા મિત્રોને હટાવીને તેમની જગ્યાએ પરમેશ્વરને પોતાને મૂકવા પડે છે, અને આ જ એ સમય છે જ્યારે આપણે લથડીયા ખાઈએ છીએ, નિષ્ફળ અને નિરાશ થઈ જઈએ છીએ. મને આ અંગે વ્યક્તિગત રીતે વિચારવા દો - શું જે વ્યક્તિ મારા માટે પરમેશ્વરનો પ્રતિનિધિ હતો તેનું મૃત્યુ થયા બાદ શું મેં મારું બધું ત્યાગ કર્યું? શું હું માંદો પડી ગયો કે નિરાશ થઈ ગયો? કે શું મેં યશાયાની જેમ કર્યું અને પ્રભુને જોયા?

મને પરમેશ્વરનું દર્શન તે મારા ચરિત્રની અવસ્થા પર નિર્ભર છે. મારું ચારિત્ર એ વાત નક્કી કરે છે કે સત્ય મને પ્રગટ કરાવવું જોઈએ કે નહિ. હું એમ કહી શકું કે, "મેં પ્રભુને જોયા" તે પહેલાં મારા ચારિત્રમાં કંઈક એવું હોવું જોઈએ જે પરમેશ્વરની સમાનતા જેવું હોય. જ્યાં સુધી હું નવો જન્મ નથી પામતો, અને ખરેખર પરમેશ્વરના રાજ્યને જોવાની શરૂઆત નથી કરતો ત્યાં સુધી હું ફક્ત મારા પક્ષના દ્રષ્ટિકોણથી જ જોઉં છું. મને જેની જરૂર છે તે તો પરમેશ્વર તરફથી શસ્ત્રક્રિયાની છે - તેઓ આંતરિક શુદ્ધિકરણને માટે બાહ્ય પરિસ્થિતિઓનો ઉપયોગ કરે છે.

જ્યાં સુધી તમારું જીવન દરેક સમયે પરમેશ્વરની સામે ન રહે, અને જ્યાં સુધી બીજા કોઈને ધ્યાનમાં રાખવાનું બંધ ના થાય ત્યાં સુધી તમારી પ્રાથમિકતા આ પ્રકારની હોવી જોઈએ કે પ્રથમ સ્થાને પરમેશ્વર, બીજા સ્થાને પરમેશ્વર, ત્રીજા સ્થાને પરમેશ્વર જ હોવા જોઈએ. આમ જ્યારે થશે ત્યારે તમારી પ્રાર્થના આવી હશે કે, "હે, પ્રિય પરમેશ્વર, સમગ્ર જગતમાં તમારા સિવાય બીજુ કોઈ જ નથી; તમને છોડીને બીજુ કોઈ જ નથી."

કિંમત ચૂકવતા રહો. અને પરમેશ્વરને એ જોવા દો કે તમે દર્શન મુજબ જીવવાને તૈયાર છો.

## સતાવણી સહન કરવી અને બીજા માઈલ સુધી જવું

*"હું તમને કહું છું કે જે ભૂંડો હોય તેની સામા ન થાઓ; પણ જે કોઈ તારા જમણા ગાલ પર તમાચો મારે, તેની તરફ બીજો પણ ફેરવ."*
*(માથ્થી ૫:૩૯)*

આ વચન ખ્રિસ્તી હોવાને કારણે થતા અપમાનને પ્રગટ કરે છે. સાધારણ જીવનમાં જો કોઈ વ્યક્તિ તમાચાનો જવાબ તમાચાથી નથી આપતો, તો એનું કારણ એ હોય છે કે તે કાયર છે. પરંતુ આત્મિક જીવનમાં જો તે બદલો નથી લેતો, તો એ આ વાતની સાબિતી છે કે પરમેશ્વરનો પુત્ર તેનામાં છે. જ્યારે તમારું અપમાન થાય છે, ત્યારે તમારે ફક્ત ખોટું નહિ લગાડવાનું એટલું જ નહિ, પરંતુ તમારે આ તકનો ફાયદો ઉઠાવીને પોતાના જીવનમાં પરમેશ્વરના પુત્રને પ્રગટ કરવો જોઈએ અને તમે ઈસુના જીવનની નકલ નથી કરી શકતા - તે તમારા જીવનમાં છે અથવા તો તે નથી. એક પવિત્ર જન કે સંતને માટે વ્યક્તિગત અપમાન પ્રભુ ઈસુની અવિશ્વસનીય મધુરતાને પ્રગટ કરવાની તક બની જાય છે.

પહાડ પરના ભાષણનું શિક્ષણ એ નથી કે, "પોતાની ફરજોનું પાલન કરો" પરંતુ એક રીતે તે એમ કહે છે કે, "તમારી જે ફરજ નથી તે કરો." તમારી ફરજ એ નથી કે એક ગાઉ લઈ જાય તો બીજો ગાઉ પણ જાવ, અથવા બીજો ગાલ ધરો, પરંતુ ઈસુએ કહ્યું કે જો આપણે તેમના શિષ્યો છીએ તો, આપણે હંમેશા આ કામો કરીશું. આપણે એમ નહિ કહીએ કે, "હવે હું વધુ નથી કરી શકતો, અને વળી મને ખૂબ ખોટી રીતે રજૂ કરવામાં આવ્યો છે, અને ગેરસમજ કરવામાં આવી છે." જ્યારે જ્યારે હું મારા હક માટે લડું છું, ત્યારે હું પરમેશ્વરના પુત્રના હૃદયને દર્દ આપું છું, પરંતુ જો હું પ્રહારને પોતે જ સહી લઉં છું તો ઈસુને ઈજા પહોંચાડવાથી બચાવી શકું છું. "ખ્રિસ્તનાં સંકટોમાંની જે ન્યૂનતા હોય તે...મારા શરીર દ્વારા પૂરી કરું છું"(કલોસી ૧:૨૪) નો વાસ્તવિક અર્થ એ થાય છે. એક શિષ્યને એ અનુભવ થાય છે કે તેનું પોતાનું માન-સન્માન નહીં, પણ તેના પ્રભુનું માન-સન્માન દાવ પર લાગેલું છે.

બીજી વ્યક્તિમાં ન્યાયીપણાની શોધ ના કરશો, પરંતુ પોતે ન્યાયી બનવાનું પણ બંધ ના કરશો. આપણે હંમેશા ન્યાયની શોધ કરીએ છીએ, પરંતુ પહાડ પરના ભાષણના શિક્ષણનો સારાંશ એ છે કે - ન્યાયની શોધ ના કરો, પરંતુ ન્યાયથી વર્તવાનું બંધ ના કરશો.

## મારા જીવનનું આત્મિક માન અને ફરજ

*“ગ્રીક લોકોનો તેમજ બર્બરોનો પણ...હું ઋણી છું”*
*(રોમનોને પત્ર ૧:૧૪)*

પાઉલ, ઈસુ ખ્રિસ્તનો દેવાદાર હોવાના અનુભવથી દબાયેલો હતો, અને તેને વ્યક્ત કરવા માટે તેણે પોતાનું સમગ્ર જીવન ખર્ચી નાંખ્યું. ઈસુ ખ્રિસ્ત તેના આત્મિક લેણદાર છે તે પ્રકારનો તેનો દ્રષ્ટિકોણ તે પાઉલના જીવનમાં સૌથી મોટી પ્રેરણા હતી. શું હું તારણ નહિ પામેલા અને નાશમાં જતા દરેક આત્મા પ્રત્યે ઈસુનો દેવાદાર હોવાની આવી જ ભાવના અનુભવું છે? સંત હોવાને લીધે, મારુ આત્મિક મન અને ફરજ એ છે કે, હું આ નાશમાં જતા આત્માઓના સંબંધમાં ખ્રિસ્તનું મારા પરનું દેવું ચૂકતે કરું. જેની કોઈ કિંમત હોય તેવા મારા જીવનના નાનામાં નાનો કણ માટે, હું ઈસુ ખ્રિસ્તના ઉદ્ધારનો દેવાદાર છું. શું હું એવું કશું કરું છું, જેથી તેઓ પોતાના ઉદ્ધારની પ્રગટ થનારી વાસ્તવિકતા બીજાઓના જીવનમાં લાવી શકે? જ્યારે પરમેશ્વરનો આત્મા દેવાદાર હોવાની આ ભાવના મારી અંદર નાખશે ત્યારે જ હું આવું કરી શકીશ.

હું બીજા લોકોથી શ્રેષ્ઠ વ્યક્તિ નથી - હું ઈસુ ખ્રિસ્તનો એક દાસ છું, પાઉલે કહ્યું, “...તમે પોતાના નથી; કેમ કે મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યા હતા...”(૧ કરિંથી ૬:૧૯-૨૦). પાઉલે પોતાની જાતને ઈસુ ખ્રિસ્તને વેચી દીધી અને જાણે કે તેણે એમ કહ્યું કે, “ઈસુની સુવાર્તાને લીધે હું પૃથ્વી પરના તમામ લોકોનો દેવાદાર છું; હું ફક્ત એટલા માટે સ્વતંત્ર છું જેથી સંપૂર્ણ રીતે તેનો દાસ બની શકું.” જ્યારે ફક્ત આત્મિક માન અને ફરજનું આ સ્તર વાસ્તવિક બની જાય છે ત્યારે એક ખ્રિસ્તી જીવનની આ લાક્ષણિકતા બની જાય છે. પોતાને માટે પ્રાર્થના કરવાનું બંધ કરી દો અને ઈસુના દાસ હોવાથી બીજાઓને માટે પોતાનું જીવન જીવો. વાસ્તવિક જીવનમાં ભાંગવામાં આવેલી રોટલી અને રેડવામાં આવેલ દ્રાક્ષારસનો સાચો અર્થ આ છે.

## ઈશ્વરી નિયંત્રણનો ખ્યાલ

*“તમારા આકાશમાંના બાપની પાસે જેઓ માગે છે*
*તેઓને કેટલા વિશેષે કરીને તે સારાં વાનાં આપશે?”*
*(માથ્થી ૭:૧૧)*

આ કલમોમાં ઈસુ જેમની પાસે તેમનો આત્મા છે તે લોકો માટે વ્યવહારના નિયમો ઠરાવી રહ્યા છે. તે આપણને આગ્રહ કરે છે કે આપણી બધી બાબતો પરમેશ્વરના નિયંત્રણના ખ્યાલથી આપણા મનોને ભરેલા રાખીએ, જેનો અર્થ એ થાય છે કે શિષ્યએ, માંગવા માટે અને શોધવા માટે સંપૂર્ણ વિશ્વાસ અને ઉત્સુકતાનું વલણ જાળવી રાખવું જોઈએ.

તમારા મનને એ વિચારથી ભરી દો અને જ્યારે તમારું મન ખરેખર આ વિચારથી ભરાઈ જશે, ત્યારે જ્યારે તમે મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરશો, ત્યારે તમે સરળતાથી એ યાદ રાખી શકશો કે, “મારા સ્વર્ગીય પિતાને આ અંગે બધું જ ખબર છે!” આ માટે તમારે કોઈ પ્રયત્ન કરવો નહિ પડે, પરંતુ મુશ્કેલીઓ અને અનિશ્ચિતતાઓ જ્યારે આવશે ત્યારે આ પ્રમાણે વિચારવું સ્વાભાવિક થઈ જશે. ઈશ્વરીય નિયંત્રણની આ ધારણા મજબૂત રીતે તમારા મનમાં તૈયાર થાય તે પહેલાં, તમે જુદા જુદા લોકો પાસે જઈને મદદ પ્રાપ્ત કરતા હતા. પરંતુ હવે તમે પરમેશ્વર પાસે જાવ છો. ઈસુ એ લોકો માટે વ્યવહારનો નિયમ ઠરાવે છે જેમની પાસે તેમનો આત્મા છે, અને આ નિયમ આ પ્રકારના સિધ્ધાંત પર કામ કરે છેઃ પરમેશ્વર મારા પિતા છે, તેઓ મને પ્રેમ કરે છે અને એવી કોઈ વાત વિશે હું વિચારી શકતો નથી જેને તેઓ ભૂલી શકે છે, તો પછી હું ચિંતા શા માટે કરું?

ઈસુ કહે છે કે એવા સમયો પણ હોય છે જ્યારે પરમેશ્વર તમારી પાસેના અંધકારને હટાવી નથી શકતા, પરંતુ તમારે પરમેશ્વર પર ભરોસો રાખવો જોઈએ. ક્યારેક પરમેશ્વર એક નિર્દયી મિત્ર જેવા લાગશે. પરંતુ તેઓ એવા નથી; તેઓ એક અસ્વાભાવિક પિતા જેવા લાગશે, પરંતુ તેઓ એવા નથી; તેઓ એક અન્યાયી ન્યાયાધીશ જેવા લાગશે, પરંતુ તેઓ એવા નથી. બધી બાબતો પાછળ પરમેશ્વરની બુદ્ધિ છે, આ વિચારને પ્રબળ થવા દો અને વૃદ્ધિ પામવા દો. જ્યાં સુધી જીવનની નાનામાં નાની બાબતો પાછળ પરમેશ્વરની ઈચ્છા ના હોય ત્યાં સુધી તે થઈ શકતી નથી. આથી, તમે તેની પર સંપૂર્ણ ભરોસો રાખીને આરામથી રહી શકો છો. પ્રાર્થના ફક્ત માંગવું તેટલું જ નથી હોતું, પરંતુ મનની એવી વૃત્તિ પણ છે, જે એવું વાતાવરણ ઉત્પન્ન કરે છે જેમાં માંગવું બિલકુલ સ્વાભાવિક બની જાય છે. “માંગો તો તમને અપાશે…”(૭:૭).

## વિશ્વાસનો ચમત્કાર

*"મારી વાતનો તથા મારા બોધનો આધાર માનવી જ્ઞાનની મનોહર ભાષા ઉપર નહોતો…"*
*(૧ કરિંથી ૨:૪)*

પાઉલ સૌથી ઉચ્ચશ્રેણીનો વિદ્વાન અને ભાષણકર્તા હતો; અહીં તે નમ્રતાની ભાવનાથી નથી બોલતા, પરંતુ એવું કહી રહ્યા છે કે, જ્યારે તેઓ સુવાર્તાપ્રચાર કરતા હતા ત્યારે જો તેઓ તેમના ભાષણની ઉત્કૃષ્ટતાથી બોલતા અને લોકોને પ્રભાવિત કરતા તો તેઓ પરમેશ્વરના સામર્થ્યને ઢાંકી દેતા. ઈસુમાં વિશ્વાસ કરવો તે એક એવો ચમત્કાર હોય છે જે ફક્ત ઉદ્ધારની અસરકારકતાના દ્વારા ઉત્પન્ન થાય છે, પ્રભાવશાળી ભાષણથી, કે, પ્રેમ મેળવવા પ્રયત્ન કરવાથી કે સમજાવવાથી નહિ, પરંતુ પરમેશ્વરના એ સામર્થ્યથી પેદા થાય છે જેને બાહ્ય સહાયતાની કોઈ જરૂર નથી. ઉદ્ધારનું રચનાત્મક સામર્થ્ય પ્રચાર કરનાર વ્યક્તિના વ્યક્તિત્વથી કદી પ્રાપ્ત થતું નથી પરંતુ સુવાર્તા પ્રચાર દ્વારા પ્રાપ્ત થાય છે.

એક સુવાર્તા પ્રચાર કરનારનો ખરો ઉપવાસ તે ભોજનથી દૂર રહેવાનો નથી, પરંતુ ભાષાની વાકછટા, પ્રભાવશાળી ભાષણની શૈલી અને જે પરમેશ્વરની સુવાર્તાના પ્રચારમાં રૂકાવટ નાખી શકે છે તેવી દરેક બાબતોથી દૂર રહેવું તે જ ખરો ઉપવાસ છે. ઉપદેશક કે પ્રચાર કરનાર પરમેશ્વરનો પ્રતિનિધિ થઈને ઉપદેશ કરે છે. "… જાણે કે પરમેશ્વર અમારી મારફતે વિનંતી કરતો હોય તેમ…"(૨ કરિંથી ૫:૨૦). તે ત્યાં પરમેશ્વરની સુવાર્તાને રજૂ કરવા માટે છે. જો લોકો ફક્ત મારા ઉપદેશથી જ સારા બનવા માંગે છે, તો તેઓ ઈસુ ખ્રિસ્તની પાસે ક્યારેય નહિ આવે. સુવાર્તા પ્રચારમાં એવી કોઈ પણ વાત છે જે મારી પોતાની પ્રશંસા કરે છે, તે મને ઈસુ પ્રત્યે વિશ્વાસીઘાતી બનાવે છે, અને તે દ્વારા હું તેમના ઉદ્ધારના રચનાત્મક સામર્થ્યના કાર્ય કરવામાં રૂકાવટ લાવું છું.

"જો મને…ઊંચો કરવામાં આવશે, તો હું સર્વને મારી તરફ ખેંચીશ"(યોહાન ૧૨:૩૨).

## વિશ્વાસ કરવાનું રહસ્ય

*"તેણે કહ્યું કે, પ્રભુ, તું કોણ છે?"*
*(પ્રે. કૃ. ૯:૫)*

ઉદ્ધારના આશ્ચર્યકારક કાર્ય દ્વારા, તાર્સસનો શાઉલ એકાએક એક દ્રઢનિશ્ચયી અને બળવાન ફરોશીમાંથી બદલાઈને પ્રભુ ઈસુનો એક નમ્ર અને સમર્પિત દાસ બની ગયો.

જે વાતોને આપણે સમજાવી શકીએ છીએ તેમાં કંઈ આશ્ચર્ય કે રહસ્યની કોઈ વાત નથી હોતી. જે વાતોને આપણે સમજાવી શકીએ છીએ તે પર આપણું નિયંત્રણ રહે છે, એ માટે દરેક વાતની સ્પષ્ટતા પ્રાપ્ત કરવાની કોશિશ કરવી સ્વાભાવિક છે. આજ્ઞા પાળવી સ્વાભાવિક નથી હોતું, તો પછી એ જરૂરી નથી કે આજ્ઞાનું ઉલ્લંઘન કરવું પાપમય જ હોય. જ્યાં સુધી વ્યક્તિ આદેશ આપનાર ઉચ્ચ અધિકારને માન્યતા નથી આપતા ત્યાં સુધી કોઈ વાસ્તવિક અનાજ્ઞાંકિતતા કે આજ્ઞા પાલનમાં કોઈ નૈતિક સદ્ગુણ હોતા નથી. જો આ માન્યતા અસ્તિત્વ ધરાવતી નથી, તો આદેશ આપનાર વ્યક્તિ બીજા વ્યક્તિની આજ્ઞાના ઉલ્લંઘનને સ્વતંત્રતા માની શકે છે. જો એક વ્યક્તિ બીજા વ્યક્તિની પર એમ કહીને શાસન કરે છે કે, "તારે આ કરવાનું છે" અને "તું આ કરીશ." તો આ વાત તે માણસના આત્માને તોડી નાખે છે અને તેને પરમેશ્વર માટે અયોગ્ય બનાવી દે છે. જો એક વ્યક્તિના આજ્ઞા માનવા પાછળ એક પવિત્ર પરમેશ્વરની માન્યતા નથી, તો આજ્ઞા માનવા દ્વારા તે ફક્ત એક દાસ બની જશે.

ઘણા લોકો, જ્યારે તેઓ ધાર્મિક બનવાનું છોડી દે છે ત્યારે પરમેશ્વરની પાસે આવવાનું શરૂ કરે છે, કારણ કે માણસના મનનો એક જ સ્વામી હોય છે-અર્થાત્ ઈસુ ખ્રિસ્ત, કોઈ ધર્મ નહિ. પરંતુ, જો તેમને જોયા પછી પણ હું તેમની આજ્ઞા ના માનું તો મને અફસોસ! (યશાયા ૬:૫, જુઓ કલમ ૧ પણ). ઈસુ ક્યારેય તેમની આજ્ઞા માનવા માટે મને આગ્રહ નહિ કરે, પરંતુ જો હું આજ્ઞા નથી માનતો તો મેં મારા મનમાં પરમેશ્વરના પુત્રના મરણના પ્રમાણપત્ર પર હસ્તાક્ષર કરવાની શરૂઆત કરી દીધી છે. જ્યારે હું ઈસુ ખ્રિસ્તની સામે મોઢામોઢ ઊભો રહીને કહું છું કે, "હું આજ્ઞા નહિ માનું" તો તે કદીયે મને આગ્રહ નહિ કરે. પરંતુ હું જ્યારે આવું કરું છું ત્યારે તેના ઉદ્ધારના પુનઃસર્જન કરનાર સામર્થ્યથી પાછો હઠું છું. જો હું પ્રકાશમાં આવવા તૈયાર છું તો પરમેશ્વરની કૃપા પર તેની કોઈ જ અસર નથી પડતી કે હું કેટલો ઘૃણાસ્પદ કે તિરસ્કાર કરવા યોગ્ય છું. પરંતુ જો હું પ્રકાશની નજદીક આવવાનો ઈનકાર કરું છું તો "મને અફસોસ છે."(જુઓ યોહાન ૩:૧૯-૨૧).

જુલાઈ ૧૯

## વિશ્વાસની આધીનતા

*"તમે મને ગુરૂ તથા પ્રભુ કહો છો એ તમે ખરું જ કહો છો; કેમ કે હું એ જ છું"*
*(યોહાન ૧૩:૧૩)*

આપણો પ્રભુ આપણી પર અધિકાર રાખવાનો આગ્રહ ક્યારેય નથી કરતો. તે કદીયે એમ નથી કહેતા કે, "તમારે મારી આધીનતામાં રહેવું પડશે." ના, તે આપણને પસંદગી માટેની સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે - એટલી સ્વતંત્રતા કે આપણે તેમના મુખ પર થૂંકી શકીએ છીએ, જેમ બીજાઓએ કર્યું તેમ આપણે તેમને મારી નાખી શકીએ છીએ, છતાંયે તેઓ એક શબ્દ પણ નહિ કહે. પરંતુ એકવાર જ્યારે ઉદ્ધાર દ્વારા તેમનું જીવન મારામાં ઉત્પન્ન કરવામાં આવે છે, તે જ ક્ષણથી હું મારી ઉપર તેમના સંપૂર્ણ અધિકારને માની લઉં છું. આ એક સંપૂર્ણ અને અસરકારક શાસન હોય છે, જેને હું માની લઊં છું કે, "પ્રભુ...તું જ યોગ્ય છે..."(પ્રકટીકરણ ૪:૧૧). આ ફક્ત મારી અંદરની અયોગ્યતા છે જે મને એવી વ્યક્તિની સામે ઝૂકતા કે તેને આધીન થવાથી અટકાવે છે, જે ખરેખર યોગ્ય છે. જ્યારે મારી મુલાકાત એવી વ્યક્તિ સાથે થાય છે જે મારાથી વધુ પવિત્ર છે, અને હું તેની યોગ્યતાને નથી સ્વીકારતો કે ન તો તેમના દ્વારા અપાયેલા આદેશનું પાલન કરું છું તો તે મારી પોતાની અયોગ્યતાને પ્રગટ થવાનું ચિહ્ન છે. જેઓ આપણાથી બુદ્ધિમાં વધુ સારા છે એવા નહિ પણ વધુ પવિત્ર છે તેવા લોકોનો ઉપયોગ કરીને પરમેશ્વર આપણને શીખવાડે છે. અને તે ત્યાં સુધી એવું કરે છે જ્યાં સુધી આપણે આપણી ઈચ્છાથી તેમને આધીન નથી થઈ જતા. ત્યારબાદ આપણા જીવનનું સમગ્ર વલણ પરમેશ્વર પ્રત્યે આજ્ઞાધીનતાનું થઈ જાય છે.

જો આપણા પ્રભુએ આપણા આજ્ઞાપાલનનો આગ્રહ રાખ્યો હોત તો, તે ફક્ત એક કઠોર કામ કરાવનાર હોત અને તેની પાસે ખરો અધિકાર ના હોત. તે કદીયે આજ્ઞાપાલનનો આગ્રહ નથી કરતા, પરંતુ જ્યારે આપણે સાચે જ તેમને જોઈએ છીએ, તો તરત તેમની આજ્ઞા માનીશું. અને ત્યારે તે સરળતાથી આપણા જીવનના પ્રભુ બને છે, અને આપણે સવારથી રાત સુધી તેની આરાધનામાં જીવીશું. આજ્ઞાપાલન પ્રત્યે મારો દ્રષ્ટિકોણ કેવો છે તે પરથી કૃપામાં મારી વૃદ્ધિનું સ્તર પ્રગટ થશે. આજ્ઞાપાલન શબ્દ પ્રત્યે આપણો દ્રષ્ટિકોણ ખૂબ ઊંચો હોવો જોઈએ અને આપણે તેને જગતના કળણથી બચાવી લેવો જોઈએ. આજ્ઞાપાલન ફક્ત એવા લોકોની વચ્ચે સંભવ હોય છે જે એક બીજા સાથેના સંબંધમાં બરાબર હોય, જેમ કે પિતા-પુત્રનો સંબંધ, માલિક અને દાસનો સંબંધ નહિ. ઈસુએ એમ કહીને આ સંબંધ દર્શાવ્યો કે, "હું તથા બાપ એક છીએ" (યોહાન ૧૦:૩૦). "તે પુત્ર હતો, તે છતાં પણ પોતે જે જે સંકટો સહન કર્યા તેથી તે આજ્ઞાપાલન શીખ્યો" (હિબ્રૂઓને પત્ર ૫:૮). આપણા ઉદ્ધારકર્તા હોવાને કારણે, પુત્ર આજ્ઞાંકિત હતા, કેમ કે તેઓ પુત્ર હતા, એ માટે નહિ કે તેઓ પુત્ર બની જાય.

## પરમેશ્વરની હાજરી પર આધારિત

*"યહોવાની વાટ જોનાર...આગળ ચાલશે, ને નિર્ગત થશે નહિ."*
*(યશાયા ૪૦:૩૧)*

ચાલવામાં આપણા માટે કોઈ આનંદ નથી હોતો, પરંતુ તે બાબત આપણા બધા સ્થિર અને ટકી રહેનાર ગુણોની કસોટી છે. "ચાલવું અને નિર્ગત થવું નહિ" તે બળના માપનું સૌથી ઉચ્ચ સંભવિત સ્તર છે. બાઈબલમાં "ચાલવું" શબ્દનો ઉપયોગ એક વ્યક્તિના ચરિત્રને દર્શાવવા માટે કરાયો છે - "...યોહાને... ઈસુને ચાલતો જોઈને કહ્યું, કે, 'જુઓ દેવનું હલવાન!' " (યોહાન ૧: ૩૫-૩૬). બાઈબલમાં કશું જ અમૂર્ત અને અસ્પષ્ટ નથી; બધું જ સ્પષ્ટ અને વાસ્તવિક છે. પરમેશ્વર એમ નથી કહેતા કે, "આત્મિક બનો" પરંતુ એમ કહે છે કે, "મારી સમક્ષ ચાલ..."(ઉત્પત્તિ ૧૭:૧).

જ્યારે આપણે શારીરિક કે લાગણીઓમાં અસ્વસ્થ હાલતમાં હોઈએ છીએ, ત્યારે હંમેશા જીવનમાં રોમાંચની શોધ કરતા હોઈએ છીએ. આપણા શારીરિક જીવનમાં, આ બાબત આપણને પવિત્ર આત્માના કાર્યની નકલ કરવાની કોશિશ કરાવે છે; આપણા ભાવનાત્મક કે લાગણીના જીવનમાં આ બાબત આપણને કશાક વળગણમાં લઈ જાય છે અને નૈતિક વિનાશ તરફ દોરી જાય છે; અને આપણા આત્મિક જીવનમાં, જો આપણે ફક્ત રોમાંચક વાતોની પાછળ જ દોડીએ છીએ, જેમ કે, "ગરૂડની પેઠે પાંખો પ્રસારવી"(૪૦:૩૧), તો તેના પરિણામે આપણી આત્મિકતા નષ્ટ થઈ જાય છે.

પરમેશ્વરની હાજરીની વાસ્તવિકતા આપણે કોઈ વિશેષ પરિસ્થિતિ કે સ્થાનમાં હોઈએ તેની પર આધારિત નથી, પરંતુ તે ફક્ત અમારા એ સંકલ્પ પર આધારિત છે કે આપણે પરમેશ્વરને સતત આપણી સામે રાખીએ. જ્યારે આપણે તેની હાજરીની વાસ્તવિકતા પર ભરોસો નથી મૂકતા ત્યારે આપણને પ્રશ્નો ઊભા થાય છે. ગીતકર્તા જ્યારે એમ કહે છે કે, "...તો પણ આપણે બીએ નહિ"(ગી. શા. ૪૬:૩), જ્યારે આપણે પરમેશ્વરની હાજરીની વાસ્તવિકતાની સચ્ચાઈમાં સ્થાપિત થઈએ છીએ ત્યારે તે જે અનુભવની વાત કરે છે, તે અનુભવ આપણો પણ બની જાય છે. તેની હાજરીની ફક્ત સભાનતામાં નહિ, પરંતુ તેની વાસ્તવિકતાની સમજણ અને પછી આપણે બોલી ઉઠીએ છીએ કે, "તે તો દરેક સમયે અહીં જ છે." આપણા જીવનની સંકટની ક્ષણોમાં પરમેશ્વર પાસે માર્ગદર્શન માંગવું જરૂરી છે, પરંતુ સતત એમ કહેવું કે, "હે પ્રભુ, મને આ કે પેલી બાબતમાં દોરવણી આપ" તે બિનજરૂરી છે અલબત્ત તે દોરવણી આપશે, અને હકીકતમાં તેઓ ક્યારનાય તે બાબત કરી રહ્યા છે. જો આપણા દરરોજના નિર્ણયો તેમની ઈચ્છા અનુસાર નથી, તો તે આપણા આત્મામાં રૂકાવટ લાવવા દ્વારા આપણા પર દબાણ કરશે. ત્યારે આપણે શાંત થઈ જવું જોઈએ અને તેમની હાજરીના માર્ગદર્શનને માટે રાહ જોવી જોઈએ.

## સ્વર્ગના રાજ્યનું પ્રવેશ દ્વાર

*“આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે...”*
*(માથ્થી ૫:૩)*

આપણા પ્રભુને ફક્ત એક શિક્ષક માનવાથી સાવધાન રહો. જો ઈસુ ખ્રિસ્ત ફક્ત એક શિક્ષક કે ગુરૂ જ છે, તો જેને હું પહોંચી શકતો નથી એવો આદર્શ મારી સામે મૂકીને મને નિરાશ કરી દઈ શકે છે. જેના સુધી હું પહોંચી શકતો નથી એટલો ઊંચો આદર્શ મારી સામે રાખવા દ્વારા શું ફાયદો? જો હું કદીયે જાણતો જ નહિ તો મારા માટે સારુ થાત. જે હું કદીયે નથી કરી શકતો તે કરવાનું મને કહેવાનો શું ફાયદો અર્થાત્ “મનમાં જેઓ શુધ્ધ છે” તેવા બનવું (૫:૮), પોતાની ફરજથી વધારે કરવું અથવા સંપૂર્ણ રીતે પરમેશ્વરને સમર્પિત થવું? તેમનું શિક્ષણ મારા માટે એવા ઉચ્ચ આદર્શો બની જાય કે જે મને ફક્ત નિરાશામાં જ દોરી જાય છે તે સિવાય બીજો કોઈ અર્થ ના રહે તે પહેલા મારે ઈસુ ખ્રિસ્તને મારા તારનાર તરીકે માની લેવાની જરૂર છે. પરંતુ જ્યારે હું પરમેશ્વરના આત્મા દ્વારા નવો જન્મ પામું છું ત્યારે હું જાણું છું કે ઈસુ ખ્રિસ્ત ફક્ત શીખવવા નથી આવ્યા-તેઓ એ માટે આવ્યા કે જે અંગે તેઓ શિક્ષણ આપે છે તેવો મને બનાવે. ઉદ્ધારનો અર્થ એ થાય છે કે ઈસુ ખ્રિસ્ત દરેક વ્યક્તિની અંદર એ જ સ્વભાવ મૂકી શકે છે જે તેમના પોતાના જીવનમાં શાસન કરતો હતો, અને પરમેશ્વર આપે છે તે તમામ ધોરણો, તે જ સ્વભાવ પર આધારિત છે.

પહાડ પરના ભાષણનું શિક્ષણ એક સાધારણ માણસમાં નિરાશાની ભાવના ઉત્પન્ન કરે છે - અને ઈસુનો ઉદ્દેશ પણ તે જ હતો. જ્યાં સુધી આપણા મનમાં અહંકાર છે કે આપણે પ્રભુના શિક્ષણ અનુસાર ચાલી શકીએ છીએ, ત્યાં સુધી પરમેશ્વર આપણને તે માર્ગ પર ચાલવા દેશે જ્યાં સુધી હું માર્ગમાં કોઈ બાબતથી ઠોકર ખાવા દ્વારા પોતાની જ અજ્ઞાનતાની પોલ ઉઘાડી ના પડી જાય. ત્યાર પછી જ આપણે ભિખારીઓની જેમ તેમની પાસે આવીને તેમની પાસેથી પ્રાપ્ત કરવાને માટે તૈયાર થઈશું. “આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે...” પરમેશ્વરના રાજ્યમાં આ પ્રથમ સિદ્ધાંત છે. ઈસુ ખ્રિસ્તના રાજ્યની નીચેનો મૂળ પાયો તે ગરીબી છે, સંપત્તિ નહિ, ઈસુના પક્ષમાં નિર્ણય કરવો તે નહિ, પરંતુ સંપૂર્ણ રીતે નકામા હોવાની એવી ભાવના કે અંતે આપણે એમ માની લઈએ કે, “પ્રભુ, હું આ કરવાની શરૂઆત પણ નથી કરી શકતો.” ત્યારે ઈસુ કહે છે, “ધન્ય છે તમને...”(૫:૧૧). આ જ સ્વર્ગના રાજ્યનું પ્રવેશ દ્વાર છે, અને છતાં આપણને આ વિશ્વાસ કરવામાં આટલો સમય લાગી જાય છે કે વાસ્તવમાં આપણે ગરીબ છીએ. આપણી પોતાની ગરીબીની સમજણ એ બાબત છે જે આપણને તે યોગ્ય સ્થાને લાવે છે જ્યાં ઈસુ ખ્રિસ્ત પોતાનું કામ પુરૂં કરી શકે છે.

## પવિત્રીકરણ

*''પરમેશ્વરની ઈચ્છા એવી છે કે તમારું પવિત્રીકરણ થાય.''*
*(૧થેસ્સાલોનિકા ૪:૩)*

**મૃત્યુના પક્ષમાં : પવિત્રીકરણમાં પરમેશ્વરે આપણી સાથે મરણના પક્ષમાં અને જીવનના પક્ષમાં વ્યવહાર કરવો પડે છે. પવિત્રીકરણની માંગ એ છે કે આપણે મૃત્યુના સ્થાને આવીએ, પરંતુ આપણામાંથી ઘણા લોકો ત્યાં એટલો સમય વ્યતીત કરે છે કે આપણે માંદલા બની જઈએ છીએ. પવિત્રીકરણ પૂરૂ થાય તે પહેલા એક જબરદસ્ત યુદ્ધ થાય છે - આપણી અંદર એવું કંઈક છે જે ખ્રિસ્તની માંગણીઓની વિરુદ્ધ ચીડ દર્શાવે છે. જ્યારે પવિત્ર આત્મા આપણને એ દર્શાવવાનું શરૂ કરે છે કે પવિત્રીકરણનો અર્થ શું છે ત્યારે સંઘર્ષ તરત જ શરૂ થઈ જાય છે. ઈસુએ કહ્યું કે, ''જો કોઈ મારી પાસે આવે અને...પોતાના જીવનો પણ દ્વેષ ન કરે, તો તે મારો શિષ્ય થઈ શકતો નથી''(લૂક ૧૪:૨૬).**

**પવિત્રીકરણની પ્રક્રિયા દરમ્યાન, પવિત્ર આત્મા મને ત્યાં સુધી બિલકુલ ઉઘાડો કરી નાખે છે કે મારા સિવાય બીજુ કશું જ ના બચે, અને આ જ મરણનું સ્થાન હોય છે. શું હું તૈયાર છું કે હું ફક્ત ''હું'' જ રહું અને તે સિવાય બીજું કશું જ નહિ? શું હું ઈચ્છું છું કે મારી પાસે મિત્ર, પિતા, ભાઈ, અને બીજો કોઈ જ સ્વાર્થ ન રહે - અને હું ફક્ત મરણને માટે તૈયાર રહું? પવિત્રીકરણ માટે આ જ શરત પૂરી કરવાની જરૂરત હોય છે. આથી જ આશ્ચર્ય પામવાની જરૂર નથી જ્યારે ઈસુએ કહ્યું કે, ''શાંતિ તો નહિ, પણ તરવાર ચલાવવાને હું આવ્યો છું''(માથ્થી ૧૦:૩૪). આ જ એ સ્થાન છે જ્યાં યુદ્ધ થાય છે, અને જ્યાં આપણામાંથી ઘણા લોકો લથડિયા ખાઈ જાય છે. આ મુદ્દે આપણે ઈસુ ખ્રિસ્તના મરણ સાથે એકરૂપ થવામાં નકાર કરીએ છીએ. આપણે કહીએ છીએ કે, ''પરંતુ, આ તો ખૂબ જ કઠણ છે. નિશ્ચે તે મારી પાસે આવી માંગ તો કરી જ ના શકે.'' આપણો, પ્રભુ ખરેખર જ કડક છે, અને તે ખરેખર જ આપણી પાસે તેની માંગ કરે છે.**

**જ્યાં સુધી ફક્ત ''હું'' જ રહું ત્યાં સુધી ઘટતા જવા માટે શું હું ઈચ્છું છું? મારા મિત્રો જે બધી બાબતો મારા વિશે વિચારે છે અને હું મારા વિષે વિચારું છું તે બધાથી હું મારી જાતને ખુલ્લી કરી દઈશ તેવો દૃઢ સંકલ્પ શું મેં કર્યો છે? શું મેં પોતાના સાધારણ ખુલ્લા ''સ્વયં'' ને સોંપી દેવા માટે સંકલ્પ કર્યો છે અને ઈચ્છા રાખું છું? જ્યારે એકવાર હું તૈયાર થઈ જઈશ, પછી તેઓ તરત મને સંપૂર્ણ રીતે પવિત્ર બનાવી દેશે, અને મારું જીવન પરમેશ્વરના સિવાય અન્ય તમામ બાબતો પ્રત્યે દ્રઢનિશ્ચયી અને આગ્રહી થવામાંથી મુક્ત થઈ જશે (૧ થેસ્સા. ૫: ૨૩-૨૪).**

**જ્યારે હું પ્રાર્થના કરીશ કે, ''હે પ્રભુ, મને દેખાડો કે મારા માટે પવિત્રીકરણનો અર્થ શું છે'' તો તેઓ મને દેખાડશે. તેનો અર્થ એ કે ઈસુની સાથે એક થવું. પવિત્રીકરણ એવી કોઈ બાબત નથી કે જે ઈસુ મારી અંદર મૂકે છે - તે તો તેઓ પોતે જ મારામાં હોય છે (જુઓ ૧ કરિંથી ૧:૩૦).**

## પવિત્રીકરણ

*"પણ પરમેશ્વરની કૃપાથી તમે ઈસુ ખ્રિસ્તમાં છો તે તો
પરમેશ્વર તરફથી આપણે સારું...પવિત્રીકરણ...થયો છે."
(૧કરિંથી ૧:૩૦)*

**જીવનના પક્ષમાં : પવિત્રીકરણનું રહસ્ય એ છે કે જે ક્ષણે વિશ્વાસ દ્વારા મને અનુભવ થાય છે કે, "તે મારા માટે પવિત્રીકરણ થયો છે," ત્યારે ધીરે-ધીરે નહિ, પરંતુ તરત જ ઈસુ ખ્રિસ્તના સંપૂર્ણ ગુણો એક ભેટ સ્વરૂપે મને આપવામાં આવે છે. પવિત્રીકરણનો અર્થ એક જ થાય છે કે ઈસુની પવિત્રતા મારી બની જાય છે અને મારા જીવનમાં પ્રદર્શિત કરવામાં આવે છે.**

**એક પવિત્ર જીવન જીવવાનો સૌથી અદ્ભુત ભેદ ઈસુનું અનુકરણ કરવામાં નથી હોતો, પરંતુ ઈસુના સંપૂર્ણ ગુણોને મારા માનવીય દેહમાં પ્રદર્શિત કરવામાં હોય છે. પવિત્રીકરણનો અર્થ છે, "...તમારામાં ખ્રિસ્ત..."(કલોસી ૧:૨૭). તે તેમનું અદ્ભુત જીવન છે જે પવિત્રીકરણમાં મને આપવામાં આવે છે - જે વિશ્વાસ દ્વારા પરમેશ્વરની કૃપાની ભેટના સ્વરૂપમાં આપવામાં આવે છે. પરમેશ્વરના વચનમાં પવિત્રીકરણ જેટલું વાસ્તવિક છે તેટલું જ વાસ્તવિક તે મારા જીવનમાં બનાવે તે માટે શું હું તૈયાર છું?**

**પવિત્રીકરણનો અર્થ છે ઈસુ ખ્રિસ્તના પવિત્ર ગુણો મને આપવામાં આવે તે તેમના ધીરજ, પ્રેમ, પવિત્રતા, વિશ્વાસ, શુદ્ધતા અને ભક્તિની ભેટ છે જે દરેક પવિત્ર કરવામાં આવેલ વ્યક્તિમાં અને વ્યક્તિ દ્વારા પ્રદર્શિત કરવામાં આવે છે. પવિત્રીકરણનો અર્થ ઈસુ પાસેથી પવિત્ર થવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવું એમ નથી, પરંતુ, ઈસુ પાસેથી એ પવિત્રતાને પ્રાપ્ત કરવી જે તેમનામાં પ્રદર્શિત થઈ હતી, અને જેને તેઓ હવે મારામાં પ્રદર્શિત કરે છે. પવિત્રીકરણનો અર્થ આપવું એમ થાય છે, નકલ કરવો એમ નહિ. નકલ કરવી એ એક વાત જ અલગ છે. બધી બાબતોની પરિપૂર્ણતા ઈસુ ખ્રિસ્તમાં છે, અને પવિત્રીકરણનું સત્ય એ છે કે ઈસુના તમામ સંપૂર્ણ ગુણો મારા માટે ઉપલબ્ધ છે. તેના પરિણામે હું ધીરે-ધીરે પરંતુ નિશ્ચિતરૂપથી એક સુવ્યવસ્થા, નિર્દોષતા અને પવિત્રતાનું જીવન જીવવાનું શરૂ કરી દઉં છું - "...પરમેશ્વરના સામર્થ્ય વડે...સંભાળી રાખવામાં આવે છે" (૧ પિતર ૧:૫).**

## તેમનો સ્વભાવ અને આપણો ઉદ્દેશ

*“...શાસ્ત્રીઓના તથા ફરોશીઓના ન્યાયીપણા કરતાં જો તમારું ન્યાયીપણું વધારે ન હોય, તો આકાશના રાજ્યમાં તમે નહિ જ પેસશો.”*
*(માથ્થી ૫:૨૦)*

**શિષ્યનું લક્ષણ એ નથી કે તે સારુ કાર્ય કરે, પરંતુ એ કે તેને પરમેશ્વરની અલૌકિક કૃપાથી સારો બનાવવામાં આવ્યો છે તેથી તે પોતાના ઉદ્દેશોમાં સારો હોય છે સારુ *કરવાથી* વધારે એક જ બાબત છે, અને તે છે સારા *હોવું*. ઈસુ ખ્રિસ્ત એ માટે આવ્યા કે તે દરેક એવી વ્યક્તિ જે તેમને મંજૂરી આપે તે દરેકમાં એક આનુવંશિક બાબત અર્થાત્ પોતાના લક્ષણો પોતાના બાળકોમાં પહોંચાડવાની પ્રવૃત્તિ થવા દે કે જેનું ન્યાયીપણું શાસ્ત્રીઓ તથા ફરોશીઓના ન્યાયીપણાથી વધારે હોય. ઈસુ ખ્રિસ્ત કહી રહ્યા છે કે, “જો તમે મારા શિષ્ય છો, તો તમારે ફક્ત તમારા કાર્યોમાં યોગ્ય હોવું જોઈએ એટલું જ નહિ, પરંતુ પોતાના ઉદ્દેશોમાં, પોતાની આકાંક્ષાઓમાં, અને પોતાના વિચારોના ઊંડાણમાં પણ સારા હોવું જોઈએ.” તમારા ઉદ્દેશો એટલા શુદ્ધ હોવા જોઈએ કે સર્વશક્તિમાન પરમેશ્વર તમને ઠપકો આપે તેવું કશું જ તમારામાં દેખાય નહિ. એવું કોણ છે કે જે પરમેશ્વરના અનંત પ્રકાશમાં ઊભો રહી શકે અને જેનામાં એવું કશું ના હોય જે માટે પરમેશ્વરે ઠપકો આપવો પડે? ફક્ત પરમેશ્વરનો પુત્ર અને ઈસુ ખ્રિસ્ત એવા વ્યક્તિ છે જે આ દાવો કરે છે કે તે પોતે કરેલા ઉદ્ધાર દ્વારા તેઓ કોઈ પણ વ્યક્તિની અંદર પોતાનો સ્વભાવ મૂકી શકે છે અને તે વ્યક્તિને એક બાળકની માફક શુદ્ધ અને સરળ બનાવી શકે છે. પરમેશ્વર જે શુદ્ધતાની માંગ કરે છે તે ત્યાં સુધી અસંભવ છે જ્યાં સુધી મને મારી અંદર ફરીથી બનાવવામાં ન આવે, અને આ જ એ કાર્ય છે જે ઈસુએ પોતાના ઉદ્ધારના કાર્ય દ્વારા પોતાના હાથમાં લીધું છે.**

**નિયમોનું પાલન કરવાથી કોઈ પોતાની જાતને શુદ્ધ નથી કરી શકતો. ઈસુ ખ્રિસ્ત આપણને નિયમોની સૂચિ નથી આપતા - તે આપણને તેમનું શિક્ષણ આપે છે. જે એવું સત્ય છે જેનો અર્થ ફક્ત તેમનો સ્વભાવ જ બતાવી શકે છે જે તેઓ આપણામાં મૂકે છે. ઈસુ ખ્રિસ્તના તારણનો મહાન ચમત્કાર એ છે કે તે આપણી આનુવંશિકતાને બદલી નાંખે છે. તેઓ માણસના સ્વભાવને નથી બદલતા - તે તેના સ્રોતને બદલી નાખે છે, અને આ રીતે તેના ઉદ્દેશોને પણ બદલી નાખે છે.**

## શું હું આ રીતે ધન્ય છું?

*"...ધન્ય છે..." (માથ્થી ૫:૩-૧૧)*

જ્યારે આપણે પહેલી વાર ઈસુના કહેલા વચનો વાંચીએ છીએ, તો તે ખૂબ અદ્‌ભુત રીતે સરળ અને સાધારણ લાગે છે, અને તે આપણું ધ્યાન ખેંચ્યા વિના આપણા અર્ધસભાન મનમાં ઘૂસી જાય છે. ઉદારહણરૂપે, શરૂઆતમાં લાગે છે કે ઈસુના આ ધન્યતાના વચનો અત્યાધિક આત્મિક લોકો અને દેખીતા બેકાર લોકો માટે મનને શાંત કરનાર અને સુંદર એવો ઉપદેશ છે, પરંતુ જે જગતમાં આપણે રહીએ છીએ તેના ઝડપથી ચાલતા સમયમાં આની વ્યવહારિક ઉપયોગીતા ખૂબ જ ઓછી છે. જો કે, આપણે ખૂબ ઝડપથી એ સમજી જઈએ છીએ કે ધન્યતાઓમાં પવિત્ર આત્માનો "વિસ્ફોટક" છે. અને જ્યારે આપણા જીવનની પરિસ્થિતિઓ વિસ્ફોટ થાય તેવું કરાવે છે ત્યારે તે "વિસ્ફોટ" કરે છે. જ્યારે પવિત્ર આત્મા આપણને કોઈ એક ધન્યતા યાદ કરાવે છે ત્યારે આપણે કહીએ છીએ કે, "આ કેટલી આશ્ચર્યચકિત કરનારી વાત છે!" પછી આપણે નિર્ણય કરવો પડે છે કે, જો હું તેમના વચનોનું પાલન કરીશ તો જે જબરદસ્ત આત્મિક ઉથલ-પાથલ આપણા જીવનની પરિસ્થિતિઓમાં આવશે તેનો સ્વીકાર કરીશું કે નહિ. પરમેશ્વરનો આત્મા આ રીતે કાર્ય કરે છે. આપણે શાબ્દિકરૂપમાં પહાડ પરના ભાષણના લાગુકરણ કરવા માટે નવો જન્મ લેવાની જરૂરત નથી, પહાડ પરના ભાષણને શાબ્દિક અર્થઘટન કરવું તે તો નાના બાળકોની રમતની જેમ સરળ છે. પરંતુ જ્યારે પરમેશ્વરનો આત્મા આપણા પ્રભુ દ્વારા કહેલી વાતોને આપણી પરિસ્થિતિઓ પર લાગુ કરે છે, તો તેમનું અર્થઘટન એક સંત માટે કઠણ અને મુશ્કેલ કામ બની જાય છે.

ઈસુનું બધુ શિક્ષણ આપણા શારીરિક દ્રષ્ટિકોણની સરખામણીમાં બહું ઊચ્ચ છે અને શરૂઆતમાં તે આપણી પાસે ખૂબ આશ્ચર્યજનક બેચેની લઈને આવે છે. પરંતુ જ્યારે પવિત્ર આત્મા ઈસુના શિક્ષણને આપણી પરિસ્થિતિઓમાં લાગુ કરે છે, તો ધીરે-ધીરે આપણે આપણી ચાલ અને વાતચીતને તેમને અનુકૂળ બનાવવાના હોય છે. પહાડ પરનું ભાષણ નિયમોની સૂચિ નથી પરંતુ તે એ જીવનનું ચિત્ર છે જ્યારે પવિત્ર આત્મા આપણા જીવનમાં કોઈ અવરોધ વગર પૂરી મોકળાશથી કાર્ય કરી રહ્યા હશે.

## શુદ્ધતાનો માર્ગ

*“જે મોંમાંથી નીકળે છે, તે હૃદયમાંથી આવે છે, ને તે જ માણસને વટાળે છે. કેમ કે ભૂંડી કલ્પનાઓ, હત્યાઓ, વ્યભિચારો, જારકર્મો, ચોરીઓ, જૂઠી સાક્ષીઓ, તથા નિંદાઓ હૃદયમાંથી નીકળે છે, માણસને જે વટાળે છે તે એ જ છે...”*
*(માથ્થી ૧૫:૧૮-૨૦)*

શરૂઆતમાં આપણે આપણા અજ્ઞાન પર ભરોસો રાખીએ છીએ અને તેને નિર્દોષતાનું નામ આપીએ છીએ, ત્યારબાદ આપણે આપણી નિર્દોષતા પર ભરોસો રાખીએ છીએ અને તેને શુદ્ધતા કહીએ છીએ. ત્યારબાદ આપણે આપણા પ્રભુ પાસેથી આ કઠણ વાત સાંભળીએ છીએ, અને સંકુચિત થઈને કહીએ છીએ કે, “પરંતુ મેં તો મારા મનમાં આટલી ખરાબ બાબતોને કદીયે અનુભવી નથી.” તેઓ જે પ્રગટ કરે છે, તેથી આપણને અણગમો થાય છે. ઈસુ ખ્રિસ્ત માનવ હૃદય પર સર્વોચ્ચ અધિકારી છે અથવા તો તે ધ્યાન આપવાને લાયક નથી. શું હું મારા હૃદયમાં તેમના વચનોથી વીંધાવા પર ભરોસો રાખવાને તૈયાર છું, કે હું પોતાના જ “નિર્દોષ અજ્ઞાન” પર ભરોસો રાખવાનું વધારે પસંદ કરું છું? જો હું પ્રમાણિકપણે પોતાની તરફ જોઈશ, અને જેને હું નિર્દોષતા સમજું છું, તેની તરફ સંપૂર્ણ જાગૃત થઈશ અને જોઈશ કે ઈસુ ખ્રિસ્તે જે કહ્યું તે સાચું છે, અને મારી અંદરની દુષ્ટતા અને ખોટી બાબતો મને આઘાત પમાડશે. પરંતુ જ્યાં સુધી હું મારી “નિર્દોષતા” ની જૂઠી સુરક્ષામાં રહીશ, ત્યાં સુધી હું એક મિથ્યા સ્વર્ગમાં રહું છું. જો મેં કદીયે ખુલ્લેઆમ અશિષ્ટ વ્યવહાર નથી કરતો કે અપમાનજનક રીતે વર્તતો નથી, તો તેનું કારણ મારી પોતાની કાયરતા અને સાથે સાથે સભ્યતાપૂર્ણ જીવન જીવવાથી મળતી સુરક્ષાની ભાવના છે. પરંતુ જ્યારે હું પરમેશ્વરની આગળ ખુલ્લો અને સંપૂર્ણ ઉઘાડો થાઉં છું ત્યારે મને સમજ પડે છે કે મારા વિષેનું ઈસુ ખ્રિસ્તનું નિદાન સાચું છે.

જે એક માત્ર બાબત મને ખરેખર સુરક્ષા આપે છે તે તો ઈસુ ખ્રિસ્ત તરફથી પ્રાપ્ત થતો ઉદ્ધાર છે. જો હું પોતાની જાતને ફક્ત તેમના હવાલે કરી દઉં, તો મારે મારા મનમાં રહેલી ભયંકર સંભાવનાઓનો સામનો કદી નહિ કરવો પડે. શુદ્ધતા એટલી ઊંડી બાબત છે કે હું સ્વાભાવિક રીતે તેના સુધી કદી પહોંચી શકતો નથી. પરંતુ જ્યારે પવિત્ર આત્મા મારી અંદર આવે છે, તો તે મારા વ્યક્તિગત જીવનમાં કેન્દ્રમાં તે આત્માને લઈ આવે છે જે ઈસુ ખ્રિસ્તના જીવનમાં પ્રદર્શિત થતો હતો, અર્થાત્, પવિત્ર આત્મા, જે બિલકુલ નિષ્કલંક શુદ્ધતા છે.

## જ્ઞાનનો માર્ગ

*"જો કોઈ તેની ઈચ્છા પૂરી કરવા ચાહે, તો આ બોધ વિષે તે સમજશે..."*
*(યોહાન ૭:૧૭)*

આત્મિક સમજણ પ્રાપ્ત કરવાને માટે જે સોનેરી નિયમનું પાલન કરવાનું હોય છે તે તો બુદ્ધિ નહિ પરંતુ આજ્ઞાપાલનનો નિયમ છે. જો કોઈ વ્યક્તિને વૈજ્ઞાનિક જ્ઞાન જોઈએ તો, બૌદ્ધિક જીજ્ઞાસા એ તેના માર્ગદર્શક બનવું જોઈએ. પરંતુ જો તે જે વાતો ઈસુ ખ્રિસ્ત શીખવે છે તેમાં અંતઃદ્રષ્ટિ જોઈએ તો તે બાબત તેને ફક્ત આજ્ઞાપાલન દ્વારા જ મળી શકે છે. જો મને આત્મિક બાબતો અંધકારમય લાગતી હોય, તો મારે એ સમજી લેવું જોઈએ કે મારા જીવનમાં ક્યાંક અનાજ્ઞાંકિતતા છે. બૌદ્ધિક અંધકાર અજ્ઞાનતાથી આવે છે પરંતુ આત્મિક અંધકાર તો એ માટે આવે છે તે કોઈ એવી વાત છે જે અંગે હું આજ્ઞાપાલન કરવા નથી માંગતો.

જ્યારે પણ કોઈ વ્યક્તિને પરમેશ્વરનું વચન મળે છે, તો તેને તરત પરીક્ષાનો સામનો કરવો પડે છે. આપણે આજ્ઞાભંગ કરીએ છીએ અને પછી આપણને આશ્ચર્ય થાય છે કે આપણે આત્મિક રીત કેમ વૃદ્ધિ પામતા નથી. ઈસુએ કહ્યું, "જો તું તારું અર્પણ વેદી પાસે લાવે, ને ત્યાં તને યાદ આવે કે મારા ભાઈને મારી વિરુદ્ધ કંઈ છે, તો ત્યાં વેદી આગળ તારું અર્પણ મૂકીને જા, પહેલા તારા ભાઈની સાથે સલાહ કર, ને ત્યાર પછી આવીને તારું અર્પણ ચઢાવ"(માથ્થી ૫:૨૩-૨૪). આ દ્વારા ઈસુ એમ કહે છે કે, "મારી આગળ બીજો એક પણ શબ્દ બોલીશ નહિ, સૌ પ્રથમ આજ્ઞાપાલન દ્વારા જે કંઈ બગડ્યું છે તે સીધું કર." ઈસુનું શિક્ષણ આપણે જ્યાં રહીએ છીએ ત્યાં જ ઘા કરે છે. આપણે ઢોંગીના રૂપમાં એક ક્ષણ માટે પણ ઈસુની આગળ ઊભા રહી શકતા નથી. તેઓ નાનામાં નાની બાબતને માટે આપણને નિર્દેશ કરે છે. પરમેશ્વરનો આત્મા પોતાની જાતને નિર્દોષ ઠરાવનાર આપણા આત્મા પરથી પડદો હટાવે છે અને આપણને એવી બાબતો માટે સંવેદનશીલ બનાવે છે જે અંગે આપણે પહેલા ક્યારેય વિચાર્યું પણ નહોતું.

જ્યારે ઈસુ તેમના વચન દ્વારા આપણને કંઈક સમજાવે છે ત્યારે તેનાથી છટકી જવાનો કે નાસી છૂટવાનો પ્રયત્ન ના કરશો. જો તમે એવું કરશો, તો તમે ધાર્મિક ઢોંગી બની જશો. જે બાબતોને તમે ટાળવા માંગો છો, અને ક્યાં તમે આજ્ઞાંકિત બનવાનું નકાર્યું છે એ વાતોની તપાસ કરો અને તમને ખબર પડશે કે તમે આત્મિક રીતે કેમ વૃદ્ધિ પામતા નથી. ઈસુએ જેમ કહ્યું તેમ, "પ્રથમ જા..." તમને લોકો ધર્માંધ સમજે, તો પણ તમારે પરમેશ્વરની આજ્ઞાનું પાલન કરવું જોઈએ.

## પરમેશ્વરનો ઉદ્દેશ કે મારો?

*“તેણે પોતાના શિષ્યોને હઠેઠ કરીને હોડીમાં બેસાડ્યા...*
*પોતાની આગળ પેલે પાર...મોકલ્યા”*
*(માર્ક ૬:૪૫)*

આપણે એવું સમજીએ છીએ કે જો ઈસુ ખ્રિસ્ત આપણી પાસે કોઈ કામ કરાવવાની જબરદસ્તી કરે છે, અને આપણે તેની આજ્ઞા માનીએ છીએ, તો તે આપણને મહાન સફળતામાં દોરી જશે. આપણે એવું કદી ના વિચારવું જોઈએ કે સફળતાઓ માટેના આપણા સ્વપ્ના આપણા માટે પરમેશ્વરનો ઉદ્દેશ છે; પરંતુ તેમનો ઉદ્દેશ તે બાબતથી બિલકુલ ઉલટો હોઈ શકે છે. આપણે એવું સમજીએ છીએ કે પરમેશ્વર આપણને કોઈ વિશેષ પરીણામ કે લક્ષ તરફ લઈ જઈ રહ્યા છે, પરંતુ એવું નથી. આપણે કોઈ વિશેષ લક્ષ સુધી પહોંચીએ છે કે નહિ તે સવાલનું મહત્વ ખૂબ જ ઓછું છે, ત્યાં સુધી પહોંચવું તે તો માર્ગમાંનો ફક્ત એક પડાવ હોય છે. જેને આપણે લક્ષ સુધી પહોંચવાની પ્રક્રિયા સમજીએ, પરમેશ્વર તેને જ લક્ષ સમજે છે.

મારા માટેના પરમેશ્વરના ઉદ્દેશનું મારું દર્શન શું છે? તે ચાહે ગમે તે હોય મારા માટે પરમેશ્વરનો ઉદ્દેશ એ છે કે હું હમણાં તેના પર અને તેના સામર્થ્ય પર ભરોસો રાખું. જો હું જીવનના ઝંઝાવાતોની મધ્યે પણ શાંત, વિશ્વાસયોગ્ય અને ગૂંચવણથી મુક્ત રહી શકું છું, તો પરમેશ્વરના ઉદ્દેશનું લક્ષ મારામાં પૂરૂ થઈ રહ્યું છે. પરમેશ્વર કોઈ ચોક્કસ અંત માટે કાર્ય કરતા નથી - પ્રક્રિયા જ તેમનો ઉદ્દેશ છે. તે મારા માટે જે ઈચ્છા રાખે છે તે તો એ છે કે હું તમને “સમુદ્ર પર ચાલતો જોઉં” જ્યાં કોઈ કિનારો કે સફળતા કે લક્ષ દેખાતું નથી, પરંતુ ફક્ત એ નિશ્ચિતતા હોય છે કે “હું તેમને સમુદ્ર પર ચાલતો જોઉં છું” માટે સઘળું ઠીક થઈ જશે(૬:૪૯). પરિણામ નહિ પણ પ્રક્રિયા જ પરમેશ્વરને મહિમાવાન કરે છે.

પરમેશ્વરની તાલીમ હાલને માટે છે, હવે પછીના ભવિષ્યને માટે નહિ. તેમનો ઉદ્દેશ આ જ ક્ષણ માટે છે ભવિષ્યના કોઈક સમયને માટે નહિ. આપણને એ વાતથી કોઈ મતલબ નથી કે આપણા આજ્ઞાપાલનનું પરિણામ શું આવશે, અને તેને માટે ચિંતા કરવી પણ ખોટું છે. જેને લોકો તૈયારી કહે છે, તે જ પરમેશ્વરની દ્રષ્ટિમાં લક્ષ હોય છે.

પરમેશ્વરનો ઉદ્દેશ એ છે કે તેઓ મને એ જોવાની યોગ્યતા આપે કે તેઓ આ જ ક્ષણે મારા જીવનના તોફાનો, ઝંઝાવાતો પર ચાલી શકે છે. જો આપણા મનમાં આનાથી વધારે બીજુ કોઈ લક્ષ છે, તો એનો અર્થ એ થાય કે આપણે વર્તમાન તરફ સંપૂર્ણ ધ્યાન નથી આપી રહ્યા. પરંતુ જો આપણને એ સમજાય છે કે દરેક ક્ષણનું આજ્ઞાપાલન જ લક્ષ છે, તો જેમ જેમ દરેક ક્ષણ આવે છે, તેમ તે અમૂલ્ય બની જાય છે.

## શું તમે ઈસુને તમારા વાદળોમાં જોઈ રહ્યા છો?

*“જુઓ, તે વાદળાંસહિત આવે છે...”*
*(પ્રકટીકરણ ૧:૭)*

બાઈબલમાં, વાદળોને હંમેશા પરમેશ્વર સાથેના સંબંધમાં દર્શાવવામાં આવ્યા છે. આપણા જીવનમાં કે જીવનની બહારના દુઃખ, વેદના કે જરૂરિયાત પૂરી પાડવાના સંજોગો વાદળાં છે, જે વાસ્તવમાં પરમેશ્વરની સર્વોપરિતાની વિરુદ્ધ દેખાય છે. છતાં પણ આ જ વાદળો દ્વારા પરમેશ્વરનો આત્મા આપણને શીખવાડી રહ્યો છે કે આપણે વિશ્વાસમાં કેવી રીતે ચાલવું જોઈએ. જો આપણા જીવનમાં વાદળો જ ના હોય, તો આપણી પાસે વિશ્વાસ ના હોય. “વાદળાં તેના પગની રજ છે”(નાહૂમ ૧:૩). તે એ દર્શાવે છે કે પરમેશ્વર ત્યાં છે. આ જાણવું એ કેવું પ્રકટીકરણ છે કે દુઃખ, વિયોગ, અને વેદના હકીકતમાં એ વાદળ છે જે પરમેશ્વરની સાથે આવે છે! પરમેશ્વર વાદાળાં વગર આપણી પાસે નથી આવતા - તેઓ સ્પષ્ટ ચળકતા તેજ સાથે નથી આવતા.

એ કહેવું સાચું નથી કે પરમેશ્વર આપણી કસોટીઓ દ્વારા આપણને કંઈક શીખવાડવા માંગે છે. તેઓ ઈચ્છે છે કે આપણા માર્ગમાં તેઓ જ વાદળાં લાવે છે તે દ્વારા આપણે કોઈ શીખેલી વાતને ભૂલી જઈએ. વાદળાંનો ઉપયોગ કરવા માટેનો તેમનો ઉદ્દેશ એ છે કે તે આપણા વિશ્વાસને એટલો સરળ બનાવી દે કે તેમની સાથેનો આપણો સંબંધ બિલકુલ એક બાળકના સંબંધ જેવો બની જાય - અર્થાત્ એવો સંબંધ જે પરમેશ્વર અને મારા આત્માની વચ્ચે હોય જ્યાં અન્ય લોકો એક પડછાયો જ બની જાય. જ્યાં સુધી અન્ય લોકો આપણા માટે પડછાયો બની જાય ત્યાં સુધી વાદળ અને અંધકાર ક્યારેક ક્યારેક આપણા જીવનમાં આવતા રહેશે. શું પરમેશ્વર સાથેનો આપણો સંબંધ પહેલા કરતાં વધુ સરળ બન્યો છે?

પરમેશ્વર દ્વારા પૂરૂ પાડવા માટે મંજૂર કરાતા દૈવી સંજોગો અને પરમેશ્વર વિશે આપણે જે જાણીએ છીએ તેની વચ્ચે એક સંબંધ છે, અને આપણે પરમેશ્વર અંગેનું આપણું જે જ્ઞાન કે સમજણ છે તેના પ્રકાશમાં જીવનના રહસ્યોનું અર્થઘટન કરવાનું શીખવાનું છે. જ્યાં સુધી આપણે પરમેશ્વરના ચારિત્ર અંગેના આપણા દ્રષ્ટિકોણને નુકશાન કર્યા વગર જીવનના ખૂબ ઊંડા અને ખૂબ અંધકારવાળી હકીકતોની સામે મોઢામોઢ ના આવીએ ત્યાં સુધી આપણે તેને હજુ સુધી ઓળખતા નથી.

“...તેઓ વાદળામાં પેઠા ત્યારે તેઓ બીધા”(લૂક ૯:૩૪). શું તમારા વાદળામાં ઈસુ સિવાય બીજુ કોઈ છે? જો છે, તો તે અંધકારમય થતું જશે જ્યાં સુધી તમે એ સ્થિતિમાં ના પહોંચો કે જ્યાં “...એકલા ઈસુ વિના કોઈને દીઠા નહિ”(માર્ક ૯:૮; કલમ ૨-૭ પણ જુઓ).

## ભ્રમણામાંથી છોડાવવા માટેનું શિક્ષણ

*"ઈસુએ તેમનો વિશ્વાસ ન કર્યો...કેમ કે માણસમાં શું છે એ તે પોતે જાણતા હતા."*
*(યોહાન ૨: ૨૪-૨૫)*

ભ્રમણામાંથી મુક્ત થવાનો અર્થ થાય છે જીવનમાં વધુ ગેરસમજ, ખોટી ધારણાઓ અને ખોટા ન્યાય ન હોવો; એનો અર્થ એ થાય કે છેતરપીંડીથી, પ્રપંચથી મુક્ત રહેવું. જો કે આપણે હવે ફરી છેતરાતા નથી, છતાં પણ આપણી ભ્રમણામાંથી મુકત થવાનો અનુભવ આપણને બીજાઓ વિશે નિર્ણય કરવામાં વધુ પડતા દોષ શોધનારા અને જરૂરતથી વધુ ટીકાત્મક બની શકીએ છીએ. પરંતુ પરમેશ્વર તરફથી થતો ભ્રમભંગ આપણને એ સ્થાન પર લાવે છે જ્યાં આપણે લોકોને કોઈ પણ પ્રકારની માનવ સ્વભાવ પ્રત્યેની ઘૃણા અને કડવી ટીકા વગર તેઓ જેવા છે  તેવા જોઈએ છીએ. આપણે ભ્રમનો શિકાર બની જઈએ છીએ એ હકીકતથી જીવનમાં ઘણી બધી બાબતો સૌથી વધુ ઈજા, દુઃખ કે દર્દ પહોંચાડે છે. આપણે હકીકતોના રૂપમાં એકબીજા પ્રત્યે વિશ્વાસુ નથી રહેતા, આપણે જેવા છે તેવા એકબીજાને જોતા નથી; આપણે આપણા એકબીજાના ગેરસમજના ખ્યાલોને કે ખોટા વિચારો પર વિશ્વાસ કરીએ છીએ. આપણા વિચારો મુજબ, દરેક બાબત કાં તો આનંદદાયક કે સારી છે, અથવા તે ખરાબ, દ્વેષપૂર્ણ કે કાયર હોય છે.

મનુષ્ય જીવનમાં ઘણા બધા કષ્ટોનું કારણ એ છે કે આપણે ભ્રમભંગ થવા દેતા નથી અને આ પીડા કે વેદના આ રીતે આવે છે - જો આપણે કોઈ વ્યક્તિને પ્રેમ કરીએ છીએ પરંતુ પરમેશ્વરને પ્રેમ કરતા નથી, તો આપણે તે વ્યક્તિ પાસેથી પૂરી સંપૂર્ણતા અને ન્યાયીપણાની માંગણી કરીએ છીએ, અને જ્યારે આપણને તે પ્રાપ્ત થતી નથી, ત્યારે આપણે નિર્દયી અને બદલો લેવાની ભાવના રાખનાર બની જઈએ છીએઃ અને છતાં આપણે એક માણસ પાસેથી બાબતની માંગણી કરીએ છીએ જે આપવી તેના માટે અસંભવ છે. એવી એક જ વ્યક્તિ છે જે એક ઠોકર ખાધેલ વ્યક્તિના હૃદયના ઊંડાણોને સંપૂર્ણ રીતે તૃપ્ત કરી શકે છે, અને તે વ્યક્તિ છે પ્રભુ ઈસુ ખ્રિસ્ત. આપણો પ્રભુ કોઈ પણ માનવીય સંબંધ સાથે સમજૂત કરતો નથી, કેમ કે તે જાણે છે કે જે પણ સંબંધ તેમના પ્રત્યે વિશ્વાસયોગ્યતા પર આધારિત નથી, તેનો અંત વિનાશમાં જ થશે. આપણા પ્રભુએ કોઈની પર ભરોસો રાખ્યો નહિ, છતાંયે તે કદી શંકા કરનાર કે કડવાશથી ભરેલા નહોતા. આપણા પ્રભુનો પરમેશ્વર પર, અને પરમેશ્વરની કૃપા કોઈ માણસ માટે જે કંઈ કરી શકે છે તેની પર, એટલો ભરોસો હતો કે તેમણે ક્યારેય કોઈના માટે આશા છોડી દીધી નહિ. જો આપણો ભરોસો મનુષ્યો પર હશે, તો આપણે બધા લોકો માટે આશા ખોઈ નાંખીશું.

## સંપૂર્ણ રીતે તેના બની જવું

*"તમે પરિપક્વ તથા સંપૂર્ણ થાઓ, અને કશામાં અપૂર્ણ રહો નહિ, માટે ધીરજને પોતાનું કામ પૂરેપૂરૂ કરવા દો."*
*(યાકૂબ ૧:૪)*

આપણામાંથી ઘણા લોકો સાધારણ રીતે જોવા જઈએ તો વ્યવસ્થિત લાગે છે, પરંતુ હજુ પણ એવા કેટલાક ક્ષેત્રો છે જેમાં આપણે બેદરકાર અને આળસુ છીએ; આ કંઈ પાપની વાત નથી પરંતુ આપણા દુન્યવી જીવનના કેટલાક બચી ગયેલા અંશ છે જે આપણને બેદરકાર બનાવી દે છે. બેદરકારી પવિત્ર આત્માનું અપમાન છે. આપણામાં કોઈ પણ રીતે બેદરકારી દેખાવી જોઈએ નહિ, ચાહે તે પરમેશ્વરની આરાધના કરવાની રીતમાં હોય કે આપણા ખાવા-પીવાની રીતમાં હોય.

ઈશ્વરની સાથેનો આપણો સંબંધ જ સીધો રહે એટલું જ નહિ, પરંતુ તે સંબંધને બાહ્ય રીતે પ્રદર્શિત કરવાની રીત પણ યોગ્ય હોવી જોઈએ. અંતે ઈશ્વર કોઈ પણ બાબતને છટકવા નહિ દે; આપણા જીવનની નાનામાં નાની બાબતો પણ તેમની બારીક તપાસ હેઠળ છે. ઈશ્વર અસંખ્ય રીતે આપણને વારંવાર એ જ સ્થાન પર લાવે છે અને આપણે જ્યાં સુધી તે પાઠ શીખી લેતા નથી ત્યાં સુધી આપણને તે સ્થાને વારંવાર લાવતા તે થાકતા નથી, કારણ કે તેમનો ઉદ્દેશ એ છે કે તે યોગ્ય રૂપ આપેલ કૃતિ તૈયાર કરે. આ આપણા ઉતાવળીયા સ્વભાવને કારણે ઊભી થતી સમસ્યા છે, પરંતુ સતત ધીરજ દર્શાવીને, ઈશ્વર વારંવાર આપણને તે જ ખાસ મુદ્દા પર પાછા લાવ્યા છે. અથવા તો આપણા બેકાર અને ભટકતા વિચારો, કે પછી આપણો સ્વછંદી સ્વભાવ અને સ્વાર્થ તે આપણો પ્રશ્ન હોઈ શકે છે. આ પ્રક્રિયા દ્વારા ઈશ્વર આપણને જીવનની એ એક બાબત દેખાડવાની કોશિશ કરી રહ્યા છે જે સંપૂર્ણ રીતે યોગ્ય નથી.

આપણે, પરમેશ્વરના ઉદ્ધારના પ્રગટ થયેલા સત્યના આપણા અભ્યાસમાં અદ્‌ભુત સમય વિતાવીએ છીએ, અને આપણા હૃદયો તેમની તરફ સંપૂર્ણ છે. અને આપણી અંદર તેમનું અદ્‌ભુત કામ આપણને એ દર્શાવે છે કે એકંદરે જોવા જઈએ તો તેમની સાથે આપણો સંબંધ યોગ્ય છે. "ધીરજને તેનું કામ પૂરેપૂરું કરવા દો..." યાકૂબ દ્વારા બોલતા પવિત્ર આત્મા કહે છે કે, "હવે તમારી ધીરજને યોગ્ય રૂપ આપેલ સર્જન બનવા દો." જીવનની નાની-નાની વાતોમાં "હમણાં આટલું પુરતું છે." એમ કહીને બેદરકાર બનવાથી સાવધ રહો, ચાહે તે ગમે તે હોઈ શકે, જ્યાં સુધી આપણે સંપૂર્ણ રીતે તેમના નથી બની જતા ત્યાં સુધી પરમેશ્વર સતત તે બાબત તરફ નિર્દેશ કરતા રહેશે.

ઑગસ્ટ ૧

## ઈસુના માર્ગો વિશે શીખવું

*"ઈસુ પોતાના બાર શિષ્યોને આજ્ઞા આપી ચૂક્યો, ત્યારે...બોધ કરવાને તથા વાત પ્રગટ કરવાને તે ત્યાંથી તેઓનાં નગરોમાં ગયો.*
*(માથ્થી ૧૧:૧)*

**તે ત્યાં આવે છે જ્યાંથી તે આપણને જવાની આજ્ઞા કરે છે: જ્યારે પરમેશ્વરે તમને જવાની આજ્ઞા આપી હતી, અને તમે નથી ગયા, કારણ કે તમને ઘરમાંના તમારા સગા-સંબંધીઓની ચિંતા હતી, તો વાસ્તવમાં તમે પોતાને ઈસુ ખ્રિસ્તના શિક્ષણથી વંચિત રાખ્યા છે. જ્યારે તમે આજ્ઞા માની લીધી અને બધા જ પરિણામોને ઈશ્વરના હાથમાં છોડી દીધા ત્યારે પ્રભુ શિક્ષણ આપવા તમારા નગરોમાં ગયા, પરંતુ જ્યારે તમે આજ્ઞા નથી માની, તો તમે તેમનો રસ્તો રોકી દીધો, સાવધાન રહો કે તમે કઈ બાબતે તેમની સાથે વાદ-વિવાદ શરૂ કરી દો છો, અને જેને તમે ફરજ કહો છો તેની સ્પર્ધા ઈશ્વરની આજ્ઞાઓ સાથે કરવા લાગો છો. જો તમે કહો કે, "મને ખબર છે કે તેમણે મને જવાનું કહ્યું હતું, પરંતુ મારી ફરજ અહીં છે," તો એનો અર્થ એ થાય કે તમે નથી માનતા કે ઈસુ જે કહે છે ખરેખર અર્થપૂર્ણ છે.**

**જ્યાં તે આપણને શિક્ષણ નહિ આપવાનો નિર્દેશ કરે છે ત્યાં તે શિક્ષણ આપે છે: "...સ્વામી...અમે ત્રણ માંડવા બનાવીએ..."(લૂક ૯:૩૩)**
**શું આપણે બીજાઓના જીવનમાં એક બિનઅનુભવી વિધાતાની ભૂમિકા નિભાવવાની કોશિશ કરી રહ્યા છીએ? શું આપણે બીજાઓને નિર્દેશન આપતા એટલો ઘોંઘાટ કરીએ છીએ કે ઈશ્વર તેમની પાસે પહોંચી ના શકે? આપણે આપણા મોઢાને બંધ રાખવાનું અને આપણા આત્માને સજાગ રાખવાનું શીખવું જોઈએ. ઈશ્વર આપણને તેમના પુત્ર વિશે શિક્ષણ આપવા માંગે છે અને તે આપણા પ્રાર્થનાના સમયને રૂપાંતરના પહાડમાં બદલવા માંગે છે. જ્યારે આપણે ચોક્કસ થઈએ છીએ કે ઈશ્વર કોઈ ખાસ રીતે જ કાર્ય કરશે, ત્યારે તેઓ તે રીતે ફરી કદી કાર્ય નહિ કરે.**

**જ્યાં તે આપણને રાહ જોવા મોકલે છે ત્યાં તે કામ કરે છે: "...ત્યાં સુધી...રહેજો..." "યહોવાની વાટ જો" અને તે કાર્ય કરશે (ગી. શા. ૩૭:૩૪). પરંતુ તમને તમારી આગળ કશું દેખાતું નથી તે માટે આત્મિકરૂપથી નારાજ થઈને રાહ ના જોશો. શું આપણે લાગણીઓના પોતાની આત્મિક તાણથી એટલી હદ સુધી અલગ થઈ ગયા છીએ કે આપણે "ધીરજથી તેમની વાટ" જોઈ શકીએ? (૩૭:૭). રાહ જોવાનો અર્થ એ નથી કે હાથ વાળીને બેસી રહેવું અને કશું ના કરવું, પરંતુ તેનો અર્થ છે તે કામ કરવાનું શીખવું જે આપણને જણાવવામાં આવ્યું છે.**

**ઈશ્વરની કામ કરવાની આ કેટલીક રીતો છે જેને આપણે ભાગ્યે જ સમજીએ છીએ.**

## સંકટ અંગે શિક્ષણ

*“જગતમાં તમને સંકટ છે, પણ હિંમત રાખો; જગતને મેં જીત્યું છે.”*
*(યોહાન ૧૬:૩૩)*

ખ્રિસ્તી જીવનનો સામાન્ય દ્રષ્ટિકોણ એ છે કે તમામ સંકટોમાંથી છુટકારો પ્રાપ્ત કરવો. પરંતુ હકીકતમાં તેનો અર્થ થાય છે સંકટો *માં* છુટકારો પ્રાપ્ત કરવો, આ બંને બાબતો ખૂબ જ અલગ છે. “પરાત્પરના ગુપ્તસ્થાનમાં જે વસે છે તે સર્વસમર્થની છાયામાં રહેશે. તારા પર કંઈ દુઃખ આવી પડશે નહિ, મરકી તારા તંબુની પાસે આવશે નહિ”(ગી. શા. ૯૧: ૧,૧૦). જ્યાં તમે પરમેશ્વર સાથે એક છો તે સ્થાન પર કોઈ જ દુઃખ આવી શકતું નથી.

જો તમે પરમેશ્વરના સંતાન છો, તો એ નિશ્ચિત છે કે તમારે વિપત્તિઓનો સામનો કરવો પડશે, પરંતુ ઈસુએ કહ્યું કે તે જ્યારે આવશે ત્યારે તમારે આશ્ચર્ય પામવું ના જોઈએ. “જગતમાં તમને સંકટ છે; પણ હિંમત રાખો; જગતને મેં જીત્યું છે.” તે એમ કહે છે, “તમારે ડરવાની કોઈ જ જરૂર નથી.” જે લોકો તારણ પામ્યા પહેલા પોતાની વિપત્તિઓ અંગે વાત પણ કરવા માંગતા નહોતા, તેઓ નવો જન્મ પામ્યા પછી ફરિયાદો અને ચિંતાઓ કરે છે કેમ કે પરમેશ્વરના સંત તરીકે જીવન જીવવા અંગે તેમના ખ્યાલો ખોટા છે.

પરમેશ્વર આપણને વિજયી જીવન નથી આપતા - તે જેમ જેમ આપણે વિજયી થઈએ છીએ તેમ તેમ જીવન આપે છે. જીવનનો તણાવ આપણને બળવાન કરે છે. જો કોઈ તણાવ નથી, તો કોઈ બળ પણ નથી. શું તમે પરમેશ્વરને પ્રાર્થના કરો છો કે તે તમને જીવન, સ્વતંત્રતા અને આનંદ આપે? તે ત્યાં સુધી તે બાબતો તમને નથી આપી શકતા જ્યાં સુધી તમે તણાવ સ્વીકાર કરવાને તૈયાર ન હો. અને જેવા તમે તણાવનો સામનો કરો છો, તમને તરત બળ પ્રાપ્ત થાય છે. તમારી કાયરતા પર વિજય પામો અને પ્રથમ પગલું ભરો. ત્યારે પરમેશ્વર તમને પોષણ આપશે - “...જે જીતે છે તેને ...જીવનના ઝાડ પરનું ફળ હું ખાવાને આપીશ.”(પ્રકટી. ૨:૭) જ્યારે તમે શારીરિક રીતે પોતાને ખર્ચી નાખો છો ત્યારે તમે પૂરેપૂરા થાકી જશો, પરંતુ જ્યારે તમે પોતાને આત્મિક રીતે ખર્ચો છો ત્યારે તમને વધારે શક્તિ મળે છે. પરમેશ્વર આપણને કાલને માટે અથવા આવનાર સમયને માટે કદી શક્તિ નથી આપતા, પરંતુ તે આપણને હાલની ક્ષણ માટે શક્તિ આપે છે. આપણું પરીક્ષણ એ છે કે આપણે આપણી વ્યવહારિક બુદ્ધિના દ્રષ્ટિકોણથી વિપત્તિઓનો સામનો કરવા માંગીએ છીએ. પણ એક સંત સંકટોથી દેખીતી રીતે હારી જવા છતાં પણ “હિંમત રાખી” શકે છે કારણ કે પરમેશ્વર સિવાય બધા લોકો માટે વિજય મૂર્ખામી ભરેલ રીતે અસંભવ લાગે છે.

## પરમેશ્વરનો ફરજ પાડનાર ઉદ્દેશ

*"તેણે...તેઓને કહ્યું કે, જુઓ આપણે યરૂશાલેમ જઈએ છીએ..."*
*(લૂક ૧૮:૩૧)*

આપણા પ્રભુના જીવનમાં, યરૂશાલેમ એ જગ્યાને દર્શાવે છે જ્યાં તેઓ પરમેશ્વરની ઈચ્છાની પરાકાષ્ઠાએ પહોંચ્યા. ઈસુએ કહ્યું, "હું મારી પોતાની ઈચ્છા નહિ પણ જેણે મને મોકલ્યો છે, તેની ઈચ્છા પૂરી કરવા ચાહું છું"(યોહાન ૫:૩૦). "પિતાની ઈચ્છા" પૂર્ણ કરવાનું ચાહવું એ આપણા પ્રભુના સમગ્ર જીવનમાં પ્રભાવ પાડનાર રસનો વિષય હતો. તેમણે માર્ગમાં જે બાબતોનો સામનો કર્યો ચાહે આનંદ કે દુઃખ, સફળતા કે નિષ્ફળતા, તેઓ આ ઉદ્દેશમાંથી કદીયે પાછા હઠ્યા નહિ. "...તેણે યરૂશાલેમ જવા સારુ પોતાનું મોં તે ભણી દ્રઢ રાખ્યું."(લૂક ૯:૫૧)

આપણે યાદ રાખવા માટે સૌથી મોટી બાબત એ છે કે આપણે પરમેશ્વરના ઉદ્દેશને પૂરો કરવા યરૂશાલેમ જઈએ છીએ, આપણા ઉદ્દેશને પૂરો કરવા નહિ. કુદરતી રીતે, આપણી મહત્વકાંક્ષાઓ આપણી પોતાની હોય છે, પરંતુ ખ્રિસ્તી જીવનમાં આપણું પોતાનું કોઈ લક્ષ નથી હોતું. આજકાલ આપણે ખ્રિસ્તના માટે નિર્ણય કરવા માટે ઘણું બધું બોલીએ છીએ, ખ્રિસ્તી બનવા માટેના આપણા દ્રઢ નિર્ધાર, અને આ કે પેલી બાબત માટે આપણા નિર્ણયો વગેરે, પરંતુ નવા કરારમાં જે એક માત્ર દ્રષ્ટિબિંદુ પ્રદર્શિત થાય છે તે તો પરમેશ્વરનો ફરજ પાડનાર ઉદ્દેશ છે. "તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે..."(યોહાન ૧૫:૧૬).

આપણે પરમેશ્વરના ઉદ્દેશ સાથે સમજણપૂર્વક સંમતિમાં લાવવામાં આવતા નથી- આપણને પરમેશ્વરના ઉદ્દેશમાં કોઈ સમજણ વગર લાવવામાં આવે છે. આપણને તેની કોઈ જ જાણકારી નથી કે પરમેશ્વરનું લક્ષ્ય શું હોઈ શકે છે; જેમ જેમ આપણે આગળ વધતા જઈએ છીએ તેમ તેમ પરમેશ્વરનો ઉદ્દેશ વધુ અસ્પષ્ટ થતો જાય છે. આપણને એવું લાગે છે કે પરમેશ્વર નિશાન ચૂકી ગયા છે, કેમ કે આપણે નજીકનું (પાસેનું) જ જોઈએ છીએ અને જે લક્ષ પર તેઓ નિશાન તાકે છે તે દેખાતું નથી. ખ્રિસ્તી જીવનની શરૂઆતમાં પરમેશ્વરના ઉદ્દેશ અંગે આપણા પોતાના જ વિચાર હોય છે. આપણે કહીએ છીએ, "પરમેશ્વર ઈચ્છે છે કે હું ત્યાં જાઉં," અને "પરમેશ્વરે મને આ વિશેષ કામ કરવાને બોલાવ્યો છે." આપણે જે યોગ્ય સમજીએ છીએ તે જ આપણે કરીએ છીએ, અને તેમ છતાં પરમેશ્વરનો ફરજ પાડનાર ઉદ્દેશ આપણી ઉપર રહે છે. પરમેશ્વરના ફરજ પાડનાર ઉદ્દેશની તુલનામાં જે કામ આપણે કરીએ છીએ તે તુચ્છ હોય છે. તે કાર્ય તેમના કાર્ય અને તેમની યોજનાની ચારે તરફ જાણે કે બાંધકામ માટેની પાલખ સમાન છે. "તેણે બારેને પાસે બોલાવીને (અલગ લઈ જઈને)..." (લૂક ૧૮:૩૧). પરમેશ્વર આપણને દરેક સમયે અલગ લઈ જાય છે. પરમેશ્વરના ફરજ પાડનાર ઉદ્દેશ વિષે જેટલું જાણવું જોઈએ તેટલું આપણે હજુ સમજતા નથી.

## પરમેશ્વરની સાહસિક મિત્રતા

*“તેણે બારેને પાસે બોલાવીને (અલગ લઈ જઈને)...”*
*(લૂક ૧૮:૩૧)*

આપણી પર ભરોસો રાખવા માટે પરમેશ્વરનું સાહસ કેટલું ગજબ છે! શું તમે એવું કહો છો કે, “પરંતુ તેમણે મારી પસંદગી કરવામાં મૂર્ખતા કરી છે, કેમ કે મારામાં કંઈ જ સારાપણું નથી અને મારું મૂલ્ય કશું જ નથી?” આ જ કારણને લીધે તો તેમણે તમને પસંદ કર્યા છે. જ્યાં સુધી તમે વિચારો છો કે તેમના માટે તમારી કોઈ કિંમત છે, ત્યાં સુધી તે તમને પસંદ કરી શકતા નથી, કારણ કે તમારી પાસે સેવા કરવા માટે તમારા પોતાના જ ઉદ્દેશો છે. પરંતુ જો તમે તેમને અનુમતિ આપો કે તે તમને તમારી આત્મનિર્ભરતાના અંત સુધી લઈ જાય, તો તે તમને તેમની સાથે “યરૂશાલેમ” લઈ જવાને માટે પસંદ કરશે (લૂક ૧૮:૩૧).

આપણે એમ કહીએ છીએ કે, એક વ્યક્તિમાં કુદરતી યોગ્યતા છે, તેથી તે એક સારો ખ્રિસ્તી બનશે. આપણી પાસે ઉપલબ્ધ સાધનોનો પ્રશ્ન નથી, પરંતુ આપણી ગરીબીનો છે; એ બાબતોનો નહિ જે આપણે આપણી સાથે લાવીએ છીએ, પરંતુ એ બાબતોનો કે જે પરમેશ્વર આપણી અંદર મૂકે છે; કુદરતી ગુણોનો, ચરિત્રના સામર્થ્યનો, જ્ઞાનનો કે અનુભવનો નહિ - આ બાબતમાં આ ઉપરની બાબતોથી કોઈ જ ફરક નથી પડતો. આ બાબતમાં જે એક માત્ર ચીજ મહત્વની છે તે તો પરમેશ્વરના ફરજ પાડનાર ઉદ્દેશમાં સામેલ કરવામાં આવવું અને તેમના મિત્ર બનાવી લેવામાં આવવું(૧ કરિંથી ૧:૨૬-૩૧). પરમેશ્વરની મિત્રતા એવા લોકો સાથે છે જેઓ તેમની પોતાની ગરીબી જાણે છે. જે એમ સમજે છે કે તે પરમેશ્વર માટે ખૂબ ઉપયોગી છે તેમને લઈને પરમેશ્વર કશું જ નથી કરી શકતા. ખ્રિસ્તી હોવાને લીધે આપણે અહીં આપણો ઉદ્દેશ પૂરો કરવાને માટે બિલકુલ નથી - આપણે અહીં પરમેશ્વરના ઉદ્દેશને માટે છીએ - અને આ બંને બાબતો એક નથી. પરમેશ્વરનો ફરજ પાડનાર ઉદ્દેશ શું છે તે આપણે જાણતા નથી, પરંતુ ચાહે જે પણ થઈ જાય, આપણે તેમની સાથે આપણો સંબંધ જાળવી રાખવાનો છે. આપણે કોઈ પણ બાબતને પરમેશ્વર અને આપણી વચ્ચેના સંબંધને નુકશાન પહોંચાડવા દેવું જોઈએ નહિ, છતાં જો કોઈ બાબત નુકશાન પહોંચાડી દે છે, તો આપણે સમય લઈને ફરીથી તેમની સાથે સમાધાન કરવું જોઈએ. ખ્રિસ્તીપણાનું સૌથી મહત્વનું પાસુ એ કામ નથી જે આપણે કરીએ છીએ, પરંતુ એ સંબંધ છે જેને આપણે જાળવી રાખીએ છીએ, અને આ સંબંધથી ચારે બાજુ થનાર પ્રભાવ અને ગુણ છે. પરમેશ્વર એ માંગણી કરે છે કે આપણે આપણું સંપૂર્ણ ધ્યાન ફક્ત એ તરફ જ આપીએ, અને તે જ એક માત્ર બાબત છે જેની પર સતત હુમલો થાય છે.

ઑગસ્ટ ૫

## પરમેશ્વરનું મૂંઝવણમાં મૂકનાર તેડું

*"...અને માણસના દીકરા સંબંધી પ્રબોધકોએ જે લખેલું છે તે સર્વ પૂરું કરવામાં આવશે...પણ એમાંનું કંઈ પણ તેઓના સમજવામાં આવ્યું નહિ..."*
*(લૂક ૧૮:૩૧,૩૪)*

પરમેશ્વરે ઈસુ ખ્રિસ્તને જે કામ માટે બોલાવ્યા, તે તો ઘોર સંકટ લાગતું હતું અને ઈસુ ખ્રિસ્તે તેમના શિષ્યોને તેડું આપ્યું કે તેઓ તેને વધસ્તંભ પર ચઢાવવામાં આવતો જુએ, અને તે તેઓ દરેકને એવા સ્થાને લાવ્યા કે જ્યાં તેમના હૃદય તૂટી ગયા. પરમેશ્વરના દ્રષ્ટિકોણ સિવાય અને દરેક દ્રષ્ટિકોણથી જોતા તેમનું જીવન એક સંપૂર્ણ નિષ્ફળતા લાગતું હતું. પરંતુ જે વાત માણસના દ્રષ્ટિકોણથી નિષ્ફળતા લાગે છે, તે પરમેશ્વરના દ્રષ્ટિકોણથી એક વિજય કે સફળતા હતી, કેમ કે પરમેશ્વરનો ઉદ્દેશ અને માણસનો ઉદ્દેશ કદીયે એક સમાન થઈ શકતા નથી.

પરમેશ્વરનું આ મૂંઝવણમાં કે વિમાસણમાં મૂકનારું તેડું આપણા  જીવનોમાં પણ આવે છે. પરમેશ્વરનું તેડું કદીયે બાહ્ય રીતે સમજાવી શકાતું નથી કે સમજી શકાતું નથી; આ એવું તેડું છે જે ફક્ત આપણી અંદર આપણા સાચા આંતરિક સ્વભાવ દ્વારા જ ભાન થાય છે અને સમજી શકાય છે. પરમેશ્વરનું તેડું તે સમુદ્રના તેડા જેવું હોય છે- જેનામાં સમુદ્રનો સ્વભાવ છે તેના સિવાય બીજુ કોઈ તે સાંભળી શકતો નથી. પરમેશ્વર આપણને કયા કાર્ય માટે તેડું આપે છે, તે નિશ્ચિત રીતે કહી શકાતું નથી, કેમ કે તેમનું તેડું ફક્ત એ છે કે આપણે તેમના પોતાના ઉદ્દેશોને પૂરા કરવાને માટે તેમના મિત્ર બનીએ. આપણી ખરી પરીક્ષા અને કસોટી એ છે કે આપણે ખરેખર વિશ્વાસ કરીએ કે પરમેશ્વર જાણે છે કે તેમની ઈચ્છા શી છે. જે કંઈ પણ થાય છે તે સંજોગોવશાત્ નથી થતું પરંતુ તે ફક્ત પરમેશ્વરના આદેશથી થાય છે. પરમેશ્વર સર્વોપરિતાથી તેમના પોતાના ઉદ્દેશોને પૂરા કરી રહ્યા છે.

જો આપણે પરમેશ્વર સાથે સંગતમાં અને એકતામાં છીએ, અને સમજીએ છીએ કે તે આપણને તેમના ઉદ્દેશમાં સામેલ કરી રહ્યા છે, તો આપણે કદીએ જાણવાની કોશિશ નહિ કરીએ કે તેમના ઉદ્દેશો શું છે. જેમ જેમ આપણે ખ્રિસ્તી જીવનમાં વૃદ્ધિ પામતા જઈશું તેમ આ આપણા માટે સરળ બનતું જશે, કારણે કે આપણે એવું પૂછવાનું બંધ કરી દઈશું કે, "મને ખબર નથી પડતી કે પરમેશ્વરે આવું કેમ થવા દીધું?" આપણે જીવનની દરેક બાબતોની પાછળ પરમેશ્વરના ફરજ પાડનાર ઉદ્દેશને જોવાનું શરૂ કરીશું અને એ જોવાનું શરૂ કરી દઈશું કે પરમેશ્વર ઈશ્વરીય રીતથી આપણને તે ઉદ્દેશને અનુકૂળ ઢાળી રહ્યા છે. એક ખ્રિસ્તી એ છે જે પરમેશ્વરના જ્ઞાન અને તેની બુદ્ધિ પર ભરોસો રાખે છે, પોતાની યોગ્યતાઓ પર નહિ. જો આપણી પાસે આપણો પોતાનો ઉદ્દેશ હોય છે, તો તે એ સરળતા, શાંતિ અને આરામની ચાલને નષ્ટ કરી દે છે જે પરમેશ્વરના સંતાનની વિશેષતા હોવી જોઈએ.

## પ્રાર્થનામાં વધસ્તંભ

*“તે દહાડે મારે નામે તમે માંગશો...”*
*(યોહાન ૧૬:૨૬)*

આપણે ખ્રિસ્તના વધસ્તંભ વિશે ઘણીવાર એવું વિચારીએ છીએ કે આપણે તેમાં થઈને પસાર થવાનું છે, છતાં હકીકતમાં તેમાંથી પસાર થવાનો ઉદ્દેશ એ છે કે આપણે તેમાં આવી શકીએ. વધસ્તંભ આપણા માટે ફક્ત એક જ બાબત દર્શાવે છે - કે આપણે સંપૂર્ણ રીતે અને બધા ક્ષેત્રોમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં એક છીએ અને પ્રાર્થના સિવાય એવું બીજુ કશું નથી જેમાં આ એકરૂપ થવું એ વધુ વાસ્તવિક હોય.

“...જેની તમને અગત્ય છે, તે તેની પાસે માગ્યા અગાઉ તમારો બાપ જાણે છે.”(માથ્થી ૬:૮). તો પછી આપણે શા માટે માંગવું જોઈએ? પ્રાર્થનાનો ઉદ્દેશ પરમેશ્વર પાસેથી ઉત્તર પ્રાપ્ત કરવો તેમાં નથી પરંતુ તેની સાથે સંપૂર્ણ અને પૂરી રીતે એકતામાં હોવું એ છે. જો આપણે ફક્ત એ માટે જ પ્રાર્થના કરીએ છીએ ત્યારે દરેક વખતે આપણને જવાબ મળે છે, પરંતુ તે આપણી અપેક્ષા અનુસાર નથી હોતા, અને આત્મિક રીતે આપણું ચીડાવું એ દર્શાવે છે કે વાસ્તવમાં આપણે પ્રાર્થનામાં આપણા પ્રભુ સાથે એકરૂપ થવાનો નકાર કરીએ છીએ. આપણે અહિંયા એ સાબિત કરવા માટે નથી કે પરમેશ્વર પ્રાર્થનાનો ઉત્તર આપે છે, પરંતુ એ માટે કે આપણે પરમેશ્વરની કૃપાના જીવંત વિજયની ભેટ બનવા માટે છીએ.

“...હું તમને એમ નથી કહેતો કે હું તમારે સારુ બાપને વિનંતી કરીશ; કેમ કે બાપ પોતે તમારા પર પ્રેમ રાખે છે...”(યોહાન ૧૬:૨૬-૨૭). શું તમે પરમેશ્વર સાથે સંબંધની ઘનિષ્ઠતાના એ સ્તરે પહોંચ્યા છો કે તમારી પ્રાર્થનાના જીવનનું એક માત્ર કારણ એ છે કે તમારું પ્રાર્થના જીવન ઈસુ ખ્રિસ્તના પ્રાર્થનાના જીવનની સાથે એક થઈ ગયું છે? શું આપણા પ્રભુએ તમારા જીવનને પોતાના અતિમહત્વના જીવન સાથે અદલાબદલી કરી છે? જો હા, તો “તે દહાડે” તમે ઈસુ સાથે એટલી ઘનિષ્ઠતાથી એક થઈ જશો કે કોઈ તફાવત દેખાશે નહિ.

જ્યારે એમ લાગે કે પ્રાર્થનાનો ઉત્તર નથી પ્રાપ્ત થતો, ત્યારે બીજા કોઈ પર દોષ લગાવવા અંગે સાવધાન રહો. તે હંમેશા શેતાનનો ફાંદો હોય છે. જ્યારે એમ લાગે છે કે પ્રાર્થનાનો ઉત્તર નથી મળતો, ત્યારે તેમાં હંમેશા કોઈક કારણ હોય છે - પરમેશ્વર આ સમયનો ઉપયોગ કોઈ ઊંડું શિક્ષણ આપવા માટે કરે છે, અને તે બીજા કોઈ માટે નહિ પરંતુ તમારા માટે જ હોય છે.

## પરમેશ્વરના ભવનમાં પ્રાર્થના

*"...તેઓએ તેને મંદિરમાં...દીઠો...તેઓને તેણે કહ્યું કે...શું તમે જાણતા નહોતાં કે મારા બાપના ત્યાં મારે હોવું જોઈએ."*
*(લૂક ૨:૪૬,૪૯)*

આપણા પ્રભુનું બાળપણ એવી અપરિપક્વતા નહોતી જે વૃદ્ધિ પામીને પુરૂષત્વમાં પરિણમવાની રાહ જોતી હોય - તેમનું બાળપણ એક અનંત વાસ્તવિકતા છે. શું હું મારા પ્રભુ અને તારણહારની સાથે એક થવાના પરિણામે પરમેશ્વરનું એક પવિત્ર, નિર્દોષ બાળક છું? શું પરમેશ્વરનો પુત્ર મારી અંદર પોતાના પિતાના ઘરમાં (ભવન) રહે છે?

જે એકમાત્ર સદા સાથે રહેનારી વાસ્તવિકતા છે, તે તો પરમેશ્વર પોતે જ છે, અને તેમની સુવ્યવસ્થા પળે પળે મારી પાસે આવે છે. શું હું સતત પરમેશ્વરની વાસ્તવિકતાના સંપર્કમાં રહું છું, કે ફક્ત જ્યારે કોઈ મુશ્કેલી આવે ત્યારે જ પ્રાર્થના કરું છું - જ્યારે મારા જીવનમાં કોઈ તોફાન ઊભું થાય છે ત્યારે જ પ્રાર્થના કરું છું? મારે મારા પ્રભુ સાથે પવિત્ર સંગતમાં અને એકતામાં એવી રીતે ઘનિષ્ઠતામાં એક થવાનું શીખવાનું છે કે જે આપણામાંના ઘણાએ હજુ શીખવાની શરૂઆત પણ નથી કરી. "...મારા પિતાને ત્યાં મારે હોવું જોઈએ" - અને મારે મારા જીવનની દરેક પળ મારા પિતાના કામોમાં લાગુ રહેવાનું શીખવાનું છે.

તમારી પોતાની પરિસ્થિતિઓ અંગે વિચારો - શું તમે પ્રભુના જીવનની સાથે એટલા એકતામાં છો કે તમે ફક્ત પરમેશ્વરના એક બાળક છો, દરેક સમયે તેની સાથે વાતચીત કરો છો અને જાણો છો કે બધુ જ તેના હાથોમાંથી આવે છે? શું તે અનાદિ બાળક તમારી અંદર પોતાના પિતાના ભવનમાં(ઘરમાં) નિવાસ કરે છે? શું તેમની સેવા કરનારી કૃપા તમારા દ્વારા તમારા ઘરમાં, તમારા કામ-ધંધામાં, તમારા મિત્ર-મંડળમાં કામ કરે છે? શું તમે એવું વિચારીને આશ્ચર્ય પામો છો કે તમારે કેટલીક પરિસ્થિતિઓમાંથી શા માટે પસાર થવું પડે છે? વાસ્તવમાં, એવું નથી કે તમારે તેઓમાંથી પસાર થવું પડે છે. આ તો પરમેશ્વરના તે પુત્ર સાથેના તમારા સંબંધને કારણે છે જે તેના પિતાની ઈચ્છા દ્વારા તમારા જીવનમાં આવે છે. તમારે તેની સાથે એકરૂપ થઈને રહેવા દ્વારા તેમને તમારા જીવનમાં પોતાની ઈચ્છા પૂર્ણ કરવાની અનુમતિ આપવી પડશે.

તમારા પ્રભુના જીવનને તમારું સક્રિય, સરળ, જીવન બનાવવું જોઈએ, અને જે રીતે તેમણે પૃથ્વી પર રહેવાના સમય દરમ્યાન લોકોની મધ્યે રહીને કાર્ય કર્યું, તે જ રીતે તેમણે તમારા જીવનમાં રહેવું અને કામ કરવું જોઈએ.

## પિતાના સન્માનમાં પ્રાર્થના

*"...માટે જે તારાથી જનમશે તે પવિત્ર પરમેશ્વરનો દિકરો કહેવાશે."*
*(લૂક ૧:૩૫)*

જો પરમેશ્વરના પુત્રએ મારા શરીરમાં જન્મ લઈ લીધો છે, તો શું હું તેમની પવિત્ર નિર્દોષતા, સરળતા, અને પરમેશ્વરની સાથેની એકતાને તક આપું છું કે તે મારામાં પ્રદર્શિત થઈ શકે? જે બાબત પરમેશ્વરના પુત્રના પૃથ્વી પર જન્મ લેવાના ઈતિહાસમાં કુંવારી મરિયમ માટે સત્ય હતું, તે જ બાબત દરેક સંતના માટે પણ સત્ય છે. પરમેશ્વરનો પુત્ર પરમેશ્વરના સીધા કાર્ય દ્વારા મારામાં જન્મ લે છે; તો પછી મારે પણ તેમના સંતાન હોવાને લીધે સંતાનના અધિકારનો ઉપયોગ કરવો જોઈએ - અને તે અધિકાર તો પ્રાર્થના દ્વારા પરમેશ્વરની સામે મોઢા-મોઢ રહેવાનો અધિકાર. શું હું આશ્ચર્યથી સતત મારા જીવનની વ્યવહારુ બુદ્ધિને એમ કહું છું કે, "તું મને અહીં જા કે ત્યાં જા એમ કેમ કહે છે? શું તું નથી જાણતો કે, મારે મારા પિતાના ઘરમાં હોવું જોઈએ?" (લૂક ૨:૪૯). આપણા સંજોગો કે પરિસ્થિતિઓ ગમે તે હોય તે પવિત્ર, નિર્દોષ અને અનાદિ બાળકે પોતાના પિતાના સંપર્કમાં રહેવું જોઈએ.

શું હું એટલો સરળ કે નિષ્કપટ છું કે મારા પ્રભુ સાથે આ રીતે એકરૂપ થઈ જાઉં? શું તે મારામાં પોતાની અદ્ભુત ઈચ્છા પૂરી કરી રહ્યા છે? શું પરમેશ્વરના પુત્રનું સ્વરૂપ મારામાં રચવા દ્વારા તેમની ઈચ્છા મારામાં પૂરી થઈ રહે છે(જુઓ ગલાતી ૪:૧૯) કે મેં ખૂબ સાવધાનીપૂર્વક તેમને એક કિનારે ધકેલી દીધા છે? આજકાલ આટલો શોર કેમ થઈ રહ્યો છે! બધા લોકો આટલો શોર કેમ કરી રહ્યા છે? લોકો જોરથી પોકારીને કહી રહ્યા છે કે પરમેશ્વરના પુત્રને મારી નાંખવામાં આવે. આ સમયે અહીં પરમેશ્વરના પુત્ર માટે જગ્યા નથી - પિતાની સાથે શાંત, પવિત્ર સંગત અને એકતા માટે કોઈ જગ્યા નથી.

શું પરમેશ્વરનો પુત્ર પિતાનું સન્માન કરતા, મારામાં પ્રાર્થના કરી રહ્યા છે, કે હું તેમને આજ્ઞા આપું છું કે મારી ઈચ્છાઓ પૂર્ણ કરે? શું તેઓ મારી અંદર એ સેવા કરી રહ્યા છે જે તેમણે પોતાના પુખ્ત હોવાના સમય દરમ્યાન પૃથ્વી પર કરી હતી? શું મારામાં વસનાર પરમેશ્વરનો પુત્ર પોતાના કષ્ટો અને દુઃખોમાંથી પસાર થઈ રહ્યા છે જેથી તેમના પોતાના ઉદ્દેશ પૂરા થઈ શકે? એક વ્યક્તિ પરમેશ્વરના સૌથી અધિક પરિપક્વ પવિત્ર લોકોના આંતરિક જીવનને જેટલું સારી રીતે જાણે છે તેટલી સારી રીતે તે જોઈ શકે છે કે પરમેશ્વરનો ઉદ્દેશ વાસ્તવમાં એ છે કે, "હું...ખ્રિસ્તના સંકટોમાંની જે ન્યૂનતા હોય તે...મારા શરીર દ્વારા પૂરી કરું છું"(કલોસી ૧:૨૪). અને જ્યારે આપણે વિચારીએ છીએ કે "પૂરૂ કરવા" માટે શાની જરૂર હોય છે, તો હંમેશા એવું જોવા મળે છે કે હજુ પણ કશુંક કરવાનું બાકી છે.

## પરમેશ્વર પિતાના સાંભળતા પ્રાર્થના કરવી

*"...ઈસુએ આંખો ઊંચી કરીને કહ્યું કે 'હે બાપ, તેં મારું સાંભળ્યું છે માટે હું તારો આભાર માનું છું'"*
*(યોહાન ૧૧:૪૧)*

જ્યારે પરમેશ્વરનો પુત્ર પ્રાર્થના કરે છે, ત્યારે તેમનું ધ્યાન અને સભાનતા સહિતની જાગૃતતા તેમના પિતા તરફ હોય છે. પરમેશ્વર હંમેશા પોતાના પુત્રની પ્રાર્થનાઓને સાંભળે છે, અને જો પરમેશ્વરના પુત્રનું સ્વરૂપ મારામાં રચાયું છે(ગલાતી ૪:૧૯ જુઓ) તો પિતા મારી પ્રાર્થનાઓને હંમેશા સાંભળશે પરંતુ મારે એ વાતનું ધ્યાન રાખવાનું છે કે પરમેશ્વરનો પુત્ર મારા માનવ શરીરમાં પ્રદર્શિત થાય. "તમારું શરીર પવિત્ર આત્માનું મંદિર છે..."(૧ કરિંથી ૬:૧૯), અર્થાત્ તમારું શરીર પરમેશ્વરના પુત્રનું બેથલેહેમ છે. શું પરમેશ્વરના પુત્રને મારામાં કાર્ય કરવાનો અવસર મળે છે? જ્યારે તેઓના પૃથ્વી પરના તેમના જીવનમાં સરળતા પૂરી થતી હતી તેવી તેમની સરળતા મારામાં પૂર્ણ થઈ રહે છે? જ્યારે હું એક સાધારણ મનુષ્ય હોવાને કારણે જીવનની દૈનિક ઘટનાઓના સંપર્કમાં આવું છું ત્યારે શું પરમેશ્વરના અનાદિપુત્રની પોતાના પિતાને માટેની પ્રાર્થનાઓ મારામાં કરવામાં આવી રહી છે? ઈસુએ કહ્યું,"તે દહાડે મારે નામે તમે માંગશો..."(યોહાન ૧૬:૨૬). તેઓ કયા દહાડાની વાત કરી રહ્યા છે? તેઓ એ દિવસ તરફ ઈશારો કરે છે જ્યારે પવિત્ર આત્મા મારી પાસે આવ્યા અને તેમણે મને મારા પ્રભુ સાથે એકરૂપ કરી દીધો.

શું પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારા જીવનથી ભરપૂરપણામાં સંતોષી છે, કે તમે તેમની સામે આત્મિક ઘમંડની ચાલ પ્રદર્શિત કરો છો? તમારી વ્યવહારિક બુદ્ધિને એટલી મહત્વની અને પ્રબળ બનવા ના દેશો કે તે પરમેશ્વરના પુત્રને એક ખૂણામાં ધકેલી દે. વ્યવહારુ બુદ્ધિ પરમેશ્વરે આપણા માનવીય સ્વભાવને આપેલ એક વરદાન છે - પરંતુ વ્યવહારુ બુદ્ધિ તેમના પુત્રનું વરદાન નથી. તેમના પુત્રનું વરદાન ઈશ્વરીય બુદ્ધિ છે. અને આપણે આપણી વ્યવહારુ બુદ્ધિને ક્યારેય સિંહાસન પર બેસાડવી ના જોઈએ. પુત્ર હંમેશા પિતાને ઓળખે છે અને તેમની સાથે એકરૂપ થાય છે, પરંતુ વ્યવહારુ બુદ્ધિએ કદીયે એવું નથી કર્યું અને કદીયે એવું કરશે નહિ. આપણી સાધારણ યોગ્યતાઓ કે ક્ષમતાઓ પરમેશ્વરની આરાધના ત્યાં સુધી નહિ કરે જ્યાં સુધી તે પરમેશ્વરના પુત્રના આપણી અંદર વસવા દ્વારા બદલાઈ ના જાય. આપણું માનવ શરીર પરમેશ્વરની સંપૂર્ણ આધીનતામાં રહે છે, અને પરમેશ્વરને દરેક પળે તે શરીર દ્વારા કામ કરવા દે છે તે બાબત આપણે સુનિશ્ચિત કરી લેવી જોઈએ. શું આપણે ઈસુ ખ્રિસ્ત પર માનવીય નિર્ભરતાના એ સ્તર પર જીવીએ છીએ કે તેમનું જીવન દરેક પળે આપણામાં પ્રદર્શિત થાય?

## સંતની પવિત્ર વેદના

*"જેઓ દેવની ઈચ્છા પ્રમાણે દુઃખ વેઠે છે, તેઓ સારુ કરીને પોતાના આત્માઓને ...(તેને) સોંપી દે"*
*(૧ પિતર ૪:૧૯)*

જો તમે દુઃખ વેઠવાનું પસંદ કરો છો તો એનો અર્થ એ થાય કે તમારામાં કંઈક અજુગતું છે; પરંતુ પરમેશ્વરની ઈચ્છાને પસંદ કરવી પછી ભલે તેમ કરવાથી તમારે દુઃખ ઊઠાવવું પડે - તે એક અલગ બાબત છે. કોઈ પણ સામાન્ય, સ્વસ્થ સંત પોતાની ઈચ્છાથી દુઃખ સહન કરવાની પસંદગી નથી કરતો; તે ફક્ત પરમેશ્વરની ઈચ્છાની પસંદગી કરે છે, જેમ ઈસુએ કર્યું તેમ, પછી ભલે તેનો અર્થ દુઃખ ઊઠાવવો તેમ થાય કે ના થાય. અને કોઈ પણ સંતે બીજા કોઈ પણ સંતના જીવનમાં દુઃખ ઊઠાવવાનો પાઠ શીખવવામાં આવતો હોય ત્યારે વચ્ચે હસ્તક્ષેપ કરવાની હિંમત કરવી ના જાઈએ.

જે સંત પરમેશ્વરના હૃદયને સંતોષે છે, તે બીજા સંતોને પણ પરમેશ્વર માટે સશક્ત અને પરિપક્વ બનાવે છે. પરંતુ જે લોકો આપણને સશક્ત બનાવે છે, તે એવા લોકો નથી હોતા જે આપણી સાથે હમદર્દી બતાવે; પરંતુ હકીકતમાં જે લોકો આપણા પ્રત્યે હમદર્દી બતાવે છે, તે આપણા માટે અવરોધરૂપ બને છે, કેમ કે હમદર્દી આપણને ફક્ત નિર્બળ બનાવે છે. જે સંત બની શકે તેટલું વધારે ઈસુ સાથે ઘનિષ્ઠ સંબંધમાં રહે છે તેનાથી વધારે બીજો કોઈ અન્ય સંતને સમજી શકતો નથી. જો આપણે બીજા કોઈ સંતની હમદર્દીને સ્વીકારી લઈએ છીએ તો આપણા મનમાં એની જાતે જ એવી ભાવના આવી જાય છે કે, "પરમેશ્વર મારી સાથે ખૂબ જ કઠોર રીતે વ્યવહાર કરી રહ્યા છે અને મારા જીવનને વધુ કઠણ બનાવી રહ્યા છે." આથી જ ઈસુએ કહ્યું કે આત્મદયા શેતાન તરફથી છે (જુઓ માથ્થી ૧૬:૨૧-૨૩). આપણે પરમેશ્વરની પ્રતિષ્ઠાનું ધ્યાન રાખવું જોઈએ. પરમેશ્વરના ચરિત્ર પર ડાઘ લગાવવું આપણા માટે ખૂબ સરળ છે કેમ કે પરમેશ્વર આપણને ક્યારેય વળતો જવાબ નથી આપતા; તેઓ ક્યારેય પોતાનો બચાવ નથી કરતા કે, ન તો પોતાની સફાઈ આપે છે. પૃથ્વી પરના પોતાના જીવન દરમ્યાન ઈસુને હમદર્દીની જરૂર પડી હતી તેવું વિચારવાથી સાવધાન રહો. તેમણે લોકોની હમદર્દીને સ્વીકારવાની ના પાડી દીધી કેમ કે પોતાના મહાન જ્ઞાનમાં તેઓ જાણતા હતા કે પૃથ્વી પરની કોઈ પણ વ્યક્તિ તેમના ઉદ્દેશને સમજતા નથી(જુઓ ૧૬:૨૩). તેમણે ફક્ત તેમના પિતા અને સ્વર્ગદૂતોની સહાનુભૂતિનો સ્વીકાર કર્યો (જુઓ લૂક ૧૫:૧૦).

સંસારની વિચારધારા મુજબ, પરમેશ્વરના સંતોના ન સમજી શકાય તેવા નુકશાન તરફ જરા ધ્યાન આપો એવું લાગે છે કે પરમેશ્વર પોતાના સંતોને સૌથી નકામી જગ્યા પર કામ કરવા મૂકે છે અને પછી આપણે કહીએ છીએ કે, "પરમેશ્વરની ઈચ્છા છે કે હું અહીં કામ કરું કેમ કે હું તેના માટે ખૂબ ઉપયોગી છું." પરમેશ્વર પોતાના સંતોને એવી જગ્યાએ રાખે છે જ્યાં તેઓ તેને સૌથી વધુ મહિમા પ્રાપ્ત કરી આપશે, અને તે જગ્યા કઈ છે તે નિર્ણય કરવો તે, આપણી યોગ્યતાથી પણ પર છે.

## આ અનુભવ થવો જરૂરી છે

*''એલિયા વંટોળિયામાં થઈને આકાશમાં ચઢી ગયો. એલિશાએ...ત્યાર પછી...તેને જોયો નહિ...''*
*(૨ રાજા ૨:૧૧-૧૨)*

જ્યાં સુધી પરમેશ્વર તમને તમારો ''એલિયા'' આપે છે, ત્યાં સુધી તેની પર આધાર રાખવો ખોટું નથી, પરંતુ યાદ રાખો કે એવો સમય આવશે જ્યારે તેણે જવું પડશે અને તે તમારો માર્ગદર્શક અને આગેવાન નહિ રહે, કેમ કે આ પરમેશ્વરની ઈચ્છા નથી કે તે ટકી રહે. તેનો વિચાર માત્ર પણ તમને એવું કહેવા ફરજ પાડશે કે, ''હું મારા એલિયા વગર આગળ વધી શકતો નથી.'' છતાં પરમેશ્વર એમ કહે છે કે તમારે આગળ વધવું પડશે.

તમારી 'યર્દન' પાસે એકલા (૨:૧૪). યર્દન નદી એવી રીતે અલગ થવાનું પ્રતિક છે કે જ્યાં તમને કોઈની પણ સાથે સંગત નથી હોતી અને જ્યાં કોઈ તમારી પાસેથી તમારી જવાબદારી લેતો નથી. હવે તમારે એ બધી વાતોને પરખવી પડશે જે તમે ત્યારે શીખ્યા હતા જ્યારે તમારા ''એલિયા'' તમારી સાથે હતા. તમે એલિયાની સાથે વારંવાર યર્દન પર ગયા છો, પરંતુ આજે તમારે એકલાએ તેનો સામનો કરવાનો છે. તમે નથી જઈ શકતા એવું કહેવું વ્યર્થ છે - અનુભવનો સમય સામે છે અને તમારે જવું જ પડશે. જો તમે ખરેખર જાણવા માંગો છો કે, શું આ પરમેશ્વર તે જ પરમેશ્વર છે જેને તમારો વિશ્વાસ જે રીતે માને છે, તો પછી તમારી ''યર્દન'' નદી એકલા જ પાર કરો.

તમારા ''યરીખો'' પાસે એકલા(૨:૧૫). યરીખો એ સ્થાનનું પ્રતીક છે જ્યાં તમે તમારા ''એલિયા'' ને મહાન કાર્યો કરતા જોયા છે છતાં જ્યારે તમે તમારા ''યરીખો'' પાસે એકલા પહોંચો છો ત્યારે, પરમેશ્વર પર ભરોસો રાખીને પ્રથમ પગલું ભરવાની તમારી અનિચ્છા પ્રબળ હોય છે, તેના બદલે તમે કોઈ બીજા માટે રાહ જુઓ છો કે તે આ પગલું ભરે. પરંતુ જો તમે તમારા ''એલિયા'' સાથે રહીને જે શીખ્યા હતા તે માટે વિશ્વાસુ રહેશો તો જેમ એલિશાને ચિહ્ન પ્રાપ્ત થયું હતું તેમ તમને એક ચિહ્ન મળશે કે પરમેશ્વર તમારી સાથે છે.

તમારા ''બેથેલ'' પાસે એકલા (૨:૨૩): તમારા ''બેથેલ'' પાસે તમે પોતાની જાતને પોતાની બુદ્ધિના અંત પર અને પરમેશ્વરની બુદ્ધિના આરંભ થવાના સ્થાને પોતાને જુઓ છો. જ્યારે તમે તમારી બુદ્ધિના અંતે પહોંચી જાવ છો અને તમને એમ લાગે છે કે તમે ભયનો શિકાર થઈ જશો - તો ગભરાશો નહિ! પરમેશ્વર પ્રત્યે સત્ય અને વિશ્વાસયોગ્ય રહો અને તેઓ સત્યને એવી રીતે બહાર લાવશે કે જે તમારા જીવનને આરાધનાની અભિવ્યક્તિ બનાવી દેશે. જ્યારે તમે તમારા ''એલિયા'' સાથે હતા ત્યારે જે શીખ્યા છો, તેને અમલમાં લાવો - તેમના ઝભ્ભાનો ઉપયોગ કરો અને પ્રાર્થના કરો(જુઓ ૨:૧૩-૧૪). પરમેશ્વરમાં ભરોસો રાખવાનો સંકલ્પ કરો અને ફરીથી એલિયાની તલાશ ના કરો.

## પરમેશ્વરમાં વિશ્રામ કરવાની ઈશ્વરવિદ્યા

*"...ઓ અલ્પવિશ્વાસીઓ, તમે શા વાસ્તે ભયભીત થયા છો"*
*(માથ્થી ૮:૨૬)*

જ્યારે આપણે ભયભીત હોઈએ છીએ ત્યારે કમે સે કમે પરમેશ્વર પ્રાર્થના તો કરી શકીએ છીએ. પરંતુ આપણા પ્રભુને એ અધિકાર છે કે તે એવી અપેક્ષા રાખી શકે કે જેઓ તેનું નામ લે છે તેઓ તેના પર ભરોસો રાખે. પરમેશ્વર એવી અપેક્ષા કરે છે કે તેના બાળકો તેની પર એટલો ભરોસો રાખે કે કોઈ પણ સંકટમાં ભરોસાપાત્ર લોકો તેઓ જ હોય. પરંતુ પરમેશ્વર પર આપણો ભરોસો એક ખાસ હદ સુધી હોય છે, પછી આપણે એવા લોકો જેઓ પરમેશ્વરને જાણતા પણ નથી તેઓના જેવી ગભરાઈ ગયેલી પ્રાર્થનાઓ પર પાછા આવીએ છીએ. આપણે આપણી બુદ્ધિના અંત પર આવી જઈએ છીએ જ્યાં આપણી બુદ્ધિ બંધ થઈ જાય છે અને એ દર્શાવીએ છીએ કે આપણને તેમની પર કે જગત પર તેમના સર્વોપરિ નિયંત્રણ પર જરા પણ ભરોસો નથી. આપણને એમ લાગે છે કે તેઓ સૂઈ રહ્યા છે, અને આપણને સમુદ્રમાં આપણી આગળ ઊંચા-ઊંચા મોજાં દેખાય છે.

"...ઓ અલ્પવિશ્વાસીઓ!" જ્યારે શિષ્યોને નિશ્ચે ખ્યાલ આવ્યો હશે કે, "આપણે ફરીથી નિશાન ચૂકી ગયા!" ત્યારે તેમના હૃદયોમાં કેટલું દર્દ થયું હશે. અને આપણા હૃદયમાં પણ કેટલી પીડા થઈ હશે જ્યારે આપણને અચાનક એ અહેસાસ થાય છે કે, કઠીનાઈઓનો સામનો કરીએ છીએ તેમાં, ઈસુ પર પૂર્ણ ભરોસો રાખવા દ્વારા આપણે તેમના હૃદયમાં સંપૂર્ણ આનંદ ઉત્પન્ન કરી શકયા હોત.

એવા સમયો હોય છે જ્યારે આપણા જીવનમાં કોઈ જ તોફાન કે સંકટ નથી હોતું, અને ત્યારે આપણે એ બધું જ કરીએ છીએ જે માણસ માટે સંભવ હોય છે. પરંતુ જ્યારે કોઈ સંકટ આવી પડે છે, ત્યારે આપણે તરત જ દેખાડી દઈએ છીએ કે આપણે કોના પર ભરોસો રાખવાનું શીખી રહ્યા છીએ, તે સંકટ સાબિત કરી આપશે કે આપણે ભંગિત થવાને આરે પહોંચવા છતાં પણ પરમેશ્વર પર આપણા ભરોસાને તૂટવા દઈશું નહિ.

આપણે પવિત્રીકરણ અંગે પુષ્કળ વાતો કરીએ છીએ, પરંતુ આપણા જીવનોમાં તેનું શું પરિણામ આવશે? આપણા જીવનમાં તે બાબત શાંતિથી પરમેશ્વરમાં વિશ્રામ કરવા દ્વારા પ્રદર્શિત થશે, જેનો અર્થ એ થાય છે કે, પરમેશ્વર સાથે સંપૂર્ણ એકતા, અને આ એકતા તેમની દ્રષ્ટિમાં આપણને ફક્ત નિર્દોષ બનાવશે એટલું જ નહિ, પરંતુ તેમના માટે એક ઊંડો આનંદ બનશે.

ઑગસ્ટ ૧૩

## આત્માને ન હોલવો

*"આત્માને ન હોલવો..."*
*(૧ થેસ્સા ૫:૧૯)*

પરમેશ્વરના આત્માનો અવાજ વસંતઋતુમાં ચાલતા મંદ પવનની જેમ કોમળ હોય છે - એટલો કોમળ કે, જો તમે પરમેશ્વર સાથે સંપૂર્ણ સંગત અને એકતામાં જીવતા નથી, તો તે તમને કદીયે સંભળાશે પણ નહિ. જ્યારે પરમેશ્વરનો આત્મા આપણને ચેતવણી આપે છે કે આપણા પર રોક લગાવે છે, તો તે બાબત સૌથી આશ્ચર્યજનક કોમળ ઢંગથી આપણી પાસે આવે છે. અને જો તમારી પાસે તેમનો અવાજ ઓળખવાની સંવેદનશીલતા નથી, તો તમે નથી, તો તમે તેને હોલવી નાંખશો, અને તમારુ આત્મિક જીવન કમજોર બની જશે. આ રોકવામાં આવતો અનુભવ હંમેશા એક "દબાયેલા ધીમા શબ્દ" ના રૂપમાં આવશે (૧ રાજા ૧૯:૧૨) એટલો ધીમો અવાજ કે પરમેશ્વરના સંત સિવાય બીજો કોઈ તે સાંભળી પણ નહિ શકે.

પોતાની વ્યક્તિગત સાક્ષી આપવાના સમયે જો તમારે પાછળ ફરીને જોવું પડે અને વારંવાર એવું કહેવું પડે છે કે, "બહુ વરસો પહેલાં મારું તારણ થયું હતું," તો આવી સાક્ષી આપવા સંબંધી સાવધાન રહો. જો તમારો "હાથ હળ પર મૂક્યો છે" અને પ્રકાશમાં ચાલો છો તો તેમાં "પાછળ જોવાની" વાત આવતી નથી - પાછળની કે ભૂતકાળની વાતો પરમેશ્વરની સાથેની આપણી હાલની સંગત અને એકતાના આશ્ચર્યમાં ધીમે ધીમે સમાય જાય છે. (લૂક ૯:૬૨; ૧ યોહાન ૧:૬-૭ પણ જુઓ), જો તમે પ્રકાશમાંથી બહાર નીકળી ગયા છો તો તમે એક લાગણીશીલ ખ્રિસ્તી બની ગયા છો, અને ફક્ત તમારી યાદોના બળ પર જીવો છો અને તમારી સાક્ષીમાં એક કઠોરતાનો રણકાર હશે. જ્યારે તમે "પ્રકાશમાં ચાલતા હતા" તે દિવસોના વીતી ગયેલા અનુભવોને યાદ કરીને હાલના સમયમાં "પ્રકાશમાં ચાલવાનો" નકાર કરવા પર ઢાંકપિછોડો કરવાની કોશિશ ના કરો(૧ યોહાન ૧:૭). પવિત્ર આત્મા જ્યારે પણ તમને એ અનુભવ આપે છે કે તે તમને રોકી રહ્યા છે, તો તરત જ રોકાઈ જાવ, અને બધું ઠીક કરી લો, નહિ તો તમે તેને હોલવતા રહેશો અને દુ:ખી કરતા રહેશો અને તમને એ ખ્યાલ પણ નહિ આવે કે તમે તેમ કરી રહ્યા છો.

માની લો કે પરમેશ્વર તમને એક સંકટની સ્થિતિમાં લાવે છે અને તમે લગભગ સંપૂર્ણ સંકટને સહન કરી લો છો, પણ પૂરી રીતે નહિ, તો તે સંકટ ફરીથી લાવશે, પરંતુ આ વખતે તેની પ્રબળતા કંઈક હદે ઘટી ગઈ હશે. તમારી પરખશક્તિ ઘટી જશે અને આજ્ઞાભંગના કારણે તમારી શરમિંદગી વધી જશે. જો તમે તેના આત્માને દુ:ખી કરવાનું ચાલુ રાખશો, તો એક સમય એવો આવશે કે જ્યારે તે સંકટને ફરી તમારા પર લાવવાનું સંભવ નહી રહે, કેમ કે તમે આત્માને પૂરી રીતે હોલવી દીધો હશે. પરંતુ જો તમે સંકટમાંથી પસાર થશો, તો તમારું જીવન પરમેશ્વરની પ્રશંસાનું એક ગીત બની જશે. કદીયે કોઈ એવી બાબતોનો મોહ ના કરશો જે પરમેશ્વરને દુ:ખી કરવાનું ચાલુ રાખે છે. તેનાથી મુક્ત થવા માટે તે બાબતને ઈજા કરવાની પરમેશ્વરને મંજૂરી આપવા દેવી પડશે.

## પ્રભુની શિસ્ત

*"મારા પુત્ર, પ્રભુની શિક્ષાને તું તુચ્છ ન ગણ, અને તે તને ઠપકો આપે ત્યારે તું નાસીપાસ ન થા;"*
*(હિબ્રૂઓને પત્ર ૧૨:૫)*

પરમેશ્વરના આત્માને ખિન્ન કરવો ખૂબ સરળ હોય છે; આપણે પરમેશ્વરની શિસ્તને તુચ્છ ગણીને, અથવા જ્યારે ઠપકો આપે છે ત્યારે નાસીપાસ થઈને તેમના આત્માને દુઃખી કરી છીએ. જો આપણને પાપથી અલગ કરાવવાના અને પવિત્રીકરણની પ્રક્રિયા દ્વારા પવિત્ર કરવાના અનુભવમાં ઊંડાણ નથી, તો આપણે પરમેશ્વરની વાસ્તવિકતાને કંઈ બીજુ જ સમજી બેસીએ છીએ. અને જ્યારે પરમેશ્વરનો આત્મા આપણને ચેતવણી આપે છે કે રોકે છે, ત્યારે ગેરસમજનો શિકાર બનીને તરત કહીએ છીએ કે, "આ શેતાન તરફથી હશે."

"આત્માને ન હોલવો"(૧ થેસ્સા ૫:૧૯), અને જ્યારે તે તમને કહે છે કે, "આ બાબતમાં હવે વધું અંધ ના બનીશ - તમે આત્મિક રૂપથી એટલા આગળ નથી વધ્યા જેટલા તમે વિચારો છો. આજ સુધી હું તમને એ વાત પ્રગટકરી શક્યો નથી, પરંતુ હમણાં, આજ ક્ષણે તે પ્રગટ કરું છું." એમ કહે ત્યારે તેને તુચ્છ ના ગણશો કે તેનું અપમાન ના કરશો. જ્યારે પ્રભુ તમને આ રીતે શિસ્તમાં લાવે છે તો તેમને તેમની ઈચ્છા પૂર્ણ કરવા દો. તેમને અનુમતિ આપો કે તે તમને પરમેશ્વરની સામે એક સીધા અને યોગ્ય સંબંધમાં મૂકી શકે.

"...તે તને ઠપકો આપે ત્યારે તું નાસીપાસ ન થા." આપણે આપણી અપ્રસન્નતા વ્યક્ત કરવા લાગીએ છીએ, પરમેશ્વર પર નારાજ થઈએ છીએ અને ગુસ્સાથી મોં મચકોડીને પછી કહીએ છીએ કે, "હવે હું આવું કર્યા વગર રહી શકતો નથી. મેં પ્રાર્થના કરી પરંતુ બધું વ્યવસ્થિત નથી થઈ રહ્યું, આથી હું હવે બધું પડતું મૂકીશ" જરા વિચારો કે, જો તમે તમારા જીવનના દરેક ક્ષેત્રમાં આ પ્રકારે વ્યવહાર કરશો, તો શું થાય!

શું હું સંપૂર્ણ રીતે તૈયાર છું કે તે મને પોતાના સામર્થ્યથી પકડી લે અને મારામાં એવું કામ કરે જે ખરેખર તેના નામને યોગ્ય હોય? પવિત્રીકરણ એ મારો વિચાર નથી જે હું ઈચ્છું છું કે પરમેશ્વર મારા માટે કરે - પવિત્રીકરણ પરમેશ્વરનો વિચાર છે કે તે મારી સાથે શું કરવા માંગે છે. પરંતુ તેમણે મારા મન અને આત્માને એવી સ્થિતિમાં લાવવા પડશે જ્યાં હું તેમને મંજૂરી આપું કે તે મને સંપૂર્ણરૂપે પવિત્ર કરે, ચાહે તેની કિંમત ગમે તેટલી કેમ ના હોય (૧ થેસ્સા. ૫:૨૩-૨૪).

## નવા જન્મનું પ્રમાણ

*"તમારે નવો જન્મ પામવો જોઈએ"*
*(યોહાન ૩:૭)*

નિકોદેમસે જે પ્રશ્ન કર્યો હતો કે, "માણસ ઘરડો થઈને જન્મ કેમ પામી શકે?" તેનો જવાબ છે કે, "ફક્ત ત્યારે જ જન્મ પામી શકે જ્યારે તે પોતાના અધિકાર, પોતાના સદ્‌ગુણો, અને પોતાના ધર્મ સહિતની પોતાના જીવનની બાકીની બધી બાબતોને માટે મરવાને તૈયાર હોય, અને એક નવા જીવનને ગ્રહણ કરવાને માટે તૈયાર હોય જેનો તેણે તેની અગાઉ ક્યારેય અનુભવ ન કર્યો હોય(૩:૪)." આ નવો જન્મ પોતાની જાતને આપણા સતત પસ્તાવામાં અને અસાવધ પવિત્રતાના દ્વારા પ્રગટ કરે છે.

"પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો..."(યોહાન ૧:૧૨). શું ઈસુ અંગેનું મારુ જ્ઞાન મારી પોતાના આંતરિક સૂઝસમજનું પરિણામ છે, કે તે એ છે જે હું બીજાઓની વાતો સાંભળીને શીખ્યો છું? શું મારા જીવનમાં કંઈક એવું છે જે મને મારા વ્યક્તિગત તારણહારના રૂપમાં પ્રભુ ઈસુની સાથે જોડી દે છે? ઈસુ ખ્રિસ્ત અંગેનું વ્યક્તિગત જ્ઞાન મારા આત્મિક ઈતિહાસનો મૂળ પાયો હોવો જોઈએ. નવો જન્મ પામવો તેનો અર્થ એ થાય કે હું ઈસુને જોઉં છું.

"...જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય, તો તે પરમેશ્વરનું રાજ્ય જોઈ શકતું નથી"(યોહાન ૩:૩). શું હું ફક્ત પરમેશ્વરના રાજ્યની સાબિતીને શોધું છું, કે હું હકીકતમાં તેમની સંપૂર્ણ સર્વોપરિતાને ઓળખી રહ્યો છું? નવો જન્મ મને દ્રષ્ટિનું એક નવું સામર્થ્ય આપે છે જેના દ્વારા હું પરમેશ્વરના નિયંત્રણને ઓળખવા લાગું છું તેમની સર્વોપરિતા તો દરેક સમયે ઉપસ્થિત હતી, પરંતુ પરમેશ્વર પોતાના સ્વભાવ પ્રત્યે વિશ્વાસુ છે, તેથી હું તેમને ત્યાં સુધી જોઈ શકતો નહોતો, જ્યાં સુધી મને તેમનો પોતાનો સ્વભાવ પ્રાપ્ત ના થાય.

"જે કોઈ પરમેશ્વરથી જન્મેલો છે તે પાપ કરતો નથી..."(૧ યોહાન ૩:૯). શું હું પાપ કરવાનું બંધ કરવાનો પ્રયત્ન કરું છું કે મેં પાપ કરવાનું ખરેખર જ બંધ કરી દીધું છે? પરમેશ્વરથી જન્મ પામવો તેનો અર્થ એ થાય કે મારી પાસે પાપ કરવાનું બંધ કરવા માટે પરમેશ્વરનું ઈશ્વરીય સામર્થ્ય છે. બાઈબલ કદીયે એમ નથી પૂછતું કે, "શું ખ્રિસ્તી વ્યક્તિએ પાપ કરવું જોઈએ?" બાઈબલ ભારપૂર્વક જણાવે છે કે ખ્રિસ્તી વ્યક્તિએ પાપ ન કરવું જોઈએ. જ્યારે આપણે પાપ કરતા નથી ત્યારે નવા જન્મનું કાર્ય આપણામાં અસરકારક બને છે. ફક્ત આપણી પાસે પાપ ન કરવાનું સામર્થ્ય છે એટલું જ નહિ પરંતુ હકીકતમાં આપણે પાપ કરવાનું બંધ કરી દીધું છે. છતાંયે ૧ યોહાન ૩:૯ નો અર્થ એ નથી થતો કે આપણે પાપ નથી કરી શકતા - તેનો અર્થ કેવળ એ થાય છે કે જો આપણે આપણી અંદર પરમેશ્વરના જીવનની આજ્ઞા માનીશું, તો આપણને પાપ કરવાની જરૂરત નહિ રહે.

## શું તે મને ઓળખે છે?...

*"તે પોતાના...ને નામ લઈને બોલાવે છે..."*
*(યોહાન ૧૦:૩)*

જ્યારે મેં દુર્ભાગ્યથી તેને ખોટો સમજ્યો? (જુઓ યોહાન ૨૦:૧૧-૧૮). સિદ્ધાંતો વિશે બધું જ જાણતો હોઉં અને છતાંયે ઈસુને ન ઓળખતો હોઉં તે શક્ય છે. જ્યારે સિદ્ધાંતોનું જ્ઞાન ઈસુને પાછળ રાખી દે અને તેની સાથે ઘનિષ્ઠ સંબંધો રાખવાનું ટાળતા હોય ત્યારે વ્યક્તિનો આત્મા ગંભીર જોખમમાં હોય છે. મરિયમ શા માટે રડતી હતી? તેના માટે તેના પગ નીચે ઘાસનું જેટલું મહત્વ હતું તેટલું મહત્વ સિદ્ધાંતોનું હતું. હકીકતમાં કોઈ પણ ફરોશી સિદ્ધાંતના આધાર પર મરિયમને મૂર્ખ સાબિત કરી શકતો હતો, પરંતુ એક બાબત જેની તેઓ મજાક ઉડાવી શકતા નહોતા તે તો એ સત્ય હતું કે ઈસુએ તેની અંદરથી સાત અશુદ્ધ આત્માઓને કાઢ્યા હતા(જુઓ લૂક ૮:૨); છતાંયે ખુદ ઈસુને ઓળખવાની તુલનામાં તેનો આશીર્વાદ મરિયમને માટે કંઈ જ નહોતો. "તેણે પછવાડે ફરીને ઈસુને ઊભેલો જોયો; પણ એ ઈસુ છે, એમ તેણે જાણ્યું નહિ...ઈસુ તેને કહે છે કે, 'મરિયમ!'... "(યોહાન ૨૦:૧૪,૧૬). જેવું તેમણે મરિયમને નામ લઈને બોલાવી કે તરત તે જાણી ગઈ કે બોલાવનાર સાથે તેનો વ્યક્તિગત ઈતિહાસ જોડાયેલ હતો. "તે ફરીને તેને...કહે છે 'રાબ્બોની'!"(૨૦:૧૬).

જ્યારે મેં હઠીલાઈપૂર્વક તેની પર શંકા કરી છે? (જુઓ યોહાન ૨૦:૨૪-૨૯). શું હું ઈસુને માટે શંકા કરતો રહું છું - કદાચ કોઈ અનુભવ નથી કર્યો? બીજા શિષ્યોએ થોમાને કહ્યું કે, "અમે પ્રભુને જોયો છે"(૨૦:૨૫). પરંતુ થોમાઓ સંદેહ કર્યો અને જણાવ્યું કે, "તેણે તેઓને કહ્યું કે...જોયા વિના...હું વિશ્વાસ કરવાનો જ નથી."(૨૦:૨૫). થોમાને ઈસુના વ્યક્તિગત સ્પર્શની જરૂરત હતી. તેમના સ્પર્શો ક્યારે આવશે તે આપણે જાણતાં નથી પરંતુ જ્યારે તે આવશે ત્યારે તે અવર્ણનીય રીતે અમૂલ્ય હોય છે. થોમાએ ઉત્તર આપ્યો કે, "મારા પ્રભુ અને મારા પરમેશ્વર"(૨૦:૨૮).

જ્યારે મેં સ્વાર્થી બનીને તેમનો નકાર કર્યો છે?(જુઓ યોહાન ૨૧:૧૫-૧૭). પિતરે સમ ખાઈને તથા શાપ દઈને ઈસુ ખ્રિસ્તનો નકાર કર્યો(જુઓ માથ્થી ૨૬:૬૯-૭૫), અને છતાં પોતાના પુનરુત્થાન પછી ઈસુ પિતરને એકલા મળ્યા. ઈસુએ પિતરને પ્રથમ એકાંતમાં વ્યવસ્થિત કરીને પુનઃસ્થાપિત કર્યો અને ત્યારબાદ તેમણે તેને બધાંની વચ્ચે સમાર્યો. પિતરે તેને કહ્યું કે, "પ્રભુ, તું...જાણે છે; હું તારા પર હેત રાખું છું"(યોહાન ૨૧:૧૭).

શું ઈસુ ખ્રિસ્ત સાથે મારે વ્યક્તિગત ઈતિહાસ છે? શિષ્યતાની એક માત્ર સાચી નિશાની એ છે કે ઈસુની સાથે ઘનિષ્ટ એકતા-ઈસુની ઓળખ-જેને કોઈ પણ બાબત ડગાવી શકતી નથી.

## શું તમે નિરાશ છો કે સમર્પિત છો?

*“ઈસુએ તેને કહ્યું કે, ‘તું હજી એક વાત સંબંધી અધૂરો છે; તારું જે છે તે બધું વેચી નાખીને... મારી પાછળ ચાલ’ પણ એ સાંભળીને તે બહુ ઉદાસ થયો, કેમ કે તે બહુ શ્રીમંત હતો.”*
*(લૂક ૧૮:૨૨-૨૩)*

શું તમે કદીયે સ્વામીને તમને બહુ કઠણ વાત કહેતા સાંભળ્યા છે? જો તમે નથી સાંભળ્યા, તો મારા મનમાં પ્રશ્ન થાય છે કે શું તમે તેમને કશું પણ કહેતા સાંભળ્યા છે. ઈસુ આપણને ઘણી બધી એવી વાતો કહે છે જેને આપણે સાંભળીએ તો છીએ, પરંતુ જેની તરફ આપણે ધ્યાન નથી આપતા અને જ્યારે એકવાર આપણે તેને સાંભળી પણ લઈએ છીએ તો તે તેમના શબ્દો કઠોર અને પ્રતિકૂળ લાગે છે.

ઈસુએ એવો જરાપણ રસ દર્શાવ્યો નહિ કે તે ધનવાન જુવાન માણસ તેમણે જે કહ્યું તે કરે અને ન તો ઈસુએ આ માણસને પોતાની પાસે રાખવાનો જરાપણ પ્રયત્ન કર્યો. ઈસુએ તેને ફક્ત એમ કહ્યું કે, “તારું જે છે તે બધું વેચી નાખીને...મારી પાછળ ચાલ.” આપણા પ્રભુએ તેને વિનંતી ના કરી, તેને લલચાવવાની કોશિશ ના કરી- તેમણે ફક્ત તે સૌથી કઠોર શબ્દો કહ્યા જે માણસના કાનોએ પ્રથમવાર સાંભળ્યા હતા, અને પછી તેને તેના હાલ પર છોડી દીધો.

શું મેં ઈસુને મને કદી કોઈ કઠોર અને પ્રતિકૂળ વાત કહેતા સાંભળ્યા છે? શું તેમણે વ્યક્તિગત રીતે મને કંઈ કહ્યું છે જે મેં સમજી-વિચારીને સાંભળ્યું છે - કોઈ એવી વાત નહિ જે હું બીજાઓ માટે સમજી શકું, પરંતુ એવી વાત જે મેં તેમને સીધી મને જ કહેતા સાંભળી છે? ઈસુએ જે કહ્યું તે આ વ્યક્તિ સમજી ગયો. તેણે ખૂબ સ્પષ્ટ રીતે તે સાંભળી, તેનો અર્થ થાય તેની અસરોને સમજી ગયો અને તે બાબતોએ તેના હૃદયને ભાંગી દીધું. તે વિદ્રોહ કરનાર વ્યક્તિ તરીકે નહિ, પરંતુ એક દુઃખી અને નિરાશ વ્યક્તિના રૂપમાં ચાલ્યો ગયો. તે ઈસુની પાસે પૂરા જોશમાં અને સંકલ્પમાં સળગતો આવ્યો હતો, પરંતુ ઈસુના શબ્દોએ તેને ઠંડો કરી દીધો. ઈસુ પ્રત્યે આવેશમય ભક્તિ ઉત્પન્ન કરવાને બદલે, તેમણે હૃદયભંગિત કરનારી નિરાશા પેદા કરી. અને ઈસુ તેની પાછળ પાછળ ના ગયા, પરંતુ તેમણે તેને જવા દીધો. આપણા પ્રભુને ખૂબ ચોક્કસ ખબર છે કે જ્યારે તેમના વચન ખરેખર સંભળાશે ત્યારે, તે વહેલા કે મોડા ફળ જરૂર લાવશે. ખતરનાક વાત એ છે કે આપણામાંથી કેટલાક લોકો તેમના વચનોને આપણા હાલના જીવનમાં ફળ લાગતા અટકાવે છે. મને આશ્ચર્ય થાય છે કે, તે ચોક્કસ મુદ્દે અંતે આપણે જ્યારે તેમને સમર્પિત થવા માટે આપણા મનમાં મક્કમ નિર્ણય કરીશું તો આપણે શું કહીશું? એક વાત તો ચોક્કસ છે - તે આપણા ભૂતકાળની નિષ્ફળતાને આપણા મોં પર ફેંકશે નહિ.

## શું તમે દુઃખને કારણે કદીયે મૂક બની ગયા છો?

*“પણ એ સાંભળીને તે બહુ ઉદાસ થયો, કેમ કે તે બહુ શ્રીમંત હતો.”*
*(લૂક ૧૮:૨૩)*

તે ધનવાન જુવાન આગેવાન દુઃખના કારણે મૂક થઈને ઈસુની પાસેથી ચાલ્યો ગયો કેમ કે તેની પાસે ઈસુની વાતનો પ્રત્યુત્તર આપવા માટે કોઈ ઉત્તર નહોતો અને તેને એવું દુઃખ થયું કે તેની પાસે પ્રત્યુત્તર આપવા માટે કોઈ શબ્દ નહોતા. શું તમે કદીયે આવી સ્થિતિમાં મૂકાયા છો? શું પરમેશ્વરનું વચન કદીયે તમારી પાસે એવી રીતે આવ્યું છે, જ્યારે તેમણે તમારા જીવનમાંના કોઈ ક્ષેત્ર તરફ ઈશારો કર્યો છે અને તમારી પાસે માંગણી કરી છે કે તમે તે બાબત પરમેશ્વરને સમર્પિત કરો? કદાચ તેમણે કોઈ ચોક્કસ વ્યક્તિગત ગુણો, ઈચ્છાઓ, રૂચિઓ, કે તમારા હૃદયના અને મનના સંબંધો તરફ ઈશારો કર્યો હોય. જો એમ છે તો, તમે ઘણીવાર દુઃખથી મૂક થઈ ગયા હશો. પ્રભુ તમારી પાછળ પાછળ નહિ જાય, અને તે તમને વિનંતી પણ નહિ કરે પરંતુ દરેક વખતે જ્યારે તે તમને તે જ સ્થાન પર મળશે કે જે વિશે તેમણે તમને ઈશારો કર્યો હતો, તો તે ફક્ત પોતાના શબ્દોને ફરીથી ઉચ્ચારશે અને કહેશે, “જો તું આ બધું ગંભીરતાથી કહી રહ્યો છે, તો આ શરતો છે.”

“તારું જે છે તે બધું વેચી નાખીને...”(૧૮:૨૨). બીજા શબ્દોમાં, જ્યાં સુધી તમે તેમની સામે ફક્ત એક સભાન માનવીના રૂપમાં ઊભા ના રહો ત્યાં સુધી, જે બાબતોને સંપત્તિ કહેવામાં આવે છે, તેમાંથી પરમેશ્વરની આગળ પોતાની જાતનો છુટકારો કરો, અને પછી તે બાબતોને પરમેશ્વરને આપી દો. આ જ તે જગ્યા છે જ્યાં ખરેખર યુદ્ધ લડવામાં આવે છે - અર્થાત્ પરમેશ્વરની આગળ તમારી ઈચ્છાના ક્ષેત્રમાં શું તમારું સમર્પણ ઈસુથી વધારે તમારી ધારણા પ્રત્યે છે કે ઈસુ શું ઈચ્છે છે? જો હા, તો એ સંભવ છે કે તમે ઈસુનું એક એવું કઠોર અને સખત વચન સાંભળશો જેનાથી તમારા હૃદયમાં દુઃખ ઉત્પન્ન થશે. ઈસુ જે કહે છે તે મુશ્કેલ છે - જે લોકોમાં તેનો સ્વભાવ હોય છે તેઓ સાંભળે છે ત્યારે જ તે સરળ હોય છે. કોઈપણ બાબતને ઈસુના કઠોર શબ્દોને કોમળ બનાવવાની મંજૂરી આપવા અંગે સાવધ રહો.

હું કંઈ જ નથી તેવી પોતાની ગરીબીની સભાનતામાં એટલો ધનવાન હોઈ શકું છું કે હું ઈસુનો શિષ્ય કદી બની શકતો નથી અથવા તો પછી હું કંઈક છું તેવી પોતાની સભાનતામાં એટલો ધનવાન હોઈ શકું છું કે હું કદી શિષ્ય બની શકતો નથી. શું હું મારી લાચારી અને ગરીબીની સભાનતામાં પણ લાચાર અને ગરીબ થવા માટે તૈયાર છું? જો ના તો આ જ કારણ છે કે હું નિરાશ થઈ જાઉં છું. નિરાશા તો સ્વપ્રેમના ભ્રમમાંથી મુક્ત થવાની વાત હોય છે, અને સ્વપ્રેમ તે ઈસુ પ્રત્યેના મારા સમર્પણ માટેનો પ્રેમ હોય શકે છે - સ્વયં ઈસુ પ્રત્યે પ્રેમ નહિ.

## પોતાના પ્રત્યેની સભાનતા

*"મારી પાસે આવો..."*
*(માથ્થી ૧૧:૨૮)*

પરમેશ્વરની આપણા માટે એ ઈચ્છા છે કે આપણે ખ્રિસ્ત ઈસુમાં એક સંપૂર્ણ જીવન જીવીએ, પરંતુ એવા સમયો આવે છે કે જ્યારે જીવન પર બહારથી હુમલા થાય છે. એવા સમયોમાં આપણે ફરીથી આત્મનિરિક્ષણનો સહારો લઈએ છીએ - અર્થાત્ એ આદતને જે વિશે આપણે વિચારતા હતા કે છૂટી ગઈ છે. પોતાના પ્રત્યેની સભાનતા એ પ્રથમ ચીજ છે જે પરમેશ્વરમાં આપણા જીવનની સંપૂર્ણતાને છિન્ન-ભિન્ન કરી દે છે, અને આપણા જીવનમાં સતત સંઘર્ષ અને ખળભળાટનો અનુભવ ઉત્પન્ન કરે છે. પોતાની જાત પ્રત્યે સભાનતા પાપ નથી, અને તે ગભરાટની લાગણીઓના કારણે કે, અચાનક નવી પરિસ્થિતિઓમાં નાંખી દેવામાં આવે તેના કારણે ઉત્પન્ન થઈ શકે છે, છતાં પરમેશ્વરની ઈચ્છા એ ક્યારેય નથી કે આપણે પરમેશ્વરમાં સંપૂર્ણ થવામાંથી થોડા પણ બાકી રહીએ. કોઈ પણ બાબત જે પરમેશ્વરમાં આપણા વિશ્રામને ખલેલ પહોંચાડે છે, તેનો તરત ઈલાજ કરવો જરૂર છે, અને તેનો ઈલાજ તેને અવગણવાથી નથી થતો, પરંતુ ઈસુ ખ્રિસ્તની પાસે આવવાથી થશે. જો આપણે તેની પાસે આવીશું અને તેમને વિનંતી કરીશું કે તે આપણામાં ખ્રિસ્ત પ્રત્યે સભાનતા લાવે તો જ્યાં સુધી આપણે તેનામાં રહેવાનું શીખી લેતા નથી ત્યાં સુધી તે હંમેશા એવું કરશે.

જે બાબત ખ્રિસ્ત સાથેની તમારા જીવનની એકતાને વિભાજીત કે નષ્ટ કરે છે, તેનો સામનો કર્યા વગર તમારા જીવનમાં રહેવા દેશો નહિ. તમારા મિત્રોના પ્રભાવ કે તમારી પરિસ્થિતિઓને ક્યારેય મંજૂરી આપશો નહિ કે તે તમારા જીવનને વિભાજીત કરી દે. આવી દરેક બાબતો તમારા સામર્થ્યને ચૂસી લે છે અને તમારી આત્મિક વૃદ્ધિને ધીરી કરી દે છે. પરમેશ્વર સાથેની તમારી એકતાને વિભાજીત કરી દે અને તમે તેમનાથી અલગ છો તેવું જોવાને મજબૂર કરે તેવી દરેક બાબતોથી સાવધાન રહો. આત્મિક રીતે યોગ્ય રહેવા સિવાય અધિક મહત્વપૂર્ણ બીજું કશું નથી. તેનો જે એક જ સરળ ઉપાય છે તે તો - "મારી પાસે આવો..." એ શબ્દો દ્વારા વ્યક્તિ તરીકેની આપણી બૌદ્ધિક, નૈતિક, અને આત્મિક ઊંડાઈની કસોટી કરવામાં આવે છે અને તેને માપવામાં આવે છે. આપણા જીવનના દરેક પાસાઓમાં દરેક બાબતોમાં જ્યાં આપણે વાસ્તવિક નથી એમ માલૂમ પડે છે, ત્યાં આપણે ઈસુની પાસે આવવાને બદલે તે સત્યોનો વિરોધ કરીએ છીએ.

## ખ્રિસ્ત પ્રત્યે સભાનતા

*"...ને હું તમને વિસામો આપીશ"*
*(માથ્થી ૧૧:૨૮)*

જ્યારે પણ કોઈ બાબત ઈસુ ખ્રિસ્ત સાથેના તમારા જીવનને તોડવાની શરૂઆત કરે છે. તો તરત ખ્રિસ્ત તરફ ફરો અને તેને કહો કે તે તમારા વિસામાને ફરીથી સ્થાપિત કરે. ક્યારેય પણ એવી બાબતોને તમારા જીવનમાં ન રહેવા દેશો જે અશાંતિ લાવે છે. તમારા જીવનની નાનામાં નાની ચીજ જે વિઘટન કરી રહી છે, તેને સહન નથી કરવાની પરંતુ તેની વિરુદ્ધ લડાઈ કરવાની છે એવી રીતે જુઓ. પ્રભુને કહો કે તે તમારી અંદર તેના પ્રત્યેની સભાનતા લાવે, અને તેથી તમારી પોતાના પ્રત્યેની સભાનતા દૂર થઈ જશે. ત્યારે પરમેશ્વર તમારું સર્વસ્વ બની જશે. તમારા પોતાના પ્રત્યેની સભાનતાને ચાલુ ન રહેવા દેશો, નહિ તો તે ધીરે ધીરે પરંતુ ચોક્કસ રીતે તમારામાં સ્વદયા પેદા કરશે, અને સ્વદયા શેતાની હોય છે. પોતાની જાતને એમ ના કહેવા દેશો કે, તેમણે મને ગેરસમજ કરી છે અને તે માટે તેમણે મારી માફી માંગવી જોઈએ; હું ખાતરીથી કહું છું મારે આ બાબતને તેમની સાથે સ્પષ્ટતા કરી દેવી જોઈએ. આવી  બાબત અંગે બીજાઓને તેમના હાલ પર છોડી દો, ફક્ત પ્રભુને કહો કે તે તમને ખ્રિસ્ત પ્રત્યેની સભાનતા આપે, અને જ્યાં સુધી તમારી સંપૂર્ણતા ચરમ સીમા પર નથી પહોંચતી ત્યાં સુધી તે તમને સ્થિર કરશે.

એક સંપૂર્ણ જીવન એક બાળકનું જીવન હોય છે. જ્યારે હું ખ્રિસ્ત પ્રત્યેની મારી સભાનતાના સંબંધમાં સંપૂર્ણ રીતે સમાન હોઉં છું, તો એનો અર્થ એ થાય કે ક્યાંક કશીક ગરબડ છે. ફક્ત એક બિમાર વ્યક્તિને જ ખરેખર માલૂમ હોય છે કે સ્વાસ્થ્ય શું છે. પરમેશ્વરના એક બાળકને પરમેશ્વની ઈચ્છાની સભાનતા નથી કેમ કે તે ખુદ પરમેશ્વરની ઈચ્છા છે. જ્યારે આપણે પરમેશ્વરની ઈચ્છામાંથી થોડા પણ હટીએ છીએ, ત્યારે આપણે પૂછવાનું શરૂ કરીએ છીએ કે, "પ્રભુ, તારી ઈચ્છા શી છે?" પરમેશ્વરનું બાળક કદી એવી પ્રાર્થના નથી કરતું કે પરમેશ્વર પ્રાર્થનાનો ઉત્તર આપે છે તે બાબત પ્રત્યે તેને સભાનતામાં લાવવામાં આવે, કેમ કે તે એ નિશ્ચિતતામાં વિસામો લે છે કે પરમેશ્વર હંમેશા પ્રાર્થનાનો ઉત્તર આપે છે.

જો આપણે આપણી વ્યવહારુ બુદ્ધિ દ્વારા પોતાની જાત પ્રત્યે સભાનતા પર વિજય પામવાને પ્રયત્ન કરીશું તો, આપણે ફક્ત પોતાના પ્રત્યેની સભાનતાને વધુ મજબૂત કરવાનું જ કાર્ય કરીશું. ઈસુ કહે છે, "મારી પાસે આવો...અને હું તમને વિસામો આપીશ" અર્થાત્ ખ્રિસ્ત પ્રત્યેની સભાનતા તે પોતાની જાત પ્રત્યેની સભાનતાનું સ્થાન લેશે. જ્યાં કંઈ ઈસુ આવે છે ત્યાં તે વિશ્રાંતિ સ્થાપિત કરે છે - આપણા જીવનના કાર્યોના સંપૂર્ણ થવાનો વિશ્રામ જે પોતાની જાત પ્રત્યે કદી સભાન નથી હોતો.

## ધ્યાનમાં ન લેવાયેલ લોકોની સેવાઓ

*“આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે.”*
*(માથ્થી ૫:૩)*

નવો કરાર એવી ચીજો તરફ ધ્યાન આપે છે જે આપણા માપદંડ અનુસાર ધ્યાન આપવાને યોગ્ય નથી. “આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે...” શાબ્દિક રીતે તેનો અર્થ એ થાય કે, “કંગાળોને ધન્ય છે.” કંગાળ બિલકુલ મામૂલી હોય છે. આજકાલના ઉપદેશોમાં વ્યક્તિની ઈચ્છાના સામર્થ્ય અથવા તેના ચારિત્રની સુંદરતા તરફ ઈશારો કરે છે - એવી બાબતો જે સરળતાથી દેખાઈ આવે છે. જે વાતોને આપણે વારંવાર સાંભળીએ છીએ કે, “ઈસુ ખ્રિસ્તને માટે નિર્ણય કરો.” એવી વાત પર ભાર મૂકે છે જેની પર આપણા પ્રભુએ ક્યારેય ભરોસો નહોતો કર્યો. તે આપણને ક્યારેય એમ નથી કહેતા કે આપણે તેમના માટે નિર્ણય કરીએ, પરંતુ તે એમ કહે છે કે આપણે તેમને સમર્પિત થઈ જઈએ, જે એક અલગ જ વાત છે. ઈસુ ખ્રિસ્તના રાજ્યના પાયામાં જેઓ બિલકુલ મામુલી છે તેવા લોકોની આ ખરી સુંદરતા છે. મારી ગરીબીમાં હું સાચે જ ધન્ય છું. જો મારી ઈચ્છામાં કોઈ સામર્થ્ય નથી અને મારા સ્વભાવમાં કોઈ યોગ્યતા કે સારાપણું નથી, ત્યારે ઈસુ મને કહે છે, “ધન્ય છે તમને, કેમ કે તમારી ગરીબી દ્વારા તમે મારા રાજ્યમાં પ્રવેશી શકો છો.” હું મારા સારાપણા દ્વારા તેમના રાજ્યમાં પ્રવેશ નથી કરી શકતો - હું ફક્ત બિલકુલ કંગાલ થઈને જ તેના રાજ્યમાં પ્રવેશ કરી શકું છું.

જે સુંદરતા પરમેશ્વર અંગે જણાવે છે, તે સુંદરતાનું સાચું લક્ષણ એ હોય છે કે જે વ્યક્તિમાં તે ગુણ જોવા મળે છે તેને પોતાને તેની સમજણ નથી હોતી અથવા તે પોતે તે અંગે અજાણ છે. સભાનતાપૂર્વકનો પ્રભાવ તે સ્વાભિમાની હોય છે અને તે ખ્રિસ્તી કહેવાવાને યોગ્ય નથી. જો હું તે જાણવાને માટે ઉત્સુક હોઉં છું કે હું પરમેશ્વરના કોઈ ઉપયોગમાં આવીશ, કે કેમ, તો હું તરત જ પરમેશ્વરના સ્પર્શની સુંદરતા અને તાજગી ગુમાવી દઉં છું. “...જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે, તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે”(યોહાન ૭:૩૮). અને જો હું બહાર વહેનાર બાબત તરફ ધ્યાન આપું છું, તો હું પ્રભુનો સ્પર્શ ખોઈ દઉં છું.

એ ક્યા પ્રકારના લોકો છે જેમણે આપણને સૌથી વધુ પ્રભાવિત કર્યા છે? ચોક્કસપણે કહેવાય કે, તે એવા લોકો નથી જેઓ વિચારતા હતા કે તેમણે આપણને પ્રભાવિત કર્યા, પરંતુ એવા લોકો જેમને આ અંગે જરા પણ ખ્યાલ નહોતો કે તેઓ આપણને પ્રભાવિત કરી રહ્યા છે. ખ્રિસ્તી જીવનમાં, ઈશ્વરીય પ્રભાવ કદી પોતાને વિશે સભાન નથી હોતો. જો આપણને પોતાના પ્રભાવની સભાનતા હોય છે, તો તેની એ સાચી સુંદરતા નષ્ટ થઈ જાય છે જે ઈસુના સ્પર્શની વિશેષતા હોય છે. આપણને હંમેશા એ ખબર હોય છે કે ઈસુ ક્યારે કાર્યરત હોય છે કારણ કે તેઓ આપણામાં તે મામૂલી બાબત ઉત્પન્ન કરે છે જે પ્રેરણાદાયી હોય છે.

## હું...ખરેખર; પણ...તે

*"...હું પાણી તમારુ બાપ્તિસ્મા કરુ છું ખરો પણ...તે*
*તમારું બાપ્તિસ્મા પવિત્ર આત્માએ તથા અગ્નિએ કરશે."*
*(માથ્થી ૩:૧૧)*

શું હું મારા જીવનમાં ક્યારેય એ સ્થાને પહોંચ્યો છું જ્યાં હું એવું કહી શકું કે, "હું...ખરેખર પણ...તે...?" જ્યાં સુધી તે ઘડી નથી આવતી ત્યાં સુધી હું કદી એ સમજી શકીશ નહિ કે પવિત્રા આત્માના બાપ્તિસ્માનો અર્થ શું છે. હું ખરેખર અંત સુધી પહોંચી ગયો છું, અને હું તેથી વિશેષ કશું કરી શકતો નથી - પણ તે ત્યાંથી જ શરૂઆત કરે છે - તે એ બાબતો કરે છે જે બીજો કોઈ ક્યારેય ના કરી શકે. શું હું તેમના આગમન માટે તૈયાર છું? ઈસુ ત્યાં સુધી મારામાં નથી આવતા, અને ત્યાં સુધી મારી અંદર તેમનું કાર્ય શરૂ નથી કરતાં, જ્યાં સુધી કોઈ અવરોધ હાજર હોય, પછી ચાહે તે કોઈ સારી બાબત હોય કે ખરાબ બાબત હોય. જ્યારે તે મારી પાસે આવે છે ત્યારે શું હું તૈયાર છું કે મેં જે કંઈ પણ કર્યું હોય તે દરેક બાબતને તેઓ બહાર ખેંચીને પ્રકાશમાં લઈ આવે? તેઓ એવી સ્થિતિમાં જ આવે છે. જ્યાં કંઈ હું જાણું છું કે હું અશુદ્ધ છું, ત્યાં જ તેઓ પોતાના પગ મૂકે છે, અને ઊભા રહે છે, અને જ્યાં કંઈ હું શુદ્ધ છું એમ હું માનું છું ત્યાંથી તેઓ પોતાના પગ હઠાવી લે છે અને ચાલ્યા જાય છે.

પસ્તાવો પાપનો અનુભવ નથી કરાવતો - તે અવર્ણનીય અયોગ્યતાનો અનુભવ કરાવે છે. જ્યારે હું પસ્તાવો કરું છું ત્યારે મને અનુભવ થાય છે કે હું બિલકુલ અસહાય છું, અને હું ખૂબ સારી રીતે જાણું છું કે હું તેમના ચંપલ ઉઠાવવાને પણ યોગ્ય નથી. શું મેં આ રીતે પસ્તાવો કર્યો છે, કે મારામાં મારા કાર્યોની સફાઈની રજૂઆત કરવાનો વિચાર બાકી છે? પરમેશ્વર મારા જીવનમાં નથી આવી શકતા તેનું કારણ એ છે કે હું હજુ સુધી સંપૂર્ણ પસ્તાવાની સ્થિતિમાં નથી પહોંચ્યો.

"...તે તમારું બાપ્તિસ્મા પવિત્રા આત્માએ તથા અગ્નિએ કરશે." અહીં યોહાન, પવિત્ર આત્માના બાપ્તિસ્મા અંગે તેને એક અનુભવના રૂપમાં વાત નથી કરતો, પરંતુ ઈસુ ખ્રિસ્ત દ્વારા કરવામાં આવેલ કાર્યના રૂપમાં વાત કરે છે. "તે તમારું બાપ્તિસ્મા...કરશે." જે લોકો પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કરે છે, તેમને જે એક માત્ર અનુભવની સભાનતા હોય છે, તે તો તેઓ સંપૂર્ણ રીતે અયોગ્ય છે તેની સભાનતાનો અનુભવ.

"હું ખરેખર" ભૂતકાળમાં આવો હતો, "પણ તે" આવ્યા અને એક આશ્ચર્યજનક બાબત થઈ. એ સ્થાન પર પહોંચી જાવ જ્યાં તમે પોતે બીજું કશું જ કરી શકતા નથી, પરંતુ જ્યાં તે સઘળું કરે છે.

## પ્રાર્થના - ''ગુપ્તસ્થાન'' માં યુદ્ધ

*''જ્યારે તું પ્રાર્થના કરે, ત્યારે તારી ઓરડીમાં પેસ, ને તારું બારણું બંધ કરીને ગુપ્તમાંના તારા બાપની પ્રાર્થના કર, ને ગુપ્તમાં જોનાર તારો બાપ તને બદલો આપશે.''*
*(માથ્થી ૬:૬)*

ઈસુએ એવું નથી કહ્યું કે, ''ગુપ્તમાં તારા પિતાના સ્વપ્ન જો.'' પરંતુ તેમણે કહ્યું, ''...ગુપ્તમાના તારા પિતાની પ્રાર્થના કર...'' પ્રાર્થના ઈચ્છાનો પ્રયત્ન છે. આપણા ગુપ્તસ્થાનમાં પ્રવેશ્યા પછી અને બારણું બંધ કર્યા પછી જે સૌથી અઘરું કાર્ય કરવાનું છે તે તો પ્રાર્થના છે. આપણે આપણા મનને કાર્યની યોગ્ય સ્થિતિમાં નથી લાવી શકતા, અને જે વાત સામે આપણે સૌથી પહેલું યુદ્ધ કરવાનું છે, તે તો આપણા ભટકતા વિચારો છે, અંગત પ્રાર્થનામાં જે મહાન યુદ્ધ હોય છે તે તો આપણા આળસુ અને ભટકતા વિચારોના પ્રશ્ન પર વિજય મેળવવાનું છે આપણે આપણા મનને શિસ્તમાં લાવવાનું અને સમજી-વિચારીને ઈચ્છાથી કરવામાં આવેલી પ્રાર્થના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શીખવાનું છે.

પ્રાર્થના માટે આપણી પાસે વિશેષ પસંદ કરેલું સ્થાન હોવું જોઈએ, પરંતુ જેવા આપણે ત્યાં જઈએ છીએ, વિચારો ભટકવાની પરેશાની આપણને ઘેરી લે છે, અને આપણે વિચારવા લાગીએ છીએ કે, ''હજુ આ કામ કરવાનું બાકી છે, અને મારે તેને આજે પૂરૂ કરવું પડશે.'' ઈસુ કહે છે, ''બારણું બંધ કર'' પરમેશ્વરની આગળ એક ગુપ્ત શાંતિ રાખવાનો અર્થ છે જાણીજોઈને પોતાની લાગણીઓના મોં પર બારણું વાસી દેવાનું, અને પરમેશ્વરને યાદ કરવા પરમેશ્વર ગુપ્તમાં છે, અને તે આપણને ''ગુપ્ત સ્થાન'' માં જુએ છે - જેમ બીજા લોકો આપણને જુએ છે અથવા જેમ આપણે પોતાને જોઈએ છીએ તેમ તે આપણને જોતા નથી. જ્યારે આપણે ખરેખર ''ગુપ્ત સ્થાન'' માં વસીએ છીએ, ત્યારે પરમેશ્વર પર શંકા કરવાનું અશક્ય બની જાય છે. આપણે કોઈ વ્યક્તિ કે વસ્તુ કરતાં તેના વિશે વધુ ચોક્કસ બનીએ છીએ. ''ગુપ્ત સ્થાન'' માં પ્રવેશ કરો, અને તમે જોશો કે પરમેશ્વર તમારી દરેક દિવસની પરિસ્થિતિઓની મધ્યમાં દરેક સમયે હાજર હતા. દરેક બાબત માટે પરમેશ્વરનો સંપર્ક કરવાની આદત રાખો. જો તમે સંપૂર્ણ રીતે તમારા જીવનના દ્વારને ખોલશો નહિ અને તમારા જાગવાની પહેલી ક્ષણથી પરમેશ્વરને અંદર નહિ આવવા દો, તો તમે આખો દિવસ ખોટા સ્તર પર કાર્ય કરતા રહેશો. પરંતુ જો તમે પોતાના જીવનના દ્વારને સંપૂર્ણ રીતે ખોલી દેશો અને ''તમારા પિતા જે ગુપ્તમાં છે તેની પ્રાર્થના કરશો,'' તો તમારા જીવનની તમામ જાહેર બાબતો પર પરમેશ્વરની હાજરીની અનંત છાપ લાગી જશે.

## આત્મિક શોધ

*''તમારામાં એવું ક્યું માણસ છે કે, જો તેનો દિકરો તેની પાસે રોટલી માંગે, તો તે તેને પથ્થર આપશે?''*
*(માથ્થી ૭:૯)*

આપણા પ્રભુએ પ્રાર્થનાનું જે ઉદાહરણ દર્શાવ્યું છે, તે એક સારા બાળકનું છે જે એક સારી ચીજ માંગી રહ્યો છે. આપણે પ્રાર્થનાના વિષયમાં એવી વાત કરીએ છીએ કે જાણે આપણો પરમેશ્વર સાથેનો સંબંધ ગમે તે કેમ ના હોય પણ તે આપણું સાંભળે છે (માથ્થી ૫:૪૫). કદી એવું ના કહેશો કે આ પરમેશ્વરની ઈચ્છા નથી કે તમે જે માંગો છો તે બાબત તે તમને આપે. નિર્બળ ન થશો અને હાર ના માનશો, પરંતુ તપાસ કરો કે તમને કેમ પ્રાપ્ત થયું નથી; તમારી તપાસ કરવાની તીવ્રતાને વધારો અને સાબિતીઓને તપાસો. શું તમારા જીવનસાથી સાથેના, તમારા બાળકો સાથેના, તમારા સાથી વિદ્યાર્થી મિત્રો સાથેના સંબંધો સારા છે? એ બધા સંબંધોમાં શું તમે ''સારા બાળક'' છો? શું તમારે પ્રભુને એવું કહેવું પડે છે કે, ''હું ચિડાયેલો અને દુ:ખી તો થયો છું, છતાં પણ હું આત્મિક આશીર્વાદો ઈચ્છું છું?'' જ્યાં સુધી તમારી મનોવૃત્તિ એક ''સારા બાળક'' ની મનોવૃત્તિ જેવી નહિ હોય ત્યાં સુધી તમે પ્રાપ્ત કરી શકતા નથી અને તે પ્રાપ્ત કર્યા વગર રહેવું પડશે.

આપણે વિદ્રોહને ભક્તિ સમજવાની ભૂલ કરી બેસીએ છીએ, અને પોતાની જાતને પરમેશ્વરને સમર્પિત કરવાને બદલે તેમની સાથે દલીલ કરીએ છીએ. આપણે ક્યાં ખોટા છે તે સ્પષ્ટ રીતે દર્શાવતા પૂરાવાઓની સામે જોવાનો આપણે નકાર કરીએ છીએ. બીજાની પાસેથી લીધેલા નાણાંનું દેવું ચુકવવાનો નકાર કરું છું અને શું હું પરમેશ્વરની પાસેથી નાણાં માંગુ છું? જે વ્યક્તિ મારી છે તે વ્યક્તિને સ્વતંત્રતા આપવાનો ઈનકાર કરું છું અને શું હું પરમેશ્વરની પાસેથી મારા માટે સ્વતંત્રતા માગું છું? શું તમે કોઈ વ્યક્તિને માફ કરવાનો નકાર કરીને, તે વ્યક્તિ સાથે નિર્દયતાથી વ્યવહાર કર્યો છે? શું હું મારા સંબંધીઓ અને મિત્રોની સાથે પરમેશ્વરના બાળક તરીકે રહ્યો છું?(જુઓ માથ્થી ૭:૧૨).

હું ફક્ત નવો જન્મ લેવા દ્વારા જ પરમેશ્વરનો બાળક છું, અને તેનો બાળક હોવાને કારણે હું ફક્ત ત્યારે જ સારો છું જ્યારે હું ''પ્રકાશમાં ચાલું છું'' (૧ યોહાન ૧:૭). આપણામાંના મોટાભાગના લોકો માટે, પ્રાર્થના ફક્ત કોઈ ક્ષુલ્લક ધાર્મિક અભિવ્યક્તિ છે, અથવા પરમેશ્વરની સાથે કોઈ રહસ્યમય અને લાગણીશીલ સંગતિની બાબત બની જાય છે. આપણે બધા જ આપણી આંખોને આંધળી બનાવી નાખનાર આત્મિક ધુમ્મસ ઉત્પન્ન કરવામાં ખૂબ કુશળ છીએ. પરંતુ જો આપણે પૂરાવાઓની શોધ કરીને ધ્યાનથી તપાસીશું, તો આપણે ખૂબ સ્પષ્ટ રીતે જોઈ શકીશું કે શું ખોટું થઈ રહ્યું છે - શું કોઈ અયોગ્ય મિત્રતા, કોઈ દેવું જે ચૂકવવાનું બાકી છે, કે કોઈ અયોગ્ય વર્તન અને વલણ, જો આપણે પરમેશ્વરના બાળક તરીકે જીવન જીવતા નથી તો પ્રાર્થના કરવાનો કોઈ ફાયદો નથી. તો પછી ઈસુ તેમના બાળકો માટે કહે છે, ''જે હરેક માગે છે તે પામે છે...'' (માથ્થી ૭:૮).

## બલિદાન અને મિત્રતા

*"મેં તમને મિત્ર કહ્યા છે"*
*(યોહાન ૧૫:૧૫)*

જ્યાં સુધી આપણે આપણા જીવનની નાનામાં નાની બાબતોમાં સમર્પણ નથી કરતા ત્યાં સુધી આપણે આત્મબલિદાનના આનંદને જાણી શકતા નથી. છતાં પણ આત્મ-સમર્પણ આપણા માટે સૌથી મુશ્કેલ કામ હોય છે. આપણે એમ કહીને શરત જોડી દઈએ છીએ કે, "હું સમર્પણ કરી દઈશ, જો...!" અથવા આપણે એમ કહીએ છીએ કે, "મને એમ લાગે છે કે મારે મારું જીવન પરમેશ્વરને સમર્પણ કરવું જોઈએ." આપણને આ બંનેમાંથી કોઈ પણ રીતથી આત્મસમર્પણનો આનંદ નહિ મળે.

પરંતુ, જેવા આપણે સંપૂર્ણ રીતે સમર્પણ કરી દઈએ છીએ, પવિત્ર આત્મા આપણને તેમના આનંદનો અનુભવ કરાવે છે. આત્મ-બલિદાનનું અંતિમ લક્ષ એ છે કે આપણે આપણા મિત્રને માટે પોતાનો પ્રાણ આપી દઈએ (જુઓ ૧૫:૧૩-૧૪). જ્યારે પવિત્ર આત્મા આપણા જીવનોમાં આવે છે ત્યારે આપણી સૌથી મહાન ઈચ્છા ઈસુને માટે આપણા પ્રાણ આપી દેવાની હોય છે. છતાં, આપણા મનમાં આત્મ-બલિદાનનો વિચાર કદી નથી આવતો, કારણ કે બલિદાન પવિત્ર આત્માના પ્રેમની પરમ અભિવ્યક્તિ છે.

આપણા પ્રભુ આપણા માટે આત્મ-બલિદાનના જીવનનું ઉદાહરણ છે, અને તેમણે ગી. શા. ૪૦:૮ ને સંપૂર્ણ આદર્શ બનીને દર્શાવ્યું છે, "હે મારા દેવ, તારી ઈચ્છા પ્રમાણે કરવાને હું રાજી છું..." તેમણે ઊભરાતા આનંદ સાથે ભયંકર વ્યક્તિગત બલિદાન સહન કર્યું. શું મેં ક્યારેય પોતાની જાતને ખ્રિસ્તની સંપૂર્ણ આધીનતામાં સમર્પિત કર્યો છે? જેની સામે હું માર્ગદર્શનને માટે જોઊં છું તે વ્યક્તિ જો ઈસુ ખ્રિસ્ત નથી, તો મારા બલિદાનનો કોઈ જ ફાયદો નથી. પરંતુ જો મારું બલિદાન તેમની પર આંખો કેન્દ્રીત કરીને કરવામાં આવે છે તો, ધીરે-ધીરે પરંતુ નિશ્ચિતતાની સાથે તેમનો ઘાટ આપનાર પ્રભાવ મારા જીવનમાં જોવા મળે છે.(જુઓ હિબ્રૂ ૧૨ :૧-૨).

પરમેશ્વર આગળની તમારી પ્રેમની ચાલને તમારી સ્વાભાવિક ઈચ્છાઓને અવરોધ કરવા દેશો નહિ. સ્વાભાવિક ઈચ્છાઓ પર રચવામાં આવેલા પ્રેમના પરિણામનો નકાર કરવો એ સ્વાભાવિક પ્રેમને નષ્ટ કરવાની નિર્દય રીત છે, પરંતુ એક સંતની સાચી અભિલાષા પ્રભુ ઈસુ હોય છે. પરમેશ્વર માટે પ્રેમ એ કોઈ લાગણીની બાબત નથી - એક સંત માટે જેમ પરમેશ્વરે પ્રેમ કર્યો તેવો પ્રેમ કરવો તે એક બહુ જ વ્યવહારિક વાત હોય છે.

"મેં તમને મિત્ર કહ્યા છે..." ઈસુ સાથેની આપણી મિત્રતા તે તેમણે આપણામાં જે નવું જીવન ઉત્પન્ન કર્યું છે તેના પર આધારીત છે, જેની આપણા જૂના જીવનની સાથે કોઈ જ સમાનતા કે આકર્ષણ નથી પરંતુ પરમેશ્વરના જીવન સાથે સમાનતા છે. આ એવું જીવન છે જે સંપૂર્ણપણે નમ્ર, શુદ્ધ, અને પરમેશ્વર પ્રત્યે ભક્તિપૂર્ણ હોય છે.

## શું તમે ક્યારેય પરેશાન થયા છો?

*“હું તમને શાંતિ આપીને જાઊં છું, મારી શાંતિ હું તમને આપું છું...”*
*(યોહાન ૧૪:૨૭)*

આપણા જીવનોમાં એવા સમયો આવે છે જ્યારે આપણી શાંતિ ફક્ત આપણા પોતાના અજ્ઞાન પર આધારિત હોય છે. પરંતુ જ્યારે આપણે જીવનની વાસ્તવિકતાઓ પ્રત્યે જાગૃત થઈએ છીએ, ત્યારે જ્યાં સુધી ઈસુ તરફથી સાચી આંતરિક શાંતિ નથી મળતી ત્યાં સુધી તે અસંભવ હોય છે. જ્યારે આપણા પ્રભુ શાંતિનું ઉચ્ચારણ કરે છે ત્યારે તે શાંતિનું સર્જન કરે છે, કેમ કે જે વચનો તે આપણને કહે છે, “તે આત્મા તથા જીવન છે”(યોહાન ૬:૬૩). ઈસુ જે બોલે છે તે મને ક્યારેય પ્રાપ્ત થયું છે? “...મારી શાંતિ હું તમને આપું છું...” એવી શાંતિ જે તેમના ચહેરામાં જોવાથી અને તેમના શાંત સંતોષને સંપૂર્ણ રીતે સમજવાથી અને પ્રાપ્ત કરવાથી આવે છે.

શું તમે હમણાં, આ સમયે સખત પરેશાન છો? જે મોજાંઓ અને તોફાનને પરમેશ્વર સર્વોપરિપણામાં તમારા જીવનમાં આવવા દે છે, તેનાથી શું તમે ગભરાયેલા અને ગૂંચવણમાં છો? શું તમારા વિશ્વાસનો દરેક સંભવિત ઉપાય કર્યા પછી પણ શું તમને શાંતિ, આનંદ, કે દિલાસાનો કોઈ જ કૂવો પ્રાપ્ત થયો નથી? શું તમને તમારું જીવન બિલકુલ વેરાન કે ઉજ્જડ લાગે છે? તો ઉપર તરફ જુઓ અને પ્રભુ ઈસુના શાંત સંતોષને ગ્રહણ કરો. તેમની શાંતિને પ્રતિબિંબીત કરવું તે એ વાતની સાબિતી છે કે પરમેશ્વરની સાથે તમારો સંબંધ સીધો અને યોગ્ય છે, કેમ કે તમે પોતાના મનને તેમની તરફ ફેરવવાની સ્વતંત્રતા પ્રદર્શિત કરી રહ્યા છો. જો પરમેશ્વરની સાથે તમારો સંબંધ યોગ્ય નથી, તો તમે પોતાના મનને પોતાના સિવાય બીજી કોઈ બાબત પર લગાવી શકતા નથી, તમારી આગળથી ઈસુ ખ્રિસ્તના મોંને છુપાવવા માટે કોઈ પણ બાબતને મંજૂરી આપવી, તેથી કાં તો તમે પરેશાન થઈ જશો અથવા તમને સુરક્ષાનો જૂઠો અનુભવ થાય છે.

જે સમસ્યા તમને આ સમયે સતાવી રહી છે, તે બાબતમાં શું તમે “ઈસુની તરફ લક્ષ રાખો” છો (હિબ્રૂઓને પત્ર ૧૨:૨) અને તેમની પાસેથી શાંતિ પ્રાપ્ત કરી રહ્યા છો? જો એમ છે, તો પરમેશ્વર તમારામાં અને તમારા દ્વારા પ્રદર્શિત શાંતિનો કૃપાળુ આશીર્વાદ છે. પરંતુ, જો તમે ફક્ત ચિંતા કરીને પોતાની સમસ્યામાંથી નીકળવાની કોશિશ કરો છો, તો તમે તમારી અંદરના પરમેશ્વરના પ્રભાવને નષ્ટ કરી દો છો, અને તમને તે જ મળે છે જેને માટે તમે યોગ્ય છો. આપણે પરેશાન થઈ જઈએ છીએ કેમ કે આપણે પરમેશ્વરને ધ્યાનમાં નથી રાખતા. જ્યારે વ્યક્તિ ઈસુ ખ્રિસ્ત સાથે મસલત કરે છે ત્યારે ગૂંચવણ દૂર થાય છે કેમ કે ખ્રિસ્તમાં કોઈ જ ગૂંચવણ નથી. તેમની આગળ બધું મૂકી દો, અને જ્યારે મુશ્કેલીઓ, શોક અને દુઃખ તમારી સામે આવે છે. ત્યારે ખ્રિસ્તને એમ કહેતા સાંભળો કે, “તમારા હૃદયોને વ્યાકુળ થવા ન દો...”(યોહાન ૧૪:૨૭).

ઑગસ્ટ ૨૭

## તમારી ઈશ્વરવિદ્યાને જીવવી

*"...જ્યાં સુધી તમારી પાસે પ્રકાશ છે, ત્યાં સુધી ચાલો,*
*રખેને તમારા પર અંધકાર આવી પડે..."*
*(યોહાન ૧૨:૩૫)*

તમે પરમેશ્વર સાથે પહાડના શિખર પર રહ્યા તે સમયે જે જુઓ છો, તેની પર કાર્યવાહી ન કરવાથી સાવધાન રહો. જો તમે પ્રકાશની આજ્ઞા નહિ માનો, તો તે અંધકારમાં બદલાઈ જશે. "માટે તારામાં જે અજવાળું છે, તે જો અંધકારરૂપ હોય, તો તે અંધકાર કેટલો મોટો!" (માથ્થી ૬:૨૩). જે ક્ષણે તમે પવિત્રીકરણની બાબતનો ત્યાગ કરો છો કે એવી કોઈ બાબતની અવગણના કરો છો જે પર પરમેશ્વરે તમને પોતાનો પ્રકાશ આપ્યો છે, તે જ ક્ષણે તમારું આત્મિક જીવન તમારી અંદર વિઘટન થવા લાગે છે. સત્યને સતત તમારા વાસ્તવિક જીવનમાં બહાર લાવતા રહો, અને દરેક ક્ષેત્રમાં તેની પર કાર્ય કરતા રહો, નહિં તો તમારી પાસે જેટલો પણ પ્રકાશ છે તે એક શાપ બની જશે.

જે વ્યક્તિ સાથે કાર્ય કરવું ખૂબ મુશ્કેલ છે, તે એવી વ્યક્તિ છે જેની પાસે તેના ભૂતકાળના અનુભવનો ઘમંડી આત્મસંતોષ છે, પરંતુ તે પોતાના દરરોજના જીવનમાં તે અનુભવ પર કાર્ય નથી કરતો. તો તમે એમ કહો છો કે તમે પવિત્ર કરવામાં આવ્યા છો, તો તેને દેખાડી આપો. તે અનુભવ એટલો સાચો હોવો જોઈએ કે તમારા જીવનમાં દેખાઈ આવે. એવી દરેક વિચારધારાથી સાવધાન રહો કે જે તમને અસંયમી અથવા આત્મસંતુષ્ટ બનાવે છે; તે વિચારધારા ચાહે કેટલી પણ સુંદર કેમ ના દેખાય પણ તે નરકના ખાડામાંથી આવી છે.

તમારી ઈશ્વરવિદ્યાએ કાર્ય કરવું જોઈએ અને તમારા સૌથી સામાન્ય દૈનિક સંબંધોમાં પણ પ્રદર્શિત થવું જોઈએ. આપણા પ્રભુએ કહ્યું કે, "...શાસ્ત્રીઓના તથા ફરોશીઓના ન્યાયીપણા કરતાં જો તમારું ન્યાયીપણું વધારે ન હોય, તો આકાશના રાજ્યમાં તમે નહિ જ પેસશો."(માથ્થી ૫:૨૦). બીજા શબ્દોમાં તમે જે સૌથી વધુ નૈતિક માણસને ઓળખો છો તેના કરતાં તમે વધુ નૈતિક હોવા જોઈએ. તમે પવિત્રીકરણના સિદ્ધાંત અંગે બધું જ જાણતા હશો, પરંતુ શું તમે તેને પોતાના જીવનની દૈનિત બાબતોમાં લાગુ કરી રહ્યા છો? તમારા જીવનની નાનામાં નાની બાબતો ચાહે તે શારીરિક હોય, નૈતિક કે આત્મિક હોય, પરંતુ તેનો નિર્ણય તે ખ્રિસ્તના વધસ્તંભના પ્રાયશ્ચિતના ધોરણ પ્રમાણે થવો જોઈએ.

## પ્રાર્થનાનો ઉદ્દેશ

*"...તેમના શિષ્યોમાંના એકે તેમને કહ્યું કે, પ્રભુ...પ્રાર્થના કરતા... તમે પણ અમને શીખવો."*
*(લૂક ૧૧:૧)*

પ્રાર્થના એક સાધારણ મનુષ્યના જીવનનું સામાન્ય અંગ નથી. આપણે લોકોને એમ કહેતા સાંભળીએ છીએ કે, જો વ્યક્તિ પ્રાર્થના નહિ કરે, તો તેના જીવનને નુકશાન થશે, પરંતુ હું એવું નથી માનતો. મારા મતે જે બાબતનું નુકશાન થશે, તે તો તે વ્યક્તિમાં પરમેશ્વરના પુત્રના જીવનનું નુકશાન થશે, જેનું પોષણ ભોજનથી નહિ, પરંતુ પ્રાર્થનાથી થાય છે. જ્યારે વ્યક્તિ ઉપરથી નવો જન્મ પામે છે, ત્યારે પરમેશ્વરના પુત્રનું જીવન તેનામાં જન્મ લે છે, અને તે વ્યક્તિ તે જીવનને ભૂખે મારી શકે છે કે તેનું પોષણ કરી શકે છે. પ્રાર્થના જ એક માત્ર રીત છે, જેના દ્વારા આપણી અંદર પરમેશ્વરના જીવનનું પોષણ કરી શકાય છે. પ્રાર્થના માટે એમ સમજીએ છીએ કે તે ફક્ત એક સાધન છે જે દ્વારા આપણે આપણા માટે કોઈ વસ્તુ પ્રાપ્ત કરી શકીએ છીએ, પરંતુ બાઈબલ અનુસાર પ્રાર્થનાનો ઉદ્દેશ એ છે કે આપણે પરમેશ્વરને જાણી શકીએ.

"...માગો, ને તમને મળશે"(યોહાન ૧૬:૨૪). આપણે પરમેશ્વરની આગળ ફરિયાદ કરીએ છીએ, અને ક્યારેક આપણે આપણો ખેદ વ્યક્ત કરીએ છીએ કે તેમના પ્રત્યે ઉદાસીનતા દર્શાવીએ છીએ, પરંતુ જ્યારે માંગવાનો પ્રશ્ન આવે છે, ત્યારે આપણે તેમની પાસેથી થોડુંક જ માંગીએ છીએ. છતાં એક બાળક માંગવા અંગે કેટલું જબરદસ્ત સાહસ પ્રદર્શિત કરે છે! આપણા પ્રભુએ કહ્યું કે, "...જો તમે...બાળકોના જેવા નહિ થાઓ, તો..."(માથ્થી ૧૮:૩). માંગો અને પરમેશ્વર પૂરૂ કરશે. ઈસુ ખ્રિસ્તને કામ કરવાનો અવસર અને મોકળાશ આપો. સમસ્યા એ છે કે કોઈ વ્યક્તિ આવું ત્યાં સુધી નથી કરતું જ્યાં સુધી તેની પોતાની બુદ્ધિ કામ કરવાનું બંધ ના કરી દે. જ્યારે વ્યક્તિની બુદ્ધિ કામ કરવાનું બંધ કરી દે છે, ત્યારે પ્રાર્થના કરવી કાયરતા નથી લાગતી, પરંતુ પરમેશ્વરના સત્ય અને તેની વાસ્તવિકતા સાથે સંપર્ક કરવા માટે તેની પાસે આ એક જ માર્ગ બાકી રહે છે, પરમેશ્વર સામે કોઈ ઢોંગ ના કરશો, અને પોતાની સમસ્યાઓને તેની આગળ મૂકો - અર્થાત્ એ બાબતોને જે તમને આ સ્થિતિમાં લાવી છે કે જેથી તમારું મગજ તમને સાથ નથી આપતું. પરંતુ જ્યાં સુધી તમે એમ સમજો છો કે તમે આત્મ-નિર્ભર છો, ત્યાં સુધી તમારે પરમેશ્વર પાસેથી કશું માંગવાની જરૂર નથી.

"પ્રાર્થના પરિસ્થિતિ બદલે છે" એ કહેવું એટલું યોગ્ય નથી, પણ એમ કહેવું કે, "પ્રાર્થના મને બદલે છે અને હું સ્થિતિને બદલું છું" તે સત્યની નજીક છે. પરમેશ્વરે પરિસ્થિતિઓને એવી સ્થાપિત કરી છે કે જેથી, ઉદ્ધારના આધાર પર, પ્રાર્થના એક વ્યક્તિની પરિસ્થિતિને જોવાની દ્રષ્ટિને બદલી નાંખે છે. પ્રાર્થના બહારથી સ્થિતિને બદલવાની બાબત નથી, પરંતુ એક વ્યક્તિના આંતરિક સ્વભાવમાં આશ્ચર્યકર્મ કરવાની બાબત છે.

## પરખાયેલા વિશ્વાસની અદ્વિતીય ઘનિષ્ઠતા

*“ઈસુ તેને કહે છે કે, ‘જો તું વિશ્વાસ કરશે, તો તું પરમેશ્વરનો મહિમા જોશે, એવું મેં તમને નથી કહ્યું’ ?”*
*(યોહાન ૧૧:૪૦)*

જ્યારે પણ તમે તમારા વિશ્વાસના જીવનમાં જોખમ ઉઠાવનાર કામ કરશો, ત્યારે તમે તમારી પરિસ્થિતઓમાં કંઈક એવું જોશો, જે વ્યવહારિક બુદ્ધિના દ્રષ્ટિકોણથી, તમારા વિશ્વાસનું સ્પષ્ટ ખંડન કરશે. પરંતુ વ્યવહારિક બુદ્ધિ તે વિશ્વાસ નથી અને વિશ્વાસ એ વ્યવહારિક બુદ્ધિ નથી. હકીકતમાં એ બંને એક બીજાથી એટલા ભિન્ન છે જેટલા શારીરિક જીવન અને આત્મિક જીવન જુદા છે. જ્યાં જે બાબતમાં તમારી સામાન્ય બુદ્ધિ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરી શકતી નથી ત્યાં તે બાબતમાં શું તમે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરી શકો છો? શું તમે ઈસુ ખ્રિસ્તે કહેલી વાત પર સાહસ સાથે જોખમ ઉઠાવવા માટે તૈયાર થઈ શકો છો, જ્યારે તમારી વ્યવહારુ બુદ્ધિના જીવનની વાસ્તવિકતા સતત બૂમ પાડતી હોય કે, “આ બધુ જૂઠ છે” જ્યારે તમે પહાડ પર હો છો, ત્યારે એમ કહેવું ખૂબ સરળ છે કે, “હાં, મને પૂરો વિશ્વાસ છે કે પરમેશ્વર આ કરી શકે છે,” પરંતુ તમારે પહાડ પરથી નીચે અશુદ્ધ આત્માથી બંધનવાળી ખીણમાં આવવું પડે છે અને તે વાસ્તવિકતાઓનો સામનો કરવો પડે છે જે તમારા રૂપાંતરના પહાડ પરના વિશ્વાસની હાંસી ઉડાવે છે(જુઓ લૂક ૯:૨૮-૪૨). દરેક વખતે જ્યારે મારી ઈશ્વરવિદ્યા મારા પોતાના મનમાં સ્પષ્ટ થઈ જાય છે, ત્યારે હું એવી બાબતનો સામનો કરું છું જે તેનું ખંડન કરતી હોય. “હું વિશ્વાસ કરું છું કે, ‘પરમેશ્વર મારી સર્વ ગરજ પૂરી પાડશે’ ” હું એવું કહું છું કે તરત જ મારા વિશ્વાસની કસોટી શરૂ થાય છે(ફિલિપ્પી ૪:૧૯). જ્યારે મારી બધી શક્તિ ઘટી જાય અને મારી દ્રષ્ટિ ઝાંખી થઈ જાય કે આશા નષ્ટ પામે ત્યારે શું હું મારા વિશ્વાસની પરીક્ષામાં વિજયી થઈશ કે હારીને પાછો હટી જઈશ?

વિશ્વાસની પરીક્ષા થવી જરૂરી છે, કારણ કે સંઘર્ષ દ્વારા જ તે એક વ્યક્તિગત સંપત્તિ બની શકે છે. આ સમયે કઈ બાબત તમારા વિશ્વાસને પડકારે છે? તમારા વિશ્વાસની કસોટી કાં તો એવું સાબિત કરશે કે તમારો વિશ્વાસ યોગ્ય છે અથવા તો તેને નષ્ટ કરી નાંખશે. ઈસુએ કહ્યું કે, “જે કોઈ મારા સંબંધી ઠોકર નહિ ખાય તેને ધન્ય છે”(માથ્થી ૧૧:૬). સૌથી મહત્વપૂર્ણ બાબત છે ઈસુ પર ભરોસો. “જો આપણે આરંભમાં રાખેલો ભરોસો અંત સુધી દ્રઢ રાખીએ, તો આપણે ખ્રિસ્તના ભાગીદાર થયા છીએ”(હિબ્રૂઓને પત્ર ૩:૧૪). તેમની પર અડગ ભરોસો રાખો અને દરેક બાબતો જેનો તમારે સામનો કરવો પડે છે, તે તમારા વિશ્વાસને વધુ મજબૂત બનાવશે. શારીરિક મરણ સુધી, વિશ્વાસના જીવનમાં સતત કસોટી થતી રહે છે, અને આખરી મોટી કસોટી મરણ છે. વિશ્વાસ પરમેશ્વર પર સંપૂર્ણ ભરોસો છે, જે મનમાં એવો વિચાર નથી આવવા દઈ શકતો કે પરમેશ્વર આપણને છોડી દઈ શકે છે(જુઓ, હિબ્રૂઓને પત્ર ૧૩:૫-૬).

ઑગસ્ટ ૩૦

## ઉપયોગિતા કે સંબંધ?

*“આત્માઓ તમારે તાબે થયા, તેને લીધે હરખાઓ મા;*
*પણ તમારાં નામ આકાશમાં લખેલાં છે, તેને લીધે હરખાઓ.”*
*(લૂક ૧૦:૨૦)*

અહીં ઈસુ ખ્રિસ્ત એવું કહે છે કે, “મારા માટે કરેલી તમારી સફળ સેવામાં આનંદિત ન થાવ, પરંતુ એ માટે આનંદિત થાવ કે મારી સાથે તમારો સંબંધ યોગ્ય છે.” ખ્રિસ્તી જીવનમાં તમે સફળ સેવામાં આનંદિક થવાના ફાંદામાં ફસાઈ શકો છો, પરંતુ એમ નહિ તમે એ વાતમાં આનંદિત થાવ કે પરમેશ્વરે તમારો ઉપયોગ કર્યો. તમે એ વાતનો અંદાજ પણ નથી લગાવી શકતા કે જો ઈસુ ખ્રિસ્તની સાથે તમારો સંબંધ યોગ્ય છે, તો પરમેશ્વર તમારા દ્વારા શું કરશે? જો તમે તેમની સાથે તમારો સંબંધ સીધો રાખશો, તો પછી તમે ગમે તેવી પરિસ્થિતિમાં હો, અને તમે દરરોજ જે પણ લોકોના સંપર્કમાં આવો, પરમેશ્વર તમારા દ્વારા “જીવતા પાણીની નદીઓ” વહેવડાવશે(યોહાન ૭:૩૮). અને આ તેની કૃપા છે કે તે તમને તેની સમજ પણ પડવા દેતા નથી. જ્યારે તારણ અને પવિત્રીકરણ દ્વારા તમે પરમેશ્વર સાથે સીધા સંબંધમાં આવો છો, તો યાદ રાખો કે, તમે ચાહે જ્યાં પણ હો, ત્યાં પરમેશ્વર દ્વારા મૂકવામાં આવ્યા છો, “જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ”(૧ યોહાન ૧:૭). તો તમારી પરિસ્થિતિઓ પ્રત્યેની તમારી પ્રતિક્રિયાઓનો ઉપયોગ પરમેશ્વરના તેમના ઉદ્દેશને પૂર્ણ કરવા કરે છે.

આજે આપણી વૃત્તિ અને વલણ એવું છે કે આપણે સેવા પર ભાર દઈએ છીએ. એવા લોકોથી સાવધ રહો જેઓ કોઈની ઉપયોગિતાના આધાર પર કોઈની સહાયને માટે વિનંતી કરે છે, જો તમે ઉપયોગિતને કસોટી બનાવો છો, તો ઈસુ ખ્રિસ્ત આ જગતમાં જીવ ગયેલા લોકોમાં સૌથી વધુ નિષ્ફળ વ્યક્તિ હતા. સંત માટે કે પવિત્ર વ્યક્તિ માટે નિર્દેશ અને માર્ગદર્શન સ્વયં પરમેશ્વર તરફથી આવે છે, સંતની ઉપયોગિતાના માપ પરથી નહિ. આપણે જે કામ કરીએ છીએ તેનું મહત્વ નથી હોતું, પંરતુ પરમેશ્વર આપણા દ્વારા જે કામ કરે છે તેનું મહત્વ હોય છે, આપણો પ્રભુ કોઈ વ્યક્તિના જીવનમાં જે વાત પર ધ્યાન આપે છે, તે એ છે કે પરમેશ્વરની સાથે તે વ્યક્તિનો સંબંધ; આ એવી વાત છે જે પ્રભુ માટે બહુ જ મૂલ્યવાન છે. ઈસુ “ઘણા દિકરાઓને ગૌરવમાં લાવે...”(હિબ્રૂઓને પત્ર ૨:૧૦).

## મારો આનંદ...તમારો આનંદ

*"તમારામાં મારો આનંદ રહે, અને તમારો આનંદ સંપૂર્ણ થાય,*
*એ માટે મેં તમને એ વચનો કહ્યાં છે"*
*(યોહાન ૧૫:૧૧)*

ઈસુની પાસે ક્યો આનંદ હતો? આનંદ અને પ્રસન્નતા તે બંને એક જ બાબત નથી. હકીકતમાં પ્રસન્નતા શબ્દને ઈસુ ખ્રિસ્તની સાથે જોડીને વાપરવો તે તેમનું અપમાન છે. ઈસુનો આનંદ પોતાના પિતા પ્રત્યેનું તેમનું સંપૂર્ણ આત્મ-સમર્પણ અને સ્વ-બલિદાન હતો- એ કાર્યને કરવાનો આનંદ જેને માટે પિતાએ તેમને મોકલ્યા હતા. "...જેણે પોતાની આગળ મૂકેલા આનંદને લીધે...મરણસ્તંભનું દુઃખ સહન કર્યું..."(હિબ્રૂઓને પત્ર ૧૨:૨). "હે મારા પરમેશ્વર, તારી ઈચ્છા પ્રમાણે કરવાને રાજી છું"(ગી. શા. ૪૦:૮). ઈસુએ પ્રાર્થના કરી કે જ્યાં સુધી આપણો આનંદ તેમના આનંદ જેવો ના બની જાય ત્યાં સુધી આપણો આનંદ પૂરો થતો રહે. શું મેં ઈસુ ખ્રિસ્તને તેમનો આનંદ મારી અંદર લાવવાની મંજૂરી આપી છે?

એક સંપૂર્ણ અને ઊભરાતું જીવન જીવવું તેનો આધાર શારીરિક તંદુરસ્તીમાં, પરિસ્થિતિઓમાં કે પરમેશ્વરના કાર્યને સફળ થતું જોવામાં નથી, પરંતુ પરમેશ્વર અંગેની સંપૂર્ણ સમજમાં, અને તે જ સંગત અને એકતામાં જોવા મળે છે જેનો સ્વયં ખુદ ઈસુએ આનંદ માણ્યો. પરંતુ આ આનંદમાં અવરોધ નાખનાર પ્રથમ બાબત તો એ તરકટી ચિડિયાપણું છે જે આપણી પરિસ્થિતિઓ પર વધુ પડતું ધ્યાન આપવાથી ઉત્પન્ન થાય છે. ઈસુએ કહ્યું, "દુન્યવી ચિંતાઓ...સંદેશાને કચડી નાખે છે, અને તે નિષ્ફળ જાય છે."(માર્ક ૪:૧૯). આપણને સમજણ પડે કે શું થઈ રહ્યું છે તેની પહેલા તો આપણે આપણી ચિંતાઓમાં ફસાઈ જઈએ છીએ. પરમેશ્વરે આપણે માટે જે કંઈ સર્વ કર્યું છે, તે તો ફક્ત આરંભ જ છે - તેઓ ઈચ્છે છે કે આપણે એ સ્થિતિ પર પહોંચીએ જ્યાં આપણે તેમના સાક્ષીઓ બનીએ અને સર્વને જણાવીએ કે ઈસુ કોણ છે.

પરમેશ્વર સાથે યોગ્ય સંબંધ રાખો, અને તમારો આનંદ ત્યાં જ પ્રાપ્ત કરો, અને તમારી અંદરથી, "જીવતા પાણીની નદીઓ વહેશે"(યોહાન ૭:૩૮). એક એવું ઝરણું બનો જેના દ્વારા ઈસુ પોતાનું "જીવનનું પાણી" વહાવી શકે. ઢોંગી અને ઘમંડી થવાનું બંધ કરો, ફક્ત પોતાના પ્રત્યે જાગૃત રહો અને "તમારું જીવન ખ્રિસ્તની સાથે પરમેશ્વરમાં ગુપ્ત રાખવામાં આવ્યું છે" તે જીવો(કલોસી૩:૩). જે વ્યક્તિનો પરમેશ્વર સાથેનો સંબંધ સીધો હોય છે, તે જ્યાં પણ જાય છે, એવું જીવન જીવે છે જે શ્વાસ લેવાના જેવું સ્વાભાવિક હોય છે. જે લોકોના જીવનથી તમને સૌથી વધુ આશીર્વાદ મળ્યો છે, તે એવા લોકો છે જેમને પોતાને એ ખબર નથી કે તેઓ એક આશીર્વાદરૂપ બન્યા છે.

સપ્ટેમ્બર ૧

## પવિત્ર થવા માટે નિર્માણ કરાયેલા

*"લખેલું છે કે, હું પવિત્ર છું, માટે તમે પવિત્ર થાઓ"*
*(૧ પિતર ૧:૧૬)*

આપણે આપણી જાતને સતત આપણા જીવનનાં ઉદ્દેશ અંગે યાદ દેવડાવતા રહેવું જોઈએ. આપણે પ્રસન્નતા માટે નહિ કે સ્વાસ્થ્ય માટે નહિ પરંતુ પવિત્રતાને માટે નિર્માણ કરાયેલા છીએ. આજકાલ આપણી પાસે ખૂબ અભિલાષાઓ અને રૂચિઓ છે, અને તેઓ આપણા જીવનને ખાઈ જાય છે અને બરબાદ કરી રહી છે તેમાંથી ઘણી બધી અભિલાષાઓ અને રૂચિઓ યોગ્ય, ઉમદા અને સારી હોઈ શકે છે અને શક્ય છે કે આગળ જતાં તે પૂરી થઈ જાય, પરંતુ ત્યાં સુધી પરમેશ્વરે આપણા માટે તેના મહત્વને ઘટાડવું પડશે. જે એકમાત્ર બાબત મહત્વની છે તે તો એ કે શું વ્યક્તિ તે પરમેશ્વરને ગ્રહણ કરશે જે તેમને પવિત્ર બનાવશે. વ્યક્તિએ કોઈ પણ કિંમતે પરમેશ્વર સાથે યોગ્ય સંબંધ બનાવી રાખવો જરૂરી છે.

શું હું માનું છું કે મારે પવિત્ર થવાની જરૂર છે? જો તમે, તમારા ઉપદેશ દ્વારા મને એ ખાતરી કરાવો છો કે હું અપવિત્ર છું, તો મને તમારા ઉપદેશથી માઠું લાગશે. સુવાર્તાનો ઉપદેશ એક તીવ્ર રોષ ઉત્પન્ન કરે છે, કેમ કે તેનો ઉદ્દેશ એ છે કે મારી અપવિત્રતાને પ્રગટ કરે, પરંતુ તે મારી અંદર તીવ્ર ઉત્કટ ઈચ્છા ઉત્પન્ન કરે છે. મનુષ્ય માટે પરમેશ્વરનો એક જ પૂર્વનિર્ધારિત ઉદ્દેશ છે - પવિત્રતા. તેમનું લક્ષ ફક્ત સંતો પેદા કરવાનું છે, પરમેશ્વર કોઈ અનંત - આશીર્વાદ આપવાનું મશીન નથી જેનો લોકો ઉપયોગ કરે, અને ન તો તે આપણી પર દયા ખાઈને બચાવવા આવ્યા હતા - તે લોકોને એ માટે બચાવવા આવ્યા કેમ કે તેમણે લોકોને પવિત્ર થવા માટે રચ્યા હતા. ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા પ્રાયશ્ચિતનો અર્થ એ થાય છે કે ઈસુ ખ્રિસ્તના મૃત્યુ દ્વારા, પરમેશ્વર મને પોતાની સાથે સંપૂર્ણ એકતામાં એ રીતે પાછા લાવે છે કે આપણી વચ્ચે કોઈ પણ બાબતની નિશાનીઓ ના રહે.

પોતાને માટે કે બીજાઓ માટેની સહાનુભૂતિને કારણે કોઈ પણ એવા વ્યવહારને સહન ન કરો જે પવિત્ર પરમેશ્વરને માટે અનુકૂળ ના હોય. પવિત્રતાનો અર્થ એ થાય છે કે પરમેશ્વરની આગળ તમારી ચાલની સંપૂર્ણ શુદ્ધતા અર્થાત્ જે શબ્દ તમારા મુખમાંથી નીકળે છે, અને તમારા મનમાં આવતા તમામ વિચાર અને તમારા જીવનની નાનામાં નાની બાબતોને પરમેશ્વરની ઝીણવટભરી તપાસ હેઠળ મૂકવી. પવિત્રતા કેવળ એ નથી જે પરમેશ્વર મને આપે છે, પરંતુ પવિત્રતા એ છે જે પરમેશ્વરે મને આપી દીધું છે, જે મારા જીવનમાં પ્રદર્શિત થઈ રહ્યું છે.

## શુદ્ધ અને પવિત્ર બલિદાનનું જીવન

*"જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે તેના પેટમાંથી...વહેશે"*
*(યોહાન ૭:૩૮)*

ઈસુએ એવું નથી કહ્યું કે, "જે મારા પર વિશ્વાસ કરશે, તેને પરમેશ્વરના બધા આશીર્વાદો અને ભરપૂરીપણું મળશે," પરંતુ એવું કંઈક કહ્યું કે, "જે મારા પર વિશ્વાસ કરશે, તે જે કંઈ પ્રાપ્ત કરશે, તે તેનામાંથી બહાર નીકળી જશે." આપણા પ્રભુનું શિક્ષણ હંમેશા સ્વ-અનુભૂતિની વિરુદ્ધ હતું. પરમેશ્વરનો ઉદ્દેશ એક વ્યક્તિના વિકાસનો નથી - તેમનો ઉદ્દેશ એ છે કે વ્યક્તિને બિલકુલ પોતાના સમાન બનાવે અને પરમેશ્વરના પુત્રની વિશેષતાઓ પોતાની જાતને ખર્ચી નાંખવામાં જોવા મળે છે. જો આપણે ઈસુ પર વિશ્વાસ કરીએ છીએ, તો આપણે જે પ્રાપ્ત કરીએ છીએ તે મહત્વપૂર્ણ નથી હોતું, પરંતુ પરમેશ્વર આપણી અંદરથી વહેવડાવે છે તે મહત્વનું હોય છે. પરમેશ્વરનો ઉદ્દેશ એ નથી કે તે આપણને સુંદર અને મોટી દ્રાક્ષ બનાવે, પરંતુ એ છે કે તે આપણને એવી દ્રાક્ષા બનાવે કે જેથી તે આપણી અંદરથી મિઠાશને નીચોવીને કાઢી શકે છે. આપણા આત્મિક જીવનને, જેમ દુનિયા સફળતાથી મૂલવે છે તેમ મૂલવી શકાતું નથી, પરંતુ પરમેશ્વર આપણામાંથી જે વહાવે છે તે દ્વારા મૂલવાય છે - અને તે બાબતને મૂલવી શકાતી નથી.

જ્યારે બેથાનિયાની મરિયમે, "...અતિ મૂલ્યવાન અત્તરની...ડબ્બી ભાંગીને તેણે ઈસુના માથા પર તે રેડ્યું..." લોકોને આ કામ માટે આ યોગ્ય અવસર નહોતો લાગ્યો; "...પરંતુ કેટલાએક પોતાના મનમાં નારાજ થઈને કહેવા લાગ્યા કે, 'અત્તરનો આવી રીતે બગાડ શા માટે કર્યો?'"(માર્ક ૧૪:૩-૪) પરંતુ ઈસુએ મરિયમની આ મૂલ્યવાન ભક્તિની પ્રશંસા કરી અને કહ્યું, "...આખા જગતમાં, જ્યાં કહીં સુવાર્તા પ્રગટ કરાશે, ત્યાં આ સ્ત્રીએ જે કર્યું છે, તે એની યાદગીરીમાં પ્રગટ કરવામાં આવશે."(માર્ક ૧૪:૯). જ્યારે આપણો પ્રભુ, મરિયમે જેવું કાર્ય કર્યું તેવું કાર્ય કરતા આપણને જુએ છે - અર્થાત્ કોઈ ઠરાવેલા નિયમોના બંધનમાં નહિ, પરંતુ સંપૂર્ણ રીતે પરમેશ્વરને સમર્પિત થઈને કરેલ કાર્ય, તો તેમના આનંદનો પાર રહેતો નથી. પરમેશ્વરે પોતાના પુત્રના જીવનને વહેવડાવી દીધું કે, "તેનાથી જગતનું તારણ થાય"(યોહાન ૩:૧૭). શું આપણે તેમના માટે આપણું જીવન વહેવડાવી દેવા માટે તૈયાર છીએ?

"જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે, તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે" - અને સેંકડો જીવનોને સતત તાજગી મળતી રહેશે. આપણા સંતોષની શોધ કરવાનું બંધ કરવા અને પરમેશ્વરની આગળ આપણા જીવનને વહેવડાવી દેવા માટે હાલ જ તે સમય છે કે આપણે આપણા જીવનની "ડબ્બી" ને ભાંગી નાંખીએ. આપણો પ્રભુ પૂછી રહ્યો છે કે આપણામાંથી કોણ તેમના માટે આવું કરવાને તૈયાર છે?

## સંતોષના પાણીને રેડવું

*“તેણે તે ન પીતાં યહોવા આગળ તે રેડી દીધું”*
*(૨ શમુએલ ૨૩:૧૬)*

હાલમાં કઈ બાબત તમારા માટે “બેથલેહેમના કુવાનું પાણી” બની છે - પ્રેમ, મિત્રતા કે કદાચ કોઈ આત્મિક આશીર્વાદ(૨૩:૧૬)? શું તમે પોતાના પ્રાણને નુકશાન પહોંચાડવાનું જોખમ ઉઠાવીને પણ તેને લીધું છે, ફક્ત પોતાના સંતોષ માટે જ? જો હા, તો પછી તમે જે ચીજની અભિલાષા કરો છો તેને પરમેશ્વરને માટે અલગ નથી કરી શકતા. જો તમે પરમેશ્વરના આશીર્વાદથી પોતાની જાતને સંતોષ પમાડવાની કોશિશ કરશો, તો તે તમને ભ્રષ્ટ કરી દેશે. તમારે તેને પરમેશ્વર આગળ રેડીને તેનું બલિદાન કરવું પડશે - આ એક એવું કામ છે જેને તમારી વ્યવહારિક બુદ્ધિ નકામો ખર્ચ ગણશે.

હું કુદરતી પ્રેમ અને આત્મિક આશીર્વાદો “યહોવા આગળ” કેવી રીતે રેડી શકું? એમ કરવાની એક જ રીત છે - મારે મારા મનમાં એવું કરવાનો દૃઢ સંકલ્પ કરવો પડશે. લોકો દ્વારા કરવામાં આવતા કેટલાક કામ એવા હોય છે જેને એવી વ્યક્તિ જે પરમેશ્વરને નથી જાણતી, કદી ગ્રહણ નથી કરી શકતા કેમ કે મનુષ્ય માટે એ કામનો બદલો ચુકવવો અસંભવ છે. જેવું મને સમજણ પડે છે કે કોઈ બાબત એટલી અદ્ભૂત છે કે હું તેને ગ્રહણ કરવાને યોગ્ય નથી, તો મારે તેને “યહોવા આગળ ” રેડી દેવી જોઈએ. ત્યારબાદ આ બાબતો જે મને મળી હતી, તે મારી ચારે બાજુ “જીવતા પાણીની નદીઓ” બનીને વહેશે (યોહાન ૭:૩૮). અને જ્યાં સુધી હું આ ચીજોને પરમેશ્વર આગળ નથી રેડતો, તે જેમને હું પ્રેમ કરું છું તેઓને માટે, અને મારા પોતાના માટે પણ એક જોખમ બની જશે, કેમ કે તે લાલસામાં બદલાઈ જશે. હા, આ સાચું છે કે આપણે, જે બાબતો હલકટ અને અધમ નથી હોતી તેમની પણ લાલસા કરી શકીએ છીએ. પ્રેમને પણ “યહોવા આગળ” રેડીને રૂપાંતરિત કરવાની જરૂર છે.

જો તમારા મનમાં કડવાશ કે ખટાશ આવી ગઈ છે તો તેનું કારણ એ છે કે જ્યારે પરમેશ્વરે તમને કોઈ આશીર્વાદ આપ્યો તેને તમે સંગ્રહવૃત્તિથી ભરી રાખ્યો છે. જો તમે તેને પરમેશ્વર આગળ રેડી દીધો હોત તો તમે જગતના સૌથી મીઠા વ્યક્તિ બની ગયા હોત. જો તમે તમારા આશીર્વાદોને હંમેશા પોતાની પાસે રાખી લો છો, અને કોઈ પણ ચીજને “યહોવા આગળ” રેડવાનું કદી નથી શીખતા, તો બીજા લોકોનું પરમેશ્વર વિષેનું દર્શન તમારા દ્વારા કદી વિસ્તૃત નહિ થાય.

## તેના!

*"તેઓ તારાં હતાં, ને તેં તેઓને મને આપ્યાં છે..."*
*(યોહાન ૧૭:૬)*

એક મિશનેરી એ વ્યક્તિ છે જેની અંદર પવિત્ર આત્માએ એવી સમજણ ઉત્પન્ન કરી છે કે, "તમે પોતાના નથી"(૧ કરિંથી ૬:૧૯). એવું કહેવું કે, "હું મારો પોતાનો નથી" તે આત્મિક કદમાં ખૂબ ઊંચાઈ પર પહોંચવા બરાબર છે. દૈનિક જીવનની ગૂંચવણમાં તે જીવનના વાસ્તવિક સ્વભાવની સાબિતી એ બાબતથી મળે છે કે તે ઈરાદાપૂર્વક એક સંકલ્પ દ્વારા પોતાની જાતને એક અન્ય વ્યક્તિને સોંપી દે છે, અને તે વ્યક્તિ તો ઈસુ ખ્રિસ્ત છે. પવિત્ર આત્મા મને ઈસુના સ્વભાવ વિશે સમજાવે છે જેથી મને મારા પ્રભુની સાથે એક બનાવી દે, પણ તે એ માટે નહિ કે હું તેમના માટે સજાવટની એક વસ્તુ બની જાઉં. આપણા પ્રભુએ પોતાના શિષ્યોને માટે જે કંઈ કર્યું હતું, તેના આધાર પર તેમને કદી નથી મોકલ્યા. પુનરૂત્થાન પછી જ, જ્યારે શિષ્યોએ પવિત્ર આત્માના સામર્થ્ય દ્વારા જાણ્યું કે ઈસુ વાસ્તવમાં કોણ છે, ત્યારે ઈસુએ કહ્યું કે, "જાઓ"(માથ્થી ૨૮:૧૯, વળી લૂક ૨૪:૪૯ અને પ્રે. કૃ. ૧:૮ પણ જુઓ).

"જો કોઈ મારી પાસે આવે, અને પોતાના બાપનો, માનો, પત્નીનો, છોકરાંનો, ભાઈઓનો થતા બહેનોનો, હા પોતાના જીવનો પણ દ્વેષ ન કરે, તો તે મારો શિષ્ય થઈ શકતો નથી"(લૂક ૧૪:૨૬). તેમણે એમ નથી કહ્યું કે તે વ્યક્તિ સારો અને ન્યાયી નથી થઈ શકતો, પરંતુ તે એવી વ્યક્તિ નથી થઈ શકતી જેની પર ઈસુ "મારો" લખી શકે. આ કલમમાં ઈસુએ જે સંબંધોનો ઉલ્લેખ કર્યો છે, તે તમામ પરમેશ્વરની સાથે આપણા સંબંધની સ્પર્ધા કરી શકે છે. હું મારી માતાનો કે મારી પત્નીનો કે મારો પોતાનો બનવાનું વધુ પસંદ કરી શકું છું પરંતુ જો એવું થાય છે, તો ઈસુ કહે છે કે, "તમે મારા શિષ્ય બની શકતા નથી." એનો અર્થ એ નથી કે મારુ તારણ નહિ થાય, પરંતુ એ કે હું સંપૂર્ણ રીતે "તેમનો" નથી થઈ શકતો.

આપણો પ્રભુ પોતાના શિષ્યોને પોતાની અંગત સંપત્તિ બનાવી લે છે અને તેમના માટે જવાબદાર બની જાય છે. "...તમે મારા સાક્ષી થશો"(પ્રે.કૃ. ૧:૮). એક શિષ્યના મનમાં જે અભિલાષા જાગૃત થાય છે, તે ઈસુ માટે કશું કરવાની નહિ, પરંતુ તેના માટે એક સંપૂર્ણ આનંદ બનવાની અભિલાષા હોય છે. એક મિશનેરીનું રહસ્ય આ હોય છે કે તે સાચે જ કહી શકે છે કે, "હું તેનો છું, અને તે મારા દ્વારા પોતાનું કાર્ય અને પોતાના ઉદ્દેશો પૂરા કરી રહ્યા છે."

સંપૂર્ણ રીતે તેમના રહો!

# ઈસુની સાથે જાગતા રહેવું

*"તમે અહીં રહીને મારી સાથે જાગતા રહો"*
*(માથ્થી ૨૬:૩૮)*

"મારી સાથે જાગતા રહો." એક રીતે ઈસુ એમ કહી રહ્યા હતા કે, "પોતાના કોઈ અંગત દ્રષ્ટિકોણથી નહિ, પરંતુ ફક્ત અને સંપૂર્ણ રીતે મારી સાથે જાગતા રહો." આપણા ખ્રિસ્તી જીવનને શરૂઆતના તબક્કામાં આપણે ઈસુની સાથે જાગતા નહોતા, પરંતુ ઉત્સુકતાથી તેમની પ્રતીક્ષા કરતા હતા. આપણે બાઈબલમાં પ્રગટ થયેલા સત્યો દ્વારા આપણા જીવનની પરિસ્થિતિઓમાં પણ તેમની સાથે જાગતા રહેતા નથી. આપણો પ્રભુ આપણને આપણા પોતાના વિશેષ "ગેથસેમાને" અનુભવમાંથી લઈ જઈને આપણને પોતાની સાથે એક થવાનો પરિચય આપવાનું ઈચ્છી રહ્યા છે. પરંતુ, આપણે એમ કહીને જવાનો ઈન્કાર કરીએ છીએ કે, "ના, પ્રભુ આનો અર્થ મારી સમજમાં નથી આવતો, અને તે ઉપરાંત, આ ખૂબ દર્દનાક પણ છે." અને આપણે એવી વ્યક્તિ સાથે કેવી રીતે જાગતા રહી શકીએ જે આપણી સમજની બહાર છે? જ્યારે આપણે એ જ નથી જાણતા કે ઈસુ કેમ દુ:ખ સહન કરી રહ્યા છે, તો આપણે તેમને આટલી સારી રીતે કેવી રીતે સમજી શકીએ કે તેમના ગેથસેમાનેમાં તેમની સાથે જાગતા રહીએ? આપણે નથી જાણતા કે આપણે તેમની સાથે કેવી રીતે જાગતા રહેવાનું છે - આપણે તો ફક્ત એ જ વિચારની આદત ધરાવીએ છીએ કે ઈસુ આપણી સાથે જાગતા રહે છે.

શિષ્યો પોતાની પ્રાકૃતિક ક્ષમતાની સીમા સુધી ઈસુ ખ્રિસ્તને પ્રેમ કરતા હતા, પરંતુ તેઓ ઈસુના ઉદ્દેશને સંપૂર્ણ રીતે સમજતા નહોતા. ગેથસેમાને વાડીમાં તેઓ પોતાના દુ:ખના પરિણામે ઊંઘી ગયા, અને પોતાના જીવનના ત્રણ વર્ષના સૌથી ઘનિષ્ઠ અને અંગત ગાઢ સંબંધના અંતે તેઓ "બધા...તેમને મૂકીને નાસી ગયા"(માથ્થી ૨૬:૫૬).

"તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા..."(પ્રે. કૃ. ૨:૪). "તેઓ" શબ્દ એ જ લોકોની વાત કરી રહ્યો છે, પરંતુ આ બંને ઘટનાઓની વચ્ચે કંઈક થયું છે - આપણા પ્રભુનું મૃત્યુ, તેમનું પુનરૂત્થાન અને તેમનું સ્વર્ગારોહણ - અને હવે શિષ્યો "પવિત્ર આત્માથી ભરપૂર થયા" છે અને પવિત્ર આત્મા તેમનામાં વસ્યો છે. આપણા પ્રભુએ કહ્યું હતું, "જ્યારે પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો..."(પ્રે.કૃ. ૧:૮), અને તેનો અર્થ એ હતો કે તેઓ પોતાના બાકીના જીવનને માટે તેમની સાથે જાગતા રહેવાનું શીખી જશે.

સપ્ટેમ્બર ૬

## દૂર સુધી પહોંચનારી જીવનની નદીઓ

*“જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે.”*
*(યોહાન ૭:૩૮)*

નદીઓ એવી જગ્યાઓ સુધી પહોંચે છે જેમના વિશે તેમના સ્રોતને કદી ખબર નથી હોતી. અને ઈસુએ કહ્યું કે, જો આપણને તેમનું ભરપૂરીપણું પ્રાપ્ત થયું છે તો આપણી અંદરથી “જીવતા પાણીની નદીઓ” વહેવા લાગશે, જે પોતાના આશીર્વાદો સાથે “પૃથ્વીના છેડા સુધી” પહોંચશે(પ્રે. કૃ. ૧:૮), પછી ભલેને આપણા જીવનની દૃશ્યમાન અસરો કેટલીયે નાની કેમ ના દેખાતી હોય. વહીને બહાર નીકળનાર બાબતો સાથે આપણને કંઈ સેવા લેવા નથી - “...તેના પર તમે વિશ્વાસ કરો, એ જ પરમેશ્વરનું કામ છે.”(યોહાન ૬:૨૯). બીજાઓ માટે એક વ્યક્તિ કેટલો મહાન આશીર્વાદ છે તે જોવાની તક પરમેશ્વર તે વ્યક્તિને ભાગ્યે જ આપે છે.

એક નદી સતત વિજયી બનતી, દરેક રૂકાવટો પર જય પામીને આગળ વધતી રહે છે. કેટલાક સમય સુધી તે પોતાના નિર્ધારિત માર્ગ પર આગળ વધે છે, પરંતુ પછી તેના માર્ગમાં કોઈ વિઘ્ન આવે છે, કેટલાક સમય માટે તેનો માર્ગ અવરોધાઈ જાય છે, છતાં જલ્દીથી તે વિઘ્નની બાજુ પર થઈને એક નવો માર્ગ બનાવી લે છે. અથવા તો એક નદી કેટલાય માઈલો સુધી આંખો આગળથી અદ્રશ્ય થઈ જાય છે, પરંતુ જ્યારે તે ફરીથી બહાર આવે છે ત્યારે તે પહેલાના કરતાં કંઈ વધારે પહોળી અને મોટી હોય છે. શું તમે પરમેશ્વરને બીજાઓનો ઉપયોગ કરતા જુઓ છો, પરંતુ તમારા પોતાના જીવનમાં કોઈ અવરોધ આવી ગયો છે એમ લાગે છે કે તમે પરમેશ્વરને માટે નિરૂપયોગી છો? જો એમ છે, તો સ્રોત તરફ ધ્યાન આપતા રહો, અને પરમેશ્વર તમને અવરોધની કે વિઘ્નની બાજુમાંથી લઈ જશે અથવા તો વિઘ્નોને જ દૂર કરી દેશે. પરમેશ્વરના આત્માની નદી દરેક અવરોધો પર વિજયી થાય છે. તમારી આંખોને કદીયે અવરોધ કે મુશ્કેલી પર કેન્દ્રિત કરશો નહિ. જો તમે તમારા ધ્યાનને ફક્ત મહાન સ્રોત પર લગાવી રાખશો, તો તમારી અંદરથી વહેનારી નદીને કોઈ પણ અવરોધ પ્રભાવિત કરી શકતો નથી. કદી કોઈ ચીજને તમારી એને ઈસુ ખ્રિસ્તની વચ્ચેના આવવા દેશો - કોઈ લાગણીઓ નહિ કે અનુભવ પણ નહિ - કોઈ પણ બાબત તમને તે મહાન પરમ સ્રોતથી દૂર ના કરવા જોઈએ.

સાજાપણું આપનાર અને દૂર-દૂર સુધી પહોંચનારી એ નદીઓ વિશે જરા વિચારો કે, જે આપણા હૃદયમાં વિકસીત થાય છે અને પોષણ પામે છે! પરમેશ્વર આપણા મનને માટે અદ્‌ભુત સત્ય પ્રગટ કરતા રહ્યા છે, અને દરેક બાબત જે તેમણે શરૂ કરી છે, તે એ નદીના વધુ અધિક ફેલાયેલા સામર્થ્યનો એક વધુ સંકેત છે. જો તમે ઈસુ પર વિશ્વાસ કરો છો, તો તમે જોશો કે પરમેશ્વરે બીજાઓના આશીર્વાદને માટે તમારી અંદર મહાન અને ઝડપથી વહેનાર નદીઓને વિકસીત કરી છે અને પોષિત કરી છે.

સપ્ટેમ્બર ૭

## આશીર્વાદોના ઝરાઓ

*“જે પાણી હું તેને આપીશ તે તેનામાં પાણીનો ઝરો થશે,*
*તે અનંતજીવન સુધી ઝર્યા કરશે”*
*(યોહાન ૪:૧૪)*

આપણા પ્રભુ અહીં જે દ્રશ્યનું વર્ણન કરી રહ્યા છે, તે પાણીના એક સામાન્ય વહેણનું દ્રશ્ય નહિ, પરંતુ એક ઊભરાતા સ્રોતનું છે. “ભરપૂર થવાનું” ચાલુ રાખો (એફેસી ૫:૧૮) અને ઈસુની સાથે તમારા સંબંધની મધુરતા તમારી અંદર એટલી જ ઉદારતાથી વહેશે જેટલી ઉદારતાથી તે તમને આપવામાં આવી છે. જો તમે જુઓ છો કે તમારું જીવન જે રીતે ઉભરાવું જોઈએ તે રીતે નથી ઉભરાતું, તો દોષ તમારો છે - કોઈ એવી બાબત છે જે વહેણને અટકાવે છે. શું ઈસુ એવું કહી રહ્યા હતા કે સ્રોત તરફ ધ્યાન કેન્દ્રિત કરતા રહો જેથી તમે વ્યક્તિગત રીતે આશીર્વાદિત થાઓ? તમારે સ્રોત પર ધ્યાન લગાવતા રહેવાનું છે જેથી તમારી અંદરથી “જીવતા પાણીની નદીઓ વહેવા લાગે” અર્થાત એવું જીવન જેને દબાવી શકાય નહિ કે રોકી શકાય નહિ (યોહાન ૭:૩૮).

આપણે એવા ઝરાઓ બનવાનું છે જેના દ્વારા ઈસુ દરેકને આશીર્વાદ આપતા “જીવતા પાણીની નદીઓ” ના રૂપમાં વહી શકે. છતાં આપણામાંના કેટલાક “મૃત સમુદ્ર” જેવા છીએ, જે હંમેશા પ્રાપ્ત કરતા રહે છે પરંતુ ક્યારેય આપતા નથી, કેમ કે આપણો સંબંધ પ્રભુ ઈસુ સાથે સીધો અને યોગ્ય નથી. જે ખાતરીથી આપણે પરમેશ્વર પાસેથી આશીર્વાદ પ્રાપ્ત કરીએ છીએ, તેટલી જ ખાતરીથી આપણા દ્વારા આશીર્વાદો રેડશે. પરંતુ જ્યારે પણ આ આશીર્વાદો જેટલી માત્રામાં પ્રાપ્ત થાય છે તેટલી માત્રામાં બહાર વહેવડાવવામાં નથી આવતા તો એનો અર્થ એ થાય કે પરમેશ્વર સાથે આપણા સંબંધમાં કંઈક ખોટ છે. શું તમારી અને ઈસુની વચ્ચે કંઈક છે? શું એવી કોઈ બાબત છે જે તેમના પર તમારા વિશ્વાસમાં અવરોધરૂપ બની રહી છે? જો એવું નથી, તો ઈસુ કહે છે કે, તમારી અંદરથી “જીવતા પાણીની નદીઓ વહેવા લાગશે” આ એવી આશિષ નથી જેને તમે કોઈ બીજાને આપો, ન તો આ કોઈ એવો અનુભવ છે જે તમે બીજાઓ સાથે વહેંચો છો, પરંતુ આ એક નદી છે જે સતત તમારામાંથી વહેતી રહે છે. ઈસુ ખ્રિસ્તમાં તમારા વિશ્વાસની અને ઈસુ ખ્રિસ્તની સાથે તમારા સંબંધની રક્ષા કરતા રહીને, સ્રોતની સાથે રહો, અને બીજાઓના જીવનમાં એક લગાતાર પ્રવાહ બની રહેશો જેમાં કોઈ સૂકાપણું કે નિર્જીવતા નહી હોય.

શું એ વધારે પડતું કહેવાય કે એક વ્યક્તિગત વિશ્વાસીની અંદરથી નદીઓ વહી નીકળશે? શું તમે પોતાની જાત સામે જોઈને કહો છો કે, “પરંતુ મારામાંથી તો નદીઓ નથી દેખાતી?” પોતાની જાતને કદી એ દ્રષ્ટિકોણથી ના જોશો કે, “આખરે હું કોણ છું?” પરમેશ્વરના કાર્યોના ઈતિહાસ દ્વારા તમે વિશેષ એ જોશો કે તેમણે હંમેશા એવા લોકોથી શરૂઆત કરી છે જેઓ અજાણ્યા, અવગણના કરાયેલા હોય છે પરંતુ જેઓ ઈસુ ખ્રિસ્ત પ્રત્યે અડગ વિશ્વાસુ રહે છે.

સપ્ટેમ્બર ૮

## પોતાની જાતે કરો

*"...વિતંડાવાદોને તથા પરમેશ્વરના જ્ઞાનની વિરુદ્ધ જે કંઈ માથું ઊંચકે છે તેને તોડી પાડીએ છીએ..."*
*(૨કરિંથી ૧૦:૫)*

દ્રઢનિશ્ચય કરીને કેટલીક બાબતોને તોડી પાડો : પાપથી છુટકારો અને મનુષ્ય સ્વભાવમાં કેટલીક બાબતો હોય છે, જેવી કે પૂર્વધારણાઓ જેમનો નાશ, પવિત્રલોક ફક્ત તેમની અવગણના કરવા દ્વારા જ કરી શકે છે અને કેટલી બાબતો એવી છે જેમને બળપૂર્વક, અર્થાત્ પરમેશ્વરના આત્મા દ્વારા આપવામાં આવેલી શક્તિ દ્વારા નષ્ટ કરવાની જરૂરત હોય છે. કેટલીક બાબતો એવી હોય છે, જેમના માટે આપણે લડવાનું નથી, પરંતુ "ઊભા રહીને યહોવા...જે બચાવ કરશે" તેને જોવાનું છે (નિર્ગમન ૧૪:૧૩). પરંતુ દરેક સિદ્ધાંત કે વિચાર જે "પરમેશ્વરના જ્ઞાનની વિરુદ્ધ" એક ગઢની જેમ અવરોધ બનીને ઊભો રહે છે, તેને મનુષ્યના પ્રયાસ કે સમજૂતી દ્વારા નહિ, પરંતુ પરમેશ્વરની શક્તિનો ઉપયોગ કરીને દ્રઢતાથી તોડી પાડવાની જરૂરત હોય છે(જુઓ ૨ કરિંથી ૧૦:૪).

જ્યારે પરમેશ્વર આપણા સ્વભાવને બદલી કાઢે છે અને આપણે પવિત્રીકરણના અનુભવમાં પ્રવેશ કરી લઈએ છીએ, કેવળ ત્યારે જ યુદ્ધ શરૂ થાય છે. આ યુદ્ધ પાપની વિરદ્ધ નથી હોતું; આપણે પાપની વિરુદ્ધ ક્યારેય લડી શકતા નથી - ઈસુ ખ્રિસ્તે આપણા માટે તેમના ઉદ્ધારનું જે કાર્ય કર્યું તેમાં પાપને જીતી લીધું છે. આપણા શારીરિક જીવનને આત્મિક જીવનમાં બદલવાની બાબત ઉપર આ લડાઈ થાય છે. આ યુદ્ધ કદી આસાન નથી હોતું, અને પરમેશ્વરનો ઈરાદો પણ આ નથી કે તે આસાન હોય. આ બાબત ફક્ત નૈતિક પસંદગીની હારમાળાઓથી પૂરી થઈ શકે છે. પરમેશ્વર આપણને પવિત્ર કરે છે, તેનો અર્થ એ નથી કે તે આપણા ચરિત્રને પવિત્ર કરી દે છે. તે આપણને એ અર્થમાં પવિત્ર કરે છે કે તેમણે તેમની આગળ આપણને નિર્દોષ બનાવી દીધા છે અને પછી આપણે નૈતિક પસંદગી કરવા દ્વારા એ નિર્દોષતાને પવિત્ર ચરિત્ર બનાવવાનું હોય છે. આ પસંદગીઓ સતત આપણા શારીરિક જીવનની એ વાતોનો વિરોધ કરે છે જે આપણી અંદર સુદ્રઢ થઈ ગઈ છે - એ જ વાતો જે કિલ્લાની જેમ "પરમેશ્વરના જ્ઞાનની વિરુદ્ધ" માં ઊભી થાય છે. કાં તો આપણે પોતાની જાતે પરમેશ્વરના રાજ્ય માટે કોઈ કામના રહેતા નથી અને પાછા ફરી શકીએ છીએ, અથવા આપણે દ્રઢનિશ્ચય કરીને તે બાબતોને તોડી પાડી શકીએ છીએ, અને ઈસુને એક વધુ પુત્રને મહિમામાં લઈ આવવાનો અવસર આપી શકીએ છીએ (જુઓ હિબ્રૂઓને પત્ર ૨:૧૦).

## પોતાની જાતે કરો

*“...દરેક વિચારને વશ કરીને ખ્રિસ્તની આધીનતામાં લાવીએ છીએ”*
*(૨ કરિંથી ૧૦:૫)*

દ્રઢનિશ્ચય કરીને અન્ય બાબતોને શિસ્તમાં લાવોઃ આ બાબત પવિત્ર લોકના જીવનના કઠોર પરિશ્રમનુ એક અન્ય કઠણ પાસુ છે. મોફેટના અનુવાદ અનુસાર પાઉલે કહ્યું કે, “હું દરેક યોજનાને ખ્રિસ્તને આધીન થવા માટે કેદ કરું છું...” આજકાલ ખ્રિસ્તી કાર્યના નામથી એટલું બધુ થઈ રહ્યું છે જેને કદી શિસ્તમાં લાવવામાં આવ્યા નથી, તે ફક્ત એકાએક આવેશના નિર્ણયથી અસ્તિત્વમાં આવી ગયા છે! આપણા પ્રભુના જીવનમાં દરેક યોજના તેમના પિતાની ઈચ્છાની શિસ્તમાં હતી. તેમનામાં કદી પણ એવું વલણ નહોતું કે તે પરમેશ્વરની ઈચ્છામાંથી હટીને પોતાની આવેશની ઈચ્છા અનુસાર ચાલે - “દીકરો...પોતે કંઈ કરી નથી શકતો...”(યોહાન ૫:૧૯). તો પછી આની તુલના આપણે જે કરીએ છીએ તેની સાથે કરો - આપણી જાતને ખ્રિસ્તની આજ્ઞા પાલન કરવા માટે કેદ કરીએ છીએ અને શિસ્તમાં લાવીએ તેના બદલે આપણે “દરેક વિચાર” અથવા યોજના જે પ્રેરણા દ્વારા આપણામાં આવે છે તેને લઈને તરત જ કાર્યવાહીમાં કૂદી પડીએ છીએ.

આજકાલ ખ્રિસ્તીઓ માટે વ્યવહારિક કાર્ય પર ખૂબ વધારે ભાર મૂકવામાં આવી રહ્યો છે, અને જે સંતો “દરેક વિચારને કેદ કરીને ખ્રિસ્તની આધીનતામાં” લાવે છે, તેમની ટીકા કરવામાં  આવે છે અને તેમની પર આરોપ લગાવાય છે કે તેઓ દ્રઢનિશ્ચયી નથી અને તેઓમાં પરમેશ્વર પ્રત્યે તથા અન્ય આત્માઓ પ્રત્યે ઉત્સાહ નથી. પરંતુ સાચો દ્રઢનિશ્ચય અને ઉત્સાહ પરમેશ્વરની સેવા કરવા માટેના આપણા પોતાના ગેરશિસ્તના માનવીય સ્વભાવમાંથી ઊઠનાર માનસિક વલણથી નહિ, પરંતુ પરમેશ્વરની આજ્ઞા પાળવામાં જોવા મળે છે. આ વાત અવિશ્વસનીય પરંતુ સાચી છે કે સંતો કે પવિત્ર લોક “દરેક વિચાર કે યોજનાને વશ કરીને ખ્રિસ્તની આધીનતામાં” નથી લાવતા, પરંતુ પરમેશ્વર માટે ફક્ત એ કામ કરે છે જેની ઉશ્કેરણી તેમના પોતાના માનવીય સ્વભાવમાંથી આવી છે, અને તેને દ્રઢનિશ્ચયથી કરવામાં આવેલ શિસ્ત દ્વારા આત્મિક બનાવવામાં નથી આવી.

આપણું વલણ એ ભૂલી જવાનું છે કે વ્યક્તિ ફક્ત ઉદ્ધારને માટે જ ઈસુ ખ્રિસ્ત પ્રત્યે સમર્પિત નથી હોતો, પરંતુ પરમેશ્વર, જગત, પાપ અને શેતાન અંગેના ઈસુ ખ્રિસ્તના દ્રષ્ટિકોણ પ્રત્યે પણ સમર્પિત હોય છે. આનો અર્થ એ કે દરેક વ્યક્તિએ પોતાના “મનથી નવીનતાને યોગે...પૂર્ણ રીતે રૂપાંતર પામવા” ની જવાબદારીને ઓળખવાની જરૂરત છે (રોમનોને પત્ર ૧૨:૨).

# મિશનેરીના હથિયારો

*"તું અંજીરી તળે હતો, ત્યારે મેં તને દીઠો"*
*(યોહાન ૧:૪૮)*

દરરોજના પ્રસંગોમાં આરાધના કરવીઃ આપણે એવું માનીએ છીએ કે જો આપણો સામનો કોઈ મોટા સંકટથી થઈ જાય તો આપણે યુદ્ધને માટે તૈયાર માલુમ પડીશું, પરંતુ સંકટ આપણી અંદર કશી રચના કરે છે એવું નથી પરંતુ તે તો ફક્ત એ બાબતને પ્રગટ કરે છે જેના આપણે બનેલા છીએ. શું તમે પોતાની જાતને એમ કહેતા સાંભળો છો કે, "જો પરમેશ્વર મને યુદ્ધમાં લડવા માટે બોલાવશે, તો હું જરૂર તે સમયનો સામનો કરી લઈશ?" છતાં જો તમે પરમેશ્વરના તાલીમના સ્થાને એ પ્રમાણે નથી કર્યું તો તમે તે સમયનો સામનો કરી શકશો નહિ. જે કાર્ય તમારી સૌથી નજીક છે અને પરમેશ્વર જે તમારા જીવનમાં લાવ્યા છે, તે જો તમે નથી કરતા તો જ્યારે સંકટ આવશે, ત્યારે યુદ્ધને માટે તૈયાર રહેવાને બદલે, તમે અયોગ્ય માલૂમ પડશો. સંકટ હંમેશા માણસના ખરા ચારિત્રને પ્રગટ કરી દે છે.

પરમેશ્વરની આરાધના કરવાનો અંગત સંબંધ તે આત્મિક તંદુરસ્તીનું સૌથી મહાન જરૂરી તત્વ છે. એક એવો સમય આવે છે, જ્યારે નાથાનિયેલે આ કલમોમાં જે અનુભવ કર્યો હતો તેમ, એક અંગત "અંજીરના વૃક્ષ" નું જીવન હવે વધુ સમય માટે સંભવ નહિ રહે. બધું જાહેર થઈ જશે, અને તમે અનુભવશો કે જો તમે પોતાના ઘરમાં દરરોજની ઘટનાઓમાં આરાધના નથી કરતા, તો તમે કશાં કામના નહી રહો. જો પરમેશ્વરની સાથેના તમારા અંગત સંબંધમાં તમારી આરાધના યોગ્ય છે, તો જ્યારે તે તમને સ્વતંત્ર કરશે, ત્યારે તમે તૈયાર માલૂમ પડશો. તમારા વણદેખ્યા જીવનમાં, જેને ફક્ત પરમેશ્વરે જ જોયું છે, તેમાં જ્યારે તમે સંપૂર્ણ રીતે યોગ્ય બની ગયા છો અને જ્યારે સંકટનું તણાવ આવશે, તો પરમેશ્વર તમારી ઉપર ભરોસો કરી શકશે.

શું તમે એમ કહી રહ્યા છો કે, "મારી પાસેથી એવી અપેક્ષા ના રાખવી જોઈએ કે હું મારી વર્તમાન પરિસ્થિતિઓમાં એક પવિત્ર જીવન જીવું; હાલમાં મારી પાસે પ્રાર્થના કે બાઈબલનો અભ્યાસ કરવા માટે સમય નથી; વળી તે ઉપરાંત, મારા માટે યુદ્ધ કરવાનો સમય હજુ સુધી નથી આવ્યો, પરંતુ જ્યારે તે સમય આવશે, ત્યારે હું જરૂર તૈયાર માલુમ પડીશ" ના, તમે તૈયાર માલુમ નહિ પડો. જો તમે દરરોજના પ્રસંગોમાં આરાધના નથી કરતા, તો જ્યારે તમે પરમેશ્વરના કાર્યમાં સામેલ થશો, તો તમે ફક્ત પોતાની જાતે બિનઉપયોગી માલુમ પડશો એટલું જ નહિ, પરંતુ તમારી ચારેબાજુના લોકો માટે પણ અવરોધરૂપ માલુમ પડશો.

પરમેશ્વરનું તાલીમ સ્થળ, જ્યાં મિશનેરી હથિયારો જોવા મળે છે તે તો સંતનું, ગુપ્ત, વ્યક્તિગત, આરાધનાનું જીવન છે.

# મિશનેરી હથિયારો

*“માટે મે પ્રભુએ તથા ગુરુએ જો તમારા પગ ધોયા,*
*તો તમારે પણ એકબીજાના પગ ધોવા જોઈએ.”*
*(યોહાન ૧૩:૧૪)*

**પ્રતિદિન પ્રાપ્ત થતા અવસરોમાં સેવાકાર્ય કરવું:**

પ્રતિદિન આપણી ચારે બાજુ પ્રાપ્ત થતા અવસરોમાં સેવા કરવાનો અર્થ એ નથી કે આપણે પોતે જ આપણું અડોશપડોશ પસંદ કરીએ - એનો અર્થ છે કે પરમેશ્વર દ્વારા નિર્માણ કરાયેલ પરિસ્થિતિઓમાં વપરાવા માટે પરમેશ્વરની ખાસ પસંદગી બનીને ઉપલબ્ધ બનવું, આપણી વર્તમાન પરિસ્થિતિઓમાં આપણે જે ચારિત્ર પ્રદર્શિત કરીએ છીએ, તે એ વાતનો સંકેત આપે છે કે આપણે બીજી પરિસ્થિતિઓમાં કેવા માલૂમ પડીશું.

ઈસુએ જે કામ કર્યું તે પ્રતિદિનના કાર્યોમાં સૌથી તુચ્છ હતું, અને તે આ વાતનો સંકેત આપે છે કે સૌથી મામૂલી કાર્યોને પરમેશ્વરની રીતે કરવા માટે મારામાં પરમેશ્વરના સંપૂર્ણ સામર્થ્યની જરૂર છે. શું હું તેમની જેમ રૂમાલનો ઉપયોગ કરી શકું છું? રૂમાલ, વાસણો, ચપ્પલ અને અન્ય સાધારણ બાબતો તે અન્ય બાબતોથી વધુ જલ્દી એમ દર્શાવે છે કે આપણે શાના બનેલા છે? સૌથી તુચ્છ કાર્યને જે રીતે કરવું જોઈએ, તે રીતે કરવાને માટે સર્વશક્તિમાન પરમેશ્વરે આપણી અંદર રહેવાની જરૂર હોય છે.

ઈસુએ કહ્યું, “જેવું મેં તમને કર્યું, તેવું તમે પણ કરો, એ માટે મેં તમને નમૂનો આપ્યો છે”(યોહાન ૧૩:૧૫). પરમેશ્વર જે લોકોને તમારા સંપર્કમાં લાવે છે તેઓની તરફ ધ્યાનથી જુઓ, અને જ્યારે તમને એ સમજણ પડશે કે આ તે પરમેશ્વરની તમને સત્ય દેખાડવાની રીત છે કે તમે પરમેશ્વર પ્રત્યે કેવા પ્રકારના વ્યક્તિ હતા, ત્યાં તમને ખૂબ જ શરમનો અનુભવ થશે. હવે તે આપણને કહે છે કે આપણે આપણી આસપાસમાં એ પ્રદર્શિત કરવું જોઈએ, જે તેમણે આપણી પર પ્રદર્શિત કર્યું છે.

શું તમે એમ કહો છો કે, “જ્યારે હું મિશન ક્ષેત્રમાં જવા નીકળીશ, ત્યારે આ બધું કરીશ” આ રીતની વાતો કરવી, તે યુદ્ધના મેદાનમાં ખાઈમાં બેસીને હથિયાર બનાવવાની કોશિશ કરવા બરાબર હોય છે - આવું કરવાનો પ્રયત્ન કરતા તમે મરી જશો.

આપણે પરમેશ્વર સાથે “બે ગાઉં” ચાલવાની જરૂરત છે(જુઓ માથ્થી ૫:૪૧). છતાં આપણામાંના કેટલાક તો પ્રથમ દસ પગલાંમાંજ થાકી જઈએ છીએ. પછી આપણે કહીએ છીએ, “સારું ત્યારે હું મારા જીવનના બીજા સંકટની પાસે પહોંચવાની રાહ જોઈશ.” પરંતુ જો આપણે દરરોજના અવસરોમાં સતત સેવા નહિ કરીએ, તો જ્યારે સંકટ આવશે, ત્યારે આપણે કશું જ નહિ કરીએ.

## આત્મિક ગૂંચવાડામાંથી પસાર થવું

*“ઈસુએ તેઓને ઉત્તર દીધો કે, ‘તમે જે માંગો છો તે તમે સમજતાં નથી’ ”*
*(માથ્થી ૨૦:૨૨)*

તમારા આત્મિક જીવનમાં એવા સમયો આવે છે જ્યારે તમે ગૂંચવણમાં પડી જાવ છો, અને પછી એમ કહેવું કે તમારે ગૂંચવણમાં પડવું જોઈએ નહિ, તે તેમાંથી બહાર નીકળવાની રીત નથી. આ સાચા કે ખોટાની વાત નથી, પરંતુ પરમેશ્વર દ્વારા તમને એવા માર્ગમાંથી લઈ જવાની વાત છે, જે થોડા વખત માટે તમે સમજી શકતા નથી, અને આ આત્મિક ગૂંચવણમાંથી પસાર થવા દ્વારા જ તમે એ સમજી શકશો કે પરમેશ્વર તમારા માટે શું ઈચ્છે છે.

**તેમની મિત્રતાનું અંધારામાં છુપાઈ જવું(જુઓ લૂક ૧૧: ૫-૮):**

અહીં ઈસુ એક એવા માણસનું ચિત્ર રજૂ કરે છે જેને જોઈને એમ લાગે છે કે તેને પોતાના મિત્રની ચિંતા નથી. ઈસુ એવું કહેવા માંગે છે કે ક્યારેક તમને સ્વર્ગીય પિતા પણ એવા જ લાગશે. તમે એમ સમજશો કે તે એક નિર્દયી મિત્ર છે - પરંતુ યાદ રાખો કે તે વિચાર ખોટો છે. એક સમય આવશે જ્યારે બધી વાતો સમજાવવામાં આવશે. હૃદયની મિત્રતા પર એ વાદળ છવાયેલું લાગે છે, અને ક્યારેક પ્રેમને પણ ગાઢ સંગત અને એકતાના આશીર્વાદને માટે દર્દ અને આંસુઓમાં પ્રતીક્ષા કરવી પડે છે. જ્યારે પરમેશ્વર અંધારામાં છુપાયેલા માલુમ પડે છે, ત્યારે શું તમે તેમની પર ભરોસો રાખતા દ્રઢ રહેશો?

**તેમના પિતૃત્વ પર પડનાર પડછાયો(જુઓ લૂક ૧૧:૧૧-૧૩) :**

ઈસુએ કહ્યું કે એવા સમયો પણ આવે છે જ્યારે તમારા સ્વર્ગીય પિતા એક અસ્વાભાવિક પિતા જેવા લાગશે - જાણે કે તેઓ કઠોર હૃદયના અને જેમને કંઈ લેવાદેવા ના હોય તેવા - પરંતુ યાદ રાખો કે આ વિચાર ખોટો છે, તેઓ એવા નથી. “જે કોઈ માંગે છે તે પામે છે...”(લૂક ૧૧:૧૦). જો આ સમયે તમને સ્વર્ગીય પિતાના ચહેરા પર ફક્ત પડછાયો દેખાય છે, તો આ સત્ય પર દ્રઢતાથી વળગી રહો કે અંતે તે તમને સ્પષ્ટ સમજાવી દેશે અને જે કંઈ પણ તેમણે તમારા જીવનમાં આવવા દીધું છે, તેને સંપૂર્ણ રીતે ઊચિત સાબિત કરશે.

**તેમના વિશ્વાસુપણાની વિચિત્રતા (જુઓ લૂક ૧૮:૧-૮) :**

“માણસનો દીકરો આવશે, ત્યારે પૃથ્વી પર તેને વિશ્વાસ જડશે શું!”(લૂક ૧૮:૮). શું તે એ પ્રકારનો વિશ્વાસ શોધી શકશે જે ગૂંચવણમાં હોવા છતાં પણ તેની પર ભરોસો રાખે છે? વિશ્વાસમાં દ્રઢ રહો, એમ માનતા રહો કે ઈસુએ જે કહ્યું છે તે સત્ય છે, જો કે આ સમયે તમે તે નથી સમજી શકતા કે પરમેશ્વર શું કરી રહ્યા છે. આ સમયે તમે જે બાબત તેમની પાસેથી માંગી રહ્યા છો, તે કરતાં મોટી બાબતો તેમણે દાવ પર મૂકી છે.

## સમર્પણ પછી શું?

*“જે કામ કરવાનું તમે મને સોંપ્યું છે તે પૂરુ કરીને મેં તમને પૃથ્વી પર મહિમાવાન કર્યા છે.”*
*(યોહાન ૧૭:૪)*

આપણા જીવનનું બાહ્ય રીતે સમર્પણ કરવું તે સાચું સમર્પણ નથી પરંતુ આપણી ઈચ્છાનું સમર્પણ તે સાચું સમર્પણ છે અને ત્યારબાદ સમર્પણ સંપૂર્ણ થઈ જાય છે. સૌથી મોટું સંકટ જેનો આપણે સામનો કરીએ છીએ, તે આપણી ઈચ્છાના સમર્પણનો હોય છે. છતાંયે, પરમેશ્વર કદીયે જબરદસ્તીથી કોઈ વ્યક્તિની ઈચ્છાનું સમર્પણ નથી કરાવતા,અને તે માટે કદી માંગણી પણ નથી કરતા. જ્યાં સુધી તે વ્યક્તિ પોતાની ઈચ્છાથી તેમને સમર્પણ ના કરે ત્યાં સુધી તેઓ ધીરજથી રાહ જુએ છે. અને એકવાર જ્યારે આ લડાઈ લડી લેવાય છે, ત્યારબાદ તેને ફરીથી બીજીવાર તે લડવાની જરૂર રહેતી નથી.

છુટકારા માટે સમર્પણ : “...મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ” (માથ્થી ૧૧:૨૮). જ્યારે આપણે એ અનુભવ કરવાનું શરૂ કરીએ છીએ કે હકીકતમાં તારણનો અર્થ શું છે, ત્યારે જ આપણે વિસામાને માટે આપણી ઈચ્છાઓ ઈસુને સમર્પિત કરીએ છીએ. જે પણ બાબતો આપણને અનિશ્ચિતતાનો ભાવ અનુભવ કરાવે છે તે તો આપણી ઈચ્છાનો પોકાર છે - “મારી પાસે આવો” અને આ આવવું તે પોતાની ઈચ્છાથી થાય છે.

ભક્તિને માટે સમર્પણ : “જો કોઈ મારી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાનો નકાર કરવો...”(માથ્થી ૧૬:૨૪). અહીં પોતાની જાતને ઈસુને સમર્પણ કરવાની વાત છે, જ્યાં તેમનો વિશ્રામ મારા હૃદયના કેન્દ્રસ્થાને છે. તેઓ કહે છે કે, “જો તમે મારા શિષ્ય બનવા માંગતા હો, તો તમારે તમારી જાત ઉપરનો તમારો અધિકાર મને સોંપી દેવો પડશે” અને જ્યારે આમ થાય છે, ત્યારે તમારું જીવન આ સમર્પણની સાબિતી સિવાય બીજી કોઈ બાબતને પ્રદર્શિત નથી કરતું, અને તમારે કદી એ વાતની ચિંતા કરવાની જરૂરત રહેતી નથી કે ભવિષ્યમાં શું થશે. તમારી પરિસ્થિતિઓ જે પણ હોય, ઈસુ સંપૂર્ણ રીતે પર્યાપ્ત છે(જુઓ ૨ કરિંથી ૧૨:૯ અને ફિલિપ્પી ૪:૧૯).

મૃત્યુ માટે સમર્પણ : “...બીજો કોઈ તને બાંધીને...” (યોહાન ૨૧:૧૮, વળી ૧૯ મી કલમ પણ જુઓ). શું તમે એ શીખી લીધું છે કે મરણને માટે કમર બાંધવી તેનો શો અર્થ થાય છે? જ્યારે તમે તમારા જીવનની ભાવવિભોર ક્ષણોમાં જે સમર્પણ કરો છો તેનાથી સાવધાન રહો, કેમ કે એને પાછું ખેંચી લેવા તત્પર બનવાની સંભાવના રહે છે. સાચું સમર્પણ “મરણની સમાનતામાં (ઈસુની સાથે) જોડાવા” નું હોય છે(રોમનોને પત્ર ૬:૫) જ્યાં સુધી તમને એ જ બાબતો પસંદ પડે છે જે તેમને પસંદ પડે છે.

અને તમે સમર્પણ કર્યું - ત્યારબાદ શું? પરમેશ્વર સાથે અતૂટ સંગત અને એકતા બનાવી રાખવાની ઉત્સુકતા એ તમારા સંપૂર્ણ જીવનનું લક્ષણ બની જશે.

## વાદવિવાદ કે આજ્ઞાપાલન?

*"...ખ્રિસ્તમાં જે નિખાલસપણું...છે તે..."*
*(૨ કરિંથી ૧૧:૩)*

નિખાલસપણું તે કોઈપણ બાબતોને સ્પષ્ટતાથી જોવાનું રહસ્ય છે. ઘણો સમય વીતી જાય છે ત્યારબાદ જ સંત સ્પષ્ટતાથી વિચારી શકે છે, પરંતુ સંતે કોઈપણ મુશ્કેલી વગર સ્પષ્ટતાથી જોવું જોઈએ. તમે આત્મિક ગૂંચવણમાં વિચાર દ્વારા બાબતોને સ્પષ્ટ નથી કરી શકતા; દરેક બાબતોને સ્પષ્ટ કરવા માટે તમારે આજ્ઞાપાલન કરવું જરૂરી છે, બૌદ્ધિક બાબતોમાં તમે દરેક બાબતો પર વિચાર કરી શકો છો, પરંતુ આત્મિક બાબતોમાં વિચાર કરવાથી તમારા વિચારો વધુ ભટકી જશે અને તમે વધુ ગૂંચવણમાં પડી જશો. જો તમારા જીવનમાં કંઈ એવું છે જે બાબત પર પરમેશ્વર પોતાનો ભાર મૂકી રહ્યા છે, તો તે બાબતમાં તેમની આજ્ઞા પાળો અને પોતાના બધા "...વિતંડાવાદોને...અને દરેક વિચારને વશ કરીને ખ્રિસ્તની આધીનતામાં" લાવો (૨ કરિંથી ૧૦:૫), અને દરેક બાબતો તમને સ્પષ્ટ થઈ જશે. તમારી તર્ક કરવાની ક્ષમતા પછીથી આવશે, પરંતુ આપણે તર્ક મુજબ કદી નથી જોતા. આપણે બાળકોની જેમ જોઈએ છીએ, અને જ્યારે આપણે બુદ્ધિમાન બનવાની કોશિશ કરીએ છીએ ત્યારે કશું જોઈ શકતા નથી (જુઓ માથ્થી ૧૧:૨૫).

એ નાનામાં નાની બાબત જેને આપણે પોતાના જીવનમાં આવવા દઈએ છીએ, અને તે જો પવિત્ર આત્માના નિયંત્રણમાં નથી તો તે આત્મિક ગૂંચવણનું કારણ બનવાને પૂરતું છે, અને તેના માટે હર વખત વિચારતા રહેવા છતાં પણ તે વાત કદી સ્પષ્ટ નહિ થાય. આત્મિક ગૂંચવણ પર ફક્ત આજ્ઞાપાલન દ્વારા જ વિજય પ્રાપ્ત કરી શકાય છે. જેવી આપણે આજ્ઞા પાળીએ છીએ કે, તરત જ આપણને આંતરિક દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે. આ ગર્વ ઉતારનાર કે નમ્ર બનાવનાર બાબત છે, કેમ કે જ્યારે આપણે ગૂંચવણમાં હોઈએ છીએ, ત્યારે આપણને માલૂમ હોય છે કે આનું કારણ આપણા મનની સ્થિતિ છે. પરંતુ જ્યારે આપણી દ્રષ્ટિનું કુદરતી સામર્થ્ય પવિત્ર આત્માના આજ્ઞાપાલનમાં સમર્પિત થઈને આધીન થાય છે, ત્યારે તે એ જ સામર્થ્ય બની જાય છે જેના વડે આપણે પરમેશ્વરની ઈચ્છાને જોઈ શકીએ છીએ, અને આપણું સમગ્ર જીવન સાદાઈમાં અને નિખાલસપણામાં રહે છે.

સપ્ટેમ્બર ૧૫

# કઈ વાતોને છોડી દેવાની છે?

*“અમે શરમજનક ગુપ્ત કાર્યોનો ત્યાગ કર્યો છે”*
*(૨ કરિંથી ૪:૨)*

શું તમે તમારા જીવનમાં “શરમજનક ગુપ્ત કામોનો ત્યાગ કર્યો છે”- અર્થાત્ એવી બાબતોને જેને તમારું સન્માન અને ઘમંડ પ્રકાશમાં નથી આવવા દેતું? તમે તેમને સરળતાથી છુપાવી શકો છો. શું તમારા મનમાં કોઈ વ્યક્તિને માટે કોઈ એવો વિચાર છે જેને તમે પ્રકાશમાં આવવા દેવાનું નથી ઈચ્છતા તો જેવો તે વિચાર તમારા મનમાં આવે છે, તેને તરત જ ત્યાગ કરો - દરેક બાબતને તેની સંપૂર્ણતામાં ત્યાગ કરો ત્યાં સુધી કે તમારામાં કોઈ ગુપ્ત અપ્રમાણિકતા અથવા લુચ્ચાઈ રહી ના જાય. ઈર્ષા, અદેખાઈ અને કજિયા તમારા પાપના જૂના સ્વભાવમાંથી જ આવે તેવું જરૂરી નથી; તે એ શરીરમાંથી આવે જેનો ઉપયોગ ઉદ્ધાર પહેલા આવા કામો કરવા માટે થતો હતો (જુઓ રોમનોને પત્ર ૬:૧૯ અને ૧ પિતર ૪:૧-૩). તમારે સતત સાવધાન રહેવું જોઈએ કે તમારા જીવનમાં કંઈ એવું ના આવે જેથી તમને શરમમાં મૂકી દે.

“...અમે છેતરપિંડી કરતા નથી...”(૨ કરિંથી ૪:૨). એનો અર્થ એ થાય છે કે ફક્ત પોતાની વાત પૂરી કરવા માટે કોઈ ઉપાય ના કરવો, આ એક ભયંકર ફાંદો છે. તમે જાણો છો કે પરમેશ્વર તમને એક જ રીતે કામ કરવા દેશે - સત્યની રીતે. તો સાવધાન રહો કે તમે લોકોને બીજી કોઈ રીતે - અર્થાત્ છેતરપિંડીની રીતે - કદી ના પકડો. જો તમે છેતરપિંડીથી કામ કરશો, તો પરમેશ્વરની વિનાશક અસર અને પાયમાલી તમારી ઉપર આવશે. જે તમારે માટે છેતરપિંડી છે, તે શક્ય છે કે અન્યોને માટે છેતરપિંડીના હોય - પરમેશ્વરે તમને ઉચ્ચ તેડાને અર્થે બોલાવ્યા છે. પરમેશ્વરના સર્વોચ્ચને માટે તમારા સર્વોત્તમની - તેમના મહિમા માટે પોતાના સર્વશ્રેષ્ઠ બનવાની ભાવનાને કદીયે મંદ ના થવા દો. કેટલાક પ્રકારના કામ કરવાનો અર્થ તમારે માટે એ થઈ શકે છે કે સર્વોચ્ચ અને સર્વશ્રેષ્ઠને ત્યાગીને કોઈ બીજા ઉદ્દેશથી લુચ્ચાઈ તમારા જીવનમાં આવી ગઈ છે, અને તે પરમેશ્વરે જે પ્રેરણા તમને આપી છે તેને મંદ કરી દે છે. ઘણા લોકો એ માટે પાછા હટી ગયા કેમ કે તેઓ આ બાબતોને પરમેશ્વરના દ્રષ્ટિકોણથી જોતા ડરતા હતા, સૌથી મહાન સંકટ ત્યારે આવે છે જ્યારે વ્યક્તિએ જે માન્યતા સ્વીકારી છે તેના કરતા તેના વિશ્વાસમાં થોડા વધુ આગળ વધવાનું હોય છે.

## ગુપ્તમાં પરમેશ્વરને પ્રાર્થના કરવી

*"જ્યારે તું પ્રાર્થના કરે, ત્યારે તારી ઓરડીમાં પેસ, ને તારું બારણું બંધ કરીને ગુપ્તમાંના તારા બાપની પ્રાર્થના કર..."*
*(માથ્થી ૬:૬)*

ધર્મના ક્ષેત્રમાં પ્રમુખ વિચાર એ છે કે તમારી આંખો પરમેશ્વર પર લગાવી રાખો, લોકો પર નહિ. તામારી પ્રાર્થના કરવાની એ અભિલાષામાંથી ના હોવા જોઈએ કે લોકો તમને એક પ્રાર્થના કરનાર વ્યક્તિના રૂપમાં ઓળખે. પ્રાર્થના કરવા માટે એક ગુપ્ત ઓરડો શોધી કાઢો, જ્યાં કોઈને ખબર પણ ના પડે કે તમે પ્રાર્થના કરી રહ્યા છો, દરવાજો બંધ કરો, અને ગુપ્તમાં પરમેશ્વરની સાથે વાત કરો. તમારા સ્વર્ગીય પિતાને જાણવા સિવાય બીજા કોઈ કારણથી પ્રેરણા પામશો નહિ. ચોક્કસ સમયો ગુપ્તમાં પ્રાર્થના કરવા સિવાય શિષ્ય તરીકેનું તમારું જીવન જીવવું અશક્ય છે.

"તમે પ્રાર્થના કરતા...અમથો લવારો ના કરો..."(૬:૭) આપણે આગ્રહથી પ્રાર્થના કરીએ છીએ તેથી પરમેશ્વર આપણુ સાંભળે છે તેમ નથી - તે ફક્ત ઉદ્ધારના આધાર પર આપણું સાંભળે છે. પરમેશ્વર આપણા ઉત્સાહથી કદીયે પ્રભાવિત થતા નથી, પરમેશ્વર પાસેથી કશું પ્રાપ્ત કરી લેવું તે પ્રાર્થના નથી - તે તો ફક્ત પ્રારંભિક પ્રકારની પ્રાર્થના છે. પ્રાર્થના એ તો પરમેશ્વર સાથે સંપૂર્ણ સંગતમાં અને એકતામાં આવવું તે છે. જો નવા બનવા દ્વારા આપણામાં પરમેશ્વરના પુત્રનું રૂપ રચાય છે(જુઓ ગલાતી ૪:૧૯), તો તે આપણી વ્યવહારિક બુદ્ધિથી (સામાન્ય સમજણ) થી આગળ વધશે, અને જે બાબતો માટે આપણે પ્રાર્થના કરીએ છીએ, તે અંગે આપણા વલણને બદલશે.

"જે હરેક માંગે છે તે પામે છે..."(૭:૮). આપણી ઈચ્છાઓને સામેલ કર્યા વગર આપણે પ્રાર્થનાના નામે ધાર્મિક બકવાસ કરીએ છીએ, અને પછી કહીએ છીએ કે પરમેશ્વર ઉત્તર નથી આપતા - પરંતુ વાસ્તવમાં તો આપણે કશું માંગ્યું જ નથી. ઈસુએ કહ્યું "...જે કંઈ તમે ચાહો તે માગો..."(યોહાન ૧૫:૭). માંગવાનો અર્થ એ થાય કે આપણી ઈચ્છા સામેલ હોવી જોઈએ. જ્યારે પણ ઈસુએ આપણી સાથે પ્રાર્થના વિશે વાત કરી ત્યારે એક બાળકના જેવી અદભુત સરળતાથી તે બોલ્યા. આપણે આપણા ટીકાત્મક વલણથી પ્રતિભાવ આપીએ છીએ, અને કહીએ છીએ, "હા, પરંતુ ઈસુએ પણ કહ્યું કે આપણે માંગવું જોઈએ." પરંતુ યાદ રાખો કે આપણે પરમેશ્વર પાસેથી એવી બાબતો માંગવી જોઈએ જે ઈસુ ખ્રિસ્તે પ્રગટ કરી છે અને પરમેશ્વરની સાથે મેળ ખાતી હોય.

## શું પરિક્ષણમાં કશું સારુ હોય?

*"માણસ સહન ન કરી શકે એવું કંઈ પરીક્ષણ તમને થયું નથી..."*
*(૧ કરિંથી ૧૦:૧૩)*

આજકાલ પરીક્ષણ શબ્દને કંઈક ખરાબ સમજવામાં આવે છે, પરંતુ આપણે આ શબ્દનો ખોટો ઉપયોગ કરીએ છીએ. પરીક્ષણ પાપ નથી; એ તો એવી બાબત છે જેનો સામનો આપણે માણસ હોવાનો લીધે કરવો પડે છે, પરીક્ષણમાં નહિ પડવાનો અર્થ એ થાય કે આપણે તિરસ્કારથી પણ બદતર છીએ. છતાંયે આપણામાંના ઘણા લોકો એવા છે જે એવા પરીક્ષણોનો સામનો કરે છે, જેનો સામનો કરવાની તેમને કદી જરૂરત ના હોવી જોઈએ, તેઓ ફક્ત એ માટે તેનો સામનો કરે છે કેમ કે આપણે પરમેશ્વરને મંજૂરી નથી આપતા કે તે આપણને એક વધુ ઊંચા સ્તર પર ઉઠાવે. જ્યાં આપણને બીજા પ્રકારના પરીક્ષણોનો સામનો કરવો પડતો નથી.

એક વ્યક્તિના આંતરિક સ્વભાવ, અર્થાત્ તેના અસ્તિત્વની અંદર આત્મિક અંગમાં તેની પાસે જે છે, તે બાબતો નિર્ણય કરે છે કે બહાર તેનું પરીક્ષણ કઈ બાબતોથી થશે. જે વ્યક્તિનું પરીક્ષણ થાય છે તે પરીક્ષણ તેના ખરા સ્વભાવ અનુસાર યોગ્ય હોય છે અને તેના સ્વભાવની સંભાવનાઓ પ્રગટ કરી દે છે. વાસ્તવમાં, દરેક વ્યક્તિ પોતાના પરીક્ષણને નક્કી કરે છે અને તેના સ્તરને પણ નિર્ધારિત કરે છે, અને પરીક્ષણ તેની પાસે તેના નિયંત્રણ રાખનાર આંતરિક સ્વભાવના સ્તર અનુસાર આવશે.

પરીક્ષણ મને મારા સૌથી ઉચ્ચ લક્ષ સુધી પહોંચવાના એક સરળ સુઝાવ લઈને મારી પાસે આવે છે, તે મને એ બાબતો તરફ નથી લઈ જતું જેને હું ખરાબ સમજું છું, પરંતુ એ બાબતો તરફ લઈ જાય છે જેને હું સારી સમજું છું. પરીક્ષણ એવી બાબત છે જે મને કેટલાક સમય માટે મૂંઝવણમાં મૂકી દે છે, અને મને ખબર નથી કે કોઈ બાબત સારી કે ખરાબ છે. જ્યારે હું તેની આગળ નમી જાઉં છું, ત્યારે લાલસાને ઈશ્વર બનાવી દઉં છું, અને પરીક્ષણ એ બાબતની સાબિતી બની જાય છે કે આ અગાઉ મને મારા ભયે આ પાપમાં પડતા રોક્યો હતો.

પરીક્ષણ એવી બાબત છે જેનાથી આપણે બચી શકતા નથી; પરંતુ તે એક વ્યક્તિના સંપૂર્ણ રીતે ઘડેલા જીવનને માટે પણ જરૂરી હોય છે. એવું વિચારવાથી સાવધાન રહો કે તમારી જેમ બીજા કોઈનું પરીક્ષણ થઈ રહ્યું નથી - તમે જે બાબતોનો સામનો કરો છો તે સમગ્ર માનવજાતનો સામાન્ય વારસો છે, એવી બાબત નથી જેને બીજાઓએ ક્યારેય સહન ના કરી હોય. પરમેશ્વર આપણને પરીક્ષણથી નથી બચાવતા - તે પરીક્ષણની મધ્યમાં આપણને ટકાવી રાખે છે(જુઓ હિબ્રૂઓને પત્ર ૨:૧૮ અને ૪:૧૫-૧૬).

## તેમનું પરીક્ષણ અને આપણું પરીક્ષણ

*"કેમ કે આપણી નિર્બળતા પર જેને દયા આવી શકે નહિ એવો નહિ, પણ સર્વ વાતે જે આપણી પેઠે પરીક્ષણ પામેલો છતાં નિષ્પાપ રહ્યો એવો આપણો પ્રમુખયાજક છે." (હિબ્રૂઓને પત્ર ૪:૧૫)*

જ્યાં સુધી આપણો નવો જન્મ નથી થતો, ત્યાં સુધી આપણે એક જ પ્રકારના પરીક્ષણને સમજીએ છીએ, અર્થાત્ એ પરીક્ષણ જેનો ઉલ્લેખ યાકૂબ ૧:૧૪ માં કરવામાં આવ્યો છે, "દરેક માણસ પોતાની દુર્વાસનાથી ખેંચાઈને તથા લલચાઈને પરીક્ષણમાં પડે છે." પરંતુ પુનર્જન્મ પછી આપણને એક અન્ય ક્ષેત્રમાં ઉઠાવવામાં આવે છે જ્યાં સામનો કરવા માટે અનેક પરીક્ષણો હોય છે, અર્થાત્ એ પ્રકારના પરીક્ષણો જેનો સામનો આપણા પ્રભુએ કર્યો હતો. અવિશ્વાસી હોવાને કારણે, ઈસુના પરીક્ષણોનો આપણી ઉપર કોઈ જ પ્રભાવ નથી પડતો કેમ કે તે આપણા માનવીય સ્વભાવને અનુકૂળ નહોતા. આપણા પ્રભુના પરીક્ષણો અને આપણા પરીક્ષણો ત્યાં સુધી જુદા જુદા ક્ષેત્રોમાં હોય છે જ્યાં સુધી આપણો નવો જન્મ નથી થતો અને આપણે પ્રભુના ભાઈ બની જતા નથી. ઈસુના પરીક્ષણો એક સામાન્ય માનવીના પરીક્ષણો નહોતા, પરંતુ માણસના રૂપમાં પરમેશ્વરના પરીક્ષણો છે. પુનર્જન્મ દ્વારા પરમેશ્વરનો પુત્ર આપણી અંદર રચના પામે છે(જુઓ ગલાતી ૪:૧૯), તેઓ જ્યારે પૃથ્વી પર હતા ત્યારે જે પરિસ્થિતિમાં હતા તે જ પરિસ્થિતિમાં તેઓ આપણા જીવનમાં હોય છે. શેતાન આપણી પાસે ખોટું કામ કરાવવા માટે આપણું પરીક્ષણ નથી કરતો - તે આપણું પરીક્ષણ એ માટે કરે છે જેથી આપણા પુનર્જન્મ દ્વારા પરમેશ્વરે આપણી અંદર જે મુક્યું છે તેને ખોઈ નાખીએ, અર્થાત્ પરમેશ્વરના માટે મૂલ્યવાન હોવાની સંભાવના તે આપણી પાસે એ આધાર પર આવે છે કે તે આપણા દ્રષ્ટિકોણને બદલી નાખે, અને ફક્ત પરમેશ્વરનો આત્મા જ તેને શેતાનના એક પરીક્ષણના રૂપમાં ઓળખી લે છે.

પરીક્ષણનો અર્થ છે આપણી બહાર અને એક અજાણ શક્તિદ્વારા એ બાબતોની પારખ થાય છે જે આપણી અંદર, આત્મિક અંગમાં પકડી રાખવામાં આવી છે. આ બાબત આપણા પ્રભુના પરીક્ષણનું સ્પષ્ટીકરણ કરે છે, ઈસુના બાપ્તિસ્મા પછી, "જગતનું પાપ હરણ કરનાર"(યોહાન ૧:૨૯) ના પોતાના ધ્યેયને સ્વીકાર કર્યા પછી તેમને "આત્મા તેમને રાનમાં" લઈ ગયા (માથ્થી ૪:૧) અને શેતાનની પરીક્ષણ લેવાની યુક્તિમાં લઈ જવામાં આવ્યા તેમ છતાં, તેઓ થાક્યા નહિ અને નિર્ગત થઈ ગયા નહિ. તેઓ "નિષ્પાપ રહેતા" પરીક્ષણમાંથી પસાર થયા અને પોતાના આત્મિક સ્વભાવની બધી જ બાબતોને સંપૂર્ણ સલામત રાખ્યા.

## શું તમે ઈસુની સાથે ચાલવાનું ચાલુ રાખશો?

*"મારા પરીક્ષણોમાં મારી સાથે રહેનાર તમે જ છો"*
*(લૂક ૨૨:૨૮)*

એ તો સત્ય છે કે ઈસુ ખ્રિસ્ત આપણા પરીક્ષણોમાં આપણી સાથે રહે છે, પરંતુ શું આપણે તેમના પરીક્ષણોમાં તેમની સાથે રહીએ છીએ? જે ક્ષણથી આપણને એ અનુભવ થાય છે કે ઈસુ શું કરી શકે છે, તે જ ક્ષણથી આપણામાંથી ઘણા લોકો ઈસુની સાથે આગળ વધવાથી નકાર કરી દઈએ છીએ. તમે ઈસુ સાથે આગળ જાઓ છો કે સંસાર, શરીર અને શેતાનનો સાથ આપો છો તે જોવા માટે પરમેશ્વર તમારી પરિસ્થિતિઓને જ્યારે બદલી રહ્યા છે તે ધ્યાનથી જુઓ. આપણે તેમનું નામ ધારણ કર્યું છે પરંતુ શું આપણે તેમની સાથે જઈએ છીએ? "આ સાંભળીને તેના શિષ્યોમાંના ઘણાક પાછા જઈને ત્યાર પછી તેની સાથે ચાલ્યા નહિ"(યોહાન ૬:૬૬).

ઈસુના પરીક્ષણો પૃથ્વી પર તેમના સમગ્ર જીવન દરમ્યાન ચાલુ રહ્યા, અને તે આપણી અંદર પરમેશ્વરના પુત્રના જીવન દરમ્યાન પણ ચાલુ રહેશે. જે જીવન આપણે હમણાં જીવીએ છીએ, તેમાં શું આપણે ઈસુની સાથે જઈએ છીએ?

આપણે એવું સમજીએ છીએ કે, પરમેશ્વર જે બાબતોને આપણી ચારેબાજુએ લાવે છે, આપણે તેમાંની કેટલીક બાબતોથી પોતાની જાતને બચાવવાની જરૂર છે. પરમેશ્વર આપણી પરિસ્થિતિઓને નિયંત્રણમાં રાખે છે, અને તે જે પણ હોય, આપણે ધ્યાન રાખવાનું છે કે આપણે તેમના પરીક્ષણોમાં તેમની સાથે સતત રહીને તે બાબતોનો સામનો કરતા રહીએ. આ તેમના માટેના પરીક્ષણો છે, આપણા માટે પરીક્ષણો નથી, પરંતુ આપણી અંદર પરમેશ્વરના પુત્રના જીવનને માટે પરીક્ષણો છે. આપણા શારીરિક જીવનોમાં ઈસુ ખ્રિસ્તનું સન્માન દાવ પર લાગેલું છે. જે બાબતો આપણી અંદરના પરમેશ્વરના પુત્રના જીવન પર હુમલો કરે છે તે બધી બાબતોમાં શું આપણે વિશ્વાસયોગ્ય રહીએ છીએ?

શું તમે ઈસુની સાથે જવાનું ચાલુ રાખી રહ્યા છો? માર્ગ ગેથસેમાનેમાં થઈને, શહેરના દરવાજામાં થઈને, "છાવણી બહાર" જાય છે(હિબ્રૂ ૧૩:૧૩). માર્ગ એકલવાયાપણાનો છે, અને ત્યાં સુધી જાય છે જ્યાં સુધી કે જેની પાછળ ચાલવાનું છે તેના પગલાની કોઈ છાપ પણ જોવા ના મળે - ફક્ત એક અવાજ સંભળાય છે જે કહે છે કે, "મારી પાછળ આવો"(માથ્થી ૪:૧૯).

## જીવનની ઈશ્વરીય આજ્ઞા

*“જેવો તમારો આકાશમાંનો બાપ સંપૂર્ણ છે તેવા તમે સંપૂર્ણ થશો”*
*(માથ્થી ૫:૪૮)*

કલમ ૩૮-૪૮ માં આપણો પ્રભુ આપણને એ આગ્રહ કરે છે કે આપણે બીજાઓ પ્રત્યેના આપણા વ્યવહારમાં ઉદારતા દેખાડીએ. તમારી સ્વાભાવિક પસંદગી પ્રમાણે તમારું આત્મિક  જીવન જીવવા અંગે સાવધ રહો - આપણા બધાની સ્વાભાવિક પસંદગી એ હોય છે - આપણે કેટલાક લોકોને પસંદ કરીએ છીએ અને કેટલાકને પસંદ નથી કરતા, છતાં આપણે આ પસંદ - નાપસંદને આપણા ખ્રિસ્તી જીવનમાં રાજ કરવા દેવી જોઈએ નહિ. “જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ, તો આપણને એકબીજાની સાથે સંગત છે.”(૧ યોહાન ૧:૭), આપણને એ લોકોની સાથે પણ સંગતિ આપશે જેમને આપણે પસંદ નથી કરતા.

આપણો પ્રભુ અહીં જે ઉદાહરણ આપે છે, તે એક સારા વ્યક્તિનું નહિ, એક સારા ખ્રિસ્તીનું નહિ પરંતુ સ્વયં પરમેશ્વરનું છે. “...જેવો તમારો આકાશમાંનો બાપ સંપૂર્ણ છે તેવા તમે સંપૂર્ણ થશો.” બીજા શબ્દોમાં, પરમેશ્વરે તમને જે દર્શાવ્યું તે તમે બીજી વ્યક્તિઓને દર્શાવો. અને “જેવા તમારા સ્વર્ગીય પિતા સંપૂર્ણ છે તેવા તમે સંપૂર્ણ છો” કે નહિ તે સાબિત કરવા માટે પરમેશ્વર તમારા જીવનમાં પુષ્કળ અવસર આપશે. એક શિષ્ય બનવાનો અર્થ એ થાય છે કે આપણે ઈરાદપૂર્વક બીજા લોકોમાં પરમેશ્વરની જે ઈચ્છાઓ છે તેમાં એકરૂપ થઈ જઈએ. ઈસુએ કહ્યું કે, “હું તમને નવી આજ્ઞા આપું છું કે, તમે એકબીજા પર પ્રેમ રાખો; જેવો મેં તમારા પર પ્રેમ રાખ્યો તેવો તમે પણ એકબીજા પર પ્રેમ રાખો. જો તમે એકબીજા પર પ્રેમ રાખો, તો તેથી સર્વ માણસો જાણશે કે તમે મારા શિષ્યો છો”(યોહાન ૧૩: ૩૪,૩૫).

ખ્રિસ્તી ચરિત્રનું સાચુ પ્રદર્શન સારા કામ કરવામાં નહિ પરંતુ પરમેશ્વરની સમાનતામાં વ્યક્ત થાય છે. જો પરમેશ્વરના આત્માએ તમને તમારી અંદર બદલી દીધા છે, તો તમે તમારા જીવનમાં ફક્ત સારી માનવીય વિશેષતા જ નહિ, પરંતુ ઈશ્વરીય વિશેષતાઓ પણ પ્રદર્શિત કરશો. આપણી અંદર પરમેશ્વરનું જીવન પોતાની જાતને પરમેશ્વરના જીવનના રૂપમાં વ્યક્ત કરે છે, ધાર્મિક બનવાની કોશિશ કરતા માનવીય જીવનના રૂપમાં નહિ. એક ખ્રિસ્તી જીવનનું રહસ્ય એ છે કે પરમેશ્વરની કૃપા દ્વારા તેમની અંદર અલૌકિક સ્વભાવ બની જાય છે, અને એ વાતનો અનુભવ પરમેશ્વરની સાથેની ઘનિષ્ઠ સંગતના સમય દરમ્યાન નહિ, પરંતુ જીવનની વ્યવહારિક પ્રતિદિનની વાતોમાં સાબિત થાય છે. જ્યારે આપણે એવી બાબતોના સંપર્કમાં આવીએ છીએ જે ગૂંચવણ કે કાર્યોના ખળભળાટને પેદા કરે છે ત્યારે આપણને આશ્ચર્ય થાય છે કે આપણી પાસે આ બધાની મધ્યમાં અદ્ભુત રીતે સંતુલિત રહેવાનું સામર્થ્ય છે.

# મિશનેરીનો પૂર્વનિર્ધારીત ઉદ્દેશ

*“હવે યહોવા જેમણે મને ગર્ભસ્થાનથી પોતાનો સેવક થવા*
*માટે બનાવ્યો છે તેઓ કહે છે...”*
*(યશાયા ૪૯:૫)*

જ્યારે આપણે પરમેશ્વર દ્વારા ખ્રિસ્ત ઈસુમાં આપણી પસંદગીને સમજી જઈએ છીએ, તો સૌથી પહેલી બાબત જે થાય છે તે આપણા અગાઉથી નિર્મિત વિચારોનું, આપણા સંકુચિત માનસનું, અને અન્ય તમામ બાબતો માટેની આપણી વફાદારીનો નાશ થાય છે - આપણે પરમેશ્વરના ઉદ્દેશને પૂરો કરનારા સેવક બની જઈએ છીએ. સમગ્ર માનવજાતનું સર્જન એ માટે કરવામાં આવ્યું હતું કે તે હંમેશા પરમેશ્વરનો મહિમા કરે અને તેનો આનંદ માણે. પાપે માનવ જાતિના નિર્ધારિત માર્ગને બદલી દીધો, પરંતુ તેના કારણે પરમેશ્વરનો ઉદ્દેશ જરા પણ બદલાયો નથી અને જ્યારે આપણો નવો જન્મ થાય છે, તો આપણને માનવજાત માટેના પરમેશ્વરના મહાન ઉદ્દેશની સમજણમાં લાવવામાં આવે છે, અર્થાત્ એ કે તેમણે આપણું સર્જન તેમના પોતાને માટે કર્યું છે. પરમેશ્વર દ્વારા પસંદ કરવામાં આવવું તેનો અહેસાસ પૃથ્વીનો સૌથી મોટો આનંદ હોય છે. અને આપણે સૃષ્ટિ માટે પરમેશ્વરના મહાન ઉદ્દેશ પર ભરોસો રાખવાનું શીખવાનું છે. પરમેશ્વર જે સૌથી પહેલું કામ કરશે, તે તો એ હશે કે તે સમગ્ર જગતની ઈચ્છાઓને આપણા હ્રદયમાંથી હડસેલી કાઢશે. પરમેશ્વરનો પ્રેમ અને તેમનો સ્વભાવ પણ આપણી અંદર નાંખવામાં આવે છે અને આપણે પરમેશ્વરના સ્વભાવને ફક્ત યોહાન ૩:૧૬માં કેન્દ્રિત થતા જોઈએ છીએ “કેમ કે પરમેશ્વરે જગત પર એટલો પ્રેમ કર્યો...”

આપણે આપણા મનને સતત પરમેશ્વરના સર્જનના ઉદ્દેશ માટે ખુલ્લા રાખવા જોઈએ, અને તેને ક્યારેય આપણા પોતાના ઈરાદાઓથી ગૂંચવવું કે અસ્પષ્ટ ના કરવું જોઈએ જો આપણે એમ કરીશું, તો પરમેશ્વરે આપણા ઈરાદાઓને કચડી નાંખીને એકબાજુ કરવા પડશે, પછી ભલેને આપણને તેનાથી કેટલું  પણ દુ:ખ કેમ ના પહોંચે, મિશનેરીને પરમેશ્વરના સેવક થવાના ઉદ્દેશથી રચવામાં આવે છે, અર્થાત્ એવો વ્યક્તિ જેમાં પરમેશ્વરને મહિમા મળે છે. જ્યારે આપણને એ વાતની અનુભૂતિ થઈ જાય છે કે ઈસુ ખ્રિસ્તના તારણ દ્વારા જ આપણે પરમેશ્વરને માટે બિલકુલ સંપૂર્ણ યોગ્ય બનાવવામાં આવ્યા છે, ત્યારે આપણે સમજી જઈશું કે ઈસુ ખ્રિસ્ત પોતાની માંગણીઓ પ્રત્યે આટલા કડક અને નિર્દય કેમ છે, તે તેના સેવકો પાસેથી સંપૂર્ણ ન્યાયીપણાની માંગણી કરે છે કેમ કે તેણે તેમનામાં સ્વયં પરમેશ્વરનો સ્વભાવ મૂક્યો છે.

સાવધાન રહો, રખેને તમે તમારા જીવન માટેનો પરમેશ્વરનો ઉદ્દેશ ભૂલી જઓ.

## મિશનેરીના સ્વામી અને શિક્ષક

*‘‘તમે મને ગુરુ તથા પ્રભુ કરો છોઃ એ તમે ખરું જ કહો છો; કેમ કે હું એ જ છું...હું તમને ખચીત ખચીત કહું છું કે, ચાકર પોતાના શેઠ કરતા મોટો નથી...’’*
*(યોહાન ૧૩:૧૩,૧૬)*

મારી પાસે સ્વામી અને ગુરુ હોવાનો અર્થ એ નથી કે હું કોઈના સ્વામીત્વ હેઠળ છું અને મને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. મારી પાસે સ્વામી અને ગુરુ હોવાનો અર્થ એ થાય છે કે એક એવી વ્યક્તિ છે જે મને, હું મારી જાતને ઓળખું છું તેના કરતાં વધુ સારી રીતે ઓળખે છે, જે એક મિત્ર કરતાં પણ વધુ નજદીક છે, અને જે મારા હૃદયના ઊંડાણને સમજે છે અને તેને સંપૂર્ણ રીતે તૃપ્ત કરી શકે છે. એનો અર્થ એ થાય કે મારી પાસે એક એવી વ્યક્તિ છે જેણે મને એ જાણકારીમાં સુરક્ષા આપી છે કે તેમણે મારા મનનાં તમામ સંદેહો, અનિશ્ચિતતાઓ અને સમસ્યાઓને હલ કરી દીધી છે. એક સ્વામી અને ગુરુ આપણી પાસે હોવાનો આ જ અર્થ છે અને તેનાથી ઓછો નહિ. ‘‘...કેમ કે એક જ તમારો ગુરુ છે... જે ખ્રિસ્ત...’’(માથ્થી ૨૩:૮, ૧૦).

આપણો પ્રભુ મારી પાસે જબરદસ્તીથી કદીયે એ કામ નહિ કરાવે જે તે ઈચ્છે છે. ક્યારેક હું વિચારું છું કે પરમેશ્વર મારી પર પોતાનું સ્વામીત્વ દર્શાવીને અને મને પોતાના નિયંત્રણમાં રાખીને મારી પાસે એ કામ કરાવે જે તેઓ ઈચ્છે છે, પરંતુ તે એવું નહિ કરે. ક્યારેક હું ઈચ્છુ છું કે તે મને એકલો મૂકી દે, પરંતુ તે એવું પણ નહિ કરે.

‘‘તમે મને ગુરુ અને પ્રભુ કહો છો...’’ પરંતુ શું તે સાચે જ છે? આપણા શબ્દકોષમાં ગુરુ, સ્વામી, અને પ્રભુનું મહત્વ ખૂબ જ થોડું છે. આપણે તારણહાર, પવિત્રીકરણ કરનાર અને સાજા કરનાર શબ્દોને વધુ પસંદ કરીએ છીએ. જે એક માત્ર શબ્દ ખરેખર સ્વામીત્વને આધીન હોવાના અનુભવનું વર્ણન કરે છે, તે તો પ્રેમ છે, અને આપણે એ પ્રેમ વિશે ખૂબ જ ઓછું જાણીએ છીએ જેને પરમેશ્વરે પોતાના વચનમાં પ્રગટ કર્યો છે. આજ્ઞાપાલન શબ્દનો પ્રયોગ આપણે જે રીતે કરીએ છીએ તે આ વાતની સાબિતી છે. બાઈબલમાં આજ્ઞાપાલન તે બે સમાન વ્યક્તિઓ વચ્ચેના સંબંધ પર આધારિત છે; ઉદાહરણરૂપે એક પુત્રનો પિતા સાથેનો સંબંધ. આપણો પ્રભુ પરમેશ્વરના ફક્ત સેવક જ નહોતા - તે તેમના પુત્ર પણ હતા. ‘‘તે પુત્ર હતો તે છતાં...તે આજ્ઞાપાલન શીખ્યો’’(હિબ્રૂઓને પત્ર ૫:૮). જો આપણને એ બાબતની સભાનતા છે કે આપણે સ્વામીત્વ હેઠળ છીએ, તો આ વિચાર જ સાબિતી છે કે આપણો કોઈ સ્વામી નથી. જો ઈસુ પ્રત્યે આપણું આ વલણ છે, તો આપણે એ સંબંધથી ખૂબ દૂર છીએ જે સંબંધ તેઓ ઈચ્છે છે. તે આપણને એવા સંબંધમાં ઈચ્છે છે જેમાં તે એટલી આસાનીથી આપણા સ્વામી અને ગુરુ બને કે આપણને તેની સભાન જાગૃતતા ના રહે - અર્થાત્ એક એવો સંબંધ જેમાં આપણે ફક્ત એટલું જ જાણીએ કે આપણે આજ્ઞાપાલન કરવા માટે તેના છીએ.

# મિશનેરીનું લક્ષ

*“તેણે...તેઓને કહ્યું કે, ‘જુઓ, આપણે યરૂશાલેમ જઈએ છીએ...’ ”*
*(લૂક ૧૮:૩૧)*

આપણા શારીરિક જીવનમાં, આપણે જેમ જેમ વૃદ્ધિ પામતા જઈએ છીએ તેમ તેમ આપણી આકાંક્ષાઓ બદલાતી જાય છે. પરંતુ ખ્રિસ્તી જીવનમાં શરૂઆતમાં જ લક્ષ આપવામાં આવે છે, અને શરૂઆત તથા અંત બંને એક સમાન જ હોય છે, એટલે કે સ્વયં આપણા પ્રભુ. આપણે શરૂઆત પણ ખ્રિસ્ત સાથે કરીએ છીએ અને અંત પણ - “ત્યાં સુધી કે આપણે સહુ...પ્રૌઢ પુરુષત્વમાં એટલે ખ્રિસ્તની સંપૂર્ણતાની પાયરીએ પહોંચીએ”(એફેસી ૪:૧૩), ખ્રિસ્તી જીવનમાં આપણા પોતાના વિચારો અનુસાર નહિ. એક મિશનેરીનું લક્ષ એ નથી કે તે ઉપયોગી હોય, કે ખોવાયેલાઓને શોધે, પરંતુ એ છે કે તે પરમેશ્વરની ઈચ્છા પ્રમાણે કરે. મિશનેરી ઉપયોગી તો હોય છે જ, અને તે ખોવાયેલાઓને શોધે પણ છે, પરંતુ તે બાબત તેનું લક્ષ નથી. તેનું લક્ષ પોતાના પ્રભુની ઈચ્છા પૂરી કરવી એ હોય છે.

આપણા પ્રભુના જીવનમાં, યરૂશાલેમ એ જગ્યા હતી કે, જ્યાં તેઓ વધસ્તંભ પર પોતાના પિતાની ઈચ્છાની ચરમસીમાએ પહોંચ્યા હતા, અને જો આપણે ઈસુની સાથે ત્યાં નથી જતા તો આપણે તેમની સાથે મિત્રતા કે સંગત રાખી શકતા નથી. આપણા પ્રભુને યરૂશાલેમના માર્ગમાંથી કોઈ પણ ચલિત ના કરી શક્યા. જ્યાં તેમની સતાવણી કરવામાં આવી હતી ત્યાંથી તે ઝડપથી પસાર થઈ ગયા નહિ; કે જ્યાં તેમનું સ્વાગત થયું ત્યાં તેઓ વધુ રોકાઈ રહ્યા નહિ. “યરૂશાલેમ જવાના” ઉદ્દેશમાંથી ન તો કૃતજ્ઞતા કે કૃતઘ્નતા તેમને રોકી શકી નહિ.

“ચેલો ગુરુ કરતાં મોટો નથી, ને દાસ પોતાના શેઠ કરતાં મોટો નથી”(માથ્થી ૧૦:૨૪). બીજા શબ્દોમાં જે બાબતો આપણા પ્રભુની સાથે થઈ, તે આપણા ‘યરૂશાલેમ’ ના માર્ગ પર આપણી સાથે પણ થશે. પરમેશ્વરના કાર્ય આપણા દ્વારા પ્રદર્શિત થશે, લોકોને આશીર્વાદ મળશે, એક-બે લોકો કૃતજ્ઞતા દેખાડશે જ્યારે બાકીના લોકો સંપૂર્ણ રીતે કૃતઘ્નતા દેખાડશે, પરંતુ કોઈ પણ બાબતો આપણને “આપણા યરૂશાલેમ જવાના” માર્ગથી ચલિત કરવી જોઈએ નહિ.

“...તેઓએ ત્યાં તેમને...વધસ્તંભે જડ્યા”(લૂક ૨૩:૩૩). જ્યારે આપણા પ્રભુ યરૂશાલેમ પહોંચ્યા, ત્યારે તેમની સાથે આવું થયું, અને આ ઘટના આપણા ઉદ્ધારનું પ્રવેશદ્વાર છે. પરંતુ સંતોનો અંત વધસ્તંભ પર જડાવાથી નથી આવતો; પ્રભુની કૃપાથી, તેમનો અંત મહિમામાં આવે છે. ત્યાં સુધી, આપણામાંના દરેકનો સૂર પણ એ જ હોવો જોઈએ કે, “હું પણ યરૂશાલેમ જાઊં છું”

## તૈયારી માટે "જા"

*"એ માટે જો તું તારું અર્પણ વેદી પાસે લાવે, ને ત્યાં તને યાદ આવે કે મારા ભાઈને મારે વિરુદ્ધ કંઈ છે, તો ત્યાં વેદી આગળ તારું અર્પણ મૂકીને જા, પહેલાં તારા ભાઈની સાથે સલાહ કર, ને ત્યાર પછી આવીને તારું અર્પણ ચઢાવ."*
*(માથ્થી ૫: ૨૩-૨૪)*

આપણા માટે આ કલ્પના કરવી ખૂબ આસાન છે કે આપણે આપણા જીવનમાં અચાનક એવા સ્થાને પહોંચી જઈશું કે જ્યાં આપણે સંપૂર્ણ અને તૈયાર સ્થિતિમાં હોઈશું, પરંતુ તૈયારી અચાનક પૂરી થઈ જતી નથી. હકીકતમાં તે એક પ્રક્રિયા હોય છે જેને સતત જાળવી રાખવાની હોય છે. આપણા અનુભવના હાલના સ્તર પર નિશ્ચિત અને સંતોષી થવું ખતરનાક હોય છે. ખ્રિસ્તી જીવનને તૈયારીની અને અધિક તૈયારીની જરૂરત હોય છે.

એક નવા વિશ્વાસીને માટે ખ્રિસ્તી જીવનમાં બલિદાનની ભાવના ખૂબ જ આકર્ષક હોય છે. માનવી દ્રષ્ટિકોણથી, જે આપણને ઈસુ ખ્રિસ્ત તરફ આકર્ષિત કરે છે, તે આપણી બહાદુરીની ભાવના હોય છે, અને આપણા પ્રભુના શબ્દો દ્વારા આપણું ઝીણવટથી પરીક્ષણ અચાનક જ આપણા જોશની લહેરને પારખે છે. "...જા, પહેલા તારા ભાઈની સાથે સલાહ કર..." તૈયારી માટે "જા" નો અર્થ છે પરમેશ્વરના વચનને તમારું બારીકાઈથી પરીક્ષણ કરવા દેવું. તમારી બહાદુરીના બલિદાનની ભાવના પર્યાપ્ત નથી. પવિત્ર આત્મા, તમારામાં જે બાબતની શોધ કરે છે તે તો તમારો સ્વભાવ છે જે તેમની સેવામાં કદી કામ નથી કરી શકતો. પરમેશ્વર સિવાય, બીજુ કોઈ તમારામાં તે સ્વભાવની શોધ નથી કરી શકતું શું તમારામાં એવું કંઈક છે જેને પરમેશ્વરથી છુપાવવાની જરૂરત છે? જો છે, તો પરમેશ્વરને મંજૂરી આપો કે તે પોતાના પ્રકાશથી તમને પારખી લે. જો તમારા જીવનમાં પાપ છે તો તેને ફકત સ્વીકારશો નહિ - તેને કબૂલ કરો. શું તમે તમારા પ્રભુ અને સ્વામીની આજ્ઞા માનવાને તૈયાર છો, પછી ભલેને તેના કારણે તમારી જાત પર તમારા અધિકારનું કેટલું પણ અપમાન કેમ ના થાય?

જ્યારે પવિત્ર આત્મા તમને કોઈ બાબત માટે દોષિત ઠરાવતો હોય તો, તેની કદી અવગણના ના કરશો. આ એટલું મહત્વપૂર્ણ છે કે પવિત્ર આત્મા તેને તમારા મનમાં લાવી રહ્યા છે, તો આ તે જ બાબત છે જે તેમને તમારા જીવનમાં દેખાય છે. તમે ત્યાગ કરવામાં કોઈ મોટી બાબત તમારા જીવનમાં શોધતા હતા, જ્યારે પરમેશ્વર તમને કોઈ નાની બાબત અંગે જણાવે છે જે જીવનમાંથી દૂર થવી જરૂરી છે. પરંતુ તે નાની બાબતની પાછળ જીદ્દનો કિલ્લો છે, અને તમે કહો છો કે, "હું મારી જાત પરનો મારો અધિકાર નહિ ત્યાગુ"- પરંતુ જો તમારે ઈસુ ખ્રિસ્તના શિષ્ય બનવું હોય તો પરમેશ્વર ઈચ્છે છે તે દરેક બાબતોનો તમે ત્યાગ કરો.

## સંબંધ માટે ''જા''

*''જો કોઈ બળાત્કારથી તને એક ગાઉ લઈ જાય, તેની સાથે બે ગાઉ જા''*
*(માથ્થી ૫:૪૧)*

આપણા પ્રભુના શિક્ષણનું સંક્ષેપ એ છે કે: જો તેમણે આપણામાં એક અલૌકિક કાર્ય નથી કર્યું, તો જે સંબંધની માંગ તેઓ આપણી પાસે કરે છે, તે અસંભવ છે, ઈસુ ખ્રિસ્તની માંગ એ છે કે જ્યારે તેમના શિષ્યો અત્યાચાર અને અન્યાયનો સામનો કરે છે, ત્યારે તે પોતાના હૃદયમાં જરા પણ ચીડ, કે માઠુ ના લગાડે, અંદર મનમાં દાબવી પણ ના રાખે. ઈસુ ખ્રિસ્ત પોતાના સેવક પર જે તણાવ મૂકશે તેની સામે સેવકનો સંપૂર્ણ જોશ - ઉત્સાહ પણ તેનો મૂકાબલો નહિ કરે શકે. ફક્ત એક બાબત જ આ તણાવનો સામનો કરશે, અને તે તો સ્વયં ઈસુ ખ્રિસ્ત સાથેનો એક વ્યક્તિગત સંબંધ - એવો સંબંધ જેની પરીક્ષા કરવામાં આવી છે, શુદ્ધ અને પવિત્ર કરવામાં આવ્યો છે. અને એટલી હદે પારખવામાં આવ્યો હોય  છે કે જ્યાં સુધી ફક્ત એક જ ઉદ્દેશ બાકી રહે અને જ્યારે હું ખરેખર એમ કહું કે, ''હું આ રહ્યો જેથી પરમેશ્વર જ્યાં ચાહે ત્યાં મને મોકલી દે.'' બાકી બધું જ ધૂંધળું થઈ શકે છે, પરંતુ ઈસુ ખ્રિસ્ત સાથેનો આ સંબંધ ક્યારેય ધૂંધળો ના થવો જોઈએ.

પહાડ પરનું ભાષણ તે કોઈ પ્રાપ્ત ના થાય તેવો ઉદ્દેશ નથી; તે તો એક વિધાન છે જે દર્શાવે છે કે જ્યારે ઈસુ ખ્રિસ્ત પોતાના સ્વભાવને મારી અંદર મૂકીને મારા સ્વભાવને બદલી નાંખશે, ત્યારે મારામાં શું થશે. ઈસુ ખ્રિસ્ત જ એક માત્ર એ વ્યક્તિ છે જે પહાડ પરના ભાષણને પૂરૂ કરી શકે છે.

જો આપણે ઈસુના શિષ્યો બનવું હોય તો આપણને અલૌલિક રીતે શિષ્યો બનાવવાની જરૂરત છે. જ્યાં સુધી આપણે તેના શિષ્યો હોવાના દ્રઢ ઉદ્દેશને હેતુપૂર્વક જાળવી રાખીએ છીએ, ત્યારે આપણે નિશ્ચિતરૂપથી જાણીએ છીએ કે આપણે શિષ્યો નથી. ઈસુએ કહ્યું, ''તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે...''(યોહાન ૧૫:૧૬). પરમેશ્વરની કૃપાનો માર્ગ એ જ રીતે શરૂ થાય છે. આ એક એવી જબરદસ્તી છે જેનાથી આપણે કદી બચી શકતા નથી; આપણે તેનું ઉલ્લંઘન કરી શકીએ છીએ, પરંતુ આપણે પોતાની જાતે શરૂ કરી શકતા નથી, અને પોતાની જાતે તેને ઉત્પન્ન કરી શકતા નથી. આપણે પરમેશ્વરની ઈશ્વરીય કૃપાના કાર્ય દ્વારા તેમની તરફ ખેંચાઈ છીએ, અને આપણને કદી એ ખબર નથી પડતી કે આ કાર્ય ક્યાં શરૂ થયું હતું. આપણા પ્રભુની શિષ્ય બનાવવાની રીત અલૌકિક છે. તે આપણી કોઈ સ્વાભાવિક યોગ્યતા પર કદી નિર્માણ નથી કરતા. પરમેશ્વર આપણી પાસે એવું કામ કદી નહિ કરાવે જે સ્વાભાવિક રીતે આપણા માટે આસાન અને સરળ હોય, તે આપણી પાસે ફક્ત એવું કામ કરવાનું કહેશે જેને કરવા માટે આપણે તેની કૃપા દ્વારા બિલકુલ યોગ્ય છે, અને અહીં જ જે વધસ્તંભ આપણે ઉઠાવવાનો આવે છે, અને તે હંમેશા આવે છે.

## સમાધાન નું “જા”

*“જો...તને યાદ આવે કે તારા ભાઈને તારી વિરુદ્ધ કંઈ ફરિયાદ છે.”*
*(માથ્થી ૫:૨૩)*

આ વચન કહે છે કે, “જો તું તારું અર્પણ વેદી પાસે લાવે, અને ત્યાં તને યાદ આવે કે તારા ભાઈને તારી વિરુદ્ધ કંઈ ફરિયાદ છે...” આ વચન એમ નથી કહેતું કે, “જો તું પારખ કરે અને તારી અસંતુલિત સંવેદનશીલતાના કારણે કંઈ જડે” પરંતુ, એ કે “જો તને યાદ આવે કે...” બીજા શબ્દોમાં, જો તમારા સભાન મનમાં પરમેશ્વરના આત્મા દ્વારા કોઈ બાબતને યાદ કરાવવામાં આવે છે, તો “પહેલા તારા ભાઈની સાથે સલાહ કર, ને ત્યાર પછી આવીને તારું અર્પણ ચઢાવ”(૫:૨૪). જ્યારે પરમેશ્વરનો આત્મા તમને નાનામાં નાની બાબત વિશે કંઈ શીખવે છે ત્યારે તેમની તીવ્ર સંવેદનશીલતાનો વિરોધ ના કરશો.

“પહેલા તારા ભાઈની સાથે સલાહ કર...” આપણા પ્રભુનો આદેશ સરળ છે - “પહેલા સલાહ કર.” તે હકીકતમાં એમ કહે છે કે, “જે માર્ગે તું આવ્યો હતો, તે જ માર્ગે પાછો જા - અર્થાત્ વેદી પર તને પાપની ખાતરી કરાવવામાં આવી છે તે માર્ગે જા; જે વ્યક્તિના મનમાં તારી તરફ વિરોધ છે, તેના પ્રત્યે એવું વલણ રાખ જે સલાહને એટલી સરળ બનાવી દેશે જેટલું શ્વાસ લેવું સરળ છે.” ઈસુએ બીજા વ્યક્તિની વાત કરી નથી - તેમણે કહ્યું તું જા. અહીં તમારા અધિકારોનો સવાલ નથી આવતો. એક સંતનું અસલી ચિહ્ન એ હોય છે કે તે પોતાના અધિકારોને પોતાની ઈચ્છાથી છોડી શકે છે અને પ્રભુ ઈસુની આજ્ઞાને માની શકે છે.

“...ત્યાર પછી આવીને તારું અર્પણ ચઢાવ” સલાહની પ્રક્રિયા સ્પષ્ટતાથી બતાવવામાં આવી છે. પ્રથમ તો આત્મબલિદાનની બહાદુરી છે, પછી પવિત્ર આત્માની સંવેદનશીલતાની રૂકાવટ છે, અને ત્યારે આપણને પોતાને પાપની ખાતરી થવાની ક્ષણે રોકવામાં આવે છે. ત્યારબાદ પરમેશ્વરના વચન પ્રત્યે આજ્ઞાપાલન આવે છે, જે એક એવું વલણ બનાવે છે કે જેની સાથે તમારે સંબંધ બગડ્યો હતો તેની પર કોઈ દોષ નથી લગાવતા અને અંતમાં તમે પરમેશ્વરને આનંદમય, સરળ અને કોઈ રૂકાવટ વગર ભેટ ચઢાવી શકો છો.

## ત્યાગનું ''જા''

*''કોઈ એકે તેમને કહ્યું કે, પ્રભુ જ્યાં કહીં તું જઈશ ત્યાં હું તારી પાછળ આવીશ''*
*(લૂક ૯:૫૭)*

આ વ્યક્તિ પ્રત્યેનું આપણા પ્રભુનું વલણ પુષ્કળ નિરૂત્સાહી કરવાનું હતું કેમ કે, ''માણસમાં શું છે એ તે પોતે જાણતો હતો.''(યોહાન ૨:૨૫). જો આપણે હોત તો કહેતા કે, ''મને સમજ નથી પડતી કે શા માટે તેમણે તે માણસને જીતવાની તક ગુમાવી દીધી! કલ્પના કરો ઈસુએ તેની સાથે કેટલો ઠંડો વ્યવહાર કર્યો અને નિરાશ કરીને પાછો મોકલી દીધો!'' પ્રભુના બદલે કદી ક્ષમા ના માંગશો, પ્રભુના વચન જ્યાં સુધી દુ:ખ લગાવાને માટે અને ઠેસ લાગવાને માટે કશું જ બાકી ના રહે ત્યાં સુધી દુ:ખ લગાડે છે અને ઠેસ પહોંચાડે છે. ઈસુ ખ્રિસ્તના હૃદયમાં એવી કોઈ બાબત જે અંતે તે વ્યક્તિને પરમેશ્વરની સેવાને માટે નષ્ટ કરવાની દિશામાં લઈ જાય છે તે માટે કોઈ જ સહાનુભૂતિ નથી હોતી. આપણા પ્રભુનો ઉત્તર કોઈ તરંગી બાબત કે લાગણીના આવેશ પર નહિ, પરંતુ ''માણસના મનમાં શું છે'' તે જાણકારી પર આધારિત હતો. જો પરમેશ્વરનો આત્મા તમારા મનમાં પ્રભુના એવા કોઈ વચનને લાવે છે જેથી તમને ઠેસ પહોંચે છે, તો તમારે નિશ્ચય એ જાણવું કે તમારી અંદર એવું કંઈક છે જે તે બાબત નષ્ટ ના થાય ત્યાં સુધી તે ઠેસ પહોંચાડવા માંગે છે.

લૂક ૯:૫૮ : આ શબ્દો એ તર્કને નષ્ટ કરે છે કે ઈસુ ખ્રિસ્તની સેવા એ માટે કરવી જોઈએ કારણ કે એવું કરવું સુખદાયક છે. અને જે નાપસંદગીની તે માંગણી કરે છે તેની કઠોરતા મારા જીવનમાં મારા પ્રભુ, મને એક અત્યંત ઉત્તેજીત આશાની ભાવના સિવાય બીજી કોઈ બાબતને મંજૂરી નથી આપતી, તે એમ કહે છે ''બીજાઓને આવવા દે અને જવા દે'' તારે ફક્ત મારી પ્રત્યેનો તારો જે સંબંધ છે તેના વડે માર્ગદર્શન લેવાનું છે અને ''...માણસના દીકરાને માથું મૂકવાનું ઠામ ઠેકાણું નથી.''

લૂક ૯:૫૯ : આ વ્યક્તિ ઈસુને નિરાશ કરવા નહોતો માંગતો, અને તે પોતાના પિતા પ્રત્યેના આદરમાં ઉણપ દર્શાવવા નહોતો માંગતો. આપણે આપણા સગાવહાલાઓ પ્રત્યેની આપણી વફાદારીને ઈસુ ખ્રિસ્ત પ્રત્યેની વફાદારી કરતા આગળ મૂકીએ છીએ, અને ઈસુને આખરી સ્થાન લેવા મજબૂર કરીએ છીએ. જ્યારે તમારી વફાદારીઓમાં ટકરાવ થાય, ત્યારે જે કંઈ પણ કિંમત ચૂકવવી પડે પરંતુ હંમેશા ઈસુ ખ્રિસ્તની આજ્ઞા પાળો.

લૂક ૯:૬૧ : જે વ્યક્તિ કહે છે કે, ''પ્રભુ, હું તારી પાછળ આવીશ; પરંતુ...'' તે એવો વ્યક્તિ છે જે જવા માટે ગંભીર રીતે તૈયાર છે પરંતુ કદી જતો નથી. આ વ્યક્તિના મનમાં જવા માટે કોઈ શરતો હતી. ઈસુના કઠણ તેડામાં અલવિદા કહેવાને કોઈ જ સ્થાન નથી. અલવિદા કહેવાની જે આપણી રીત છે તે વિધર્મી હોય છે, ખ્રિસ્તી નહિ, કેમ કે તે બાબતો આપણા ધ્યાનને તેડાથી દૂર કરી દે છે. જ્યારે પરમેશ્વરનું તેડુ તમને પ્રાપ્ત થાય કે તરત નીકળી જાઓ અને કદી રોકાશો નહિ.

## બિનશરતી એકરૂપતાનું ''જા''

*''તેમણે(ઈસુએ) તેને કહ્યું કે, 'તું એક વાત સંબંધી અધૂરો છે;' તારું જે છે તે જઈને વેચી નાખ,*
*ને દરિદ્રીઓને આપી દે...મારી પાછળ ચાલ ''*
*(માર્ક ૧૦:૨૧)*

આ ધનવાન જુવાન અધિકારને સંપૂર્ણ બનવાની તીવ્ર ઈચ્છા તેને વશમાં રાખતી હતી. જ્યારે તેણે ઈસુને જોયા ત્યારે તેને ઈસુના જેવા બનવાની ઈચ્છા થઈ. જ્યારે આપણો પ્રભુ એક શિષ્યને બોલાવે છે, ત્યારે તેની વ્યક્તિગત પવિત્રતાને બીજી બધી બાબતોથી વધુ મહત્વ નથી આપતા. ઈસુના માટે સૌથી મહત્વપૂર્ણ વાત એ હોય છે કે મારી જાત ઉપર મારા અધિકારનો સંપૂર્ણ નાશ અને પ્રભુની સાથે હું એકરૂપ થાઉં, જેનો અર્થ એ થાય છે કે તેની સાથે એવો સંબંધ રાખવો જેમાં બીજો કોઈ જ સંબંધ ના હોય. લૂક ૧૪: ૨૬ નો અર્થ તારણ કે પવિત્રીકરણની સાથે નથી, પરંતુ ઈસુ ખ્રિસ્તની સાથે બિનશરતી બનવામાં છે. આપણામાંથી ખૂબ થોડા જ લોકો છે જેઓ ખરેખર જાણે છે કે ઈસુ પ્રત્યે ત્યાગ અને સમર્પણનો અને તેની સાથે કોઈ પણ શરત વગર એકરૂપ થવાના ''જા'' નો અર્થ શું છે.

''તેની તરફ જોઈને ઈસુને તેના પર હેત આવ્યું...''(માર્ક ૧૦:૨૧). ઈસુની આ દ્રષ્ટિનો અર્થ એ થાય કે તમે તમારા હૃદયથી કોઈ વ્યક્તિ કે વસ્તુ પ્રત્યેની વફાદારીને હંમેશને માટે તોડી દેશો. શું ઈસુએ તમારી તરફ કદી આવી દ્રષ્ટિથી જોયું છે? ઈસુની આ રીતની દ્રષ્ટિ પરીવર્તન કરે છે, વિંધી નાંખે છે અને બંદી બનાવી દે છે. જે બાબતમાં તમે પરમેશ્વર સાથે નરમ અને મૃદુ છો તે એ સ્થાન છે જેમાં પ્રભુએ તમારા પર દ્રષ્ટિ કરી છે. જો તમે કઠોર અને બદલાની ભાવનાવાળા વ્યક્તિ છો, પોતાની ઈચ્છા અનુસાર કરવા માંગો છો, અને હંમેશા એમ સમજો છો કે બીજી વ્યક્તિ તમારા કરતા વધુ ખોટો છે, તો તમારા સ્વભાવના એવા ક્ષેત્રો છે જે પ્રભુની દ્રષ્ટિના કારણે ક્યારેય બદલાયા નથી.

''તું એક વાત સંબંધી અધૂરો છે...'' ઈસુ ખ્રિસ્તના દ્રષ્ટિકોણથી, ઈસુની સાથેની એકતા, જેની વચ્ચે કોઈ ત્રીજી બાબત ના હોય, તે જ એકમાત્ર સારી બાબત છે.

''...તારું જે છે તે જઈને વેચી નાખ...'' મારે મારી જાતને એટલી નમ્ર બનાવવાની છે જ્યાં સુધી હું ફક્ત એક જીવંત વ્યક્તિ જ બની રહુ બીજુ કંઈ નહિ. મારે દરેક પ્રકારની સંપતિનો ત્યાગ કરવાનો છે, તારણને માટે નહિ પરંતુ એ માટે કે હું ઈસુની પાછળ ચાલી શકું. ''...આવ...મારી પાછળ ચાલ'' અને માર્ગ એ છે કે જેની પર તેઓ પોતે ચાલ્યા.

## તેડાની સભાનતા

*"...કેમ કે એમ કરવું મારી ફરજ છે; અને જો હું સુવાર્તા પ્રગટ ન કરું, તો મને અફસોસ છે."*
*(૧ કરિંથી ૯:૧૬)*

આપણા મનનું વલણ એવું છે કે આપણે પરમેશ્વરના ઊંડા આત્મિક અને ઈશ્વરીય સ્પર્શને ભૂલી જઈએ છીએ. જો તમે એ જણાવી શકો કે જ્યારે તમને પરમેશ્વરનું તેડુ પ્રાપ્ત થયું ત્યારે તમે ક્યાં હતા, અને તે અંગે બધું જ સમજાવી શકો છો તો મને શંકા છે કે તમને ખરેખર તેડવામાં આવ્યા છે કે નહિ. પરમેશ્વરનું તેડું એવી રીતે નથી આવતુંઃ તે તેનાથી વધુ ઈશ્વરીય રીતે આવે છે. એક વ્યક્તિના જીવનમાં પરમેશ્વરના તેડાનો અહેસાસ વિજળીના કડાકાની જેમ આવી શકે છે અને ધીરે ધીરે પણ આવી શકે છે, જો કે તેનો અનુભવ એકાએક થાય કે ધીરેથી થાય અલૌકિકની  એક અંતર્ભાવના હંમેશા તેની સાથે હોય છે - એક એવી બાબત જે અવર્ણનીય હોય છે અને એક "ઉલ્લાસ" લાવે છે. કોઈ પણ ક્ષણે આ મહાન, ઈશ્વરીય, આશ્ચર્યજનક તેડાએ તમને પકડી લીધા છે, તેની આકસ્મિક સમજણ તમને થઈ શકે છે કે, "મેં તમને પસંદ કર્યા છે..."(યોહાન ૧૫:૧૬). પરમેશ્વરના તેડાને તારણ અને પવિત્રીકરણ સાથે કોઈ જ સંબંધ નથી. તમારું પવિત્રીકરણ થયું છે માટે તમને સુવાર્તાપ્રચાર માટે તેડવામાં નથી આવ્યા. સુવાર્તાપ્રચાર કરવાનું તેડું બિલકુલ જુદુ જ છે. પાઉલ તેનું કારણ જણાવે છે કે એ એક અનિવાર્ય દબાણ બનતું જે તેની પર મૂકવામાં આવ્યું હતું.

જો તમે તમારા જીવનમાં પરમેશ્વરના મહાન ઈશ્વરીય તેડાની અવગણના કરી છે અને તેના પરિણામે તેને હટાવી દીધું છે, તો પોતાની પરિસ્થિતિ તરફ ફરીથી ધ્યાન આપો કે તમે ક્યાં ક્યાં સેવા અંગેના પોતાના વિચારોને કે પોતાની વિશેષ યોગ્યતાઓને પરમેશ્વરના તેડાની આગળ મૂક્યા છે. પાઉલે કહ્યું, "...જો હું સુવાર્તા પ્રગટ ન કરું તો મને અફસોસ છે" તેને પરમેશ્વરના તેડાની સમજણ પડી ગઈ હતી, અને "સુવાર્તા પ્રગટ" કરવાનું તેના પરનું અનિવાર્ય દબાણ એટલું પ્રબળ હતું કે તેની શક્તિની સાથે સ્પર્ધા કરનાર કશું જ બચ્યું નહોતું.

જો કોઈ વ્યક્તિને પરમેશ્વર દ્વારા તેડવામાં આવે છે, તો તેની પરિસ્થિતિઓ કેટલી મુશ્કેલ હતી તેનાથી તેને કંઈ જ ફર્ક પડતો નથી. અંતે પરમેશ્વર પોતાના ઉદ્દેશને માટે કાર્ય કરનાર દરેક શક્તિ પર નિયંત્રણ રાખે છે. જો તમે પરમેશ્વરના ઉદ્દેશ સાથે સંમત થશો તો તે ફક્ત તમારા સચેત સ્તરને જ નહિ, પરંતુ તમારા જીવનના દરેક ઊંડા સ્તરોને પણ, જ્યાં તમે પોતે નથી પહોંચી શકતા તે તમામને સંપૂર્ણ સુમેળમાં લાવશે.

## તેડાનું કાર્ય સોંપવું

*“તમારે સારુ મારા પર જે દુઃખો પડે છે તેમાં હું હમણાં આનંદ પામું છું,*
*અને ખ્રિસ્તના સંકટોમાંની જે ન્યૂનતા હોય તે હું, તેનું શરીર જે મંડળી છે*
*તેની ખાતર મારા શરીર દ્વારા પૂરી કરું છું”*
*(કલોસી ૧:૨૪)*

આપણે આપણા પોતાના જ આત્મિક અભિષેકને લઈને તેને પરમેશ્વરનું તેડું બનાવવાની કોશિશ કરીએ છીએ, પરંતુ જ્યારે પરમેશ્વરની સાથે આપણો સંબંધ વ્યવસ્થિત થઈ જાય છે, તો તે આ બાબતોને બાજુએ મૂકી દે છે. ત્યારબાદ તે આપણને એક જબરદસ્ત, જકડી રાખનાર દર્દ આપે છે જેથી આપણા ધ્યાનને એક એવી બાબત પર જકડી દે છે જેના માટે આપણે આપણી કલ્પનાઓમાં પણ કદી વિચાર્યું નથી કે આ બાબત આપણા માટે તેમનું તેડું હોઈ શકે છે. અને પછી એક તેજસ્વી, ચમકદાર ક્ષણ માટે આપણે તેમના ઉદ્દેશને જોઈએ છીએ, અને આપણે કહીએ છીએ, “હું આ રહ્યો! મને મોકલ”(યશાયા ૬:૮).

આ તેડાને વ્યક્તિગત પવિત્રીકરણ સાથે કોઈ જ સંબંધ નથી, પરંતુ તેનો સંબંધ તો ભંગિત થયેલી રોટલી અને વહેવડાવવામાં આવેલ દ્રાક્ષારસ બનાવવામાં આવવા સાથે છે. જે આંગળીઓનો ઉપયોગ તેઓ આપણને નિચોવવા માટે કરે છે તે આંગળીઓ પ્રત્યે જો આપણને વાંધો-વિરોધ છે તો પરમેશ્વર આપણને કદી પણ દ્રાક્ષારસ બનાવી શકતા નથી. આપણે કહીએ કે, “જો પરમેશ્વર પોતાની જ આંગળીઓનો ઉપયોગ કરીને એક વિશિષ્ટ રીતથી મને ભંગિત થયેલ રોટલી અને વહેવડાવામાં આવેલ દ્રાક્ષારસ બનાવે, તો મને કોઈ વાંધો નથી!” પરંતુ જો તેઓ મને કચડવા માટે કોઈ એવી વ્યક્તિનો ઉપયોગ કરે છે જે આપણને પસંદ નથી, કોઈ એવી પરિસ્થિતિઓનો જેમના માટે આપણે કહી દીધું છે કે આપણે એવા સંજોગોને આધીન કદી નહિ થઈએ, તો આપણને વિરોધ છે. છતાં આપણે આપણા શહીદ થવાના સ્થાનની પસંદગી કરવાની કોશિશ ના કરવી જોઈએ. જો આપણને દ્રાક્ષારસ બનાવવામાં આવે છે, તો આપણું કચડાવવું જરૂરી છે - તમે દ્રાક્ષોને પી શકતા નથી, દ્રાક્ષોને દ્રાક્ષારસ ત્યારે જ બને છે જ્યારે તેને નિચોવવામાં આવી હોય.

પરમેશ્વર તમને નિચોવવા માટે કઈ આંગળી કે અંગૂઠાનો ઉપયોગ કરે છે તે અંગે હું આશ્ચર્ય અનુભવું છું? શું તમે આરસપહાણની જેમ સખત બનીને બચી જાઓ છો? જો તમે હજુ પાક્યા નથી અને છતાં પણ પરમેશ્વરે તમને નિચોવ્યા છે, તો તમારામાંથી નીકળતો દ્રાક્ષારસ ખૂબ કડવો હશે. એક પવિત્ર વ્યક્તિ થવાનો અર્થ એ છે કે જેમ જેમ આપણા શારીરિક જીવનના તત્વ પરમેશ્વરની સેવામાં તોડવામાં આવે છે, તેમ તેમ તેઓ તેમની હાજરીનો અનુભવ કરે છે. આપણને પરમેશ્વરના હાથોમાં ભંગિત રોટલી બની શકીએ તે પહેલાં આપણને પરમેશ્વરના હાથમાં મૂકવામાં આવવા જોઈએ અને તેમની સાથે સંમતિમાં લાવવામાં આવે તે જરૂરી છે. પરમેશ્વર સાથે યોગ્ય સંબંધમાં રહો, અને તેઓ જે ઈચ્છે છે તે તેમને કરવા દો, અને તમે અનુભવશો કે તે એવી રોટલી અને એવો દ્રાક્ષારસ બનાવી રહ્યા છે જેનાથી તેમના બીજા બાળકોને લાભ થાય.

ઑક્ટોબર ૧

## ઊંચે ઉઠવાનું સ્થાન

*“...ઈસુ...તેઓને ઊંચા પહાડ ઉપર એકાંતમાં લઈ જાય છે...”*
*(માર્ક ૯:૨)*

આપણે સર્વએ આત્મિક પહાડ પર ઊંચા ઉઠવાના અવસરનો અનુભવ કર્યો છે, જ્યાં આપણે વસ્તુઓને પરમેશ્વરના દ્રષ્ટિકોણથી જોઈ છે, અને ત્યાં જ રહેવાનું ઈચ્છ્યું છે. પરંતુ પરમેશ્વર કદીયે આપણને ત્યાં રહેવા નહિ દે. આપણા આત્મિક જીવનની ખરી કસોટી પહાડ પરથી નીચે ઉતરવાના સામર્થ્યનું પ્રદર્શન કરવામાં હોય છે. જો આપણામાં ફક્ત પહાડ પર ચઢવાનું જ સામર્થ્ય છે, તો કંઈક ખોટું છે. પરમેશ્વરની સાથે પહાડ પર હોવું તે ખૂબ જ અદ્ભુત બાબત છે, પરંતુ વ્યક્તિ ત્યાં એ માટે જાય છે કે ત્યારબાદ તે નીચે ઉતરે અને ખીણમાં દુષ્ટ આત્માઓના બંધનમાં જકડાયેલા લોકોને ઉઠાવે (જુઓ ૯:૧૪-૧૮). આપણે પહાડો, સૂર્યોદય કે જીવનની બીજી અન્ય સુંદર અને આકર્ષક ચીજો માટે નથી બનાવવામાં આવ્યા - તે તો ફક્ત પ્રેરણાની પળો ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશથી આપવામાં આવે છે. આપણને ખીણને માટે અને જીવનની સાધારણ બાબતોને માટે બનાવવામાં આવ્યા છે, અને આ તે જગ્યા છે જ્યાં આપણે આપણા જોશ અને શક્તિ સાબિત કરી આપવાના છે. છતાંયે આપણો આત્મિક સ્વાર્થ પહાડ પર હોવાની ક્ષણોને વારંવાર ઈચ્છે છે. આપણે એવું સમજીએ છીએ કે જો આપણે હંમેશા પહાડ પર રહી શકીએ તો આપણે સ્વર્ગદૂતોની જેમ સંપૂર્ણ જીવન જીવી શકીએ છીએ. ઊંચા ઉઠાવવામાં આવે તેવા અવસરો ક્યારેક જ આવે છે અને પરમેશ્વરની સાથેના આપણા જીવનમાં તેનું મહત્વ પણ હોય છે, પરંતુ આપણે સાવધાન રહેવું જોઈએ અને ફક્ત આવા જ અવસરોની ઈચ્છા રાખવાના આપણા આત્મિક સ્વાર્થને રોકવો જોઈએ.

આપણું વલણ એવું છે કે આપણે વિચારીએ છીએ કે જે કંઈ પણ થાય છે તેણે એક ઉપયોગી શિક્ષણમાં બદલાઈ જવું જોઈએ. વાસ્તવમાં તો તેણે શિક્ષણથી પણ વધુ ઉત્તમ ચીજમાં બદલાઈ જવું જોઈએ, અર્થાત્ ચારિત્રમાં બદલાવું જોઈએ. પહાડની ટોચ પરના અનુભવનો ઉદ્દેશ આપણને કશું શીખવાડવાનો નથી, પરંતુ આપણને કંઈક બનાવવાનો છે. “આ અનુભવનો ઉપયોગ શું છે?” એવો પ્રશ્ન પૂછવો તે એક બહુ મોટો ફાંદો હોય છે. આપણે આત્મિક બાબતોને આવી રીતે કદી માપી શકતા નથી. પહાડ પરની ક્ષણો તે ભાગ્યેજ પ્રાપ્ત થનાર પળો હોય છે, અને તે પરમેશ્વરના ઉદ્દેશમાં કોઈ વિશેષ અર્થ માટે હોય છે.

## અપમાનનું સ્થાન

*"જો તું કંઈ કરી શકે તો અમારા પર કરુણા રાખીને અમને મદદ કર"*
*(માર્ક ૯:૨૨)*

દરેક વખતે ઊંચા ઉઠાવવામાં આવ્યા પછી, આપણને અચાનક વાસ્તવિક બાબતોમાં નીચે લાવવામાં આવે છે જ્યાં તે બાબતો સુંદર, કાવ્યાત્મક કે રોમાંચક નથી હોતી. પહાડની ટોચની ઊંચાઈને ખીણની નિરાશાજનક કંટાળાભર્યા કામ સાથે માપવામાં આવે છે, પરંતુ આપણે પરમેશ્વરના મહિમા માટે ખીણમાં રહેવું જરૂરી છે. આપણે પહાડ પર તેમનો મહિમા જોઈએ છીએ પરંતુ આપણે તેમના મહિમા માટે ત્યાં રહેતા નથી. પરમેશ્વરને માટે આપણા સાચા મૂલ્યની ઓળખ આપણને અપમાનના સ્થાન પર ખબર પડે છે - આ જ એ જગ્યા છે જ્યાં આપણું વિશ્વાસુપણું પ્રગટ થાય છે. આપણામાંના ઘણા લોકો આપણા મનના સ્વાભાવિક સ્વાર્થના કારણથી, જ્યારે આપણે સામર્થ્યના સ્તર પર હોઈએ ત્યારે જ કામ કરી શકીએ છીએ. પરંતુ પરમેશ્વર ઈચ્છે છે કે આપણે દરરોજના નીરસ સ્તર પર રહીએ, જ્યાં આપણે તેમની સાથે આપણા વ્યક્તિગત સંબંધ અનુસાર ખીણમાં રહીએ છીએ. પિતરે વિચાર્યું કે પહાડ પર જ રહેવું ખૂબ અદ્ભુત બાબત છે, પરંતુ ઈસુ ખ્રિસ્ત શિષ્યોને પહાડ પરથી નીચે ખીણમાં લાવ્યા જ્યાં દર્શનનો સાચો અર્થ સમજાવવામાં આવ્યો (જુઓ ૯:૫-૬, ૧૪-૨૩).

"જો તું કંઈ કરી શકે તો..." આપણામાંથી અવિશ્વાસને દૂર કરવા માટે અપમાનની ખીણની જરૂર હોય છે. જરા પાછળ ફરીને પોતાના જ અનુભવ તરફ જુઓ અને તમે જોશો કે જ્યાં સુધી તમે એ ના જાણ્યું કે હકીકતમાં ઈસુ કોણ છે, ત્યાં સુધી તમે તેના સામર્થ્યના વિષે એક નિપૂણ અવિશ્વાસી હતા. જ્યારે તમે પહાડની ટોચ પર હતા, ત્યારે તો તમે કોઈ પણ વાત પર વિશ્વાસ કરી શકતા હતા, પરંતુ જ્યારે તમારે ખીણની વાસ્તવિકતાઓનો સામનો કરવો પડ્યો ત્યારે શું થયું? તમે તમારા પવિત્રીકરણ વિશે સાક્ષી આપી શકો છો, પરંતુ અત્યારે જે બાબત તમારા માટે તમને અપમાનજનક સ્થિતિમાં મૂકે છે તેનું શું? છેલ્લીવાર જ્યારે તમે પરમેશ્વર સાથે પહાડ પર હતા ત્યારે તમે જોયું હતું કે સ્વર્ગમાં અને પૃથ્વી પર બધું સામર્થ્ય ઈસુનું હતું - શું તમે હજુ અવિશ્વાસ કરશો, ફક્ત એ માટે કે તમે અપમાનની ખીણમાં છો?

ઑક્ટોબર ૩

## સેવાનું સ્થાન

*“તેણે તેઓને કહ્યું કે, ‘પ્રાર્થના સિવાય બીજા કોઈ ઉપાયથી*
*એ જાત નીકળી શકે એમ નથી’ ”*
*(માર્ક ૯:૨૯)*

“તેના શિષ્યોએ તેમને એકાંતમાં પૂછ્યું કે, ‘અમે કેમ તે કાઢી ના શક્યા’?” (માર્ક ૯:૨૮). તેનો ઉત્તર ઈસુ ખ્રિસ્ત સાથેના એક વ્યક્તિગત સંબંધમાં છે. “...સિવાય બીજા કોઈ ઉપાયથી એ જાત નીકળી શકે એમ નથી” અર્થાત્ ઈસુ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી અને ફરી એ ધ્યાન બે ગણું અને તેનું પણ બે ગણું કરવાથી જ શક્ય બને છે. પરમેશ્વરના સામર્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કર્યા વગર અને તેમના વગર પોતાના જ સ્વભાવથી લીધેલા વિચારો મુજબ ચાલીને, તેમનું કાર્ય કરવાની કોશિશ કરવા દ્વારા આપણે હંમેશા અસમર્થ રહીએ છીએ, જે રીતે આ પરિસ્થિતમાં શિષ્યો અસમર્થ હતા. પરમેશ્વરને ઓળખ્યા વિના તેમની સેવા કરવાની ઉત્સુકતાથી હકીકતમાં આપણે પરમેશ્વરની નીંદા અને તેનું અપમાન કરીએ છીએ.

જ્યારે તમારો સામનો કોઈ મુશ્કેલ પરિસ્થિતિથી થાય છે અને બાહ્યરૂપે કંઈ જ ના થાય, તો તમે ત્યારે પણ જાણી શકો છો કે ઈસુ ખ્રિસ્ત પર સતત ધ્યાન કેન્દ્રિત કરવાના કારણે તમે મુક્તિ અને છુટકારો પામી શકો છો. સેવાકાર્યમાં અને કારભારમાં તમારી ફરજ એ છે કે તમે ધ્યાન રાખો કે તમારી અને ઈસુની વચ્ચે કશું જ ના આવે. શું હજુ પણ તમારી અને ઈસુની વચ્ચે એવું કંઈ છે? જો છે, તો તમારે તેને દૂર કરવું પડશે, તેની અવગણના કરવા દ્વારા નહિ, ન તો તેનાથી ઉપર જઈને અને આગળ જઈ અવરોધીને નહિ, પરંતુ તેનો સામનો કરવા દ્વારા તે સમસ્યા, અને તેના સંબંધી તમે જે તમામ બાબતોમાંથી પસાર થયા છો, તે એવી રીતે ઈસુ ખ્રિસ્તનો મહિમા કરશે જેની જાણકારી જ્યાં સુધી તમે ઈસુને મોઢા-મોઢ નહિ જુઓ ત્યાં સુધી તમને નહિ થાય.

આપણે “ગરૂડની પેઠે પાંખો પ્રસારવા”(યશાયા ૪૦:૩૧) સક્ષમ હોવા જોઈએ, પરંતુ આપણને નીચે ઉતરવાનું પણ આવડવું જોઈએ. એક સંતના જીવનનું સામર્થ્ય નીચે ઉતરવામાં અને ખીણમાંનું જીવન જીવવામાં હોય છે. પાઉલે કહ્યું કે, “જે મને સામર્થ્ય આપે છે તેની સહાયથી હું બધું કરી શકું છું”(ફિલિપ્પી ૪:૧૩), અને જે બાબતોની તે અહિં વાત કરે છે તે મોટે ભાગે અપમાનજનક બાબતો છે, અને છતાંયે તે આપણા સામર્થ્યમાં છે કે આપણે અપમાનિત થવાનો નકાર કરી દઈએ અને કહીએ કે, “ના, માફ કરજો, પરંતુ હું પરમેશ્વરની સાથે પહાડ પર રહેવાનું વધુ પસંદ કરીશ.” શું હું ઈસુ ખ્રિસ્તની વાસ્તવિકતાના પ્રકાશમાં, દરેક બાબતો જેવી છે તેવી જ હું સામનો કરી શકું છું? કે શું આ બાબતો ઈસુ ખ્રિસ્ત પરના મારા વિશ્વાસને નષ્ટ કરી દે છે અને ગભરાવી નાખે છે?

## દર્શન અને વાસ્તવિકતા

*"જેઓને સંતો થવાને તેડવામાં આવેલા છે, તેઓ...સર્વ જોગ"*
*(૧ કરિંથી ૧:૨)*

પરમેશ્વરનો આભાર માનીએ કે આપણે તે સર્વ જોઈ શકીએ છીએ જે આપણે હજુ સુધી બન્યા નથી. તમને દર્શન મળ્યું છે, પરંતુ તમે હજુ સુધી ત્યાં પહોંચ્યા નથી. જ્યારે આપણે ખીણમાં હોઈએ છીએ, જ્યાં આપણે એ સાબિત કરીએ છીએ કે, આપણે પસંદ કરાયેલા છીએ કે નહિ, તો આ જ તે જગ્યા હોય છે જ્યાં આપણામાંથી મોટાભાગના લોકો પાછા વળી જાય છે. જો આપણે દર્શનના આકારમાં બદલાવાનું છે, તો તેના માટે જે ઝટકા અને ઘા પડવા જરૂરી છે, તેના માટે આપણે સંપૂર્ણ રીતે તૈયાર નથી. આપણે જોઈ લીધું છે કે આપણે શું નથી, અને પરમેશ્વર શું ઈચ્છે છે કે આપણે તે બનીએ, પરંતુ શું આપણે પરમેશ્વર દ્વારા ઉપયોગ થઈ શકે તેવા દર્શનના આકારમાં ટીપીને લાવવામાં આવે તે માટે તૈયાર છીએ? હંમેશા સામાન્ય દૈનિક રીતોમાં અને સાધારણ રોજીંદા લોકો દ્વારા આ ટીપવાનું કાર્ય થાય છે.

ક્યારેક એવા સમય પણ આવે છે કે જ્યારે આપણે એ જાણીએ છીએ કે પરમેશ્વરનો ઉદ્દેશ શું છે, ત્યારે દર્શનને સાચે જ ચારિત્રમાં બદલી જવા દઈશું કે નહિં તેનો આધાર આપણી પર છે. જો આપણે પહાડ પર આરામ કરવા અને દર્શનની યાદમાં રહેવાનું વધુ પસંદ કરીશું, તો આપણે મનુષ્યનું જીવન જેના વડે બને છે તેવી સાધારણ બાબતોમાં કોઈ કામના નહિ રહીએ. આપણે ફક્ત એક ભાવવિભોર આનંદ અને પરમેશ્વર પર સભાનતાપૂર્વક ચિંતન કરતા જ નહિ પરંતુ જે બાબતોને આપણે દર્શનમાં જોઈ હતી તે પર ભરોસો કરતાં જીવવાનું છે. આનો અર્થ એ થાય કે જ્યાં સુધી દર્શનનું સત્ય આપણામાં પૂરું નથી થતું, ત્યાં સુધી પોતાના જીવનની વાસ્તવિકતાઓને દર્શનના પ્રકાશમાં જીવવું આપણી તાલીમનો એક હિસ્સો આ જ દિશામાં હોય છે. પરમેશ્વરને ધન્યવાદ આપવાનું શીખીએ કે તે આપણને તેમની માંગણીઓની જાણકારી આપે છે.

જ્યારે  પરમેશ્વર આપણને કહે છે કે, *કરો* ત્યારે આપણું નાનકડું "હું છું" તે હંમેશા રીસાઈ જાય છે અને મોં ફૂલાવે છે. આપણા નાના "હું છું" ને જ્યારે પરમેશ્વર એમ કહે છે કે, "...હું જે છું તે છું...એ મને તમારી પાસે મોકલ્યો છે"(નિર્ગમન ૩:૧૪), ત્યારે તેમના ક્રોધ અને નારાજગી આગળ સંકોચાઈ જવા દો. પરમેશ્વરે પ્રભુત્વના સ્થાન પર હોવું જોઈએ, શું એ જાણવું વેધક નથી કે પરમેશ્વર ફક્ત એટલું જ જાણતા નથી કે આપણે ક્યાં રહીએ છીએ, પરંતુ તે ગંદી ગટરો ને પણ જાણે છે જ્યાં આપણે આળોટીએ છીએ! તે આપણને આંખના પલકારામાં શોધી કાઢશે. પરમેશ્વર જેટલું સારી રીતે મનુષ્યને ઓળખે છે તે રીતે કોઈ મનુષ્ય બીજા મનુષ્યને ઓળખી શકતો નથી.



## પતનનો સ્વભાવ

*“જેમ એક માણસથી જગતમાં પાપ પેઠું, ને પાપથી મરણ; અને સઘળાંએ પાપ કર્યું, તેથી સઘળાં માણસોમાં મરણનો પ્રસાર થયો.”*
*(રોમનોને પત્ર ૫:૧૨)*

બાઈબલ એમ નથી કહેતું કે પરમેશ્વરે એક માણસના પાપને લીધે માનવ જાતને દંડ આપ્યો, પરંતુ એમ કહે છે કે પાપના સ્વભાવે અર્થાત્ મારી ઉપર મારા અધિકારના દાવાએ, એક માણસ દ્વારા માણસજાતમાં પ્રવેશ કર્યો. પરંતુ બાઈબલ એમ પણ કહે છે કે બીજા કોઈ મનુષ્યએ માનવજાતના પાપને પોતાની ઉપર લઈ લીધા અને તેને દૂર કરી દીધા - જે એક અધિક ઊંડું પ્રકટીકરણ છે(જુઓ હિબ્રૂઓને પત્ર ૯:૨૬). પાપનો સ્વભાવ અનૈતિકતા અને અયોગ્ય કાર્ય નહિ, પરંતુ પોતાની જાત પ્રત્યેની સભાનતાનો સ્વભાવ હોય છે જે આપણને એમ કહેવા પ્રેરે છે કે, “હું મારો પોતાનો ઈશ્વર છું” આ સ્વભાવ પોતાની જાતને યોગ્ય નૈતિકતામાં કે અયોગ્ય અનૈતિકતામાં પ્રગટ કરી શકે છે, પરંતુ તેનો એક સામાન્ય આધાર એ હોય છે કે - મારી જાત પરનો મારા અધિકારનો મારો દાવો. જ્યારે આપણા પ્રભુએ ભલેને એવા લોકોનો સામનો કર્યો જેમનામાં ભૂંડાઈની તમામ તાકાત હાજર હતી, અથવા એવા લોકોનો સામનો કર્યો જેઓ શુદ્ધ, નૈતિક અને ઈમાનદાર જીવન જીવતા હતા, ત્યારે તેમણે ના તો એકની નૈતિક ભ્રષ્ટતા તરફ ધ્યાન આપ્યું, અને ના તો બીજાની નૈતિક સફળતાઓ તરફ ધ્યાન આપ્યું. તેમણે એવી બાબતોને જોઈ જે આપણે નથી જોતા અર્થાત્ માણસના સ્વભાવને(જુઓ યોહાન ૨:૨૫).

પાપ એવી બાબત છે જેની સાથે હું જન્મ્યો છું અને જેને હું સ્પર્શી શકતો નથી - ફક્ત પરમેશ્વર ઉદ્ધાર દ્વારા પાપને સ્પર્શી શકે છે. ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા જ પરમેશ્વરે માનવ જાતિને પાપની આનુવંશિકતાથી આવનાર દંડની આજ્ઞાની સંભાવનાથી છુટકારો આપ્યો. પરમેશ્વર કોઈ પણ વ્યક્તિને પાપની આનુવંશિકતા માટે જવાબદાર નથી ઠરાવતા, અને તે કારણથી તેઓ કોઈને દોષિત પણ ઠરાવતા નથી. જ્યારે મને એ અનુભવ થાય છે કે ઈસુ ખ્રિસ્ત મને પાપની આ આનુવંશિકતાથી છોડાવવાને માટે આવ્યા, અને છતાં તેને એમ કરવા દેવાની હું મનાઈ કરું છું ત્યારે હું દોષી ઠરું છું. તે જ સમયથી મારી પર દોષિત ઠરી ચૂક્યાની છાપ લાગી જાય છે, “અપરાધી ઠરાવવાનું કારણ એ છે કે, જગતમાં અજવાળું આવ્યા છતાં માણસોએ અજવાળાના કરતાં અંધારું ચાહ્યું...”(યોહાન ૩:૧૯).

## પુનર્જન્મનો સ્વભાવ

*“...તેને જ્યારે એ પસંદ પડ્યું કે પોતાના દીકરાને તે મારામાં પ્રગટ કરે...”*
*(ગલાતી ૧:૧૫-૧૬)*

જો ઈસુ ખ્રિસ્તે મને પુનર્જીવિત કરવો છે, તો તેમણે કઈ સમસ્યાનો સામનો કરવો પડે છે? ફક્ત એટલો જ સામનો કરવો પડે છે કે મારામાં એક આનુવંશિક લક્ષણ છે જેમાં મારો હાથ કે નિર્ણય નહોતો; હું પવિત્ર નથી અને મારા પવિત્ર થવાની સંભાવના નથી; અને જો ઈસુ ખ્રિસ્ત મને કહી શકે કે મારે પવિત્ર થવાની જરૂરત છે, તો તેમનું શિક્ષણ મને નિરાશ જ કરી શકે છે, પરંતુ જો ઈસુ ખ્રિસ્ત સાચે જ નવા બનાવનાર છે અર્થાત્ એક એવી વ્યક્તિ જે પોતાની પવિત્રતાની આનુવંશિકતા મારામાં મૂકી શકે છે, તો હું એ જોવાનું શરૂ કરી શકું છું કે જ્યારે તે એમ કહે છે કે મારે પવિત્ર થવું જોઈએ, તો તેમના કહેવાનો અર્થ શું છે. ઉદ્ધારનો અર્થ એ છે કે ઈસુ ખ્રિસ્ત કોઈ પણ વ્યક્તિની અંદર તે આનુવંશિક સ્વભાવ મૂકી શકે છે જે તેમના પોતાનામાં જ હતો, અને તે દરેક ધોરણો જે તેઓ આપણને આપે છે તે જ સ્વભાવ પર આધારિત છે - તેમનું શિક્ષણ એ જીવન પર લાગુ કરવા માટે છે જે તેઓ આપણામાં મૂકે છે. મારા માટે યોગ્ય કાર્યવાહી ફક્ત એ જ હશે હું ખ્રિસ્તના વધસ્તંભ પર પરમેશ્વર દ્વારા પાપ વિશે કરવામાં આવેલ નિર્ણય સાથે સંમત થાઉં.

નવા કરારનું પુનર્જન્મ અંગેનું શિક્ષણ એ છે કે જ્યારે વ્યક્તિને પોતાની જરૂરતનો અનુભવ થાય છે, ત્યારે પરમેશ્વર તેના આત્મામાં પોતાનો પવિત્ર આત્મા મૂકે છે, અને તેના વ્યક્તિગત આત્માને પરમેશ્વરના પુત્રના આત્મા દ્વારા શક્તિ પ્રાપ્ત થાય છે. “...ખ્રિસ્તની પ્રતિમા તમારામાં ઉત્પન્ન થાય ત્યાં સુધી...”(ગલાતી ૪:૧૯). ઉદ્ધારનો નૈતિક ચમત્કાર એ છે કે પરમેશ્વર મારી અંદર એક નવો સ્વભાવ મૂકી શકે છે જેના દ્વારા હું એક તદ્દન નવું જીવન જીવી શકું છું. અંતે જ્યારે હું મારી જરૂરીયાતના કિનારે પહોંચી જાઉં છું, અને પોતાની મર્યાદાને જાણી લઉં છું ત્યારે ઈસુ કહે છે, “તમને ધન્ય છે”(માથ્થી ૫:૧૧). પરંતુ મારે તે સ્થિતિએ પહોંચવું પડશે. હું જે પ્રકારનો નૈતિક જવાબદાર વ્યક્તિ છું તેના કારણે જ્યાં સુધી હું તે માટેની મારી જરૂરત અંગે જાગૃત ના થાઉં ત્યાં સુધી ઈસુ ખ્રિસ્તમાં જે સ્વભાવ હતો તેને પરમેશ્વર મારામાં મૂકી શકતા નથી.

જેમ પાપના સ્વભાવે એક માણસ દ્વારા માનવજાતમાં પ્રવેશ કર્યો, તે જ રીતે બીજા એક માણસ દ્વારા પવિત્ર આત્માએ માનવજાતમાં પ્રવેશ કર્યો(જુઓ રોમન ૫ઃ ૧૨:૧૯). અને ઉદ્ધારનો અર્થ એ છે કે મને પાપની આનુવંશિક લક્ષણમાંથી છોડાવી શકાય છે, અને એ કે ઈસુ ખ્રિસ્ત દ્વારા મને એક શુદ્ધ અને નિષ્કલંક આનુવંશકિત મળી શકે છે, અર્થાત્ પવિત્ર આત્મા.

## સમાધાનનો સ્વભાવ

*"આપણે તેમનામાં પરમેશ્વરના ન્યાયીપણારૂપ થઈએ, માટે જેમણે પાપ જાણ્યું નહોતું તેમને તેમણે આપણે વાસ્તે પાપરૂપ કર્યા"*
*(૨ કરિંથી ૫:૨૧)*

પાપ એ પાયાનો સંબંધ છે - તે તો ખોટું કરવું નહિ, પરંતુ ખોટા બનવું તે છે અને તે સમજણપૂર્વક અને પૂરા નિશ્ચય સાથે પરમેશ્વરથી સ્વતંત્ર થવું છે. ખ્રિસ્તી વિશ્વાસ દરેક બાબતોને પાપના અતિ અધિક આત્મવિશ્વાસથી પરિપૂર્ણ સ્વભાવ પર આધારિત કરે છે. બીજા ધર્મો પાપો સાથે વ્યવહાર કરે છે - ફક્ત બાઈબલ જ પાપ સાથે વ્યવહાર કરે છે. ઈસુ ખ્રિસ્તે લોકોમાં જે પ્રથમ બાબતનો સામનો કર્યો તે તો પાપની આનુવંશિકતા હતી, અને આપણે સુવાર્તા પ્રગટ કરતી વખતે આ હકીકત તરફ ધ્યાન નથી આપ્યું તેથી સુવાર્તા પ્રચારના સંદેશાએ પોતાનો ડંખ અને પોતાની વિસ્ફોટક શક્તિને ખોઈ દીધી છે.

બાઈબલમાં જે સત્ય પ્રગટ કરવામાં આવ્યું છે, તે એ નથી કે ઈસુ ખ્રિસ્તે આપણા શારીરિક પાપોને પોતાની ઉપર ઉઠાવી લીધા, પરંતુ એ સત્ય પ્રગટ કરવામાં આવ્યું છે કે તેમણે પાપની એ આનુવંશિકતાને પોતાની ઉપર લઈ લીધી છે, જેને માણસ સ્પર્શ પણ કરી શકતો નથી. પરમેશ્વરે પોતાને પુત્રને "પાપરૂપ કર્યો" જેથી તે એક પાપીને સંત બનાવી શકે. બાઈબલમાં શરૂઆતથી અંત સુધી આ વાત પ્રગટ કરવામાં આવી છે કે આપમા પ્રભુએ જગતના પાપોને આપણી સાથે એકરૂપ થવા દ્વારા લઈ લીધા છે, આપણા પ્રત્યેની સહાનુભૂતિ દ્વારા નહિ. તેમણે માણસજાતના સંપૂર્ણ, ઉત્તરોત્તર વધતા જતા પાપને ઈરાદાપૂર્વક પોતાના ખભા પર ઉઠાવી લીધા, અને પોતાના શરીરમાં સહન કર્યા. "...જેમણે પાપ જાણ્યુ નહોતું તેમને તેમણે આપણે વાસ્તે પાપરૂપ કર્યો," અને આમ કરવા દ્વારા તેમણે સંપૂર્ણ માનવજાતના તારણને ફક્ત ઉદ્ધારના આધાર પર ઉપલબ્ધ કરાવ્યું. ઈસુ ખ્રિસ્તે માણસજાતનું સમાધાન કરાવ્યું અને તેને ત્યાં પાછી મૂકી જ્યાં તેણે પરમેશ્વરના ઈરાદા અનુસાર હોવું જોઈએ. અને હવે, આપણા પ્રભુ વધસ્તંભ પર જે કાર્ય પૂર્ણ કરી ચૂક્યા છે તેના આધારે દરેક વ્યક્તિ તે સમાધાનનો અનુભવ કરી શકે છે, અને પરમેશ્વરની સાથે એકતામાં આવી શકે છે.

માણસ પોતાની જાતે ઉદ્ધાર પામી શકતો નથી - ઉદ્ધારનું કાર્ય તે પરમેશ્વરનું કાર્ય છે અને તે સંપૂર્ણ રીતે પૂર્ણ થયું છે. વ્યક્તિગતરૂપે લોકોને માટે તેનું લાગુકરણ તેમની પોતાની વ્યક્તિગત કાર્યવાહી કે પ્રતિસાદની બાબત છે. વ્યક્તિના જીવનમાં તારણનો વાસ્તવિક સભાનતાપૂર્વકનો અનુભવ અને ઉદ્ધારના પ્રગટ થયેલા સત્ય વચ્ચે જે તફાવત છે તે હંમેશા દર્શાવવો જોઈએ.

## ઑક્ટોબર ૮

# ઈસુની પાસે આવવું

*“મારી પાસે આવો...”*
*(માથ્થી ૧૧:૨૮)*

આપણને એવું કહેવામાં આવે છે આપણે ઈસુની પાસે આવવું જોઈએ, તે શું આપણા માટે અપમાનજનક નથી! એ બાબત અંગે વિચારો જેને માટે આપણે ઈસુ ખ્રિસ્તની પાસે નહિ આવીએ. જો તમે એ જાણવા માંગો છો કે તમે કેટલા સાચા છો, તો પોતાની તપાસ આ શબ્દોથી કરો - “મારી પાસે આવો...” જે બાબતોમાં તમે વાસ્તવિક નથી તે બધામાં, તમે તેની પાસે આવવાને બદલે વાદ-વિવાદ કરશો અથવા મુદ્દાથી છટકી જશો; તમે કશું પણ કરવા તૈયાર થઈ જશો, પરંતુ દેખીતી રીતે બોલી ના શકાય તેવી મૂર્ખ જેવી લાગતી દોડનો અંતિમ ભાગ પૂરો કરીને આ કહેવા તૈયાર નહિ થાવ કે, “હું જેવો છું, તેવો જ આવું છું.” જ્યાં સુધી તમારામાં થોડો પણ આત્મિક અનાદર હશે, ત્યાં સુધી તે હંમેશા એ સત્ય દ્વારા પ્રગટ થશે કે તમે પરમેશ્વર પાસે એવી અપેક્ષા કરો છો કે તે તમને કોઈ મહાન કાર્ય કરવાનું કહે, પરંતુ તે તો તમને ફક્ત એટલું જ કહે છે કે, “...આવો.”

“મારી પાસે આવો...” જ્યારે તમે આ શબ્દ સાંભળો છો, ત્યારે તમે જાણી લો છો કે તમે આવી શકો તે અગાઉ, તમારી અંદર કંઈક થવું જરૂરી છે, પવિત્ર આત્મા તમને દેખાડશે કે તમારે શું કરવાનું છે, અને તેમાં તે બધુ સામેલ હશે જે તે બાબતોને ઉખાડીને ફેંકશે જે તમને ઈસુની પાસે આવતા રોકે છે, અને જ્યાં સુધી તમે તે જ કાર્ય કરવાને તૈયાર નથી થતાં, ત્યાં સુધી તમે આગળ નહિ વધી શકો. પવિત્ર આત્મા તમારી અંદર તે એક અટલ ગઢને શોધી કાઢશે, પરંતુ તે ત્યાં સુધી તેને હલાવી શકશે નહિ જ્યાં સુધી તમે તેમને તે પ્રમાણે કરવાની મંજૂરી આપવાને તૈયાર નહી થાવ.

તમે કેટલી બધી વાર પોતાની વિનંતીઓ લઈને પરમેશ્વરની  પાસે આવ્યા અને એમ કહીને પાછા જતા રહ્યા કે, “આ વખતે મને ખરેખર જે હું ઈચ્છતો હતો તે મળી ગયું.” અને છતાં તમે કશું પ્રાપ્ત કર્યા વગર પાછા ફરી ગયા છો, જ્યારે તે બધા સમય દરમ્યાન પરમેશ્વર પોતાના હાથોને ફેલાવીને ઊભા રહ્યા છે, તે ફક્ત તમને સ્વીકારી લેવા માટે નહિ પરંતુ એ માટે પણ કે તમે તેને ગ્રહી લો. ઈસુની અજેય, અથાક ધીરજ વિશે જરા વિચારો, જે પ્રેમથી કહે છે, “મારી પાસે આવો...”

# પ્રાયશ્ચિત પર નિર્માણ કરવું

*“તમારા અવયવોને...ન્યાયીપણાના હથિયાર થવા સારુ પરમેશ્વરને સોંપો”*
*(રોમનોને પત્ર ૬:૧૩)*

હું મારુ તારણ અને પવિત્રીકરણ મારી જાતે કરી શકતો નથી. હું પાપનું પ્રાયશ્ચિત કરી શકતો નથી; હું જગતનો ઉદ્ધાર કરી શકતો નથી; હું ખોટાને સાચુ, અશુદ્ધ ને શુદ્ધ, અપવિત્રને પવિત્ર કરી શકતો નથી. આ બધા તો પરમેશ્વરની સર્વોપરિતાના કાર્યો છે. ઈસુ ખ્રિસ્તે જે કર્યું તેમાં શું મને વિશ્વાસ છે? તેમણે પાપનું સંપૂર્ણ પ્રાયશ્ચિત કરી દીધું છે. શું મેં આ વાતને સતત સ્વીકારી લેવાની આદત પાડી છે? આપણી સૌથી મોટી જરૂરિયાત એ નથી કે, આપણે કાર્ય કરીએ, પરંતુ એ છે કે વિશ્વાસ કરીએ. ખ્રિસ્તનો ઉદ્ધાર એક અનુભવ નથી; તે પરમેશ્વરનું એક મહાન કાર્ય છે જે તેમણે ખ્રિસ્ત દ્વારા કર્યો છે, અને મારે મારા વિશ્વાસને તે બાબત પર બાંધવાનો છે. જો હું મારા વિશ્વાસની રચના મારા પોતાના અનુભવ પર કરીશ, તો હું એવું જીવન પેદા કરીશ જે પરમેશ્વરના વચન અનુસાર નથી - એક એકલું જુદું પડેલું જીવન જેમાં મારી દ્રષ્ટિ ફક્ત મારી પવિત્રતા પર કેન્દ્રિત થયેલ છે તેવું તે જીવન છે. પ્રભુના પ્રાયશ્ચિત પર આધારિત ના હોય તેવી માણસની પવિત્રતાથી સાવધાન રહો. આવા જીવનનું એકલાઅટૂલા રહેવા સિવાય બીજુ કોઈ મહત્વ નથી - આવું પવિત્રતાનું જીવન પરમેશ્વર માટે નિરૂપયોગી છે અને મનુષ્ય માટે એક મુસીબત છે. તમને જે પણ અનુભવ થાય છે તેને સ્વયં આપણા પ્રભુની સાથે માપીને સરખાવો. જો આપણે ખ્રિસ્તના વધસ્તંભના પ્રાયશ્ચિતના પાયા પર ઈરાદપૂર્વક બાંધતા નથી તો આપણે પરમેશ્વરને પ્રસન્ન કરનાર કોઈ પણ કામ કરી શકતા નથી.

ઈસુના પ્રાયશ્ચિતને મારા જીવનમાં વ્યવહારિક નમ્ર રીતથી પ્રદર્શિત કરવામાં આવવું જોઈએ. દરેક વખતે જ્યારે પણ હું આજ્ઞાપાલન કરું છું ત્યારે પરમેશ્વરનું સંપૂર્ણ ઈશ્વરત્વ મારા પક્ષમાં આવે છે, જેથી પરમેશ્વરની કૃપા અને મારું સ્વાભાવિક આજ્ઞાપાલન સંપૂર્ણ સંમતિમાં આવી જાય છે. આજ્ઞાપાલનનો અર્થ એ થાય કે મેં મારો ભરોસો સંપૂર્ણ રીતે પ્રાયશ્ચિત પર મૂક્યો છે અને મારા આજ્ઞાપાલનનું મિલન તરત જ પરમેશ્વરની ઈશ્વરીય કૃપાના આનંદની સાથે થઈ જાય છે.

આવી માનવીય પવિત્રતાથી સાવધાન રહો જે કુદરતી જીવનની વાસ્તવિકતાનો નકાર કરે છે - તે એક છેતરપીંડી છે, પોતાની જાતને સતત પ્રાયશ્ચિતની કસોટીમાં લાવીને પૂછો કે, “આમાં કે પેલામાં પ્રાયશ્ચિતની” ઓળખ ક્યાં છે?

## મને કેવી રીતે ખબર પડશે?

*''ઈસુએ કહ્યું કે, ઓ બાપ, આકાશ તથા પૃથ્વીના પ્રભુ, હું તમારી સ્તુતિ કરું છું, કેમ કે જ્ઞાનીઓ તથા તર્કશાસ્ત્રીઓથી તમે એ વાતો ગુપ્ત રાખી, ને બાળકોની આગળ પ્રગટ કરી છે''*
*(માથ્થી ૧૧:૨૫)*

આપણે આત્મિક સંબંધમાં ધીરે ધીરે વૃદ્ધિ પામવાનું નથી - કાં તો આપણો આત્મિક સંબંધ હોય છે અથવા તો નથી હોતો. પરમેશ્વર આપણને પાપથી વધુને વધુ શુદ્ધ કરવાનું ચાલુ રાખે છે એવું નથી હોતું - ''પણ...જો આપણે પ્રકાશમાં ચાલીએ'' તો ''સઘળા પાપથી શુદ્ધ કરે છે''(૧ યોહાન ૧:૭) આ આજ્ઞાપાલનની વાત છે, અને જે ક્ષણથી આપણે આજ્ઞા પાળીએ છીએ, તે જ ક્ષણે સંબંધ પૂર્ણ થાય છે. પરંતુ જો આપણે એક ક્ષણ માટે પણ જો આપણે આજ્ઞાપાલનનો નકાર કરીએ છીએ, તો અંધકાર અને મરણ તરત જ ફરીથી કાર્ય કરવાની શરૂઆત કરી દે છે.

પરમેશ્વરના પ્રગટ થયેલા સત્યો જ્યાં સુધી આજ્ઞાપાલન દ્વારા નથી ખુલતા ત્યાં સુધી તે મ્હોરબંધ કરવામાં આવેલ છે. તમે કદી તેમને ફિલોસોફી કે વિચારો દ્વારા ખોલી નહિ શકો. પરંતુ જ્યારે તમે આજ્ઞાપાલન કરો છો કે, તરત પ્રકાશનો એક ઝબકારો થાય છે. ચિંતા કરવા દ્વારા નહિ, પરંતુ પોતાની જાતને તેમાં ડુબાડી દેવા દ્વારા પરમેશ્વરના સત્યને તમારી અંદર કામ કરવા દો. પરમેશ્વરના સત્યને જાણવાની એક રીતે એ છે કે તમે શોધવાની કોશિશ બંધ કરી દો અને નવો જન્મ પામો. તમને જે દેખાય છે તે પ્રથમ બાબતમાં જો તમે પરમેશ્વરની આજ્ઞા માનશો તો તે તરત તમને ત્યાર પછીના બીજા સત્યનો ખુલાસો કરશે. તમે પવિત્ર આત્માના કાર્યના સંબંધમાં અસંખ્ય પુસ્તકો વાંચી શકો છો, જ્યારે સંપૂર્ણ બિનશરતી આજ્ઞાપાલનની પાંચ મિનિટ બધી બાબતોને સૂર્યપ્રકાશની જેમ બિલકુલ સ્પષ્ટ કરી શકે છે, એવું ના કહેશો કે, ''કદાચ એક દિવસ હું આ વાતોને સમજી શકીશ!'' તમે તેને હમણાં પણ સમજી શકો છો, અને તેની સમજણ તમારી પાસે અધ્યયન કરવાથી નહિ, પરંતુ આજ્ઞાપાલનથી આવે છે. થોડી માત્રામાં આજ્ઞાપાલન પણ સ્વર્ગને ખોલી શકે છે, અને પરમેશ્વરના સૌથી ઊંડા સત્ય તરત તમારા બની શકે છે. છતાંયે, જ્યાં સુધી તમે જે જાણો છો તે સત્ય અંગે આજ્ઞાપાલન કરતા નથી ત્યાં સુધી પરમેશ્વર તમને પોતાના વિશેના અન્ય સત્યો નહિ જણાવે. ''જ્ઞાનીઓ તથા તર્કશાસ્ત્રી'' બનવાથી સાવધાન રહો. ''જો કોઈ તેની ઈચ્છા પૂરી કરવા ચાહે, તો...તે સમજશે'' (યોહાન ૭:૧૭).

## પરમેશ્વરની ખામોશી - પછી શું?

*“તે માંદો છે, એવી તેમને ખબર મળી ત્યારે પોતે જ્યાં હતા, તે જ ઠેકાણે તે બે દહાડા રહ્યા”*
*(યોહાન ૧૧:૬)*

શું પરમેશ્વરે પોતાની ખામોશી દ્વારા તમારી ઉપર ભરોસો કર્યો છે - એક એવી ખામોશી જેનું મહત્વ મહાન છે? પરમેશ્વરની ખામોશી વાસ્તવમાં તેમના ઉત્તરો હોય છે. બેથાનિયાના એ ઘરમાં સંપૂર્ણ ખામોશીના એ દિવસોના વિશે વિચારો! શું તમારા જીવનોમાં એવા દિવસો આવ્યા છે જેની તુલના તે દિવસો સાથે કરી શકાય? શું પરમેશ્વર તમારી ઉપર એ રીતે ભરોસો કરી શકે છે, કે, તમે હજુ પણ તેમની પાસેથી જોઈ શકાય તેવો જવાબ માંગી રહ્યા છો? તમે જે આશીર્વાદો તેમની પાસેથી માંગો છો તે જો તમે તેના વગર પરમેશ્વરની સાથે વધુ આગળ વધવાની ના પાડશો તો પરમેશ્વર તમને તે આશીર્વાદો આપશે, પરંતુ તેમની ખામોશી એ વાતની નિશાની છે કે તે તમને તેમની એક વધુ અદ્‌ભુત સમજમાં દોરી લઈ જાય છે. તમને સંભળાય તેવો ઉત્તર નથી પ્રાપ્ત થયો તેથી શું તમે પરમેશ્વરની આગળ શોકિત છો, જ્યારે તમે પરમેશ્વરનો અવાજ નથી સાંભળતા, તો એનો અર્થ એ થાય કે પરમેશ્વરે તમારી ઉપર સૌથી વધુ ગાઢ સંભવિત રીતે ભરોસો કર્યો છે - સંપૂર્ણ ખામોશી સાથે, જે એક નિરાશાજનક ખામોશી નથી, પરંતુ સુખદાયક ખામોશી છે, કેમ કે તેમણે એ જોયું કે તમે હજુ પણ વધુ મોટા પ્રકટીકરણને સહન કરવાને યોગ્ય છો. જો પરમેશ્વરે તમને ખામોશી આપી છે, તો તેમની સ્તુતિ કરો - તે તમને તેમના ઉદ્દેશોના મુખ્ય પ્રવાહમાં લાવી રહ્યા છે. સમયમાં ઉત્તર પ્રાપ્ત થાય તેની ખરી સાબિતી પરમેશ્વરની સર્વોપરિતાની બાબત છે. પરમેશ્વર માટે સમય કોઈ મહત્વ ધરાવતો નથી. એવું શક્ય છે કે કેટલાક સમય માટે તમે એવું કહ્યું હોય કે, “મેં પરમેશ્વરની પાસેથી રોટલી માંગી હતી, પરંતુ તેમણે તેના બદલે મને પથ્થર આપ્યો” (જુઓ માથ્થી ૭:૯). તેમણે તમને પથ્થર નહોતો આપ્યો અને આજે તમે જોઈ શકો છો કે તેમણે તમને “જીવનની રોટલી ” આપી છે(યોહાન ૫:૩૫).

પરમેશ્વરની ખામોશી અંગે એક અદભુત બાબત એ છે કે તેમની ખામોશી ચેપી હોય છે - તે તમારી અંદર પ્રવેશી જાય છે, અને તમને બિલકુલ આશ્વસ્ત બનાવી દે છે કે તમે પ્રમાણિકપણે કહી શકો છો કે, “હું જાણું છું કે પરમેશ્વરે મારું સાંભળ્યું છે” તેમની ખામોશી એ વાતની સાબિતી છે કે તેમણે તમારું સાંભળ્યું છે. જ્યાં સુધી તમારા મનમાં એ વિચાર રહેશે કે તમારી પ્રાર્થનાના ઉત્તરમાં પરમેશ્વર હંમેશા તમને આશીર્વાદ આપશે, તો તે તેમ જ કરશે, પરંતુ તે તમને તેમની ખામોશીની કૃપા કદીયે નહિ આપે. જો ઈસુ ખ્રિસ્ત તમને એ સમજાવી રહ્યા છે કે પ્રાર્થના તેમના પિતાનો મહિમા કરવા માટે હોય છે, તો તે તમે તેમની ઘનિષ્ઠતાનું પ્રથમ ચિહ્ન આપશે - અર્થાત્ ખામોશી.

ઑક્ટોબર ૧૨

## પરમેશ્વરના પગલામાં પગલું મેળવવું

*“હનોખ પરમેશ્વરની સંઘાતે ચાલ્યો...”*
*(ઉત્પત્તિ ૫:૨૪)*

એક વ્યક્તિના આત્મિક જીવન અને ચરિત્રની અસલી કસોટી એ નથી કે તે પોતાના જીવનની અસાધારણ ક્ષણોમાં શું કરે છે, પરંતુ એ છે કે તે સાધારણ સમયોમાં જ્યારે કોઈ જબરદસ્ત કે ઉત્તેજનાપૂર્ણ બાબત નથી હોતી ત્યારે શું કરે છે. જ્યારે વ્યક્તિ લોકપ્રસિધ્ધિ પામ્યો નથી હોતો ત્યારે જીવનની સાધારણ બાબતો પ્રત્યે તેનું વલણ કેવું હોય છે તે બાબતમાં વ્યક્તિનું મૂલ્ય પ્રગટ થાય છે(જુઓ યોહાન ૧: ૩૫-૩૭ અને ૩:૩૦). પરમેશ્વરના પગલામાં પગલું મેળવવું અને તેમની ગતિથી ચાલવું ખૂબ કષ્ટદાયક કામ હોય છે - એનો અર્થ થાય છે આત્મિક રીતે તાજી શક્તિ પ્રાપ્ત કરવી. પરમેશ્વર સાથે ચાલવાનું શીખવામાં, તેમની સાથે તાલમેલ મેળવવામાં કઠણાઈ તો હંમેશા પડે છે. પરંતુ એક વાર જ્યારે આપણે તે શીખી લઈએ છીએ, ત્યારે જે એક માત્ર વિશેષતા પોતે પોતાની જાતને પ્રદર્શિત કરે છે તે તો સ્વયં પરમેશ્વરનું જીવન હોય છે. તે વ્યક્તિ પરમેશ્વરની સાથે એક વ્યક્તિગત એકતામાં મળી જાય છે, અને ફક્ત પરમેશ્વરનુ પગલું અને તેમનું સામર્થ્ય જ પ્રદર્શિત થાય છે.

પરમેશ્વરના પગલાંમાં પગલું મેળવવું એ માટે કઠિન હોય છે કેમ કે જેવું આપણે તેમની સાથે ચાલવાનું શરૂ કરીએ છીએ ત્યારે આપણે અનુભવીએ છીએ કે આપણે ત્રણ પગલાં ભરીએ તે પહેલા તેમની ચાલ તેમને આપણાથી કેટલીય આગળ લઈ ગઈ હોય છે. તેમની કાર્ય કરવાની રીત અલગ અલગ હોય છે અને આપણે તેમની રીતોમાં તાલીમ લેવાની અને શિસ્તમાં આવવાની જરૂરત હોય છે. ઈસુ માટે કહેવામાં આવ્યું હતું કે, “... તે મંદ થનાર નથી, ને નાઉમેદ થશે નહિ”(યશાયા ૪૨:૪). કેમ કે તેમણે કદી પોતાના દ્રષ્ટિકોણથી નહિ પણ હંમેશા પોતાના પિતાના દ્રષ્ટિકોણથી કાર્ય કર્યું. અને આપણે પણ એવું કરવાનું શીખવાની જરૂર છે. આત્મિક સત્ય એ વાતાવરણમાંથી શીખી શકાય છે જે આપણને ઘેરીને રહે છે, બૌદ્ધિક તર્ક-વિતર્કથી શીખી શકાય નહિ-બાબતોને જોવાની આપણી રીતોના વાતાવરણને બદલનાર તે પરમેશ્વરનો આત્મા હોય છે, અને પછી જે બાબતો પહેલા અસંભવ હતી, તે સંભવ લાગવા લાગે છે. પરમેશ્વરની સાથે તાલમેલમાં આવવાનો અર્થ ફક્ત તેમની સાથેની એકતા છે. ત્યાં સુધી પહોંચવામાં બહુ સમય લાગે છે, પરંતુ તેમાં લાગુ રહો, અત્યારે પુષ્કળ વેદના થાય છે તેના કારણે હારીને થાકી ના જશો- આગળ વધતા રહો, અને તમને ખૂબ જલ્દીથી જોવા મળશે કે તમારી પાસે એક નવું દર્શન અને ઉદ્દેશ છે.

## વ્યક્તિગત નિરાશા અને અંગત વૃદ્ધિ

*"મૂસા મોટો થયો, ત્યારે તે બહાર નીકળીને પોતાના ભાઈઓ પાસે ગયો, ને તેમના ઉપર ગુજારાતો જુલમ તેણે જોયો..."*
*(નિર્ગમન ૨:૧૧)*

મૂસાએ પોતાના લોકો પર કરવામાં આવતા જુલમને જોયો અને તેને ખાતરી થઈ ગઈ કે તે જ તેમનો છોડાવરનાર છે, અને તેણે પોતાના મનના ન્યાયપ્રિય ક્રોધમાં તેમની વિરુદ્ધના અપરાધોનો ન્યાય કરવાનું શરૂ કરી દીધું. જ્યારે તેણે પરમેશ્વરને માટે અને સાચી વાતને માટે પ્રથમ હુમલો કર્યો ત્યારે પરમેશ્વરે મૂસાને ઘેટાંને સાચવવા માટે ચાળીસ વર્ષ સુધી અરણ્યમાં મોકલીને, તેને એક ખોખલી નિરાશામાં જવા દીધો. તે સમયના અંતમાં, પરમેશ્વર મૂસાની પાસે આવ્યા અને તેને કહ્યું કે, "...મારા લોક ઈસ્રાએલપુત્રોને ...મિસરમાંથી કાઢી લાવ" પણ મૂસાએ પરમેશ્વરને કહ્યું, "હું...કોણ છું કે...કાઢી લાવું?"(નિર્ગમન ૩:૧૦-૧૧). શરૂઆતમાં મૂસાને એવું લાગ્યું હતું કે તે જ તે લોકોને છોડાવનાર છે, પરંતુ તેની પહેલા તેને પરમેશ્વર દ્વારા તાલીમ આપવામાં આવે અને શિસ્તમાં લાવવામાં આવે તે જરૂરી હતું. પોતાના વ્યક્તિગત દ્રષ્ટિકોણમાં તે યોગ્ય હતો, પરંતુ જ્યાં સુધી તેણે પરમેશ્વરની સાથે સાચી સંગત અને એકતા શીખી નહોતી, ત્યાં સુધી તે આ કાર્ય માટે યોગ્ય વ્યક્તિ નહોતો.

એવું શક્ય છે કે આપણને પરમેશ્વરનું દર્શન પ્રાપ્ત થયું હોય, અને આપણને તેની સ્પષ્ટ સમજ હોય કે પરમેશ્વર શું ઈચ્છે છે, પરંતુ છતાંયે, જ્યારે આપણે કાર્ય કરવાની શરૂઆત કરીએ છીએ, ત્યારે આપણા જીવનમાં આવો અનુભવ આવે છે જે મૂસાના અરણ્યમાં ચાળીસ વર્ષ રહેવા બરાબર હોય છે. એવું લાગે છે કે પરમેશ્વરે સમગ્ર બાબતની અવગણના કરી છે, અને જ્યારે આપણે સંપૂર્ણ રીતે નિરાશ થઈ જઈએ છીએ ત્યારે પરમેશ્વર પાછા આવીને આપણને આપેલા તેડાને પુનર્જાગૃત કરે છે અને ત્યારે આપણે ધ્રુજવા લાગીએ છીએ અને કહીએ છીએ "...હું કોણ છું કે જાઉં...?" આપણે શીખવાનું છે કે પરમેશ્વરના મહાન પગલાંના તાલમેલનું સંક્ષિપ્ત આ શબ્દોમાં છે કે, "હું જે છું તે છું...એ મને તમારી પાસે મોકલ્યો છે"(નિર્ગમન ૩:૧૪). આપણે એ પણ શીખવાનું છે કે પરમેશ્વર માટે આપણા વ્યક્તિગત પ્રયાસ તેમના પ્રત્યે ફક્ત અનાદર જ દર્શાવે છે - આપણું વ્યક્તિત્વ ફક્ત પરમેશ્વરની સાથે એક વ્યક્તિગત સંબંધના દ્વારા જ તેજસ્વી થાય છે, જેથી તે "અત્યંત પ્રસન્ન" થાય (માથ્થી ૩:૧૭). આપણે દરેક બાબતોના યોગ્ય પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત રાખીએ છીએ; આપણી પાસે દર્શન છે અને આપણે કહી શકીએ છીએ કે, "હું જાણું છું કે પરમેશ્વર મારી પાસે આ જ કરાવવા માંગે છે." પરંતુ પરમેશ્વરની સાથે તાલમેલ મેળવવાનું આપણે હજી શીખ્યા નથી. જો તમે ઘોર નિરાશાના સમયમાંથી પસાર થઈ રહ્યા છો, તો આવનાર દિવસોમાં તમારા માટે વ્યક્તિગતરૂપે મહાન વૃદ્ધિનો સમય આવનાર છે.

# મિશનરી કાર્ય માટેની ચાવી

*"ઈસુએ ત્યાં આવીને તેઓને કહ્યું કે, આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે. એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો..."*
*(માથ્થી ૨૮:૧૮-૧૯)*

મિશનેરી કાર્ય માટેની ચાવી તે ઈસુ ખ્રિસ્તનો અધિકાર છે, ખોવાયેલાઓની જરૂરત નથી. આપણું વલણ એ તરફ હોય છે કે આપણે આપણા પ્રભુને એવી વ્યક્તિના રૂપમાં જોઈએ છીએ જે પરમેશ્વરના માટે આપણા પ્રયાસોમાં આપણી મદદ કરે છે. છતાં આપણા પ્રભુ પોતાની જાતને પોતાના શિષ્યો પર સંપૂર્ણ સર્વોપરિ અને સર્વોચ્ચ પ્રભુના પદે મૂકે છે. તે એમ નથી કહેતા કે જો તમે નહિ જાઓ તો ખોવાયેલા લોકોનો કદી ઉદ્ધાર નહિ થાય - તે ફક્ત એટલું જ કહે છે કે, "એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો..." તે કહે છે કે, મારી સર્વોપરિતાના પ્રગટ કરાયેલ સત્યના આધાર પર જાઓ, અને મારા વિશે તમારા જીવંત અનુભવથી શિક્ષણ આપો અને પ્રચાર કરો.

"અગિયાર શિષ્યો...એક પહાડ પર જ્યાં ઈસુએ તેઓને જવાનું કહ્યું હતું ત્યાં ગયા" (માથ્થી ૨૮:૧૬). જો હું ખ્રિસ્તની વિશ્વવ્યાપક સર્વોપરિતાને જાણવા માંગું છું, તો મારે સ્વયં તેને જાણવાની જરૂરત છે. જેના નામથી હું ઓળખાઉં છું તેની આરાધના કરવાનો સમય મારે ફાળવવો જોઈએ ઈસુએ કહ્યું કે, "મારી પાસે આવો..." ઈસુની સાથે મુલાકાત કરવાનું એ સ્થાન છે - "ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ..."(માથ્થી ૧૧:૨૮) અને કેટલા બધા મિશનેરીઓ આવી સ્થિતિમાં છે! આપણે જગતના સાર્વભૌમિક પ્રભુના આ અદભુત શબ્દો પર બિલકુલ ધ્યાન નથી આપતા, પરંતુ આ પોતાના શિષ્યોને કહેવામાં આવેલા ઈસુના શબ્દો છે, જે અહીં અને હમણાં માટે છે.

"એ માટે તમે જઈને..." "જવાનો" અર્થ છે "જીવવું" પ્રેરિતોના કૃત્ય ૧:૮ એ કેવી રીતે જવું તેનું વર્ણન છે. ઈસુએ આ વચનમાં એમ નથી કહ્યું કે, "યરૂશાલેમ, યહૂદિયા અને સમરૂનમાં જાઓ" પરંતુ "તમે મારા સાક્ષી બનશો" તે આપણને મોકલવાનું કાર્ય પોતાની ઉપર લે છે.

"જો તમે મારામાં રહો, અને મારાં વચન તમારામાં રહે..."(યોહાન ૧૫:૭) આ ચાલતા રહેવાની રીત છે. પછી આપણને જે પણ સ્થાન પર રાખવામાં આવે છે, તે આપણા માટે મહત્વહીન બાબત બની જાય છે, કેમ કે પરમેશ્વર તેમની સર્વોપરિતામાં આપણા ચાલવા ઉપર નિયંત્રણ રાખે છે.

"પણ હું મારો જીવ વહાલો ગણીને તેની કંઈ પણ દરકાર કરતો નથી, એ માટે કે મારી દોડ અને પરમેશ્વરની કૃપાની સુવાર્તાની સાક્ષી આપવાની જે સેવા પ્રભુ ઈસુ પાસેથી મને મળી છે તે હું પૂર્ણ કરું"(પ્રે. કૃ. ૨૦:૨૪). જ્યાં સુધી આપણે આ જીવનથી જતા રહેતા નથી, ત્યાં સુધી "ચાલતા રહેવાની આ રીત છે."

# મિશનેરી સંદેશાની ચાવી

*“તે આપણા પાપનું પ્રાયશ્ચિત છે; અને કેવળ આપણાં જ નહિ પણ આખા જગતનાં પાપનું તે પ્રાયશ્ચિત છે”*
*(૧ યોહાન ૨:૨)*

એક મિશનેરી સંદેશાની ચાવી તે તો ઈસુ ખ્રિસ્તનું પ્રાયશ્ચિત - આપણા માટે તેમનું એ બલિદાન જેણે પરમેશ્વરના ક્રોધને પૂરી રીતે સંતોષ્યો. ખ્રિસ્તના કાર્યના કોઈ પણ અન્ય પાસાને જુઓ, ચાહે તે સાજાપણું, તારણ કે પવિત્રીકરણ હોય, અને તમે જોશો કે તેમાં કશું પણ એવું નથી જે અસીમિત હોય. પરંતુ “પરમેશ્વરનું હલવાન જે જગતનું પાપ હરણ કરે છે!” તે અસીમિત છે(યોહાન ૧:૨૯). મિશનેરીનો સંદેશો આપણા પાપના પ્રાયશ્ચિતના રૂપમાં ઈસુ ખ્રિસ્તનું અસીમિત મહત્વ છે અને એક મિશનેરી એ વ્યક્તિ છે જે આ પ્રકટીકરણના સત્યમાં ડૂબેલો રહે છે.

એક મિશનેરી સંદેશાની ખરી ચાવી ખ્રિસ્તના જીવનનું “પાપ નિવારણ કરનાર” પાસુ છે, તેમની દયા અને ભલાઈ નહિ, તેમ જ તેમના પિતૃત્વને આપણી પર પ્રગટ કરવાની વાત તે ચાવી નથી. “...સઘળી પ્રજાઓને...પસ્તાવો તથા પાપનિવારણ પ્રગટ કરવાં જોઈએ”(લૂક ૨૪:૪૭). અસીમિત મહત્વનો સૌથી મહાન સંદેશ એ છે કે, “તે આપણા પાપનું પ્રાયશ્ચિત છે...” એક મિશનેરીનો સંદેશ કેટલાક રાષ્ટ્રો કે વ્યક્તિઓનો પક્ષપાત કરનાર રાષ્ટ્રીયતાવાદી સંદેશ નથી; તે “સમગ્ર જગતને માટે” છે. જ્યારે પવિત્ર આત્મા મારામાં આવે છે ત્યારે તે મારી તરફેણ કરવાની રીતને કે પસંદગીઓ તરફ ધ્યાન નથી આપતા; તે મને ફક્ત પ્રભુ ઈસુની સાથે એકતામાં લાવે છે.

એક મિશનેરી એ વ્યક્તિ હોય છે જે પોતાના પ્રભુ અને સ્વામી દ્વારા નિશ્ચિત કરાયેલ લક્ષ અને ઉદ્દેશની સાથે વિવાહના બંધનમાં બંધાયેલા હોય છે. તે પોતાના દ્રષ્ટિકોણને જાહેર કરી શકતો નથી, પરંતુ તેણે ફક્ત “પરમેશ્વરના હલવાન”ની ઘોષણા કરવાની છે. એક એવા જૂથના ભાગ બનવું જે ફક્ત એમ જણાવતા હોય કે ઈસુ ખ્રિસ્તે મારા માટે શું કર્યું છે, અને ઈશ્વરીય સાજાપણાના, કે કોઈ વિશેષ પ્રકારના પવિત્રીકરણના કે પવિત્ર આત્માના બાપ્તિસ્માના ભક્ત બની જવું વધુ સરળ હોય છે. પરંતુ પાઉલે એ નથી કહ્યું કે, “ખ્રિસ્તે મારા માટે શું કર્યું છે તેનો જો હું પ્રચાર ના કરું, તો મને અફસોસ!” પણ તેણે એમ કહ્યું કે, “જો હું સુવાર્તા પ્રગટ ન કરું, તો મને અફસોસ છે”(૧ કરિંથી ૯:૧૬). અને સુવાર્તા એ છે કે “પરમેશ્વરનું હલવાન, જે જગતનું પાપ હરણ કરે છે!”

ઑક્ટોબર ૧૬

## સ્વામીના આદેશોની ચાવી

*"એ માટે તમે ફસલના ધણીની પ્રાર્થના કરો કે, તે પોતાની ફસલને સારુ મજૂરો મોકલે."*
*(માથ્થી ૯:૩૮)*

એક મિશનેરીના મુશ્કેલ કાર્યની ચાવી પરમેશ્વરના હાથમાં છે, અને તે ચાવી પ્રાર્થના છે, કામ નહિ - અર્થાત્ તે કાર્ય નહિ જે આપણે આજે સામાન્ય શબ્દ વડે સમજીએ છીએ, અને જેના પરિણામરૂપે આપણું ધ્યાન વારંવાર પરમેશ્વર પરથી હટી જાય છે. મિશનેરીના કઠીન કાર્યની ચાવી વ્યવહારિક બુદ્ધિની ચાવી નથી, અને તે દવા, સભ્યતા, શિક્ષણ, અરે એટલે સુધી કે પ્રચારની ચાવી પણ નથી. તે ચાવી સ્વામીના આદેશને અનુસરવામાં છે - અને તે ચાવી પ્રાર્થના છે. "ફસલના ધણીની પ્રાર્થના કરો કે, તે પોતાની ફસલને સારુ મજૂરો મોકલે." કુદરતી ક્ષેત્રમાં પ્રાર્થના વ્યવહારિક નહિ પરંતુ અસંગત કે હાસ્યાસ્પદ હોય છે. આપણે એ સમજવાની જરૂર છે કે વ્યવહારિક બુદ્ધિના દ્રષ્ટિકોણથી પ્રાર્થના એક મૂર્ખતા હોય છે.

ઈસુ ખ્રિસ્તના દ્રષ્ટિકોણથી ફક્ત જગત છે, રાષ્ટ્રો નહિ. આપણામાંથી કેટલા લોકો એવા છે કે લોકોની શરમ રાખીને નહિ, પરંતુ ફક્ત એક વ્યક્તિ, અર્થાત્ ઈસુ ખ્રિસ્તની શરમ રાખીને પ્રાર્થના કરે છે? પાપની ખાતરી થવા દ્વારા અને કષ્ટ દ્વારા પેદા થનાર ફસલના માલિક ઈસુ ખ્રિસ્ત છે. આ એ ફસલ છે જેને માટે આપણે પ્રાર્થના કરવાની છે કે તેને કાપવા માટે મજૂર મોકલવામાં આવે; આપણે કાર્યમાં વ્યસ્ત રહીએ છીએ, જ્યારે પાકેલા અને ફસલની જેમ કાપવામાં આવે તેવા લોકો આપણી ચારે બાજુ છે; આપણે તેમાંથી એકને પણ કાપતા નથી, પરંતુ જરૂરતથી વધુ વ્યસ્તતાથી ભરેલા કાર્યો અને કાર્યક્રમોમાં આપણા પ્રભુના સમયને વેડફીએ છીએ. જો તમારા પિતા કે ભાઈના જીવનમાં કોઈ સંકટ આવી જાય, તો શું તમે એક મજૂરના રૂપમાં ઈસુ ખ્રિસ્તને માટે ફસલ કાપવાને માટે ત્યાં હાજર હશો? શું તમારો પ્રત્યુતર એ હશે કે, "ના, મારે એક ખાસ કામ કરવાનું છે!" કોઈ પણ ખ્રિસ્તી પાસે કોઈ ખાસ કામ કરવા માટે નથી હોતું. એક ખ્રિસ્તીને ઈસુ ખ્રિસ્તના પોતાના બનવા માટે તેડું આપવામાં આવ્યું છે, "ચાકર પોતાના શેઠ કરતાં મોટો નથી"(યોહાન ૧૩:૧૬), અને એ વ્યક્તિ જે ઈસુ ખ્રિસ્તને હુકમ નથી કરતો કે તે પોતે શું કરવા માંગે છે. આપણા પ્રભુ આપણને કોઈ વિશેષ કાર્યને માટે નથી બોલાવતા - તે આપણને તેમની પાસે બોલાવે છે. "ફસલના ધણીની પ્રાર્થના કરો" અને તે તમારી પરિસ્થિતિને એવી રીતે નિયંત્રીત કરશે કે જેથી તમને પોતાના મજૂરના રૂપમાં મોકલી શકે.

## વધુ મોટા કાર્યોની ચાવી

*“હું તમને…કહું છું કે, મારા પર વિશ્વાસ રાખનાર એના કરતાં પણ મોટા કામ કરશે; કેમ કે હું બાપની પાસે જાઉં છું”*
*(યોહાન ૧૪:૧૨)*

પ્રાર્થના આપણને વધુ મોટા કાર્ય કરવા સજ્જ નથી કરતી - વધુ મહાન કાર્ય પ્રાર્થના જ છે. છતાં પણ આપણે પ્રાર્થના વિશે એમ વિચારીએ છીએ કે જાણે તે આપણી વધુ ઉચ્ચ શક્તિઓના કોઈ વ્યવહારિક બુદ્ધિનો અભ્યાસ હોય જે આપણને ફક્ત પરમેશ્વરના કાર્ય માટે તૈયાર કરે છે. ઈસુ ખ્રિસ્તના શિક્ષણમાં, પ્રાર્થના મારી અંદર ઉદ્ધારનો ચમત્કાર છે, જે પરમેશ્વરના સામર્થ્ય દ્વારા જ થાય છે, પરંતુ યાદ રાખો કે આ પ્રાર્થના મારી વેદના પર નહિ, પરંતુ ઉદ્ધારમાં ખ્રિસ્તની વેદના પર આધારિત હોય છે. આપણે પરમેશ્વરની પાસે તેના બાળકના રૂપમાં જવાનું છે, કેમ કે એક બાળકને જ તેની પ્રાર્થનાઓનો ઉત્તર મળે છે; એક “સમજદાર” વ્યક્તિને નહિ (જુઓ માથ્થી ૧૧:૨૫).

પ્રાર્થના જ યુદ્ધ છે, અને તેમાં તમે ક્યાં છો એ વાતથી કશો ફરક પડતો નથી, પરમેશ્વર તમારી પરિસ્થિતિઓને ચાહે કોઈ પણ દિશામાં ફેરવે પણ તમારી ફરજ પ્રાર્થના કરવાની છે. પોતાની જાતને એ વિચારવાના દેશો કે, “હું જ્યાં છું ત્યાં કશા કામનો નથી.” કેમ કે જ્યાં તમને હજુ મૂકવામાં આવ્યા નથી ત્યાં તમે કોઈ જ કામના ના હોઈ શકો. પરમેશ્વરે તમને જ્યાં કંઈ પણ મૂક્યા છે અને તમારી પરિસ્થિતિ ચાહે જે કંઈ પણ હોય, તમારે સતત પ્રાર્થના કરતા રહેવું જોઈએ અને તેમણે પ્રતિજ્ઞા કરી છે કે, “જે કંઈ મારે નામે તમે માંગશો, તો તે હું કરીશ”(૧૪:૧૩) છતાં પણ જ્યાં સુધી પ્રાર્થના આપણને ઉત્તેજીત કે રોમાંચિત નથી કરતી ત્યાં સુધી આપણે પ્રાર્થના કરવાનો નકાર કરીએ છીએ, અને આ આત્મિક સ્વાર્થનું સૌથી જબરદસ્ત રૂપ હોય છે. આપણે પરમેશ્વરના નિર્દેશ અનુસાર કામ કરવાનું શીખવું જોઈએ, અને તેઓ કહે છે કે પ્રાર્થના કરો. “ફસલના ધણીની પ્રાર્થના કરો કે, તે પોતાની ફસલને સારુ મજૂરો મોકલે”(માથ્થી ૯:૩૮).

એક પરિશ્રમ કરનાર વ્યક્તિના વિશે રોમાંચિત કરનાર વાત કોઈ નથી હોતી, પરંતુ એક પરિશ્રમ કરનાર વ્યક્તિ જ એક પ્રતિભાશાળી વ્યક્તિના વિચારને સંભવ બનાવે છે. અને પરિશ્રમ કરનાર સંત જ પોતાના સ્વામીના વિચારોને સંભવ કરી શકે છે. જ્યારે તમે પ્રાર્થનામાં પરિશ્રમ કરો છો, તો પરમેશ્વરના દ્રષ્ટિકોણથી પરિણામ હંમેશા આવે છે. અંતમાં જ્યારે પડદો ઊંચકાશે ત્યારે તે આત્માઓને જોઈને કેટલું આશ્ચર્ય થશે જે તમારા દ્વારા એ માટે “કાપણી કરવામાં આવ્યા” કેમ કે તમને ઈસુ ખ્રિસ્ત પાસેથી આદેશો લેવાની આદત હતી.

# મિશનેરી ભક્તિની ચાવી

*"તેઓ તેમના નામની ખાતર બહાર નીકળ્યા છે..."*
*(૩ યોહાન ૭)*

જ્યારે આપણા પ્રભુએ પૂછ્યું કે, "શું તું મારા પર હેત રાખે છે?"(યોહાન ૨૧:૧૭), ત્યારે તેમણે આપણને એ જણાવ્યું કે તેમના પ્રત્યેના આપણા પ્રેમને પોતાની જાતે કેવી રીતે પ્રદર્શિત કરવો જોઈએ? પછી તેમણે કહ્યું, "મારા ઘેટાંને પાળ." એક રીતે તેઓ એમ કહી રહ્યા હતા કે, "બીજા લોકોમાં મારી જે રૂચિઓ છે તેમાં મારી સાથે એક થઈ જાઓ" એવું નથી કહ્યું કે,"બીજા લોકોમાં પોતાની રૂચિઓમાં મને પોતાની સાથે એક કરી લો"૧ કરિંથી ૧૩:૪-૮ આપણને આ પ્રેમની વિશેષતાઓ દર્શાવે છે - વાસ્તવમાં આ પરમેશ્વરનો પ્રેમ છે જે પોતાની જાતને પ્રદર્શિત કરી રહ્યો છે. ઈસુના માટે મારા પ્રેમની ખરી કસોટી ખૂબ વ્યવહારિક હોય છે, બાકી બધુ લાગણીઓની વાતો છે.

ઈસુ ખ્રિસ્તના પ્રત્યે વિશ્વાસુ તે ઉદ્ધારનું એ અલૌલિક કાર્ય છે જે પવિત્ર આત્મા દ્વારા મારી અંદર કરવામાં આવ્યું છે - "પવિત્ર આત્માથી આપણા અંતઃકરણમાં દેવનો પ્રેમ વહેવડાવવામાં આવેલો છે"(રોમનોને પત્ર ૫:૫). અને મારી અંદરનો આ પ્રેમ મારા દ્વારા પ્રભાવશીલતાથી કામ કરે છે અને જે લોકો સાથે મારી મુલાકાત થાય છે તેમના સંપર્કમાં આવે છે, હું તેમના નામ પ્રત્યે વિશ્વાસયોગ્ય રહુ છું, ચાહે મારી વ્યવહારિક બુદ્ધિ તેનો નકાર કરતી હોય તેમ લાગે અથવા, ચાહે એવું જાહેર કરતી લાગે કે પરમેશ્વરનું સામર્થ્ય સવારના ઝાકળ જેવું લાગે.

એક મિશનેરીની ભક્તિની ચાવી એ છે કે પ્રભુના સિવાય તેને કોઈ ચીજ કે વ્યક્તિ સાથે કોઈ લગાવ નથી. એનો અર્થ ફક્ત એ નથી કે આપણે આપણી ચારે બાજુની બાહ્ય ચીજોથી અલગ રહીએ. આપણો પ્રભુ ખૂબ આશ્ચર્યજનક રીતથી જીવનની સાધારણ ચીજાના સંપર્કમાં રહ્યા પરંતુ પોતાની અંદર તેઓ પરમેશ્વરના સિવાય અન્ય બધી ચીજોથી અલગ રહ્યા હતા. ઘણીવાર બાહ્ય રીતે દૂર રહેવાનો પ્રયાસ તે ગુપ્ત વધી રહેલા આંતરિક લગાવનું સૂચક હોય છે જે બાબતથી આપણે બાહ્ય રીતે દૂર રહીએ છીએ.

એક વિશ્વાસુ મિશનેરીની ફરજ એ છે કે તે પોતાના આત્માને પ્રભુ ઈસુ ખ્રિસ્તના સ્વભાવ પ્રત્યે પૂરી રીતે અને સતત ખુલ્લો રાખે. આપણો પ્રભુ જે લોકોને પોતાના પ્રયાસો પર મોકલે છે, તેઓ સાધારણ મનુષ્ય હોય છે. પરંતુ એવા લોકો કે જેઓ પ્રભુ પ્રત્યેની પોતાની ભક્તિના નિયંત્રણમાં રહે છે, કે જે પવિત્ર આત્મા દ્વારા આવે છે.

## ધ્યાન આપવામાં નથી આવ્યું તેવું રહસ્ય

*"ઈસુએ ઉત્તર આપ્યો કે, 'મારું રાજ્ય આ જગતનું નથી'"*
*(યોહાન ૧૮:૩૬)*

આજે ઈસુ ખ્રિસ્તનો એક મોટો શત્રુ એ વ્યવહારુ કાર્ય છે જેનો આધાર નવા કરારમાં નથી જોવા મળતો, અને જે જગતની પ્રણાલિ પરથી આવે છે. આ કાર્ય અંતહિન શક્તિ અને પ્રવૃત્તિઓની માંગણી કરે છે, પરંતુ પરમેશ્વરની સાથે અંગત જીવનને મહત્વ નથી આપતા અને ખોટી બાબતોને ખાસ મહત્વ આપવામાં આવે છે. ઈસુએ કહ્યું, પરમેશ્વરનું રાજ્ય દ્રશ્ય રીતે નથી આવતું "...કેમ કે જુઓ, પરમેશ્વરનું રાજ્ય તમારામાં છે"(લૂક ૧૭: ૨૦, ૨૧). તે એક ગુપ્ત અદ્રશ્ય ચીજ છે. એક સક્રિય ખ્રિસ્તી હંમેશા બીજાઓ તેને જુએ તે માટે જીવે છે, જ્યારે એક વ્યક્તિના જીવનનું સામર્થ્ય સૌથી અંદરના, વ્યક્તિગત ક્ષેત્ર દ્વારા પ્રગટ થાય છે.

આપણે જે ધાર્મિક યુગમાં રહીએ છીએ, તે યુગના આત્માની જે બિમારી છે તેમાંથી છુટકારો પ્રાપ્ત કરવાની જરૂર છે. આપણા પ્રભુના જીવનમાં જેને આપણે આજે એટલું મહત્વ આપીએ છીએ તે જબરદસ્ત દબાવ અને ભાગદોડનું કોઈ નામ નિશાન નહોતું, અને એક શિષ્યએ પણ પોતાના સ્વામીના જેવા હોવું જોઈએ. ઈસુ ખ્રિસ્તના રાજ્યનું કેન્દ્રબિંદુ તેમની સાથે એક વ્યક્તિગત સંબંધ છે, બીજાઓ માટે સાર્વજનિક ઉપયોગિતા નહિ.

આ બાઈબલ ટ્રેનીંગ કોલેજની પ્રાયોગિક ક્રિયાઓ તેમનું બળ નથી - તેનું સંપૂર્ણ બળ આ હકીકતમાં છે કે અહીં તમને પરમેશ્વરના સત્યોમાં ડૂબાડવામાં આવે છે, જેથી તમે પરમેશ્વરની આગળ તરબતર થઈ જાઓ, તમને કોઈ વિચાર નથી કે પરમેશ્વર ભવિષ્યમાં આવનાર તમારી પરિસ્થિતિઓને કેવા વળાંક આપશે, તેમ જ તમને એ પણ ખબર નથી કે દેશ-વિદેશમાં તમને કેવા તણાવ અને દબાણ આપવામાં આવશે. અને જો તમે પરમેશ્વરના ઉદ્ધારના મહાન, પાયારૂપ સત્યોમાં ડૂબેલા રહેવાને બદલે, જરૂરતથી વધુ સક્રિયતામાં પોતાનો સમય બરબાદ કરશો, તો જ્યારે ખરેખર તણાવ કે દબાવ આવશે ત્યારે તમે તૂટી જશો. પરંતુ જો પરમેશ્વરની આગળ ભીંજાઈ જવાનો આ સમય પરમેશ્વરમાં જડ ઘાલવામાં અને સ્થપાયેલા થવામાં લગાવવામાં આવે છે, તો જો કે આ ક્ષણે તે અવ્યવહારુ લાગી શકે છે, પરંતુ ભવિષ્યમાં ગમે તે થાય તમે પરમેશ્વર પ્રત્યે વિશ્વાસુ રહેશો.

## શું પરમેશ્વરની ઈચ્છા મારી ઈચ્છા છે?

*“પરમેશ્વરની ઈચ્છા એવી છે કે તમારું પવિત્રીકરણ થાય”*
*(૧ થેસ્સા ૪:૩)*

પવિત્રીકરણ એ પ્રશ્ન નથી કે શું પરમેશ્વર મારુ પવિત્રીકરણ કરવા તૈયાર છે - પરંતુ એ પ્રશ્ન છે કે શું આ મારી ઈચ્છા છે? ખ્રિસ્તના વધસ્તંભના પ્રાયશ્ચિત દ્વારા જે સંભવ બનાવવામાં આવ્યું છે તે બાબત પરમેશ્વરને મારી અંદર કરવા દેવા માટે શું હું તૈયાર છું? શું હું તૈયાર છું કે ઈસુને મારું પવિત્રીકરણ બનવા દઉં, અને તેમના જીવનને મારા શરીરમાં પ્રદર્શિત થવા દઉં? (૧ કરિંથી ૧:૩૦ જુઓ). એવું કહેવાથી સાવધાન રહો કે, “હું તો પવિત્ર કરવામાં આવું તે માટે ઈચ્છા રાખું છું” ના તમે ઈચ્છા નથી રાખતા. પોતાની જરૂરતને ઓળખો, પરંતુ ઈચ્છા રાખવાની બંધ કરો અને તેને કાર્યની બાબત બનાવો. સંપૂર્ણ અને પ્રશ્ન વગરના વિશ્વાસથી ઈસુ ખ્રિસ્તને તમારુ પવિત્રીકરણ બનવા માટે સ્વીકારો, અને ઈસુના પ્રાયશ્ચિતનો મહાન ચમત્કાર તમારામાં વાસ્તવિક બની જશે.

ઈસુએ વધસ્તંભ પર જે પૂર્ણ કર્યું, તેના આધાર પર પરમેશ્વરના મફત અને પ્રેમમય ભેટ દ્વારા ઈસુએ જે બધું સંભવ બનાવ્યું, તે મારું થઈ જાય છે. અને એક તારણ પામેલ અને પવિત્ર કરવામાં આવેલા આત્માના કારણે મારુ વલણ એક ઊંડી, નમ્ર પવિત્રતાનું હોય છે. આ એવી પવિત્રતા હોય છે જે એક સંઘર્ષપૂર્ણ પશ્ચાતાપ પર, અને અવર્ણનીય શરમિંદગી અને ભ્રષ્ટ થવાની ભાવના પર આધારિત હોય છે, અને આશ્ચર્યજનક અનુભવ પર પણ કે પરમેશ્વરના પ્રેમે પોતાની જાતને મારા પર પ્રદર્શિત કર્યો જ્યારે મેં તેની દરકાર ના કરી(જુઓ રોમનોને પત્ર ૫:૮). તેમણે મારા તારણ અને પવિત્રીકરણને માટે સર્વ પૂર્ણ કર્યું, આથી, આ કોઈ આશ્ચર્યની વાત નથી કે પાઉલે કહ્યું કે કોઈ પણ બાબત “પરમેશ્વરની જે પ્રીતિ ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુમાં છે, તેનાથી આપણને જુદા પાડી શકશે નહિ”(રોમનોને પત્ર ૮:૩૯).

પવિત્રીકરણ મને ઈસુ ખ્રિસ્ત સાથે એક કરી દે છે, અને તેમનામાં થઈને મને પરમેશ્વરની સાથે એક કરી દે છે અને આ ફક્ત ખ્રિસ્તના મહાન પ્રાયશ્ચિત દ્વારા પૂર્ણ થાય છે. પરિણામને કદીયે કારણ સાથે ગૂંચવશો નહિ. તેની અસર મારામાં આજ્ઞાપાલન, સેવા, અને પ્રાર્થના છે, અને આ બાબત ખ્રિસ્તના વધસ્તંભના દ્વારા પ્રાયશ્ચિતના કારણે મારામાં લાવવામાં આવેલ આશ્ચર્યજનક પવિત્રીકરણ માટે અવર્ણનીય ધન્યવાદ અને આરાધનાનું ફળ હોય છે.

## લાગણીશીલતા કે શિષ્યતા?

*“પણ વહાલાઓ, તમારા પરમ પવિત્ર વિશ્વાસમાં વધતા જઈને...”*
*(યહૂદાનો પત્ર ૨૦)*

આપણા પ્રભુના વિશે લાગણીશીલ કે વિચારવગરની કાર્યવાહી બિલકુલ નહોતી, પરંતુ તેમાં એક શાંત શક્તિ હતી જે શક્તિ ક્યારે પણ ગભરાતી નહોતી. આપણામાંના ઘણા લોકો પોતાના ખ્રિસ્તીપણાનો વિકાસ પોતાના અંગત સ્વભાવ અનુસાર કરે છે, પરમેશ્વરના સ્વભાવ અનુસાર નહિ. લાગણીશીલ બનીને કામ કરવું તે શારીરિક જીવનની વિશેષતા હોય છે, અને આપણા પ્રભુ તેને હંમેશા અવગણના કરે છે, કારણ કે તે એક શિષ્યના જીવનના વિકાસમાં અવરોધરૂપ છે. ધ્યાનથી જુઓ કે પરમેશ્વરનો આત્મા અચાનક પોતાની જાત પ્રત્યેની વધુ સભાનતાની મૂર્ખતાના અનુભવ દ્વારા, લાગણીશીલતા પ્રત્યે રૂકાવટની ભાવના કેવી રીતે લાવે છે, જે પોતાની સફાઈ રજુ કરવાની ઈચ્છા કરવાને મજબૂર કરે છે. એક બાળકમાં લાગણીશીલ હોવું યોગ્ય છે - પરંતુ સ્ત્રી કે પુરૂષમાં તે વિનાશક છે - એક લાગણીશીલ પુખ્ત વ્યક્તિ હંમેશા એક બગડેલો વ્યક્તિ હોય છે. શિસ્ત દ્વારા અંતદ્રષ્ટિ કેળવવાની જરૂર છે.

શિષ્યપણાનું નિર્માણ કાર્ય સંપૂર્ણ રીતે પરમેશ્વરની અલૌકિક કૃપા પર હોય છે, એક લાગણીશીલ, સાહસિક વ્યક્તિ માટે પાણી પર ચાલવું સરળ હોય છે, પરંતુ ઈસુ ખ્રિસ્તના શિષ્ય તરીકે સૂકી ભૂમિ પર ચાલવું બિલકુલ અલગ વાત છે. પિતર ઈસુ પાસે જવા માટે પાણી પર ચાલ્યો, પરંતુ સૂકી ભૂમિ પર તે ‘ઘણે દૂર રહીને તેની પાછળ પાછળ ચાલતો’(માર્ક ૧૪:૫૪). આપણે સંકટોનો સામનો કરવા માટે પરમેશ્વરની કૃપાની જરૂરત નથી હોતી - તણાવો અને દબાણોનો ભવ્ય રીતે સામનો કરવા માટે મનુષ્યનો સ્વભાવ અને ઘમંડ જ પૂરતો છે. પરંતુ નીરસતામાંથી ગુજરતા, ઈસુના એક સાધારણ, અવગણના પામેલ અને ધ્યાનમાં ન આવેલ સંતના રૂપમાં દરરોજ ચોવીસ કલાક જીવવા માટે પરમેશ્વરની કૃપાની જરૂરત હોય છે. આપણી અંદર એ વાત દઢતાથી ભરી છે કે આપણે પરમેશ્વરના માટે અસાધારણ કામ કરવું છે - પરંતુ આપણે તે કરતા નથી. આપણે જીવનની સાધારણ બાબતોમાં અસાધારણ હોવાનું છે, અને સાધારણ માર્ગો પર, સાધારણ લોકોની વચ્ચે પવિત્ર હોવાનું છે - અને આ વાત પાંચ મિનિટમાં શીખવવામાં આવતી નથી.

## આત્માની સાક્ષી

*“આપણા આત્માની સાથે પવિત્ર આત્મા પોતે સાક્ષી આપે છે...”*
*(રોમનોને પત્ર ૮:૧૬)*

જ્યારે આપણે પરમેશ્વરની પાસે આવીએ છીએ, ત્યારે આપણે પરમેશ્વરની સાથે સોદો કરવાના જોખમમાં હોઈએ છીએ - પરમેશ્વર આપણને જે કરવાનું કહેવામાં આવે છે, તે કરતા પહેલા આપણે આત્માની સાક્ષીની ઈચ્છા રાખીએ છીએ.

પરમેશ્વર પોતાની જાતને તમારી આગળ કેમ પ્રગટ નથી કરતા? તે તેમ કરી શકતા નથી. એવું નથી કે તે પ્રગટ નહિ કરે, પરંતુ તે પ્રગટ નથી કરી શકતા કેમ કે જ્યાં સુધી તમે સંપૂર્ણ સમર્પણમાં પોતાની જાતને તેને સોંપતા નથી, ત્યાં સુધી તમે તેમના માર્ગને અવરોધો છો. છતાંયે તમે જ્યારે તેમ કરો છો, કે તરત પરમેશ્વર પોતાના વિશે સાક્ષી આપે છે - તે તમારી સાક્ષી નથી આપી શકતા, પરંતુ તે તરત તમારી અંદર તેના પોતાના સ્વભાવની સાક્ષી આપે છે. જો તમે આજ્ઞાપાલનથી આવનાર વાસ્તવિકતા અને સત્યની પહેલા જ આત્માની સાક્ષીને પ્રાપ્ત કરી લો છો, તો તેનું પરિણામ ફક્ત લાગણીશીલતા હશે. પરંતુ જ્યારે તમે ઉદ્ધારના આધાર પર કાર્યવાહી કરો છો, અને પરમેશ્વરની સાથે દલીલ કરવાના અપમાનને બંધ કરો છો કે તરત તે પોતાની સાક્ષી આપે છે. જેવા તમે તમારા તર્ક-વિતર્ક અને વાદ-વિવાદને બંધ કરી દો છો, ત્યારે પરમેશ્વર તેની સાક્ષી આપે છે જે તેમણે કરી દીધું છે, અને તમને પોતાના જ અપમાન પર આશ્ચર્ય થાય છે કે તમે પરમેશ્વરને આટલા સમય સુધી રોકી રાખ્યા. જો તમે દલીલ કરો છો કે પરમેશ્વર પાપથી છુટકારો આપી શકે છે કે નહિ, તો પછી અથવા તો તેને એમ કરવા દો અથવા તેમને કહી દો કે તે આમ નથી કરી શકતા. પરમેશ્વરને બીજાઓના ઉદાહરણ ના આપશો. ફક્ત માથ્થી ૧૧:૨૮ ની આજ્ઞા માનો કે, “ઓ વૈતરૂ કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો...” જો તમે થાકેલા છો તો આવો અને જો તમે જાણો છો કે તમે ભૂંડા છો, તો માંગો(જુઓ લૂક ૧૧: ૯-૧૩).

આપણે પોતાની સ્વાભાવિક વ્યવહારિક બુદ્ધિના ફેંસલાથી આવનાર સરળતાને પવિત્ર આત્માની સાક્ષી સમજવાની ભૂલ કરી શકીએ છીએ, પરંતુ આત્મા ફક્ત પોતાના સ્વભાવ અંગે ઉદ્ધારના કાર્યની સાક્ષી આપે છે, આપણી તર્ક શક્તિની સાક્ષી નહિ. જો આપણે તેમની પાસેથી આપણી તર્ક શક્તિની સાક્ષી અપાવવાની કોશિશ કરીએ છીએ, તો એ આશ્ચર્યની વાત નથી કે આપણે અંધકાર અને અનિશ્ચિતતામાં છીએ. આ બધી બાબતોને ઉઠાવીને ફેંકી દો, પરમેશ્વર પર ભરોસો રાખો, અને તે તમને પવિત્ર આત્માની સાક્ષી આપશે.

## જૂના જીવનનું કશું નહિ

*"જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે,*
*જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ સઘળું નવું થયું છે."*
*(૨ કરિંથી ૫:૧૭)*

આપણા પ્રભુ આપણી પૂર્વધારણાઓને કદી સહન નથી કરતા - તે તેમની બિલકુલ વિરુદ્ધ છે અને તેમનો નાશ કરે છે. કદાચ આપણે એવું વિચારીએ છીએ કે પરમેશ્વરને આપણી કેટલીક પૂર્વધારણાઓમાં વિશેષ રૂચિ છે, અને આપણને એ વાતની ખાતરી છે કે તે આપણી સાથે આવો વ્યવહાર કદી નહિ કરે જેવો વ્યવહાર તેણે બીજાઓ સાથે કરવો પડે છે. આપણે પોતાની જાતને એવું પણ કહીએ છીએ કે, "પરમેશ્વરને બીજા લોકો સાથે કડકાઈથી વ્યવહાર કરવો પડે છે, પરંતુ એમાં કોઈ સંદેહ નથી કે તે જાણે છે કે મારી પૂર્વધારણાઓ યોગ્ય છે." પરંતુ આપણે શીખવું જોઈએ કે પરમેશ્વર જૂના જીવનની કોઈ વાતનો સ્વીકાર નથી કરતા! આપણી પૂર્વધારણાઓના પક્ષમાં રહેવાને બદલે તે ઈરાદપૂર્વક તેમને આપણાથી દૂર કરી રહ્યા છે. તે આપણા નૈતિક શિક્ષણના પાઠનો એક હિસ્સો છે કે આપણે તેની કૃપા દ્વારા આપણી પૂર્વધારણાઓને મારવામાં આવતા આપણે જોઈએ, અને એ પણ જોઈએ કે પરમેશ્વર આ કામ કેવી રીતે કરે છે. આપણે પરમેશ્વરની પાસે જે કંઈ પણ લાવીએ છીએ, તેને પરમેશ્વર કોઈ માન આપતા નથી. પરમેશ્વર આપણી પાસે એક જ બાબત ઈચ્છે છે, અને તે છે, આપણું બિનશરતી સમર્પણ.

જ્યારે આપણો નવો જન્મ થાય છે, ત્યારે પવિત્ર આત્મા આપણામાં પોતાની નવી ઉત્પત્તિનું કામ કરવા લાગે છે, અને ક્યારેક તો એવો સમય આવશે જ્યારે જૂના જીવનનું કશું જ બચશે નહિ. આપણો જૂનો નિરાશાજનક દ્રષ્ટિકોણ અને સર્વ બાબતો પ્રત્યેનું જૂનું વલણ બંને જતા રહે છે અને "સર્વ પરમેશ્વર તરફથી છે"(૫:૧૮). જેમાં કોઈ લાલસા નથી, કોઈ સ્વાર્થ નથી, અને જે બીજાઓ દ્વારા હાંસી ઉડાવવામાં આવે તો પણ ખોટું ના લગાડે તેવું જીવન આપણે કેવી રીતે પ્રાપ્ત કરીશું? આપણે એવી પ્રીતિ ક્યાંથી પ્રાપ્ત કરીશું જે "પરોપકારી છે...ખીજવાતી નથી, અપકારને લેખવતી નથી"(૧ કરિંથી ૧૩:૪-૫). આ માટે એક જ રીત છે કે જૂના જીવનની કોઈ પણ વાતને રહેવા દેવામાં ના આવે, અને પરમેશ્વર પર ફક્ત સરળ, સંપૂર્ણ ભરોસો રાખવામાં આવે - એવો ભરોસો કે હવે આપણે પરમેશ્વરના આશીર્વાદો નહિ, પરંતુ સ્વયં પરમેશ્વરને જ ઈચ્છીએ છીએ. શું આપણે એવા સ્થાને પહોંચી ગયા છીએ કે જો પરમેશ્વર પોતાના આશીર્વાદોને આપણી પાસેથી પાછા લઈ લે, તો પણ પરમેશ્વર પર આપણા ભરોસામાં તેની કોઈ જ અસર નહિ થાય? જ્યારે આપણે ખરેખર પરમેશ્વરને કાર્ય કરતા જોઈ લઈશું, તો જે ઘટનાઓ થઈ રહી છે તેની આપણને કોઈ ચિંતા નહિ થાય, કેમ કે આપણે સ્વર્ગમાં આપણા એ પિતા પર ભરોસો કરી છીએ જેને જગત જોઈ શકતું નથી.

## યોગ્ય દ્રષ્ટિકોણ

*“પણ પરમેશ્વર જે સદા અમને ખ્રિસ્તમાં વિજય કરીને દોરી જાય છે...તેની સ્તુતિ થાઓ”*
*(૨ કરિંથી ૨:૧૪)*

પરમેશ્વરના એક સેવકનો યોગ્ય દ્રષ્ટિકોણ સૌથી ઊંચાઈની પાસે જેટલા જઈ શકાય તેટલા જવાનો હોવો જોઈએ નહિ, પરંતુ તે દ્રષ્ટિકોણ સૌથી ઊંચો જ હોવો જોઈએ પરમેશ્વરના દ્રષ્ટિકોણને જોરદાર રીતે બનાવી રાખવા તરફ ધ્યાન આપો, અને યાદ રાખો કે આ વાત થોડું-થોડું કરીને દરરોજ કરવામાં આવવી જોઈએ. એક સીમિત સ્તર પર એવું ના વિચારશો કે કોઈ બાહ્ય શક્તિ યોગ્ય દ્રષ્ટિકોણને સ્પર્શ નથી કરી શકતી.

યોગ્ય દ્રષ્ટિકોણને જાળવી રાખવો તે એ છે કે આપણે એક જ ઉદ્દેશથી અહીં છીએ - ખ્રિસ્તના વિજયના ઉત્સવોની શોભાયાત્રામાં બંદીવાન બનીને ચાલવા માટે. આપણે પરમેશ્વરના સજાવટના ખાનામાં (શૉ-કેસમાં) પ્રદર્શન માટે નહિ, આપણે અહીં એક જ બાબતને પ્રદર્શિત કરવાને માટે છીએ, અર્થાત્ “આપણા જીવનને વશ કરીને ખ્રિસ્તની આધીનતામાં લાવીએ છીએ”(૨ કરિંથી ૧૦:૫). અન્ય દ્રષ્ટિકોણ કેટલા નાના છે! ઉદાહરણ તરીકે, એ લોકો જે એમ કહે છે કે, “હું એકલો ઊભો રહીને ઈસુને માટે યુદ્ધ કરી રહ્યો છું” કે “મારે ઈસુના ઉદ્દેશને જાળવી રાખવાનો છે અને તેના માટે ગઢને સંભાળી રાખવાનો છે” પરંતુ પાઉલે કંઈક એવું કહ્યું કે, “હું એક વિજેતાની શોભાયાત્રામાં છું, અને મને કઠીનાઈઓની ચિંતા નથી, કેમ કે મને હંમેશા વિજયના ઉત્સવમાં આગળ દોરીને લઈ જવામાં આવે છે” શું આ વિચાર આપણા જીવનમાં વ્યવહારમાં લાવવામાં આવી રહ્યો છે? પાઉલનો ગુપ્ત આનંદ એ હતો કે પરમેશ્વરે તેને ઈસુ ખ્રિસ્તની વિરુદ્ધ એક નિર્લજ્જ વિદ્રોહીના રૂપમાં લીધો, અને તેને એક બંદીવાન બનાવી દીધો - અને તે તેનો ઉદ્દેશ બની ગયો. પ્રભુનો બંદિવાન હોવાનો પાઉલને આનંદ હતો, અને આ બાબત સિવાય તેને સ્વર્ગમાં અને પૃથ્વી પર અન્ય કોઈ રૂચિ નહોતી. એક ખ્રિસ્તી માટે વિજય પ્રાપ્ત કરવાની વાત કરવી તે એક શરમની વાત છે. આપણે એટલી સંપૂર્ણતાથી મહાન વિજેતા બની જવાનું છે કે વિજય હંમેશા તેમનો જ હોય, અને “તેને આશરે આપણે...વિશેષ જય પામી છીએ”(રોમનોને પત્ર ૮:૩૭).

“...અમે પરમેશ્વરની આગળ ખ્રિસ્તના સુગંધરૂપ છીએ”(૨ કરિંથી ૨:૧૫). આપણે ઈસુની મધુર સુગંધથી ઘેરાયેલા છીએ, અને જ્યાં કંઈ પણ આપણે જઈએ છીએ, ત્યાં આપણે પરમેશ્વરના માટે એક અદ્ભુત તાજગી હોઈએ છીએ.

## પરમેશ્વરના ઉદ્દેશને આધીન થવું

*"હરકોઈ રીતે કેટલાએકને તારવા સારુ હું સર્વની સાથે સર્વના જેવો થયો"*
*(૧ કરિંથી ૯:૨૨)*

એક ખ્રિસ્તી કાર્યકર્તાએ એ શીખવાનું છે કે પુષ્કળ ક્ષુલ્લક અને મહત્વહીન વસ્તુઓની મધ્યે તે પરમેશ્વરના મહાન અને મૂલ્યવાન વ્યક્તિ કેવી રીતે બની શકે. કદી પણ એવું કહીને વિરોધ ના કરશો કે, "કાશ, જો હું બીજી કોઈ જગ્યાએ હોત તો!" પરમેશ્વરના બધા લોકો સાધારણ લોકો છે જેમને પરમેશ્વરે જે ઉદ્દેશ આપ્યો તેના દ્વારા અસાધારણ બનાવી દીધા છે. જો યોગ્ય ઉદ્દેશ બૌદ્ધિક રીતે અને પ્રેમમય રીતે આપણા મનોમાં ના હોય તો, આપણે પરમેશ્વરને માટે ઉપયોગી થવાના માર્ગમાંથી ખૂબ જલ્દીથી હટી જઈશું. આપણે આપણી પસંદગી દ્વારા પરમેશ્વરના કાર્યકર્તા નથી. ઘણા બધા લોકો જાણીજોઈને કાર્યકર્તા બનવાની પસંદગી કરે છે, પરંતુ તેમની પાસે પરમેશ્વરની શક્તિમાન કૃપાનો ઉદ્દેશ નથી હોતો અને તેમનામાં તેમનું સામર્થ્યવાન વચન નથી હોતું. પાઉલનું સંપૂર્ણ હૃદય, મન અને પ્રાણ તે મહાન ઉદ્દેશમાં તલ્લીન થઈ ગયું હતું, જેને ઈસુ ખ્રિસ્ત પૂર્ણ કરવા આવ્યા હતા, અને તેણે આ એક વાતને આંખો આગળથી કદી દૂર થવા દીધી નહોતી. આપણે સતત પોતાની જાતનો સામનો આ એક હકીકતની સામે કરવો જોઈએ "...ઈસુ ખ્રિસ્ત અને તે વધસ્તંભે જડાયેલો..."(૧ કરિંથી ૨:૨).

"મેં તમને પસંદ કર્યા છે...(યોહાન ૧૫:૧૬)." તમારી ઈશ્વરવિદ્યામાં આ શબ્દોને અદ્ભુત યાદ અપાવનાર બાબત તરીકે રાખો. તમે પરમેશ્વરને મેળવ્યા નથી પરંતુ પરમેશ્વરે તમને મેળવી લીધા છે. પરમેશ્વર વાળતા, તોડતા, આકાર આપતા, અને પોતાની ઈચ્છા અનુસારના કાર્યમાં લાગુ છે. અને તે આવું શા માટે કરી રહ્યા છે? તેઓ એવું ફક્ત એક જ ઉદ્દેશથી કરી રહ્યા છે કે તેઓ એમ કહી શકે કે, "આ મારો પુરૂષ છે અને આ મારી સ્ત્રી છે." આપણે પરમેશ્વરના હાથમાં હોવું જોઈએ જેથી તે બીજાઓને ખડક, અર્થાત્ ઈસુ ખ્રિસ્ત પર મૂકી શકે જેમ તેમણે આપણને મૂક્યા છે.

એક કાર્યકર્તા બનવાની પસંદગી કદી ના કરો, પરંતુ એકવાર જ્યારે પરમેશ્વર તમને પોતાનું તેડુ આપે છે, તો જો તમે "જમણે કે ડાબે ફરી જાવ..." તો તમને અફસોસ! (પુનર્નિયમ ૨૮:૧૪). પરમેશ્વર તમારી સાથે એ કાર્ય કરશે જે તેણે તમને તેડ્યા તે અગાઉ કદી નથી કર્યું, અને તે તમારી સાથે એ કાર્ય કરશે જે તેમણે અગાઉ બીજા લોકો સાથે નથી કર્યું. તેમને તેમની ઈચ્છા પૂરી કરવા દો.

## મિશનેરી એટલે શું?

*“ઈસુએ ફરી તેઓને કહ્યું કે, ‘...જેમ બાપે મને મોકલ્યો છે, તેમ હું તમને મોકલું છું’ ”*
*(યોહાન ૨૦:૨૧)*

જેમ ઈસુને પરમેશ્વર દ્વારા મોકલવામાં આવ્યા હતા, તેમ જેને ઈસુ ખ્રિસ્ત દ્વારા મોકલવામાં આવે છે તે વ્યક્તિ મિશનેરી છે. મિશનેરીને નિયંત્રણ કરનાર બાબત તે લોકોની જરૂરત નથી, પરંતુ ઈસુની આજ્ઞા હોય છે. પરમેશ્વરને માટે આપણી સેવાની પ્રેરણાનો સ્રોત આપણી પાછળ હોય છે, આપણી આગળ નહિ. આજકાલ એવું વલણ જોવા મળે છે કે પ્રેરણાને આગળ રાખવી - બધી બાબતોને એકઠી કરીને આપણી સામે રાખવી અને પછી તેને સફળતાની આપણી વ્યાખ્યામાં અનુકૂળ બનાવવું. પરંતુ, નવા કરારમાં પ્રેરણાને આપણી પાછળ રાખવામાં આવે છે, અને પ્રેરણા સ્વયં પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. આપણું લક્ષ છે તેમના પ્રત્યે વફાદાર રહેવું - તેમની યોજનાઓને પૂર્ણ કરવી.

પ્રભુ ઈસુ અને તેમના દ્રષ્ટિકોણ પ્રત્યેનો વ્યક્તિગત લગાવ તે એક માત્ર બાબત છે જેને દરગુજર ના કરાય. મિશનેરી કાર્યમાં, એક મોટું જોખમ હોય છે કે પરમેશ્વરના તેડાની જગ્યા લોકોની જરૂરતો લઈ લે છે, એટલી હદે કે એ જરૂરતો માટે માનવીય સહાનુભૂતિ ઈસુ દ્વારા મોકલવામાં આવવાના અર્થને ઢાંકી દે છે. જરૂરતો એટલી બધી મોટી હોય છે અને પરિસ્થિતિઓ એટલી કઠીન હોય છે કે મનની તમામ શક્તિ ડગમગી જાય અને નિષ્ફળ થઈ જાય છે. આપણે એ ભૂલી જઈએ છીએ કે દરેક મિશનેરી કાર્યની પાછળ જે એક માત્ર મહાન કારણ હોય છે, તે મુખ્યરૂપે લોકોના ઉત્થાનનું, તેમને શિક્ષણ આપવાનું કે તેમની જરૂરતો પૂરી પાડવાનું નથી, પરંતુ સૌથી પ્રથમ અને શ્રેષ્ઠ તો ઈસુ ખ્રિસ્તની એ આજ્ઞા છે કે, “એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો...”(માથ્થી ૨૮:૧૯).

જ્યારે આપણે પાછળ વળીને પરમેશ્વરના સ્ત્રીઓ અને પુરૂષોના જીવનોની તરફ ધ્યાન આપીએ છીએ, તો આપણી પ્રવૃત્તિ એવું કહે છે કે, “તેમની બુદ્ધિ કેટલી અદ્‌ભુત હતી અને કેટલા સમજદાર હતા, અને તેમણે કેટલી સંપૂર્ણતાથી એ બધી બાબતોને સમજી લીધી જે પરમેશ્વર ઈચ્છતા હતા!” પરંતુ તેમની પાછળ જે તેજ અને સમજદાર મગજ હતું તે તો પરમેશ્વરનું મગજ હતું, માનવીય બુદ્ધિ નહિ. આપણે માનવીય બુદ્ધિને શ્રેય આપીએ છીએ પરંતુ હકીકતમાં આપણે પરમેશ્વરના ઈશ્વરીય માર્ગદર્શનને શ્રેય આપવો જોઈએ જે બાળકો જેવા લોકોથી પ્રદર્શિત થયું જે એટલા “મુર્ખ” હતા કે તેમણે પરમેશ્વરની બુદ્ધિ અને તેમના અલૌકિક સાધનો પર ભરોસો રાખ્યો.

## મિશનની કાર્યપદ્ધતિ

*"એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો..."*
*(માથ્થી ૨૮:૧૯)*

ઈસુ ખ્રિસ્તે એવું નથી કહ્યું કે, "જાઓ અને આત્માઓને બચાવો"(આત્માનું તારણ તે તો પરમેશ્વરનું અલૌકિક કાર્ય છે), પરંતુ તેમણે એમ કહ્યું કે, "જાઓ...સર્વ દેશાનાઓને શિષ્ય કરો..." જ્યાં સુધી તમે પોતે શિષ્ય ના બન્યા હો ત્યાં સુધી તમે શિષ્યો બનાવી શકતા નથી. જ્યારે શિષ્યો પોતાના પ્રથમ સેવા કાર્યમાંથી પાછા આવ્યા, ત્યારે તેઓ આનંદથી ભરપૂર હતા કેમ કે દુષ્ટ આત્માઓ પણ તેમને આધીન થયા હતા. પરંતુ ઈસુએ તેમને જાણે કે એમ જણાવ્યું કે, "તમે સફળ સેવાકાર્યમાં આનંદિત ના થાવ - આનંદનું સૌથી મહાન રહસ્ય એ છે કે મારી સાથે તમારો સંબંધ સીધો અને યોગ્ય છે"(જુઓ લૂક ૧૦:૧૭-૨૦). એક મિશનેરી માટે સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે તે પરમેશ્વરના તેડા પ્રત્યે વફાદાર અને વિશ્વાસુ રહે, અને એ સમજે કે તેનું એક માત્ર લક્ષ એ છે કે તે લોકોને ઈસુના માટે શિષ્ય બનાવે. યાદ રાખો કે, આત્માઓને માટે એક એવી તીવ્ર ઈચ્છા હોય છે જે પરમેશ્વર તરફથી નથી હોતી, પરંતુ આપણી એવી અભિલાષામાંથી આવે છે કે આપણે આપણા દ્રષ્ટિકોણ પ્રત્યે લોકોનું પરિવર્તન કરીએ.

એક મિશનેરીને આ વાતથી પડકાર નથી મળતો કે લોકોને તારણ સુધી લાવવું મુશ્કેલ છે, બીજીવાર પાપમાં પડનાર વ્યક્તિઓને ફરીથી માર્ગ પર લાવવું કઠણ હોય છે, કે પછી એ કે તેમણે એક કઠણ નિરાશાના અવરોધનો સામનો કરવો પડે છે. ના, પડકાર ઈસુ ખ્રિસ્તની સાથે એક મિશનેરીના અંગત વ્યક્તિગત સંબંધના દ્રષ્ટિકોણથી આવે છે કે "હું એ કરી શકું છું એવો તમને વિશ્વાસ છે શું?"(માથ્થી ૯:૨૮). આપણો પ્રભુ વિચલિત થયા વગર આપણને આ પ્રશ્ન પૂછે છે, અને આ પ્રશ્ન આપણી સામે આવનાર દરેક પરિસ્થિતિમાં આપણો સામનો કરે છે. આપણી સામે જે એકમાત્ર પડકાર છે, તે એ છે કે શું હું મારા પુનરુત્થાન પામેલા પ્રભુને ઓળખું છું? શું હું પરમેશ્વરની દ્રષ્ટિમાં બુદ્ધિમાન, અને જગતની બુદ્ધિ અનુસાર એટલો મૂર્ખ છું કે ઈસુએ જે કહ્યું છે તેની ઉપર ભરોસો કરી શકું? કે શું હું ખ્રિસ્ત ઈસુમાં અસીમિત ભરોસાની અલૌકિક સ્થિતિનો ત્યાગ કરી રહ્યો છું, જે વાસ્તવમાં એક મિશનેરી માટે પરમેશ્વરનું એકમાત્ર તેડું હોય છે? જો હું બીજી કોઈ અન્ય કાર્યપદ્ધતિનો ઉપયોગ કરું છું, તો આપણા પ્રભુ દ્વારા ઠરાવવામાં આવેલ પદ્ધતિઓથી દૂર જઈ રહ્યો છું - "સર્વ અધિકાર મને અપાયો છે એ માટે તમે જઈને..." (માથ્થી ૨૮: ૧૮-૧૯).

## વિશ્વાસ દ્વારા ન્યાયી ઠરવું

*"કેમ કે જ્યારે આપણે શત્રુ હતા, ત્યારે જો પરમેશ્વરની સાથે તેમના દીકરાના મરણ દ્વારા આપણો તેમની સાથે મિલાપ થયો, તો મિલાપ થયા પછી આપણે તેમના જીવનને લીધે બચીશું તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે!"*
*(રોમનોને પત્ર ૫:૧૦)*

મારું તારણ વિશ્વાસ કરવા દ્વારા નથી થતું - વિશ્વાસ કરવા દ્વારા મને એ સમજણ પડે છે કે મારું તારણ થઈ ગયું છે અને પસ્તાવો મને બચાવતો નથી - પસ્તાવો ફક્ત એ વાતનું ચિહ્ન છે કે હું એ સમજુ છું કે ખ્રિસ્ત ઈસુ દ્વારા પરમેશ્વરે શું કર્યું છે. અહીં કારણ ને બદલે પરીણામ પર ભાર મૂકવાનું જોખમ છે. શું મારું આજ્ઞાપાલન, મારો અભિષેક, અને સમર્પણ પરમેશ્વર સાથે મને સમાધાનમાં લાવે છે? ના, એવું કદી નથી થતું! પરમેશ્વર સાથે મારું સમાધાન એ માટે થાય છે કેમ કે આ બધી બાબતો થયા પહેલા ખ્રિસ્ત મરણ પામ્યા. જ્યારે હું પરમેશ્વર તરફ ફરું છું, અને વિશ્વાસ દ્વારા પરમેશ્વર જે પ્રગટ કરે છે તેને ગ્રહણ કરું છું, તો ખ્રિસ્તના વધસ્તંભનું આશ્ચર્યજનક પ્રાયશ્ચિત મને તે જ સમયે પરમેશ્વરની સાથે યોગ્ય સંબંધમાં મૂકી દે છે. અને પરમેશ્વરની કૃપાના અલૌકિક ચમત્કારના પરિણામ સ્વરૂપે મને ન્યાયી ઠરાવવામાં આવે છે, એ માટે નહિ કે મને મારા પાપનો પસ્તાવો થયો છે, કે પછી મને દુ:ખ થયું છે, પરંતુ ઈસુએ જે કાર્ય કર્યું તે કારણથી મને ન્યાયી ઠરાવાયો. પરમેશ્વરનો આત્મા એક તેજસ્વી પ્રકાશ સાથે ન્યાયી ઠરાવે છે, મને એ જાણ ના પણ પડે કે તે કેવી રીતે પૂર્ણ કરવામાં આવ્યું પરંતુ મને એ ખબર પડી જાય છે કે મારું તારણ થયું છે.

પરમેશ્વર તરફથી મળતું તારણ માનવીના તર્ક-વિતર્ક પર નહિ, પરંતુ ઈસુના બલિદાનયુક્ત મૃત્યુ પર આધારિત હોય છે. આપણે ફક્ત આપણા પ્રભુના પ્રાયશ્ચિતના કારણે જ નવો જન્મ પામી શકીએ છીએ. પાપી લોકો પોતાના પસ્તાવા કે વિશ્વાસ દ્વારા નહિ પણ ખ્રિસ્ત ઈસુમાં પરમેશ્વરનું અદભુત કાર્ય જે આપણા તમામ અનુભવોની પહેલા થયું હતું તેથી નવા સર્જનમાં બદલાઈ શકે છે(૨ કરિંથી ૫:૧૭-૧૯) ન્યાયી ઠરાવવામાં આવવાની અને પવિત્રીકરણની અજેય સુરક્ષા પરમેશ્વર પોતે જ છે. આપણે તે બાબતોને પોતે પૂર્ણ કરવાની જરૂર નથી - તે ખ્રિસ્તના વધસ્તંભના પ્રાયશ્ચિત દ્વારા પૂરી થઈ ગઈ છે. પરમેશ્વરના ચમત્કાર દ્વારા અલૌકિક બાબત કુદરતી બની જાય છે, અને ઈસુ ખ્રિસ્ત જે કાર્ય કરી ચૂક્યા છે તેની સમજણ એ છે - "સંપૂર્ણ થયું"(યોહાન ૧૯:૩૦).

## ના બદલામાં

*“આપણે તેમનામાં પરમેશ્વરના ન્યાયીપણારૂપ થઈએ,
માટે જેમણે પાપ જાણ્યું નહોતું તેમને તેમણે આપણે વાસ્તે પાપરૂપ કર્યા”
(૨ કરિંથી ૫:૨૧)*

ઈસુના મૃત્યુ માટે આધુનિક વિચારધારા એ છે કે તે આપણા પ્રત્યેની સહાનુભૂતિને કારણે આપણા પાપોને માટે મર્યા. પરંતુ નવા કરારનો દ્રષ્ટિકોણ એ છે કે તેમણે આપણા પાપોને પોતાની ઉપર સહાનુભૂતિને કારણે નહિ, પરંતુ આપણી સાથે એકરૂપ થવાને કારણે પોતાની ઉપર લીધા. તેમને “...પાપરૂપ કર્યા.” આપણા પાપ ઈસુના મૃત્યુને કારણે દૂર થાય છે, તેમની મૃત્યુનું એક માત્ર કારણ આપણા માટેની તેમની સાહનુભૂતિ નહિ, પરંતુ તેમના પિતા પ્રત્યેનું તેમનું આજ્ઞાપાલન હતું. આપણે આજ્ઞા પાળી કે આપણે કોઈ બાબતોનો ત્યાગ કરવાનું વચન આપ્યું તેના કારણે પરમેશ્વર આપણને સ્વીકારતા નથી, પરંતુ ખ્રિસ્તના મૃત્યુના કારણે જ, બીજું કોઈ કારણ નથી. આપણે કહીએ છીએ કે ઈસુ ખ્રિસ્ત પરમેશ્વરના પિતૃત્વને અને તેમની કરુણાને પ્રગટ કરવા આવ્યા, પરંતુ નવો કરાર કહે છે કે, તેઓ “જગતનું પાપ હરણ કરવા આવ્યા”(યોહાન ૧:૨૯). અને પરમેશ્વરના પિતૃત્વનું પ્રકટીકરણ ફક્ત એમના માટે છે જેમને તારણહારના રૂપમાં ઈસુનો પરિચય કરાવવામાં આવ્યો છે. જગત સાથે વાત કરતી વખતે ઈસુ ખ્રિસ્તે પોતાની જાતને કદી એવી વ્યક્તિ ના કહી કે જે પિતાને પ્રગટ કરે છે, પરંતુ તેના બદલે તેઓએ પોતાને ઠોકરનું કારણ જણાવ્યા(જુઓ યોહાન ૧૫:૨૨-૨૪), યોહાન ૧૪:૯ જ્યાં ઈસુએ કહ્યું કે, “જેણે મને જોયો છે તેણે બાપને જોયો છે” આ વચન તેમણે પોતાના શિષ્યોને કહ્યું હતું.

નવા કરારમાં એવું કદી શીખવવામાં આવ્યું નથી કે ખ્રિસ્ત મારા માટે મર્યા અને તેથી હું શિક્ષાથી સંપૂર્ણ રીતે મુક્ત છું. નવા કરારમાં જે શીખવવામાં આવ્યું છે તે એ કે, “તે સર્વને વાસ્તે મૂઓ”(૨કરિંથી ૫:૧૫) - એવું નથી કે, “તે મારુ મરણ મર્યા” - અને તેમના મૃત્યુમાં તેમની સાથે એકરૂપ થઈ જવા દ્વારા હું પાપથી છુટકારો મેળવી શકું છું, અને એક ભેટના રૂપમાં તેમના ન્યાયીપણાને પ્રાપ્ત કરી શકું છું. નવા કરારમાં જે અવેજી અર્થાત્ એક વ્યકિતના બદલે બીજી વ્યક્તિ પાસેથી કામ કરાવવું વિશે શીખવવામાં આવ્યું છે તેના બે પાસા છે - “આપણે તેમનામાં પરમેશ્વરના ન્યાયીપણારૂપ થઈએ, માટે જેમણે પાપ જાણ્યું નહોતું તેમને તેમણે આપણે વાસ્તે પાપરૂપ કર્યા.” જ્યાં સુધી હું મારી અંદર ખ્રિસ્તનું રૂપ બનાવવાનો સંકલ્પ નથી કરી લેતો, ત્યાં સુધી ખ્રિસ્ત મારા માટે નું શિક્ષણ લાગુ નથી પડતું (જુઓ ગલાતી ૪:૧૯).

## વિશ્વાસ

*"વિશ્વાસ વગર પરમેશ્વરને પ્રસન્ન કરવા એ બનતું નથી..."*
*(હિબ્રૂઓને પત્ર ૧૧:૬)*

જ્યારે વિશ્વાસ વ્યવહારિક બુદ્ધિથી વિરુદ્ધમાં કાર્ય કરે છે તો તેને ઉત્સાહ અને સંકુચિત માનસ માનવામાં આવે છે, અને જ્યારે વ્યવહારિક બુદ્ધિ વિશ્વાસથી વિપરીત કામ કરે છે તો એવું માનવામાં આવે છે કે સત્યના આધાર માટે તે તર્કનો સહારો લે છે. વિશ્વાસનું જીવન આ બંનેને યોગ્ય સંબંધમાં લાવે છે. વ્યવહારિક બુદ્ધિ અને વિશ્વાસમાં એટલો જ ફર્ક છે જેટલો શારીરિક જીવન અને આત્મિક જીવનમાં છે, અને લાગણીશીલતા અને પ્રેરણામાં છે. ઈસુ ખ્રિસ્તે જે કંઈ કહ્યું તેમાં વ્યવહારિક બુદ્ધિ નહિ, પરંતુ પ્રકટીકરણ હતું, અને તે સંપૂર્ણ છ, જ્યારે વ્યવહારિક બુદ્ધિ અધૂરી માલૂમ પડે છે. છતાં પણ તમારો વિશ્વાસ વાસ્તવિક બની જાય તે પહેલાં તેની કસોટી કરવામાં આવે તે જરૂરી હોય છે. "આપણે જાણીએ છીએ કે...એકંદરે સઘળું હિતકારક નીવડે છે."(રોમનોને પત્ર ૮:૨૮). આ રીતે કશું પણ થાય પરમેશ્વરની પૂર્વ આયોજીત રૂપાંતરિત કરનાર સામર્થ્ય ખામી વિનાના વિશ્વાસને વાસ્તવિકતામાં બદલી દે છે. વિશ્વાસ હંમેશા વ્યક્તિગતરૂપથી કામ કરે છે, કેમ કે પરમેશ્વરનો ઉદ્દેશ એ છે કે તેમના બાળકોમાં ખામી વિનાનો સંપૂર્ણ વિશ્વાસ વાસ્તવિક બની જાય.

જીવનમાં વ્યવહારિક બુદ્ધિની નાનામાં નાની વાત માટે એક સત્ય હોય છે જેને પરમેશ્વરે પ્રગટ કર્યું છે, જેના દ્વારા આપણે આપણા વ્યવહારિક અનુભવમાં સાબિત કરી શકીએ છીએ કે આપણે પરમેશ્વર વિશે શું વિશ્વાસ કરીએ છીએ. વિશ્વાસ એક ખૂબ જ સક્રિય સિદ્ધાંત હોય છે જે ઈસુ ખ્રિસ્તને હંમેશા પ્રથમ સ્થાન આપે છે. વિશ્વાસનું જીવન કહે છે, "પ્રભુ, તમે આમ કહ્યું છે, તે ખૂબ તર્કથી વિરુદ્ધ લાગે છે, પરંતુ છતાંયે હું તારા વચન પર ભરોસો કરીને સાહસ સાથે આગળ પગલું લઈશ"(ઉદાહરણ માટે જુઓ માથ્થી ૬:૩૩). બૌદ્ધિક વિશ્વાસને પોતાની વ્યક્તિગત સંપતિ બનાવવું તે ફક્ત ક્યારેક જ નહિ, પરંતુ હંમેશા એક યુદ્ધ હોય છે. પરમેશ્વર આપણા વિશ્વાસને શીખવાડવા માટે આપણને કોઈ વિશેષ પરિસ્થિતિમાં લઈ આવે છે, કેમ કે વિશ્વાસની પ્રકૃતિ જ એવી હોય છે કે તે આપણા વિશ્વાસના ઉદ્દેશને આપણા માટે અતિ વાસ્તવિક બનાવી દે છે. જ્યાં સુધી આપણે ઈસુને નથી જાણતાં, ત્યાં સુધી પરમેશ્વર આપણા માટે ફક્ત એક વિચાર જ હોય છે, અને આપણે તેમની પર વિશ્વાસ નથી રાખી શકતા. પરંતુ એકવાર જ્યારે આપણે ઈસુને એમ કહેતા સાંભળી લઈએ છીએ કે, "જેણે મને જોયો છે તેણે બાપને જોયો છે"(યોહાન ૧૪:૯) તો આપણને એક એવી બાબત મળે છે જે વાસ્તવિક છે અને આપણો વિશ્વાસ અસીમિત થઈ જાય છે. ઈસુ ખ્રિસ્તના આત્માના સામર્થ્ય દ્વારા પરમેશ્વરની સાથે યોગ્ય સંબંધ રાખનાર સંપૂર્ણ વ્યક્તિ જ વિશ્વાસ છે.

## વિશ્વાસની કસોટી

*"તમને રાઈના દાણા જેટલો વિશ્વાસ હોય તો...તમને કંઈ અશક્ય થશે નહિ"*
*(માથ્થી ૧૭:૨૦)*

આપણે એવું સમજીએ છીએ કે પરમેશ્વર આપણને આપણા વિશ્વાસને માટે ઈનામ આપે છે, અને શરૂઆતમાં એવું થઈ પણ શકે છે. પરંતુ આપણે વિશ્વાસ દ્વારા કશું કમાતા નથી - વિશ્વાસ આપણને પરમેશ્વર સાથે યોગ્ય અને સીધા સંબંધમાં લાવે છે અને તેમને કાર્ય કરવાની તક આપીએ છીએ. છતાંયે પોતાના સંત હોવાને લીધે, તમને પોતાની સાથે સીધા સંપર્કમાં લાવવામાં સફળ થવા માટે પરમેશ્વરે ઘણીવાર તમારા અનુભવનો નબળો પડઘો પાડવો પડે છે. પરમેશ્વર ઈચ્છે છે કે તમે સમજો કે આ વિશ્વાસનું જીવન છે, લાગણીશીલ થઈને તેમના આશીર્વાદોના આનંદ ઉઠાવવાનું જીવન નથી, તમારા વિશ્વાસના જીવનની શરૂઆત ખૂબ મર્યાદિત અને ઉત્કટ હતી, જે થોડા અનુભવ પર કેન્દ્રીત હતી અને જેમાં એટલી જ લાગણીઓ હતી જેટલો વિશ્વાસ હતો, અને તે પ્રકાશ અને મધુરતાથી ભરપૂર હતું. ત્યારપછી તમને "વિશ્વાસથી ચાલવા"નું શીખવવા માટે પરમેશ્વરે પોતાના સભાન આશીર્વાદોને પાછળ હટાવી લીધા(૨ કરિંથી ૫:૭). અને હવે તેમના માટે તમારુ મૂલ્ય, તમારી રોમાંચક સાક્ષીની સાથે તમારા સભાન આનંદના દિવસોમાં હતું તેના કરતાં ઘણું વધારે છે.

વિશ્વાસની પ્રકૃતિ જ એવી હોય છે કે તેની કસોટી કરવી જરૂરી છે. અને વિશ્વાસની ખરી પરીક્ષા એ નથી કે આપણને પરમેશ્વર પર ભરોસો રાખવાનું કઠણ લાગે છે, પરંતુ તેની ખરી પરીક્ષા એ છે કે આપણા પોતાના મનોમાં સાબિત થવું જરૂરી છે કે પરમેશ્વરનું ચરિત્ર ભરોસાપાત્ર છે. જ્યારે વિશ્વાસને વાસ્તવિક બનાવવાનું કાર્ય હોય ત્યારે વિશ્વાસે સતત એકલાપણાનો અનુભવ કરવો પડે છે. વિશ્વાસની કસોટી જીવનની સાધારણ શિસ્તથી જુદી હોય છે, કેમ કે જેને આપણે ઘણીવાર વિશ્વાસની કસોટી કહીએ છીએ, તેમાંથી ઘણું બધું તો જીવંત રહેવાનું અનિવાર્ય પરિણામ હોય છે. વિશ્વાસ એટલે બાઈબલ જેમ આપણને વિશ્વાસ અંગે શીખવે છે તેમ, પરમેશ્વર પર એવો વિશ્વાસ છે જે એવી દરેક બાબતો જે વિશ્વાસનું ખંડન કરે છે તેનો વિરોધ કરે છે - એક એવો વિશ્વાસ જે કહે છે કે, "પરમેશ્વર જે કંઈ પણ કરે, હું તેમના ચરિત્ર પ્રત્યે વફાદાર રહીશ." સમગ્ર બાઈબલમાં વિશ્વાસની સૌથી ઉચ્ચ અને મહાન અભિવ્યક્તિ આ છે કે, - "તે મને મારી નાખે, તો પણ હું..."(અયૂબ ૧૩:૧૫).

નવેમ્બર ૧

## તમે પોતાના નથી

*"...તમે નથી જાણતા?...તમે પોતાના નથી."*
*(૧ કરિંથી ૬:૧૯)*

એવી વ્યક્તિ માટે જે ઈસુ ખ્રિસ્તના દુઃખોને ખૂબ નજીકથી જાણે છે અને તેમાં સહભાગી હોય છે, તેમના માટે અંગત જીવન નામની કોઈ બાબત છે જ નહિ, વળી તેના માટે આ સંસારમાં છુપાવવાની જગ્યા નથી હોતી. પરમેશ્વર પોતાના સંતોના અંગત જીવનને બે ભાગમાં વહેંચે છે એક ભાગને જગત માટે રાજમાર્ગ બનાવે છે, અને બીજા ભાગને પોતાના માટે રાખે છે. જ્યાં સુધી વ્યક્તિ ઈસુ ખ્રિસ્ત સાથે એક ના થઈ જાય ત્યાં સુધી કોઈ મનુષ્ય આ બાબતને સહન કરી શકતો નથી. આપણે પોતાને માટે પવિત્ર કરવામાં નથી આવતા. આપણને સુવાર્તાની સાથે ઘનિષ્ઠ થવા માટે તેડવામાં આવ્યા છે, અને એવું લાગે છે કે જે ઘટનાઓ ઘટી રહી છે, તેની સાથે આપણે કશો સંબંધ નથી. પરંતુ પરમેશ્વર આપણને પોતાની સાથે સંગતમાં લાવી રહ્યા છે. તેમને પોતાની ઈચ્છા પૂરી કરવા દો. જો તમે અસંમતિ દર્શાવશો, તો જગતમાં પરમેશ્વરના ઉદ્ધારના કાર્યમાં પરમેશ્વરને માટે ઉપયોગી થવાને બદલે તમે એક અવરોધ અને ઠોકર બની જશો.

પરમેશ્વર જે પ્રથમ કાર્ય કરે છે તે તો આપણને મજબૂત વાસ્તવિકતા અને સત્યમાં સ્થાપિત કરવાનું છે. તે આવું ત્યાં સુધી કરે છે જ્યાં સુધી ઉદ્ધારના ઉદ્દેશથી આપણી ચિંતાઓ એક પછી એક પરમેશ્વરની આધીનતામાં લાવવામાં નથી આવતી. આપણે હૃદયભંગિત થવાનો અનુભવ કેમ ના કરીએ? તે દ્વાર વડે પરમેશ્વર પોતાના પુત્ર સાથે સંગતનો માર્ગ ઉઘાડી રહ્યા છે. આપણામાંથી ઘણા બધા લોકો વેદનાની પહેલી જ પકડમાં હારી જઈએ છીએ. આપણે પરમેશ્વરના ઉદ્દેશના દરવાજા પર બેસી જઈએ છીએ અને સ્વદયા વડે એક ધીમી ગતિથી મૃત્યુમાં પ્રવેશ કરી લઈએ છીએ અને જેને આપણે બીજાઓ માટે ખ્રિસ્તી સહાનુભૂતિ સમજીએ છીએ, તે આપણને આપણા મરણની પથારી તરફ લઈ જાય છે. પરંતુ પરમેશ્વર એવું નથી કરતા, તે પોતાના પુત્રના વિંધાયેલા હાથની પકડ લઈને આવે છે, જાણે કે તેઓ એમ કહી રહ્યા હોય કે, "મારી સાથે સંગતમાં પ્રવેશ કર; ઊઠ પ્રકાશિત થા." જો પરમેશ્વર એક ભંગિત હૃદય વડે આ જગતમાં પોતાના ઉદ્દેશોને પૂરા કરી શકે છે, તો તમે પોતાના હૃદયને તોડવામાં આવી રહ્યું છે તે માટે તેમનો આભાર કેમ માનતા નથી?

નવેમ્બર ૨

## આજ્ઞાપાલન કે સ્વતંત્રતા?

*“જો તમે મારા પર પ્રેમ રાખો છો, તો મારી આજ્ઞાઓ પાળશો”*
*(યોહાન ૧૪:૧૫)*

આપણો પ્રભુ આપણી પાસે જબરદસ્તીથી આપણા આજ્ઞાપાલનની માંગણી નથી કરતા. તે નિશ્ચિતરૂપે એ વાત પર ભાર મૂકે છે કે આપણા માટે શું કરવું યોગ્ય કે ઉચિત છે, પરંતુ તે કરવા માટેની જબરદસ્તી કદી નથી કરતા. આપણે તેમની સાથે આત્માની એકતાના કારણે તેમની આજ્ઞા માનવી પડે છે. આથી, જ્યારે પણ તેમણે શિષ્યપણાની વાત કરી, ત્યારે શરૂઆતમાં તેમણે “જો” શબ્દનો ઉપયોગ કર્યો જેનો અર્થ એ થાય કે, “જો તમે આ કરવાની ઈચ્છા નથી રાખતા તો તમારે માટે આ કરવાનું જરૂરી નથી.” “જો કોઈ મારી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાનો નકાર કરવો...”(લૂક ૯:૨૩). બીજા શબ્દોમાં, “મારા શિષ્ય હોવાને કારણે, તે પોતાની ઉપરનો પોતાનો અધિકાર મને સોંપી દે.” આપણો પ્રભુ આપણી અનંત સ્થિતિ વિશે વાત નથી કરી રહ્યા, પરંતુ અહીં અને હમણાં તેમના માટે મૂલ્યવાન થવા અંગે વાત કરે છે. આથી જ તે આટલો કડક માલૂમ પડે છે(જુઓ લૂક ૧૪:૨૬). આ શબ્દોને તેના ઉચ્ચારનારથી અલગ કરીને તેમને સમજવાની કોશિશ ક્યારેય ના કરશો.

પરમેશ્વર મને નિયમો નથી આપતા, પરંતુ તેઓ પોતાના ધોરણોને ખૂબ સ્પષ્ટ કરી દે છે. જો તેમની સાથેનો મારો સંબંધ પ્રેમનો છે, તો હું, ખટકાટ વગર, તેઓ જે કહે છે તે કરીશ, જો હું ખચકાટ અનુભવું છું તો એનો અર્થ કે હું બીજા કોઈને પ્રેમ કરું છું, જેને મેં પ્રભુની તુલનામાં મૂક્યા છે, અર્થાત્ મારી જાતને, ઈસુ ખ્રિસ્ત મારી સાથે એ જબરદસ્તી નહિ કરે કે હું તેમની આજ્ઞા માનું, પરંતુ મારે આજ્ઞા માનવાની છે. જેવી હું તેમની આજ્ઞા માનું છું તેવો જ હું મારા આત્મિક પૂર્વનિર્ધારિત ઉદ્દેશને પૂર્ણ કરું છું. મારુ વ્યક્તિગત જીવન બિલકુલ મહત્વહીન નાની-નાની ઘટનાઓથી ભરેલું હોઈ શકે છે. પરંતુ જો હું જીવનની સાધારણ પરિસ્થિતિઓમાં ઈસુ ખ્રિસ્તની આજ્ઞાઓને માનું છું તો તે નાના નાના કણો બની જાય છે જેમાંથી હું પરમેશ્વરના ચહેરાને જોઈ શકું છું. ત્યારબાદ જ્યારે હું પરમેશ્વરની સામે ઊભો રહીશ, તો મને ખબર પડશે કે મારા આજ્ઞાપાલન દ્વારા હજારો લોકોને આશીર્વાદ મળ્યો છે. જ્યારે પરમેશ્વરનો ઉદ્ધાર એક માણસના આત્માને આજ્ઞાપાલનની સ્થિતિ પર લઈ આવે છે, તો એ હંમેશા ફળ લાવે છે. જો હું ઈસુ ખ્રિસ્તની આજ્ઞાને પાળીશ તો, પરમેશ્વરનો ઉદ્ધાર મારામાં થઈને બીજા જીવનોમાં વહેશે, કેમ કે આજ્ઞાપાલનના કાર્યો પાછળ સર્વશક્તિમાન પરમેશ્વરની વાસ્તવિકતા હોય છે.

## ઈસુનો દાસ

*''હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો; પરંતુ હું જીવું છું; તો પણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે;...''*
*(ગલાતી ૨:૨૦)*

આ શબ્દોનો અર્થ છે મારા પોતાના હાથે પ્રાપ્ત કરેલ મારી સ્વતંત્રતા તૂટી જવી અને ભંગિત થઈ જવી, અને મારા જીવનને પ્રભુ ઈસુની પ્રભુતાને સમર્પણ કરવું આ કાર્ય મારા માટે કોઈ નહિ કરે, આને મારે પોતે જ કરવાનું છે. પરમેશ્વર મને સમર્પણ કરવાની આ સ્થિતિ પર ત્રણસોને પાંસઠ વાર લાવી શકે છે, પરંતુ તે મને ધક્કો મારીને આમાંથી લઈ જઈ શકતા નથી. આનો અર્થ છે પરમેશ્વરથી મારી વ્યક્તિગત સ્વતંત્રતાના બાહ્ય આવરણને તોડવું, અને મારી જાતને અને મારા સ્વભાવને પરમેશ્વરની સાથે એકતામાં સ્વતંત્ર કરવું; મારા પોતાના વિચારોની પાછળ નહિ ચાલવું, પરંતુ ઈસુ પ્રત્યે સંપૂર્ણ વફાદારી ની પસંદગી કરવી. એકવાર જ્યારે હું આ સ્થિતિ પર પહોંચુ છું, ત્યારે ગેરસમજની કોઈ જ સંભાવના રહેતી નથી. આપણામાંથી ખૂબ થોડા જ લોકો એવા છે જે ખ્રિસ્ત પ્રત્યેની વફાદારી અંગે કશું પણ જાણતા હોય, કે એ સમજતા હોય કે જ્યારે તેમણે એમ કહ્યું ''...મારે લીધે...''(માથ્થી ૫:૧૧) આ બાબત એક સામર્થ્યવાન સંતને તૈયાર કરે છે.

શું મારી સ્વતંત્રતાનો આ રીતે તૂટવાનો સમય આવ્યો છે? બીજું બધું તો ધાર્મિક ઢોંગ છે. જે એક વાતનો નિર્ણય કરવાનો છે તે એ છે કે શું હું હાર માની લઈશ? ભંગિતપણું કેવી રીતે આવશે તેની કોઈ શરત મૂક્યા વગર શું હું ઈસુ ખ્રિસ્તની આગળ સમર્પણ કરીશ? મારે પોતાને વિશેની મારી જે સમજ છે તેમાંથી ભંગાવાનું છે. જેવું હું આ સ્થિતિ પર પહોંચું છું તે જ સમયે ઈસુ ખ્રિસ્તની સાથે એક અલૌકિક એકતાની વાસ્તવિકતા આવી જાય છે. અને પરમેશ્વરના આત્માની સાક્ષી સ્પષ્ટ થઈ જાય છે- ''હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો...''

ઈરાદાપૂર્વક મારા અધિકારોને પોતાની ઈચ્છાથી ત્યાગ કરવાથી અને ઈસુ ખ્રિસ્તના દાસ બનવાથી ખ્રિસ્તીપણાનો આવેશ આવે છે.

જો એક વર્ષમાં એક વિદ્યાર્થી પણ પરમેશ્વરના તેડાને સાંભળે, તો તે પરમેશ્વરના માટે આ બાઈબલ ટ્રેનીંગ કોલેજને અસ્તિત્વમાં લાવવા માટે પૂરતો છે. એક સંસ્થાના રૂપમાં કે શિક્ષણ સંબંધી સંસ્થાના રૂપમાં પણ આ કોલેજનું કોઈ મહત્વ નથી. આના અસ્તિતત્વનું એક માત્ર મહત્વ એ છે કે પરમેશ્વર પોતાને માટે જીવનો પસંદ કરી શકે. શું આપણે તેમને મંજૂરી આપીશું કે તે આપણને પસંદ કરી શકે કે પછી શું આપણને આપણા વિચારોની જ વધુ ચિંતા છે કે આપણે શું બનવા માંગીએ છીએ?

## સત્યનો અધિકાર

*“તમે પરમેશ્વરની પાસે જાઓ, એટલે તે તમારી પાસે આવશે”*
*(યાકૂબ ૪:૮)*

એ અનિવાર્ય છે કે તમે લોકોને પરમેશ્વરના સત્ય પર કાર્યવાહી કરવાનો અવસર આપો. એ જવાબદારી તે વ્યક્તિ પર છોડવી જોઈએ - તેમના બદલે તમે કાર્ય કરી શકતા નથી. તેને તેની પોતાની સમજદારી સાથે કરવામાં આવેલ કાર્ય હોવું જોઈએ, પરંતુ સુવાર્તાનો સંદેશો તેને હંમેશા કાર્ય કરવાને માટે પ્રેરણા આપતો હોવો જોઈએ. કાર્યવાહી કરવાનો નકાર કરવો તે વ્યક્તિને ગતિહીન બનાવી દે છે, અને તેને ત્યાં જ ઊભો કરી દે છે જ્યાં તે પહેલા હતો. પરંતુ એકવાર જ્યારે તે કાર્યવાહી કરી લે છે, તો તે પહેલાના જેવો નથી રહેતો. જેમને પરમેશ્વરના આત્મા દ્વારા ખાતરી કરાવવામાં આવેલ છે તેવા સેંકડો લોકો માટે સત્યની દેખીતી મૂર્ખતા રૂકાવટ બની જાય છે. જ્યારે હું મારી જાતને સક્રીયતાના માર્ગમાં લાવું છું, તો હું તરત જીવવાનું શરૂ કરી દઊં છું. તેનાથી કંઈક ઊણું હોય તો તેનો અર્થ છે ફક્ત અસ્તિત્વમાં હોવું. જે ક્ષણોમાં હું ખરેખર જીવું છું, તે એવી ક્ષણો છે જેમાં હું મારી સંપૂર્ણ ઈચ્છાથી કાર્યવાહી કરું છું.

જ્યારે તમે પરમેશ્વરના કોઈ સત્યને સારી રીતે સમજી જાવ છો, ત્યારે ચાહે તમે બાહ્ય રીતે પોતાના શારીરિક જીવનમાં તેના ઉપર કાર્યવાહી ભલે ના કરો પણ જ્યાં સુધી તમે આંતરિક રીતે પોતાની ઈચ્છામાં તેની ઉપર કાર્યવાહી ના કરો ત્યાં સુધી તેને જવા દેશો નહિ. તેને શાહીથી અને પોતાના રક્તથી લખી લો - તેનો પોતાના જીવનમાં ઉતારી લો. સૌથી કમજોર સંત પણ જ્યારે ઈસુ ખ્રિસ્ત સાથે કાર્ય અંગે લેવડદેવડ કરે છે, ત્યારે તે જ સમયે તે મુક્ત થઈ જાય છે જ્યારે તે કાર્યવાહી કરે છે અને પરમેશ્વરનું સર્વશક્તિમાન સામર્થ્ય તેના હિતમાં ઉપલબ્ધ થઈ જાય છે. આપણે પરમેશ્વરના સત્ય સુધી આવીએ છીએ,અને માની લઈએ છીએ કે આપણે ખોટા છીએ, પરંતુ ફરીથી પાછા જતા રહીએ છીએ. ત્યારબાદ આપણે ફરી તેમની પાસે આવીએ છીએ અને એકવાર ફરીથી પાછા જતા રહીએ છીએ, જ્યાં સુધી અંતે આપણે એ નથી શીખી લેતા કે આપણને પાછા જવાનો અધિકાર નથી ત્યાં સુધી આપણે એમ કરીએ છીએ. જ્યારે આપણને છુટકારો આપનાર પ્રભુ સાથે સત્યના એવા વચનથી આપણો સામનો કરવામાં આવે છે ત્યારે આપણે તરત તેમની સાથે લેવડદેવડ શરૂ કરી દેવી જોઈએ. “મારી પાસે આવો...” (માથ્થી ૧૧:૨૮). જ્યારે તે “આવો” કહે છે, તો એનો અર્થ છે “કાર્યવાહી કરવી” તેમ છતાં જે છેલ્લું કાર્ય આપણે કરવા માંગીએ છીએ તે છે “આવવાનું” પરંતુ હરેક જે આવે છે, તે જાણે છે કે તે જ ઘડીએ પરમેશ્વરના જીવનનું સામર્થ્ય તેની અંદર ફેલાઈ જાય છે. જગત, શરીર અને શેતાનનું પ્રભુત્વ ધરાવવાનું સામર્થ્ય હવે અશક્ત થઈ ગયું છે; તમારી કાર્યવાહીથી નહિ, પરંતુ એ માટે કારણ કે તમારી કાર્યવાહીએ તમને પરમેશ્વરની સાથે એક કરી દીધા છે અને તેમના ઉદ્ધારના સામર્થ્યની સાથે જોડી દીધા છે.

## તેમના દુઃખોમાં સહભાગી

*“પણ એને બદલે ખ્રિસ્તનાં દુઃખોના તમે ભાગીદાર છો, એને લીધે હરખાઓ...”*
*(૧ પિતર ૪:૧૩)*

જો તમે પરમેશ્વર દ્વારા વપરાવવાના છો, તો તે તમને એવા કેટલાક અનુભવોમાંથી લઈ જશે જે વ્યક્તિગતરૂપે તમારા માટે બિલકુલ નહિ હોય. તેમનો ઉદ્દેશ એ છે કે તે તમને પરમેશ્વરના હાથોમાં ઉપયોગી બનાવે, અને તમને એ સમજવાને યોગ્ય બનાવે કે, બીજાઓના જીવનમાં શું થાય છે. આ પ્રક્રિયાને કારણે, તમારા માર્ગમાં જે પણ કંઈ આવે છે, તેનાથી તમને કદી આશ્ચર્ય નહિ થાય. તમે કહો છો, “અરે, હું તે વ્યક્તિની સાથે વ્યવહાર કરી શકતો નથી” પરંતુ કેમ નહિ? પરમેશ્વરે તે સમસ્યા અંગે તેમની પાસેથી શીખવાના ઘણા અવસરો આપ્યા; પરંતુ તમે મુખ અવળું ફેરવી લીધું અને તે પાઠ તરફ ધ્યાન ના આપ્યું, કેમ કે તમને એમ લાગ્યું કે તમારો સમય એવી રીતે વિતાવવો મૂર્ખતા છે.

ખ્રિસ્તના દુઃખો સાધારણ દુઃખો નહોતા. તેમણે દુઃખ ઉઠાવવા પ્રત્યે આપણાથી જુદો દ્રષ્ટિકોણ રાખીને, “પરમેશ્વરની ઈચ્છા પ્રમાણે” દુઃખ ઉઠાવ્યા (૧ પિતર ૪:૧૯). આપણે ફક્ત ઈસુ ખ્રિસ્તની સાથે આપણા સંબંધ દ્વારા એ સમજી શકીએ છીએ કે આપણી સાથે પોતાના વ્યવહારોથી પરમેશ્વર શું હાંસલ કરવા ચાહે છે. જ્યારે દુઃખ ઉઠાવવાનો સવાલ આવે છે, તો તે આપણી ખ્રિસ્તી સંસ્કૃતિનો એક ભાગ છે કે આપણે પરમેશ્વરના ઉદ્દેશને અગાઉથી જાણવા માંગીએ છીએ. ખ્રિસ્તી મંડળીના ઈતિહાસમાં લોકોનું વલણ એવું રહ્યું છે કે તેઓ ઈસુ ખ્રિસ્તના દુઃખોમાં તેમની સાથે એક થવાથી દૂર રહે. લોકોએ પોતાના ટૂંકા રસ્તાઓ દ્વારા પરમેશ્વરના આદેશોનું પાલન કરવાની કોશિશ કરી છે. પરમેશ્વરનો માર્ગ હંમેશા દુઃખોનો માર્ગ હોય છે - “ઘરે પહોંચવાનો લાંબો માર્ગ.”

શું આપણે ખ્રિસ્તના દુઃખોમાં સહભાગી છીએ? શું આપણે તૈયાર છીએ કે પરમેશ્વર આપણી વ્યક્તિગત આકાંક્ષાઓને મીટાવી દે? શું આપણે તૈયાર છીએ કે પરમેશ્વર આપણા વ્યક્તિગત નિર્ણયોને અલૌકિક રીતથી બદલી નાખવા દ્વારા તેમને નષ્ટ કરી દે? એનો અર્થ એ થશે કે આપણને ખબર નહિ પડે કે પરમેશ્વર આપણને તે માર્ગે કેમ લઈ જઈ રહ્યા છે, કેમ કે તે જાણવું આપણને આત્મિકરૂપથી ઘમંડી બનાવી દેશે. તે સમયે આપણે કદી સમજતા નથી કે પરમેશ્વર આપણને કઈ પરિસ્થિતિમાંથી લઈ જઈ રહ્યા છે - આપણે કશું પણ સમજ્યા વગર તેમાં થઈને પસાર થઈએ છીએ, પછી અચાનક આપણે અજ્ઞાન દૂર થવાના સ્થાન પર પહોંચી જઈએ છીએ, અને આપણને એ અનુભવ થાય છે કે “પરમેશ્વરે મને શક્તિશાળી બનાવ્યો અને મને ખબર પણ ના પડી!”

## ઘનિષ્ઠ ઈશ્વરવિદ્યા

*“તું શું એવો વિશ્વાસ રાખે છે?”*
*(યોહાન ૧૧:૨૬)*

માર્થાને ઈસુ ખ્રિસ્તની પાસે ઉપલબ્ધ જે સામર્થ્ય હતું તે પર વિશ્વાસ હતો; તેને વિશ્વાસ હતો કે જો તે ત્યાં હોત તો તેના ભાઈને સાજો કરી શકતા; તેને એ પણ વિશ્વાસ હતો કે ઈસુને પરમેશ્વર સાથે એક વિશેષ ઘનિષ્ઠતા હતી, અને તે જે કંઈ પણ પરમેશ્વર પાસે માંગતા, પરમેશ્વર તે કરતા. પરંતુ - તેણીને ઈસુની સાથે એક વધુ નજીકની વ્યક્તિગત ઘનિષ્ઠતાની જરૂરત હતી. માર્થાની ઈશ્વરવિદ્યાની પૂર્ણતા ભવિષ્યમાં થવાની હતી. પરંતુ જ્યાં સુધી તેનો વિશ્વાસ એક ઘનિષ્ઠ સંપત્તિ ન બની ગયો ત્યાં સુધી ઈસુએ તેને આકર્ષિત કરવાનું અને પોતાની તરફ ખેંચવાનું ચાલુ રાખ્યું, ત્યારબાદ તે એક વ્યક્તિગત વારસાઈના રૂપમાં બહાર આવ્યો - “હા, પ્રભુ; મેં વિશ્વાસ રાખ્યો છે કે તું પરમેશ્વરનો દીકરો, ખ્રિસ્ત... તે જ છે”(યોહાન ૧૧:૨૭).

શું પ્રભુ તમારી સાથે પણ એવો જ વ્યવહાર કરી રહ્યા છે? શું ઈસુ તમને પોતાની સાથે એક વ્યક્તિગત ઘનિષ્ઠતા રાખવાનું શીખવી રહ્યા છે? તેને તમને તેમનો આ પ્રશ્ન સમજાવવા દો કે, “તું શું એવો વિશ્વાસ રાખે છે?” શું તમે તમારા જીવનમાં સંદેહનો સામનો કરી રહ્યા છો? શું તમે માર્થાની પેઠે તમને ડૂબાવી દેનાર પરિસ્થિતિઓના સંગમ આગળ આવી પહોંચ્યા છો કે જ્યાં તમારી ઈશ્વરવિદ્યા એક ખૂબ જ વ્યક્તિગત વિશ્વાસ બનનાર છે. આ ફક્ત ત્યારે જ થાય છે જ્યારે એક વ્યક્તિગત સમસ્યા આપણી વ્યક્તિગત આવશ્યકતાની સભાનતા લાવે છે.

વિશ્વાસ કરવો એટલે પ્રતિબદ્ધ થવું. બૌદ્ધિક શિક્ષણ શીખવાના ક્ષેત્રમાં હું માનસિક રીતે પ્રતિબદ્ધ હોઉં છું. અને એવી દરેક બાબતોનો તિરસ્કાર કરું છું જે એ વિશ્વાસ સાથે સંબંધ નથી રાખતી. વ્યક્તિગત વિશ્વાસના ક્ષેત્રમાં હું નૈતિકરૂપથી પોતાના વિશ્વાસ માટે પ્રતિબદ્ધ હોઉં છું, અને સમાધાનકારી વલણ અપનાવવાની સ્પષ્ટ ના પાડું છું. પરંતુ ઘનિષ્ઠ વ્યક્તિગત વિશ્વાસની બાબતમાં, હું પોતાની જાતને આત્મિકરૂપથી ઈસુને સમર્પિત કરી દઉં છું અને સંકલ્પ કરું છું કે હું કેવળ તેમને જ આધીન રહીશ.

ત્યાર પછી જ્યારે હું ઈસુ ખ્રિસ્તની સામે મોઢા-મોઢ ઊભો રહું છું અને તે મને કહે છે કે, “તું શું એવો વિશ્વાસ કરે છે,” તો હું અનુભવું છું કે વિશ્વાસ શ્વાસ લેવા જેટલો સ્વાભાવિક છે. અને જ્યારે હું વિચારું છું કે આ અગાઉ તેમની પર ભરોસો ના કરીને મેં કેટલી મૂર્ખામી કરી છે ત્યારે હું ચોંકી જાઉં છું.

# પરિસ્થિતિઓની જાણી ના શકાય તેવી ધાર્મિકતા

*“વળી આપણે જાણીએ છીએ કે જેઓ પરમેશ્વર ઉપર પ્રેમ રાખે છે... તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છું”*
*(રોમનોને પત્ર ૮:૨૮)*

એક સંતની પરિસ્થિતિઓ પરમેશ્વર દ્વારા ઠરાવાયેલી હોય છે. સંતના જીવનમાં ભાગ્ય કે નસીબ જેવી કોઈ બાબત હોતી નથી. પોતાના પ્રભુત્વ દ્વારા પરમેશ્વર તમને એવી પરિસ્થિતિઓમાં લાવે છે જેને તમે બિલકુલ સમજી શકતા નથી, પરંતુ પરમેશ્વરનો આત્મા સમજી શકે છે. પરમેશ્વર તમને કેટલીક જગ્યાઓમાં, લોકો મધ્યે અને કેટલીક સ્થિતિઓમાં એ માટે લાવે છે જેથી તમારી અંદર પવિત્ર આત્માની વિનંતી દ્વારા એક નિર્ધારિત ઉદ્દેશને પૂર્ણ કરી શકે, પોતાની જાતને પોતાની પરિસ્થિતિઓની આગળ ના મૂકશો અને કહેશો નહિ કે, “અહીં હું પોતે જ પોતાની પ્રભુતા બનીશ; હું આ બાબતને ધ્યાનથી જોઈશ, કે પોતાની જાતને તેનાથી સુરક્ષિત રાખીશ.” તમારી બધી પરિસ્થિતિઓ પરમેશ્વરના હાથમાં છે, અને એ માટે તમારે કદી એ વિચારવાની જરૂરત નથી કે આ અસ્વાભાવિક કે અનોખી સ્થિતિ છે. મધ્યસ્થીની પ્રાર્થનામાં તમારો હિસ્સો એ નથી કે મધ્યસ્થીની વિનંતી કેવી રીતે કરવી જોઈએ, પરંતુ એ છે કે તમે દરરોજની પરિસ્થિતિઓને અને જે લોકોને પરમેશ્વર પોતાના રાજ્યાસનની આગળ લાવવા માટે પોતાની પ્રભુતામાં તમારી આસપાસ રાખે છે તેમનો ઉપયોગ કરો, અને તમારી અંદર પવિત્ર આત્માને તેમના માટે વિનંતી કરવાનો અવસર આપો. આ રીતે પરમેશ્વર પોતાના સંતો દ્વારા સમગ્ર જગતને સ્પર્શ કરશે.

શું હું અસ્પષ્ટ અને અનિશ્ચિત બનવા દ્વારા કે પવિત્ર આત્માના કામને તેમના માટે કરવાની કોશિશ કરવા દ્વારા તેમના કામને મુશ્કેલ બનાવી રહ્યો છું? જે પરિસ્થિતિમાં હું મારી જાતને અનુભવું છું અને જે લોકો મારી ચારે તરફ છે તેમનો ઉપયોગ કરીને મારે મધ્યસ્થીના માનવીય પાસાને કાર્યમાં મુકવાનું છે. મારે મારા સભાન જીવનને પવિત્ર આત્મા માટે એક પવિત્ર સ્થાનના રૂપમાં રાખવાનું છે. ત્યારબાદ જ્યારે હું પ્રાર્થના દ્વારા જુદા જુદા લોકોને પરમેશ્વરની આગળ ઊંચા કરું છું, ત્યારે પવિત્ર આત્મા તેમના માટે વિનંતી કરે છે.

તમારી મધ્યસ્થી મારી નથી હોઈ શકતી અને મારી મધ્યસ્થી - વિનંતી કદીયે તમારી નથી હોઈ શકતી. પરંતુ આપણામાંના દરેકના જીવનમાં “...આત્મા પોતે...આપણે સારુ મધ્યસ્થતા કરે છે.”(રોમનોને પત્ર ૮:૨૬). અને મધ્યસ્થી વગર, બીજાઓના જીવન ગરીબી અને વિનાશમાં રહી જાય છે.

નવેમ્બર ૮

## પ્રાર્થનાનું અજોડ સામર્થ્ય

*"કેમ કે યથાયોગ્ય શી પ્રાર્થના કરવી એ આપણે જાણતા નથી, પણ આત્મા પોતે અવાચ્ય નિસાસથી આપણે સારુ મધ્યસ્થતા કરે છે."*
*(રોમનોને પત્ર ૮:૨૬)*

આપણે સમજીએ છીએ કે આપણને પ્રાર્થનાને માટે પવિત્ર આત્માથી સામર્થ્ય મળે છે; અને આપણે જાણીએ છીએ કે પવિત્ર આત્મા અનુસાર પ્રાર્થના કરવાનો અર્થ શું હોય છે; પરંતુ આપણે ઘણીવાર એ નથી સમજતા કે પવિત્ર આત્મા પોતે જ આપણી અંદર એવી પ્રાર્થનાઓ કરે છે જેનું આપણે ઉચ્ચારણ પણ કરી શકતા નથી. જ્યારે પરમેશ્વર દ્વારા આપણો નવો જન્મ થાય છે, અને પરમેશ્વરનો આત્મા આપણી અંદર વસે છે, ત્યારે તે આપણા વતી એ બાબતોને વ્યક્ત કરે છે જેનો આપણે ખુદ ઉચ્ચાર પણ કરી શકતા નથી. "તે" આપણી અંદર પવિત્ર આત્મા, "પવિત્રોને સારુ પરમેશ્વરની ઈચ્છા પ્રમાણે વિનંતી કરે છે"(૮:૨૭). અને પરમેશ્વર તમારા મનને પારખે છે, એ જાણવા માટે નહિ કે તમારી સભાન પ્રાર્થનાઓ શું છે, પરંતુ એ માટે કે જેથી તેઓ શોધી શકે કે પવિત્ર આત્માની પ્રાર્થના શું છે.

પરમેશ્વરનો આત્મા પોતાની મધ્યસ્થીની પ્રાર્થના કરવાને માટે વિશ્વાસીના સ્વભાવને એક મંદિર તરીકે ઉપયોગ કરે છે. "...તમારુ શરીર પવિત્ર આત્માનું મંદિર છે..."(૧ કરિંથી ૬:૧૯). જ્યારે ઈસુ ખ્રિસ્તે મંદિરને શદ્ધ કર્યું ત્યારે તેણે "કોઈને મંદિરમાં થઈને કંઈ વાસણ લઈ જવા દીધું નહિ"(માર્ક ૧૧:૧૬). પરમેશ્વરનો આત્મા તમને તમારા દેહનો ઉપયોગ તમારી પોતાની સુવિધા માટે નહી કરવા દે. ઈસુએ મંદિરમાં લેવા-વેચવાવાળાઓને નિર્દયતાથી બહાર હાંકી કાઢ્યા અને કહ્યું કે, "મારું ઘર સર્વ દેશનાઓને સારુ પ્રાર્થનાનું ઘર કહેવાશે પણ તમે તેને લૂંટારાઓનું કોતર કર્યું છે"(માર્ક ૧૧:૧૭).

શું આપણે એ જાણીએ છીએ કે આપણું "શરીર પવિત્ર આત્માનું મંદિર છે?" જો હા, તો આપણે ધ્યાન રાખવું જોઈએ કે આપણે તેને પવિત્ર આત્માને માટે પવિત્ર રાખીએ છીએ. આપણે યાદ રાખવું જોઈએ કે આપણે આપણા સજાગ જીવનને, જો કે તે આપણા સંપૂર્ણ વ્યક્તિત્વનો એક નાનો ભાગ છે, "પવિત્ર આત્માનું મંદિર" સમજવું જોઈએ. એ સભાન ભાગ માટે, જેને આપણે નથી જાણતા, પવિત્ર આત્મા જવાબદાર રહેશે, પરંતુ તે સભાન ભાગ, જેના માટે આપણે જવાબદાર છીએ, આપણે ધ્યાન આપવું જોઈએ.

નવેમ્બર ૯

# પવિત્ર સેવા

*"તમારે સારુ મારા પર જે દુઃખો પડે છે તેમાં હું હમણાં આનંદ પામું છું,*
*અને ખ્રિસ્તનાં સંકટોમાંની જે ન્યૂનતા હોય તે હું...*
*મારા શરીર દ્વારા પૂરી કરું છું."*
*(કલોસ્સી ૧:૨૪)*

એક ખ્રિસ્તી કાર્યકર્તાએ એક પવિત્ર "મધ્યસ્થ" બનવાનું છે. તેણે પોતાના પ્રભુ અને તેમના ઉદ્ધારની વાસ્તવિકતાની સાથે એટલી નજીકથી એક થવાનું છે, કે ખ્રિસ્ત તેના દ્વારા પોતાના સર્જનાત્મક જીવનને સતત લાવી શકે. મારો કહેવાનો અર્થ એ નથી કે એક વ્યક્તિના વ્યક્તિત્વને બીજા ઉપર મુકવું, પરંતુ એ કે કાર્યકર્તાના જીવનમાં દરેક પાસામાંથી ખ્રિસ્તની વાસ્તવિક ઉપસ્થિતિ સામે આવે. જ્યારે આપણે આપણા પ્રભુના જીવન અને તેમના મરણના ઐતિહાસિક સત્યોનો પ્રચાર કરીએ છીએ, જેવા તે બાઈબલમાં જણાવવામાં આવ્યા છે તેવો જ પ્રચાર કરીએ છીએ, ત્યારે આપણા શબ્દોને પવિત્ર બનાવવામાં આવે છે. તેમના ઉદ્ધારના આધાર પર, પરમેશ્વર સાંભળનારાઓમાં કંઈક પેદા કરવા માટે આ શબ્દોનો ઉપયોગ કરે છે, જે તે સિવાય કદી ઉત્પન્ન ના થતું. જો આપણે ઈસુ અંગે પ્રગટ કરાયેલા ઈશ્વરીય સત્ય સિવાય ફક્ત મનુષ્યના જીવનમાં ઉદ્ધારના પરિણામોનો ઉપદેશ કરીએ, તો સાંભળનારાઓમાં તેનું પરિણામ નવો જન્મ નહિ હોય, તેનું પરિણામ હોય છે એક સભ્ય, ધાર્મિક જીવનશૈલી, અને પરમેશ્વરનો આત્મા તેની સાક્ષી આપી શકતા નથી, કેમ કે આવો ઉપદેશ તેમના સિવાયના બીજા કોઈ સ્થાનમાં હોય છે આપણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આપણે પરમેશ્વર સાથે જેવા તાલમેલમાં રહીએ છીએ તેમ તેમ તે બીજાઓમાં તે જ બાબતોની રચના કરે છે જે ફક્ત તે પોતે જ કરી શકે છે.

જો આપણે કહીએ કે, "કેટલું અદ્ભુત(ઉત્તમ) વ્યક્તિત્વ, કેટલા મુગ્ધ કરનાર વ્યક્તિ અને કેટલી અદ્ભુત આંતદ્રષ્ટિ!" તો આ સર્વ વાતોમાં પરમેશ્વરની સુવાર્તાને કેવો અવસર મળે છે? તે પોતાનો ઉદ્દેશ પૂર્ણ કરી શકતા નથી કેમ કે આકર્ષણ સંદેશા પ્રત્યે નહિ પરંતુ સંદેશો આપનાર પ્રત્યે છે. જો કોઈ વ્યક્તિ પોતાના વ્યક્તિત્વ દ્વારા આકર્ષિત કરે છે, તો તે જ તેમનું આકર્ષણ બની જાય. પરંતુ, જો તે પોતે જ પ્રભુ સાથે એક થઈ જાય છે, તો ઈસુ ખ્રિસ્ત જે કરી શકે છે તે આકર્ષણ બની જાય છે. માણસને મહિમા આપવો તે જોખમ છે, છતાં ઈસુ કહે છે કે આપણે ફકત તેને જ ઊંચો ઉઠાવવાનો છે (જુઓ યોહાન ૧૨:૩૨).

## સુવાર્તામાં સંગત

*"ખ્રિસ્તનો શુભસંદેશ પ્રગટ કરવાના...કાર્યમાં અમારા સહકાર્યકર..."*
*(૧ થેસ્સા. ૩:૨)*

પવિત્રીકરણ પછી, એ કહેવું મુશ્કેલ બની જાય છે કે જીવનમાં તમારો ઉદ્દેશ શું છે, કેમ કે પવિત્ર આત્મા દ્વારા પરમેશ્વર તમને પોતાના ઉદ્દેશમાં લઈ આવ્યા છે. જેમ તેમણે પોતાના પુત્રને આપણા ઉદ્ધારના ઉદ્દેશને માટે વાપર્યા હતા તેમ હવે તે તમને સમગ્ર જગતમાં પોતાના ઉદ્દેશોને માટે વાપરી રહ્યા છે. જો તમે એમ વિચારો છો કે "પરમેશ્વરે મને આ કામ કે પેલા કામ માટે તેડ્યો છે" અને એમ મોટી-મોટી બાબતોની શોધ કરો છો તો તમે પરમેશ્વરને તમને વાપરવામાં રૂકાવટ ઉત્પન્ન કરો છો. જ્યાં સુધી તમે પોતાની વ્યક્તિગત રૂચિઓ અને આકાંક્ષાઓને પકડી રાખશો, ત્યાં સુધી તમે પરમેશ્વરની રૂચિઓ માટે અનુકૂળ નહિ બની શકો, અને તેમની સાથે એકરૂપ પણ નહિ થઈ શકો. આ ફક્ત તમારી તમામ વ્યક્તિગત યોજનાઓને હંમેશાને માટે ત્યાગ કરવા દ્વારા અને પરમેશ્વરને એ અનુમતિ આપવા દ્વારા પૂરૂ થઈ શકે છે કે તે તમને જગતને માટે પોતાના ઉદ્દેશમાં સીધા જ લઈ જાય. તમારી રીતો વિશે તમારી સમજને પણ સમર્પિત થવાની જરૂરત છે, કેમ કે તે હવે પરમેશ્વરની રીતો બની ગઈ છે.

મારે એ શીખવાનું છે કે મારા જીવનનો ઉદ્દેશ પરમેશ્વરનો ઉદ્દેશ છે, મારો નહિ. પરમેશ્વર મને પોતાના મહાન વ્યક્તિગત દ્રષ્ટિકોણથી વાપરી રહ્યા છે, અને તે મારી પાસે ફક્ત એટલું માંગે છે કે હું તેમની પર ભરોસો રાખું. મારે એવું કદી ના કહેવું જોઈએ કે, "પ્રભુ, આનાથી મારા મનને ખૂબ દુઃખ થાય છે." આવી રીતે બોલવું ને વાત કરવી તે મારા માટે ઠોકરનું કારણ બને છે. જ્યારે પરમેશ્વરને મારે શું જોઈએ છે એ જણાવવાનું બંધ કરી દઉં છું, ત્યારે તે કોઈપણ અવરોધ વગર સ્વતંત્રતાથી મારામાં પોતાની ઈચ્છા પૂરી કરી શકે છે. તે મને કચડી શકે છે, મને ઊંચો ઉઠાવી શકે છે કે જે કંઈ તે ઈચ્છે તે કરી શકે છે. તે મારી પાસે ફક્ત એટલી અપેક્ષા રાખે છે હું તેમની પર અને તેમની ભલાઈ પર પૂરો ભરોસો રાખું. સ્વદયા - પોતાની જાતની દયા શેતાન તરફથી આવે છે, અને જો હું તેમાં આળોટતો રહીશ, તો હું જગતમાં પરમેશ્વરના ઉદ્દેશને માટે ઉપયોગમાં આવી શકીશ નહિ. આમ કરવાથી, હું પોતાના જ આરામને "જગતમાં એક નાનું જગત" બનાવી દઉં છું, અને મારી અસુવિધાના ભયને કારણે પરમેશ્વરને એ સંમતિ નથી મળતી કે તે મને આમાંથી હલાવી શકે.

## સૌથી ઊંચે ચઢવું

*“તેણે કહ્યું, હવે તારો દીકરો...તેને લઈને...”*
*(ઉત્પત્તિ ૨૨:૨)*

પરમેશ્વરની આજ્ઞા છે કે, “(હમણાં)લઈને” પછીથી નહિ. આ કેટલું આશ્ચર્યજનક છે કે આપણે કેવી રીતે દલીલ કરીએ છીએ! આપણે જાણીએ છીએ કે કોઈક વાત સાચી છે, પરંતુ તેને તરત નહિ કરવા માટે બહાના શોધીએ છીએ. પરમેશ્વર આપણને જે પહાડ દેખાડે છે તે પર જો આપણે ચઢવું છે, તો તે પછીથી ક્યારેય થઈ શકતું નથી - તેને હમણાં જ કરવું જરૂરી છે, અને આપણે વાસ્તવમાં તે બલિદાન કરીએ તે અગાઉ, આપણે તે બાબતને પોતાની ઈચ્છા દ્વારા કરવાની જરૂર છે.

“અને ઈબ્રાહિમ મોટી સવારે ઉઠ્યો, ...ને પરમેશ્વરે તેને જે જગ્યા દેખાડી હતી ત્યાં ગયો”(૨૨:૩). ઈબ્રાહિમની સરળતા કેટલી અદ્‌ભુત હતી! જ્યારે પરમેશ્વરે વાત કરી, તો તેણે, “માંસ અને લોહીની(કોઈ માણસની) સલાહ ના લીધી”(ગલાતી ૧:૧૬). જ્યારે તમે “માંસ અને લોહીથી” અર્થાત્, પોતાના વિચારોથી કે સમજથી, કે કોઈ એવી બાબતથી જે પરમેશ્વરની સાથેના તમારા વ્યક્તિગત સંબંધ પર આધારિત ના હોય એવી કોઈ બાબતની સલાહ લેવા ઈચ્છો છો, તો સાવધાન રહો. આ બધી એ બાબતો છે જે પરમેશ્વર પ્રત્યેના આજ્ઞાપાલનનો મુકાબલો કરે છે અને તેમાં અવરોધ નાખે છે.

ઈબ્રાહિમે બલિદાન શું હશે તેની પસંદગી ના કરી. પરમેશ્વરને માટે પોતે સેવાની પસંદગી કરવાથી સાવધાન રહો. આત્મબલિદાન તમારી સેવાને બગાડનાર એક બિમારી બની શકે છે. જો પરમેશ્વરે તમારા પ્યાલાને મીઠો બનાવ્યો છે, તો તેને કૃપાથી પી લો; જો તેમણે તેને કડવો બનાવ્યો છે, તો તેને તેમની સંગતમાં પી લો. જો પરમેશ્વરની પ્રભુતાની ઈચ્છાનો અર્થ તમારે માટે એક કઠણ સમય છે, તો તેમાંથી પસાર થઈ જાવ. પરંતુ પોતાના આત્મબલિદાનનું સ્થાન પોતે ક્યારેય પસંદ ના કરશો. પરમેશ્વરે ઈબ્રાહિમને માટે પરીક્ષા પસંદ કરી, અને ઈબ્રાહિમે તેમાં મોડું ના કર્યું કે વિરોધ પણ ના કર્યો, પરંતુ દ્રઢતાથી આજ્ઞાનું પાલન કર્યું. જો તમે પરમેશ્વરના સંપર્કમાં નથી રહેતા, તો પરમેશ્વર પર દોષ લગાવવાનું કે તેમના પર પોતાનો નિર્ણય જાહેર કરવાનું સરળ હોય છે. તમને પોતાનો નિર્ણય જાહેર કરવાનો અધિકાર પ્રાપ્ત થાય તે પહેલા, તમારે કસોટીમાંથી પસાર થવું પડશે, કેમ કે એના વડે તમે પરમેશ્વરને ખૂબ સારી રીતે ઓળખી શકશો. જ્યાં સુધી તેમનો ઉદ્દેશ અને આપણો ઉદ્દેશ એક ના થઈ જાય ત્યાં સુધી પરમેશ્વર પોતાના સૌથી ઊંચા લક્ષ સુધી પહોંચવાને માટે આપણી અંદર કાર્ય કરી રહ્યા છે.

## બદલાયેલું જીવન

*“જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ, તે નવું થયું છે”*
*(૨ કરિંથી ૫:૧૭)*

તમને તમારા તારણ અંગે શું સમજ છે? તારણના કાર્યનો અર્થ એ છે કે તમારા વાસ્તવિક જીવનમાં બધી વાતો નાટકીય ઢંગથી બદલાઈ ગઈ છે. હવે તમે દરેક બાબતોને પહેલા જે રીતે જોતા હતા તે રીતે જોતા નથી. તમારી અભિલાષાઓ નવી થઈ ગઈ છે અને જૂની ચીજોએ તમને આકર્ષિત કરવાની શક્તિ ખોઈ દીધી છે. તમારા જીવનમાં તારણનું કાર્ય સાચું છે કે નહિ તે નક્કી કરવાને માટે એક કસોટી એ છે કે જે બાબતો તમારે માટે ખરેખર મહત્વની હતી તે બાબતોને શું પરમેશ્વરે બદલી નાંખી છે? જો તમે હજુ પણ જૂની બાબતોને માટે તમે તલપો છો, તો ઉપરથી જન્મ લેવાની વાત હાસ્યાસ્પદ લાગે છે - તમે પોતાની જાતને છેતરી રહ્યા છો. જો તમારો નવો જન્મ થયો છે, તો પરમેશ્વરનો આત્મા, બદલાણને તમારા વાસ્તવિક જીવન અને વિચારોમાં પ્રગટ થવા દેશે. અને જ્યારે સંકટ આવશે ત્યારે, તમે તમારી અંદર આ બદલાણને જોઈને સંસારમાં સૌથી આશ્ચર્યચકિત વ્યક્તિ હશો. આ કામ તમે કર્યું તેવી કલ્પના કરવાની કોઈ સંભાવના નહિ રહે આ સંપૂર્ણ અને આશ્ચર્યજનક બદલાણ એ વાતની સાબિતી છે કે તમારો ઉદ્ધાર થઈ ગયો છે.

મારા તારણ અને પવિત્રીકરણે કેવો તફાવત સર્જ્યો છે? ઉદાહરણરૂપે, શું હું ૧ કરિંથી ૧૩ ના પ્રકાશમાં ઊભો રહી શકું છું કે પછી આમતેમ મરડાવા લાગું છું અને આ વિષયથી નાસી છૂટવા માંગું છું? પવિત્ર આત્મા દ્વારા કરવામાં આવેલ સાચું તારણ મને સંપૂર્ણપણે મુક્ત કરે છે. અને જ્યાં સુધી, “જેમ તે પ્રકાશમાં છે, તેમ...જો પ્રકાશમાં ચાલું છું” (૧ યોહાન ૧:૭), ત્યાં સુધી પરમેશ્વરે મને ઠપકો આપવાનું કોઈ કારણ મળતું નથી કેમ કે તેમનું જીવન મારા અસ્તિત્વના દરેક ભાગમાં કાર્ય કરે છે અને તે ફક્ત સભાનતાના સ્તર પર જ નહિ, પરંતુ મારી સભાનતાથી ઊંડાણના સ્તર પર પણ કાર્ય કરે છે.

## વિશ્વાસ કે અનુભવ?

*"પરમેશ્વરના પુત્ર...તેમણે મારા પર પ્રેમ રાખ્યો, અને મારે સારુ પોતાનું અર્પણ કર્યું"*
*(ગલાતી ૨:૨૦)*

પ્રભુ ઈસુ પ્રત્યે સંપૂર્ણ ભક્તિમાં આવવા માટે આપણે આપણા મનની સ્થિતિ સંવેદનાઓ અને લાગણીઓની સાથે લડવું જોઈએ. આપણે અનુભવની આપણી નાનકડી દુનિયાને તોડીને બહાર નીકળીને પ્રભુ પ્રત્યે ત્યાગપૂર્ણ ભક્તિમાં આવવું જોઈએ. વિચાર કરો કે, ઈસુ ખ્રિસ્ત કોણ છે એ અંગે નવો કરાર શું કહે છે, અને પછી આપણે જે કહીએ છીએ કે, "મને આ અનુભવ કે પેલો અનુભવ નથી થયો" એમ કહીને દયાપાત્ર વિશ્વાસની જે તિરસ્કારપાત્ર અલ્પતા આપણે પ્રદર્શિત કરીએ છીએ તે વિશે વિચારો. જરા વિચારો કે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કઈ કઈ વાતોનો દાવો કરે છે અને શું શું ઉપલબ્ધ કરાવે છે - તે આપણને પરમેશ્વરના રાજ્યાસન આગળ નિર્દોષ અવર્ણનીય રીતે શુદ્ધ, સંપૂર્ણ ન્યાયી અને ઊંડાણપૂર્વક નિર્દોષ ઠરાવેલા રજૂ કરી શકે છે. "...ઈસુ ખ્રિસ્તમાં તે તો પરમેશ્વર તરફથી આપણે સારુ જ્ઞાન, ન્યાયીપણુ, પવિત્રીકરણ તથા ઉદ્ધાર થયો છે." (૧ કરિંથી ૧:૩૦) તેમાં સંપૂર્ણતાથી આરાધના કરનાર વિશ્વાસમાં ઊભા રહો, આપણી શું હિંમત કે આપણે પરમેશ્વરના પુત્ર માટે બલિદાન કરવાની વાત કરીએ! આપણને નરક અને સંપૂર્ણ વિનાશ થવાથી બચાવવામાં આવ્યા છે, અને પછી શું આપણે બલિદાન આપવાની વાત કરીએ છીએ!

આપણે આપણું ધ્યાન સતત ઈસુ ખ્રિસ્ત પર લગાવી રાખવું જોઈએ અને આપણો વિશ્વાસ તેની પર રાખવો જોઈએ - એક "પ્રાર્થના-સભાના" ઈસુ ખ્રિસ્ત પર નહિ, એક "પુસ્તકના" ઈસુ ખ્રિસ્ત પર નહિ, પરંતુ નવા કરારના ઈસુ ખ્રિસ્ત પર, જે દેહધારણ કરેલ પરમેશ્વર છે અને જેણે આપણને મારીને ચરણો આગળ પાડી દેવા જોઈએ તેની પર વિશ્વાસ રાખવો જોઈએ. આપણો વિશ્વાસ એની પર હોવો જોઈએ જે આપણા ઉદ્ધારનો સ્રોત છે. ઈસુ ખ્રિસ્ત પોતાને માટે આપણી સંપૂર્ણ, અસંયમિત ભક્તિ માગે છે. આપણે ઈસુ ખ્રિસ્તનો અનુભવ કદી નથી કરી શકતા, અને સ્વાર્થી બનીને તેમને પોતાના હૃદયોની સીમાઓમાં કેદ કરીને રાખી શકતા નથી ખ્રિસ્તમાં મજબૂત, દ્રઢનિશ્ચય ભરોસા પર આપણો વિશ્વાસ રચાયો હોવો જોઈએ.

આપણા અનુભવ પર ભરોસાને કારણે જ આપણે અવિશ્વાસ વિરુદ્ધની પવિત્ર આત્માની સ્થિર અધીરાઈ જોઈએ છીએ. આપણા તમામ ભય પાપરૂપ હોય છે અને આપણા વિશ્વાસમાં પોતાનું પોષણ કરવાનો નકાર કરવા દ્વારા આપણે અંગત ભય પેદા કરીએ છીએ. જે વ્યક્તિ ઈસુ ખ્રિસ્ત સાથે એકરૂપ થઈ ગઈ છે, તેને સંદેહ કે ભય કેવી રીતે લાગી શકે! આપણા જીવનો સંપૂર્ણ, દબાવી ના શકાય તેવા, વિજયી વિશ્વાસના પરિણામ સ્વરૂપ ઉત્પન્ન થનાર સ્તુતિના ગીત હોવા જોઈએ.

## પરમેશ્વરની યોજનાને શોધી કાઢવી

*"યહોવા...માર્ગમાં મને દોરી લાવ્યો છે"*
*(ઉત્પત્તિ ૨૪:૨૭)*

આપણે પરમેશ્વરની સાથે એટલી એકતામાં હોવું જોઈએ કે આપણે દરેક સમયે તેમની પાસેથી માર્ગદર્શનની વિનંતી કરવાની જરૂરત ના રહે. પવિત્રીકરણનો અર્થ એ છે કે આપણે પરમેશ્વરના સંતાન બની ગયા છીએ. સાધારણ રીતે, જ્યાં સુધી એક બાળક અનાજ્ઞાંકિત બનવાની પસંદગી નથી કરતો ત્યાં સુધી તેનું જીવન આજ્ઞાંકિત હોય છે. પરંતુ જેવું તે આજ્ઞા ન માનવાની પસંદગી કરે છે કે તરત તેની અંદર એક સ્વાભાવિક સંઘર્ષ ઉત્પન્ન થાય છે. આત્મિક સ્તર પર આંતરિક સંઘર્ષ પરમેશ્વરના આત્માની ચેતવણી હોય છે. જ્યારે તે આ રીતે આપણને ચેતવણી આપે છે, ત્યારે આપણે તરત રોકાઈ જવું જોઈએ અને પોતાના આત્માના મનથી નવા બનવું જોઈએ જેથી આપણે પરમેશ્વરની ઈચ્છા જાણી શકીએ(જુઓ રોમનોને પત્ર ૧૨:૨). જો આપણે પરમેશ્વરના આત્મા દ્વારા નવો જન્મ પામ્યા છીએ તો, દરેક સમયે પરમેશ્વરની પાસે માર્ગદર્શન માંગવા દ્વારા પરમેશ્વર પ્રત્યેની આપણી ભક્તિમાં અવરોધ આવી જાય છે, કે કદાચ ભક્તિ બંધ પણ પડી જાય છે. "...યહોવા...મને દોરી લાવ્યો..." અને પાછળ વળીને જોવાથી આપણને એક આશ્ચર્યજનક યોજનાની ઉપસ્થિતિ જોવા મળે છે. જો પરમેશ્વરથી આપણો જન્મ થયો છે, તો આપણે તેમના માર્ગદર્શન આપનાર હાથને જોઈએ છીએ અને પરમેશ્વરને મહત્તા આપીએ છીએ.

આપણે સર્વ અસાધારણ બાબતોમાં પરમેશ્વરને જોઈ શકીએ છીએ, પરંતુ દરેક નાનામાં નાની બાબતોમાં પરમેશ્વરને જોવા માટે આપણામાં આત્મિક શિસ્તના વિકાસની જરૂરત હોય છે. એવો વિશ્વાસ કદી ના કરશો કે જીવનની ઉદ્દેશવિહીન લાગતી ઘટનાઓ પરમેશ્વરની નિર્ધારિત વ્યવસ્થાઓથી કંઈક ઊણી છે. દરેક જગ્યાએ અને કોઈ પણ જગ્યાએ તેની ઈશ્વરીય યોજનાઓને શોધવાને તૈયાર રહો.

પરમેશ્વર પ્રત્યે ભક્તિપૂર્ણ થવાને બદલે પોતાની અંગત માન્યતાઓ પ્રત્યે સ્થિરતાની ધુનમાં રહેવાથી સાવધાન રહો. જો તમે એક પવિત્ર વ્યક્તિ છો અને એવું કહો છો કે, "હું આ કામ કે પેલું કામ કદી નહિ કરું" તો સંભાવના છે કે પરમેશ્વર તમારી પાસે એ જ કામ કરવાની માંગણી કરશે. આ જગતમાં આપણા પ્રભુથી વધુ એકસમાન રીતે કામ ના કરનાર વ્યક્તિ કોઈ નથી, પરંતુ તે પોતાના પિતાની સાથે કદી સમાન રીતે કામ ન કરનાર નથી બન્યા. એક પવિત્ર વ્યક્તિમાં મહત્વપૂર્ણ સ્થિરતા સિદ્ધાંત પ્રત્યે નહિ પરંતુ ઈશ્વરીય જીવન પ્રત્યે હોય છે. ઈશ્વરીય જીવન જ ઈશ્વરીય મન વિષે સતત અને અધિક શોધ કરતું કહે છે. એક અત્યંત ધર્માંધ હોવું તે સ્થિરતાથી વિશ્વાસયોગ્ય હોવા કરતાં ઘણુ આસાન હોય છે, કેમ કે જ્યારે આપણે પરમેશ્વર પ્રત્યે વિશ્વાસયોગ્ય હોઈએ છીએ, ત્યારે તે આપણા ધાર્મિક ઘમંડને આશ્ચર્યજનક રીતે વિનમ્ર કરી દે છે.

## તારે શું?

*''પિતર...ઈસુને પૂછે છે કે પ્રભુ, એ માણસનું શું થશે? ઈસુ તેને કહે છે*
*'...તેમાં તારે શું? તું મારી પાછળ આવ' ''*
*(યોહાન ૨૧:૨૧-૨૨)*

સૌથી અધિક કઠણ પાઠ જે આપણે શીખવા પડે છે, તેમાંથી એક પાઠ, બીજાઓના જીવનમાં દખલ કરવા અંગે પોતાની જાત પર રોક લગાવવાની હઠીલાઈથી ઈનકાર કરવાથી શીખવો પડે છે. એક બિનઅનુભવી વહીવટી કુનેહના કારણે, અર્થાત્ બીજાઓ માટે પરમેશ્વરની યોજનાઓમાં દખલ કરવાના જોખમને ઓળખવામાં, ઘણો સમય લાગે છે. આપણે કોઈને દુઃખ ઉઠાવતો જોઈએ છીએ અને કહીએ છીએ કે, ''તે દુઃખ નહિ ઉઠાવે, અને હું એ સુનિશ્ચિત કરીશ કે તે દુઃખ નહી ઉઠાવે'' તમે પરમેશ્વરની સ્વીકૃતી આપનાર ઈચ્છાને રોકવા માટે પોતાનો જમણો હાથ તેમની સામે ઉઠાવો છો, અને પછી પરમેશ્વર તમને કહે છે, ''તારે શું?'' શું તમારા આત્મિક જીવનમાં મંદતા છે? તેને ચાલુ રહેવા દેશો નહિ, પરંતુ પરમેશ્વરની ઉપસ્થિતિમાં આવો અને તેનું કારણ જાણવાની કોશિશ કરો. એ સંભવ છે કે તમને એવું જાણવા મળશે કે મંદતાનું કારણ એ છે કે તમે કોઈ બીજી વ્યક્તિના જીવનમાં દખલઅંદાજી કરી રહ્યા છો - એવી વાતોનો પ્રસ્તાવ રાખીને જેને પ્રસ્તાવ રાખવાનો આપણને કોઈ અધિકાર નહોતો, અથવા સલાહ આપીને જ્યારે આપણને સલાહ આપવાનો કોઈ અધિકાર નહોતો. જ્યારે તમારે કોઈ બીજી વ્યક્તિને સલાહ આપવી પડે છે, તો પરમેશ્વર પોતાના આત્માની સીધી સમજથી તમારા દ્વારા સલાહ આપશે. તમારી ફરજ એ છે કે તમે પરમેશ્વરની સાથે યોગ્ય સંબંધ બનાવી રાખો જેથી બીજાઓને આશીર્વાદ આપવાના ઉદ્દેશથી તેમની બુદ્ધિશીલતાની પરખશક્તિ સતત તમારા દ્વારા આવતી રહે.

આપણામાંથી ઘણા બધા લોકો સભાન થઈને પરમેશ્વરની સેવા કરવા દ્વારા અને સભાન રહીને તેના પ્રત્યે ભક્તિપૂર્ણ રહીને, ફક્ત સભાનતાના સ્તરની સીમામાં રહીએ છીએ. આ પરિપક્વતા અને આ હકીકત દર્શાવે છે કે આપણે હજુ સુધી સાચુ ખ્રિસ્તી જીવન જીવી રહ્યા નથી. પરમેશ્વરના બાળકના જીવનમાં પરિપક્વતા અચેત સ્તર પર પેદા થાય છે, ત્યાં સુધી કે આપણે પરમેશ્વરને એટલા સમર્પિત થઈ જઈએ છીએ કે આપણને તેની સમજ જ નથી હોતી કે આપણે તેમના દ્વારા ઉપયોગમાં આવી રહ્યા છીએ. જ્યારે આપણને આ વાતની સમજ પડે છે કે આપણે ભંગિત થયેલી રોટલી અને રેડવામાં આવેલ દ્રાક્ષારસના રૂપમાં ઉપયોગમાં આવી રહ્યા છે, તો આપણે માટે હજુ વધુ એક સ્તર પર પહોંચવાનું બાકી હોય છે - એ સ્તર જ્યાં પોતાના વિશેની સભાનતા અને પરમેશ્વર આપણા દ્વારા શું કરી રહ્યા છે તેની સમજ, સંપૂર્ણ રીતે દૂર થઈ જાય છે. એક પવિત્ર વ્યક્તિ કદીયે સચેતરૂપથી સંત નથી હોતો - એક સંત સચેતરૂપથી પરમેશ્વર પર નિર્ભર હોય છે.

## હજુ પણ માનવ!

*"...જે કંઈ કરો તે સર્વ પરમેશ્વરના મહિમાને અર્થે કરો"*
*(૧ કરિંથી ૧૦:૩૧)*

પવિત્રશાસ્ત્રમાં, દેહધારણનો મહાન ચમત્કાર એક બાળકના સાધારણ જીવનમાં સરકી જાય છે; રૂપાંતરણનો મહાન ચમત્કાર નીચે અશુદ્ધ આત્માથી જકડાયેલી ખીણમાં મંદ પડી જાય છે; પુનરુત્થાનનો મહિમા સમુદ્રકિનારે સવારના નાસ્તામાં ઉતરી જાય છે. આ એક પરાકાષ્ઠાની અપેક્ષા પેદા કરનાર બાબતનો નજીવી વાતમાં અંત નથી, પરંતુ પરમેશ્વરનું મહાન પ્રકટીકરણ છે.

આપણું એ વલણ હોય છે કે આપણે પોતાના અનુભવોમાં અદ્‌ભુતની ખોજ કરીએ છીએ, અને આપણે બહાદુરીના કામોને ખરી બહાદુરી સમજી બેસીએ છીએ. કોઈ સંકટમાંથી ભવ્ય રીતે પસાર થઈ જવું એક વાત હોય છે, પરંતુ જ્યાં કોઈ સાક્ષી નથી હોતા, કોઈ લોક પ્રસિદ્ધિની સંભાવના નથી હોતી, કોઈ આપણી તરફ ધ્યાન નથી આપતું, ત્યાં પરમેશ્વરનો મહિમા કરતા દરેક દિવસ ગુજારવો તે એક અલગ વાત છે. જો આપણે પ્રભાવલયની તલાશમાં ના હોઈએ, પરંતુ આપણે ઓછામાં ઓછું એટલું તો ઈચ્છીએ છીએ કે લોકો એમ કહે કે, "તે કેટલો અદ્‌ભુત પ્રાર્થનાવાદી માણસ છે!" અને "તે કેટલી ભક્તિપૂર્ણ સ્ત્રી છે!" જો તમે ઉચિતરૂપથી પ્રભુ ઈસુને સમર્પિત છો, તો તમે એ ઊંચાઈ સુધી પહોંચી ગયા છો જ્યાં વ્યક્તિગતરૂપથી કોઈ તમારી તરફ ધ્યાન નહી આપે, જે વાત તરફ ધ્યાન જાય છે, તે તો પરમેશ્વરનું એ સામર્થ્ય છે જે હરેક સમય તમારામાંથી નીકળતું રહે છે.

આપણે ઈચ્છીએ છીએ કે આપણે એવું કહી શકીએ કે, "મને પરમેશ્વર તરફથી એક અદ્‌ભુત તેડું મળ્યું છે!" પરંતુ પરમેશ્વરના મહિમાને માટે સૌથી વધુ હલકુ કાર્ય કરવા માટે પણ એ જરૂરત હોય છે કે દેહધારી સર્વશક્તિમાન પરમેશ્વર આપણામાં કાર્ય કરે. સંપૂર્ણપણે ધ્યાનમાં ના આવીએ તેવા બનવા માટે એ જરૂરત હોય છે કે પરમેશ્વરનો આત્મા આપણને પૂરી રીતે માનવીયરૂપથી તેમના બનાવી લે. એક સંતના જીવનની ખરી કસોટી સફળતા નહિ પરંતુ જીવનના માનીવય સ્તર પર વિશ્વાસયોગ્યતા હોય છે. ખ્રિસ્તી કાર્યમાં સફળતાને પોતાનો ઉદ્દેશ માનવા તરફ આપણું વલણ હોય છે, પરંતુ આપણો ઉદ્દેશ એ હોવો જોઈએ કે આપણે માનવજીવનમાં પરમેશ્વરના મહિમાને પ્રદર્શિત કરીએ, આપણા દરરોજની માનવીય પરિસ્થિતિઓમાં એવું જીવન જીવીએ જે "ખ્રિસ્તની સાથે પરમેશ્વરમાં ગુપ્ત રાખવામાં આવ્યું છે."(કલોસ્સી ૩:૩). આપણા માનવીય સંબંધ જ એ પરિસ્થિતિઓ છે જેમાં પરમેશ્વરના આદર્શ જીવનને પ્રદર્શિત કરાવવું જોઈએ.

## અનંત ધ્યેય

*"યહોવા કહે છે, મેં પોતાના સમ ખાધા છે કે, તેં એ કામ કર્યું છે...*
*તે માટે ખચીત હું તને આશીર્વાદ પર આશીર્વાદ દઈશ..."*
*(ઉત્પત્તિ ૨૨:૧૬-૧૭)*

**આ સમયે, ઈબ્રાહિમ એવી સ્થિતિમાં પહોંચી ગયો છે જ્યાં તે પરમેશ્વરના સ્વભાવના સંપર્કમાં છે. હવે તે પરમેશ્વરની વાસ્તવિકતાને સમજે છે.**

*મારું લક્ષ સ્વયં પરમેશ્વર છે...*
*કોઈ પણ કિંમતે, પ્રિય પ્રભુ, કોઈ પણ માર્ગ દ્વારા*

**"કોઈ પણ કિંમતે...કોઈ પણ માર્ગ દ્વારા" નો અર્થ છે લક્ષ સુધી પહોંચવાને માટે પરમેશ્વરના માર્ગને આધીન થવું.**

**જ્યારે પરમેશ્વર મારામાં, પોતાના સ્વભાવથી વાત કરે છે, અને તે વાત કરે છે ત્યારે શંકા પ્રગટ કરવાની સંભાવના નથી હોતી. તેનું એકમાત્ર પરિણામ હોય છે. તરત તેમની આજ્ઞાને માનવી. જ્યારે ઈસુ કહે છે કે, "આવો", તો હું આવી જાઉં છું; જ્યારે તે કહે છે, "છોડી દો" તો હું છોડી દઉં છું; જ્યારે તે કહે છે, "આ બાબતમાં પરમેશ્વર પર ભરોસો રાખો," તો હું ભરોસો રાખું છું. આજ્ઞાપાલનનું આ કાર્ય એ વાતની સાબિતી છે કે મારામાં પરમેશ્વરનો સ્વભાવ છે.**

**પરમેશ્વરનું પોતાની જાતને પ્રગટ કરવું તે બાબત મારા ચારિત્રથી પ્રભાવિત થાય છે, પરમેશ્વરના ચારિત્રથી નહિ.**

*કારણકે હું સાધારણ છું*
*તારો માર્ગ મને કેટલી બધી વાર સાધારણ લાગે છે.*

**આજ્ઞાપાલનની શિસ્ત દ્વારા જ હું એ સ્થાન પર પહોંચી શકું છું જ્યાં ઈબ્રાહિમ હતો અને હું જોઉં છું કે પરમેશ્વર કોણ છે. જ્યાં સુધી હું ઈસુ ખ્રિસ્તમાં પરમેશ્વરની સામે મોઢામોઢ આવી જતો નથી, ત્યાં સુધી પરમેશ્વર મારા માટે વાસ્તવિક નહી હોય. ત્યારે હું જાણી લઈશ અને હિંમતથી જાહેર કરી શકીશ કે, "સંપૂર્ણ જગતમાં મારા પરમેશ્વર, તારા સિવાય બીજુ કોઈ નથી, તારા સિવાય બીજું કોઈ નથી."**

**જ્યાં સુધી, આજ્ઞાપાલન દ્વારા આપણે પરમેશ્વરના સ્વભાવને સમજી લેતા નથી ત્યાં સુધી પરમેશ્વરની પ્રતિજ્ઞાઓનું આપણા માટે કોઈ મૂલ્ય નથી હોતું. આપણે બાઈબલમાંથી આખુ વર્ષ દરરોજ કંઈકને કંઈક વાંચી શકી છીએ છતાં પણ એ શક્ય છે કે આપણા માટે તેનો કોઈ અર્થ ના હોય. ત્યારબાદ, કોઈ નાની વાતમાં આપણે પરમેશ્વરની આજ્ઞા માનીએ છીએ, તેથી અચાનક જોઈએ છે કે પરમેશ્વરનો અર્થ શું છે, અને તેમનો સ્વભાવ આપણી આગળ ખુલ્લો થાય છે. "પરમેશ્વરના વચનો ગમે તેટલાં હશે તોપણ તેનામાં હા છે;...તેના વડે આમીન પણ છે."(૨ કરિંથી ૧:૨૦). આપણું "હા" આજ્ઞાપાલનમાંથી પેદા થવું જોઈએ; જ્યારે આપણે આજ્ઞાપાલન દ્વારા "આમીન" અથવા "આ પ્રમાણે થાઓ" એમ કહેતા પરમેશ્વરના વચનોની પુષ્ટિ કરીએ છીએ, તો તે વચન આપણું બની જાય છે.**

## જીતીને સ્વતંત્રતામાં આવવું

*“જો દીકરો તમને મુક્ત કરે, તો તમે ખરેખર મુક્ત થશો.”*
*(યોહાન ૮:૩૬)*

જો આપણી અંદર વ્યક્તિગત આત્મસંતોષનો થોડો પણ અંશ બાકી બચ્યો હશે, તો તે હંમેશા કહેશે કે, “હું સમર્પણ નથી કરી શકતો” અથવા “હું સ્વતંત્ર નથી થઈ શકતો” પરંતુ આપણા અસ્તિત્વનો આત્મિક ભાગ ક્યારેય એમ નથી કહેતો કે, “હું કરી શકતો નથી;” તે ફક્ત પોતાની ચારે તરફ બધી બાબતોને ભીંજવી દે છે. આપણો આત્મા વધારેની લાલસા રાખે છે. આપણે એ જ રીતે બન્યા છીએ. આપણને પરમેશ્વરને માટે એક ખૂબ મોટી ક્ષમતા સાથે બનાવવામાં આવ્યા છે, પરંતુ, પાપ, આપણી પોતાની વ્યક્તિગતતા, અને ખોટી વિચારધારા આપણને ત્યાં સુધી પહોંચતા અટકાવે છે. પરમેશ્વર આપણને પાપથી છુટકારો આપે છે - આપણે પોતાની જાતને પોતાની વ્યક્તિગતતાથી છુટકારો આપવાનો છે. તેનો અર્થ છે પોતાના શારીરિક જીવનને પરમેશ્વરને અર્પણ ચઢાવવું અને તેમને બલિદાન આપવું, જેથી તે આપણા આજ્ઞાપાલન દ્વારા તેને આત્મિક જીવનમાં બદલી નાંખે.

આપણા આત્મિક જીવનના વિકાસમાં પરમેશ્વર આપણા સ્વાભાવિક વ્યક્તિગતતાની તરફ કોઈ ધ્યાન નથી આપતા તેમની યોજના આપણા શારીરિક જીવનમાં શરૂઆતથી અંત સુધી ચાલે છે. આપણે પરમેશ્વરની સહાયતા કરવા અંગે ધ્યાન રાખવું જોઈએ, અને “હું આ નથી કરી શકતો” એવું કહીને તેમની વિરુદ્ધ ઊભા રહેવું જોઈએ નહિ. પરમેશ્વર આપણને શિસ્તમાં નહિ લાવે - આપણે પોતાની જાતને શિસ્તમાં લાવવાની છે. પરમેશ્વર “પરમેશ્વરના જ્ઞાનની વિરુદ્ધ જે કંઈ માથું ઊંચકે છે તેને...અને દરેક વિચારને વશ કરીને ખ્રિસ્તની આધીનતામાં” લાવતા નથી(૨ કરિંથી ૧૦:૫) - આપણે પોતે જ તે કરવાનું છે. એવું ના કહેશો કે “હે પ્રભુ, હું આ ભટકતા વિચારોથી ખૂબ પરેશાન છું.” ભટકતા વિચારોથી પરેશાન ના થશો. તમારા સ્વાભાવિક વ્યક્તિગત જીવનના જુલમને સાંભળવાનું બંધ કરી દો. અને આત્મિક જીવનમાં પહોંચવાની સ્વતંત્રતાને જીતી લો.

“જો દીકરો તમને મુક્ત કરે તો...” આ વચનમાં પુત્ર શબ્દના સ્થાને તારણહાર શબ્દ ના મૂકશો. તારણહારે આપણને પાપમાંથી સ્વતંત્ર કર્યા છે, પરંતુ આ એ સ્વતંત્રતા છે જે પુત્ર દ્વારા મને મારી જાતમાંથી છોડાવવાથી મળે છે. પાઉલનો અર્થ આ હતો જ્યારે તેણે ગલાતી ૨:૨૦માં કહ્યું કે, “હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો...” તેનું વ્યક્તિત્વ તોડવામાં આવ્યું હતુ, અને તેનો આત્મા તેના પ્રભુના આત્મા સાથે એક કરવામાં આવ્યો હતો; તેમનામાં વિલીન કરવામાં નહોતો આવ્યો, પરંતુ તેમની સાથે એક કરવામાં આવ્યો હતો. “...તમે ખરેખર મુક્ત થશો.” - તમારા અસ્તિત્વના બિલકુલ મધ્યભાગ સુધી સ્વતંત્ર; અંદરથી બહાર સુધી સ્વતંત્ર. આપણું વલણ એ હોય છે કે, ઈસુની સાથે એક થવાથી આવનાર સામર્થ્યથી સશક્ત થવાને બદલે આપણે પોતાની જ શક્તિ પર ભરોસો કરીએ છીએ.

## "જ્યારે તે આવશે"

*"જ્યારે તે આવશે ત્યારે તે પાપ વિશે...જગતને ખાતરી કરી આપશે."*
*(યોહાન ૧૬:૮)*

આપણામાંથી બહુ થોડા લોકો એવા છે કે જે પાપ વિશે ખાતરી થવી એટલે શું તે અંગે કંઈ જાણે છે. આપણે ખોટું કાર્ય કરવાને કારણે અશાંત થવાના અનુભવને જાણીએ છીએ. પરંતુ પવિત્ર આત્મા દ્વારા પાપ સંબંધી ખાતરી થવી તે પૃથ્વીના દરેક સંબંધને ભૂંસી નાખે છે. અને આપણને એક સંબંધ પ્રત્યે જાગૃત કરે છે - "તારી, હા, તારી જ વિરુદ્ધ મેં પાપ કર્યું છે..." (ગી. શા. ૫૧:૪). જ્યારે એક વ્યક્તિને પાપ પ્રત્યે આ રીતે ખાતરી કરી આપવામાં આવે છે, ત્યારે તે પોતાની વિવેકબુદ્ધિના દરેક અંશથી જાણે છે કે પરમેશ્વર તેને ક્ષમા કરવાની હિંમત નહિ કરે. જો પરમેશ્વર તેને ક્ષમા કરી દે, તો તે વ્યક્તિની ન્યાયની ભાવના પરમેશ્વર કરતાં વધુ હોય છે. પરમેશ્વર ક્ષમા તો કરે છે, પરંતુ એવું કરવાને માટે તેમણે ખ્રિસ્તના મૃત્યુના શોકમાં પોતાના હૃદયના તૂટી જવાનું મૂલ્ય ચુકવ્યું છે. પરમેશ્વરની કૃપાનો મહાન ચમત્કાર એ છે કે તે પાપ ક્ષમા કરે છે, અને ઈસુ ખ્રિસ્તનું મૃત્યુ જ ઈશ્વરના સ્વભાવને આને યોગ્ય બનાવે છે કે તે ક્ષમા કરે અને એવું કરતી વખતે તે પોતાના પ્રત્યે વિશ્વાસયોગ્ય પણ રહે. પરમેશ્વર પ્રેમ છે માટે તે આપણને માફી આપે છે એવું કહેવું તે મુર્ખામીવાળી વાત છે. એકવાર જ્યારે આપણને પાપ પ્રત્યે ખાતરી થઈ જશે પછી કદી એવું નહિ કહીએ. પરમેશ્વરના પ્રેમનો અર્થ કાલવરી છે - તેનાથી ઓછું કશું જ નહિ! પરમેશ્વરનો પ્રેમ ફક્ત વધસ્તંભ પર જ વ્યક્ત થાય છે, અને બીજે કંઈ નહિ, જે એકમાત્ર આધાર પર પરમેશ્વર મને ક્ષમા કરે છે, તે તો ખ્રિસ્તનો વધસ્તંભ છે. ફક્ત અહીં જ તેમના અંતરાત્માનો અવાજ સંતોષ પામે છે.

ક્ષમાનો અર્થ ફક્ત એ નથી કે હું નરકથી બચી ગયો છું અને સ્વર્ગને માટે તૈયાર કરવામાં આવ્યો છું. ક્ષમાનો અર્થ એ છે કે મને એક નવા સ્વરૂપમાં રચવામાં આવેલ સંબંધમાં ક્ષમા મળી છે, એવો સંબંધ જે મને ખ્રિસ્તમાં પરમેશ્વરની સાથે એક કરી દે છે. ઉદ્ધારનો ચમત્કાર એ છે કે પરમેશ્વર મને, અર્થાત્ એક અપવિત્ર વ્યક્તિને પોતાના અર્થાત્ પવિત્ર પરમેશ્વરના ધોરણમાં બદલી દે છે. તે મારામાં એક નવો સ્વભાવ અર્થાત્, ઈસુ ખ્રિસ્તનો સ્વભાવ મૂકવા દ્વારા આવું શક્ય બનાવે છે.

## પરમેશ્વરની ક્ષમા

*"એનામાં...આપણને...પાપની માફી મળી છે"*
*(એફેસી ૧:૭)*

પરમેશ્વરના પિતૃત્વના પ્રસન્ન દ્રશ્યથી સાવધાન રહો કે પરમેશ્વર એટલા દયાળુ અને પ્રેમાળ છે કે તે આપણને નિશ્ચે માફી આપશે. આ વિચાર જે ફક્ત આપણી લાગણીઓ પર આધારિત છે તે નવા કરારમાં ક્યાંય પણ જોવા મળતો નથી. જે એક માત્ર આધાર પર પરમેશ્વર આપણને ક્ષમા કરી શકે છે, તે તો ખ્રિસ્તના વધસ્તંભની જબરદસ્ત દુઃખદ ઘટના છે. આપણી માફીને બીજા કોઈ આધાર પર મૂકવી તે અજાણતા પરમેશ્વરની નિંદા કરવા સમાન છે. જે એક માત્ર આધાર પર પરમેશ્વર આપણા પાપોની ક્ષમા કરી શકે છે અને આપણને તેમની કરુણાદ્રષ્ટિની તરફેણમાં ફરી પાછા લાવી શકે છે, તે ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા જ છે. તેને માટે બીજો કોઈ માર્ગ નથી. જે ક્ષમાને સ્વીકારવી ખૂબ જ આસાન છે, તેનું મૂલ્ય કાલવરીની વેદના હતી. આપણે પાપની ક્ષમા, પવિત્ર આત્માનું કૃપાદાન અને આપણા પવિત્રીકરણને સરળ વિશ્વાસથી સ્વીકાર્યા બાદ પરમેશ્વર દ્વારા ચૂકવવામાં આવેલી તે જબરદસ્ત કિંમતને કદી ભૂલવી ના જોઈએ જેનાથી આ બધુ આપણું થઈ શક્યું છે.

ક્ષમા તે કૃપાનું ઈશ્વરીય ચમત્કાર છે. પરમેશ્વરને તેનું મૂલ્ય ચૂકવવું પડ્યું હતું અને તે તો ખ્રિસ્તનો વધસ્તંભ હતો. પરમેશ્વરે પવિત્ર રહીને પાપની ક્ષમા કરવા માટે એનું મૂલ્ય ચૂકવવું જરૂરી હતું. પરમેશ્વરના પિતૃત્વના એવા દ્રષ્ટિકોણને કદી સ્વીકાર ના કરશો જે પ્રાયશ્ચિતને મીટાવી દે છે. પરમેશ્વરનું પ્રગટ થયેલું સત્ય એ છે કે પ્રાયશ્ચિત વગર તે ક્ષમા નથી કરી શકતા - જો તે એમ કરે છે, તો પોતાના જ સ્વભાવનો તે વિરોધ કરે છે. જે એક માત્ર રીતે આપણને માફી આપી શકાય છે, તે એ છે કે આપણે વધસ્તંભના પ્રાયશ્ચિત દ્વારા પરમેશ્વરની પાસે પાછા લાવવામાં આવે. પરમેશ્વરની ક્ષમા ફક્ત અલૌકિક ક્ષેત્રમાં સંભવ છે.

પાપની ક્ષમાના આશ્ચર્યકર્મની તુલનામાં પવિત્રીકરણનો અનુભવ નાનો છે. પવિત્રીકરણ માનવ જીવનમાં પાપની ક્ષમાનો એક અદ્દભુત અભિવ્યક્તિ કે સાબિતી છે. પરંતુ જે બાબત એક મનુષ્યમાં આભારી ભાવના ઊંડા ઝરાને જાગૃત કરી દે છે, તે એ છે કે પરમેશ્વરે તેના પાપને ક્ષમા કરી દીધા છે. પાઉલ આ વિચારથી ક્યારેય દૂર ના ગયા. એકવાર જ્યારે તમે સમજી જશો કે તમને ક્ષમા કરવાને માટે પરમેશ્વરે કેવી કિંમત ચૂકવી છે, તો તમે પરમેશ્વરના પ્રેમથી વિવશ થઈને, એક મજબૂત પકડમાં આવી જશો.

## સંપૂર્ણ થયું

*"જે કામ કરવાનું તેં મને સોંપ્યુ છે તે પૂરું કરીને..."*
*(યોહાન ૧૭:૪)*

ઈસુ ખ્રિસ્તનું મૃત્યુ પરમેશ્વરના ઈરાદાનું ઈતિહાસમાં પૂરૂ થવું છે. ઈસુ ખ્રિસ્તને એક શહીદ તરીકે જોવું ઉચિત નથી. તેમનું મૃત્યુ કોઈ એવી ઘટના નહોતી જે તેમની સાથે થઈ - એવી ઘટના જેને રોકી શકાઈ હોત. તેમનું આવવાનું કારણ જ તેમનું મૃત્યુ હતું.

ક્ષમાને માટે તમારા તર્કને આ વિચાર પર ક્યારેય ના રાખશો કે પરમેશ્વર આપણા પિતા છે અને તે આપણને પ્રેમ કરે છે તેથી તે આપણને ક્ષમા કરશે. આ વિચાર ઈસુ ખ્રિસ્તમાં પ્રગટ કરાયેલા પરમેશ્વરના સત્યની વિરુદ્ધમાં છે. આ વિચાર વધસ્તંભને બિનજરૂરી અને ઉદ્ધારને "કશા કારણ વગર વધુ ઘોંઘાટ" બનાવે છે. પરમેશ્વર ફક્ત ખ્રિસ્તના મૃત્યુના કારણે પાપની ક્ષમા કરે છે. પરમેશ્વર પોતાના પુત્રના મૃત્યુ સિવાય બીજી કોઈ રીતે લોકોને ક્ષમા કરી શકતા નહોતા, અને ઈસુને તેમના મૃત્યુના કારણે તારણહારના રૂપમાં ઊંચા ઉઠાવવામાં આવ્યા છે. "ઈસુ જેને...મરણ સહેવાને લીધે જેના પર ગૌરવ તથા માનનો મુગટ મૂકવામાં આવ્યો તેને જોઈએ છીએ"(હિબ્રૂઓને પત્ર ૨:૯). વિજયનો સૌથી મહાન શબ્દ જે એક આશ્ચર્યચકિત થયેલા બ્રહ્માંડે ક્યારેય પણ સાંભળ્યો હોય, તો તે ખ્રિસ્તે વધસ્તંભ પરથી પોકારેલ શબ્દ હતો, "સંપૂર્ણ થયું!"(યોહાન ૧૯:૩૦). માનવજાતિના ઉદ્ધારનો આ અંતિમ શબ્દ હતો.

કોઈ પણ બાબત જે પરમેશ્વરના પ્રેમના ખોટા વિચાર દ્વારા પરમેશ્વરની પવિત્રતાને ઓછી કરી નાંખે છે કે તેમનું નામનિશાન પૂરેપૂરૂ નાશ કરે છે, તે ઈસુ ખ્રિસ્ત દ્વારા પ્રગટ કરવામાં આવેલ પરમેશ્વરના સત્યની વિરુદ્ધમાં હોય છે. પોતાની જાતને કદી એવુ વિચારવા ના દેશો કે ઈસુ ખ્રિસ્ત પોતાની દયા અને પોતાની અનુકંપાને કારણે આપણી સાથે અને પરમેશ્વરની વિરુદ્ધ ઊભા છે, અથવા એ કે તે આપણા પ્રત્યેની પોતાની સહાનુભૂતિને કારણે આપણા લીધે શ્રાપ બન્યા. તેમના શાપિત થવાના મહાન અર્થને સમજવામાં આપણો ભાગ છે પાપની ખાતરી થવી. પાપની ખાતરી થવી તે આપણને શરમ અને પસ્તાવાના કૃપાદાનના રૂપમાં આપવામાં આવે છે; તે પરમેશ્વરની મહાન દયા છે. ઈસુ ખ્રિસ્ત લોકોમાં પાપથી નફરત કરે છે, અને કાલવરી તેમની નફરતનું માપ છે.

# છીછરું અને ઊંડું

*“તમે ખાઓ કે, પીઓ કે, જે કંઈ કરો તે સર્વ પરમેશ્વરના મહિમાને અર્થે કરો”*
*(૧ કરિંથી ૧૦:૩૧)*

જીવનના છીછરા પાસાઓ પરમેશ્વરે ઠરાવ્યા નથી એવું પોતાની જાતને વિચારવા દેવા અંગે સાવધાન રહો; તે પરમેશ્વર દ્વારા એટલી જ માત્રામાં નિર્માણ કરવામાં આવ્યા છે જેટલા ઊંડા પાસાઓ. ક્યારેક આપણે છીછરા બનવાનો ઈન્કાર કરી દઈએ છીએ, તે પરમેશ્વર પ્રત્યે આપણી ઊંડાણપૂર્વકની ભક્તિને કારણે નહિ, પરંતુ એ માટે ઈનકાર કરીએ છીએ કેમ કે આપણે બીજાઓને આ હકીકતથી પ્રભાવિત કરવા ઈચ્છીએ છીએ કે આપણે છીછરા નથી અને આ આત્મિક ઘમંડની ચોક્કસ નિશાની છે. આપણે સાવધાન રહેવું જોઈએ કેમ કે આના દ્વારા જ આપણા જીવનમાં બીજાઓ માટે અપમાન પેદા થાય છે. અને આ આપણને બીજાઓ માટે હરતો-ફરતો ઠપકો બનાવી દે છે કેમ કે તેઓ આપણાથી વધુ છીછરા છે. પોતાની જાતને એક ઊંડા વ્યક્તિના રૂપમાં રજૂ કરવાથી સાવધાન રહો - પરમેશ્વર એક બાળક બન્યા હતા.

છીછરા થવું તે પાપમય હોવાનું ચિહ્ન નથી, છીછરાપણું એ વાતનો સંકેત પણ નથી કે તમારા જીવનમાં કોઈ ઊંડાણ નથી - સમુદ્રને પણ કિનારો હોય છે. જીવનની છીછરી વાતો, જેવી કે ખાવું અને પીવું, ચાલવું અને વાત કરવી, તે પરમેશ્વર દ્વારા ઠરાવવામાં આવી છે. આ સર્વ એવી બાબતો છે જે આપણા પ્રભુએ પણ કરી હતી. તેમણે આ બાબતોને પરમેશ્વરના પુત્ર હોવાને કારણે કરી હતી, અને તેમણે કહ્યું, “ચેલો ગુરુ કરતાં મોટો નથી...”(માથ્થી ૧૦:૨૪).

આપણે જીવનની છીછરી ચીજો દ્વારા સુરક્ષિત રહીએ છીએ. આપણે વ્યવહારિક બુદ્ધિની રીતે સપાટી પર વ્યવહારિક બુદ્ધિનું જીવન જીવવાનું છે. ત્યારબાદ જ્યારે પરમેશ્વર આપણને વધુ ઊંડી બાબતો આપે છે, તો તે દેખીતી રીતે જ છીછરી બાબતોથી અલગ કરી દેવામાં આવે છે. તમારા જીવનના ઊંડાણને કદી પરમેશ્વર સિવાય બીજા કોઈને ના દેખાડશો. આપણે પોતાના જ ચરિત્ર અને પ્રતિષ્ઠામાં એટલી બધી રૂચિ લઈએ છીએ, એટલા બધા ગંભીર થઈ જઈએ છીએ, કે જીવનની છીછરી બાબતોમાં ખ્રિસ્તીઓની જેમ વ્યવહાર કરવાથી ઈનકાર કરી દઈએ છીએ.

એવો સંકલ્પ કરી લો કે પરમેશ્વર સિવાય બીજા કોઈ પ્રત્યે ગંભીર નહિ થાવ. એવું શક્ય બની શકે કે તમે એવું અનુભવો કે સૌથી મોટી છેતરપિંડી કરનાર તરીકે તમે ઓળખો છો, જેની સાથે તમારે સૌથી વધુ ટીકાત્મક થવું પડશે, તે તો તમે પોતે જ છો.

નવેમ્બર ૨૩

## તિરસ્કારના કારણે વિચલિત થવું

*"અમારા પર દયા કર, હે યહોવા, અમારા પર દયા કર;*
*કેમ કે અમે તુચ્છકાર વેઠી વેઠીને તદન કાયર થયાં છીએ"*
*(ગી. શા. ૧૨૩:૩)*

જે બાબતથી આપણે સાવધ રહેવું જોઈએ, તે પરમેશ્વરમાં આપણા વિશ્વાસની હાનિ નહિ, પરંતુ આપણી ખ્રિસ્તી પ્રવૃતિ કે મનોસ્થિતિની હાનિ છે. "તમારા મન વિષે સાવધાન રહીને કપટથી ન વર્તો"(માલાખી ૨:૧૬). આપણી મનની સ્થિતિ પોતાની અસરોમાં સામર્થ્યવાન હોય છે. તે એવો શત્રુ બની શકે છે જે સીધો જ આપણા પ્રાણમાં ઘુસીને આપણા ધ્યાનને પરમેશ્વર પરથી હટાવી દે છે. કેટલીક એવી મનોવૃત્તિઓ હોય છે જેને સંતુષ્ટ કરવાની હિંમત આપણે કદી ના કરવી જોઈએ. જો આપણે તેમને સંતુષ્ટ કરીશું, તો જોવા મળશે કે તેમણે આપણા ધ્યાનને પરમેશ્વર પરના વિશ્વાસથી હટાવી દીધું છે. જ્યાં સુધી આપણે પરમેશ્વરની સામે એક શાંત મનની સ્થિતિમાં પાછા નથી આવી જતા, ત્યાં સુધી આપણા વિશ્વાસનું કોઈ મૂલ્ય નથી હોતું, અને મનુષ્ય પર તથા તેની કુશળતા પર આપણો ભરોસો જ આપણા જીવન પર શાસન કરે છે.

"આ કાળની ચિંતાઓ..."(માર્ક ૪:૧૯) થી સાવધાન રહો. આ જ તે બાબતો છે જે આપણા પ્રાણોમાં ખોટી મનોવૃત્તિઓ ઉત્પન્ન કરે છે. આ ખૂબ આશ્ચર્યજનક બાબત છે કે પરમેશ્વર પરથી આપણા ધ્યાનને હટાવવાને માટે મામૂલી ચીજોમાં કેટલું સામર્થ્ય છે. "આ કાળની ચિંતાઓ" થી દબાઈ જવાનો ઈન્કાર કરી દો.

બીજી એક બાબત જે આપણા ધ્યાનને વિચલિત કરે છે, તે છે પોતાની જાતને નિર્દોષ સાબિત કરવાનો આપણો આવેશ. સંત ઑગસ્ટીને પ્રાર્થના કરી કે, "હે પ્રભુ, મને પોતાની જાતને હંમેશા નિર્દોષ સાબિત કરવાની લાલસામાંથી છુટકારો આપો." પોતાની જાતને નિર્દોષ સાબિત કરવાની આવી જરૂરત પરમેશ્વરમાં આપણા આત્માના વિશ્વાસને નષ્ટ કરી દે છે. "મારે મારી સફાઈ રજૂ કરવાની છે" અથવા "મારે લોકોને સમજાવવાના છે" એવુ ના કહેશો. આપણા પ્રભુએ કદી કોઈ વાતની સફાઈ નહોતી આપી - તેમણે બીજાઓની ગેરસમજો અને ખોટી ધારણાઓને પોતાની જાતે સુધરી જવા માટે મૂકી દીધી.

જ્યારે આપણે પારખીએ છીએ કે બીજા લોકો આત્મિક રીતે વૃદ્ધિ નથી પામતા અને આ પારખને ટીકામાં બદલી જવા દઈએ છીએ, તો આપણે પરમેશ્વરની સાથેની લોકોની સંગતમાં અવરોધ ઊભો કરીએ છીએ. પરમેશ્વર આપણને પારખશક્તિ એ માટે નથી આપતો કે આપણે ટીકા કરીએ, પરંતુ એ માટે આપે છે કે આપણે તેઓ માટે મધ્યસ્થી કરીએ.

## ધ્યાનની દિશા

*“જેમ દાસોની આંખો પોતાના શેઠના હાથ તરફ...તેમ અમારા દેવ યહોવાની...ઉપર...અમારી આંખો...તાકી રહે છે”*
*(ગી.શા. ૧૨૩:૨)*

આ કલમ પરમેશ્વર પર સંપૂર્ણ ભરોસાનું વર્ણન છે. જેવી રીતે એક દાસની આંખો તેના માલિક પર તાકી રહે છે, તેવી જ રીતે આપણી આંખો પરમેશ્વર પર તાકી રહેવી જોઈએ. આ જ રીત છે જેથી પરમેશ્વરના ચહેરા પરનું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જેનાથી પરમેશ્વર પોતાની જાતને આપણી આગળ પ્રગટ કરે છે. (જુઓ યશાયા ૫૩:૧). જ્યારે આપણે આપણી આંખોને તેમની તરફ ઉઠાવવાનું બંધ કરી દઈએ છીએ તો આપણી આત્મિક શક્તિ ખાલી થઈ જાય છે. આપણી ચારે બાજુએ મુશ્કેલીઓને કારણે જ નહિ પરંતુ આપણા વિચારવાની રીતમાં જે પ્રશ્નો છે તેના કરાણે લાંબો સમય ટકી રહેવાની શક્તિ ધીરે-ધીરે નષ્ટ થઈ જાય છે. આપણે એવું ખોટું વિચારીએ છીએ કે “કદાચ, હું કંઈક વધારે પ્રયત્ન કરી રહ્યો હતો, કંઈક વધારે સાહસ દેખાડતો હતો, અને એક સાધારણ નમ્ર વ્યક્તિ થવાને બદલે, પરમેશ્વર જેવો દેખાવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. ” આપણે એ સમજવાની જરૂર છે કે આપણો કોઈ પણ પ્રયત્ન જરૂરતથી વધુ ઊંચો હોઈ શકતો નથી.

ઉદાહરણરૂપે, તમે તમારા જીવનમાં કોઈ સંકટમાં આવી પડો છો, તમે પરમેશ્વરના પક્ષમાં પરમેશ્વર માટે મક્કમપણે ઊભા રહો છો, અને તમે જે કરી રહ્યા હતા તે યોગ્ય કરતા હતા તેના સમર્થન માટે, તમને પવિત્ર આત્માની સાક્ષી પણ મળી. પરંતુ, કદાચ હવે ઘણા અઠવાડિયાઓ કે વર્ષ વીતી ગયા છે, અને તમે ધીરે ધીરે એ તારણ પર આવો છો કે, “શક્ય છે કે મેં જે કર્યું, તેના કારણે કંઈક વધારે ઘમંડ પ્રદર્શિત થયું અથવા તે ફક્ત બાહ્ય દેખાવ જ હતો. શું હું મારા માટે ઘણી ઊંચી બાબતો માટે સમર્થન કરતો હતો?” તમારા “તર્કશીલ” મિત્રો આવીને કહે છે, “મૂર્ખામીની વાત ના કરીશ જ્યારે તેં શરૂઆતમાં આ આત્મિક જાગૃતિની વાત કરી હતી, ત્યારે અમને ખબર જ હતી કે આ કંઈક કરવાની અચાનક ઊભી થયેલી ઈચ્છા છે, જે વીતી જશે, અને એ પણ ખબર હતી કે તું આ તણાવનો સામનો નહિ કરી શકે. અને આમ પણ પરમેશ્વર તમારી પાસેથી આ અપેક્ષા નથી રાખતા કે તમે આ સહન કરી લેશો.” તમે પ્રત્યુતર આપતા કહો છો કે, “હા, કદાચ હું કંઈક વધારે જ આશા રાખી રહ્યો હતો.” આ સાંભળવામાં તો ખૂબ વિનમ્ર લાગે છે, પરંતુ તેનો અર્થ એ છે કે પરમેશ્વર પરનો તમારો ભરોસો ખતમ થઈ ગયો છે, અને તમે હવે સાંસારિક અભિપ્રાયો પર ભરોસો રાખી રહ્યા છો. જોખમ ત્યારે આવે છે જ્યારે તમે પરમેશ્વર પર ભરોસો રાખવાનું બંધ કરી દો છો, અને પોતાની આંખોને તેમની પર લગાવવાનું છોડી દો છો. ફક્ત જ્યારે પરમેશ્વર તમને અચાનક રોકી દેશે, ત્યારે તમે સમજશો કે તમે હારેલા જ છો. જ્યારે પણ તમારા જીવનમાં આત્મિક રીતે સૂકાપણું આવવા લાગે, ત્યારે તેને તરત સીધુ કરી લો સમજી લો કે પરમેશ્વર અને તમારી વચ્ચે કશુંક આવી રહ્યું છે, અને તેને બદલી નાખો અથવા તરત જ દૂર કરી દો.

# આત્મિક સુમેળનું રહસ્ય

*“આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ સિવાય હું બીજા કશામાં અભિમાન કરું એવું ન થાઓ...”*
*(ગલાતી ૬:૧૪)*

જ્યારે કોઈ વ્યક્તિ નવા જન્મની શરૂઆતના સમયમાં હોય છે, ત્યારે તે પોતાની અસંબંધ લાગણીઓ અને બાહ્ય વસ્તુઓની સ્થિતિ કે તેના જીવનની પરિસ્થિતિઓના કારણે તે પરીવર્તનશીલ લાગી શકે છે. પાઉલ પ્રેરિતના જીવનમાં એક શક્તિશાળી અને સ્થિર પાયારૂપ અપરિવર્તનશીલતા હતી. આથી જ તે કોઈ પણ આંતરિક પરેશાની વગર પોતાના બાહ્યજીવનને બદલવા દઈ શકતો હતો કેમ કે તે પરમેશ્વરમાં જડ ઘાલેલ તથા સ્થપાયેલ હતો. આપણામાંથી મોટા ભાગના લોકો આત્મિક રીતે સદા એક સમાન નથી હોતા કેમ કે આપણને બાહ્યરૂપથી સુસંગત બનવાની વધુ ચિંતા હોય છે. દરેક વસ્તુઓની બાહ્ય અભિવ્યક્તિના વિષયોમાં પાઉલ જાણે કે ભોંયરામાં રહેતો હતો, અને તેના ટીકાકારો ઉપરના સ્તરે રહેતા હતા. અને આ બે સ્તરો એકબીજાને સ્પર્શ કરવાનું શરૂ પણ નથી કરતા. પરંતુ પાઉલની અપરિવર્તનશીલતા પાયાના ઊંડાણમાં હતી. જગતના ઉદ્ધારમાં પરમેશ્વરની વેદના, અર્થાત્ ખ્રિસ્તનો વધસ્તંભ, તેની અપરિવર્તનશીલતાનો મહાન આધાર હતો.

પોતાની માન્યતાઓને એકવાર ફરીથી પોતાની જાતને જણાવો કોઈ પણ માન્યતા જે ખ્રિસ્તના વધસ્તંભ પર આધારિત ના હોય, તેને દૂર કરીને ખ્રિસ્તના વધસ્તંભના પાયા પર પાછા આવો. જગતના ઈતિહાસમાં વધસ્તંભ એક ખૂબ જ નાની બાબત છે, પરંતુ બાઈબલના દ્રષ્ટિકોણથી એનું મહત્વ સમગ્ર જગતના બધાં જ રાજ્યો કરતા વધારે છે. જો આપણે આપણા ઉપદેશમાં વધસ્તંભ પર પરમેશ્વરની દુઃખદ ઘટના પર લંબાણથી બોલી શકતા નથી, તો આપણો ઉપદેશ ફળ પેદા નહિ કરે તે પરમેશ્વરની સ્ફૂર્તિને માણસો સુધી પહોંચાડતી નથી; તે રસપ્રદ હોઈ શકે છે પરંતુ તેમાં કોઈ જ સામર્થ્ય નહિ હોય. પરંતુ જ્યારે આપણે વધસ્તંભનો ઉપદેશ આપીએ છીએ, તો પરમેશ્વરનું સામર્થ્ય મુક્ત થાય છે. “...સુવાર્તા પ્રગટ કરવાની મૂર્ખતા વડે વિશ્વાસ કરનારાઓનું તારણ કરવાનું પરમેશ્વરને પસંદ પડ્યું...અમે તો વધસ્તંભે જડાયેલા ખ્રિસ્તને પ્રગટ કરીએ છીએ...”(૧ કરિંથી ૧:૨૧,૨૩).

નવેમ્બર ૨૬

## આત્મિક સામર્થ્યનું મધ્યબિંદુ

*"આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ સિવાય..."*
*(ગલાતી ૬:૧૪)*

જો તમે પરમેશ્વરના સામર્થ્ય (અર્થાત્ ઈસુના પુનરૂત્થાનનું જીવન) ને પોતાના શરીરમાં ઓળખવા માંગો છો, તો તમારે પરમેશ્વરની દુઃખદ ઘટના પર વિચાર કરવામાં સમય વીતાવવો જોઈએ. પોતાની અંગત આત્મિક દશા પર પોતાની વ્યક્તિગત ચિંતાથી અલગ થઈ જાવ, અને સંપૂર્ણરૂપથી મુક્ત આત્માથી પરમેશ્વરની દુઃખદ ઘટના પર ધ્યાન કરો. પરમેશ્વરનું સામર્થ્ય તરત જ તમારી અંદર આવશે, "...મારી તરફ ફરો..."(યશાયા ૪૫:૨૨). બાહ્ય સ્રોત તરફ ધ્યાન આપો અને તમને આંતરિક સામર્થ્ય પ્રાપ્ત થશે. આપણે સામર્થ્યને ખોઈ દઈએ છીએ કેમ કે આપણે યોગ્ય બાબત પર ધ્યાન કેન્દ્રિત કરતા નથી. વધસ્તંભનું પરિણામ તારણ, પવિત્રીકરણ, સાજાપણું વગેરે છે, પરંતુ આપણે આ બાબતોનો પ્રચાર નથી કરવાનો. આપણે તો "ઈસુ ખ્રિસ્ત જે વધસ્તંભે જડાયેલા" તેનો પ્રચાર કરવાનો છે(૧ કરિંથી ૨:૨). ઈસુનો પ્રચાર તેનું કાર્ય પોતે કરશે. તમારા પ્રચારમાં પરમેશ્વરના કેન્દ્રબિંદુ પર ધ્યાન આપો, અને જો એમ લાગે કે તમારા સાંભળનારાઓ તે બાબત પર ધ્યાન નથી આપતા, તો પણ તેઓ કદી પ્રથમના જેવા નહી રહે. જો હું મારા પોતાના અંગત શબ્દો વહેંચું છું, તો તેનું મહત્વ એટલું જ છે, જેટલું તમારા શબ્દોનું મહત્વ મારા માટે છે, પરંતુ જો આપણે પરમેશ્વરના સત્યને એકબીજા સાથે વહેંચીશું, તો આપણે તેનો સામનો વારંવાર કરીશું. આપણે આત્મિક સામર્થ્યના મહાન વિષય, અર્થાત્, વધસ્તંભ પર, ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. જો આપણે સામર્થ્યના તે કેન્દ્રબિંદુના સંપર્કમાં રહીએ છીએ, તો સામર્થ્યની શક્તિ આપણા જીવનમાં મુક્ત કરવામાં આવે છે. પવિત્રતાની ચળવળોમાં અને આત્મિક અનુભવની સભાઓમાં ખ્રિસ્તના વધસ્તંભ પર નહિ, પરંતુ વધસ્તંભના પરિણામો પર ધ્યાન આપવામાં આવે છે.

આજે મંડળીની નિર્બળતાની ટીકા કરવામાં આવે છે, અને આ ટીકા ઉચિત પણ છે. આ નિર્બળતાનું એક કારણ એ છે કે આ કેન્દ્રીકરણ આત્મિક સામર્થ્યના સત્ય કેન્દ્રબિંદુ પર નથી રહ્યું. આપણે કાલવરીની દુઃખદ ઘટના પર કે ઉદ્ધારના અર્થ પર વિચાર કરવામાં પૂરતો સમય વિતાવ્યો નથી.

નવેમ્બર ૨૭

## આત્મિક સામર્થ્યનો અભિષેક

*“તેથી કરીને મારા સંબંધી જગત વધસ્તંભે જડાયેલું છે, અને જગત સંબંધી હું” (ગલાતી ૬:૧૪)*

જો હું ખ્રિસ્તના વધસ્તંભ પર ધ્યાન કેન્દ્રિત કરું છું તો હું આંતરિક રીતે ભક્ત બની જતો નથી અને ફક્ત પોતાની પવિત્રતામાં રૂચિ રાખનાર બની જતો નથી - મારું ધ્યાન પ્રબળ રીતે ઈસુ ખ્રિસ્તની રૂચિઓ પર કેન્દ્રિત થઈ જાય છે. આપણો પ્રભુ એકાંતવાસી કે ધર્માંધ ધર્માત્મા નહોતા કે જે સ્વ-નકારનું આચરણ કરતા હોય. તેમણે પોતાની જાતને સમાજથી અલગ નહોતી કરી, પરંતુ આંતરિક રીતે તે હંમેશા અલગ રહ્યા. તે બીજાથી અળગા રહે તેવા વ્યક્તિ નહોતા, પરંતુ તેઓ એક બીજા જગતમાં રહેતા હતા. વાસ્તવમાં તેઓ દરરોજના સાધારણ જીવનમાં એટલા જોડાયેલા હતા, કે તેમના સમયના ધાર્મિક લોકોએ તેમની પર આરોપ લગાવ્યો કે તે ખાવરો અને દારૂબાજ છે. પરંતુ આપણા પ્રભુએ પોતાના આત્મિક સામર્થ્યના અભિષેકમાં કોઈપણ બાબતને દખલ કરવા દીધી નહિ.

આપણે પરમેશ્વર દ્વારા હાલમાં ઉપયોગમાં આવવાનો ઈનકાર કરી શકીએ છીએ, જેથી આપણે આત્મિક સામર્થ્યને ભવિષ્યને માટે બચાવી રાખીએ એવું વિચારવું સાચો અભિષેક નથી. તે એક નિરાશાપૂર્ણ ભૂલ છે. પરમેશ્વરના આત્માએ ઘણા બધા લોકોને પાપથી મુક્ત કર્યા છે, પરંતુ તેઓ પોતાના જીવનમાં ભરપૂરીપણાનો કોઈ અનુભવ નથી કરતા - તેમના જીવનમાં સ્વતંત્રતાની સાચી ભાવના નથી. જે પ્રકારનું ધાર્મિક જીવન આપણે આપણી ચારેબાજુ જોઈએ છીએ, તે ઈસુ ખ્રિસ્તના જીવનની સામર્થી પવિત્રતાથી બિલકુલ ભિન્ન છે. “તમે તેમને દુનિયામાંથી લઈ લો એવી વિનંતી હું કરતો નથી, પરંતુ તમે દુષ્ટથી તેમનું રક્ષણ કરો તેવી વિનંતી કરું છું,”(યોહાન ૧૭:૧૫ CL). આપણે જગતમાં હોવા છતાં પણ જગતના નથી બનવાનું - આપણે બાહ્યરૂપથી નહિ, પરંતુ આંતરિક રીતથી અલગ થવાનું છે (યોહાન ૧૭:૧૬ જુઓ).

આપણે કોઈ પણ બાબતને આપણા આત્મિક સામર્થના અભિષેકમાં દખલ કરવા દેવી જોઈએ નહિ. અભિષેક(પરમેશ્વરની સેવા માટે સમર્પિત થવું) તે આપણું કામ છે. પવિત્રીકરણ (પાપથી દૂર કરીને પવિત્ર કરવામાં આવવું) તે પરમેશ્વરનું કામ છે. આપણે હેતુપૂર્વક દ્રઢનિશ્ચય કરવાની જરૂરત છે કે આપણે ફક્ત તે જ બાબતોમાં રૂચિ રાખીશું જેમાં પરમેશ્વર રૂચિ રાખે છે. જ્યારે આપણે કોઈ પરેશાન કરનારી સમસ્યાનો સામનો કરીએ છીએ, ત્યારે આ પ્રકારનો સંકલ્પ કરવાની રીત છે પોતાની જાતને એ પ્રશ્ન પૂછવાની કે, “શું આ એવી વાત છે જેમાં ઈસુ ખ્રિસ્તને રૂચિ છે? કે શું આ એવી વાત છે જેમાં ઈસુથી બિલકુલ વિરુદ્ધના આત્માને રસ છે?”

## નિર્ધનોનું ધન

*"...કૃપાથી તેઓ વિનામૂલ્ય ન્યાયી ગણાય છે"*
*(રોમનોને પત્ર ૩:૨૪)*

પરમેશ્વરની કૃપાનો શુભસંદેશ માણસના મનમાં તીવ્ર ઈચ્છા પેદા કરે છે અને એટલું જ તીવ્ર માઠું પણ લગાડે છે, કારણ કે જે સત્યને તે પ્રગટ કરે છે તે સ્વાદિષ્ટ નથી હોતું અને ગળવામાં સરળ નથી હોતું. લોકોમાં એક વિશેષ ગર્વ હોય છે જે તેમને આપતા રહેવામાં અવરોધ બને છે પરંતુ આવીને એક દાનને ગ્રહણ કરવું તે કંઈ અલગ વાત હોય છે. હું શહીદ થવા માટે મારો પ્રાણ આપી દઈશ; હું મારા જીવનને સેવા માટે સમર્પિત કરી દઈશ - હું કશું પણ કરીશ પરંતુ મને સૌથી ખરાબ નરકને યોગ્ય પાપીના સ્તર પર લાવીને અપમાનિત ના કરશો, અને મને એવું ના કહેશો કે મારે ફક્ત ઈસુ ખ્રિસ્ત દ્વારા ઉદ્ધારના દાનને ગ્રહણ કરવાનું છે.

આપણે એ વાતને સમજવાની છે કે આપણે પોતાના પ્રયત્નોથી પરમેશ્વર પાસેથી કશું કમાઈ કે જીતી શકતા નથી. આપણે કાં તો તેને વરદાનના રૂપમાં સ્વીકારવાની છે અથવા તેના વગર કામ ચલાવી લેવાનું છે. સૌથી મહાન આત્મિક આશીર્વાદ જે આપણે પ્રાપ્ત કરીએ છીએ તે એ કે આપણે સૌથી કંગાલ છીએ એ સમજણ પ્રાપ્ત કરવી. જ્યાં સુધી આપણે ત્યાં નથી પહોંચતા ત્યાં સુધી આપણો પ્રભુ અસમર્થ હોય છે. જ્યાં સુધી આપણે એવું વિચારીએ છીએ કે આપણે પોતાની જાતમાં અને પોતાની જાતને માટે પૂરતા છીએ, ત્યાં સુધી તે આપણે માટે કશું નથી કરી શકતા. જ્યાં સુધી આપણે "ધનવાન" હોઈએ છીએ, વિશેષે કરીને પોતાના ઘમંડ અને પોતાની સ્વંતત્રતાના ક્ષેત્રોમાં, ત્યાં સુધી પરમેશ્વર આપણા માટે કશું નથી કરી શકતા. આપણે જ્યારે આત્મિક રીતે ભૂખ્યા હોઈએ છીએ ત્યારે જ આપણે પવિત્ર આત્માને પ્રાપ્ત કરી છીએ. પવિત્ર આત્મા દ્વારા પરમેશ્વરના સ્વભાવનું કૃપાદાન આપણી અંદર મૂકવામાં આવે છે અને અસરકારક બનાવવામાં આવે છે. તે આપણને ઈસુનું જીવંત કરનાર જીવન આપે છે અને આપણને ખરેખર જીવંત બનાવે છે. જે બાબતો આપણી "પહોંચની બહાર" હતી તેને લઈને આપણી "અંદર" મૂકે છે અને જેવું "જે પહોંચની બહાર" છે તે "અંદર" આવી જાય છે કે તે તરત ઊઠીને "ઉપર" પહોંચી જાય છે, આપણને તે રાજ્યમાં ઉઠાવી લેવામાં આવે છે જ્યાં ઈસુ રહે છે અને રાજ્ય કરે છે(જુઓ યોહાન ૩:૫).

## ઈસુ ખ્રિસ્તની સર્વોચ્ચતા

*"તે મને મહિમાવાન કરશે..."*
*(યોહાન ૧૬:૧૪)*

આજકાલની પવિત્રતાની ચળવળોમાં નવા કરારની કઠોર વાસ્તવિકતા જેવું કંઈ જ જોવા મળતું નથી. તે ચળવળોમાં એવું કશું જ નથી જેને ઈસુ ખ્રિસ્તના મૃત્યુની જરૂરત હોય. જે બાબતોની જરૂરત હોય છે, તેઓ છે એક ધાર્મિક દેખાડાનું વાતારવણ, પ્રાર્થના અને ભક્તિ. આ પ્રકારનો અનુભવ અલૌકિક કે ચમત્કારિક નથી હોતો. આની કિંમત પરમેશ્વરની વેદના નહોતી, અને તે પર પરમેશ્વરના હલવાનના લોહીના ડાઘ લાગ્યા નથી(પ્રકટીકરણ ૧૨:૧૧). આમાં પવિત્ર આત્મા દ્વારા તે ખરી છે તેવી છાપ કે મ્હોર નથી લાગી, અને તેમાં કોઈ નજરે પડતા ચિહ્નો નથી જેનાથી લોકો આશ્ચર્યથી એવું બોલી ઉઠવા મજબૂર થાય કે, "ખરે જ આ સર્વશક્તિમાન પરમેશ્વરનું કાર્ય છે!" છતાં નવો નિયમ પરમેશ્વરના કાર્ય અંગે જ છે અને તે સિવાય બીજા કશા માટે નહિ.

ખ્રિસ્તી અનુભવનું નવા કરારનું ઉદાહરણ ઈસુ ખ્રિસ્તના વ્યક્તિત્વ પ્રત્યે એક વ્યક્તિગત, આવેશમય ભક્તિનું છે. આ સિવાયના બાકી બધા જ પ્રકારના કહેવાતા ખ્રિસ્તી અનુભવ ઈસુના વ્યક્તિત્વથી અલગ છે. તેમાં કોઈ પુનર્જન્મ નથી - એવા રાજ્યમાં જેમાં ખ્રિસ્ત રહે છે અને રાજ કરે છે, તેમાં નવો જન્મ લેવો તે જોવા મળતું નથી. તેમાં ફક્ત એ વિચાર જોવા મળે છે કે ખ્રિસ્ત આપણો આદર્શ છે. નવા કરારમાં ઈસુ ખ્રિસ્ત આપણો આદર્શ બન્યા તેની કેટલાય અગાઉથી તે આપણા તારણહાર છે. આજે તેમને એક ધર્મના આગેવાન કે શાસક તરીકે વર્ણવવામાં આવે છે - ફક્ત એક આદર્શના રૂપમાં જ. તેઓ તે આગેવાન અને આદર્શ તો છે જ, પરંતુ તેનાથી અનંતકાળીક રીતે કંઈક વધારે પણ છે. તેઓ સ્વયં ઉદ્ધાર છે; તેઓ પોતે જ પરમેશ્વરની સુવાર્તા છે!

ઈસુએ કહ્યું, "...જે સત્યનો આત્મા તે જ્યારે આવશે ત્યારે...તે મને મહિમાવાન કરશે"(યોહાન ૧૬:૧૩-૧૪). જ્યારે હું નવા કરારમાં પ્રગટ થયેલ સત્ય પ્રત્યે પોતાની જાતને સમર્પિત કરી દઉં છું, તો હું પરમેશ્વર તરફથી પવિત્ર આત્માનું દાન પ્રાપ્ત કરું છું, જે મને તે બધુ સમજાવવાનું શરૂ કરી દે છે જે ઈસુએ કર્યું હતું. પરમેશ્વરનો આત્મા મારી અંદર આંતરિક રીતે તે બધુ કરે છે જે ઈસુ ખ્રિસ્તે બાહ્યરૂપે મારા માટે કર્યું હતું.

## નવેમ્બર ૩૦

# ‘‘હું જે છું તે પરમેશ્વરની કૃપાથી છું’’

*‘‘હું જે છું તે પરમેશ્વરની કૃપાથી છું; અને તેની જે કૃપા મારા પર થઈ તે નિષ્ફળ નીવડી નથી;’’*
*(૧ કરિંથી ૧૫:૧૦)*

જે રીતે આપણે દરેક સમયે આપણી પોતાની અયોગ્યતાઓ વિશે વાત કરીએ છીએ, તે આપણા સર્જનહારને માટે અપમાનજનક હોય છે. પોતાની અક્ષમતાઓ વિષે ફરીયાદ કરવાનો અર્થ એ છે કે પરમેશ્વર પર જૂઠો આરોપ મૂકવા કે તેમણે આપણી અવગણના કરી છે. જે બાબતો મનુષ્યની દ્રષ્ટિમાં ખૂબ સાધારણ લાગે છે તેવી ચીજોની પરમેશ્વરના દ્રષ્ટિકોણથી તપાસ કરવાની આદત રાખો. તમને એ જોઈને આશ્ચર્ય થશે કે તેઓ પરમેશ્વર પ્રત્યે કેટલી અયોગ્ય અને અનાદરપૂર્ણ છે. આપણી આવી વાતો કરીએ છીએ કે, ‘‘મારે એવો દાવો ના કરવો જોઈએ કે મને પવિત્ર કરવામાં આવી ગયો છે, હું એક પવિત્ર વ્યક્તિ નથી.’’ પરંતુ પરમેશ્વરની આગળ આવું કહેવાનો અર્થ એ છે કે, ‘‘ના, પ્રભુ મારુ તારણ કરવું અને મને પવિત્ર કરવો તારા માટે અસંભવ છે; એવા કેટલાક અવસરો છે જે મને પ્રાપ્ત થયા નથી, અને મારા તન અને મનમાં એટલા બધા વિકારો છે; ના પ્રભુ, આ સંભવ થઈ શકતું નથી.’’ સાંભળવામાં તો આ વાત બીજાઓને ખૂબ નમ્ર લાગશે, પરંતુ પરમેશ્વરની સામે તો આ વિદ્રોહની પ્રવૃત્તિ છે.

આનાથી વિપરિત, જે વાતો પરમેશ્વરની આગળ વિનમ્ર લાગે છે, તેઓ લોકોની આગળ બિલકુલ ઊલટી જ લાગી શકે છે. એવું કહેવું કે, ‘‘પરમેશ્વરનો આભાર માનો , હું જાણું છું કે મારુ તારણ પણ થયું છે અને પવિત્રીકરણ પણ થયું છે,’’ આ વાત પરમેશ્વરની આગળ નમ્રતાની સૌથી શુદ્ધ અભિવ્યક્તિ છે. એનો અર્થ એ થાય છે કે તમે પોતાની જાતને પરમેશ્વરને એટલી સંપૂર્ણતાથી સમર્પિત કરી દીધી છે કે તમે જાણો છો કે તે સાચો છે. કદી પણ એ વાતની ચિંતા ના કરો કે જે તમે બોલો છો, તે લોકોની આગળ નમ્ર લાગે છે કે નહિ પરંતુ, પરમેશ્વરની આગળ હંમેશા નમ્ર રહો, અને તેમને તમારું સર્વસ્વ બનવા દો.

એક જ સંબંધ છે જે ખરેખર મહત્વ ધરાવે છે, અને તે છે તમારા વ્યક્તિગત ઉદ્ધારકર્તા અને પ્રભુની સાથેનો તમારો વ્યક્તિગત સંબંધ. જો તમે આને કોઈ પણ કિંમતે જાળવી રાખશો, અને બાકી તમામ ચીજોને છોડી દેશો, તો પરમેશ્વર તમારા જીવન દ્વારા પોતાના ઉદ્દેશને પૂર્ણ કરશે. પરમેશ્વરના ઉદ્દેશોને માટે એક વ્યક્તિગત જીવન પણ બહુમૂલ્ય હોઈ શકે છે, અને તે જીવન તમારુ જીવન હોઈ શકે છે.

## નિયમશાસ્ત્ર અને સુવાર્તા

*"જે કોઈ આખું નિયમશાસ્ત્ર પાળશે, અને માત્ર એક જ બાબતમાં ભૂલ કરશે, તે સર્વ સંબંધી અપરાધી છે. "*
*(યાકૂબ ૨:૧૦)*

નૈતિક નિયમો આપણી નબળાઈઓને, આપણે માણસ છે તે રીતે નથી વિચારતા; હકીકતમાં તે આપણી વારસાગત લક્ષણો કે નબળાઈઓ પર પણ ધ્યાન નથી આપતા. તે ફક્ત આ એકમાત્ર માંગણી કરે છે કે આપણે સંપૂર્ણ રીતે નૈતિક હોઈએ, સંસારના સૌથી ઉચ્ચ લોકો માટે કે સૌથી નિર્બળ વ્યક્તિઓ માટે પણ નૈતિક નિયમો કદી નથી બદલાતા. તે સ્થિર રહે છે અને અનંતકાળ સુધી એક સમાન છે. પરમેશ્વર દ્વારા ઠરાવવામાં આવેલા નૈતિક નિયમો આપણી નિર્બળતાઓને ક્ષમા કરવા દ્વારા પોતાની જાતને નિર્બળ નથી બનાવતા. તે દરેક સમય માટે અને અનંતકાળ માટે અપરિવર્તનશીલ રહે છે. જો આપણને તેની સભાનતા નથી તો તે એ માટે નથી કારણ કે આપણે પૂર્ણ રીતે જીવંત નથી. એકવાર જ્યારે આપણે તે સમજી જઈએ છીએ કે તરત આપણું જીવન એક જીવલેણ દુઃખદ ઘટના બની જાય છે. "હું તો અગાઉ નિયમ વિના જીવતો હતો પણ આજ્ઞા આવી એટલે પાપ સજીવન થયું, અને હું મૂઓ" (રોમનોને પત્ર ૭:૯). જે ક્ષણે આપણને આ વાતની સમજ પડે છે, પરમેશ્વરનો આત્મા આપણને પાપ પ્રત્યે ખાતરી કરાવી આપે છે. જ્યાં સુધી વ્યક્તિ ત્યાં પહોંચતો નથી અને એ જોતો નથી કે કોઈ જ આશા નથી ત્યાં સુધી ખ્રિસ્તનો વધસ્તંભ તેને માટે નિરર્થક હોય છે. પાપના કારણે દોષી ઠરવાનો અનુભવ હંમેશા નિયમની એક ભયંકર કેદ કરી રાખવાની ભાવાના ઉપજાવે છે. તે એક વ્યક્તિને નિરાશ કરી દે છે - જેવી રીતે "...પાપને વેચાયેલો" હોય (રોમનોને પત્ર ૭:૧૪). હું એક દોષી, પાપી, પરમેશ્વરની સાથે સીધુ કરવા માટે કદી કશું નથી કરી શકતો - એવું કરી શકવું અસંભવ છે. એક જ રીત છે જે દ્વારા મારે મારામાં જે પાયારૂપ વિચાર પ્રવેશેલો છે કે હું મારા આજ્ઞાપાલન દ્વારા પરમેશ્વર સાથે ક્યારેક સીધુ કરી શકીશ એ વિચારને દૂર કરવો જ પડશે. આપણામાં એવો કોણ છે કે જે પૂરી સંપૂર્ણતાથી પરમેશ્વરની આજ્ઞાનું પાલન કરી શકે છે!

આપણે નૈતિક નિયમના સામર્થ્યને સમજવાની શરૂઆત ફક્ત ત્યારે જ કરીએ છીએ જ્યારે આપણે જોઈએ છીએ કે તે એક શરતની સાથે આવે છે. પરંતુ પરમેશ્વર આપણી સાથે ક્યારેય જબરદસ્તી નથી કરતા. ક્યારેક આપણે એવી ઈચ્છા કરીએ છીએ કે પરમેશ્વર આપણને જબરદસ્તી આજ્ઞાંકિત બનાવી દે, અને ક્યારેક આપણે ઈચ્છીએ છીએ કે તે આપણને આપણા હાલ પર છોડી દે. પરમેશ્વરની ઈચ્છા જ્યારે પણ સંપૂર્ણ નિયંત્રણમાં હોય છે ત્યારે તે બધા દબાણને હટાવી દે છે અને જ્યારે આપણે સમજીવિચારીને તેમની આજ્ઞા પાળવાનું પસંદ કરીએ છીએ, તો તે પોતાના સર્વશક્તિમાન સામર્થ્યથી આપણી સહાયતા કરવામાં કોઈ જ કસર રાખતા નથી.

## ખ્રિસ્તની સંપૂર્ણતા

*"હજી સુધી હું બધું સંપાદન કરી ચૂક્યો કે સંપૂર્ણ થયો છું એમ નહિ"*
*(ફિલિપ્પી ૩:૧૨)*

પરમેશ્વર આપણને તે શું કરી શકે તે દર્શાવવા તેમની સંપૂર્ણતાનો નમૂનો બનાવવા માંગે છે એવું માની લેવું એક ફાંદો છે - પરમેશ્વરનો ઉદ્દેશ એ છે કે તે આપણને તેમની સાથે એક કરે. પવિત્રતાની ચળવળો એ વાત પર ભાર મૂકી રહ્યા છે કે પરમેશ્વર પવિત્રતાના નમૂનાઓને પોતાના સંગ્રહાલયમાં મૂકવા માટે તૈયાર કરી રહ્યા છે. જો તમે વ્યક્તિગત પવિત્રતાની આ વિચારધારનો સ્વીકાર કરો છો, તો તમારા જીવનનો દ્રઢનિશ્ચયી ઉદ્દેશ પરમેશ્વરને માટે નહિ, પરંતુ તેના માટે હશે જેને તમે પોતાના જીવનમાં પરમેશ્વરની સાબિતી કહો છો, આપણે એ કેવી રીતે કહી શકીએ છીએ કે, "મારા માટે પરમેશ્વરની ઈચ્છા એ કદી ના હોય કે હું બિમાર પડું?" જો પરમેશ્વરની ઈચ્છા એ હતી કે તે પોતાના જ પુત્રને કચડે(યશાયા ૫૩:૧૦), તો તે તમને કેમ કચડી શકતા નથી? તમારા જીવનમાં જે પ્રકાશમાન હોય છે અને પરમેશ્વરને પ્રગટ કરે છે, તે બાબતો એક સંત કેવો હોવો જોઈએ તે વિચાર સંદર્ભમાં તમારી અપરિવર્તનશીલતા નથી હોતી, પરંતુ ઈસુ ખ્રિસ્ત સાથે તમે સ્વસ્થ હો કે બિમાર, પરંતુ તમારો અસલી અને જીવંત સંબંધ અને તમારી અસંયમિત ભક્તિ હોય છે.

ખ્રિસ્તી સંપૂર્ણતા તે માનવીય સંપૂર્ણતા નથી હોતી અને થઈ શકતી નથી. ખ્રિસ્તી સંપૂર્ણતા પરમેશ્વરની સાથે સંબંધની સંપૂર્ણતા હોય છે જે માણસોના મહત્વહીન દેખાતા પાસાઓમાં પણ પોતાની જાતને સત્ય સાબિત કરે છે. જ્યારે તમે ઈસુ ખ્રિસ્તના તેડાને આધીન થાઓ છો, તો પ્રથમ બાબત જે તમને પ્રભાવિત કરે છે તે એવી બાબતોની નિરર્થકતા હોય છે જે તમારે કરવી પડે છે. બીજો વિચાર જે તમને અસર કરે છે, તે એ હોય છે કે બીજા લોકો એવું જીવન જીવી રહ્યા છે જે દરેક સમયે અપરિવર્તનશીલ હોય છે. આવા જીવનો તમારા મનમાં એ વિચાર લાવી શકે છે કે પરમેશ્વર બિનજરૂરી છે - તમે તમારા માનવીય પ્રયાસો અને ભક્તિ દ્વારા જીવનને માટે પરમેશ્વરના ધોરણો સુધી પહોંચી શકો છો. પતિત જગતમાં એવું કરવું અસંભવ છે. હું પરમેશ્વર સાથે એક એવા સંપૂર્ણ સંબંધમાં રહેવાને તેડવામાં આવ્યો છું કે મારા જીવનને પોતાને માટે પ્રશંસા નહિ, પરંતુ બીજાઓના જીવનમાં પરમેશ્વર માટે એક ઉત્કટ ઈચ્છા ઉત્પન્ન કરે, પોતાને માટેના વિચાર પરમેશ્વરને માટે મારી ઉપયોગિતામાં અવરોધ પેદા કરે છે. પરમેશ્વરનો ઉદ્દેશ એ નથી કે મને પોતાના પ્રદર્શનમાં મૂકવાને માટે સંપૂર્ણ બનાવે; તે મને એવા સ્થાને લાવે છે જ્યાં તે મારો ઉપયોગ કરી શકે. પરમેશ્વર જે ઈચ્છે છે, તેને તે જ કરવા દો.

## ''પરાક્રમથી નહિ, તેમ બળથી પણ નહિ''

*''મારી વાતનો તથા મારા બોધનો આધાર માનવી જ્ઞાનની મનોહર ભાષા ઉપર નહોતો, પણ આત્માના તથા સામર્થ્યના પ્રમાણ પર હતો''*
*(૧ કરિંથી ૨:૪)*

જો સુવાર્તા પ્રચાર કરતા સમયે તમે સુવાર્તાના સામર્થ્યમાં ભરોસો મૂકવાને બદલે તારણના માર્ગના પોતાના જ્ઞાનને મૂકી દેશો, તો તમે લોકોને સત્ય સુધી પહોંચવામાં રૂકાવટ ઊભી કરશો. ધ્યાન રાખો કે જ્યારે તમે ઉદ્ધારના માર્ગની પોતાની જાણકારીને જાહેર કરો છો, તો તમે પોતે વિશ્વાસના દ્વારા પરમેશ્વરમાં દ્રઢતાથી જડ઼ ઘાલેલા તથા સ્થાપાયેલા છો. પોતાની રજૂઆતની સ્પષ્ટતા પર કદીયે ભરોસો ના રાખો, પરંતુ જ્યારે તમે પોતાનો ખુલાસો આપો છો ત્યારે સુનિશ્ચિત કરો કે તમે પવિત્ર આત્મા પર ભરોસો રાખી રહ્યા છો. પરમેશ્વરના ઉદ્ધાર કરવાના સામર્થ્યની  નિશ્ચિતતા પર ભરોસો રાખો, અને તે લોકોમાં પોતાના જ જીવનની રચના કરશે.

એકવાર જ્યારે તમે વાસ્તવિકતામાં દ્રઢ જડ઼ ઘાલેલા થઈ જાવ છો, ત્યારે કોઈ પણ બાબત તમને ડગમગાવી શકતી નથી. જો તમારો વિશ્વાસ ફક્ત અનુભવો પર છે, તો તમારી સાથે જે પણ થાય છે, તે બાબતો તેવા વિશ્વાસને ઉથલપાથલ કરી શકે છે. પરંતુ પરમેશ્વરને કે ઉદ્ધારની વાસ્તવિકતાને કશું જ બદલી શકતું નથી. પરમેશ્વરને અને ઉદ્ધારની વાસ્તવિકતાને વિશ્વાસનો આધાર બનાવો, અને તમે હંમેશને માટે એટલા જ સુરક્ષિત રહેશો જેટલા સુરક્ષિત પરમેશ્વર પોતે છે. જે ઈસુ ખ્રિસ્ત સાથે તમારો સંબંધ એકવાર બંધાય છે તો તમને ફરી કદી હલાવી શકાતા નથી. પવિત્રીકરણનો અર્થ એ જ છે. આપણે એ ભૂલી જઈએ કે આપણા પવિત્રીકરણનું પવિત્રીકરણ પણ જરૂરી છે, અને પવિત્રીકરણ ફક્ત એક અનુભવ છે એવી વિચારધારાને વળગી રહેવાના આપણા માનવીય પ્રયત્નોને પરમેશ્વર પસંદ નથી કરતા (જુઓ યોહાન ૧૭:૧૯). મારે સમજણપૂર્વક પોતાનું પવિત્રીકરણ થયેલું જીવન પરમેશ્વરને તેમની સેવાને માટે આપી દેવાનું છે, જેથી તેઓ મને પોતાના હાથો અને પગોના રૂપમાં ઉપયોગમાં લઈ શકે.

ડિસેમ્બર ૪

## વિરોધનો નિયમ

*"જે જીતે છે તેને..." (પ્રકટીકરણ ૨:૭)*

પ્રાકૃતિક અને અલૌકિક બંને ક્ષેત્રોમાં યુદ્ધ વિના જીવન અસંભવ હોય છે. આ એક તથ્ય છે કે જીવનના શારીરિક, માનસિક, નૈતિક અને આત્મિક ક્ષેત્રોમાં સતત યુદ્ધ ચાલુ રહે છે.

મારા શરીરના અંગો અને મારી ચારે બાજુ જોવા મળતી ચીજો અને શક્તિઓની વચ્ચે સંતુલન કરનાર સ્વાસ્થ્ય હોય છે. સારી તંદુરસ્તી જાળવી રાખવા માટે, બહારની બાબતોથી લડવાને માટે મારી અંદર પૂરતી માત્રામાં આંતરિક શક્તિ હોવી જાઈએ. મારા શારીરિક જીવનની બહાર તમામ બાબતો મારા મૃત્યુનું કારણ બનવા માટે છે. જે તત્વ હું જીવતો હોઊં છું તે દરમ્યાન મારુ પોષણ કરે છે, તે જ તત્વો મારા શરીરના મરણ પછી તેને સડાવવા અને વિઘટીત કરવાને માટે કાર્ય કરે છે. જો મારી પાસે લડાઈ કરવાની પુરતી આંતરિક શક્તિ છે, તો હું સ્વાસ્થ્યને માટે જરૂરી સંતુલન ઉત્પન્ન કરવામાં મદદ કરી શકું છું. જો હું એક શક્તિશાળી અને સક્રીય માનસિક જીવન બનાવી રાખવા ઈચ્છું છું, તો મારે લડવાની જરૂરત છે. આ સંઘર્ષ એ માનસિક સંતુલનને પેદા કરે છે જેને વિચાર કહે છે.

નૈતિક રીતે પણ એવું જ હોય છે. કોઈ પણ બાબત મને નૈતિક રીતે સશક્ત નથી કરતી, તે મારી  અંદર સદ્‌ગુણનો શત્રુ છે. હું જય પામું છું કે નહિ, અને તેના દ્વારા સદ્‌ગુણ પેદા કરું છું કે નહિ, તે મારા જીવનની નૈતિક શ્રેષ્ઠતાના સ્તર પર નિર્ભર કરે છે. નૈતિકતા આકસ્મિક રીતે નથી આવી જતી; નૈતિક સદ્‌ગુણને પ્રાપ્ત કરવા પડે છે.

અને આત્મિક રીતે પણ એવું જ હોય છે. ઈસુએ કહ્યું, "...જગતમાં તમને સંકટ છે..."(યોહાન ૧૬:૩૩). એનો અર્થ એ થાય છે કે કોઈ પણ બાબત જે આત્મિક નથી હોતી, તે મને પતન તરફ લઈ જાય છે. ઈસુએ આગળ કહ્યું કે, "...પણ હિંમત રાખો, જગતને મેં જીત્યું છે" જે પણ બાબતો મારી વિરુદ્ધ આવે છે, તેમની વિરુદ્ધ મારે લડવાનું અને તેની પર જય પામવાનું શીખવું પડશે, અને એ રીતે પવિત્રતાનું સંતુલન પેદા કરવું પડશે. ત્યારબાદ વિરોધનો સામનો કરવો એ આનંદનું એક કારણ બની જશે.

મારો સ્વભાવ અને ઈસુ ખ્રિસ્તમાં વ્યક્ત પરમેશ્વરના નિયમની વચ્ચે સંતુલન એ જ પવિત્રતા હોય છે.

## પવિત્ર આત્માનું મંદિર

*"...એકલા રાજ્યાસન પર હું તારા કરતાં મોટો હોઈશ"*
*(ઉત્પત્તિ ૪૧:૪૦)*

હું પરમેશ્વરના અધિકાર હેઠળ મારા શરીરને જે રીતે નિયંત્રિત રાખું છું, તે માટે હું પરમેશ્વરને જવાબદાર છું, પાઉલે કહ્યું કે, "પરમેશ્વરની કૃપાને નિષ્ફળ કરતો નથી." - અર્થાત્ તેને બિનઅસરકારક કે અસમર્થ નથી બનાવતો. પરમેશ્વરની કૃપા સંપૂર્ણ અને અસીમિત છે, અને ઉદ્ધારનું કાર્ય ઈસુના દ્વારા હંમેશને માટે સંપૂર્ણ અને પૂરૂ થઈ ગયું છે. મારુ તારણ થઈ રહ્યું છે એમ નહિ - મારું તારણ થઈ ચુક્યું છે. તારણ એટલું જ અનંત છે જેટલું પરમેશ્વરનું રાજ્યાસન અનંત છે, પરંતુ પરમેશ્વરે મારી અંદર જે મૂક્યું છે, તેની ઉપર મારે કાર્ય કરવાનું છે અથવા તેનો ઉપયોગ કરવાનો છે. "(મારું) પોતાનું તારણ સાધી લેવાને યત્ન કરો."(ફિલિપ્પી ૨:૧૨) નો અર્થ એ છે કે પરમેશ્વરે મને જે આપ્યું છે, તેનો ઉપયોગ કરવા માટે હું જવાબદાર છું એનો અર્થ એ પણ છે કે મારે પોતાના શરીરમાં પ્રભુ ઈસુના જીવનને પ્રદર્શિત કરવાનું છે, રહસ્યમય રીતે કે ગુપ્ત રીતે નહિ પણ ખુલ્લેઆમ અને સાહસની સાથે "હું મારા દેહનું દમન કરું છું, તથા તેને વશ રાખું છું..."(૧ કરિંથી ૯:૨૭) દરેક ખ્રિસ્તી પોતાના શરીરને પરમેશ્વર માટે સંપૂર્ણ નિયંત્રણમાં રાખી શકે છે. પરમેશ્વરે આપણને આ જવાબદારી આપી છે કે આપણે પોતાના વિચારો અને પોતાની અભિલાષાઓ સાથે, "પવિત્ર આત્માના મંદિર" પર અધિકાર ધરાવીએ (૧ કરિંથી ૬:૧૯). આપણે તે બાબતો માટે જવાબદાર છીએ, અને આપણે અનુચિત વિચારો અભિલાષાઓની આગળ કદી ઝૂકવું જોઈએ નહિ. પરંતુ આપણામાંથી મોટાભાગના લોકો પોતાનો ન્યાય કરવાની તુલનામાં બીજાઓનો ન્યાય કરવામાં વધુ કઠોર હોઈએ છીએ. આપણે પોતાના માટે તો બહાના કાઢીએ છીએ પરંતુ જ્યારે આપણે બીજાઓના જીવનની બાબતોમાં ફક્ત એટલા માટે દોષ લગાવીએ છીએ કેમ કે આપણું સ્વાભાવિક વલણ તેવા કામ કરવામાં નથી હોતું.

પાઉલે કહ્યું કે, "હું તમને વિનંતી કરીને કહું છું કે...તમારા શરીરોનું જીવતું અર્પણ કરો"(રોમનોને પત્ર ૧૨:૧). મારે એ નિર્ણય કરવાનો છે કે હું મારા પ્રભુ અને સ્વામી સાથે એ વાતમાં સંમત થઈશ કે નહિ કે મારુ શરીર ખરેખર તેમનું મંદિર છે. એકવાર જ્યારે હું સંમત થઈ જાઉં છું, ત્યારે શરીર સાથે જોડાયેલા તમામ નીતિ, નિયમો અને નિયમની માંગણીઓનો સારાંશ એ પ્રગટ થયેલા સત્યમાં જોવા મળે છે - મારું શરીર "પવિત્ર આત્માનું મંદિર" છે.

# વાદળમાં મારું ધનુષ્ય

*"મારું ધનુષ્ય હું વાદળમાં મૂકું છું, ને તે મારી તથા પૃથ્વીની વચ્ચેના કરારનું ચિહ્ન થશે."*
*(ઉત્પત્તિ ૯:૧૦)*

આ પરમેશ્વરની ઈચ્છા છે કે મનુષ્ય તેમની સાથે એક ઉચિત સંબંધમાં બંધાય, અને તેમના કરારો તે જ ઉદ્દેશથી રચવામાં આવ્યા છે. પરમેશ્વર મારુ તારણ કેમ નથી કરતા? તેમણે મારા તારણને પૂર્ણ કર્યું છે અને વ્યવસ્થા પૂરી પાડી છે, પરંતુ હું હજુ સુધી તેમની સાથે સંબંધમાં નથી આવ્યો. આપણે જે માંગીએ છીએ તે બધું પરમેશ્વર કેમ નથી કરતા? તેમણે તે કરી દીધું છે. પ્રશ્ન એ છે કે શું હું કરારના સંબંધમાં પગલું ભરું છું? પરમેશ્વરના તમામ મહાન આશીર્વાદો સમાપ્ત અને સંપૂર્ણ થઈ ચૂક્યા છે, પરંતુ તે ત્યાં સુધી મારા નથી જ્યાં સુધી હું તેમના કરારના આધારે તેમની સાથે એક સંબંધમાં પ્રવેશ નથી કરતો.

પરમેશ્વરના કાર્ય માટે પ્રતીક્ષા કરવી દૈહિક અવિશ્વાસ છે. એનો અર્થ એ છે કે મને તેમની પર વિશ્વાસ નથી. હું રાહ જોઉં છું કે તે મારી અંદર કંઈક કરે જેથી હું તે કાર્ય પર ભરોસો કરી શકું, પરંતુ પરમેશ્વર એવું નહિ કરે કારણ કે તે પરમેશ્વર અને મનુષ્યની વચ્ચેના સંબંધનો આધાર નથી. પરમેશ્વરની સાથે પોતાના કરારમાં મનુષ્યએ પોતાના શારીરિક દેહ અને લાગણીઓથી પર જવાની જરૂરત છે, બરાબર એ જ રીતે જેમ પરમેશ્વર પોતાના કરારની સાથે મનુષ્યની પાસે આવવામાં પોતાની મર્યાદાની બહાર જાય છે. આ પરમેશ્વરમાં વિશ્વાસનો પ્રશ્ન છે - એક એવી બાબત જે સરળતાથી પ્રાપ્ત થતી નથી. આપણને ફક્ત આપણી લાગણીઓ પર વિશ્વાસ હોય છે. જ્યાં સુધી પરમેશ્વર મારા હાથમાં કોઈ એવી બાબત નથી મૂકતા જેને હું સ્પર્શી શકું અને જાણી શકું કે તે મારી પાસે છે ત્યાં સુધી હું પરમેશ્વર પર વિશ્વાસ નથી કરતો ત્યારપછી હું કહું છું કે, "હવે હું વિશ્વાસ કરું છું." આમાં કોઈ વિશ્વાસ પ્રદર્શિત થતો નથી. પરમેશ્વર કહે છે કે, "મારી તરફ ફરો, ને તારણ પામો;..."(યશાયા ૪૫:૨૨).

જ્યારે હું અન્ય તમામ બાબતોનો ત્યાગ કરીને પરમેશ્વરના કરાર પર આધાર રાખીને તેમની સાથે લેવડદેવડ કરી લઉં છું, ત્યારે વ્યક્તિગત સફળતાનો કોઈ અનુભવ નથી હોતો - કોઈ માનવીય પરિબળ તેમાં જરા પણ નથી હોતું. તેના બદલે, પરમેશ્વરની સાથે એકતામાં લાવવાનો સંપૂર્ણ રીતે ડુબાવી દેનાર અનુભવ થાય છે, અને મારુ જીવન બદલાઈ જાય છે અને શાંતિ અને આનંદ ફેલાય છે.

## પસ્તાવો

*"પરમેશ્વરની ઈચ્છા પ્રમાણે થતો ખેદ, શોક નહિ,*
*પણ તારણ ઉપજાવે એવો પસ્તાવો ઉત્પન્ન કરે છે..."*
*(૨ કરિંથી ૭:૧૦)*

પાપના કારણે દોષિત થવાની ખાતરીને નીચેના શબ્દોમાં શ્રેષ્ઠ રીતે દર્શાવાય છે.

*મારા પાપો, મારા પાપો, મારા તારણહાર,*
*કેટલું દુઃખદ તેઓ તારા પર મૂકાયા.*

પાપના કારણે દોષી ઠરાવવામાં આવવું તે એક વ્યક્તિ સાથે થનાર સૌથી અધિક અસાધારણ બાબતોમાંની એક છે. આ બાબત પરમેશ્વરને સમજવાની શરૂઆત હોય છે. ઈસુ ખ્રિસ્તે કહ્યું કે જ્યારે પવિત્ર આત્મા આવશે ત્યારે તે લોકોને પાપ વિષે... ખાતરી કરી આપશે(જુઓ યોહાન ૧૬:૮). અને જ્યારે પવિત્ર આત્મા વ્યક્તિની વિવેકબુદ્ધિને હલાવે છે, અને તેને પરમેશ્વરની હજૂરમાં લઈ આવે છે, ત્યારે વ્યક્તિને બીજાઓ સાથેનો પોતાનો સંબંધ નહિ, પરંતુ પરમેશ્વરની સાથે પોતાનો સંબંધ પરેશાન કરે છે - "તારી, હા, તારી જ વિરુદ્ધ મેં પાપ કર્યું છે, અને જે તારી દ્રષ્ટિમાં ભૂંડું છે તે મેં કર્યું છે... "(ગી. શા. ૫૧:૪). પાપના વિષે ખાતરી થવી, ક્ષમા અને પવિત્રતાનું આશ્ચર્ય એકબીજાની સાથે એવી રીતે વણાયેલા છે કે, જે વ્યક્તિને ક્ષમા મળે છે, ફક્ત તે જ ખરેખર પવિત્ર છે. પરમેશ્વરની કૃપાના કારણે, તે જેવો પહેલા હતો તેના કરતાં બિલકુલ વિપરીત બનવા દ્વારા તે સાબિત કરે છે કે તેને ક્ષમા મળી છે. પસ્તાવો હંમેશા વ્યક્તિને એ સ્થાને લાવે છે જ્યાં તે કહે છે કે, "હા, મેં પાપ કર્યું છે" પરમેશ્વર તેના જીવનમાં કાર્યરત છે એ વાતનું ચોક્કસ ચિહ્ન એ હોય છે જ્યારે તે સાચા મનથી એવું કહે છે. જે કંઈ આ વાતથી ઓછું હોય છે, તે ફક્ત મૂર્ખતાપૂર્ણ ભૂલો કરવાને કારણે થતુ દુઃખ હોય છે - જે પોતા પ્રત્યેની ઘૃણાને કારણે એક પ્રતિક્રિયા હોય છે.

પરમેશ્વરના રાજ્યનું પ્રવેશદ્વાર મનુષ્યની પ્રતિષ્ઠિત "ભલાઈ" અને પસ્તાવાની એકાએક ઉત્પન્ન થતી તીવ્ર પીડાની સામસામે ટકરાવમાંથી હોય છે. ત્યારબાદ પવિત્ર આત્મા જે આ સંઘર્ષોને પેદા કરે છે, તે પરમેશ્વરના પુત્રને તે વ્યક્તિના જીવનમાં રચના કરવાની શરૂઆત કરે છે(જુઓ ગલાતી ૪:૧૯). આ નવું જીવન પોતાની જાતને સભાન પસ્તાવામાં પ્રગટ કરશે, અને તેના પછી અસભાન પવિત્રતા આવશે - આ ક્રમ કદીયે ઊલટો નથી હોતો. ખ્રિસ્તીપણાનો પાયો પસ્તાવો છે. સત્ય એ છે કે વ્યક્તિ જ્યારે ઈચ્છે ત્યારે પસ્તાવો કરી શકતો નથી - પસ્તાવો પરમેશ્વરનું વરદાન છે. જૂના સમયમાં પ્યુરિટન લોકો "આંસુઓના વરદાન" માટે પ્રાર્થના કરતા હતા. જો તમે કદી પસ્તાવાના મૂલ્યને સમજવાનું બંધ કરી દેશો, તો તમે પોતાની જાતને પાપમાં રહેવા દેશો. તમે સાચે જ પસ્તાવિક બનવાનું ભૂલી તો નથી ગયા ને તે જોવા માટે પોતાની જાતની તપાસ કરો.

## પરમેશ્વરનું નિષ્પક્ષ સામર્થ્ય

*“જેઓને પવિત્ર કરવામાં આવે છે તેઓને તેણે એક જ અર્પણથી સદાકાળને માટે પરિપૂર્ણ કર્યા છે”*
*(હિબ્રૂઓને પત્ર ૧૦:૧૪)*

જો આપણે એમ સમજીએ છીએ કે આપણને એ માટે ક્ષમા મળે છે કારણ કે આપણને આપણા પાપોને માટે દિલગીરી થઈ છે, તો આપણે પરમેશ્વરના પુત્રના લોહીને પગ તળે ખૂંદીએ છીએ. પરમેશ્વર દ્વારા આપણા પાપોની ક્ષમાનું કારણ, અને તેને ભૂલી જવાના વચનના અનંત ઊંડાણનું કારણ ઈસુ ખ્રિસ્તનું મૃત્યુ છે. આપણો પસ્તાવો ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા તે પ્રાયશ્ચિતના વિષયમાં આપણા વ્યક્તિગત અનુભવનું ફક્ત પરિણામ હોય છે, જે તેમણે આપણા માટે ઉપલબ્ધ કરાવ્યું છે. “...તે(ખ્રિસ્ત ઈસુ) તો પરમેશ્વર તરફથી આપણે સારુ જ્ઞાન, ન્યાયીપણું, પવિત્રીકરણ તથા ઉદ્ધાર થયો છે.”(૧ કરિંથી ૧:૩૦). એક વાર જ્યારે આપણને આ અનુભવ થઈ જાય છે કે ખ્રિસ્ત આપણે માટે આ સર્વ થયા છે ત્યારે પરમેશ્વરનો અસીમ આનંદ આપણી અંદર શરૂ થઈ જાય છે. અને જ્યાં પરમેશ્વરનો આનંદ ઉપસ્થિત નથી, ત્યાં મરણદંડ હમણાં પણ લાગુ છે.

આપણે કોણ છે અને કેવા છે તેની પરવા વગર ફક્ત ઈસુ ખ્રિસ્તના મૃત્યુ દ્વારા પરમેશ્વર આપણને પોતાની સાથે યોગ્ય સ્થિતિમાં પાછા લાવે છે. ઈસુ ખ્રિસ્ત તેમને આવુ કરવાનું કહે છે તેના લીધે પરમેશ્વર આમ કરતા નથી, પરંતુ એ માટે કરે છે કેમ કે ઈસુ મર્યા છે. તારણને માટેના એ બધા નિવેદનો જે ખ્રિસ્તના વધસ્તંભની જાણીજોઈને અવગણના કરે છે તે નકામા છે. આ બાબત તો ઈસુએ જે દ્વાર ખોલ્યું છે તેને છોડીને બીજા કોઈ દ્વાર પર ખટખટાવવા સમાન છે. આપણે વિરોધ કરતા કહીએ છીએ કે, “પરંતુ હું તે માર્ગ દ્વારા આવવા નથી માંગતો, એક પાપીના રૂપમાં ગ્રહણ કરવામાં આવે તે ખૂબ જ અપમાનજનક છે” પિતર દ્વારા પરમેશ્વરનો પ્રત્યુત્તર આ છે કે, “...જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ...નથી”(પ્રે. કૃ. ૪:૧૨). જે બાબત શરૂઆતમાં પરમેશ્વરની ક્રુરતા લાગે છે, તે વાસ્તવમાં તેમના હૃદયની સાચી અભિવ્યક્તિ છે. તેમના માર્ગથી અસીમિત પ્રવેશ છે. “...એના લોહી દ્વારા...આપણને ઉદ્ધાર...મળ્યો છે.”(એફેસી ૧:૭). ઈસુ ખ્રિસ્તના મૃત્યુમાં તેમની સાથે એકરૂપ થવાનો અર્થ એ છે કે આપણે એ બધી બાબતો માટે મરવાનું છે જે કદીયે તેમનો ભાગ નહોતી.

પરમેશ્વર ફક્ત ખરાબ લોકોનો ઉદ્ધાર કરવામાં ન્યાયી છે કેમ કે તે તેમને સારા બનાવી દે છે. જ્યારે આપણે બિલકુલ ખોટા હોઈએ છીએ ત્યારે આપણો પ્રભુ એ દેખાવ નથી કરતા કે આપણે બિલકુલ ઠીક છીએ. ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા જે પ્રાયશ્ચિત તે એ પ્રાયશ્ચિત છે જે પરમેશ્વર અપવિત્ર લોકોને પવિત્ર કરવા માટે વાપરે છે.

## જે કુદરતી છે તેનો વિરોધ

*“જેઓ ખ્રિસ્તના છે, તેઓએ દેહને તેના વિષયો તથા ઈચ્છાઓ સુદ્ધાં વધસ્તંભે જડ્યો છે.” (ગલાતી ૫:૨૪)*

કુદરતી જીવન પોતે પોતાનામાં નથી. પરંતુ આપણે પાપને છોડવાનું છે અને તેની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નથી રાખવાનો. પાપ નર્કનું અને શેતાનનું છે. પરમેશ્વરનો બાળક હોવાને લીધે, હું સ્વર્ગ અને પરમેશ્વરનો છું, આ પાપનો ત્યાગ કરવાનો નહિ, પરંતુ પોતાની ઉપરના પોતાના અધિકારને, પોતાની કુદરતી સ્વતંત્રતાને, અને પોતાની ઈચ્છાને ત્યાગ કરવાનો સવાલ છે. લડાઈ અહીં જ લડવાની છે. જે બાબતો કુદરતી દ્રષ્ટિકોણથી યોગ્ય અને સારી લાગે છે, તે જ એ બાબતો છે જે આપણને પરમેશ્વરના સર્વોત્તમ બનતા રોકે છે. એક વાર જ્યારે આપણે સમજી જઈએ છીએ કે કુદરતી નૈતિક શ્રેષ્ઠતા પરમેશ્વર પ્રત્યે સમર્પણનો વિરોધ કરે છે, ત્યારે આપણે આપણા આત્માને સૌથી મહાન યુદ્ધની બરાબર મધ્યમાં લાવીને ઊભો કરી દઈએ છીએ. આપણામાંથી થોડા જ લોકો છે જે આ વિષય પર દલીલ કરશે કે કઈ બાબતો ભ્રષ્ટ, ખરાબ અને ખોટી છે, પરંતુ આપણે એની પર જરૂર દલીલ કરીશું કે કઈ બાબતો સારી છે. એક વ્યક્તિ નૈતિક શ્રેષ્ઠતાના માપદંડમાં જેટલો ઊંચો ચઢે છે, ઈસુ ખ્રિસ્ત પ્રત્યે વિરોધ પણ એટલો વધુ તીવ્ર થઈ જાય છે. “જેઓ ખ્રિસ્તના છે, તેઓએ દેહને તેના વિષયો તથા ઈચ્છાઓ સુદ્ધાં વધસ્તંભે જડ્યો છે.” તમારા કુદરતી જીવનને જે મૂલ્ય ચુકવવું પડે છે, તે એક અથવા બે ચીજોનું નહિ, પરંતુ સર્વસ્વનું છે. ઈસુએ કહ્યું, “જો કોઈ મારી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાનો નકાર કરવો...”(માથ્થી ૧૬:૨૪). એનો અર્થ એ છે કે તેણે પોતાની જાત ઉપર પોતાનો અધિકાર છોડવાનો છે, અને એવી સ્થિતિમાં આવ્યા અગાઉ, તેણે એ જાણવાનું છે કે ઈસુ ખ્રિસ્ત કોણ છે. પોતાની સ્વતંત્રતાને દફનાવવાનો ઈનકાર ના કરશો.

કુદરતી જીવન આત્મિક નથી હોતું, અને તેને ફક્ત બલિદાન દ્વારા જ આત્મિક બનાવી શકાય છે. જો આપણે જાણીજોઈને કુદરતી બલિદાન નહિ ચઢાવીએ, તો અલૌકિક આપણા માટે કદી પ્રાકૃતિક નહિ બની શકે, કોઈ ઉચ્ચ કે સરળ માર્ગ નથી. દરેકના પોતાના હાથોમાં અહીં સુધી પહોંચવાનું સાધન છે. સવાલ પ્રાર્થના કરવાનો નહિ, પરંતુ બલિદાન કરવાનો અને તેના દ્વારા પરમેશ્વરની ઈચ્છા પૂરી કરવાનો છે.

## કુદરતીનું અર્પણ કરવું

*“એમ લખેલું છે કે, ઈબ્રાહિમને બે દીકરા હતા એક દાસીનો અને બીજો પરણેતરનો”*
*(ગલાતી ૪:૨૨)*

ગલાતીઓના પત્રના આ અધ્યાયમાં પાઉલ પાપના વિષય અંગે વ્યવહાર નથી કરતો, પરંતુ કુદરતીની સાથે આત્મિકના સંબંધ અંગે વ્યવહાર કરી રહ્યા છે. ફક્ત બલિદાન દ્વારા જ કુદરતીને આત્મિકમાં બદલી શકાય છે. તેના વગર વ્યક્તિ એક વિભાજીત જીવન જીવશે. પરમેશ્વરે એવી માંગણી કેમ કરી કે કુદરતીનું બલિદાન ચઢાવવામાં આવે? પરમેશ્વરે તેની માંગણી નથી કરી એ પરમેશ્વરની સંપૂર્ણ ઈચ્છા નથી, પરંતુ સ્વીકૃતિ આપનાર ઈચ્છા છે. પરમેશ્વરની સંપૂર્ણ ઈચ્છા એ હતી કે આજ્ઞાપાલન દ્વારા કુદરતીને આત્મિકમાં બદલી દેવામાં આવે, એ તો પાપ છે જે એ વાતને જરૂરી બનાવી દે છે કે કુદરતીનું બલિદાન કરવામાં આવે.

ઈબ્રાહિમે ઈસહાકનું બલિદાન કરતા પહેલા ઈશ્માએલનું બલિદાન ચઢાવ્યું(જુઓ ઉત્પત્તિ ૨૧:૮-૧૪). આપણામાંથી કેટલાક લોકો એવા છે જે કુદરતીનું બલિદાન ચઢાવવાની પહેલા પરમેશ્વરની આગળ આત્મિક બલિદાન ચઢાવવાની કોશિશ કરી રહ્યા છે. પરમેશ્વરની આગળ એક આત્મિક બલિદાન ચઢાવવાની એક માત્ર રીત એ છે કે, “તમારા શરીરોનું જીવતું...અર્પણ કરો”(રોમનોને પત્ર ૧૨:૧). પવિત્રીકરણનો અર્થ પાપથી મુક્તિ પામવાથી કંઈ વધારે છે. એનો અર્થ એ છે કે હું સમજીવિચારીને મારી જાતને મારા તારણના દેવને સમર્પિત કરું, અને તે માટે કોઈ પણ મૂલ્ય ચૂકવવા તૈયાર રહું.

જો આપણે આત્મિક ને માટે કુદરતીને બલિદાન નથી ચઢાવતા તો કુદરતી જીવન આપણી અંદર પરમેશ્વરના પુત્રના જીવનનો વિરોધ કરશે અને તેમની આજ્ઞા માનવાનો ઈનકાર કરશે અને સતત ઉપદ્રવ પેદા કરતો રહેશે. અશિસ્ત આત્મિક સ્વભાવનું પરિણામ હંમેશા આ હોય છે. આપણે એ માટે ભૂલ કરીએ છીએ કેમ કે આપણે હઠીલાઈ કરીને પોતાની જાતને શારીરિક, નૈતિક કે માનસિકરૂપથી શિસ્તબદ્ધ કરવાનો ઈનકાર કરી છીએ. આપણે એવું કહીને આપણી જાતને બહાનું કરી બચાવવા પ્રયત્ન કરીએ છીએ કે, “જ્યારે હું નાનો હતો, ત્યારે મને શિસ્તબદ્ધ થવાનું શીખવવામાં નહોતું આવ્યું,” તો પછી પોતાની જાતને હવે શિસ્તબદ્ધ કરો! જો નહિ કરો, તો તમે પરમેશ્વરના માટે પોતાના અંગત જીવનને સંપૂર્ણ નષ્ટ કરી દેશો.

જ્યાં સુધી આપણે તેને પંપાળવાનું અને સંતોષવાનું ચાલુ રાખીએ છીએ, ત્યાં સુધી પરમેશ્વર આપણા કુદરતી જીવનમાં સક્રિય રીતે સામેલ નથી થતા, પરંતુ એક વાર જ્યારે આપણે તેને નિયંત્રણમાં રાખવાનો સંકલ્પ કરી લઈશું, તો પરમેશ્વર તેમાં સામેલ થશે. ત્યારે તેઓ કૂવાઓ અને રણદ્વીપ પણ ઉપલબ્ધ કરાવશે, અને જે કુદરતી છે તે માટેના તેમના તમામ વચનો પૂરા કરશે(જુઓ ઉત્પત્તિ ૨૧:૧૫-૧૯).

## વ્યક્તિત્વ

*“ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું કે, જો કોઈ મારી પાછળ આવવા ચાહે,*
*તો તેણે પોતાનો નકાર કરવો...”*
*(માથ્થી ૧૬:૨૪)*

વ્યક્તિત્વ તે આંતરિક આત્મિક જીવનને ઘેરી રાખતું એક સખત બાહ્ય પડ હોય છે. વ્યક્તિત્વ બીજાઓને અલગ કરીને એક બાજુએ ધકેલી દે છે. આપણે તેને એક બાળકની અગ્રિમ વિશેષતાના રૂપમાં જોઈએ છીએ, અને તે ઉચિત પણ છે. પરંતુ જો આપણે વ્યક્તિત્વને વ્યક્તિગત આત્મિક જીવનમાં સમજીશું, તો આપણે એકલા જુદા પડેલા રહીશું. વ્યક્તિત્વનું આ કવચ વ્યક્તિગત આત્મિક જીવનને સુરક્ષિત રાખવાના ઉદ્દેશથી પરમેશ્વર દ્વારા બનાવવામાં આવેલ એક કુદરતી આવરણ છે. પરંતુ આપણા વ્યક્તિત્વને દૂર થવું પડશે જેથી આપણું આત્મિક જીવન પરમેશ્વરની સાથે સંગતમાં લાવી શકાય. જેમ વાસના પ્રેમની નકલ કરે છે તેમ વ્યક્તિત્વ આત્મિકતાની નકલ કરે છે. પરમેશ્વરે માનવ સ્વભાવની રચના પોતાના માટે કરી, પરંતુ વ્યક્તિત્વ તે માનવ સ્વભાવને પોતાના જ ઉદ્દેશો માટે બગાડી દે છે.

વ્યક્તિત્વની વિશેષતાઓ સ્વતંત્રતા અને હઠીલાઈ છે. આપણે આપણા વ્યક્તિત્વને દરેક સમયે મક્કમપણે વ્યક્ત કરવા દ્વારા પોતાના આત્મિક જીવનમાં અવરોધ ઊભો કરીએ છીએ તેટલો અવરોધ બીજી કોઈ પણ રીતે થતો નથી. જો તમે કહો છો કે, “હું વિશ્વાસ નથી કરી શકતો” તો એ માટે થાય છે કેમ કે વ્યક્તિત્વ કદીયે વિશ્વાસ નથી કરી શકતું. પરંતુ આપણો આત્મા વિશ્વાસ કર્યા વગર રહી શકતો નથી. જ્યારે પરમેશ્વરનો આત્મા તમારી અંદર કામ કરે છે ત્યારે પોતાની જાતને ધ્યાનથી જુઓ. તે તમને તમારા વ્યક્તિત્વની અંતિમ સીમા સુધી ધકેલે છે, જ્યાં પસંદગી કરવી પડે છે. જ્યાં તમારે એમ કહેવું પડે છે કે, “હું સમર્પણ નહિ કરું” અથવા તમે વ્યક્તિત્વના સખત કવચને તોડીને સમર્પણ કરી દેશો, જે આત્મિક જીવનને બહાર નીકળવા દેશે. પવિત્ર આત્મા તેને દરેક વખતે એક વાત પર સીમિત કરી દે છે(જુઓ માથ્થી ૫:૨૩-૨૪). તે તમારું વ્યક્તિત્વ હોય છે જે “પોતાના ભાઈ સાથે સમાધાન” કરવાનો નકાર કરે છે(૫:૨૪). પરમેશ્વર તમને પોતાની સાથે એકતામાં લાવવા માંગે છે, પરંતુ જ્યાં સુધી તમે તમારી જાત પરનો અધિકાર છોડવા તૈયાર થતા નથી ત્યાં સુધી તે એવું કરી શકતા નથી. “...તેણે પોતાનો નકાર કરવો...” તેનો પોતાના પ્રત્યેનો સ્વતંત્રતાના અધિકારનો નકાર કરવો ત્યાર પછી જ સાચુ જીવન, અર્થાત્ આત્મિક જીવન ને વૃદ્ધિ પામવાનો અવસર મળે છે.

# વિશિષ્ટ વ્યક્તિત્વ

*"જેવા આપણે એક છીએ તેવા તેઓ પણ એક થાય..."*
*(યોહાન ૧૭:૨૨)*

વિશિષ્ટ વ્યક્તિત્વ આપણા જીવનનું એ અજોડ, અસીમિત અંગ છે જે આપણને અન્ય બધાથી અલગ બનાવે છે, તે એટલું વિશાળ હોય છે કે આપણે તેને સારી રીતે સમજી પણ શકતા નથી. સમુદ્રમાં એક દ્વીપ એક મોટા પહાડની ફક્ત ટોચ હોઈ શકે છે, અને આપણું વ્યક્તિત્વ એ દ્વીપ જેવું છે, આપણે આપણા અસ્તિત્વના ઊંડાણને નથી જાણતા, એ માટે આપણે આપણી જાતને માપી શકતા નથી. આપણે એમ સમજીએ છીએ આપણે માપી શકીએ છીએ, પરંતુ આપણને ખૂબ જલ્દીથી સમજાય છે કે વાસ્તવમાં એક જ વ્યક્તિ છે જે આપણને સંપૂર્ણ રીતે સમજે છે, અને તે છે આપણા સર્જનહાર.

વિશિષ્ટ વ્યક્તિત્વ આંતરિક, આત્મિક મનુષ્યની વિશેષતાનું ચિહ્ન છે. જ્યારે વ્યક્તિત્વ બાહ્ય કુદરતી મનુષ્યત્વનું ચિહ્ન છે. આપણા પ્રભુનું વર્ણન વ્યક્તિત્વ અને સ્વતંત્રતાના સંદર્ભમાં કદી કરી શકાતું નથી, તેમનું વર્ણન ફક્ત તેમના સંપૂર્ણ વ્યક્તિત્વના સંદર્ભમાં કરી શકાય છે - "હું અને બાપ એક છીએ"(યોહાન ૧૦:૩૦). વિશિષ્ટ વ્યક્તિત્વ વિલીન થઈ જાય છે અને તમે પોતાની સાચી ઓળખ સુધી ત્યારે જ પહોંચી શકો છો જ્યારે તમે બીજી કોઈ વ્યક્તિમાં વિલીન થઈ જાવ છો. જ્યારે એક વ્યક્તિ પર પ્રેમ અથવા પરમેશ્વરનો આત્મા આવે છે, ત્યારે તે બદલાઈ જાય છે, ત્યારે તે પોતાના વ્યક્તિત્વને જાળવી રાખવાની હઠ નહિ કરે. આપણા પ્રભુએ ક્યારેય કોઈ વ્યક્તિના વ્યક્તિત્વ કે તેની એકલવાયી સ્થિતિ તરફ નિર્દેશ નથી કર્યો, પરંતુ સંપૂર્ણ વ્યક્તિના સંદર્ભમાં જ વાત કરી. "જેવા આપણે એક છીએ તેવા તેઓ પણ એક થાય..." એક વખત જ્યારે તમારી જાત પરનો તમારો અધિકાર પરમેશ્વરને સમર્પિત કરી દો છો, ત્યારે તમારો સાચો વ્યક્તિગત સ્વભાવ પરમેશ્વરને તરત પ્રત્યુતર આપવાનું શરૂ કરી દે છે. ઈસુ ખ્રિસ્ત તમારી પાસે સંપૂર્ણ વ્યક્તિના રૂપમાં મુક્તિ લાવે છે, અને તમારું વ્યક્તિત્વ પણ બદલાઈ જાય છે. આ બદલાણ પ્રેમ દ્વારા આવે છે - ઈસુ પ્રત્યે વ્યક્તિગત ભક્તિ દ્વારા એક વ્યક્તિની સાથે બીજી વ્યક્તિની સાચી સંગતમાં ઊભરાતું પરિણામ જ પ્રેમ હોય છે.

## મધ્યસ્થીની પ્રાર્થના

*"સર્વદા પ્રાર્થના કરવી જોઈએ, અને કાયર થવું નહિ..."*
*(લૂક ૧૮:૧)*

જો તમે ઉદ્ધારની વાસ્તવિકતામાં વિશ્વાસ નથી કરતા, તો તમે પ્રાર્થના દ્વારા ખરેખર મધ્યસ્થીને બીજાઓ માટે નકામી સહાનુભૂતિમાં બદલી નાંખશો. જે ફક્ત તેમને પરમેશ્વરની સાથેના સંપર્કથી દૂર રહેવાથી જે સંતોષ પ્રાપ્ત થાય છે તેને વધારશે. એ વ્યક્તિ કે પરિસ્થિતિ જે તમારા પર આવી પડશે એવું લાગે છે તેને માટે ત્યાં સુધી પ્રાર્થના કરવી કે જ્યાં સુધી તે વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રત્યેના પરમેશ્વરના વલણ દ્વારા તમે બદલાતા નથી આ બાબતનો સમાવેશ તે સાચી મધ્યસ્થી છે. મધ્યસ્થનો અર્થ થાય છે, "...ખ્રિસ્તના સંકટોમાંની જે ન્યૂનતા હોય તે...પૂરી કરું છું"(કલોસ્સી ૧:૨૪). અને આ જ કારણ છે કે મધ્યસ્થી કરવા માટે ખૂબ ઓછા લોકો જોવા મળે છે. લોકો મધ્યસ્થીનું વર્ણન કરતા કહે છે કે, "આ તમારી જાતને બીજાઓના સ્થાન પર મૂકવું" તે છે. આ સાચું નથી! મધ્યસ્થી કરવાનો અર્થ છે તમારી જાતને પરમેશ્વરના સ્થાન પર મૂકવી; એનો અર્થ થાય છે પરમેશ્વરનું મન અને તેમનો દ્રષ્ટિકોણ રાખવો.

મધ્યસ્થી કરનાર વ્યક્તિ તરીકે, સાવધાન રહો કે તમે જે સ્થિતિ કે સંજોગો માટે પ્રાર્થના કરી રહ્યા છો, તેના વિષે પરમેશ્વરની પાસેથી વધુ જાણકારી ના માંગશો કેમ કે તે તમારી પર આધિપત્ય જમાવી શકે છે. પરમેશ્વરે તમને જેટલું જાણવાનું નિર્મિત કર્યું છે તેનાથી વધારે જો તમે જાણો છો તો તમે પ્રાર્થના નહીં કરી શકો; લોકોની પરિસ્થિતિઓ એટલી અસહ્ય બની જાય છે કે તમે વાસ્તવિકતા સુધી પહોંચવાને યોગ્ય નથી રહેતા.

આપણું કામ એ છે કે આપણે પરમેશ્વરની સાથે એટલા ગાઢ સંપર્કમાં રહીએ કે દરેક બાબતને માટે આપણી પાસે પરમેશ્વરનું મન હોય. પરંતુ આપણે એવી વ્યક્તિઓ છીએ કે મધ્યસ્થી કરવાને બદલે કશું કામ કરવા દ્વારા તે જવાબદારીમાંથી છટકી જઈએ છીએ અને છતાં મધ્યસ્થી એવી એક માત્ર બાબત છે જેમાં કોઈ નુકશાન નથી, કેમ કે આ પરમેશ્વર સાથેના આપણા સંબંધોને પૂરી રીતે ખુલ્લા રાખે છે.

મધ્યસ્થીમાં આપણે જે બાબતથી બચવાની જરૂર છે, તે એ છે કે કોઈને માટે એવી પ્રાર્થના કરવી કે તે બસ "ઠીકઠાક" થઈ જાય. જ્યાં સુધી તે વ્યક્તિ પરમેશ્વરના સંપર્કમાં ના આવે ત્યાં સુધી આપણે પ્રાર્થના કરવી જોઈએ. એ અસંખ્ય લોકો વિશે વિચારો જેમને પરમેશ્વર આપણા માર્ગમાં લાવ્યા અને થોડા જ સમયમાં આપણે તેમને છોડી દીધા. જ્યારે આપણે ઉદ્ધારના આધાર પર પ્રાર્થના કરીએ છીએ, ત્યારે પરમેશ્વર એવી બાબતની રચના કરે છે જેની રચના તે મધ્યસ્થતાની પ્રાર્થના સિવાય બીજી કોઈ રીતે નથી કરી શકતા.

## મહાન જીવન

*"હું તમને શાંતિ આપીને જાઉં છું, મારી શાંતિ હું તમને આપું છું;*
*જેમ જગત આપે છે તેમ હું તમને આપતો નથી.*
*તમારા હૃદયોને વ્યાકુળ થવા ન દો..."*
*(યોહાન ૧૪:૨૭)*

જ્યારે પણ આપણે આપણા વ્યક્તિગત જીવનમાં કોઈ કઠીન વાતનો અનુભવ કરીએ છીએ, તો આપણું વલણ એ હોય છે કે આપણે પરમેશ્વરને દોષ આપીએ, દોષી આપણે હોઈએ છીએ; પરમેશ્વર નહિ. પરમેશ્વરને દોષ આપવાનો અર્થ એ થાય છે કે આપણે કોઈક જગ્યાએ આપણા જીવનમાં અનાજ્ઞાંકિતતાને છોડવાનો નકાર કરી રહ્યા છે. પરંતુ જેવું આપણે તે બાબતને ત્યજી દઈએ છીએ ત્યારે આપણા માટે બધું સ્પષ્ટ થઈ જાય છે. જ્યાં સુધી આપણે બે ધણીઓની ચાકરી કરવા પ્રયત્ન કરીશું, અર્થાત્ પોતાની જાતની અને પરમેશ્વરની ત્યાં સુધી સંદેહ અને મૂંઝવણની સાથે સાથે કઠીનાઈઓ પણ હોય છે. આપણું વલણ સંપૂર્ણપણે પરમેશ્વર પર ભરોસો રાખનાર હોવું જોઈએ. જ્યારે આપણે એ સ્થિતિમાં આવીએ છીએ, ત્યારે સંતનું જીવન જીવવાનું જેટલું આસાન હોય છે તેટલું સરળ બીજુ કશું નથી હોતું. જ્યારે આપણે પોતાના ઉદ્દેશને માટે પવિત્ર આત્માનો અધિકાર છીનવી લેવાની કોશિશ કરીએ છીએ ત્યારે આપણે કઠીનાઈઓનો સામનો કરીએ છીએ.

જ્યારે પણ તમે પરમેશ્વરની આજ્ઞા પાળો છો, ત્યારે પરમેશ્વરને તે પસંદ પડ્યું છે તેની નિશાની તરીકે શાંતિ આપે છે. તે એક અપાર, ઊંડી શાંતિ આપે છે; કુદરતી શાંતિ નહિ, "જેમ જગત આપે છે," પરંતુ ઈસુની શાંતિ. જ્યારે પણ શાંતિ નથી આવતી, તો તેના આવવા સુધી રાહ જુઓ, અથવા તપાસ કરવાનો પ્રયત્ન કરો કે તે કેમ નથી પ્રાપ્ત થતી. જો તમે આવેશમાં આવીને આવેગથી કાર્ય કરો છો કે બહાદુરી દર્શાવી રહ્યા છો, તો ઈસુની શાંતિ પોતાની જાતને પ્રદર્શિત નહી કરે. સાદાઈ, સ્પષ્ટતા અને એકતાનો આત્મા પવિત્ર આત્મા દ્વારા ઉત્પન્ન થાય છે, તમારા નિર્ણયો દ્વારા નહિ. સાદગી અને એકતાની અપીલ દ્વારા પરમેશ્વર પોતાની ઈચ્છાના નિર્ણયની વિરુદ્ધ પગલું લે છે.

જ્યારે હું આજ્ઞાપાલન બંધ કરું છું ત્યારે મારા પ્રશ્નો ઉદ્દભવે છે જ્યારે હું પરમેશ્વરની આજ્ઞા માનું છું, ત્યારે સમસ્યાઓ આવે છે. પરંતુ તે મારી અને પરમેશ્વરની વચ્ચે નહિ. પરંતુ એક સાધનના રૂપમાં જેથી મારું મન પરમેશ્વરના પ્રકાશિત સત્યનું આશ્ચર્યથી નિરિક્ષણ કરતું રહે. પરંતુ કોઈ પણ સમસ્યા જે મારી અને પરમેશ્વરની વચ્ચે આડી આવે છે, તે અનાજ્ઞાંકિતતાનું પરિણામ હોય છે. જ્યારે હું પરમેશ્વરની આજ્ઞા માનું છું ત્યારે કોઈ પણ સમસ્યા આવે છે તો તે મારો આનંદ વધારે છે કેમ કે હું જાણું છું કે મારા સ્વર્ગીય પિતા આ જાણે છે અને મારો ખ્યાલ રાખે છે અને હું ધ્યાનથી જોઈ શકું છું અને પ્રતીક્ષા કરી શકું છું કે તે મારા પ્રશ્નોને સુલઝાવશે.

## ''પરમેશ્વરને પસંદ પડે તેવા''

*''જેને શરમાવાનું કોઈ કારણ ન હોય તેવી રીતે કામ કરનાર સત્યનાં વચન સ્પષ્ટતાથી સમજાવનાર, અને દેવને પસંદ પડે એવો સેવક થવાને પ્રયત્ન કર''*
*(૨ તિમોથી ૨:૧૫)*

જો તમે પોતાની દરેક માન્યતાને સારી રીતે વ્યક્ત કરી શકતા નથી, તો જ્યાં સુધી વ્યક્ત ન કરી શકો ત્યાં સુધી મહેનતથી અભ્યાસ કરો અને કાર્ય કરો. જો તમે એમ નહિ કરો તો અન્ય લોકો સત્ય જાણવાના કારણે જે આશીર્વાદ આવે છે તેનાથી વંચિત રહી જશે, પરમેશ્વરના સત્યોને સ્પષ્ટતાથી અને યોગ્ય રીતથી સમજવાને પોતાની જાતને વારંવાર સંભળાવવા મથામણથી પ્રયત્ન કરો, અને ત્યારબાદ જ્યારે તમે બીજા કોઈની સાથે તે વહેંચશો તો પરમેશ્વર તે ખુલાસાનો ઉપયોગ કરશે. પરંતુ તમારે પરમેશ્વરના દ્રાક્ષાકુડમાંથી પસાર થવાને તૈયાર રહેવું જોઈએ જ્યાં દ્રાક્ષાને રસ કાઢવા કચડવામાં આવે છે. પરમેશ્વરના સત્યોને સ્પષ્ટતાથી વ્યક્ત કરવાને માટે તમારે સંઘર્ષ, પ્રયોગ અને વારંવાર બોલીને અભ્યાસ કરવો જોઈએ અને પછી એ સમય આવશે જ્યારે એ શબ્દો બીજા કોઈને માટે પરમેશ્વરની શક્તિનો દ્રાક્ષારસ બની જશે. પરંતુ જો તમે પરિશ્રમ અને ધ્યાન દઈને પૂરા ખંતથી કામ નહિ કરો અને એમ કહેશો કે, ''હું આ સત્યને મારા પોતાના શબ્દમાં વ્યક્ત કરવા માટે અધ્યયન અને સંઘર્ષ નહિ કરું, હું આરામથી બેસી રહીશ અને બીજા કોઈના શબ્દોનો ઉપયોગ કરી લઈશ.'' તો આ શબ્દોનું તમારા માટે અને બીજાઓ માટે પણ તેનુ મૂલ્ય નહિ રહે. પોતાની જાતને એ સંભળાવવાનો પ્રયત્ન કરો કે તમારા વિશ્વાસ અનુસાર પરમેશ્વરનું સંપૂર્ણ, અપરિવર્તનીય સત્ય શું છે, અને એવું કરવા દ્વારા તમે પરમેશ્વરને તક આપશો કે તે આ સત્યને તમારા દ્વારા બીજા કોઈ સુધી પહોંચાડી દેશે.

જે બાબત પર તેમ એટલી સરળતાથી વિશ્વાસ કરી લીધો છે, તેમને વિચારવાને માટે પોતાના મનને ઊંચા ઉઠાવવાની આદત બનાવી લો. જ્યાં સુધી તમે કષ્ટ અને અધ્યયનથી તેને પોતાનું બનાવી લેતા નથી ત્યાં સુધી તમારો દ્રષ્ટિકોણ ખરેખર તમારો નથી હોતો. જે લેખક કે વકતાની પાસેથી તમે સૌથી વધુ શીખો છો. તે એ વ્યક્તિ નથી જેની પાસેથી તમે આવી બાબતો શીખો છો જેને તમે પહેલા નહોતા જાણતા, પરંતુ એ વ્યક્તિ છે જે એવા સત્યને સ્વીકારવામાં તમારી મદદ કરે છે, જે પર તમે એકલાપણામાં સંઘર્ષ કરી રહ્યા છો, તેને વ્યક્ત કરે છે, અને સ્પષ્ટતા તથા સાહસથી બોલે છે.

## પરમેશ્વરની સામે મલ્લયુદ્ધ કરવું

*“પરમેશ્વરના સર્વ હથિયારો સજી લો...હર વખત પ્રાર્થના...કરો”*
*(એફેસી ૬:૧૩, ૧૮)*

જે બાબતો પરમેશ્વરની સાથે તમારા વાર્તાલાપમાં રૂકાવટ લાવે છે, તે બાબતોની વિરુદ્ધ મલ્લયુદ્ધ કરવાનું તમારે શીખવું પડશે; પરંતુ પરમેશ્વરની સાથે પ્રાર્થનામાં મલ્લયુદ્ધ કરવાનું બાઈબલમાં જોવા મળતું નથી. જો તમે કદી પણ પરમેશ્વર સાથે મલ્લયુદ્ધ કરશો, તો તમે તમારા બાકીના જીવનમાં અપંગ થઈ જશો. જો તમે પરમેશ્વરને પકડી લો છો અને તેની સાથે મલ્લયુદ્ધ કરો છો, જેવું યાકૂબે કર્યું, ફક્ત એ માટે કેમ કે પરમેશ્વર એ રીતે કાર્ય કરી રહ્યા હોય છે જે તમને પસંદ નથી, તો તમે તેમને તમારા કોઈ સાંધાને ઊખાડી નાંખવાને માટે ફરજ પાડો છો(જુઓ ઉત્પત્તિ ૩૨:૨૪-૨૫). પરમેશ્વરની રીતો સામે મલ્લયુદ્ધ કરીને અપંગ ના બનો, પરંતુ એવી વ્યક્તિ બનો જે પરમેશ્વરની આગળ આ સંસારની વાતો સાથે મલ્લયુદ્ધ કરે છે, કેમ કે, “...તેને આશરે આપણે એ બધી બાબતોમાં વિશેષ જય પામીએ છીએ”(રોમનોને પત્ર ૮:૩૭). પરમેશ્વરની આગળ મલ્લયુદ્ધ તેના રાજ્યમાં પ્રભાવક અસર ઊભી કરે છે. જો તમે મને કહો છો કે હું તમારા માટે પ્રાર્થના કરું, પરંતુ જો હું ખ્રિસ્તમાં સંપૂર્ણ નથી તો મારી પ્રાર્થના સફળ થતી નથી. પરંતુ જો હું ખ્રિસ્તમાં સંપૂર્ણ છું તો મારી પ્રાર્થના હરેક સમયે વિજય લાવે છે. પ્રાર્થના ત્યારે જ અસરકારક હોય છે જ્યારે સંપૂર્ણતા હોય છે - “પરમેશ્વરના સર્વ હથિયારો સજી લો...”

પરમેશ્વરની સંપૂર્ણ ઈચ્છા અને તેની સ્વીકૃતિમાં આવતી ઈચ્છા વચ્ચે હંમેશા તફાવત છે તે જુઓ, જેનો ઉપયોગ તે આપણા જીવનમાં પોતાના ઉદ્દેશોને પૂરા કરવા માટે કરે છે. પરમેશ્વરની સંપૂર્ણ ઈચ્છા બદલાતી નથી, પરંતુ આપણે જેની સાથે મલ્લયુદ્ધ કરવું પડે છે, તે તેમની સ્વીકૃતિ આપતી ઈચ્છા હોય છે અથવા તે જુદી જુદી બાબતો હોય છે જેને તેઓ આપણા જીવનમાં આવવાની અનુમતિ આપે છે. તેમની સ્વીકૃતિ આપતી ઈચ્છા પ્રત્યે આપણી પ્રતિક્રિયા આપણને તેમની સંપૂર્ણ ઈચ્છાને જોવાની સ્થિતિ પર લાવે છે. “આપણે જાણીએ છીએ કે જેઓ પરમેશ્વર ઉપર પ્રેમ રાખે છે...તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે”(રોમનોને પત્ર ૮:૨૮)અર્થાત્ તેઓને જેઓ પરમેશ્વરની સંપૂર્ણ ઈચ્છા - ખ્રિસ્ત ઈસુમાં તેના તેડા - પ્રત્યે વિશ્વાસુ રહે છે. પરમેશ્વરની સ્વીકૃતિ આપનાર ઈચ્છા એ કસોટી છે જેને તેઓ પોતાના સાચા પુત્ર અને પુત્રીઓને પ્રગટ કરવાને માટે ઉપયોગ કરે છે. આપણે કાયર થઈને અને સમજ્યા-વિચાર્યા વગર એવું ના કહેવું જોઈએ કે, “હાં, આ પ્રભુની ઈચ્છા છે” આપણે પરમેશ્વર સાથે લડવાની કે મલ્લયુદ્ધ કરવાની જરૂર છે. આળસથી હારી જવાના વિચારથી સાવધાન રહો. તેના બદલે એક શાનદાર યુદ્ધ લડો અને તમે પોતાને પરમેશ્વરથી સશક્ત થયેલા અનુભવશો.

## ઉધ્ધાર - એ જરૂરીયાતને સર્જે છે અને પોતે જ સંતોષે

*“સાંસારિક માણસ પરમેશ્વરના આત્માની વાતોનો સ્વીકાર કરતું નથી; કેમ કે તે વાતો તેને મૂર્ખતા જેવી લાગે છે...”*
*(૨ કરિંથી ૨:૧૪)*

પરમેશ્વરની સુવાર્તા પોતે જ સુવાર્તાની જરૂરિયાતના અનુભવને ઉત્પન્ન કરે છે. જેઓ સેવક બની ચૂક્યા છે તેઓથી શું સુવાર્તા ગુપ્ત રહી છે? ના, પાઉલ કહે છે, “પણ જો અમારી સુવાર્તા ઢંકાયેલી હોય, તો તે નાશ પામનારાઓને સારુ ઢંકાયેલી છે; તેઓમાં આ જગતના ઈશ્વરે અવિશ્વાસીઓના મન આંધળા કર્યા છે...”(૨ કરિંથી ૪:૩-૪). મોટા ભાગના લોકો પોતાને સંપૂર્ણ નૈતિક સમજે છે, અને તેમને સુવાર્તાની જરૂરિયાતની કોઈ સમજણ નથી હોતી. એ તો પરમેશ્વર જ છે જે આ જરૂરતને ઉત્પન્ન કરે છે, પરંતુ મનુષ્યને ત્યાં સુધી તેની કંઈ સમજણ પડતી નથી જ્યાં સુધી પરમેશ્વર પોતાની જાતને પ્રગટ નથી કરતા. ઈસુએ કહ્યું, “માંગો, તો તમને મળશે...”(માથ્થી ૭:૭). પરંતુ જ્યાં સુધી વ્યક્તિ માંગતો નથી ત્યાં સુધી પરમેશ્વર આપી શકતા નથી. આ એવી વાત નથી કે તે આપણને કોઈ ચીજથી વંચિત રાખવા ઈચ્છે છે, પરંતુ તેમણે ઉદ્ધારના માર્ગને માટે આ જ યોજના ઠરાવી છે. આપણા માંગવા દ્વારા, પરમેશ્વર પોતાની પ્રક્રિયા ચાલુ કરી દે છે, અને આપણામાં એવી બાબતની રચના કરે છે જે આપણા માંગ્યા અગાઉ અસ્તિત્વમાં નહોતી. ઉદ્ધારની આંતરિક વાસ્તવિકતા એ છે કે તે સતત સર્જન કરતું રહે છે. અને જેમ જેમ ઉદ્ધાર આપણી અંદર પરમેશ્વરના જીવનને ઉત્પન્ન કરે છે, તેમ તે ચીજોને પણ ઉત્પન્ન કરે છે જે તે જીવનના અંગ છે. તે એકમાત્ર બાબત જે કોઈ પણ જરૂરિયાતને પૂરી કરી શકે છે. તે એ બાબત છે જેણે તે આવશ્યકતાને ઉત્પન્ન કરી છે. ઉદ્ધારનો અર્થ એ જ છે - તે ઉત્પન્ન કરે છે અને સંતુષ્ટ પણ કરે છે.

ઈસુએ કહ્યું, “જો મને પૃથ્વી પરથી ઊંચો કરવામાં આવશે, તો હું સર્વને મારી તરફ ખેંચીશ.”(યોહાન ૧૨:૩૨). જ્યારે આપણે આપણા જ અનુભવોનો પ્રચાર કરીએ છીએ, તો લોકોને ઈચ્છા કે રૂચિ થઈ શકે છે, પરંતુ આ અનુભવ જરૂરિયાતની સમજણને જાગૃત નહિ કરે. પરંતુ એક વાર જ્યારે ઈસુને “ઊંચો કરવામાં આવે છે” તો પરમેશ્વરનો આત્મા તેમની અંદર એક જાગૃતતા પેદા કરે છે કે તેમને પરમેશ્વરની જરૂરિયાત છે. પરમેશ્વરના ઉદ્ધારનું રચનાત્મક સામર્થ્ય લોકોના મનોમાં ફક્ત સુવાર્તા પ્રચાર દ્વારા કામ કરે છે. લોકોની સાથે પોતાના વ્યક્તિગત અનુભવ વહેંચવો તે કદી તેમનું તારણ નથી કરતું, પરંતુ ઉદ્ધારનું સત્ય તેમનો ઉદ્ધાર કરે છે. “જે વાતો તમેં તમને કહી છે, તે આત્મા તથા જીવન છે” (યોહાન ૬:૬૩).

## વિશ્વાસુપણાની કસોટી

*"આપણે જાણીએ છીએ કે જેઓ પરમેશ્વરના ઉપર પ્રેમ રાખે છે... તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે."*
*(રોમનોને પત્ર ૮:૨૮)*

એક વિશ્વાસુ વ્યક્તિ જ ખરેખર વિશ્વાસ કરે છે કે પરમેશ્વર તેની પરિસ્થિતિઓ પર નિયંત્રણ રાખે છે. આપણે પોતાની પરિસ્થિતિઓના મહત્વની કદર કરતા નથી, અને કહીએ છીએ કે પરંતુ તેના પર ખરેખર વિશ્વાસ કરતા નથી. આપણે એવું માનીને વ્યવહાર કરીએ છીએ કે જાણે કે જે કંઈ થઈ રહ્યું છે, તે સંપૂર્ણ રીતે માણસોના નિયંત્રણમાં છે. દરેક પરિસ્થિતિમાં વિશ્વાસયોગ્ય હોવાનો અર્થ એ છે કે આપણી વફાદારી એક જ વ્યક્તિ, અર્થાત્ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પ્રત્યે છે. પરમેશ્વર આપણી પરિસ્થિતિઓને અચાનક તોડી કાઢે છે, જે આપણને પરમેશ્વર પ્રત્યે આપણા અવિશ્વાસુપણાનો અનુભવ કરાવે છે કે આપણે એ ના સમજ્યા કે આ પરિસ્થિતને તેમણે જ નિર્મિત કરી હતી. આપણે બિલકુલ એ જોયું નહિ કે તે શું પૂરૂ કરવાની કોશિશ કરી રહ્યા છે, અને તે જ ઘટના આપણા જીવનમાં ફરીથી પુનરાવર્તિત નહિ થાય. આપણા વિશ્વાસુપણાની કસોટી અહીંયા જ થાય છે જો આપણે કઠણ સંજોગોમાં પણ પરમેશ્વરની આરાધના કરવાનું શીખી જઈશું, તો જો પરમેશ્વર ઈચ્છે, તો તે આપણી પરિસ્થિતિઓને જલ્દીથી સુધારી શકે છે.

ઈસુ ખ્રિસ્ત પ્રત્યે વિશ્વાસુ થવું તે સૌથી કઠણ કાર્ય છે જે કરવાનો આજે આપણે પ્રયત્ન કરીએ છીએ. આપણે પોતાના કામ પ્રત્યે બીજાઓની સેવા પ્રત્યે, કે બીજી કોઈ પણ બાબત પ્રત્યે વિશ્વાસુ થઈશું, પરંતુ ઈસુ ખ્રિસ્ત પ્રત્યે વિશ્વાસુ થવાનું અમને ના કહેશો. ઘણા ખ્રિસ્તીઓને જ્યારે ઈસુ પ્રત્યે વિશ્વાસુ થવાની વાત કહીએ છીએ ત્યારે ઘણા ધીરજ ખોઈ બેસે છે. જગતના લોકો કરતાં ખ્રિસ્તી કાર્યકરો દ્વારા વધુ માત્રામાં આપણા પ્રભુને રાજ્યાસન પરથી ઉતારી પાડવામાં આવે છે. આપણે પરમેશ્વર સાથે એવી રીતે વર્તીએ છીએ કે જાણે તે કોઈ મશીન હોય જેનું કાર્ય ફક્ત આશીર્વાદ આપવાનું જ હોય અને આપણે ઈસુને ફકત એક કાર્યકર્તા જ સમજીએ છીએ.

વિશ્વાસુપણાનું લક્ષ એ નથી કે આપણે પરમેશ્વરને માટે કામ કરીશુ, પરંતુ એ છે કે તે આપણા દ્વારા કાર્ય કરવાને માટે સ્વતંત્ર હશે. પરમેશ્વર આપણને તેમની સેવા માટે તેડે છે અને આપણી ઉપર જબરદસ્ત જવાબદારીઓ મૂકે છે. તે આપણી પાસેથી એવી અપેક્ષા રાખે છે કે આપણે ફરિયાદ ના કરીએ, અને પોતાના તરફથી તે કોઈ સફાઈ નથી આપતા. પરમેશ્વરે જેવી રીતે તેમના પુત્રને વાપર્યા તેવી જ રીતે આપણને ઉપયોગમાં લેવા માંગે છે.

## આપણા સંદેશાનું કેન્દ્રબિંદુ

*"શાંતિ કરાવવાને હું આવ્યો છું એમ ન ધારો...પણ તરવાર ચલાવવાને હું આવ્યો છું."*
*(માથ્થી ૧૦:૩૪)*

જે વ્યક્તિની પરિસ્થિતિથી તમે આ નિર્ણય પર આવો છો કે પરમેશ્વર તેની સાથે કડક રીતે વ્યવહાર કરી રહ્યા છે તે વ્યક્તિ સાથે કદી વધુ સહાનુભૂતિ ના દર્શાવો. પરમેશ્વર આપણી સમજ કરતા કંઈક વધુ કોમળ છે, અને ક્યારેક તે આપણને તક આપે છે કે આપણે કોઈની સાથે સખ્તાઈથી વર્તીએ જેથી તેઓ પોતે કોમળ વ્યક્તિ તરીકે જોવા મળે. જો કોઈ વ્યક્તિ પરમેશ્વરની પાસે આવી શકતો નથી તો એનું કારણે એ છે કે તેની પાસે કોઈ ગુપ્ત બાબત છે જેને તે છોડવા માંગતો નથી - તે પોતાનું પાપ કબૂલ કરી શકે છે, પરંતુ કોઈ પણ કિંમતે તે બાબતને છોડવા માંગતો નથી. આવા લોકો સાથે સહાનુભૂતિનો વ્યવહાર કરવો અશક્ય છે. આપણે તેમના જીવનના ઊંડાણમાં સમસ્યાના જડ સુધી જવું પડશે; અને એવું કરવાથી સંદેશા પ્રત્યે વેર અને મનદુઃખ થાય છે. લોકો પરમેશ્વર તરફથી આશીર્વાદ ઈચ્છે છે, પરંતુ તેઓ એવી બાબતોને સહન કરી શકતા નથી જે વીંધી નાંખીને બાબતના મધ્યમાં પહોંચી જાય છે.

જો તમે પરમેશ્વરની રીત પ્રત્યે સંવેદનશીલ છો, તો તેમના સેવક હોવાને કારણે તમારો સંદેશ દયાવિહીન અને ભારપૂર્વક પ્રતિપાદન કરનાર હશે, અને ઊંડે સુધી વીંધી નાંખનાર હશે. જો એમ નહિ થાય તો, સાજાપણું પ્રાપ્ત નહિ થાય. આપણે સંદેશાને એટલા સામર્થ્યથી સંભળાવવો પડશે કે વ્યક્તિને છુપાવાની શક્યતા ના રહે, અને તે સંદેશાના સત્યને લાગુ કરવાની તેને ફરજ પડી જાય. જ્યાં સુધી તેઓ પોતાની ખરી જરૂરિયાતને ઓળખવાની શરૂઆત ના કરે ત્યાં સુધી લોકોની સાથે તેમની પરિસ્થિતિ અંગે વ્યવહાર કરો. ત્યારબાદ, તેમના જીવન માટે ઈસુના આદર્શને ઊંચું ઊઠાવો. તેમનો પ્રત્યુત્તર એ હોઈ શકે છે કે, "અમે તેવા તો કદી બની શકતા નથી." છતાં પણ તેમને ભારપૂર્વક એ કહો કે, "ઈસુ ખ્રિસ્ત કહે છે કે તમારે એવા જ બનવાનું છે." પરંતુ આપણે એવા કઈ રીતે બની શકીએ છીએ? "જ્યાં સુધી તમારી પાસે એક નવો આત્મા ના હોય, ત્યાં સુધી નથી બની શકતા"(જુઓ લૂક ૧૧:૧૩).

તમારો સંદેશો કોઈ રીતે ઉપયોગી બની શકે તે પહેલા, એક જરૂરિયાતનો અનુભવ થવો જરૂરી છે. આ જગતમાં હજારો લોકો એવા છે જેઓ પરમેશ્વર વગર પણ ખુશ છે. પરંતુ જો આપણે ઈસુ વિના ખરેખર જ ખુશ અને નૈતિક બની શકીએ છીએ, તો ઈસુ કેમ આવ્યા? તે એ માટે આવ્યા કેમ કે એ પ્રકારની ખુશી અને શાંતિ ફક્ત સપાટી પરની જ છે. તેમની પાસેના વ્યક્તિગત સંબંધ પર આધારિત નથી એવી તમામ પ્રકારની શાંતિ પર "તરવાર ચલાવવાને" ઈસુ ખ્રિસ્ત આવ્યા.

## યોગ્ય પ્રકારની સહાયતા

*"જો મને પૃથ્વી પરથી ઊંચો કરવામાં આવશે, તો હું સર્વને મારી તરફ ખેંચીશ"*
*(યોહાન ૧૨:૩૨)*

આપણામાંથી ખૂબ થોડા લોકોને આ પ્રકારની થોડી પણ સમજ છે કે ઈસુ ખ્રિસ્ત કેમ મર્યા. જો માણસોને ફક્ત સહાનુભૂતિની જ જરૂરત છે, તો ખ્રિસ્તનો વધસ્તંભ નિરર્થક છે અને તેની કોઈ જરૂરત નથી. સંસારને જે વસ્તુની જરૂરત છે, તે "થોડી માત્રમાં પ્રેમ" નહિ, પરંતુ એક શસ્ત્રક્રિયાની છે.

જ્યારે તમે કોઈ એવી વ્યક્તિ જે આત્મિક રીતે ખોવાયેલી છે તેની સામે મોઢા-મોઢ આવો છો ત્યારે પોતાને વધસ્તંભ પર લટકતા ઈસુ ખ્રિસ્તની યાદ અપાવો છો. જો તે વ્યક્તિ બીજી કોઈ રીતે પરમેશ્વર સુધી પહોંચી શકે છે, તો પછી ખ્રિસ્તનો વધસ્તંભ બિનજરૂરી છે. જો તમે એમ વિચારો છો કે તમે તમારી સહાનુભૂતિ અને સમજણ વડે ખોવાયેલા લોકોની સહાયતા કરી રહ્યા છો, તો તમે ઈસુ ખ્રિસ્ત પ્રત્યે વિશ્વાસઘાતી છો. ખ્રિસ્ત સાથે તમારો પોતાનો સંબંધ સીધો  હોવો જોઈએ, અને તમારે પોતાના જીવનને પરમેશ્વરની રીતથી બીજાઓની મદદ કરવા રેડી દેવા જોઈએ - માણસની એવી રીતથી નહિ કે જે પરમેશ્વરની અવગણના કરે છે. આજે જગતના ધર્મનો મુદ્રાલેખ એ છે કે સુખદ અને વિરોધ વગરની રીતે સેવા કરવી.

પરંતુ આપણી એક જ પ્રાથમિકતા હોવી જોઈએ કે આપણે વધસ્તંભ પર જડાયેલા ઈસુ ખ્રિસ્તને પ્રસ્તુત કરીએ - તેને દરેક સમયે ઊંચા ઊઠાવીએ(જુઓ ૨ કરિંથી ૨:૨). દરેક માન્યતા જે ખ્રિસ્તના વધસ્તંભમાં દ્રઢતાથી જડ ઘાલેલી ન હોય, તે લોકોને ભટકાવી દેશે. જો કાર્યકર્તા સ્વયં ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે અને ઉદ્ધારની વાસ્તવિકતા પર ભરોસો રાખે છે, તો જે લોકોની સાથે તે વાત કરે છે, તેઓને તેના શબ્દો પ્રભાવિત કરીને ફરજ પાડશે. સૌથી મહત્વની વાત એ છે કે ઈસુ ખ્રિસ્તની સાથે કાર્યકર્તાનો સરળ સંબંધ મજબૂત અને વૃદ્ધિ પામતો હોવો જોઈએ. પરમેશ્વરને માટે તેની ઉપયોગિતા આની પર આધાર રાખે છે, બીજી કોઈ વાત પર નહિ.

નવા કરારના કાર્યકર્તાનું તેડું પાપને ખુલ્લુ કરવું અને ઈસુ ખ્રિસ્તને તારણહારના રૂપમાં પ્રગટ કરવા એ છે. આથી, તે હંમેશા મનોહર અને મૈત્રીપૂર્ણ હોઈ શકતો નથી, પરંતુ તેણે મોટી શસ્ત્રક્રિયા કરવાને માટે કઠોર બનવાને માટે તૈયાર હોવું જોઈએ. આપણને પરમેશ્વર દ્વારા ઈસુ ખ્રિસ્તને ઊંચા ઊઠાવવાને માટે મોકલવામાં આવ્યા છે, અદ્‌ભૂત રીતે સુંદર ભાષણો આપવા નહિ જેટલા ઊંડાણથી પરમેશ્વરે આપણી પરખ કરી છે તેટલા જ ઊંડાણથી આપણે બીજાની પરખ કરવી જોઈએ, આપણે સત્યને સમજાવનાર બાઈબલના ભાગોને શોધી કાઢવા ખૂબ જ તીવ્રતાથી સભાન હોવું જોઈએ, અને તેનું લાગુ કરવામાં ડરવું જોઈએ નહિ.

## અનુભવ અથવા પરમેશ્વરનું પ્રગટ થયેલ સત્ય?

*"અમે જગતનો આત્મા નહિ, પણ જે આત્મા પરમેશ્વર તરફથી છે તે પામ્યા છીએ; જેથી પરમેશ્વરે આપણને જે વાનાં આપેલાં છે તે અમે જાણીએ"*
*(૧ કરિંથી ૨:૧૨)*

મારો અનુભવ ઉદ્ધારને વાસ્તવિક નથી બનાવતો - ઉદ્ધાર તો પહેલેથી જ એક વાસ્તવિકતા છે. ઉદ્ધારનો મારા માટે ત્યાં સુધી કોઈ અર્થ નથી જ્યાં સુધી તે મારા સજાગ જીવન દ્વારા કાર્ય નથી કરતો. જ્યારે હું નવો જન્મ પામું છું, ત્યારે પરમેશ્વરનો આત્મા મને મારા અનુભવો તથા મારી જાતની પેલે પાર લઈ જાય છે, અને મને ઈસુ ખ્રિસ્ત સાથે એક કરી દે છે. જો હું ફક્ત મારા વ્યક્તિગત અનુભવો સાથે રહી જાઉં છું, તો હું એવી ચીજ સાથે રહી જાઉં છું જે ઉદ્ધારથી પેદા થતી નથી. પરંતુ ઉદ્ધારથી પેદા થનાર અનુભવ મને મારાથી પેલી પાર એવી સ્થિતિ સુધી લઈ જવા દ્વારા પોતાની જાતને સાબિત કરે છે કે હું અનુભવોને વાસ્તવિકતાનો આધાર માનીને તેમની તરફ ફરી કદી ધ્યાન નથી આપતો. તેના બદલે, હું એ જોઉં છું કે ફક્ત વાસ્તવિકતાએ અનુભવોને પેદા કર્યા જ્યાં સુધી મારા અનુભવો મને સત્યના સ્રોત, અર્થાત્ ઈસુ ખ્રિસ્તની પાસે નથી રાખતા ત્યાં સુધી તે અનુભવોની કોઈ કિંમત નથી.

જો તમે તમારી અંદર વાસ કરનાર પવિત્ર આત્માને એ ઈચ્છાથી રોકવાની કોશિશ કરશો કે તે વધુ આંતરિક અનુભવને ઉત્પન્ન કરે, તો તમે જોશો કે તે તમારી પકડને તોડી નાખશે અને તમને ફરીથી ઐતિહાસિક ખ્રિસ્તની પાસે લઈ જશે. એવા કોઈ અનુભવનું સમર્થન ન કરો જેનો સ્રોત પરમેશ્વર નથી અને જેનું પરિણામ પરમેશ્વરમાં વિશ્વાસ નથી. જો તમે એવું કરશો, તો તમારો અનુભવ ખ્રિસ્તવિરોધી હશે, પછી ભલેને તમને કોઈ પણ દર્શન કે અંતર્દ્રષ્ટિ કેમ ના પ્રાપ્ત થઈ હોય. શું ઈસુ ખ્રિસ્ત તમારા અનુભવોનો પ્રભુ છે, કે તમે પોતાના અનુભવોને તેનાથી ઊંચું સ્થાન આપો છો? શું તમારો કોઈ પણ અનુભવ તમારા માટે તમારા પ્રભુથી વધુ પ્રિય છે? તમારે પરમેશ્વરને તમારી ઉપર પ્રભુ થવાની મંજૂરી આપવી જોઈએ, અને કોઈ એવા અનુભવ તરફ ધ્યાન ન આપવું જોઈએ જેની ઉપર તે પ્રભુ ના હોય. ફરીથી એક એવો સમય આવશે જ્યારે પરમેશ્વર તમને તમારા જ અનુભવથી બેચેન કરી દેશે, અને તમે પ્રમાણિકપણાથી કહી શકશો કે, "મને એની ચિંતા નથી કે હું શું અનુભવ કરું છું - મને પરમેશ્વર અંગે સંપૂર્ણ ખાતરી છે!"

જો તમને તમારા અનુભવો અંગે વાત કરવાની આદત છે, તો પોતાની જાત સાથે કઠોરતાથી અને કડકાઈથી વર્તન કરો. અનુભવ પર આધારિત વિશ્વાસ વાસ્તવમાં વિશ્વાસ નથી હોતો; પરમેશ્વરના પ્રગટ થયેલા સત્ય પર આધારિત જે વિશ્વાસ હોય તે જ એક માત્ર વિશ્વાસ છે.

## પિતાનું આપણને ખેંચવું

*"જે મારા બાપે મને મોકલ્યો છે, તેના ખેંચ્યા વિના કોઈ માણસ મારી પાસે આવી નથી શકતો"*
*(યોહાન ૬:૪૪)*

જ્યારે પરમેશ્વર મને પોતાની તરફ ખેંચવાનું શરૂ કરે છે, ત્યારે મારી ઈચ્છાની સમસ્યા તરત જ વચ્ચે આવી જાય છે. પરમેશ્વરે જે સત્યને પ્રગટ કર્યું છે, તેના પ્રત્યે શું હું હકારાત્મક પ્રતિક્રિયા આપીશ? શું હું તેની પાસે આવીશ? જ્યારે પરમેશ્વર તેડે છે ત્યારે આત્મિક બાબતો પ્રત્યે ચર્ચા કરીને તપાસવું કે સલાહ લેવી તે અયોગ્ય અને પરમેશ્વર પ્રત્યે અનાદરપૂર્ણ હોય છે. જ્યારે પરમેશ્વર બોલે છે, તો બીજાઓ સાથે કદી ચર્ચા ન કરશો(જુઓ ગલાતી ૧:૧૫-૧૬). વિશ્વાસ બૌદ્ધિક ક્રિયાનું પરિણામ નથી, પરંતુ મારી એ ઈચ્છાનું પરિણામ હોય છે, જેના દ્વારા હું પોતાને સમર્પિત કરું છું. શું હું મને પોતાને પરમેશ્વરના ભરોસે મૂકીને સમર્પિત કરીશ, અને શું હું ફક્ત તે જે કહે છે તે પર કાર્યવાહી કરવા તૈયાર થઈ જઈશ? જો હું એવું કરીશ, તો જાણીશ કે જે વાસ્તવિકતામાં હું સ્થિર છું, તે એટલી જ નિશ્ચિત છે જેટલું પરમેશ્વરનું રાજ્યાસન સ્થિર છે.

સુવાર્તા પ્રગટ કરતા સમયે, હંમેશા ઈચ્છાની બાબત પર ધ્યાન કેન્દ્રિત કરો. વિશ્વાસ તે વિશ્વાસ કરવાની ઈચ્છામાંથી આવવો જોઈએ. સમર્પણ આપણી ઈચ્છાનું હોવું જોઈએ, સમર્પણ મનને મનાવે તેવા અથવા શક્તિશાળી દલીલો પ્રત્યે ના હોવું જોઈએ. મારે પરમેશ્વર અને તેમના સત્ય પ્રત્યે વિશ્વાસ રાખવો જોઈએ, જ્યાં સુધી હું પોતાના કાર્યો પર નહિ, પરંતુ ફક્ત પરમેશ્વર પર ભરોસો કરવા લાગું ત્યાં સુધી ઈરાદાપૂર્વક બહાર નીકળવું જોઈએ. અવરોધ ત્યારે આવે છે જ્યારે હું પરમેશ્વર પર નહિ, પરંતુ પોતાની માનિસક સમજ પર ભરોસો રાખું છું. મારી પોતાની લાગણીઓની અવગણના કરું અને તેમને પાછળ છોડી દઉં તે માટે મારે તૈયાર રહેવું જોઈએ. મારે વિશ્વાસ કરવાની ઈચ્છા કરવી જોઈએ. પરંતુ આ ત્યાર સુધી નથી થઈ શકતું જ્યાં સુધી હું એક બળવાન દ્રઢનિશ્ચયથી પોતાને બાબતોને નિહાળવાની મારી જૂની રીતમાંથી દૂર ના કરી દઉં. જરૂરી એ છે કે હું પોતાને સંપૂર્ણપણે પરમેશ્વરને સમર્પિત કરી દઉં.

દરેક વ્યક્તિની રચના એ યોગ્યતા સાથે કરવામાં આવી છે કે તે પોતાની પહોંચની પેલે પાર પહોંચવાની કોશિશ કરી શકે છે. પરંતુ તેમ કરનાર પરમેશ્વર છે, જે મને ખેંચે છે, અને પ્રથમ સ્થાને તેમની સાથેનો મારો સંબંધ બૌદ્ધિક નહિ, પરંતુ એક આંતરિક વ્યક્તિગત સંબંધ છે. હું આ સંબંધમાં પરમેશ્વરના ચમત્કાર દ્વારા અને વિશ્વાસ કરવાની પોતાની ઈચ્છા દ્વારા આવું છું. ત્યારબાદ હું મારા જીવનમાં બદલાણના ચમત્કારની સમજણ અને કદરને અનુભવું છું.

## પ્રાયશ્ચિતમાં સહભાગી બનવું

*“પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ સિવાય હું બીજા કશામાં અભિમાન કરું એવું ન થાઓ...”*
*(ગલાતી ૬:૧૪)*

ઈસુ ખ્રિસ્તની સુવાર્તા હંમેશા આપણી ઈચ્છાને નિર્ણય કરવા માટે વિવશ કરે છે. પાપનો ન્યાય કરતો પરમેશ્વરનો ન્યાયચૂકાદો જે ખ્રિસ્તના વધસ્તંભ પર આવ્યો તેવુ શું હું સ્વીકારું છું? શું મને ઈસુના મરણમાં જરા પણ રસ છે? શું હું તેના મરણમાં તેમની સાથે એકરૂપ થવાનું ઈચ્છું છું - કે હું પાપ, સાંસારિકતા, અને પોતાનામાં જે સંપૂર્ણ રૂચિ છે તે પ્રત્યે સંપૂર્ણ રીતે મરણ પામું? શું હું ઈસુની સાથે એટલો ગાઢ રીતે એક થવા તરસું છું કે તેમને અને તેમના ઉદ્દેશો સિવાય, બીજી કોઈ પણ બાબતને માટે મારું કોઈ મહત્વ ના રહે? શિષ્યપણાનું મહાન સૌભાગ્ય એ છે કે હું પોતાને ખ્રિસ્તના વધસ્તંભના ઝંડા નીચે સમર્પિત કરી શકું છું - અને તેનો અર્થ છે પાપ પ્રત્યે મૃત્યુ. તમારે ઈસુની સાથે એકાંતમાં મળવું જોઈએ, અથવા તો તમારે એવું કહેવાનો નિર્ણય કરવો જોઈએ કે તમે નથી ઈચ્છતા કે તમારી અંદર પાપ મરે, નહીં તો પછીથી એમ થાય કે તમે કોઈ પણ કિંમતે તેમના મરણમાં તેમની સાથે એક થવા માંગો છો. જ્યારે તમે ભરોસાપાત્ર વિશ્વાસ સાથે તે બાબત પર કાર્યવાહી કરશો જે આપણા પ્રભુએ વધસ્તંભ પર કરી, તો તમે તે જ સમયે એક અલૌકિક રીતથી તેમના મરણમાં તેમની સાથે એક થઈ જશો અને તમે એક ઉચ્ચ જ્ઞાન દ્વારા જાણશો કે તમારું જૂનું જીવન “તેમની સાથે વધસ્તંભ પર જડાયું”(રોમનોને પત્ર ૬:૬). તમારુ જૂનું જીવન “ખ્રિસ્ત સાથે વધસ્તંભ પર ચઢાવવામાં આવ્યું” તેના દ્વારા મરણ પામ્યું છે (ગલાતી ૨:૨૦) તેની સાબિતી એ છે કે, તમને એ સરળતા થશે જેના દ્વારા તમારી અંદર પરમેશ્વરનું જીવન તમને ઈસુ ખ્રિસ્તની આજ્ઞા માનવાને સક્ષમ કરે છે.

દરેક સમયે આપણા પ્રભુ આપણને તેની ઝલક આપે છે કે જો આપણા પર તેમની કૃપા ન થતી, તો આપણે કેવા હોત. આ એ વાતની ખાતરી છે કે, “મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી”(યોહાન ૧૫:૫). આ જ કારણ છે ખ્રિસ્તીપણાનો પાયો પ્રભુ ઈસુ પ્રત્યે એક વ્યક્તિગત, જોશપૂર્ણ ભક્તિ છે. પરમેશ્વરના રાજ્ય સાથે આપણા પ્રથમ પરિચયના આનંદને આપણે તેમનો ઉદ્દેશ સમજવાની ભૂલ કરી બેસીએ છીએ. પરંતુ આપણને તેમના રાજ્યમાં લાવવાનો પરમેશ્વરનો ઉદ્દેશ એ છે કે આપણે સમજી શકીએ કે ઈસુ ખ્રિસ્ત સાથે આપણા એક થઈ જવાનો સંપૂર્ણ અર્થ શું છે?

## ડિસેમ્બર ૨૪

# ગુપ્ત રાખવામાં આવેલ જીવન

*"...તમારું જીવન ખ્રિસ્તની સાથે પરમેશ્વરમાં ગુપ્ત રાખવામાં આવ્યું છે"*
*(કલોસી ૩:૩)*

પરમેશ્વરનો આત્મા "ખ્રિસ્તની સાથે પરમેશ્વરમાં ગુપ્ત રાખવામાં આવેલ" જીવનની સરળ પરંતુ સર્વશક્તિમાન સુરક્ષાની સાક્ષી આપે છે અને તેની ખાતરી આપે છે. પાઉલ નવા કરારના પોતાના પત્રોમાં આ વાતને હંમેશા ખુલ્લા કરે છે. આપણે એવી રીતે વાત કરીએ છીએ જાણે કે પવિત્ર કરવામાં આવેલું જીવન જીવવું તે સૌથી અનિશ્ચિત અને અસુરક્ષિત કામ છે જે આપણે કરી શકીએ છીએ. પરંતુ આ સૌથી વધુ સુરક્ષિત બાબત છે જે સંભવ છે કેમ કે સર્વશક્તિમાન પરમેશ્વર આમાં છે અને એની પાછળ છે. પરમેશ્વર વગર જીવન જીવવાનો પ્રયત્ન કરવો તે સૌથી ખતરનાક અને અનિશ્ચિત કાર્ય છે. જો આપણે પરમેશ્વરની ચેતવણીઓની તરફ ધ્યાન આપીએ અને "પ્રકાશમાં ચાલીએ"(૧યોહાન ૧:૭) તો જે વ્યક્તિનો નવો જન્મ થયો છે તેને માટે ભૂલ કરવા કરતા પરમેશ્વર સાથે એક સીધા અને યોગ્ય સંબંધમાં જીવવું તે સરળ છે.

જ્યારે આપણે પાપથી છુટકારો પ્રાપ્ત કરવા, "આત્માથી ભરપૂર થવા"(એફેસી ૫:૧૮), અને "પ્રકાશમાં ચાલીએ" તે માટે વિચાર કરીએ છીએ તો આપણા મનમાં એક મોટા પહાડની ટોચનું ચિત્ર ઉભરી આવે છે. તે આપણને ખૂબ ઊંચી અને અદ્‌ભુત દેખાય છે, અને આપણે કહીએ છીએ કે, "હું આટલી ઊંચી જગ્યા પર કદીયે રહી શકતો નથી!" પરંતુ જ્યારે આપણે પરમેશ્વરની કૃપાથી ત્યાં પહોંચી જઈએ છીએ ત્યારે આપણને માલૂમ પડે છે કે તે પહાડની ટોચ નથી, પરંતુ પહાડ પરનો ઉચ્ચપ્રદેશ છે, જ્યાં જીવવા અને વૃદ્ધિ પામવા માટે પુષ્કળ જગ્યા છે. "તેં મારી ચાલવાની જગા ખુલ્લી કરી છે, જેથી મારા પગ સરકી ગયા નથી"(ગી.શા. ૧૮:૩૬).

જ્યારે તમે ઈસુને ખરેખર જોઈ લેશો, તો હું તમને નિશ્ચિતરૂપથી કહી શકું છું કે તમે તેમની પર સંદેહ નહિ કરો. જ્યારે તે એમ કહે છે. "તમારા હૃદયોને વ્યાકુળ થવા ન દો..."(યોહાન ૧૪:૨૭) ત્યારે જો આપણે તેમને જોઈ લઈએ છીએ તો, હું તમને નિશ્ચિતતાથી કહી શકું છું કે તમે ચિંતિત નહિ થાવ. જ્યારે તે હાજર હોય ત્યારે સંદેહ કરવો અસંભવ હોય છે. દરેક વખતે જ્યારે તમે ઈસુની સાથે વ્યક્તિગત સંપર્કમાં હોવ છો, ત્યારે તેમના વચન તમારા માટે સત્ય હોય છે, "તમારું જીવન ખ્રિસ્તની સાથે પરમેશ્વરમાં ગુપ્ત રાખવામાં આવ્યું છે" અને ઈસુ ખ્રિસ્તની શાંતિ, જેને કોઈ વિક્ષેપ કરી શકતું નથી તે તમને આપવામાં આવી છે.

## તેમનો જન્મ અને આપણો નવો જન્મ

*"જુઓ, કુંવારી ગર્ભવતી થશે, ને તેને દીકરો થશે*
*અને તેનું નામ તેઓ ઈમ્માનુએલ પાડશે, જેનો અર્થ એ છે કે,*
*પરમેશ્વર આપણી સાથે"*
*( માથ્થી ૧:૨૩)*

ઈતિહાસમાં તેમનો જન્મઃ "...માટે જે તારાથી જનમશે તે પવિત્ર પરમેશ્વરનો દીકરો કહેવાશે"(લૂક ૧:૩૫). ઈસુ ખ્રિસ્ત આ જગતમાં જન્મ્યા, આ જગતથી નહિ. તે ઈતિહાસમાંથી નથી નીકળ્યા, તેઓ બહારથી ઈતિહાસમાં આવ્યા. ઈસુ ખ્રિસ્ત તે સૌથી ઉત્તમ માણસ નથી જેના માટે માનવ જાતિ ઘમંડ કરે - તેઓ એવા વ્યક્તિ છે જેમના માટે માનવજાતિ કોઈ જ શ્રેય નથી લઈ શકતી. તેઓ માણસ હતા અને પરમેશ્વર બન્યા એમ નથી, પરંતુ પરમેશ્વર હોવા છતાં દેહધારણ કર્યો - પરમેશ્વર બહારથી માનવ શરીરમાં આવ્યા, તેમનું જીવન સૌથી નમ્ર માર્ગેથી આવનાર સૌથી ઊચ્ચ અને સૌથી પવિત્ર છે. આપણા પ્રભુનો જન્મ એક આગમન હતું - માનવરૂપમાં પરમેશ્વરનું પ્રગટ થવું.

મારામાં તેમનો જન્મ : "હે મારાં નાના છોકરાં ખ્રિસ્તની પ્રતિમા તમારામાં ઉત્પન્ન થાય, ત્યાં સુધી તમારે માટે મને ફરીથી પ્રસૂતાના જેવી વેદના થાય છે"(ગલાતી ૪:૧૯). જેવી રીતે આપણા પ્રભુ બહારથી માનવ ઈતિહાસમાં આવ્યા, તેવી રીતે તેમણે મારી અંદર પણ બહારથી આવવાનું છે. શું મેં મારા વ્યક્તિગત માનવજીવનને પરમેશ્વરના પુત્રને માટે એક "બેથલેહેમ" બનવા દીધું છે? હું પરમેશ્વરના રાજ્યમાં ત્યાં સુધી પ્રવેશ કરી શકતો નથી જ્યાં સુધી હું ઉપરથી નવો જન્મ ના લઉં, એવો જન્મ જે શારીરિક જન્મથી બિલકુલ ભિન્ન હોય છે. "તમારે નવો જન્મ પામવો જોઈએ"(યોહાન ૩:૭). આ એક આજ્ઞા નથી પરંતુ પરમેશ્વરના અધિકાર પર આધારિત એક સત્ય છે. નવા જન્મની સાબિતી એ છે કે હું પોતાને પરમેશ્વરને એટલી સંપર્ણતાથી સોંપી દઉં છું કે, "ખ્રિસ્તની પ્રતિમા મારામાં બને છે" અને એકવાર જ્યારે ખ્રિસ્તની પ્રતિમા મારામાં બને છે, તો તે જ સમયે તેમનો સ્વભાવ મારા દ્વારા કામ કરવાની શરૂ કરી દે છે.

પરમેશ્વર શરીરમાં પ્રગટઃ આ ઈસુ ખ્રિસ્ત દ્વારા મનુષ્યના ઉદ્ધારથી તમારે માટે અને મારા માટે એટલી ગંભીરરૂપથી સંભવ કરવામાં આવ્યું છે.

ડિસેમ્બર ૨૬

## ''પ્રકાશમાં ચાલો''

*''જેમ તેઓ પ્રકાશમાં છે તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ, તો...*
*તેમના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે.''*
*(૧ યોહાન ૧:૭)*

ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા થતા પ્રાયશ્ચિતથી પાપથી છુટકારો પ્રાપ્ત કરવાને ફક્ત જાગૃત અવસ્થામાં જ પાપથી મુક્તિ સમજવી એક ભારે ભૂલ હોય છે. જ્યાં સુધી વ્યક્તિનો નવો જન્મ નથી થતો ત્યાં સુધી તે એ જાણતો નથી કે પાપ શું છે. પાપ જ એ બાબત છે જેનો ઈસુ ખ્રિસ્તે કાલવરી પર સામનો કર્યો હતો. મને પાપથી છુટકારો મળ્યો છે તેની સાબિતી એ છે કે હું મારી અંદર પાપના ખરેખરા સ્વભાવને જાણું છું. એક વ્યક્તિએ ખરેખર પાપ શું છે એ જાણવા માટે, ઈસુ ખ્રિસ્તના પ્રાયશ્ચિતના સંપૂર્ણ કાર્યને ઊંડા સ્પર્શની, અર્થાત્ તેમની સંપૂર્ણ પૂર્ણતાને પ્રાપ્ત કરવાની જરૂર છે.

પવિત્ર આત્મા ઊંડા અસભાન ક્ષેત્રની સાથે સાથે સભાન ક્ષેત્રમાં પણ પ્રાયશ્ચિતના કાર્યને આપણી પર લાગુ કરે છે. જ્યાં સુધી આપણે પરમેશ્વરના આત્માના અજોડ સામર્થ્યને સંપૂર્ણ રીતે સમજી શકતા નથી ત્યાં સુધી આપણે ૧ યોહાન ૧:૭ નો અર્થ નથી સમજતા,જે જણાવે છે કે, ''તેના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે'' આ વચન ફક્ત સભાન પાપની તરફ નહિ, પરંતુ પાપની ઊંડી સમજની તરફ પણ ઈશારો કરે છે, જેને ફક્ત મારી અંદર વસનાર પવિત્ર આત્મા પૂર્ણ કરી શકે છે.

મારે, ''જેમ તે પ્રકાશમાં છે તેમ...પ્રકાશમાં ચાલવાનું છે...'' મારા વિવેકના પ્રકાશમાં નહિ, પરંતુ પરમેશ્વરના પ્રકાશમાં ચાલવાનું છે. જો હું કોઈ બાબતને રોક્યા અથવા છુપાવ્યા વગર ત્યાં ચાલીશ, તો તે અદ્ભુત સત્ય મને પ્રગટ કરાશે કે, ''...તેના પુત્ર ઈસુનું રક્ત મને સઘળાં પાપથી શુદ્ધ કરે છે.'' જેથી સર્વશક્તિમાન પરમેશ્વર મારામાં શિક્ષા કરવા લાયક કશું  જોઈ ના શકે. સભાન સ્તર પર તે આ અંગે એક દુ:ખદાયક જાણકારી ઉત્પન્ન કરે છે કે વાસ્તવમાં પાપ શું છે. મારામાં કામ કરતા, પાપ પ્રત્યે પવિત્ર આત્માની નફરત સાથે, પરમેશ્વરનો પ્રેમ મને તે ચીજોથી નફરત કરાવે છે જે પરમેશ્વરની પવિત્રતાને અનુકૂળ નથી હોતી. ''પ્રકાશમાં ચાલવા'' નો અર્થ એ છે કે એવી દરેક બાબતો જે અંધકારની છે, તેઓ મને પ્રકાશની મધ્ય તરફ જવા પ્રેરિત કરે છે.

## જ્યાં લડાઈ જીતવામાં કે હારવામાં આવે છે

*"યહોવા કહે છે, રે ઈસ્રાએલ, જો તું ફરે તો મારી ભણી ફર..."*
*(યર્મિયા ૪:૧)*

આપણી લડાઈ સૌથી પહેલા પરમેશ્વરની હજૂરમાં આપણી ઈચ્છાના ગુપ્ત સ્થાનોમાં લડવામાં આવે છે, ખુલ્લેઆમ નહિ. પરમેશ્વરનો આત્મા મને ખૂબ જોરથી પકડી લે છે અને હું પરમેશ્વરની સાથે એકાંતમાં આવીને તેની સામે લડાઈ લડવાને માટે મજબૂર થઈ જાઉં છું. જો હું એમ નહિ કરું, તો દરેક વખતે લડાઈ હારી જઈશ. લડાઈ એક મિનિટની પણ હોઈ શકે છે અને એક વર્ષની પણ હોઈ શકે છે, પરંતુ તે મારી પર આધાર રાખે છે, પરમેશ્વર પર નહિ, ચાહે કેટલો પણ સમય લાગે, પરંતુ મારે પરમેશ્વરની આગળ મલ્લયુદ્ધ કરવું પડશે, અને મારે સ્વૈચ્છિક ત્યાગ કરવા અને નકાર કરવાના નર્કમાંથી પસાર થવાનો સંકલ્પ કરવો પડશે. જે વ્યક્તિએ પરમેશ્વરની આગળ લડાઈ લડીને વિજય પ્રાપ્ત કર્યો છે, તેની ઉપર કોઈ બાબતનું સામર્થ્ય નથી હોતું.

મારે એવું કદી ના કહેવું જોઈએ કે, "હું મુશ્કેલ સંજોગોમાં પડવાની પ્રતીક્ષા કરીશ, અને પછી હું પરમેશ્વરને પારખીશ" એવું કરવાની કોશિશ સફળ થશે નહિ. સૌપ્રથમ મારે પરમેશ્વર અને મારી પોતાની વચ્ચેના મુદ્દાને મારા મનના ગુપ્ત સ્થાનમાં જ્યાં કોઈ જ દખલ ના કરી શકે, ત્યાં સુલઝાવવો પડશે. ત્યાર પછી હું એ નિશ્ચિતતાથી આગળ વધી શકું છું કે લડાઈ જીતી લેવામાં આવી છે. જો તમે ત્યાં લડાઈ હારી જશો, તો સંસારની સામે ક્લેશ, વિપત્તિ અને હાર એટલી જ નિશ્ચિત હશે જેટલા નિશ્ચિત પરમેશ્વરના નિયમો છે. લડાઈમાં હારી જવાનું કારણ એ છે કે હું તેને પહેલાં બાહ્ય સંસારમાં લડું છું. પરમેશ્વરની સાથે એકાંતમાં આવી જાવ, તેમની સામે લડાઈ લડો, અને હંમેશાને માટે જે તે બાબતનો ફેંસલો કરી લો.

બીજા લોકો સાથે વ્યવહાર કરતી વખતે, આપણું વલણ એવું હોવું જોઈએ કે આપણે તેમને તેમની ઈચ્છા અનુસાર ફેંસલો કરવાને માટે ફરજ પાડીએ. પરમેશ્વર પ્રત્યે સમર્પણ એમ જ શરૂ થાય છે. હંમેશા તો નહિ, પરંતુ ક્યારેક ક્યારેક પરમેશ્વર આપણને એક મહત્વપૂર્ણ વળાંક પર - આપણા જીવનના સંગમ સ્થાને લઈ આવે છે. તે સ્થાનેથી આપણે યા તો એક વધુ ધીમા આળસુ અને બેકાર ખ્રિસ્તી જીવન તરફ આગળ વધીએ છીએ, અથવા તો આપણે અધિક તેજસ્વી થતા જઈએ થઈએ અને પરમેશ્વરના સર્વોચ્ચ ને માટે આપણું સર્વોત્તમ આપીએ છીએ - તેમના મહિમા માટે આપણું સર્વશ્રેષ્ઠ.

## સતત થતું બદલાણ

*"...જો તમે નહિ ફરો, ને બાળકોના જેવા નહિ થાઓ,*
*તો આકાશના રાજ્યમાં તમે નહિ જ પેસશો"*
*(માથ્થી ૧૮:૩)*

આપણા પ્રભુના આ શબ્દો આપણા શરૂઆતના બદલાણ તરફ ઈશારો કરે છે, પરંતુ આપણે બાળકોની જેમ સતત પરમેશ્વર તરફ ફરતા રહેવું જોઈએ, અને આપણા જીવનના દરેક દિવસ સતત મનનું બદલાણ કરતા રહેવું જોઈએ. જો આપણે પરમેશ્વરની યોગ્યતાઓને બદલે આપણી યોગ્યતાઓ પર ભરોસો કરીશું, તો આપણે એવા પરિણામોને ઉત્પન્ન કરીશું જેને માટે પરમેશ્વર આપણને જવાબદાર ઠેરવશે જ્યારે પોતાની સર્વોપરિતા દ્વારા, પરમેશ્વર આપણને નવી પરિસ્થિતિઓમાં લાવે છે, તો આપણે તરત એ સુનિશ્ચિત કરી લેવું જોઈએ કે આપણું શારીરિક જીવન પરમેશ્વરના આત્માની આજ્ઞાઓનું પાલન કરીને આપણા આત્મિક જીવનને આધીન રહે. ભૂતકાળમાં આપણે તેમને યોગ્ય અને ઉચિત પ્રત્યુત્તર આપ્યો છે તેનો અર્થ એ નથી કે ભવિષ્યમાં પણ આપણે એવું કરીશું. આત્મિક પ્રત્યે શારીરિકનો પ્રત્યુત્તર એક સતત થતું મનનું બદલાણ હોવું જોઈએ, પરંતુ આ જ એ સ્થિતિ છે જ્યાં આપણે આજ્ઞાંકિત બનવાનો ઈનકાર કરી દઈએ છીએ. આપણી સ્થિતિ ગમે તે હોય, પરમેશ્વરનો આત્મા કદી નથી બદલાતો અને તેમનું તારણ બદલાતું નથી. પરંતુ આપણે "નવા માણસપણાને પહેરી..." લેવાનું છે(એફેસી ૪:૨૪). દરેક વખતે જ્યારે આપણે મનના બદલાણનો ઈનકાર કરીએ છીએ, તો પરમેશ્વર આપણને જવાબદાર ઠરાવે છે, અને તે આપણા મનના બદલાણ કરવાના ઈન્કારને તે ઈરાદાપૂર્વકનું અનાજ્ઞાંકિતપણુ માને છે. આપણા શારીરિક જીવને આપણી પર શાસન ના કરવું જોઈએ - પરમેશ્વરે આપણી અંદર શાસન કરવું જોઈએ.

સતત મનનું બદલાણ કરવાથી ઈનકાર કરવો તે આપણા આત્મિક જીવનની વૃદ્ધિમાં એક અવરોધ ઊભો કરે છે. આપણા જીવનમાં હઠીલાઈના ક્ષેત્રો હોય છે, જ્યાં આપણું ઘમંડ પરમેશ્વરના રાજ્યાસન પર અપમાન ઢોળે છે અને કહે છે કે, "હું આધીન નહિ થાઉં" આપણે આપણી સ્વાધીનતા અને આપણી હઠને પોતાનો ઈશ્વર બનાવી દઈએ છીએ અને તેમને ખોટા નામથી બોલાવીએ છીએ. આપણા જીવનના ઘણા સંપૂર્ણ ક્ષેત્રો એવા છે જેમને હજુ સુધી આધીનતામાં લાવવામાં નથી આવ્યા, અને તે ફક્ત સતત થનાર મનના બદલાણ દ્વારા જ થઈ શકે છે. ધીમે ધીમે, પરંતુ નિશ્ચિતતાની સાથે, આપણે પરમેશ્વરના આત્મા માટે સંપૂર્ણ ક્ષેત્ર પર અધિકાર કરી શકીએ છીએ.

ડિસેમ્બર ૨૯

## ભાગેડું કે શિષ્ય?

*"આ સાંભળીને તેમના શિષ્યોમાંના ઘણાંક પાછા જઈને ત્યાર પછી તેમની સાથે ચાલ્યા નહિ"*
*(યોહાન ૬:૬૬)*

જ્યારે પરમેશ્વર પોતાના આત્મા દ્વારા પોતાના વચનથી તમને પોતાની ઈચ્છાનું સ્પષ્ટ દર્શન આપે છે ત્યારે તમારે તો દર્શનના "પ્રકાશમાં ચાલવું" જોઈએ(૧ યોહાન ૧:૭). તમારુ મન અને તમારો આત્મા તેનાથી રોમાંચિત થઈ શકે છે. પરંતુ જો તમે તેના "પ્રકાશમાં" ના "ચાલો" તો તમે દાસત્વના એ સ્તર સુધી પડી જશો જે પરમેશ્વરનો ઈરાદો કદી નહોતો. માનસિક રૂપથી "સ્વર્ગીય દર્શન"(પ્રે.કૃ. ૨૬:૧૯) ની આજ્ઞા ના માનવી તે તમને એવા વિચારો અને મતના દાસ બનાવી દેશે જે ઈસુ ખ્રિસ્ત માટે બિલકુલ અપરિચિત છે. બીજા કોઈની તરફ જોઈને એમ ના કહેશો કે, "જો તે આવો દ્રષ્ટિકોણ રાખીને પણ સમૃદ્ધ થઈ શકે છે, તો હું આવું કેમ નથી કરી શકતો?" તમારે એ દર્શનના "પ્રકાશમાં ચાલવાનું" છે જે તમને આપવામાં આવ્યો છે. તમારી સાથે બીજાની સરખામણી ના કરો; વળી તેમની ઉપર ન્યાય પણ ના કરો - તે પરમેશ્વર અને તેમની વચ્ચેની બાબત છે. જ્યારે તમને લાગે છે કે તમારો કોઈ પ્રિય અને પ્રબળતાથી પકડેલ દ્રષ્ટિકોણ તે "સ્વર્ગીય દર્શન" નો વિરોધ કરે છે, તો વાદ-વિવાદ કરવાનું શરૂ ના કરો. જો તમે એમ કરશો તો તમારી અંદર એક સંપતિ અને વ્યક્તિગત અધિકારની ભાવના આવી જશે; ઈસુએ એ વાતોને કોઈ મહત્વ આપ્યું નથી. તે આ બાબતોને પોતાનાથી જેને કંઈ લાગતુ વળગતુ નથી એવી વસ્તુઓની જડ માનતા હતા - "...કોઈનું જીવન તેની પુષ્કળ મિલકતમાં રહેલું નથી"(લૂક ૧૨:૧૫). જો આપણે જોતા નથી અને સમજતા નથી તો એનું કારણ એ છે કે આપણે આપણા પ્રભુના શિક્ષણના પાયાના સિદ્ધાંતોની અવગણના કરીએ છીએ.

આપણું વલણ એ હોય છે કે આપણા હાથ પર હાથ રાખીને જ્યારે પરમેશ્વરે તેમની ઈચ્છા આપણને પ્રગટ કરી હતી તેના અદભુત અનુભવોમાં ખોવાએલા રહીએ છીએ, પરંતુ જો પરમેશ્વરના પ્રકાશથી નવા કરારના કોઈ ધોરણને આપણી આગળ પ્રગટ કરવામાં આવે છે, અને આપણે તે સ્તર સુધી પહોંચવાની કોશિશ નથી કરતા, અને કોશિશ કરવાની ઈચ્છા પણ નથી રાખતા, તો આપણે પાછા હટવા લાગીએ છીએ. એનો અર્થ એ થાય છે કે તમારું અંતઃકરણ સત્યને પ્રત્યુતર આપતું નથી. એક સત્ય પરથી પડદો હટી જવાને કારણે તમે પહેલા જેવા કદી રહી શકતા નથી. તે ક્ષણ તમારા પર એવી વ્યક્તિની છાપ લાવે છે કે જે ઈસુ ખ્રિસ્તના શિષ્ય હોવાને કારણે વધુ અધિક ભક્તિભાવથી આગળ વધે છે, અથવા એવી વ્યક્તિની છાપ લગાવે છે જે એક ભાગેડુના રૂપમાં પાછો ફરી જાય છે.

ડિસેમ્બર ૩૦

## અને દરેક સદ્‌ગુણ જે આપણામાં છે

*“મારા સર્વ ઝરાઓ તારામાં છે”*
*(ગી. શા.૮૭:૭)*

આપણો પ્રભુ આપણા કુદરતી સદ્‌ગુણો, અર્થાત્ આપણી પ્રાકૃતિક વિશેષતાઓ, ગુણો કે લક્ષણો પર “થીંગડા મારીને” મરામત નથી કરતા. તે વ્યક્તિને અંદરથી પૂરી રીતે ફરીવાર બનાવે છે- “નવા માણસપણાને પહેરી લો...”(એફેસી ૪:૨૪). બીજા શબ્દોમાં, ધ્યાન રાખો કે, તમારું શારીરિક માનવીય જીવન એ સર્વ વાતોને ધારણ કરી રહ્યું છે જે નવા જીવનને અનુકૂળ છે. જે જીવન પરમેશ્વર આપણી અંદર રાખે છે, તે પોતાના અંગત નવા સદ્‌ગુણોનો વિકાસ કરે છે. તે આદમના બીજના સદ્‌ગુણો નહિ, પરંતુ ઈસુ ખ્રિસ્તના સદ્‌ગુણો છે. એકવાર જ્યારે પરમેશ્વર તમારા જીવનમાં પવિત્રીકરણની પ્રક્રિયા શરૂ કરી દે છે, તો ધ્યાનથી જુઓ કે પરમેશ્વર તમારા પોતાના કુદરતી સદ્‌ગુણો અને સામર્થ્ય પર તમારા ભરોસાને કેવી રીતે કરમાવા દે છે. જ્યાં સુધી તમે ઈસુના પુનરુત્થાનના જીવનના ઝરામાંથી પોતાનું જીવન ખેંચવાનું ના શીખી લો ત્યાં સુધી તે એવું કરે છે. જો તમે આ સૂકવણાના અનુભવમાંથી પસાર થઈ રહ્યા છો, તો પરમેશ્વરનો ધન્યવાદ થાવ.

પરમેશ્વર આપણી અંદર કામ કરી રહ્યા છે તેનું ચિહ્ન એ છે કે, તે કુદરતી સદ્‌ગુણોમાંના આપણા ભરોસાને તોડીને નષ્ટ કરી રહ્યા છે, કેમ કે આપણે જે બનવા જઈ રહ્યા છે તે તેની પ્રતિમા નથી, પરંતુ ફક્ત તેના અવશેષ છે જેના માટે પરમેશ્વરે મનુષ્યનું સર્જન કર્યું હતું. આપણે આપણા કુદરતી સદ્‌ગુણોને વળગી રહેવા માંગીએ છીએ, જ્યારે પરમેશ્વર દરેક સમયે આપણને ઈસુ ખ્રિસ્તના જીવનના સંપર્કમાં લાવવાની કોશિશ કરી રહ્યા છે - એક એવું જીવન જેનું વર્ણન કુદરતી સદ્‌ગુણોના શબ્દકોષમાં નથી કરી શકાતું. એવા લોકોને જોઈને સૌથી વધુ દુ:ખ થાય છે જેમને પરમેશ્વરની કૃપામાં જે કદી આપવમાં આવ્યું નથી તેની ઉપર ભરોસો કરીને પરમેશ્વરની સેવા કરવાની કોશિશ કરી રહ્યા છે. તેઓ ફક્ત એની ઉપર આધાર રાખે છે જે તેમને વારસાગત રીતે મળ્યું છે. પરમેશ્વર આપણા કુદરતી સદ્‌ગુણોને લઈને તેમને ક્યારેય નથી બદલતા, કેમ કે આપણા પ્રાકૃતિક સદ્‌ગુણ, ઈસુ ખ્રિસ્ત જે ચાહે છે તેની નજીક ક્યારેય નથી પહોંચી શકતા. કોઈ કુદરતી ધીરજ, કોઈ કુદરતી શુદ્ધતા, પરમેશ્વરની માંગણીના સ્તર સુધી પહોંચી શકતા નથી. પરંતુ જેમ જેમ આપણે આપણા કુદરતી શારીરિક જીવનને, પરમેશ્વરે આપણી અંદર જે જીવન મૂક્યું છે તે જીવન સાથે તાલમેલમાં લાવીશું, તેમ તેમ તે આપણી અંદર એ સદ્‌ગુણોને પ્રદર્શિત કરશે જે ઈસુ ખ્રિસ્તની વિશેષતા હતા.

*અને દરેક સદ્‌ગુણ જે આપણી પાસે છે*
*તે ફક્ત તેમના છે.*

## વીતી ગયેલી કાલ

*“તમારે ઉતાવળથી નીકળવાનું નથી, ને નાસીને જવાનું નથી;*
*કેમ કે યહોવા તમારી આગળ ચાલશે, ને ઈસ્રાએલનો*
*દેવ તમારો પીઠરક્ષક થશે”*
*(યશાયા ૫૨:૧૨)*

**વીતી ગયેલી કાલની સુરક્ષા : “...જે વીતી ગયું છે તેને પરમેશ્વર પાછું શોધી કાઢે છે”(સભા. ૩:૧૫). વર્ષના અંતમાં આપણે ઉત્સુકતાથી તેની તરફ જોઈએ છીએ જે પરમેશ્વરે ભવિષ્ય માટે રાખી મૂક્યું છે, અને છતાં પણ જ્યારે આપણે વીતી ગયેલા દિવસોને યાદ કરીએ છીએ, તો ચિંતાઓ ઊભી થવી સ્વાભાવિક છે. પરમેશ્વરની કૃપાનો આપણો વર્તમાન આનંદ વીતી ગયેલી કાલના પાપો અને ભૂલોના કારણે ઘટી શકે છે. પરંતુ પરમેશ્વર આપણા વીતી ગયેલા દિવસોનો પણ પરમેશ્વર છે, અને તે તે વીતેલા દિવસોની યાદને મંજૂરી આપે છે કે તેઓ આપણા અતીતને આપણા ભવિષ્યને માટે આત્મિક વિકાસનું સેવાકાર્ય બનાવી દે. પરમેશ્વર આપણને વર્તમાનની એક છિછરી સુરક્ષાથી બચાવવા માટે અતીતની યાદ અપાવે છે.**

**આવતીકાલ માટે સુરક્ષા : “...યહોવા તમારી આગળ ચાલશે” આ એક કૃપાળુ પ્રકટીકરણ છે - કે પરમેશ્વર પોતાની શક્તિઓને ત્યાં મોકલશે જ્યાં આપણે નિષ્ફળ ગયા છીએ. જ્યારે તે આપણા “પીઠરક્ષક” નહોતા ત્યારે જેમ થયું કે આપણે નિષ્ફળતાઓમાં પડી ગયા એવું ના થાય તે માટે તે આપણી ચોકી ભરશે. અને પરમેશ્વરનો હાથ વીતી ગયેલા દિવસો તરફ લાંબો થાય છે અને આપણા અંતઃકરણની વિરુદ્ધ ઊભી થનાર તમામ બાબતોની સાથે તે વ્યવહાર કરી દે છે.**

**આજના માટે સુરક્ષા : “તમારે ઉતાવળથી નીકળવાનું નથી...” તમારો નવા વર્ષનો પ્રવેશ તે અવિચારીપણાથી વર્તવાની ભૂલી જવાય તેવી ખુશીની ઉતાવળમાં ના હોય, વળી લાગણીના આવેશથી અવિચારીપણાની ઉતાવળમાં પણ ના હોય. પરંતુ આપણે એ સભાનતાના ધીરજવાન સામર્થ્યમાં નીકળીએ કે ઈસ્રાએલનો પરમેશ્વર આપણી આગળ આગળ ચાલશે. આપણી વીતી ગયેલી કાલમાં આપણા માટે તૂટેલી બાબતો અને બદલી ના શકાય એવી બાબતો છે. એ સત્ય છે કે આપણે એવા અવસરને ગુમાવી દીધા છે જે પાછા આવી શકતા નથી, પરંતુ પરમેશ્વર આ વિનાશકારી ચિંતાને ભવિષ્યને માટે એક રચનાત્મક વિચારશીલતમાં બદલી દેશે. અતીતને વિશ્રામ લેવા દો, પરંતુ તેને ખ્રિસ્તના મધુર આલિંગનમાં વિશ્રામ લેવા દો.**

**ભંગીત થયેલા, બદલી ના શકાય તેવા અતીતને તેના હાથોમાં છોડી દો, અને પરમેશ્વરની સાથે અજેય ભવિષ્યમાં કદમ ભરીએ.**

# બાઈબલના શાસ્ત્ર ભાગોની સૂચિ


| | mm/dd |
|---|---|
| **ઉત્પત્તિ** | |
| 5:24 | 10/12 |
| 9:13 | 12/6 |
| 12:8 | 1/6 |
| 13:9 | 5/25 |
| 15:12 | 1/19 |
| 16:1-15 | 1/19 |
| 17:1 | 1/19,5/25, 7/20 |
| 18:17 | 3/20,3/27 |
| 21:8-14 | 12/10 |
| 21:15-19 | 12/10 |
| 22:2 | 4/26, 11/11 |
| 22:3 | 11/11 |
| 22:9 | 1/8 |
| 22:16-17 | 11/17 |
| 24:27 | 11/14 |
| 32:24-25 | 12/16 |
| 41:40 | 12/5 |
| **નિર્ગમન** | |
| 2:11 | 10/13 |
| 3:4 | 4/18 |
| 3:10-11 | 10/13 |
| 3:14 | 10/4, 10/14 |
| 14:13 | 9/8 |
| 16:20 | 1/6 |
| 20:19 | 2/12 |
| 34:29 | 4/22 |
| **પુનર્નિયમ** | |
| 5:32 | 6/28 |
| 28:14 | 10/25 |
| 33:27 | 5/24 |
| **યહોશુઆ** | |
| 24:15,22 | 7/8 |
| 24:19,21 | 7/9 |
| **૧ શમૂએલ** | |
| 3:9,15 | 1/30 |
| 3:10 | 2/13 |
| 15:22 | 6/8 |
| **૨ શમૂએલ** | |
| 23:16 | 9/3 |
| **૧ રાજા** | |
| 2:28 | 4/19 |
| 19:5 | 2/17 |
| 19:12 | 8/13 |

| | mm/dd |
|---|---|
| **૨ રાજા** | |
| 2:11-12,13-15,23 | 8/11 |
| **૨ કાળવૃત્તાંત** | |
| 15:17 | 4/15 |
| **નહેમ્યા** | |
| 8:10 | 4/14 |
| **અયૂબ** | |
| 13:15 | 5/8,10/13 |
| 42:10 | 6/20 |
| **ગીતશાસ્ત્ર** | |
| 18:25-26 | 4/26, 6/22 |
| 18:29 | 5/15 |
| 18:36 | 12/24 |
| 25:12 | 6/2, 6/3 |
| 25:13 | 6/2, 6/3 |
| 25:14 | 6/3 |
| 37:4 | 3/20 |
| 37:5 | 7/5 |
| 37:7 | 7/4, 8/1 |
| 37:8 | 7/4 |
| 37:34 | 8/1 |
| 40:8 | 1/29,8/25, 8/31 |
| 46:1 | 2/27 |
| 46:2 | 7/20 |
| 46:10 | 2/22 |
| 51:4 | 11/19, 12/7 |
| 55:22 | 4/13 |
| 87:7 | 2/9,5/16,12/30 |
| 91:1 | 7/4 |
| 91:1,10 | 8/2 |
| 91:15 | 5/19 |
| 97:2 | 1/3 |
| 106:6-7 | 2/11 |
| 116:12-13 | 5/2 |
| 118:27 | 2/6 |
| 123:2 | 11/24 |
| 123:3 | 11/23 |
| 139 | 1/9 |
| **નીતિવચનો** | |
| 3:5-6 | 6/27 |
| 29:18 | 5/9 |
| **સભાશિક્ષક** | |
| 3:15 | 12/31 |
| 9:10 | 4/23 |

# બાઈબલના શાસ્ત્ર ભાગોની સૂચિ


**યશાયા**

| | |
|---|---|
| 1:10-11 | 3/15 |
| 6:1 | 7/13 |
| 6:1,5 | 7/18 |
| 6:5 | 7/3 |
| 6:7 | 7/3 |
| 6:8 | 1/14,1/16,9/30 |
| 8:11 | 1/29,1/30 |
| 9:6 | 4/13 |
| 26:3 | 2/11 |
| 35:7 | 7/6 |
| 40:26 | 2/10 |
| 40:28 | 2/9 |
| 40:29 | 4/14 |
| 40:31 | 3/19,7/20,10/3 |
| 42:4 | 10/12 |
| 45:22 | 1/22,2/2,2/11,11/26, 12/6 |
| 49:2 | 1/19,2/14 |
| 49:5 | 9/21 |
| 50:7 | 3/15 |
| 50:10-11 | 1/19 |
| 52:12 | 12/31 |
| 53:1 | 11/24 |
| 53:3 | 6/23 |
| 53:10 | 12/2 |
| 55:1 | 6/10 |
| 59:16 | 3/30 |
| 60:1 | 2/19 |
| 61:1 | 3/14 |

**યર્મિયા**

| | |
|---|---|
| 1:8 | 6/27 |
| 2:2 | 1/21 |
| 4:1 | 12/27 |
| 39:18 | 6/27 |
| 45:5 | 4/27, 4/28 |

**હઝકિયેલ**

| | |
|---|---|
| 37:3 | 6/1 |
| 37:12 | 6/1 |

**યૂના**

| | |
|---|---|
| 4:2 | 5/9 |

**નાહૂમ**

| | |
|---|---|
| 1:3 | 7/29 |

**હબાકકુક**

| | |
|---|---|
| 2:3 | 3/11,5/2 |

**માલાખી**

| | |
|---|---|
| 2:16 | 11/23 |

**માથ્થી**

| | |
|---|---|
| 1:23 | 12/25 |
| 3:11 | 1/28,8/22 |
| 3:17 | 10/13 |
| 4:1 | 9/18 |
| 4:19 | 1/14,9/19 |
| 5:3 | 6/9,7/21,8/21 |
| 5:3-11 | 7/25 |
| 5:8 | 3/26 |
| 5:8,11 | 7/21 |
| 5:11 | 10/6,11/3 |
| 5:20 | 7/24,8/27 |
| 5:23 | 9/26 |
| 5:23-24 | 7/27,9/24,12/11 |
| 5:24 | 9/26 |
| 5:25 | 6/30 |
| 5:25-26 | 7/1 |
| 5:26 | 6/30,7/1 |
| 5:29-30 | 1/30 |
| 5:30 | 6/29 |
| 5:39 | 7/14 |
| 5:41 | 9/11,9/25 |
| 5:45 | 6/9,8/24 |
| 5:48 | 6/29,9/20 |
| 6:6 | 8/23,9/16 |
| 6:7 | 9/16 |
| 6:8 | 3/20,4/27,8/6 |
| 6:10 | 6/3 |
| 6:23 | 8/27 |
| 6:25 | 1/27,5/21,5/23 |
| 6:26 | 1/26 |
| 6:26,28 | 5/18 |
| 6:28 | 1/26 |
| 6:30 | 1/26,1/27 |
| 6:33 | 4/20,5/21,10/30 |
| 6:34 | 1/27 |
| 7:1 | 6/17,6/22 |
| 7:2 | 6/22 |
| 7:3-5 | 6/17 |
| 7:7 | 4/27,7/16,12/17 |
| 7:8 | 5/26,8/24,9/16 |
| 7:9 | 8/24,10/11 |
| 7:11 | 7/16 |

# બાઈબલના શાસ્ત્ર ભાગોની સૂચિ


**માથ્થી**

| | |
|---|---|
| 7:12 | 8/24 |
| 7:13-14 | 7/7 |
| 8:26 | 8/12 |
| 9:28 | 10/27 |
| 9:38 | 10/16,10/17 |
| 10:24 | 9/23,11/22 |
| 10:27 | 2/14 |
| 10:34 | 3/24,7/22,12/19 |
| 11:1 | 8/1 |
| 11:6 | 8/29 |
| 11:25 | 9/14,10/10,10/17 |
| 11:28 | 6/11,8/19,8/20,9/13, 10/8,10/14,10/22,11/4 |
| 11:29 | 1/28,4/14 |
| 11:30 | 4/14 |
| 12:13 | 2/16 |
| 13:22 | 1/26,1/27,5/19,5/23 |
| 13:58 | 7/9 |
| 14:29 | 3/28 |
| 14:29-30 | 6/18 |
| 14:31 | 6/18 |
| 15:18-20 | 7/26 |
| 16:21-23 | 8/10 |
| 16:24 | 9/13,12/9,12/11 |
| 17:20 | 10/31 |
| 18:3 | 4/29,8/28,12/28 |
| 18:5 | 5/31 |
| 19:29 | 6/20 |
| 20:22 | 9/12 |
| 20:28 | 2/23 |
| 22:14 | 1/14 |
| 23:8 | 9/22 |
| 23:11 | 2/25 |
| 23:27 | 4/3 |
| 25:14-30 | 4/20 |
| 25:21 | 3/5 |
| 26:33-35 | 3/1 |
| 26:36,38 | 4/5 |
| 26:38 | 9/5 |
| 26:42 | 5/22 |
| 26:46 | 2/18 |
| 26:56 | 9/5 |
| 26:69-75 | 1/5,8/16 |
| 28:10 | 7/10 |
| 28:16 | 10/14 |
| 28:18-19 | 10/14,10/27 |
| 28:19 | 5/6,9/4,10/26,10/27 |

**માર્ક**

| | |
|---|---|
| 4:10 | 1/13 |
| 4:19 | 8/31,11/23 |
| 4:34 | 1/12 |
| 6:31 | 2/20 |
| 6:45 | 7/28 |
| 6:49 | 7/28 |
| 9:1-9 | 3/22 |
| 9:1-29 | 6/16 |
| 9:2 | 10/1 |
| 9:2-8 | 7/29 |
| 9:5-6 | 10/2 |
| 9:9 | 4/7 |
| 9:14-18 | 10/1 |
| 9:14-23 | 10/2 |
| 9:22 | 10/2 |
| 9:28-29 | 10/3 |
| 10:21 | 9/28 |
| 10:28 | 3/12 |
| 10:29 | 3/12 |
| 10:32 | 3/15 |
| 11:16 | 11/8 |
| 11:17 | 11/8 |
| 14:3-4 | 9/2 |
| 14:6 | 2/21 |
| 14:9 | 9/2 |
| 14:54 | 10/21 |
| 16:12 | 4/9 |
| 16:13 | 4/9 |

**લૂક**

| | |
|---|---|
| 1:35 | 8/8,12/25 |
| 2:46,49 | 8/7 |
| 2:49 | 8/8 |
| 4:13 | 4/5 |
| 4:18 | 3/14 |
| 8:1-3 | 1/11 |
| 8:2 | 8/16 |
| 9:23 | 11/2 |
| 9:28-42 | 8/29 |
| 9:33 | 8/1 |
| 9:34 | 7/29 |
| 9:51 | 8/3 |

# બાઈબલના શાસ્ત્ર ભાગોની સૂચિ


**લૂક**

| | |
|---|---|
| 9:55 | 1/29 |
| 9:57 | 9/27 |
| 9:57-62 | 3/12 |
| 9:58-59,61 | 9/27 |
| 9:61 | 5/30 |
| 9:62 | 8/13 |
| 10:17-20 | 10/27 |
| 10:18-20 | 1/7 |
| 10:20 | 4/24,8/30 |
| 11:1 | 8/28 |
| 11:5-8 | 9/12 |
| 11:9 | 6/10 |
| 11:9-13 | 10/22 |
| 11:10 | 6/9,6/10,9/12 |
| 11:11-13 | 9/12 |
| 11:13 | 1/30,6/9,12/19 |
| 12:8 | 3/1 |
| 12:15 | 12/29 |
| 12:22 | 1/2 |
| 12:40 | 3/29 |
| 14:26 | 2/2,3/19,5/7,5/11,6/19,7/22,9/28,11/2 |
| 14:26-33 | 3/12 |
| 14:26-27,33 | 5/7,7/2 |
| 14:28 | 5/7 |
| 14:30 | 5/7 |
| 15:10 | 8/10 |
| 17:20-21 | 10/19 |
| 18:1 | 12/13 |
| 18:1-8 | 9/12 |
| 18:9-14 | 6/12 |
| 18:22 | 6/13,8/18 |
| 18:22-23 | 8/17 |
| 18:23 | 8/18 |
| 18:31 | 8/3,8/4,9/23 |
| 18:31,34 | 8/5 |
| 18:39,41 | 2/29 |
| 19:42 | 4/3 |
| 21:19 | 5/20 |
| 22:27 | 2/23 |
| 22:28 | 9/19 |
| 22:33 | 1/8,4/26 |
| 22:53 | 6/24 |
| 23:26 | 1/11 |
| 23:33 | 9/23 |
| 24:21 | 2/7 |
| 24:26 | 4/8 |
| 24:32 | 3/22 |
| 24:47 | 10/15 |
| 24:49 | 5/27,5/31,8/1,9/4 |
| 24:51 | 5/17 |

**યોહાન**

| | |
|---|---|
| 1:12 | 8/15 |
| 1:29 | 9/18,10/15,10/29 |
| 1:35-36 | 7/20 |
| 1:35-37 | 10/12 |
| 1:38-39 | 6/12 |
| 1:42 | 6/12 |
| 1:48 | 9/10 |
| 2:5 | 3/28 |
| 2:24-25 | 5/31,7/30 |
| 2:25 | 9/27,10/5 |
| 3:3 | 1/20,8/15 |
| 3:3 | 8/15 |
| 3:5 | 11/28 |
| 3:7 | 8/15,12/25 |
| 3:16 | 3/13,9/21 |
| 3:17 | 9/2 |
| 3:19 | 10/5 |
| 3:19-21 | 6/30,7/18 |
| 3:29 | 3/24,3/25 |
| 3:30 | 3/24,10/12 |
| 4:7 | 1/18,1/21 |
| 4:11 | 2/26,2/27 |
| 4:14 | 9/7 |
| 5:19 | 9/9 |
| 5:30 | 8/3 |
| 5:39-40 | 5/6 |
| 6:29 | 9/6 |
| 6:35 | 10/11 |
| 6:44 | 12/22 |
| 6:63 | 1/3,3/10,8/26,12/17 |
| 6:66 | 3/9,9/19,12/29 |
| 6:67,70 | 3/9 |
| 7:17 | 6/8,7/27,10/10 |
| 7:38 | 5/18,8/21,8/30,9/2,9/3,9/6,9/7 |
| 7:39 | 5/27 |
| 8:36 | 11/18 |
| 9:1-41 | 4/9 |
| 9:25 | 4/9 |

# બાઈબલના શાસ્ત્ર ભાગોની સૂચિ


**યોહાન**

| | |
|---|---|
| 10:3 | 8/16 |
| 10:30 | 7/9,12/12 |
| 11:6 | 10/11 |
| 11:7-8 | 3/28 |
| 11:26-27 | 11/6 |
| 11:40 | 8/29 |
| 11:41 | 2/13,8/9 |
| 12:24 | 6/19 |
| 12:27-28 | 6/25 |
| 12:32 | 2/1,7/17,11/9,12/17, 12/20 |
| 12:35 | 8/27 |
| 12:36 | 4/16 |
| 13 | 2/19 |
| 13:1-17 | 3/6 |
| 13:3-5 | 6/15,7/11 |
| 13:13 | 7/19 |
| 13:13,16 | 9/22 |
| 13:14 | 2/19,9/11 |
| 13:15 | 9/11 |
| 13:16 | 10/16 |
| 13:17 | 6/8 |
| 13:34-35 | 9/20 |
| 13:36 | 1/5 |
| 13:37-38 | 1/4,6/16 |
| 14:1 | 2/27,4/29,5/28,7/5 |
| 14:1,27 | 4/21,12/24 |
| 14:8 | 4/21 |
| 14:9 | 1/7,4/21,10/29,10/30 |
| 14:12,13 | 10/17 |
| 14:13 | 6/7 |
| 14:15 | 2/12,11/2 |
| 14:23 | 6/12 |
| 14:26 | 1/13 |
| 14:27 | 8/26,12/14 |
| 14:31 | 2/20 |
| 15:1-4 | 1/7 |
| 15:4 | 6/14 |
| 15:5 | 12/13 |
| 15:7 | 6/7,9/16,10/14 |
| 15:8 | 3:11 |
| 15:11 | 8/31 |
| 15:12 | 5:11 |
| 15:13 | 2/24 |
| 15:13-14 | 8/25 |
| 15:13,15 | 6/16 |
| 15:14 | 2/13 |
| 15:15 | 1/7,8/15 |
| 15:16 | 1/24,8/3,9/25,929, 10/25 |
| 15:22-24 | 10/29 |
| 16:7 | 1/7 |
| 16:8 | 11/19,12/7 |
| 16:12 | 4/7 |
| 16:13-14 | 11/29 |
| 16:23 | 5/28,5/29 |
| 16:24 | 8/28 |
| 16:26 | 8/6,8/9 |
| 16:26-27 | 5/29,8/6 |
| 16:30-32 | 2/28 |
| 16:32 | 4/4 |
| 16:33 | 4/4,8/2,12/4 |
| 17 | 5/22 |
| 17:2 | 4/8 |
| 17:3 | 5/8,5/27 |
| 17:4 | 9/13,11/21 |
| 17:6 | 9/4 |
| 17:15-16 | 11/27 |
| 17:19 | 2/8,12/3 |
| 17:21 | 5/22 |
| 17:21-23 | 2/8 |
| 17:22 | 1/20,3/20,4/18,4/27 5/22,5/29,12/12 |
| 18:36 | 10/19 |
| 19:30 | 10/28,11/21 |
| 20:11-18 | 8/16 |
| 20:14,16 | 8/16 |
| 20:21 | 3/3,3/5,10/26 |
| 20:22 | 1/5 |
| 20:24-29 | 8/16 |
| 20:25 | 8/16 |
| 20:28 | 1/18,8/16 |
| 21:7 | 4/17 |
| 21:15-17 | 8/16 |
| 21:16 | 6/19 |
| 21:17 | 2/9,3/1,3/2,3/3,3/5, 8/16,10/18 |
| 21:18-19 | 1/5,9/13 |
| 21:21-22 | 11/15 |

**પ્રેરિતોના કૃત્યો**

| | |
|---|---|
| 1:8 | 1/18,2/4,2/15,3/10, 4/1,9/4,9/5,9/6,10/14 |
| 2:4 | 9/5 |
| 2:33 | 5/27 |
| 4:12 | 12/8 |

| | |
|---|---|
| 9:5 | 7/18 |
| 9:16 | 3/5 |
| 9:17 | 4/2 |
| 13:22 | 4/2 |
| 17:28 | 6/2 |
| 20:24 | 3/4,3/5,10/14 |
| 24:16 | 5/13 |
| 26:14 | 1/28 |
| 26:15 | 1/29 |
| 26:16 | 1/24 |
| 26:17-18 | 1/10 |
| 26:19 | 1/24,3/11,12/29 |

**રોમનોને પત્ર**

| | |
|---|---|
| 1:1 | 1/31,2/2,2/3 |
| 1:14 | 7/15 |
| 2:1 | 6/22 |
| 2:17-24 | 6/17 |
| 3:24 | 11/28 |
| 4:3 | 3/19 |
| 5:5 | 2/24,4/30,5/11,7/2, 10/18 |
| 5:8 | 10/20 |
| 5:10 | 10/28 |
| 5:12 | 10/5 |
| 5:12-19 | 10/6 |
| 6:3 | 1/15 |
| 6:4 | 1/15,4/8 |
| 6:5 | 4/11,9/13 |
| 6:6 | 4/10,12/23 |
| 6:9-11 | 4/12 |
| 6:11 | 4/10,4/11 |
| 6:13 | 10/9 |
| 6:16 | 3/14 |
| 6:19 | 9/15 |
| 7:9,14 | 12/1 |
| 7:18 | 5/24,6/1 |
| 8:16 | 10/22 |
| 8:26 | 11/7,11/8 |
| 8:27,34 | 4/1 |
| 8:27 | 11/8 |
| 8:28 | 10/30,11/7,12/16,12/18 |
| 8:35 | 5/19 |
| 8:37 | 3/7,5/19,10/24,12/16 |
| 8:39 | 3/7,10/20 |
| 9:3 | 1/31,2/24 |
| 12:1 | 1/8,6/13,12/5,12/10 |
| 12:1-2 | 6/8 |
| 12:2 | 5/13,9/9,11/14 |
| 14:7 | 2/15 |

**૧ કરિંથી**

| | |
|---|---|
| 1:2 | 10/4 |
| 1:17 | 2/1 |
| 1:21,23 | 11/25 |
| 1:26-31 | 8/4 |
| 1:30 | 7/22,7/23,10/20, 11/13,12/8 |
| 2:2 | 1/24,3/13,4/2,10/25, 11/26,12/20 |
| 2:4 | 7/17,12/3 |
| 2:12 | 12/21 |
| 2:14 | 12/17 |
| 3:3 | 3/23 |
| 3:9 | 4/23 |
| 3:10-15 | 5/7 |
| 4:9-13 | 2/3 |
| 6:19 | 2/19,3/4,3/18,8/9,9/4, 11/1,11/8,12/5 |
| 6:19-20 | 7/15 |
| 9:16 | 2/2,9/29,10/15 |
| 9:22 | 2/24,10/25 |
| 9:27 | 2/15,3/17,12/5 |
| 10:11-13 | 4/19 |
| 10:13 | 9/17 |
| 10:31 | 11/16,11/22 |
| 12:26 | 2/15 |
| 13 | 1/29,11/12 |
| 13:4 | 4/30 |
| 13:4-5 | 7/5,10/23 |
| 13:4-8 | 10/18 |
| 15:10 | 11/30 |

**૨ કરિંથી**

| | |
|---|---|
| 1:20 | 4/20,11/17 |
| 2:14-15 | 10/24 |
| 3:5 | 2/15 |
| 3:18 | 1/23,4/22 |
| 4:2 | 9/15 |
| 4:3-4 | 12/17 |
| 4:5 | 2/23 |
| 4:10 | 5/14,5/15 |
| 5:7 | 5/1,10/31 |
| 5:9 | 3/17 |
| 5:10 | 3/16 |

| | |
|---|---|
| 5:14 | 2/4 |
| 5:15 | 10/29 |
| 5:17 | 11/12 |
| 5:17-18 | 10/23 |
| 5:17-19 | 10/28 |
| 5:20 | 7/17 |
| 5:21 | 4/6,10/7,10/29 |
| 6:1 | 6/26 |
| 6:4 | 3/6 |
| 6:4-5,10 | 6/26 |
| 7:1 | 3/18 |
| 7:4 | 3/7 |
| 7:10 | 1/21,12/7 |
| 8:9 | 2/25 |
| 9:8 | 5/16 |
| 10:4 | 9/8 |
| 10:5 | 2/11,6/14,9/8,9/9,9/14 10/24,11/18 |
| 11:3 | 9/14 |
| 12:9 | 9/13 |
| 12:15 | 2/24,2/25 |
| 13 | 11/12 |

**ગલાતી**

| | |
|---|---|
| 1:15 | 1/25,1/31 |
| 1:15-16 | 1/17,10/6,12/22 |
| 1:16 | 1/30,2/3,3/18,7/8,11/11 |
| 2:20 | 3/8,3/21,4/10,11/3, 11/13,11/18,12/23 |
| 2:21 | 12/5 |
| 4:19 | 3/18,5/13,8/8,8/9, 9/16,9/18,10/6, 10/29,12/7,12/25 |
| 4:22 | 12/10 |
| 5:1 | 5/6 |
| 5:16 | 3/23 |
| 5:24 | 12/9 |
| 6:14 | 11/25,11/26,11/27, 12/23 |

**એફેસી**

| | |
|---|---|
| 1:7 | 11/20,12/8 |
| 1:18 | 5/15 |
| 2:6 | 2/15 |
| 2:8 | 3/21 |
| 3:19 | 4/12 |
| 4:13 | 7/12,9/23 |
| 4:23 | 5/13 |
| 4:24 | 12/28,12/30 |
| 4:30 | 5/13,5/14 |
| 5:14 | 2/16 |
| 5:18 | 9/7,12/24 |
| 6:13,18 | 12/16 |
| 6:18 | 5/3 |

**ફિલિપ્પી**

| | |
|---|---|
| 1:20-21 | 1/1 |
| 2:5 | 3/18,3/30,3/31,5/20 |
| 2:12 | 5/10,5/15,12/5 |
| 2:12-13 | 6/6,7/7 |
| 2:17 | 2/5 |
| 3:10 | 4/8,7/11,7/12 |
| 3:12 | 5/2,6/28,12/2 |
| 3:13-14 | 6/28 |
| 4:12 | 2/5,2/23 |
| 4:13 | 10/3 |
| 4:19 | 5/14,8/29,9/13 |

**કલોસ્સી**

| | |
|---|---|
| 1:24 | 2/3,7/14,8/8,9/30 11/9,12/13 |
| 1:27 | 7/23 |
| 3:3 | 1/23,4/24,4/28,6/2 6/14,8/31,11/16,12/24 |

**૧ થેસ્સાલોનિકી**

| | |
|---|---|
| 3:2 | 11/10 |
| 4:3 | 1/15,7/22,10/20 |
| 5:17 | 5/26 |
| 5:19 | 8/13,8/14 |
| 5:23 | 1/9,1/30,2/8 |
| 5:23-24 | 7/22,8/14 |

**૧ તિમોથી**

| | |
|---|---|
| 1:13 | 2/23 |
| 3:16 | 4/6 |

**૨ તિમોથી**

| | |
|---|---|
| 2:15 | 2/17,12/15 |
| 4:2 | 3/10,4/25 |
| 4:6 | 2/6 |
| 4:16-17 | 4/22 |

**હિબ્રુઓને પત્ર**

| | |
|---|---|
| 2:9 | 11/21 |
| 2:10 | 4/8,7/7,8/30,9/8 |
| 2:18 | 9/17 |
| 3:14 | 8/29 |
| 4:12 | 3/1 |

## બાઈબલના શાસ્ત્ર ભાગોની સૂચિ


| | |
|---|---|
| 4:15 | 9/18 |
| 4:15-16 | 9/17 |
| 5:8 | 7/19,9/22 |
| 7:25 | 4/1 |
| 9:11-15 | 4/5 |
| 9:26 | 10/5 |
| 10:9 | 5/31 |
| 10:14 | 12/8 |
| 10:19 | 5/4 |
| 10:24-25 | 7/10 |
| 11:6 | 10/30 |
| 11:8 | 1/2,3/19 |
| 11:27 | 4/9,5/2 |
| 12:1-2 | 8/25 |
| 12:2 | 3/17,3/29,8/26,8/31 |
| 12:5 | 8/14 |
| 12:6 | 4/14 |
| 13:5 | 6/4 |
| 13:5-6 | 6/4,6/5,8/29 |
| 13:13 | 4/24,9/19 |

**યાકૂબ**

| | |
|---|---|
| 1:4 | 7/31 |
| 1:5 | 6/9 |
| 1:14 | 9/18 |
| 2:10 | 12/1 |
| 4:3 | 6/10 |
| 4:8 | 11/4 |
| 4:8-10 | 6/10 |

**૧ પિતર**

| | |
|---|---|
| 1:5 | 4/19,7/23 |
| 1:16 | 9/1 |
| 2:9 | 6/21 |
| 2:24 | 4/6 |
| 4:1-3 | 9/15 |
| 4:12 | 2/3,5/15 |
| 4:13 | 11/5 |
| 4:17 | 5/5 |
| 4:19 | 8/10,11/5 |

**૨ પિતર**

| | |
|---|---|
| 1:4 | 5/16 |
| 1:4-5 | 6/15 |
| 1:5 | 5/10,6/15 |
| 1:5,7 | 5/11 |
| 1:8 | 5/12 |
| 1:13 | 7/10 |
| 3:9 | 5/11 |

**૧ યોહાન**

| | |
|---|---|
| 1:6-7 | 8/13 |
| 1:7 | 1/9,1/20,2/28,3/11 3/16,8/13,8/24,8/30 9/20,10/10,11/12, 12/26,12/29 |
| 2:2 | 10/15 |
| 3:2 | 4/29 |
| 3:9 | 8/15 |
| 3:16 | 6/16 |
| 4:18 | 2/21 |
| 5:16 | 3/31 |

**૩ યોહાન**

| | |
|---|---|
| 7 | 10/18 |

**યહૂદાનો પત્ર**

| | |
|---|---|
| 20 | 10/21 |

**પ્રકટીકરણ**

| | |
|---|---|
| 1:7 | 7/29 |
| 1:17 | 5/24 |
| 2:7 | 8/2,12/4 |
| 3:10 | 2/22,5/8 |
| 4:1 | 3/27 |
| 4:11 | 7/19 |
| 12:11 | 11/29 |
| 13:8 | 4/6 |



*My Utmost for His Highest* ના વાચકોની વૃદ્ધિ પામતી સંગતનો ભાગ બનવા પોતાનુ નામ રજીસ્ટર કરવા કૃપા કરીને લોગ ઓન કરો **www.myutmost.info**



**Oswald Chambers 1874-1917**

**ઑસ્વાલ્ડ ચેમ્બર્સ નોંધપાત્ર આત્મિક જ્ઞાન અને પરિપક્વતા ધરાવતા માણસ હતા બાઈબલ શિક્ષક તરીકે તેઓ આખા જગતમાં પ્રસિદ્ધ હતા અને તેમના લખાણોએ વર્ષોથી લાખો ખ્રિસ્તીઓને પ્રેરણા આપી છે. જો કે તેઓ ૧૯૧૭માં મરણ પામ્યા છતાં, તેઓ વાંચકો સાથે ધ્યાનાકર્ષક સુસંગતતા અને સ્પષ્ટતા વડે વાત કરે છે.**

***

*Oswald Chambers was a man of remarkable spiritual wisdom and maturity. As a Bible teacher, he was renowned throughout the world, and his writings have inspired millions of Christians through the ages. Although he died in 1917, he continues to speak to readers with striking relevance and clarity.*

ઑસ્વાલ્ડ ચેમ્બર્સ (૧૮૭૪-૧૯૧૭) *My Utmost for His Highest* ની અંગ્રેજી આવૃત્તિને તથા અપડેટેડ આવૃત્તિને ઓનલાઈન વાંચવા માટે લોગ ઓન કરો

**www.utmost.org**

ઓસ્વાલ્ડ ચેમ્બર્સના જીવનની માહિતી અંગે, વિવિધ ભાષાઓમાંના અનુવાદો માટે, અને અન્ય માહિતી માટે ઑસ્વાલ્ડ ચેમ્બર્સ પબ્લિકેશન એસોસીએશન લિમિટેડની અધિકૃત વેબસાઈટ

***http://www.oswaldchambers.co.uk***